લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

## ઉલ્લાસ-૨ ❖ ભાગ-૪



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# ગુરુતત્ત્વવિનિશ્ચય

શબ્દશઃ વિવેચન

**ઉલ્લાસ-૨ ❖ ભાગ-૪**

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,

પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન

પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકારિકા ❖

**પથ્યાબેન હેમંતભાઈ શાહ**

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૪ (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૪૪ ✦ વિ. સં. ૨૦૭૪ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

**મૂલ્ય : રૂ. ૪૧૦-૦૦**


卐 આર્થિક સહયોગ 卐

**પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિશ્વદર્શનવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાથી તેમની વાંચનાનાં આરાધકો તરફથી (થીરપુર તીર્થ - થરાદ)**


: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૩

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તો તેનાથી પણ ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વ્યક્તિ વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યા રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮ વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં, શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક ધર્મતીર્થ વિષયક પ્રવચનોનો અર્ધાંશ પ્રગટ થયેલ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજની ભાષા Encyclopedia (વિશ્વકોષ) કહે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો અને પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ
અને શ્રુતભક્તો

ॐ ह्रीँ अर्हं नमः ।

ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।

ऐँ नमः ।

## મહોપાધ્યાય શ્રીમદ્યશોવિજયગણિ વિરચિત સ્વોપજ્ઞવૃત્તિયુત

# ગુરુતત્ત્વવિનિશ્ચય

## શબ્દશઃ વિવેચન

## દ્વિતીય ઉલ્લાસ : ભાગ-૪

**અવતરણિકા :-**

तत्र व्यवहर्त्तव्या अपि नामस्थापनाद्रव्यभावभेदाच्चतुर्द्धा । तत्र नामस्थापने प्रतीते । द्रव्यव्यवहर्त्तव्या अप्यागमतो नोआगमतोऽपि ज्ञशरीरभव्यशरीररूपाः प्रतीता एव । तद्व्यतिरिक्ता अपि लौकिकलोकोत्तरभेदेन द्विधा । भावव्यवहर्त्तव्या अपि लौकिकलोकोत्तरभेदेन नोआगमतो द्विधैवेति । तत्र लौकिकानेव द्रव्यतो भावतश्चाह—

**અવતરણિકાર્થ :-**

ત્યાં=વ્યવહર્તવ્યની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા કરી એમાં. વ્યવહર્તવ્યો પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારના છે. ત્યાં=ચાર પ્રકારના વ્યવહર્તવ્યમાં, નામ સ્થાપના પ્રતીત છે. દ્રવ્યવ્યવહર્તવ્યો પણ આગમથી પ્રતીત જ છે અને નોઆગમથી પણ જ્ઞશરીર અને ભવ્યશરીરરૂપ પ્રતીત જ છે. તેનાથી વ્યતિરિક્ત પણ=જ્ઞશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિક્ત પણ, દ્રવ્ય વ્યવહર્તવ્યો લૌકિક અને લોકોત્તરના ભેદથી બે પ્રકારના છે. ભાવવ્યવહર્તવ્યો પણ લૌકિકના અને લોકોત્તરના ભેદથી નોઆગમથી બે પ્રકારના જ છે. ત્યાં=લૌકિક અને લોકોત્તર દ્રવ્ય અને ભાવ વ્યવહર્તવ્યમાં, લૌકિકોને જ દ્રવ્યથી અને ભાવથી કહે છે=લૌકિક વ્યવહર્તવ્ય દ્રવ્યથી કોણ છે ? અને ભાવથી કોણ છે ? તેને સ્પષ્ટ કરે છે —

**ગાથા :-**

लोए चोराईआ, णिज्जूढा तह य हुंति दव्वम्मि ।
ववहरिअव्वा वंका, उज्जू पुण होंति भावम्मि ।।१६६।।

**અન્વયાર્થ :-**

लोए चोराईआ=લોકમાં ચોરાદિ, णिज्जूढा य वंका=અને નિર્યૂઢ વક્ર, दव्वम्मि हुंति=દ્રવ્યને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે. तह य पुण=અને તે પ્રકારે વળી, उज्जू=ઋજુ, भावम्मि=ભાવને આશ્રયીને, ववहरिअव्वा होंति=વ્યવહર્તવ્ય થાય છે. ॥૧૬૬॥

**ગાથાર્થ :-**

**લોકમાં ચોરાદિ અને નિર્યૂઢ વક્ર દ્રવ્યને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે અને તે પ્રકારે વળી ઋજુ ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે. ॥૧૬૬॥**

**ટીકા :-**

'लोए'त्ति । लोके चौरादयो द्रव्ये व्यवहर्त्तव्या भवन्ति, आदिना पारदारिकघातकादिपरिग्रहः । ते हि चौर्यादिकं कृत्वाऽपि न सम्यक् प्रतिपद्यन्ते, बलात्प्रतिपाद्यमाना अपि च न भावतो विशोधिमिच्छन्तीति । न केवलं चौरादयो द्रव्यव्यवहर्त्तव्याः किन्तु ये 'निर्यूढाः' धिग्जातीयैः शूद्रगृहभोजनब्रह्महत्यामातापित्रादिघातपातकैरसंभाष्याः कृतास्तेऽपि यदि स्वदोषं न प्रतिपद्यन्ते, प्रतिपाद्यमाना वा न सम्यगालोचयन्ति, किन्तु व्याजान्तरेण कथयन्तीति वक्राः, यथा— 'एगो धिज्जाइओ ओरालाए ण्हुसाए चंडालीए वा अज्झोववण्णो तं काएण फासित्ता पायच्छित्तणिमित्तं च उव्वेयमुवट्ठिओ भणइ सुमिणे ण्हुसं चंडालिं वा गतोमि' त्ति । तेऽपि तथा ऋजवः पुनर्निर्यूढादयो यदि सम्यगालोचयन्ति तदा लोके भावे व्यवहर्त्तव्या भवन्ति ।।१६६।।

**ટીકાર્થ :-**

लोके चौरादयो ..... भावे व्यवहर्त्तव्या भवन्ति ।। લોકમાં ચૌરાદિ દ્રવ્યમાં=દ્રવ્યને આશ્રયીને, વ્યવહર્તવ્ય છે. આદિથી=ચૌરાદિમાં રહેલા આદિ શબ્દથી, પરદારાને સેવનારા અને ઘાતકાદિને કરનારાનું ગ્રહણ છે.

કેમ ચૌરાદિ દ્રવ્યને આશ્રયીને વ્યવહર્તવ્ય છે ? તેથી કહે છે –

हि=જે કારણથી, તેઓ ચોરી આદિને કરીને પણ સમ્યક્ સ્વીકારતા નથી અને બળાત્કારે સ્વીકારાતા પણ ભાવથી વિશોધિને ઈચ્છતા નથી. કેવલ ચોરાદિ દ્રવ્યવ્યવહર્તવ્યો નથી પરંતુ જેઓ નિર્યૂઢ છે=બ્રાહ્મણો વડે ક્ષુદ્રગૃહનું ભોજન, બ્રહ્મહત્યા, માતા-પિતાદિનો ઘાત આદિ પાતકોને કારણે અસંભાષ્ય કરાયા=બોલવાનો વ્યવહાર બંધ કરાવાયો તે પણ જો સ્વદોષ સ્વીકારે નહિ અથવા સ્વીકારતા=સ્વદોષને સ્વીકારતા, સમ્યગ્ આલોચન કરતા નથી પરંતુ બીજા બહાનાથી કહે છે એથી વક્ર છે. બીજા બહાનાથી કઈ રીતે કહે છે તે 'यथा'થી બતાવે છે. એક બ્રાહ્મણને ઉદાર એવી પુત્રવધૂમાં અથવા ચંડાલીમાં કામ સેવવાનો અધ્યવસાય ઉત્પન્ન થયો. તેને કાયાથી સ્પર્શ કરીને પ્રાયશ્ચિત્ત

**નિમિત્તે ચાર વેદના ભણનાર પાસે ઉપસ્થિત થયો અને કહે છે. સ્વપ્નમાં પુત્રવધૂને અથવા ચંડાલીને મેં સેવી છે. 'इति' શબ્દ વક્રના કથનની સમાપ્તિમાં છે. તેઓ પણ તે પ્રકારે ઋજુઓ વળી નિર્યૂઢ આદિ જો સમ્યગ્ આલોચન કરે છે તો લોકમાં ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે. ॥૧૬૬॥**

**ભાવાર્થ :-**

વ્યવહર્તવ્ય=પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહાર કરવા યોગ્ય જીવો છે અને લૌકિક વ્યવહર્તવ્ય કોણ છે ? તે બતાવતાં કહે છે – ચોર, પારદારિક આદિ તે પ્રકારનાં કૃત્યો કરીને પોતે કરેલાં અનુચિત કૃત્યોને સ્વીકારતા નથી પરંતુ વ્યવહાર કરનારા પુરુષો તે તે પ્રકારનાં પુરાવા આદિથી બળાત્કારે તે ચોરી આદિ કરી છે તેમ સ્થાપન કરીને તે અનુચિત કૃત્યનું પ્રાયશ્ચિત્ત તેઓને આપે છે તેઓ ભાવથી વ્યવહર્તવ્ય નથી દ્રવ્યથી છે; કેમ કે થયેલા પાપની શુદ્ધિના પરિણામવાળા નથી ફક્ત સંયોગને વશ તે તે પ્રકારના દંડાદિ પ્રાયશ્ચિત્તને સ્વીકારે છે તેથી તે ચોરાદિ બાહ્ય આચરણારૂપ દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે.

વળી, કોઈ બ્રાહ્મણ ક્ષુદ્ર ભોજન કરે, બ્રાહ્મણની હત્યા કરે, માતા-પિતાદિનો ઘાત કરે તેથી બ્રાહ્મણો તેને બ્રાહ્મણની જાતિથી બહાર કરે છે. તેની સાથે બોલવાનો સર્વ વ્યવહાર બંધ કરે છે અને તેઓ પોતાના કરેલા દોષને સ્વીકારે નહિ અથવા પોતાનો દોષ સ્વીકારે છતાં સમ્યગ્ આલોચન કરે નહિ પરંતુ મારાથી આ કૃત્ય સ્વપ્નમાં થયું છે. એમ કહે ત્યારે તેને પોતાના દોષના સ્વીકારનો પરિણામ થયો છે છતાં વક્રતાથી વેદને ભણનારા પુરુષો પાસે પ્રાયશ્ચિત્ત માગે છે તેથી તેઓ પણ દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે; કેમ કે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરવાનો તેનો અધ્યવસાય વક્રતાથી મલિન થયેલો છે.

વળી, ચોરાદિ કે બ્રાહ્મણાદિ કોઈક અનુચિત કૃત્ય કરે ત્યારપછી સરળતાથી પોતાનાથી થયેલા પાપનું ચાર વેદને ભણનારા પાસે આલોચન કરે તો તેઓ ભાવથી વ્યવહર્તવ્ય છે; કેમ કે પોતાના થયેલા પાપ પ્રત્યે તેઓને પશ્ચાત્તાપનો પરિણામ છે તેથી ચાર વેદના ભણનારા પાસે તેની શુદ્ધિ અર્થે સમ્યક્ રીતે પાપ પ્રકાશન કરે છે. છતાં તેઓનો પાપશુદ્ધિનો વ્યવહાર લૌકિક હોવાથી લૌકિક વ્યવહર્તવ્ય છે. **॥૧૬૬॥**

**અવતરણિકા :-**

**लोकोत्तरं द्रव्यव्यवहर्त्तव्यं भावव्यवहर्त्तव्यं चाह –**

**અવતરણિકાર્થ :-**

**લોકોત્તર દ્રવ્ય વ્યવહર્તવ્યને અને ભાવવ્યવહર્તવ્યને કહે છે –**

**ગાથા :-**

**लोउत्तरिओ दव्वे, सोहिं परपच्चएण जो कुणइ ।**
**भावे सब्भावोवट्ठिओ अगीओ व गीओ वा ।।१६७।।**

**અન્વયાર્થ :-**

**लोउत्तरिओ=લોકોત્તરિક, जो=જે, परपच्चएण=પરપ્રત્યય દ્વારા, सोहिं कुणइ=શુદ્ધિને કરે છે, दव्वे=તે દ્રવ્યને આશ્રયીને વ્યવહર્તવ્ય છે. सब्भावोवट्ठिओ=અને સદ્ભાવથી ઉપસ્થિત થયેલ=સ્વચ્છ અધ્યવસાયથી ઉપસ્થિત થયેલ, गीओ वा अगीओ व=ગીતાર્થ અથવા અગીતાર્થ, भावे=ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે. ।।૧૬૭।।**

**ગાથાર્થ :-**

**લોકોત્તરિક જે પરપ્રત્યય દ્વારા શુદ્ધિને કરે છે તે દ્રવ્યને આશ્રયીને વ્યવહર્તવ્ય છે અને સદ્ભાવથી ઉપસ્થિત થયેલ=સ્વચ્છ અધ્યવસાયથી ઉપસ્થિત થયેલ ગીતાર્થ અથવા અગીતાર્થ ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે. ।।૧૬૭।।**

**ટીકા :-**

**'लोउत्तरिओ'त्ति । यः 'परप्रत्ययेन' आचार्येणोपाध्यायेनान्येन साधुना वा ज्ञातोऽस्मीत्यादिकारणेन 'शोधिं करोति' यथास्थितमालोचयति, उपलक्षणाद् यो वा गुरुं दोषं सेवित्वाऽल्पं कथयति, स्वकृतं वाऽन्यकृतं ब्रवीति स लोकोत्तरिको द्रव्यव्यवहर्त्तव्यः । यः पुनः प्रायश्चित्तप्रतिपत्त्यर्थं सद्भावेनोपस्थितोऽगीतार्थो गीतार्थो वा स भावे व्यवहर्त्तव्यः ।।१६७।।**

**ટીકાર્થ :-**

**यः 'परप्रत्ययेन' आचार्येणो ..... वा स भावे व्यवहर्त्तव्यः ।। જે સાધુ પરપ્રત્યયથી=આચાર્યથી ઉપાધ્યાયથી કે અન્ય સાધુથી હું જ્ઞાત છું. ઈત્યાદિ કારણરૂપ પરપ્રત્યયથી શુદ્ધિને કરે છે=યથાસ્થિત આલોચન કરે છે. ઉપલક્ષણથી=પરપ્રત્યયથી શુદ્ધિને કરે છે એ કથનરૂપ ઉપલક્ષણથી, અથવા જે મોટા દોષને સેવીને અલ્પ કહે છે. અથવા પોતાના સેવાયેલા દોષને અન્યકૃત કરે છે. એ લોકોત્તરિક દ્રવ્યવ્યવહર્તવ્ય છે. જે વળી પ્રાયશ્ચિત્તના સ્વીકાર માટે સદ્ભાવથી ઉપસ્થિત થયેલા અગીતાર્થ અથવા ગીતાર્થ સાધુ છે તે ભાવમાં=ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે. ।।૧૬૭।।**

**ભાવાર્થ :-**

લોકોત્તર દ્રવ્યવ્યવહર્તવ્ય અને ભાવવ્યવહર્તવ્યનું સ્વરૂપ બતાવતાં કહે છે. જે સાધુ અન્ય દ્વારા હું જ્ઞાત છું એમ જાણીને પાપની શુદ્ધિ અર્થે સમ્યગ્ આલોચન કરે છે પરંતુ પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થવાથી સમ્યગ્ આલોચન કરતા નથી તેઓ ગીતાર્થ પાસે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે છતાં તેઓ દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે અથવા મોટા દોષોને સેવીને તેને અલ્પરૂપે બતાવે છે. પોતે સેવેલા દોષો બીજાથી કરાયા છે એમ કહે છે તેઓમાં પણ થયેલા પાપની શુદ્ધિનો અધ્યવસાય નથી છતાં પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે તે સાધુ દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે અને જે સાધુને સંયમમાં સ્ખલના થયા પછી પાપશુદ્ધિનો અધ્યવસાય થયો છે તેથી ગીતાર્થ

પાસે પ્રાયશ્ચિત્ત સ્વીકારવા અર્થે ઉપસ્થિત થયેલ છે તે પ્રાયશ્ચિત્ત માટે ઉપસ્થિત થયેલ ગીતાર્થ સાધુ હોય કે અગીતાર્થ સાધુ હોય છતાં તે સાધુ ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે; કેમ કે પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને પાપની શુદ્ધિ થાય તેવા અધ્યવસાયથી તેઓ પ્રાયશ્ચિત્ત સ્વીકારે છે. **॥૧૬૭॥**

**અવતરણિકા :-**

स चेदृग्गुणो भवतीत्याह –

**અવતરણિકાર્થ :-**

**તે=લોકોત્તર ભાવ વ્યવહર્તવ્ય ગીતાર્થ કે અગીતાર્થ સાધુ, આવા ગુણવાળા હોય છે એને કહે છે –**

**ગાથા :-**

**सुजओ अकुडिलवित्ती, कारणपडिसेवओ अ आहच्च ।**
**पियधम्माइगुणजुओ, ववहरिअव्वो हवइ भावे ।।१६८।।**

**અન્વયાર્થ :-**

सुजओ=સુયતનાવાળા, अकुडिलवित्ती=અકુટિલવૃત્તિવાળા, आहच्च अ=અને આહત્ય=ક્યારેક, कारण-पडिसेवओ=કારણે પ્રતિસેવક, पियधम्माइगुणजुओ=પ્રિયધર્માદિ ગુણથી યુક્ત, भावे=ભાવને આશ્રયીને, ववहरिअव्वो हवइ=વ્યવહર્તવ્ય થાય છે. ।।૧૬૮।।

**ગાથાર્થ :-**

**સુયતનાવાળા અકુટિલવૃત્તિવાળા અને આહત્ય=ક્યારેક કારણપ્રતિસેવક પ્રિયધર્માદિ ગુણથી યુક્ત ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે. ।।૧૬૮।।**

**ટીકા :-**

'सुजओ'त्ति । सुष्ठु-अतिशयेन यतः-विरतः सुयतः, 'अकुटिलवृत्तिः' अमायाविस्वभावः, उपलक्षणादक्रोधी अमानी अलोभी चेति परिग्रहः । तथा 'कारणप्रतिसेवकः' शुक्लादिपरिशुद्धलाभाकाङ्क्षिवणिग्दृष्टान्तेन विशुद्धालम्बनेनाकृत्यप्रतिसेवी । कारणप्रतिसेवकोऽपि न यदा तदा किन्तु 'आहत्य' कदाचिदन्यथा दीर्घसंयमस्फात्यनुपलक्षणावसरे । तथा 'प्रियधर्मादिगुणयुतः' प्रियधर्मा दृढधर्मा संविग्नोऽवद्यभीरुः सूत्रार्थतदुभयविच्च भावे व्यवहर्त्तव्यो भवति ।।१६८।।

**ટીકાર્થ :-**

सुष्ठु-अतिशयेन ..... भावे व्यवहर्त्तव्यो भवति ।। સુયત=સુંદર અતિશયથી યત્નવાળા=પાપથી વિરામ

**પામેલા, સુયત સાધુ છે. અકુટિલવૃત્તિવાળા=અમાયાવી સ્વભાવવાળા ઉપલક્ષણથી=અમાયાવી સ્વભાવવાળાના ઉપલક્ષણથી, અક્રોધી, અમાની, અલોભીનું ગ્રહણ છે અને કારણ પ્રતિસેવક હોય શુક્લ આદિ પરિશુદ્ધ લાભના આકાંક્ષી એવા વણિકના દૃષ્ટાંતથી વિશુદ્ધ આલંબનથી અકૃત્ય પ્રતિસેવી, કારણ પ્રતિસેવક પણ જ્યારે ત્યારે પ્રતિસેવા કરતા નથી પરંતુ આહત્ય=કદાચિત્ કરે છે.**

ક્યારે કદાચિત્ પ્રતિસેવા કરે છે ? એથી કહે છે –

**અન્યથા=તે પ્રકારની પ્રતિસેવા વગર, દીર્ઘસંયમની શુદ્ધિના અનુપલક્ષણના અવસરમાં પ્રતિસેવા કરે છે અને પ્રિયધર્માદિ ગુણથી યુક્ત છે=પ્રિયધર્મ, દૃઢધર્મ, સંવિગ્ન, પાપભીરુ, સૂત્ર, અર્થ, તદુભયને જાણનાર સાધુ ભાવમાં=ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે=પ્રાયશ્ચિત્ત ગ્રહણને યોગ્ય થાય છે. ॥૧૬૮॥**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે પ્રાયશ્ચિત્ત સ્વીકારવા માટે સદ્ભાવથી ઉપસ્થિત ગીતાર્થ કે અગીતાર્થ સાધુ ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્ત ગ્રહણને યોગ્ય છે અને તે સાધુ કેવા ગુણોવાળા હોય તો જ ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે અન્ય નહિ. તે સ્પષ્ટ કરે છે.

જેઓ અતિશયથી સમિતિ-ગુપ્તિમાં યત્નવાળા છે એથી સુયત છે તેઓ જ અનાભોગ સહસાત્કારથી નાની કે મોટી કોઈ સ્ખલના થઈ હોય તેની શુદ્ધિ કરવા તત્પર થાય છે પરંતુ જેઓને ગુપ્તિઓ અને સમિતિઓમાં કઈ રીતે યત્ન અપેક્ષિત છે ? તેનો બોધ નથી અથવા બોધ હોવા છતાં તે પ્રકારનો યત્ન કરતા નથી તેઓની સર્વ પ્રકારની પ્રવૃત્તિઓ સ્ખલનાથી યુક્ત હોય છે તેઓ કઈ પ્રવૃત્તિનું સમ્યગ્ આલોચન કરવા ઉપસ્થિત થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. ફક્ત પૂર્વમાં સુયત ન હોય અને પાછળથી પૂર્વના તે જીવન પ્રત્યે ઘૃણા થાય અને સુયત થવાના અત્યંત અભિલાષી બને અને ગીતાર્થને સામાન્યથી કહે કે અત્યાર સુધી હું સમિતિગુપ્તિમાં યતમાન ન હતો, હવે મારે સુયત થવું છે તેથી તેનું આલોચન કરીને સુયત થવા તત્પર બને તે જ પ્રાયશ્ચિત્ત ગ્રહણના અધિકારી છે.

વળી, ક્રોધ, માન, માયા, લોભ ચારે કષાયો ન પ્રવર્તે તે રીતે ક્ષમાદિ ભાવોમાં યતમાન હોય આમ છતાં સ્ખલના થયેલા અપરાધોના સમ્યક્ પ્રકાશનમાં અમાયી હોય એ બતાવવા માટે અકુટિલનું ગ્રહણ છે.

વળી સંસારથી અત્યંત ભય પામેલા તે મહાત્મા ઉત્સર્ગ માર્ગથી વિપરીત આચરણારૂપ જે પ્રતિસેવા કરે છે તે કારણે જ કરે. જેમ વણિક કર, દુકાન આદિના ખર્ચાને સામે રાખીને તે સર્વ પછી વ્યાપારમાં લાભ થાય તે રીતે જ વ્યાપાર કરે છે એમ સંસારથી ભય પામેલા સાધુ વિશુદ્ધ આલંબનથી જ અકૃત્ય સેવે છે જેથી એ અપવાદનું સેવન પણ વ્યય કરતાં અધિક લાભનું કારણ થાય એવો નિર્ણય થાય ત્યારે જ સેવે છે. આથી જ કહે છે કે અપવાદની પ્રતિસેવા જ્યારે ત્યારે કરતા નથી પરંતુ ક્યારેક જ કરે છે.

ક્યારે કરે તે સ્પષ્ટ કરતાં કહે છે –

એ અપવાદના સેવન વગર દીર્ઘસંયમની શુદ્ધિ સંભવે નહિ એવું જણાય ત્યારે જ અપવાદનું સેવન કરે

છે. જેમ ઉત્સર્ગથી નિર્દોષ ભિક્ષાની અપ્રાપ્તિમાં તપ કરે અને તેનાથી બલવાન યોગો નાશ થતા જણાય ત્યારે અપવાદથી યતનાપૂર્વક કંઈક દોષો સેવે જેનાથી સુદૃઢ સંયમની વૃદ્ધિ થાય છે તેવું જણાય ત્યારે જે સાધુ અપવાદનું સેવન કરે છે તેઓ ભાવથી પ્રાયશ્ચિત્ત લેવાના અધિકારી છે.

વળી, જેઓને ધર્મ અત્યંત પ્રિય છે, ધર્મ સેવવામાં દૃઢ યત્નવાળા છે, સંસારથી અત્યંત ભય પામેલા હોવાથી મુક્ત થવાના અત્યંત અર્થી છે અને પાપની આચરણામાં અત્યંત ભય પામનારા છે અને સમિતિગુપ્તિ આદિને કહેનારાં સૂત્રો અને તેના અર્થો તે ઉભયને તેઓ જાણનારા છે તેથી પોતાની સ્ખલનાનો યથાર્થ નિર્ણય કરી શકે તેવા છે તેવા સાધુ કોઈક નિમિત્તને પામીને સંયમ યોગમાં સ્ખલના પામે ત્યારે સદ્ભાવથી પ્રાયશ્ચિત્ત લેવા માટે ઉપસ્થિત થાય તો તે સાધુ ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય થાય છે. **॥૧૬૮॥**

**અવતરણિકા :-**

**अत्र कारणयतनोभयपदनिष्पन्नचतुर्भङ्ग्यामनुमताननुमतविभागमननुमतस्यापि व्यवहारदानाधिकारव्यवस्थां चाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=પ્રાયશ્ચિત્ત માટે ઉપસ્થિત વ્યવહર્તવ્યના અધિકારમાં, કારણ અને યતના ઉભયપદ નિષ્પન્ન ચતુર્ભંગીમાં અનુમત અનનુમત વિભાગને અને અનનુમતને પણ વ્યવહારદાનના અધિકારની વ્યવસ્થાને કહે છે –**

**ગાથા :-**

**कारणजयणाजणिए, चउभंगे भावओ उ भंगतिगं ।**
**बहुदोसवारणत्थं, ववहरिअव्वो विपक्खो वि ।।१६९।।**

**અન્વયાર્થ :-**

**कारणजयणाजणिए चउभंगे=કારણથી અને જયણાથી જનિત ચાર ભાંગામાં, भावओ उ=વળી ભાવને આશ્રયીને, भंगतिगं=ભંગત્રય, વ્યવહર્તવ્યરૂપે અનુમત છે, विपक्खो वि=વિપક્ષ પણ=ભાવ વ્યવહર્તવ્યની યોગ્યતા રહિત પણ સાધુ, बहुदोसवारणत्थं=બહુદોષવારણ માટે, ववहरिअव्वो=વ્યવહર્તવ્ય છે. ॥૧૬૯॥**

**ગાથાર્થ :-**

**કારણથી અને જયણાથી જનિત ચાર ભાંગામાં વળી ભાવને આશ્રયીને ભંગત્રય વ્યવહર્તવ્યરૂપે અનુમત છે. વિપક્ષ પણ=ભાવ વ્યવહર્તવ્યની યોગ્યતા રહિત પણ સાધુ, બહુદોષવારણ માટે વ્યવહર્તવ્ય છે. ॥૧૬૯॥**

**ટીકા :-**

**'कारण'त्ति । कारणेन यतनया प्रतिसेवत इत्येको भङ्गः १, कारणेनायतनयेति द्वितीयः २, अकारणे यतनयेति तृतीयः ३, अकारणेऽयतनयेति चतुर्थः ४, इत्येवं कारणयतनाजनिते चतुर्भङ्गे भङ्गत्रयं भावतो व्यवहर्त्तव्यत्वेनानुमतमिति शेषः । तथाहि—कारणे यतनया प्रतिसेवमानो दीर्घसंयमस्फातिनिमित्तमिदं सेविष्य इति विशुद्धाशयाद् भगवदाज्ञाप्रद्वेषकारित्वाभावाद् भावव्यवहर्त्तव्यः । किञ्च यदि द्वितीयभङ्गवर्त्तिनोऽपि भगवद्वचनाद् भावव्यवहर्त्तव्यास्ततः प्रथमभङ्गवर्त्तिनः सुतरामिति । तदुक्तं व्यवहारपीठिकायाम्—**

'आहच्च कारणम्मी, सेवंतो अजयणं सिया कुज्जा ।
एसो वि होइ भावे, किं पुण जयणाइ सेवंते ।।१।।'

**ટીકાર્થ :-**

**कारणेन ..... सेवंते ।। કારણથી યતના વડે પ્રતિસેવા કરે છે. એ એક ભાંગો છે. કારણથી અયતના વડે પ્રતિસેવા કરે એ બીજો ભાંગો છે. અકારણમાં યતનાથી એ ત્રીજો ભાંગો છે. અકારણથી અને અયતનાથી એ ચોથો ભાંગો છે. આ પ્રમાણે કારણથી અને યતનાથી જનિત ચાર ભાંગામાં ભાવથી વ્યવહર્તવ્યપણાથી ભંગત્રય અનુમત છે. તે આ પ્રમાણે – કારણમાં યતનાથી પ્રતિસેવના કરનાર સાધુ દીર્ઘસંયમની સ્ફાતિના=વિશુદ્ધિના નિમિત્તે, આને=પ્રતિસેવાને હું સેવીશ એ પ્રકારના વિશુદ્ધ આશયથી ભગવાનની આજ્ઞામાં પ્રદ્વેષકારિત્વનો અભાવ હોવાના કારણે ભાવથી વ્યવહર્તવ્ય છે. વળી જો બીજા ભંગવર્તી પણ ભગવાનના વચનથી ભાવથી વ્યવહર્તવ્ય હોય તો પ્રથમ ભંગવર્તી સાધુ સુતરામ્=અત્યંત ભાવથી વ્યવહર્તવ્ય છે. તે વ્યવહાર પીઠિકામાં કહેવાયું છે.**

કદાચિત્ કારણમાં અજયણાથી સેવતો=પ્રતિસેવાને કરતો, આ પણ ભાવમાં=ભાવને આશ્રયીને કથંચિત્ કરાય=વ્યવહર્તવ્ય કરાય તો વળી જયણાથી સેવતાને શું ?=જયણાથી સેવતા સાધુ અવશ્ય વ્યવહર્તવ્ય થાય.

**ટીકા :-**

**न केवलं प्रथमभङ्गवर्त्ती द्वितीयभङ्गवर्त्ती वा भावव्यवहर्त्तव्यः किन्तु तृतीयभङ्गवर्त्त्यपि, यः कारणमन्तरेणापि प्रतिसेवितेऽकृत्ये शोधिं करिष्यामीत्येवंरूपालम्बनलक्षणया यतनयाऽकृत्ये प्रवृत्तिं चिकीर्षति सोऽपि, तदुक्तम्—**

'पडिसेवियम्मि सोहिं, काहं आलंबणं कुणइ जो उ ।
सेवंतो वि अकिच्चं, ववहरिअव्वो स खलु भावे ।।१।।' त्ति ।

**ટીકાર્થ :-**

**न केवलं ..... भावे ।।' त्ति । કેવલ પ્રથમ ભંગવર્તી અથવા દ્વિતીય ભંગવર્તી સાધુ ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય નથી પરંતુ ત્રીજા ભંગવર્તી સાધુ પણ વ્યવહર્તવ્ય છે. જે કારણ વગર પણ પ્રતિસેવિત અકૃત્ય હોતે છતે શુદ્ધિને હું કરીશ એ રૂપ આલંબન લક્ષણ યતનાથી અકૃત્યમાં પ્રવૃત્તિને કરવાની ઈચ્છા કરે છે તે પણ ભાવથી વ્યવહર્તવ્ય છે. તે કહેવાયું છે –**

પ્રતિસેવનમાં શોધીને હું કરીશ એ પ્રકારના આલંબનને જે કરે છે અકૃત્યને સેવતો પણ તે ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે.

**ટીકા :-**

**यश्च चतुर्थभङ्गवर्त्ती निष्कारणप्रतिसेवी निद्धन्धसः संसारवृद्धिभयरहितः पश्चात्तापरहितश्च देशं सर्वं वाऽऽलोचनायां गूहयिष्यामीति चिन्तयन् द्रव्यव्यवहारी । योऽपि प्रियधर्मादिगुणरहित एष सर्वः 'विपक्षोऽपि' भावव्यवहर्त्तव्यविपरीतोऽपि बहवो दोषा येऽनवस्थाप्रसङ्गादिलक्षणास्तेषां वारणार्थं व्यवहर्त्तव्यः सोऽप्यनवस्थया मा पुनः पुनरकृत्यं कार्षीत्, तदन्ये च तं तथाप्रवर्त्तमानं दृष्ट्वा मा तथाप्रवृत्तिं कार्षुरिति ।।१६९।।**

**ટીકાર્થ :-**

**यश्च ..... कार्षुरिति ।। અને જે ચોથા ભંગવર્તી નિષ્કારણ પ્રતિસેવા કરનાર નિર્ધ્વંસ સંસારવૃદ્ધિના ભયથી રહિત પશ્ચાત્તાપ રહિત દેશને અને સર્વને આલોચનામાં છુપાવીશ એ પ્રમાણે વિચારતો દ્રવ્યવ્યવહારી છે. જે પણ પ્રિયધર્માદિ ગુણ રહિત એવો આ સર્વ વિપક્ષવાળો પણ=ભાવવ્યવહર્તવ્યથી વિપરીત પણ=ભાવવ્યવહર્તવ્યને સર્વથા અયોગ્ય પણ, અનવસ્થા પ્રસંગાદિ લક્ષણ જે ઘણા દોષો તેઓના વારણ માટે વ્યવહર્તવ્ય છે. તે પણ અનવસ્થાથી ફરી ફરી અકૃત્ય કરે નહિ અને તેનાથી અન્ય સાધુઓ તેને તે પ્રકારે પ્રવર્તતો જોઈને તે પ્રકારની પ્રવૃત્તિ કરે નહિ એથી વ્યવહર્તવ્ય છે. ।।૧૬૯।।**

**ભાવાર્થ :-**

ગાથા-૧૬૮માં કહ્યું એવા ગુણવાળો સાધુ પ્રાયશ્ચિત્ત દાન માટે ઉપસ્થિત થયેલ હોય ત્યારે ભાવથી વ્યવહાર કરવો જોઈએ=ભાવોને આશ્રયીને પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ એમ કહ્યું તેવા સાધુ સંયમની વૃદ્ધિના પ્રયોજનરૂપ કારણને આશ્રયીને ક્યારેક અપવાદથી યતનાપૂર્વક પ્રતિસેવના કરે તે સાધુને પણ ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રદાન કરે અને તે સાધુ કારણે અને યતનાથી પ્રતિસેવનાને આશ્રયીને કહેલા ચાર ભાંગામાંથી પ્રથમ ભાંગાવાળા છે.

વસ્તુતઃ સંયમની શુદ્ધિ અર્થે જ તે મહાત્મા કારણથી અને શાસ્ત્રોક્ત યતનાથી વિપરીત આચરણા કરે છે તોપણ તે સાધુને પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ એ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે તેથી તે સાધુ પણ ગીતાર્થ

ગુરુની આગળ થયેલી પ્રતિસેવનાની આલોચના કરે છે અને કહે છે કે આ પ્રકારની સંયમવૃદ્ધિના પ્રયોજનથી આ પ્રકારની યતનાથી મેં આ પ્રતિસેવન કર્યું છે તેથી તે મહાત્મા ગુરુની પાસે ઉચિત આલોચના કરીને શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

વળી, ગાથા-૧૬૮માં કહેલ ગુણવાળા સાધુ જ ક્યારેક કારણે=સંયમવૃદ્ધિના કારણે, પ્રતિસેવના કરે છતાં પ્રમાદને વશ શાસ્ત્રવિધિની સર્વ યતના યથાર્થ ન કરે તો બીજા ભાંગાની પ્રાપ્તિ થાય અને તેવા સાધુ પણ ગાથા-૧૬૮માં કહેલા ગુણવાળા હોવાથી કાંઈક પ્રમાદવશ અયતનાથી પ્રતિસેવના કરે છે તોપણ ભાવથી વ્યવહર્તવ્ય છે=ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્ત ગ્રહણને યોગ્ય છે.

વળી, પૂર્વમાં કહેલા ગુણવાળા સાધુ પણ ક્યારેક પ્રમાદવશ અકારણથી=સંયમવૃદ્ધિનું સ્પષ્ટ પ્રયોજન ન હોય તોપણ વિપરીત આચરણા કરે છતાં યતનાથી કરે. જેમ અપવાદનું કારણ ન હોય છતાં શાતાના અર્થે કંઈક દોષથી ભિક્ષા ગ્રહણ કરે તોપણ શક્ય દોષોના પરિહાર અર્થે ઉચિત યતનાથી કરે અથવા અકારણે દોષ સેવતી વખતે પણ આ અનુચિત છે એવી બુદ્ધિ હોવાથી અને કંઈક કષાયનો ઉત્કટ પરિણામ હોવાથી વિપરીત સેવનનો અધ્યવસાય છે તોપણ હું પ્રાયશ્ચિત્તથી આત્માને શુદ્ધ કરીશ એવો યતનાનો પરિણામ છે તે સાધુ પણ થયેલા પાપનું યથાર્થ રીતે ગુરુ આગળ નિવેદન કરે તો ભાવને આશ્રયીને વ્યવહર્તવ્ય છે= પ્રાયશ્ચિત્તદાનને યોગ્ય છે.

વળી, પૂર્વમાં કહેલા સર્વ ગુણોથી યુક્ત એવા પણ સાધુ અકારણે અયતનાથી વિપરીત આચરણા કરે જેમ સિંહગુફાવાસી મુનિ કામની ઉત્કટ ઇચ્છાને વશ અયતનાપૂર્વક વિપરીત આચરણા કરી છતાં તે કૃત્ય કર્યા પછી સાનુતાપી હતા તેથી ગુરુ પાસે ઉચિત રીતે નિવેદન કર્યું ત્યારે ભાવથી વ્યવહર્તવ્ય થયા પરંતુ ચોથા ભાંગાવર્તી જે સાધુ નિષ્કારણ પ્રતિસેવા કર્યા પછી નિર્ધ્વંસ છે, સંસારવૃદ્ધિના ભયથી રહિત છે, પશ્ચાત્તાપથી રહિત છે. છતાં આલોચના માટે ગુરુ પાસે ઉપસ્થિત થયા છે અને વિચારે છે કે હું કંઈક પાપ કહીશ અને કંઈક પાપ ગોપવીશ અથવા સર્વ વિપરીત આચરણાને ગોપવીને ભિક્ષા ચર્યાદિની આલોચના કરે છે. તે દ્રવ્યથી વ્યવહારી છે=આપવા યોગ્ય હોવા છતાં ભાવથી વ્યવહર્તવ્ય નથી, દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે.

કેમ તે દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે ? એથી કહે છે –

તે સાધુ પ્રિયધર્માદિ ગુણોથી રહિત છે તેથી ભાવથી વ્યવહર્તવ્ય સાધુથી વિપરીત છે તોપણ તેને પ્રાયશ્ચિત્ત ન આપવામાં આવે તો અનવસ્થાપ્રસંગાદિ દોષોની પ્રાપ્તિ થાય અર્થાત્ તેવા સાધુ ફરી ફરી વિપરીત આચરણા કરે તેના વારણ માટે તે સાધુ દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે. વળી તે સાધુની તે પ્રકારની સ્વચ્છંદ પ્રવૃત્તિ જોઈને અન્ય સાધુ તે પ્રકારની પ્રવૃત્તિ ન કરે તેના વારણ માટે તે દ્રવ્યથી વ્યવહર્તવ્ય છે; કેમ કે તે પ્રકારના પ્રાયશ્ચિત્ત દાનાદિ વ્યવહારથી તેની શુદ્ધિ થતી નથી તોપણ તેના અધિક અનર્થના નિવારણ અર્થે અને અન્ય સાધુઓને પણ તેવા પરિણામ ન થાય તેના વારણ માટે પ્રાયશ્ચિત્ત અપાય છે. **॥૧૬૯॥**

અવતરણિકા :-

एते च पुरुषा व्यवहर्त्तव्ययोगाद् गौण्या वृत्त्या व्यवहर्त्तव्या उच्यन्त इति मुख्यं व्यवहर्त्तव्यमाह –

અવતરણિકાર્થ :-

અને આ પુરુષો=ગાથા-૧૬૯માં ચતુર્ભંગીથી બતાવ્યા એ સાધુઓ, વ્યવહર્તવ્યના યોગથી=પ્રાયશ્ચિત્ત દાનરૂપ વ્યવહર્તવ્યના યોગથી, ગૌણવૃત્તિ વડે વ્યવહર્તવ્ય કહેવાય છે. એથી મુખ્ય વ્યવહર્તવ્યને કહે છે –

ગાથા :-

ववहरियव्वं तेसिं, उवएसा सोहिओ अ जं मुक्खं ।
भणिअं च आभवंते, पायच्छित्ते य तं दुविहं ।।१७०।।

અન્વયાર્થ :-

तेसिं उवएसा सोहिओ अ=તેઓને ઉપદેશથી અને શોધિથી, ववहरियव्वं=વ્યવહાર કરવો જોઈએ. जं मुक्खं=જે મુખ્ય=જે મુખ્ય વ્યવહર્તવ્ય છે. तं=તે, आभवंते पायच्छित्ते य=આભવત્ અને પ્રાયશ્ચિત્ત, दुविहं भणिअं=બે પ્રકારનો કહેવાયો છે. ।।૧૭૦।।

ગાથાર્થ :-

તેઓને ઉપદેશથી અને શોધિથી વ્યવહાર કરવો જોઈએ. જે મુખ્ય વ્યવહર્તવ્ય છે તે આભવત્ અને પ્રાયશ્ચિત્ત બે પ્રકારનો કહેવાયો છે. ।।૧૭૦।।

ટીકા :-

'ववहरिअव्वं'ति । 'तेषां' व्यवहर्त्तव्यानां यन्मुख्यं व्यवहर्त्तव्यमुपदेशात् शोधितश्च, तथाहि– मुख्यतस्तावद्गीतार्थेनैव सह व्यवहर्त्तव्यं नागीतार्थेन, गीतार्थस्य मध्यस्थतया स्थापितस्य प्रत्यावृत्त्या यथास्थितवादित्वसम्भवात्, तस्य च स्वयमेव जानानस्य नास्त्युपदेशः । अगीतार्थे तु प्रथमत उपदेशेन व्यवहर्त्तव्यम्, स खलु युक्तायुक्तपरिज्ञानविकलतयाऽनाभाव्यमपि गृह्णातीति, ततस्तस्योपदेशो दीयते-न युक्तं तवानाभाव्यं ग्रहीतुं, यो ह्यनाभाव्यं गृह्णाति तस्य तन्निमित्तं प्रायश्चित्तमाभवतीति । ततोऽनाभाव्यग्रहणप्रवृत्तिनिमित्तो द्वितीयः शोधिव्यवहारो दातव्यः । गृहीतेऽप्य नाभाव्ये प्रथमत उपदेशं दत्त्वा ततः सूत्रमुच्चार्य दानप्रायश्चित्तव्यवहारो विधेय इति । तच्च द्विविधं भणितम्- आभवत् प्रायश्चित्तं च ।।१७०।।

**ટીકાર્થ :-**

**'તેષાં' વ્યવહર્ત્તવ્યાનાં ..... આભવત્ પ્રાયશ્ચિત્તં ચ ।। તેઓનો=વ્યવહાર કરવા યોગ્યનો જે મુખ્ય વ્યવહર્તવ્ય છે તે બે પ્રકારનો કહેવાયો છે એમ અંતમાં સંબંધ છે.**

અને કઈ રીતે વ્યવહર્તવ્યની સાથે વ્યવહાર કરવો જોઈએ તેથી કહે છે –

**ઉપદેશથી અને શોધિથી વ્યવહાર કરવો જોઈએ તે આ પ્રમાણે – મુખ્યથી પ્રથમ ગીતાર્થની સાથે જ વ્યવહાર કરવો જોઈએ અગીતાર્થની સાથે નહિ; કેમ કે ગીતાર્થનું મધ્યસ્થપણું હોવાને કારણે સ્થાપિતની પ્રત્યાવૃત્તિથી=પોતાના વચન દ્વારા સ્થાપિત કથનની પ્રત્યાવૃત્તિથી=પોતે સ્થાપન કરેલું હોય કે આ અમારું આભાવ્ય છે છતાં કોઈ અન્ય ગીતાર્થ જ્યારે યુક્તિથી અને શાસ્ત્રવચનથી અન્યનું આભાવ્ય કહે ત્યારે પોતાના કથનથી પાછા ફરવાથી, યથાસ્થિતવાદિત્વનો સંભવ છે અને સ્વયં જાણતા એવા તેને ઉપદેશ નથી=અન્યનું આભાવ્ય ગ્રહણ કરવું ઉચિત નથી અને તે ગ્રહણ કરવામાં પ્રાયશ્ચિત્ત આવે એ પ્રકારનો ઉપદેશ ગીતાર્થ સાધુને નથી. વળી, અગીતાર્થમાં પ્રથમથી ઉપદેશ દ્વારા વ્યવહર્તવ્ય છે=વ્યવહાર કરવો જોઈએ=કોઈક કારણે બે પક્ષમાં આભાવ્ય અનાભાવ્યના વ્યવહારનો પ્રસંગ હોય ત્યારે મધ્યસ્થ એવા સંઘને અગીતાર્થથી વ્યવહાર કરવાનો પ્રસંગ હોય ત્યારે પ્રથમ ઉપદેશ આપીને વ્યવહાર કરવો જોઈએ.**

કેમ ઉપદેશ આપવો જોઈએ ? તેથી કહે છે –

**તે=અગીતાર્થ સાધુ, યુક્ત અયુક્તના પરિજ્ઞાનના વિકલપણાને કારણે અનાભાવ્યને પણ ગ્રહણ કરે છે=શાસ્ત્ર મર્યાદાનુસાર જે ક્ષેત્ર, વસ્ત્રાદિ પોતાના અનાભાવ્ય હોય તેને પણ ગ્રહણ કરે છે તેથી તેને=અગીતાર્થને, ઉપદેશ અપાય છે.**

કેવા પ્રકારનો ઉપદેશ અપાય છે ? તે સ્પષ્ટ કરે છે –

**તમને અનાભાવ્ય ગ્રહણ કરવું યુક્ત નથી. હિ=જે કારણથી, જે અનાભાવ્ય ગ્રહણ કરે છે=શાસ્ત્ર મર્યાદાનુસાર જે ક્ષેત્રાદિ જે સાધુને અનાભાવ્ય હોય તેને ગ્રહણ કરે છે તેને તન્નિમિત્તક=અનાભાવ્ય ગ્રહણ નિમિત્તક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. ત્યારપછી=જો તે સાધુએ અનાભાવ્ય ગ્રહણ કર્યું હોય તો મધ્યસ્થ સાધુ તેને ઉપદેશ આપે ત્યારપછી, અનાભાવ્ય ગ્રહણ પ્રવૃત્તિ નિમિત્ત બીજો શોધિ વ્યવહાર આપે=આ અનાભાવ્ય તમે ગ્રહણ કર્યું છે તે નિમિત્તે તેમને પ્રાયશ્ચિત્ત આપે. તે કથનને સ્પષ્ટ કરતાં કહે છે.**

**અનાભાવ્ય ગૃહીત કરાયે છતે પણ પ્રથમથી ઉપદેશને આપીને=તમને અનાભાવ્ય ગ્રહણ કરવું ઉચિત નથી એ પ્રકારનો ઉપદેશ આપીને, ત્યારપછી સૂત્રનો ઉચ્ચાર કરીને દાન અને પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરવો જોઈએ=જેનું આભાવ્ય હોય તેનું દાન અને અનાભાવ્ય ગ્રહણ નિમિત્તે પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરવો જોઈએ અને તે=જે મુખ્ય વ્યવહર્તવ્ય છે તે, બે પ્રકારનું કહેવાયું છે. ૧) આભવત્ અને ૨) પ્રાયશ્ચિત્ત. ।।૧૭૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે ભાવથી વ્યવહર્તવ્ય=પ્રાયશ્ચિત્ત યોગ્ય, કોણ પુરુષ છે ? એ પ્રમાણે જ્યારે પ્રાયશ્ચિત્તનો પ્રસંગ હોય ત્યારે જે પ્રાયશ્ચિત્ત લેનાર પુરુષ છે તે વ્યવહર્તવ્ય બને છે અને જ્યારે આભાવ્ય અનાભાવ્યનો પ્રશ્ન હોય ત્યારે જેનું આભાવ્ય થાય છે અને જેનું અનાભાવ્ય થાય છે તે પુરુષ વ્યવહર્તવ્ય થાય છે અને ગીતાર્થ સાધુને જ્યારે આભાવ્ય અનાભાવ્ય વિષયક નિર્ણય કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે વ્યવહાર કરનાર એવા વ્યવહારી સાધુ જે ગીતાર્થ હોય તેની સાથે જ વ્યવહાર કરે તેથી તે ગીતાર્થ જ મુખ્યથી વ્યવહર્તવ્ય બને; કેમ કે કોઈક નિમિત્તથી આ ક્ષેત્રાદિ કોનું આભાવ્ય છે ? એવો નિર્ણય થયો ન હોય ત્યારે વ્યવહારી પાસે તે બંને પક્ષો ઉપસ્થિત થાય અને વ્યવહારી તે બંને પક્ષમાંથી જે ગીતાર્થ હોય એની સાથે જ વ્યવહાર કરે તો તે ગીતાર્થ મધ્યસ્થ હોવાને કારણે આ અમારું આભાવ્ય છે તેમ સ્થાપન કરેલ હોવા છતાં જ્યારે વ્યવહાર કરનાર ગીતાર્થ સાધુ શાસ્ત્રવચન અને યુક્તિથી આ તમારું આભાવ્ય નથી એમ બતાવે તો તે ગીતાર્થ સાધુ પોતાના વિચારોથી પાછા ફરીને આ આનું આભાવ્ય છે એ પ્રકારે યથાસ્થિતવાદી બને એ પ્રકારનો સંભવ છે. માટે ગીતાર્થ સાધુ વડે ગીતાર્થ સાધુ જ વ્યવહાર કરવા યોગ્ય છે.

વળી તે ગીતાર્થ સાધુ સ્વયં જાણે છે કે બીજાનું આભાવ્ય મારાથી લેવાય નહિ તેથી તેમને ઉપદેશ પણ અપાય નહિ. વળી, કોઈક પ્રસંગે કોનું આભાવ્ય છે અને કોનું આભાવ્ય નથી તેનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય અને વ્યવહાર કરનાર ગીતાર્થ સાધુને તે બે પક્ષમાંથી અગીતાર્થ સાથે વ્યવહાર કરવાનો પ્રસંગ હોય તો પ્રથમ તે અગીતાર્થ સાધુને ઉપદેશ આપે અને કહે કે અનાભાવ્ય તમને ગ્રહણ કરવું યુક્ત નથી અને જે અનાભાવ્ય ગ્રહણ કરે છે તે સાધુને પ્રાયશ્ચિત્ત આવે છે.

કેમ અગીતાર્થને ઉપદેશ આપવો આવશ્યક છે ? તેથી કહે છે –

અગીતાર્થ સાધુ યુક્ત અયુક્તના પરિજ્ઞાનથી રહિત હોવાને કારણે ક્યારેક અનાભાવ્યને પણ ગ્રહણ કરે અને તે અનાભાવ્ય ગ્રહણ કરવાનો પરિણામ નિવર્તન પામે તેથી ઉપદેશ આપે છે.

વળી અગીતાર્થ સાધુએ અનાભાવ્ય ગ્રહણ કરવાનો જે પ્રયત્ન કર્યો એ નિમિત્તે પ્રાયશ્ચિત્ત આપે છે. અર્થાત્ અગીતાર્થ સાધુ પણ અનાભાવ્ય લેવાના પરિણામવાળા ન હોય તો તેમને પ્રાયશ્ચિત્ત આવે નહિ પરંતુ આ પોતાનું અનાભાવ્ય છે એનો વિચાર કર્યા વગર આ અમારું થાય જ છે એ પ્રકારના પરિણામથી ગીતાર્થ પાસે ઉપસ્થિત થયા હોય અને ગીતાર્થને જણાય કે આ તેમનું આભાવ્ય નથી તો એ ગીતાર્થ સાધુ અગીતાર્થ સાધુને કહે છે કે અનાભાવ્ય ગ્રહણ કરવાનો તમને જે પરિણામ થયો છે તે પણ સંયમની મલિનતાને કરનારો છે તેથી તેના નિમિત્તે તે સાધુને પ્રાયશ્ચિત્ત આપે છે અને કદાચ અગીતાર્થ સાધુએ અનાભાવ્ય સંયમના ઉપકરણાદિ કાંઈ ગ્રહણ કર્યા હોય તો મધ્યસ્થ સાધુ પ્રથમ ઉપદેશ આપીને ત્યારપછી તે અનાભાવ્ય વિષયક કયું પ્રાયશ્ચિત્ત કયા સૂત્રથી થાય છે તેનું ઉચ્ચારણ કરીને જેનું આભાવ્ય થતું હોય તેને દાન કરવાપૂર્વક પ્રાયશ્ચિત્તનો વ્યવહાર કરે છે અને આભાવ્ય અનાભાવ્ય નિમિત્તે ઉપસ્થિત થયેલા

બંને સાધુઓ ગૌણવૃત્તિથી વ્યવહર્તવ્ય છે. મુખ્ય વૃત્તિથી શું વ્યવહર્તવ્ય છે ? તે બતાવતાં કહે છે – મુખ્ય વૃત્તિથી વ્યવહર્તવ્ય આભવત્ અને પ્રાયશ્ચિત્ત છે; કેમ કે શાસ્ત્રવચનાનુસાર આ વસ્તુ ગ્રહણ કરવાના કોણ અધિકારી છે ? તેનો વ્યવહાર કરાય છે તેથી આભવત્ વ્યવહર્તવ્ય છે. થયેલા પાપની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત વ્યવહર્તવ્ય છે. **॥૧૭૦॥**

**અવતરણિકા :-**

**तत्र प्रथममाभवद्भेदानेवाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં=મુખ્ય બે પ્રકારના વ્યવહર્તવ્યમાં, પ્રથમ આભવત્‌ના ભેદોને જ કહે છે –**

**ગાથા :-**

**खेत्ते सुअ सुहदुक्खे, मग्गे विणए अ आभवंतं तु ।**
**पंचविहमित्थ खित्तं, विहिणानुन्नायमणुरूवं ।।१७१।।**

**અન્વયાર્થ :-**

**खेत्ते=ક્ષેત્ર વિષયક, सुअ=શ્રુત વિષયક, सुहदुक्खे=સુખ-દુઃખ વિષયક, मग्गे=માર્ગ વિષયક, विणए अ=અને વિનય વિષયક, आभवंतं=આભવત્, पंचविहमित्थ=પાંચ પ્રકારનું, तु=જ છે. इत्थ=અહીં=આ પાંચ ભેદોમાં, खित्तं=ક્ષેત્ર, विहिणा=વિધિથી, अनुन्नायमणुरूवं=અનુજ્ઞાપિત અનુરૂપ છે. ।।૧૭૧।।**

**ગાથાર્થ :-**

**ક્ષેત્ર વિષયક, શ્રુત વિષયક, સુખ-દુઃખ વિષયક, માર્ગ વિષયક અને વિનય વિષયક આભવત્ પાંચ પ્રકારનું જ છે. અહીં=આ પાંચ ભેદોમાં ક્ષેત્ર વિધિથી અનુજ્ઞાપિત અનુરૂપ છે=આભવત્‌ને ઉચિત છે. ।।૧૭૧।।**

**ટીકા :-**

**'खेत्ते'त्ति । क्षेत्रे १ श्रुते २ सुखदुःखे ३ मार्गे ४ विनये ५ चाभवत् 'तुः' एवकारार्थो भिन्नक्रमश्च, पञ्चविधमेव । 'अत्र' एतेषु भेदेषु क्षेत्रं विधिनाऽनुज्ञापितं 'अनुरूपं' आभवनोचितम्, तथाहि– ऋतुबद्धकालेऽष्टसु मासेषु विहरता कल्पाध्ययनोक्तविधिना वर्षायोग्यक्षेत्रप्रत्युपेक्षणा कर्त्तव्या । ये त्वविधिना क्षेत्रं प्रत्युपेक्षमाणाः क्षेत्रं प्रत्युपेक्ष्य प्रत्यागतैः साधुभिराचार्याणां पुरतः कथ्यमानान् क्षेत्र-गुणानाकर्ण्य प्राघूर्णकाः समागताः स्वगुर्वन्तिके गत्वा तान् क्षेत्रगुणान् कथयन्ति वदन्ति च यावत्ते तत्र न तिष्ठन्ति तावद्वयं तिष्ठाम इति तदा तेषां लघुमासः प्रायश्चित्तम्, न च तत्क्षेत्रं तेषामाभवति । यदि पुनराचार्याः संप्रधारयन्ति गच्छामस्तत्रेति तदा तेषां प्रायश्चित्तं पञ्चविंशतिदिनानि । अवश्यं**

गन्तव्यमिति निर्णयने लघुको मासः । परभेदे क्रियमाणे गुरुको मासः । पथि व्रजतां चतुर्लघु । क्षेत्रं प्राप्तानां चतुर्गुरुकम् । तत्र गत्वा सचित्तमाददानानां चत्वारो गुरुकाः । आदेशान्तरेणानवस्थाप्यमचित्ते उपधिनिष्पन्नं चेति विधिना प्रत्युपेक्षितस्य बहुगुणस्य च क्षेत्रस्य ज्येष्ठशुक्लप्रतिपद्यनुज्ञापना कर्त्तव्या । अन्यथाऽजानतामन्येषामपि तत्रावस्थानादिनाऽधिकरणाद्युत्पत्तिप्रसङ्गादिति ।।१७१।।

**ટીકાર્થ :-**

क्षेत्रे १ श्रुते २ सुख ..... करणाद्युत्पत्तिप्रसङ्गादिति ।। ક્ષેત્રના વિષયમાં, શ્રુતના વિષયમાં, સુખ-દુઃખના વિષયમાં, માર્ગના વિષયમાં અને વિનયના વિષયમાં આભવત્ પાંચ પ્રકારનો જ છે. ગાથામાં तु શબ્દ एवकार અર્થવાળો અને ભિન્નક્રમવાળો છે. તેથી पंचविधं પાસે एवकार ગ્રહણ કરવાનો છે. અહીં=પાંચ ભેદોમાં વિધિ દ્વારા અનુજ્ઞાપિત ક્ષેત્ર અનુરૂપ છે=આભવત્‌ને ઉચિત છે. તે આ પ્રમાણે ઋતુબદ્ધકાળમાં આઠ મહિનાઓમાં વિચરતા કલ્પ અધ્યયનમાં કહેવાયેલી વિધિથી વર્ષા યોગ્ય ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ. વળી અવિધિથી ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરતાં જેઓ ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા સાધુઓ વડે આચાર્યની આગળ કહેવાતા ક્ષેત્રના ગુણોને સાંભળીને જે પ્રાઘૂર્ણકો આવેલા સ્વગુરુ પાસે જઈને તે ક્ષેત્રના ગુણોને કહે છે અને કહે છે. જ્યાં સુધી તે સાધુઓ ત્યાં પહોંચે નહીં ત્યાં સુધી આપણે ત્યાં જઈએ તો તેઓને=આ પ્રકારે કહેનારા સાધુને, લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે અને તે ક્ષેત્ર તેઓનું થતું નથી. જો વળી આચાર્ય=આવેલ પ્રાઘૂર્ણકના ગુરુ એવા આચાર્ય, ત્યાં આપણે જઈએ એ પ્રકારે સંપ્રધારણ કરે=એ પ્રકારે નિર્ણય કરે, તો તે આચાર્યને પચ્ચીસ દિવસનું પ્રાયશ્ચિત્ત છે=પચ્ચીસ દિવસના તપ વિશેષનું પ્રાયશ્ચિત્ત છે. અવશ્ય જવું જોઈએ એ પ્રકારે નિર્ણય કર્યે છતે લઘુમાસનું પ્રાયશ્ચિત્ત છે. પરનો ભેદ કરાયે છતે=ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા સાધુઓ ત્યાં પહોંચે તેના પૂર્વે આપણે પહોંચીએ એ પ્રકારે વિહાર કરાયે છતે ગુરુમાસ પ્રાયશ્ચિત્ત છે. માર્ગમાં જતાં ચાર લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે. ક્ષેત્રપ્રાપ્તને=ક્ષેત્રમાં પહોંચેલા સાધુને, ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે. ત્યાં જઈને=તે ક્ષેત્રમાં જઈને, સચિત્ત આદિનું ગ્રહણ કરનારાને ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે. આદેશાંતરથી અનવસ્થાપ્ય અને અચિત્તમાં ઉપધિનિષ્પન્ન પ્રાયશ્ચિત્ત આવે. વિધિથી પ્રત્યુપેક્ષણા કરાયેલા અને બહુગુણવાળા ક્ષેત્રની જેઠસુદ એકમમાં અનુજ્ઞાપના કરવી જોઈએ=તે ક્ષેત્રના સ્વામિને અમે આ ક્ષેત્રમાં ચાતુર્માસ માટે આવવા ઈચ્છીએ છીએ એ પ્રમાણે અનુજ્ઞાપના કરવી જોઈએ. અન્યથા=તે ક્ષેત્રમાં જેઠસુદ એકમના અનુજ્ઞાપના ન કરેલી હોય તો, નહિ જાણતા એવા અન્ય સાધુઓને પણ ત્યાં અવસ્થાનાદિને કારણે અધિકરણાદિ ઉત્પત્તિનો પ્રસંગ છે=આ ક્ષેત્ર અમારું છે એ પ્રકારે તેઓ સાથે વિવાદ થવાનો પ્રસંગ છે. ।।૧૭૧।।

**ભાવાર્થ :-**

પૂર્વમાં વ્યવહર્તવ્ય મુખ્ય વૃત્તિથી આભવત્ અને પ્રાયશ્ચિત્ત છે એમ કહ્યું ત્યાં આભવત્ વ્યવહર્તવ્ય પાંચ પ્રકારનું છે. ક્ષેત્ર વિષયક, શ્રુત વિષયક, સુખ-દુઃખ વિષયક, માર્ગ વિષયક અને વિનય વિષયક. જેનો

વિસ્તારથી વર્ણન આગળ કરે છે.

ક્ષેત્ર વિષયક આભવત્ શું છે ? તે બતાવે છે –

જે ક્ષેત્રમાં સાધુને ચાતુર્માસ કરવું હોય તે ક્ષેત્રમાં શેષકાળમાં વિહાર કરતી વખતે કલ્પ અધ્યયનમાં કહેલી વિધિથી વર્ષા યોગ્ય ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવી જોઈએ અને જેઓ તે પ્રમાણે વિધિથી ચાતુર્માસને યોગ્ય ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરે છે તેઓએ જેઠસુદ એકમના દિવસે "અમે સંયમને અનુકૂળ એવા આ ક્ષેત્રમાં ચાતુર્માસ કરશું" એ પ્રમાણે અનુજ્ઞાપના કરવી જોઈએ અને જે સાધુએ આ રીતે વિધિપૂર્વક પ્રત્યુપેક્ષણા કરીને તે ક્ષેત્રની અનુજ્ઞાપનાની જે મર્યાદા છે તે પ્રમાણે અનુજ્ઞાપના કરી છે તેઓનું તે ક્ષેત્ર આભવત્ થાય છે. અર્થાત્ શાસ્ત્રમર્યાદાનુસાર તે ક્ષેત્ર ચાતુર્માસ માટે ગ્રહણ કરવાના તેઓ અધિકારી થાય છે. તેથી તે ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુ ઊતરે નહિ.

વળી, જેઓ અવિધિથી પ્રત્યુપેક્ષણ કરતા હોય અને બીજા કોઈ સાધુ ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા હોય, તે ક્ષેત્રના સંયમને અનુકૂળ ગુણોને પોતાના ગુરુ પાસે જઈને કહેતા હોય ત્યારે અવિધિથી ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા સાધુ પોતાના ગુરુને કહે કે આ મહાત્માઓ તે ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા છે અને તે ક્ષેત્રના આવા આવા ગુણો છે તો તે ક્ષેત્રમાં સંયમનું પાલન સુખરૂપ થશે તેથી જ્યાં સુધી તે સાધુઓ તે ક્ષેત્રમાં જાય નહિ એના પહેલા આપણે જઈએ એ પ્રમાણે જે સાધુઓ પોતાના ગુરુને કહે તેઓને લઘુમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને તે ક્ષેત્ર શાસ્ત્રમર્યાદા અનુસાર તેઓનું થતું નથી. વળી સંયમની વૃદ્ધિને અનુકૂળ ક્ષેત્રના ગુણો શાસ્ત્રમાં વર્ણવ્યા છે તેવા જ ગુણવાળા ક્ષેત્રમાં આપણે રહીને સંયમની આરાધના સારી રીતે કરશું તેવા અધ્યવસાયવાળા સાધુ પણ બીજા સમુદાય વડે જોવાયેલા તે ક્ષેત્રના ગુણોને સાંભળીને તે ક્ષેત્રમાં આપણે જઈએ એવો અધ્યવસાય માત્ર કરે છે તે પણ સંયમને મલિન કરનાર છે તેથી જ તેઓને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે અને તેમના ગુરુ એવા આચાર્ય માર્ગાનુસારી બુદ્ધિથી વિચારે કે આ શિષ્યો આ પ્રકારે કહે છે તે ઉચિત નથી તેમ જાણીને તેમને અવશ્ય પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી ફરી તેવો વિચાર પણ તેઓને થાય નહિ.

વળી, શિષ્યનાં તે વચનો સાંભળીને આચાર્યને પણ તેવો પરિણામ થાય કે આપણે ત્યાં જઈએ, તો તે આચાર્યને પણ પચ્ચીસ દિવસનું પ્રાયશ્ચિત્ત આવે છે તેથી શાસ્ત્રવચનનું સ્મરણ કરીને તે આચાર્ય તેનું પ્રાયશ્ચિત્ત કરીને શુદ્ધિ કરે છે અને શુદ્ધિ ન કરે તો તેમનું સંયમ મલિન થાય છે.

વળી, કોઈ આચાર્યને ત્યાં જવાનો પરિણામ થયા પછી શિષ્યોને કહે કે તે ક્ષેત્ર સંયમને અનુકૂળ છે માટે આપણે ત્યાં જઈએ તેવો નિર્ણય કરે અને ત્યારપછી આ ક્ષેત્ર આપણું થાય નહિ તેવો બોધ થવાથી નિવર્તન પામે તોપણ આચાર્યને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે.

વળી, ત્યાં જવાનો નિર્ણય કર્યા પછી તે ક્ષેત્રને જોનારા સાધુઓ ત્યાં પહોંચે તેના પહેલાં આપણે પહોંચીએ એવો નિર્ણય કરે તો આચાર્યને ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે. આ રીતે વિચાર્યા પછી તે ક્ષેત્ર આપણું થાય નહિ એ શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને આચાર્ય નિવર્તન પામે તોપણ ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આવે.

વળી, કોઈક મહાત્માને ત્યાં સુધીમાં પણ નિવર્તનનો અધ્યવસાય ન થાય અને માર્ગમાં જવાનો પ્રારંભ કરે તો ચાર લઘુમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે અધ્યવસાયની મલિનતા ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે. આમ છતાં નિવર્તન ન પામે અને તે ક્ષેત્રને પ્રાપ્ત કરે તો ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે અને તે ક્ષેત્રને પામ્યા પછી પણ જિનવચનનું સ્મરણ થાય તો તે મહાત્મા તે ક્ષેત્રને ગ્રહણ કર્યા વગર અન્ય ક્ષેત્રમાં જાય પરંતુ તે ક્ષેત્રમાંથી સચિત્ત અચિત્તાદિ કોઈ વસ્તુ ગ્રહણ કરે નહિ.

વળી, જો ક્ષેત્રને પ્રાપ્ત કર્યા પછી તે ક્ષેત્રમાં કોઈ યોગ્ય જીવ સંયમ માટે તત્પર થયેલ હોય અને ઉચિત જણાય તો તેને દીક્ષા આદિ આપે તો ચાર ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે છે; કેમ કે તે ક્ષેત્ર તેમનું આભવત્ નહિ હોવાથી તે ક્ષેત્રમાંથી તેઓ સચિત્ત અચિત્ત આદિ કોઈ વસ્તુ ગ્રહણ કરવાના અધિકારી નથી છતાં યોગ્ય જીવને જાણીને સંવેગપૂર્વક ઉપદેશ આપીને શિષ્ય કરે તોપણ તે અનુચિત પ્રવૃત્તિ હોવાથી પ્રાયશ્ચિત્ત આવે; કેમ કે તે ક્ષેત્ર તેમનું આભાવ્ય નથી.

આદેશાંતરથી=અન્ય આચાર્યના મતથી સચિત્ત ગ્રહણ કરનારને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત આવે.

વળી, તે આચાર્ય પોતાના અનાભાવ્ય ક્ષેત્રમાં જઈને અચિત્ત એવા આહારાદિ કે અન્ય કોઈ વસ્તુ ગ્રહણ કરે તો ઉપધિનિષ્પન્ન પ્રાયશ્ચિત્ત આવે=જે જે ગ્રહણ કર્યું હોય તે તે ઉપધિથી જે જે પ્રાયશ્ચિત્ત આવતું હોય તે પ્રમાણે પ્રાયશ્ચિત્ત આવે. તેથી સુસાધુ વિધિપૂર્વક પ્રત્યુપેક્ષણા કરીને બહુગુણવાળા ક્ષેત્રનો નિર્ણય કરીને ચાતુર્માસ માટે યોગ્ય ક્ષેત્રમાં જેઠ સુદ એકમના તે ક્ષેત્રમાં રહેનારા શ્રાવક આદિને અનુજ્ઞાપના કરે કે ચાતુર્માસ માટે અમે આ ક્ષેત્રમાં આવવા ઇચ્છીએ છીએ. જેથી નહિ જાણતા એવા અન્ય સાધુઓ ત્યાં અવસ્થાન કરે નહિ અને જો તે આચાર્યે જેઠ સુદ એકમના અનુજ્ઞાપના ન કરી હોય તો તે ક્ષેત્રમાં ચાતુર્માસ અર્થે અન્ય પણ સાધુઓ આવે તો આ ક્ષેત્ર કોનું આભાવ્ય છે ? તેના વિષયમાં વિવાદ થવાનો પ્રસંગ આવે તેથી તે દોષના પરિહાર અર્થે સાધુએ જેઠ સુદ એકમના દિવસે શ્રાવકાદિને અનુજ્ઞાપના કરવી જોઈએ. **॥૧૭૧॥**

**અવતરણિકા :-**

**अत्र क्षेत्रप्रत्युपेक्षणार्थं निर्गमनप्रवेशाभ्यां निष्पन्नायां चतुर्भङ्ग्यां पूर्वं निर्गता पूर्वमेव समकं प्राप्ताः १ पूर्वं निर्गताः पश्चादेकतरे प्राप्ताः २ पश्चाद्विनिर्गताः पूर्वं प्राप्ताः ३ एकतरे पश्चाद्विनिर्गताः पश्चादेव च प्राप्ताः ४ इत्येवंलक्षणायां यो विशेषस्तमाह –**

**અવતરણિકાર્થ :-**

**અહીં=ક્ષેત્ર વિષયક આભાવ્યમાં, ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા માટે નિર્ગમન અને પ્રવેશ દ્વારા નિષ્પન્ન જે ચતુર્ભંગીમાં ૧) પૂર્વમાં નીકળેલા પૂર્વમાં સાથે જ પ્રાપ્ત થયેલા=ચાતુર્માસાર્થે ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરવા માટે પૂર્વમાં નીકળેલા અને પૂર્વમાં સાથે જ પ્રાપ્ત થયેલા. ૨) પૂર્વમાં નીકળેલા અને પાછળથી**

એકતર પ્રાપ્ત થયેલા ૩) પાછળથી નીકળેલા અને પૂર્વ પ્રાપ્ત થયેલા. ૪) એકતર પાછળથી નીકળેલા અને પાછળથી જ પ્રાપ્ત થયેલા એ લક્ષણ ચાર ભંગીમાં જે વિશેષ છે તે કહે છે –

**ગાથા :-**

पुव्विं विणिग्गयाणं, समगं पत्ताण होइ सव्वेसिं ।
साहारणं तु खेत्तं, जइ समगं चेवऽणुण्णवियं ।।१७२।।

**અન્વયાર્થ :-**

पुव्विं विणिग्गयाणं=પૂર્વમાં નીકળેલા, समगं पत्ताण=સાથે પ્રાપ્ત, सव्वेसिं=સર્વ સાધુઓનું, साहारणं तु खेत्तं होइ=સાધારણ ક્ષેત્ર થાય. जइ समगं चेव=જો સાથે જ, अणुण्णवियं=અનુજ્ઞાપન કરે. ॥૧૭૨॥

**ગાથાર્થ :-**

**પૂર્વમાં નીકળેલા સાથે પ્રાપ્ત સર્વ સાધુઓનું સાધારણ ક્ષેત્ર થાય જો સાથે જ અનુજ્ઞાપના કરે. ॥૧૭૨॥**

**ટીકા :-**

'पुव्विं'ति । पूर्वं विनिर्गतानां पूर्वमेव च समकं प्राप्तानां सर्वेषामेव साधारणं क्षेत्रं भवति यदि 'समकमेव' तुल्यकालमेवानुज्ञापितम् ।।१७२।।

**ટીકાર્થ :-**

पूर्वं विनिर्गतानां ..... मेवानुज्ञापितम् ।। પૂર્વમાં નીકળેલાઓનું અને પૂર્વમાં જ સાથે પ્રાપ્ત થયેલા સર્વેનું જ સાધારણ ક્ષેત્ર થાય છે. જો સાથે જ=તુલ્યકાલ જ, અનુજ્ઞાપિત હોય. ॥૧૭૨॥

**ગાથા :-**

वीसत्थो जइ अच्छइ, पच्छा पत्तो वि सो ण खेत्तपहू ।
किं पुण समगं पत्तो, दप्पा अणणुण्णवंतो उ ।।१७३।।

**અન્વયાર્થ :-**

जइ वीसत्थो अच्छइ=જો વિશ્વસ્ત રહે=આ ક્ષેત્ર અમને અનુકૂળ છે એ પ્રકારે વિશ્વસ્ત રહે, પરંતુ અનુજ્ઞાપન કરે નહિ તો, पच्छा पत्तो वि=પાછળથી પ્રાપ્ત પણ, सो=તે સાધુ, खेत्तपहू=ક્ષેત્રનો પ્રભુ થાય. તે સાધુનું ક્ષેત્ર આભાવ્ય થાય. किं पुण समगं पत्तो=શું વળી સાથે પ્રાપ્ત પણ=બે સમુદાયના સાધુઓ સાથે પ્રાપ્ત પણ, दप्पा अणणुण्णवंतो=દર્પથી અનનુજ્ઞાપના કરનાર સાધુ, खेत्तपहू ण=ક્ષેત્રના પ્રભુ થાય નહિ=તે સાધુનું ક્ષેત્ર આભાવ્ય થાય નહિ. ॥૧૭૩॥

**ગાથાર્થ :-**

**જો વિશ્વસ્ત રહે=આ ક્ષેત્ર અમને અનુકૂળ છે આ પ્રકારે વિશ્વાસમાં રહે, પરંતુ અનુજ્ઞાપના કરે નહિ તો પાછળથી પ્રાપ્ત પણ તે સાધુ પ્રભુ થાય=તે સાધુનું ક્ષેત્ર આભાવ્ય થાય. શું વળી સાથે પ્રાપ્ત પણ=બે સમુદાયના સાધુઓ સાથે પ્રાપ્ત પણ દર્પથી અનનુજ્ઞાપના કરનાર સાધુ ક્ષેત્રના પ્રભુ થાય નહીં=તે સાધુનું ક્ષેત્ર આભાવ્ય થાય નહિ. ।।૧૭૩।।**

**ટીકા :-**

'वीसत्थो'त्ति । क्षेत्रं प्राप्तोऽस्मीति विश्वस्तो यदि तिष्ठति तदा स न क्षेत्रप्रभुः किन्तु पश्चात्प्राप्तोऽपि यः पूर्वमनुज्ञापितवान् स क्षेत्रप्रभुरित्युपस्कारः । किं पुनः 'समकं' तुल्यकालं प्राप्तः 'दर्पात्' मदीय-मिदं क्षेत्रमित्यभिमानादननुज्ञापयन् ।।१७३।।

**ટીકાર્થ :-**

क्षेत्रं प्राप्तोऽस्मीति ..... भिमानादननुज्ञापयन् ।। ક્ષેત્રને પામેલો છું એ પ્રમાણે વિશ્વસ્ત જો રહે છે=પૂર્વમાં ક્ષેત્રની ગવેષણા કરેલી હોય અને આ ક્ષેત્ર અમને ચાતુર્માસને અનુકૂળ છે એમ નિર્ણય કરીને હું ક્ષેત્રને પામેલો છું એ પ્રમાણે વિશ્વાસવાળા, જે રહે છે=અનુજ્ઞાપના કર્યા વગર રહે છે, ત્યારે તે=ક્ષેત્રની ગવેષણા કરીને નિર્ણય કર્યા છતાં અનુજ્ઞાપના નહિ કરનાર સાધુ, ક્ષેત્રના પ્રભુ થતા નથી પરંતુ પશ્ચાત્ પ્રાપ્ત પણ=તે સાધુ કરતાં પાછળથી આવેલા સાધુ પણ, જે સાધુ પૂર્વમાં અનુજ્ઞાપન કરે તે સાધુ ક્ષેત્રના પ્રભુ છે એ પ્રકારે ઉપસ્કાર છે=પ્રથમના વિકલ્પમાં અન્ય વિકલ્પ છે. શું વળી સમક=તુલ્યકાળ પ્રાપ્ત દર્પથી આ મારું ક્ષેત્ર છે એ પ્રમાણે અભિમાનથી અનનુજ્ઞાપન કરનાર સાધુનું તે ક્ષેત્ર થાય નહિ. ।।૧૭૩।।

**અવતરણિકા :-**

अत्रैवापवादमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=પૂર્વની ગાથાના કથનમાં કરાયેલા વિકલ્પમાં જ, અપવાદને કહે છે –

**ગાથા :-**

गेलण्णवाउलो पुण, अणणुण्णवणे वि होइ खित्तपहू ।
खवगो वि पारणे जइ, अणाउलो कारणावण्णो ।।१७४।।

**અન્વયાર્થ :-**

गेलण्णवाउलो पुण=ગ્લાનત્વથી વ્યાકુળ વળી, अणणुण्णवणे वि=અનનુજ્ઞાપનામાં પણ, खित्तपहू

होइ=ક્ષેત્રના પ્રભુ થાય છે. खवगो वि=ક્ષપક પણ, कारणावण्णो=કારણ પ્રાપ્ત, पारणे जइ=પારણામાં જો, अणाउलो=અનાકુલ હોય તો અનુજ્ઞાપનામાં ક્ષેત્રના પ્રભુ થાય છે. ॥૧૭૪॥

ગાથાર્થ :-

ગ્લાનત્વથી વ્યાકુલ વળી અનનુજ્ઞાપનામાં પણ ક્ષેત્રના પ્રભુ થાય છે. ક્ષપક પણ કારણ પ્રાપ્ત પારણામાં જો અનાકુલ હોય તો અનુજ્ઞાપનામાં ક્ષેત્રના પ્રભુ થાય છે. ॥૧૭૪॥

ટીકા :-

'गेलण्ण'त्ति । ग्लानत्वव्याकुलः पुनः पूर्वं समकं प्राप्तः समकं पूर्वं वाऽननुज्ञापयन्नपि कारणे स्थितत्वाद् भवति क्षेत्रप्रभुः, न तु पूर्वप्राप्तः पूर्वानुज्ञापकोऽन्यः । क्षपकश्च निष्कारणं क्षेत्रप्रत्युपेक्षणाय न प्रवर्त्तयितव्योऽतो निष्कारणं यैः स प्रेष्यते तदनुज्ञापितं क्षेत्रं न ते लभन्ते, किन्तु ये पश्चादागता अप्यनुज्ञापयन्ति त एव । यदि च क्षपकोऽपि पारणेऽनाकुलः कारणापन्नश्च तदा तदनुज्ञापितं तत्प्रभवो लभन्ते, पारणव्याकुलतयाऽननुज्ञापनायां चान्य एवानुज्ञापका लभन्त इति ।।१७४।।

ટીકાર્થ :-

ग्लानत्वव्याकुलः पुनः पूर्वं ..... एवानुज्ञापका लभन्त इति ।। ગ્લાનત્વથી વ્યાકુલ વળી સાધુ પૂર્વમાં=ચાતુર્માસ પૂર્વે, સાથે પ્રાપ્ત હોય સાથે અથવા પૂર્વમાં પણ અનનુજ્ઞાપન કરતાં પણ કારણે સ્થિતપણું હોવાથી=ગ્લાનત્વ આદિના કારણે રહેલા હોવાથી, ક્ષેત્રના પ્રભુ થાય છે. નહિ કે પૂર્વ પ્રાપ્ત પૂર્વ અનુજ્ઞાપક અન્યના ક્ષેત્ર સાધુ પ્રભુ બનતા નથી. એમ અન્વય છે અને ક્ષપક સાધુને નિષ્કારણ ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા માટે મોકલવા જોઈએ નહિ. આથી જેઓ વડે તે=ક્ષપક, નિષ્કારણ મોકલાય છે તેના દ્વારા અનુજ્ઞાપિત ક્ષેત્ર તેઓ પ્રાપ્ત કરતા નથી પરંતુ જેઓ પાછળથી આવેલા પણ અનુજ્ઞાપન કરે છે=અમારે આ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવું છે એ પ્રમાણે શ્રાવકાદિને અનુજ્ઞાપન કરે છે, તેઓ જ તે ક્ષેત્રના પ્રભુ થાય છે અને જો ક્ષપક પણ પારણામાં અનાકુલ છે અને કારણ આપન્ન છે=કોઈક કારણે તેમને જ ત્યાં મોકલવો પડે તેમ છે, તો તેનાથી અનુજ્ઞાપિત ક્ષેત્ર તેના સ્વામીઓ પ્રાપ્ત કરે છે. પારણામાં વ્યાકુલપણું હોવાને કારણે અને અનનુજ્ઞાપના હોતે છતે અન્ય જ અનુજ્ઞાપકો પ્રાપ્ત કરે છે. ॥૧૭૪॥

ભાવાર્થ :-

ક્ષેત્રની પ્રત્યુપેક્ષણામાં નિર્ગમન અને પ્રવેશ દ્વારા ચતુર્ભંગી પ્રાપ્ત થાય છે અને તે ચતુર્ભંગીમાં પ્રથમ ભાંગો એ છે કે કોઈ સાધુઓ ચાતુર્માસ પૂર્વે ક્ષેત્રની ગવેષણા કરવા માટે નીકળેલા હોય અને ચાતુર્માસ પૂર્વે જ બે સમુદાયના સાધુઓ તે ક્ષેત્રમાં સાથે પ્રાપ્ત થયા હોય અને એક સાથે જ કોઈક શ્રાવકાદિને અનુજ્ઞાપન કરે કે અમને આ ક્ષેત્ર સંયમને અનુકૂળ જણાય છે તેથી અમે આ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવા ઇચ્છીએ છીએ ત્યારે તે બંને સમુદાયના સાધુઓનું સાધારણ ક્ષેત્ર થાય છે તેથી ભગવાનના વચનાનુસાર સંયમની

આરાધના કરનારા તે બંને સમુદાયના સાધુઓ જે રીતે સંયમનો નિર્વાહ થાય તે રીતે વિભાગ કરીને ચાતુર્માસ કરે છે. આ પ્રકારની વ્યવસ્થા ૧૬૮ ગાથામાં કહેલ સુસંયત આદિ ગુણોવાળા સાધુ હોય તો પ્રામાણિક રીતે આ ક્ષેત્ર કોનું થાય ? એનો નિર્ણય કરીને શ્રુતવચનાનુસાર બંનેનું આભાવ્ય થતું હોય તો તે રીતે જ ગ્રહણ કરે છે જેથી તેઓ આરાધક બને છે.

વળી, કોઈ સાધુ ચાતુર્માસાર્થે નક્કી કરવા માટે તે ક્ષેત્રને પામેલા હોય અને વિશ્વસ્ત હોય કે આ ક્ષેત્રમાં આપણે ચાતુર્માસ કરશું પરંતુ ઉચિત કાળે શ્રાવકાદિને અનુજ્ઞાપન ન કરે કે અમે અહીં ચાતુર્માસ કરવા ઇચ્છીએ છીએ તો તે સાધુ ક્ષેત્રના સ્વામી થાય નહિ પરંતુ તેમની પાછળથી આવેલા પણ જે સાધુ પૂર્વના આવેલા સાધુ કરતાં પ્રથમ અનુજ્ઞાપન કરે કે અમને અહીં ચાતુર્માસ રહેવાનો ભાવ છે તો પાછળ આવેલ પણ તે સાધુ ક્ષેત્રના સ્વામી થાય છે. તો વળી એક કાળમાં આવેલા અને આ ક્ષેત્ર મારું થશે તેમ માનીને જેઓ શ્રાવકાદિને અનુજ્ઞાપન કરે નહિ તેઓ તે ક્ષેત્રના સ્વામી થાય નહિ. જો પાછળથી આવેલા પણ પ્રથમ અનુજ્ઞાપન કરે તો તે ક્ષેત્રના સ્વામી થાય છે અને સાથે આવેલા અનુજ્ઞાપન ન કરે તો તેઓ ક્ષેત્રના સ્વામી થાય નહિ. તેથી આરાધક સાધુઓ શાસ્ત્રની મર્યાદાનું સ્મરણ કરીને તે વિધિ અનુસાર જ પોતાનુ આભાવ્ય ક્ષેત્ર થતું હોય તો જ તેને ગ્રહણ કરે જેથી અનીતિથી ગ્રહણકૃત દોષની પ્રાપ્તિ થાય નહિ. આ પ્રથમ ભાંગામાં અપવાદ બતાવે છે.

ગ્લાનત્વથી આકુળ કોઈ સાધુ પૂર્વમાં પ્રાપ્ત થયેલા હોય અર્થાત્ અન્ય કોઈ સાધુઓ ત્યાં આવેલા હોય તેનાથી પૂર્વમાં પ્રાપ્ત થયેલા હોય અથવા અન્ય સાધુઓ ત્યાં આવ્યા હોય તેમની સમકાલે જ તે ક્ષેત્રમાં પ્રાપ્ત થયા હોય અને તે ગ્લાન સાધુ તે અન્ય સાધુઓ સાથે કે પૂર્વે અનુજ્ઞાપન ન કરેલું હોય અર્થાત્ અહીં અમારે ચાતુર્માસ કરવું છે એ પ્રકારે ઉચિત શ્રાવકાદિને અનુજ્ઞાપન ન કરેલું હોય છતાં ગ્લાનત્વાદિને કારણે ત્યાં રહેલા હોય તો તે ગ્લાન સાધુ તે ક્ષેત્રના સ્વામી થાય છે. પરંતુ તે ગ્લાન સાધુથી પૂર્વમાં આવેલા કે ગ્લાન સાધુ અનુજ્ઞાપન કરે તેના પૂર્વે જ તેઓએ અનુજ્ઞાપન કર્યું હોય તોપણ તેઓ તે ક્ષેત્રના સ્વામી થતા નથી. તેથી આરાધક સાધુ પણ પૂર્વમાં આ ક્ષેત્ર અમારા વડે અનુજ્ઞાપન કરાયેલું છે માટે અમે સ્વામી છીએ એ પ્રકારનો વિકલ્પ કર્યા વગર આ ગ્લાન સાધુ છે માટે આ ક્ષેત્ર તેઓનું આભાવ્ય છે એમ નિર્ણય કરીને સ્વયં તે ક્ષેત્રનો ત્યાગ કરે છે; કેમ કે ગાથા-૧૬૮માં કહેલા ગુણોવાળા સાધુ જ વ્યવહર્તવ્ય છે અને તેવા સાધુ જ શાસ્ત્ર મર્યાદાનુસાર આભાવ્ય ન થતું હોય તેવા ક્ષેત્રને ગ્રહણ કરવા વિચાર પણ ન કરે.

વળી, જે સાધુ છઠ્ઠ અઠ્ઠમ આદિ તપસ્યાના પારણે છઠ્ઠ અઠ્ઠમ આદિ કરે છે અને તેવા સાધુને ક્ષેત્ર ગવેષણાર્થે નિષ્કારણ મોકલવા જોઈએ નહિ. વિશિષ્ટ આગાઢ કારણ હોય તો જ ક્ષપકને ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા માટે મોકલાય આમ છતાં જે આચાર્યાદિ નિષ્કારણ ક્ષપકને ક્ષેત્ર પ્રત્યુપેષણા માટે મોકલે છે અને તે ક્ષપક તે ક્ષેત્રનું શ્રાવકાદિને અનુજ્ઞાપન કરે તોપણ તે ક્ષેત્રને તેઓ પ્રાપ્ત કરતા નથી પરંતુ જેઓ ક્ષપકના આવ્યા પછી આવેલા હોય અને શ્રાવકોને અનુજ્ઞાપન કરે કે અમારે અહીં ચાતુર્માસ કરવાની ઇચ્છા છે તો તેઓ તે ક્ષેત્રના સ્વામી થાય છે. આ પ્રકારની શાસ્ત્રમર્યાદા હોવાથી સુવિહિત સાધુ પ્રાયઃ ક્ષપકને નિષ્કારણ મોકલે નહિ છતાં ક્યારેક અનાભોગાદિથી નિષ્કારણ ક્ષપકને મોકલેલ હોય અને તે ક્ષપક તે ક્ષેત્રનું

શ્રાવકોને અનુજ્ઞાપન કરે કે અમે અહીં ચાતુર્માસ માટે ઇચ્છીએ છીએ અને કોઈ સાધુ પાછળથી અનુજ્ઞાપન ન કરે તો તે ક્ષેત્રમાં તેઓ ચાતુર્માસ કરે તો બાધ થતો નહિ હોય તેમ જણાય છે. પરંતુ તેઓની પછીથી આવેલા પણ કોઈ સાધુ તે ક્ષેત્રાર્થે શ્રાવકાદિને ચાતુર્માસનું અનુજ્ઞાપન કરે તો તેઓનું તે ક્ષેત્ર થતું હોવાથી ક્ષપકને નિષ્કારણ મોકલવો જોઈએ નહિ.

વળી, ક્ષપક પણ પારણામાં અનાકુલ હોય તેથી ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા માટે જઈ શકે તેમ હોય અને વિશિષ્ટ કારણે તેને ત્યાં મોકલવો પડે તેમ હોય ત્યારે ક્ષપકથી અનુજ્ઞાપિત ક્ષેત્રને તેના સ્વામી આચાર્યાદિ પ્રાપ્ત કરે છે.

વળી, તે ક્ષપક તે ક્ષેત્રમાં ગયા પછી પારણાર્થે ભિક્ષા આદિમાં વ્યસ્ત હોવાથી અનુજ્ઞાપન ન કરે તો અન્ય જે સાધુઓ અનુજ્ઞાપન કરે છે તેઓ ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. **॥૧૭૨ થી ૧૭૪॥**

**અવતરણિકા :-**

**उक्तः प्रथमो भङ्गः, द्वितीयमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રથમ ભંગ કહેવાયો=ગાથા-૧૭૨-૧૭૩ની અવતરણિકામાં કહેલ ચાર ભાંગામાંથી પ્રથમ ભંગ ઉત્સર્ગ અપવાદના ઉચિત યોજનપૂર્વક કહેવાયો. બીજા ભાંગાને આશ્રયીને કહે છે –**

**ગાથા :-**

**पुव्विं विणिग्गया जइ, पत्ता कारणवसेण पच्छा य ।**
**तो तेसिं चिय खित्तं, णो पुण णिक्कारणठिआणं ।।१७५।।**

**અન્વયાર્થ :-**

**पुव्विं विणिग्गया=પૂર્વમાં નીકળેલા, जइ य=અને જો, कारणवसेण=કારણના વશથી, पच्छा पत्ता=પાછળથી પ્રાપ્ત હોય તો, तो तेसिं चिय खित्तं=તેમનું જ તે ક્ષેત્ર થાય છે. पुण=પરંતુ, णिक्कारणठिआणं णो=નિષ્કારણ જ્યાં ત્યાં રહેનાર સાધુનું નહિ. ।।૧૭૫।।**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં નીકળેલા અને જો કારણવશથી પાછળથી પ્રાપ્ત હોય તો તેમનું જ ક્ષેત્ર થાય છે પરંતુ નિષ્કારણ જ્યાં ત્યાં રહેનારા સાધુનું નહિ. ।।૧૭૫।।**

**ટીકા :-**

**'पुव्विं'ति । पूर्वं विनिर्गता यदि 'कारणवशेन च' ग्लानत्वादिपारवश्येन पश्चात्प्राप्तास्तदा तेषामेव क्षेत्रं नो पुनर्यत्र तत्र निष्कारणं स्थितानां पश्चादागच्छताम् ।।१७५।।**

**ટીકાર્થ :-**

**पूर्वं विनिर्गता ..... पश्चादागच्छताम् ।। પહેલા નીકળેલા જો કારણવશથી=ગ્લાનત્વાદિ પારવશ્યથી પશ્ચાત્ પ્રાપ્ત થયા હોય તો તેઓનું જ=પૂર્વમાં નીકળેલા સાધુઓનું જ ક્ષેત્ર થાય છે પરંતુ જ્યાં ત્યાં નિષ્કારણ રહેલા પાછળથી આવેલા સાધુઓનું ક્ષેત્ર થતું નથી. ।।૧૭૫।।**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ કોઈક ક્ષેત્રથી અમુક દિવસે ચાતુર્માસ આદિ માટે ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા કરવા નીકળેલા હોય તો અન્ય કોઈક સમુદાયના સાધુ પોતાના સ્થાનથી તે સાધુ નીકળ્યા તેના પછીના કોઈક દિવસે ક્ષેત્ર પ્રત્યુપેક્ષણા માટે નીકળેલા હોય આમ છતાં પૂર્વના નીકળેલા સાધુ ગ્લાનત્વાદિ પરવશતાના કારણે કે માર્ગમાં કોઈકના વૈયાવચ્ચ આદિના પ્રયોજનથી પાછળથી તે ક્ષેત્રને પ્રાપ્ત કરે ત્યારે પાછળમાં નીકળીને આવનારા સાધુ કરતાં પૂર્વમાં નીકળેલા તે સાધુનું જ તે ક્ષેત્ર થાય છે. આમ છતાં પૂર્વમાં નીકળેલા જે સાધુ છે તેઓને ગ્લાનત્વાદિ કોઈ કારણ ન હોય તો સામાન્યથી કોઈક ક્ષેત્રમાં કંઈક કાળ વસીને પાછળથી તે ક્ષેત્રમાં આવે તો તેઓનું તે ક્ષેત્ર થતું નથી પરંતુ પાછળથી નીકળીને પણ પૂર્વમાં આવેલા તે સાધુનું તે ક્ષેત્ર આભાવ્ય થાય છે તેથી સુસાધુ તે પ્રકારે જ ઉચિત આભાવ્યનો નિર્ણય કરીને ક્ષેત્રનો સ્વીકાર કરે છે પરંતુ પોતાનું આભાવ્ય ન થતું હોય અને તે ક્ષેત્ર ગ્રહણ કરે તો શાસ્ત્રની આજ્ઞાની ઉલ્લંઘનનું પાપ પ્રાપ્ત થાય છે. **।।૧૭૫।।**

**અવતરણિકા :-**

**उक्तो द्वितीयो भङ्गः, तृतीयमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**બીજો ભાંગો કહેવાયો. ત્રીજા ભંગને આશ્રયીને કહે છે –**

**ગાથા :-**

**पच्छा विणिग्गओ वि हु, पावइ खित्तं सहावसिग्घगई ।**
**पुव्विं पत्तो मग्गा, कयगइभेओ ण उण वंको ।।१७६।।**

**અન્વયાર્થ :-**

**पच्छा विणिग्गओ वि=પાછળથી નીકળેલા પણ, सहावसिग्घगई=સ્વભાવથી શીઘ્ર ગતિવાળા, मग्गा पुव्विं पत्तो=માર્ગથી પૂર્વમાં પ્રાપ્ત, खित्तं पावइ=ક્ષેત્રને પ્રાપ્ત કરે છે=ચાતુર્માસાદિ અર્થે ક્ષેત્રના પ્રભુ થાય છે, उण=વળી, कयगइभेओ=કરાયેલ ગતિભેદવાળા, वंको=વક્ર, ण=ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી. ।।૧૭૬।।**

**ગાથાર્થ :-**

**પાછળથી નીકળેલા પણ સ્વભાવથી શીઘ્રગતિવાળા માર્ગથી પૂર્વમાં પ્રાપ્ત ક્ષેત્રને પ્રાપ્ત કરે**

**છે=ચાતુર્માસાદિ અર્થે ક્ષેત્રના પ્રભુ થાય છે. વળી કરાયેલ ગતિભેદવાળા વક્ર ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી. ।।૧૭૬।।**

**ટીકા :-**

**'पच्छ'त्ति । पश्चाद्विनिर्गतोऽपि स्पर्द्धकः स्वाम्यपेक्षया 'मार्गात्' दूरादासन्नात्समाद्वाऽध्वनो यः स्वभावशीघ्रगतिः सन् पूर्वं प्राप्तः स क्षेत्रं प्राप्नोति न पुनर्वक्रो मा एतेऽन्ये मम पुरतो यास्यन्तीत्यशुद्धभावः सन् कृतो गतिभेदः-स्वभावगतिपरावर्त्तो येन स क्षेत्रं लभते पूर्वप्राप्तोऽपि, भावस्याशुद्धत्वात् ।।१७६।।**

**ટીકાર્થ :-**

पश्चाद्विनिर्गतोऽपि ..... भावस्याशुद्धत्वात् ।। **સ્પર્ધક સ્વામીની અપેક્ષાએ પાછળથી નીકળેલા પણ=ક્ષેત્રની ગવેષણા માટે કોઈ બે સમુદાયના સાધુઓ પોતપોતાના સ્થાનથી નીકળ્યા હોય તેમાં સ્પર્ધક સ્વામીની અપેક્ષાથી તે બેમાંથી પાછળથી નીકળેલા પણ, માર્ગથી=દૂરના માર્ગથી અથવા આસન્ન માર્ગથી અથવા સમાન માર્ગથી સ્વાભાવિક શીઘ્રગતિવાળા છતાં પૂર્વમાં પામે તે ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. પરંતુ વક્ર આ અન્ય મારાથી પૂર્વે પહોંચે નહિ એ પ્રકારના અશુદ્ધભાવવાળા છતા કરાયેલ ગતિભેદવાળા= સ્વભાવ ગતિનું પરાવર્તન કરાયું છે જેના વડે તે સાધુ, ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી; કેમ કે પૂર્વમાં પ્રાપ્ત પણ ભાવનું અશુદ્ધપણું છે. ।।૧૭૬।।**

**ભાવાર્થ :-**

સુસાધુ ગાથા-૧૬૮માં કહ્યા તેવા ગુણોવાળા હોય છે તેથી સમભાવપૂર્વક ક્ષેત્રની ઉચિત ગવેષણા કરે છે અને કોઈક સ્થાનથી માર્ગગવેષણા અર્થે કોઈક સમુદાયના સાધુ પાછળથી નીકળેલા હોય તો વળી અન્ય સમુદાયના સાધુ તેના પૂર્વે તે દિશામાં ક્ષેત્રની ગવેષણા અર્થે નીકળેલા હોય અને તે બે સમુદાયના સાધુમાંથી પાછળ નીકળેલા પણ સ્વાભાવિક શીઘ્રગતિને કારણે તે ઉચિત ક્ષેત્રને પ્રાપ્ત કરે તો તે સાધુ ક્ષેત્રના પ્રભુ થાય છે પરંતુ તે સાધુ કરતાં પૂર્વે નીકળેલા સાધુ તે ક્ષેત્રમાં આવે તો તે સાધુ તે ક્ષેત્રના પ્રભુ થતા નથી. તેથી બંને પક્ષના સાધુ આરાધક હોય તો જે ક્ષેત્રમાં તેઓ આવ્યા છે તે ક્ષેત્રમાં પાછળથી નીકળેલા પણ તે સાધુ દૂરથી આવ્યા હોય, નજીકથી આવ્યા હોય કે સમાનાંતરથી આવ્યા હોય પરંતુ અન્ય સાધુ કરતાં અમે પહેલા પહોંચીએ એ પ્રકારની શીઘ્રગતિ વગર તે ક્ષેત્રને પામેલા હોય તો તેઓ ક્ષેત્રના પ્રભુ થાય છે. તેથી સમભાવના પરિણામમાં બાધક એવી વક્રતા વગર જેઓ પૂર્વમાં આવ્યા છે તેઓ જ તે ક્ષેત્રમાં ચાતુર્માસ કરે છે પરંતુ અમો પહેલા આવ્યા છીએ માટે અમારું આ ક્ષેત્ર છે એ પ્રકારના વિખવાદને સુસાધુ કરતા નથી; કેમ કે તે સાધુઓ શાસ્ત્રની મર્યાદાને અનુસરનારા મધ્યસ્થ પરિણતિવાળા છે. કોઈક સાધુને ક્યારેક ઈષદ્ કષાયને વશ પરિણામ થાય કે અન્ય સાધુઓ તે ક્ષેત્રમાં પહોંચે તેના પહેલાં આપણે પહોંચીએ તો સંયમને અનુકૂળ તે ક્ષેત્ર આપણને પ્રાપ્ત થાય અને તેના કારણે વિહારમાં પોતાની સ્વાભાવિક ગતિ હોય તેનું

પરાવર્તન કરે તેના કારણે તે ક્ષેત્રમાં અન્ય સાધુ કરતાં પૂર્વમાં પ્રાપ્ત થાય તોપણ તે ક્ષેત્ર તેમનું આભાવ્ય થતું નથી; કેમ કે મધ્યસ્થ પરિણતિને વ્યાઘાત કરે તેવી પરિણતિરૂપ પરાવર્તન કરીને તેઓ આવેલા છે આમ છતાં આવ્યા પછી પોતે જાણે કે અમે આ રીતે આવ્યા છીએ તો તે ક્ષેત્રના સ્વામી પાછળથી આવેલા સાધુ થતા હોવાને કારણે તે ક્ષેત્રને સુસાધુ ગ્રહણ કરે નહિ. જો ગ્રહણ કરે તો તન્નિમિત્તક અન્ય પ્રાયશ્ચિત્ત પણ પ્રાપ્ત થાય. **॥૧૭૬॥**

**ગાથા :-**

**समयं पि पत्थिएसुं, पावइ खित्तं सहावसिग्घगई ।**
**समयं पत्ता समयं, अणुण्णवंता य समभागी ।।१७७।।**

**અન્વયાર્થ :-**

**समयं पि पत्थिएसुं=સાથે પણ પ્રસ્થિતમાં, सहावसिग्घगई=સ્વભાવથી શીઘ્રગતિવાળા, खित्तं पावइ=ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. समयं पत्ता=સાથે પ્રાપ્ત થયેલા, समयं अणुण्णवंता=સાથે અનુજ્ઞાપન કરનારા, समभागी= સમભાગી થાય છે=સાધારણ ક્ષેત્રના લાભવાળા થાય છે. ।।૧૭૭।।**

**ગાથાર્થ :-**

**સાથે પણ પ્રસ્થિતમાં સ્વભાવથી શીઘ્રગતિવાળા ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. સાથે પ્રાપ્ત થયેલા અને સાથે અનુજ્ઞાપન કરનારા સમભાગી થાય છે=સાધારણ ક્ષેત્રના લાભવાળા થાય છે. ।।૧૭૭।।**

**ટીકા :-**

**'समगं'ति । समकमपि विवक्षितेषु प्रस्थितेषु मध्ये यः स्वभावशीघ्रगतिः सन् पुरतो याति स क्षेत्रं लभते । एवमासन्नाऽध्वनीनो दूराध्वनीनश्च पूर्वानुज्ञापको द्रष्टव्यः । समकं प्राप्ताः समकं चानुज्ञापयन्तो द्वये वर्गाः 'समभागिनः' साधारणक्षेत्रलाभिनो भवन्ति ।।१७७।।**

**ટીકાર્થ :-**

समकमपि विवक्षितेषु ..... क्षेत्रलाभिनो भवन्ति ।। **સાથે પણ વિવક્ષિત પ્રસ્થિતોમાં જે સ્વભાવ-શીઘ્રગતિવાળા છતા આગળમાં જાય છે તે ક્ષેત્રને પામે છે. એ રીતે આસન્ન માર્ગવાળા દૂર માર્ગવાળાથી પૂર્વ અનુજ્ઞાપક જાણવા=પૂર્વ અનુજ્ઞાપક ક્ષેત્ર પ્રાપ્ત કરે છે એ પ્રમાણે જાણવા, સાથે પ્રાપ્ત થયેલા અને સાથે અનુજ્ઞાપન કરનારા બંને વર્ગો સમભાગી=સાધારણ ક્ષેત્રના લાભવાળા થાય છે. ।।૧૭૭।।**

**ભાવાર્થ :-**

ચાતુર્માસાદિ અર્થે ક્ષેત્રની ગવેષણા કરનારા કોઈ વિવક્ષિત સમુદાયના સાધુઓ કોઈક સ્થાનથી બંને સાથે નીકળેલા હોય અને તેમાંથી કોઈ સાધુની સ્વાભાવિક શીઘ્રગતિ હોય જેથી સંયમને અનુકૂળ ઉચિત

ક્ષેત્રને તેઓ પ્રથમ પ્રાપ્ત કરે છે તો તે સાધુનું તે ક્ષેત્ર થાય છે; કેમ કે મધ્યસ્થભાવપૂર્વક સંયમની ઉચિત યતનાપૂર્વક સ્વભાવથી જ શીઘ્રગતિને કારણે અન્ય સમુદાયના સાધુ કરતાં તેઓ પ્રથમ પ્રાપ્ત થયા છે તેથી તે ક્ષેત્રના ચાતુર્માસ અર્થે તે સ્વામી બને છે જેથી જિનવચનાનુસાર ત્યાં રહીને આરાધના કરે તેમાં કોઈ દોષ નથી. તે રીતે કોઈક બે સમુદાયના સાધુઓ ક્ષેત્રની ગવેષણા માટે સાથે નીકળેલા હોય અને ગવેષણા માટે સાથે નીકળેલા હોવા છતાં એક સમુદાયના સાધુ દૂરથી આવે છે અને એક સમુદાયના સાધુ નજીકથી આવે છે અને નજીકથી આવનારા સાધુ તે ક્ષેત્રના શ્રાવકને અનુજ્ઞાપન કરે છે કે આ ક્ષેત્રમાં અમે ચાતુર્માસ કરવા ઇચ્છીએ છીએ તેથી તેઓ ક્ષેત્રના સ્વામી થાય છે.

વળી, એક દિવસે સાથે નીકળેલા તેમાંથી દૂરથી આવનારા અને નજીકથી આવનારા બંને સંયમને ઉચિત ક્ષેત્રમાં સાથે પ્રાપ્ત થાય અને શ્રાવકાદિને સાથે જ અનુજ્ઞાપન કરે તો તે ક્ષેત્રના બંને સમુદાયના સાધુઓ સાધારણ સ્વામી થાય છે તેથી આરાધક સમભાવની પરિણતિવાળા સાધુ આ ક્ષેત્ર ઉભય સાધારણ છે તેવો નિર્ણય કરીને જે રીતે સંયમની શુદ્ધિ થાય તે રીતે તે ક્ષેત્રનો ઉચિત વિભાગ કરીને ત્યાં ચાતુર્માસાદિ કરે છે. **॥૧૭૭॥**

**અવતરણિકા :-**

**चतुर्थभङ्गमाह –**

**અવતરણિકાર્થ :-**

**ચોથા ભંગને કહે છે. ગાથા-૧૭૨ની અવતરણિકામાં કહેલ કે બે વર્ગમાંથી એકતર પાછળથી નીકળેલા હોય અને પાછળથી પ્રાપ્ત થયેલા હોય એ રૂપ ચોથા ભાંગાને કહે છે –**

**ગાથા :-**

**पच्छा विणिग्गया खलु, पच्छा पत्ता य हुंति समभागी ।**
**समगाणुण्णवणाए, पुव्वाणुण्णाइ तेसिं तु ।।१७८।।**

**અન્વયાર્થ :-**

**पच्छा विणिग्गया=પાછળથી નીકળેલા, खलु पच्छा य पत्ता=અને પાછળથી પ્રાપ્ત, समगाणुण्ण-वणाए=સાથે અનુજ્ઞાપન કરનારા, समभागी हुंति=સમભાગી થાય છે. तु=વળી, पुव्वाणुण्णाइ=પૂર્વ અનુજ્ઞાપના કરાયે છતે, तेसिं=તેઓને=પાછળથી આવેલાઓને, પ્રાપ્ત થાય છે. ॥૧૭૮॥**

**ગાથાર્થ :-**

**પાછળથી નીકળેલા અને પાછળથી પ્રાપ્ત સાથે અનુજ્ઞાપન કરનારા સમભાગી થાય છે. વળી પૂર્વ અનુજ્ઞાપના કરાયે છતે તેઓને=પાછળથી આવેલાઓને, પ્રાપ્ત થાય છે. ॥૧૭૮॥**

**ટીકા :-**

'पच्छ'त्ति । पश्चाद्विनिर्गताः खलु पश्चात्प्राप्ताश्च पूर्वप्रविष्टैः सह समकानुज्ञापनायां समभागिनो भवन्ति । पूर्वप्रविष्टापेक्षया पूर्वानुज्ञापनायां तु तेषां पश्चाद्विनिर्गतपश्चात्प्राप्तानां क्षेत्रं भवेत् ।।१७८।।

**ટીકાર્થ :-**

पश्चाद्विनिर्गताः खलु ..... प्राप्तानां क्षेत्रं भवेत् ।। પાછળથી નીકળેલા=ક્ષેત્રની ગવેષણા અર્થે બંને સાધુઓના સમુદાયમાંથી કોઈક સાધુ પાછળથી નીકળેલા અને પાછળથી પ્રાપ્ત થયેલા હોય=અન્ય વર્ગના સાધુ કરતાં ચાતુર્માસને ઉચિત ક્ષેત્રમાં પાછળથી પ્રાપ્ત થયેલા હોય, પૂર્વમાં પ્રવેશેલા અન્ય વર્ગની સાથે એક દિવસે અનુજ્ઞાપના કર્યે છતે=આ ક્ષેત્રમાં અમે ચાતુર્માસાદિ કરવા ઈચ્છીએ છીએ તે પ્રકારે શ્રાવકાદિને અનુજ્ઞાપના કર્યે છતે સમભાગી થાય છે=બંને વર્ગના સાધુ તે ક્ષેત્રના સમભાગી સાધુ થાય છે. વળી પૂર્વ પ્રવિષ્ટ સાધુની અપેક્ષાથી=પોતાનાથી પૂર્વમાં આવેલા સાધુની અપેક્ષાથી પૂર્વ અનુજ્ઞાપના કરાયે છતે તે પશ્ચાત્ નિર્ગત અને પશ્ચાત્ પ્રાપ્ત સાધુઓનું તે ક્ષેત્ર થાય છે. ।।૧૭૮।।

**ગાથા :-**

सीमाइसु पत्ताणं, दोण्ह वि पुव्वं अणुण्णवइ जो उ ।
सो होइ खेत्तसामी, णो पुण दप्पेण जो ठाइ ।।१७९।।

**અન્વયાર્થ :-**

सीमाइसु पत्ताणं=સીમાદિમાં પ્રાપ્ત એવા, दोण्ह वि=બંને પણ વર્ગમાં, पुव्वं जो अणुण्णवइ=પૂર્વમાં જે અનુજ્ઞાપન કરે છે. सो खेत्तसामी होइ=તે ક્ષેત્રના સ્વામી થાય છે. जो पुण=જે વળી, दप्पेण ठाइ=દર્પથી રહે છે=અનુજ્ઞાપન કર્યા વગર રહે છે. णो=તે સ્વામી થતા નથી. ।।૧૭૯।।

**ગાથાર્થ :-**

**સીમાદિમાં પ્રાપ્ત એવા બંને પણ વર્ગમાં પૂર્વમાં જે અનુજ્ઞાપન કરે છે તે ક્ષેત્રના સ્વામી થાય છે. વળી દર્પથી જે રહે છે=અનુજ્ઞાપન કર્યા વગર રહે છે તે સ્વામી થતા નથી. ।।૧૭૯।।**

**ટીકા :-**

'सीमाइसु'त्ति । सीमादिषु, आदिनोद्यानग्रामद्वारवसत्यादिपरिग्रहः, प्राप्तयोर्द्वयोरपि वर्गयोर्यः पूर्वमनुज्ञापयति स भवति क्षेत्रस्वामी न पुनर्दर्पेण निष्कारणमेव योऽननुज्ञापयन् तिष्ठति ।।१७९।।

**ટીકાર્થ :-**

सीमादिषु, आदिनोद्यान ..... योऽननुज्ञापयन् तिष्ठति ।। સીમાદિમાં પ્રાપ્ત એવા બંને વર્ગમાં પણ જે

પૂર્વમાં અનુજ્ઞાપન કરે છે તે ક્ષેત્રના સ્વામી થાય છે. વળી દર્પથી=આપણે પછી કહીશું અત્યારે કહેવાની જરૂર નથી એ પ્રકારના દર્પથી, નિષ્કારણ જ અનુજ્ઞાપન નહિ કરતા જે રહે છે તે ક્ષેત્રના સ્વામી થતા નથી.

સીમાદિમાં રહેલા આદિ શબ્દથી ઉદ્યાન, ગામનું દ્વાર, વસતિ આદિનું ગ્રહણ છે. ॥૧૭૯॥

ગાથા :-

समगं पत्ता साहारणं तु खित्तं लहंति जे वग्गा ।
अच्छंति संथरं ते, असंथरे ठंति जयणाए ।।१८०।।

અન્વયાર્થ :-

समगं पत्ता=સમક પ્રાપ્ત, जे वग्गा=જે વર્ગોનું, साहारणं खित्तं=સાધારણ ક્ષેત્ર, लहंति=થાય છે. संथरं ते अच्छंति=સંસ્તરણમાં તે બે વર્ગો એકત્ર રહે. असंथरे जयणाए ठंति=અસંસ્તરણમાં યતનાથી રહે છે. ॥૧૮૦॥

ગાથાર્થ :-

**સમક પ્રાપ્ત બે વર્ગોનું સાધારણ ક્ષેત્ર થાય છે. સંસ્તરણમાં તે બે વર્ગો એકત્ર રહે. જો બે વર્ગો સંસ્તરણ ન પામે તો અસંસ્તરણમાં યતનાથી રહે છે. ॥૧૮૦॥**

ટીકા :-

'समगं'ति । समकं प्राप्ता ये वर्गाः साधारणं तु क्षेत्रं लभन्ते ते संस्तरे सति सर्वेऽप्येकत्रावतिष्ठन्ते । असंस्तरे तु यतनया तिष्ठन्ति । सा चेयम्–यदि द्वौ वर्गौ वृषभाचार्ययोरेकत्र न संस्तरतस्तदा वृषभो निर्गच्छत्याचार्यस्तिष्ठति । अथ द्वावपि वर्गौ तुल्यौ गणिनावाचार्यौ वा तदा यस्यानिष्पन्नः परिवारः स तिष्ठत्यन्यो गच्छति । द्वयोरपि निष्पन्नपरिवारत्वे वृद्धपरिवारस्तिष्ठत्यन्यो गच्छति । द्वयोरपि समवयस्कपरिवारत्वे शैक्षपरिवारस्तिष्ठति चिरप्रव्रजितशिष्यस्तु गच्छति । द्वयोरपि समपर्यायशिष्यत्वे जुङ्गितपादाक्षिनाशाकरकर्णास्तिष्ठन्त्यन्ये गच्छन्ति । संयतीष्वप्येषैव यतना । केवलं तरुण्यस्तिष्ठन्ति वृद्धा गच्छन्तीति विशेषः । श्रमणानां श्रमणीनां चैकत्रासंस्तरणे श्रमण्यस्तिष्ठन्ति श्रमणा निर्गच्छन्ति । यत्र च संयता जुङ्गिताः श्रमण्यश्च वृद्धास्तत्र जुङ्गितास्तिष्ठन्ति वृद्धाः श्रमण्यो निर्गच्छन्तीत्याद्यल्पबहुत्वं परिभावनीयम् ।।१८०।।

ટીકાર્થ :-

समकं प्राप्ता ..... परिभावनीयम् ।। સાથે પ્રાપ્ત થયેલા જે વર્ગો સાધારણ ક્ષેત્રને પ્રાપ્ત કરે છે તેઓ સંસ્તરણ થયે છતે સર્વ પણ એક ક્ષેત્રમાં અવસ્થિત રહે છે=નિર્દોષ આહારાદિથી નિર્વાહ થયે છતે

**એક ક્ષેત્રમાં અવસ્થિત રહે છે. વળી, અસંસ્તરણમાં=નિર્દોષ આહારાદિ દ્વારા સંયમનો નિર્વાહ નહિ થયે છતે યતનાથી રહે છે અને તે યતના આ છે – જો બંને વર્ગમાં વૃષભ અને આચાર્યનું એકત્ર સંસ્તરણ નથી ત્યારે વૃષભ નીકળે છે=અન્ય ક્ષેત્રમાં જાય છે અને આચાર્ય રહે છે. હવે બંને પણ વર્ગમાં તુલ્યગણિ અથવા આચાર્ય હોય તો જેનો અનિષ્પન્ન પરિવાર છે=જે વર્ગના સાધુ શાસ્ત્ર ભણીને નિષ્પન્ન થયા નથી, તે રહે છે અન્ય જાય છે. બંનેનું પણ નિષ્પન્ન પરિવારપણું હોતે છતે વૃદ્ધ પરિવારવાળા રહે છે. અન્ય જાય છે. બંનેનું પણ સમવયસ્કપરિવારપણું હોતે છતે શૈક્ષપરિવારવાળા રહે છે. વળી, ચિરપ્રવ્રજિત પરિવારવાળા જાય છે. બંનેના પણ સમપર્યાયવાળાનું શિષ્યપણું હોતે છતે ખામીવાળા=ક્ષતિવાળા પગ, આંખ, નાસિકા, હાથ, કાન છે જેઓને તેઓ રહે છે, અન્ય જાય છે. સંયતીઓમાં પણ=સાધ્વીઓમાં પણ, આજ યતના છે. કેવલ તરુણીઓ રહે છે. વૃદ્ધ સાધ્વીઓ જાય છે. એટલો ભેદ છે. સાધુઓ અને સાધ્વીઓના એક ક્ષેત્રમાં અસંસ્તરણ હોતે છતે સાધ્વીઓ રહે છે. સાધુઓ વિહાર કરે છે અને જે વર્ગમાં સંયતો અંગની ખામીવાળા છે, સાધ્વીઓ વૃદ્ધ છે, ત્યાં અંગની ખામીવાળા સાધુઓ રહે છે અને વૃદ્ધ સાધ્વીઓ જાય છે ઈત્યાદિ અલ્પબહુત્વ પરિભાવન કરવું=કઈ પ્રવૃત્તિમાં અલ્પદોષ અને અધિક લાભ છે તેનું પરિભાવન કરવું. ॥૧૮૦॥**

**ભાવાર્થ :-**

ચોથા ભાંગાનુસાર કોઈ બે વર્ગના સાધુઓમાંથી કોઈક એક સાધુ સ્વસ્થાનથી ક્ષેત્રગવેષણા અર્થે પાછળથી નીકળેલા હોય અને અન્ય વર્ગના સાધુ ત્યાં પહોંચે પછી પાછળથી તે સ્થાનમાં પહોંચે છતાં તે બંને વર્ગના સાધુ શ્રાવકાદિને સાથે જ=એક જ દિવસે અનુજ્ઞાપના કરે કે અમે આ ક્ષેત્રમાં ચાતુર્માસાદિ રહેવા ઇચ્છીએ છીએ તો તે બંને સમભાગી થાય છે.

વળી, ક્ષેત્રની ગવેષણા અર્થે પાછળથી નીકળેલા અને સંયમને ઉચિત ક્ષેત્રમાં પાછળથી પ્રાપ્ત થયેલા સાધુ ક્ષેત્રની ગવેષણા માટે આવેલા અન્ય સાધુ કરતાં પૂર્વમાં અનુજ્ઞાપના કરે કે અમે આ ક્ષેત્રમાં ચાતુર્માસાદિ કરવા ઇચ્છીએ છીએ તો તેઓનું ક્ષેત્ર થાય છે. વળી, સીમાદિમાં જેઓ પૂર્વમાં અનુજ્ઞાપન કરે તે સાધુ તે ક્ષેત્રના સ્વામી થાય છે. કોઈક સાધુનો વર્ગ તે સીમાદિ સ્થાનમાં આવેલ હોય અને તે સીમાદિના સ્વામીને કે અન્ય ત્યાં વસતા શ્રાવકાદિને અનુજ્ઞાપન કર્યા વગર નિષ્કારણ કાળક્ષેપ કરે અને વિચારે કે જતી વખતે અમે અનુજ્ઞાપન કરશું તે સમય દરમિયાન અન્ય સાધુનો વર્ગ અનુજ્ઞાપના કરે તો પૂર્વમાં આવેલા પણ તે સાધુને ક્ષેત્રની પ્રાપ્તિ થતી નથી.

ચારેય ભાંગામાં જે સ્થાનમાં બંને વર્ગના સાધુઓ સાથે અનુજ્ઞાપના કરે ત્યારે તે ક્ષેત્ર બંને વર્ગનું સાધારણ થાય છે તેથી તેવા ક્ષેત્રમાં બંને વર્ગના સાધુઓ એકત્ર ચાતુર્માસાદિ કરે છે આમ છતાં ચાતુર્માસમાં ઘણા સાધુ થવાથી સંયમને અનુકૂળ નિર્દોષ આચાર પાળવા તે ક્ષેત્રમાં દુષ્કર બને તો યતનાથી તેઓ ત્યાં રહે છે.

કઈ રીતે યતના ત્યાં કરે ? તે ટીકામાં સ્પષ્ટ કરેલ છે –

જેથી એ ફલિત થાય કે બંને વર્ગના સાધુઓ વિશેષ પ્રકારની સંયમની આરાધના કરી શકે અને નિર્દોષ સંયમનું પાલન થઈ શકે તે રીતે વિકલ્પ કરીને તે સ્થાનમાં તેટલા સાધુઓ વસે છે. અન્ય અન્યત્ર જાય છે. આ પ્રકારની યતનામાં ગુણદોષના અલ્પબહુત્વની વિચારણા છે અર્થાત્ તે ક્ષેત્રમાં પોતે વસે તો સર્વ સાધુઓને આશ્રયીને અસંસ્તરણને કારણે દોષો અધિક થાય ? અને કેટલાક સાધુ વિહાર કરે તો વિહારાદિને કારણે કંઈક સ્વાધ્યાય આદિનો પલિમંથ થાય=ભંગ થાય ? કે કંઈક શારીરિક શ્રમ થાય ? તે સર્વ દોષો અલ્પ છે અને અન્ય જીવોનો સંયમ નિર્વાહ થાય તે ગુણ અધિક છે. તેની માર્ગાનુસારી વિચારણા કરીને આરાધક સાધુ યતનાપૂર્વક વસે જેથી સમભાવની પરિણતિરૂપ સંયમની મ્લાની થાય નહિ. **॥૧૭૮ થી ૧૮૦॥**

**ગાથા :-**

**पत्ताण अणुन्नवणा, सारूवियसिद्धपुत्तमाईणं ।**
**बाहिं ठिआण जयणा, जा आसाढे सिआ दसमी ।।१८१।।**

**અન્વયાર્થ :-**

**पत्ताण=પ્રાપ્ત સાધુઓએ=વર્ષા યોગ્ય ક્ષેત્રને પામેલા સાધુઓએ, सारूवियसिद्धपुत्तमाईणं=સારૂપિક સિદ્ધપુત્રાદિને, अणुन्नवणा=અનુજ્ઞાપના કરવી જોઈએ, जा=જ્યાં સુધી, आसाढे सिआ दसमी=અષાઢ સુદ દશમી આવે ત્યાં સુધી, बाहिं ठिआण=બહાર રહીને=ચાતુર્માસક્ષેત્રથી બહારમાં રહીને, जयणा=યતના કરવી જોઈએ. ॥૧૮૧॥**

**ગાથાર્થ :-**

**પ્રાપ્ત સાધુઓએ=વર્ષા યોગ્ય ક્ષેત્રને પામેલા સાધુઓએ સારૂપિક સિદ્ધપુત્રાદિને અનુજ્ઞાપના કરવી જોઈએ. જ્યાં સુધી અષાઢ સુદ દશમી આવે ત્યાં સુધી બહાર રહીને=ચાતુર્માસક્ષેત્રથી બહારમાં રહીને યતના કરવી જોઈએ. ॥૧૮૧॥**

**ટીકા :-**

**'पत्ताण'त्ति । प्राप्तानां क्षेत्रं वर्षारात्रप्रायोग्यमनुज्ञापना भवति कर्त्तव्या सारूपिकसिद्धपुत्रादीनाम्, आदिना सञ्ज्ञिभोजिकमहत्तरनापितग्रहः । तत्र सारूपिक एकनिषद्योपेतरजोहरणदण्डकधारी शिरोमुण्डः सारूपिकः, अशिखः सशिखो वा पश्चात्कृतो गृहस्थः सिद्धपुत्रः, सञ्ज्ञिनो गृहीताणुव्रतदर्शनाः श्रावकाः, भोजिकः-ग्रामस्वामी, महत्तराः-ग्रामप्रधानपुरुषाः, नापिताः-नखशोधकाः । स्वग्रामे सञ्ज्यभावे च द्वे गव्यूते गत्वाऽपि निवेदनं कर्त्तव्यम्-अस्माकं रुचितमिदं क्षेत्रमित्यन्येषामपि ज्ञापनीयमिति ।**

ततो बहिःस्थितानां यतना कर्त्तव्या यावदाषाढे सिता दशमी । सा हि वर्षावासस्थानम् । ततोऽर्वाग् बहिःस्थिता वर्षायोग्यमुपधिमुत्पादयन्ति प्रत्येकं सङ्घाटकाः प्रत्यासन्नासु दिक्षु, परिपूर्णमात्मन एकस्य च जनस्याधिकमुत्पादयन्ति, संस्तरे प्रतिवृषभग्रामानन्तरपल्लीं च वर्जयन्ति, उच्चारमात्रकादिकमपि गृह्णन्तीति । एवं बहिर्यतमाना आषाढशुद्धदशम्यां वर्षायोग्यं क्षेत्रमागच्छन्ति ।।१८१।।

**ટીકાર્થ :-**

प्राप्तानां क्षेत्रं ..... वर्षायोग्यं क्षेत्रमागच्छन्ति ।। વર્ષારાત્રને પ્રાયોગ્ય ક્ષેત્રને પ્રાપ્ત થયેલા સાધુઓને સારૂપિક સિદ્ધપુત્રાદિને અનુજ્ઞાપના કર્તવ્ય થાય છે. આદિ શબ્દથી. સંજ્ઞી, ભોજિક, મહત્તર અને નાપિતનું ગ્રહણ છે. ત્યાં=જેને અનુજ્ઞાપના કરવાની છે તેમાં, એક નિષદ્યાથી યુક્ત રજોહરણ અને દંડને ધારણ કરનાર શિરોમુંડનવાળા સારૂપિક છે. અશિખાવાળા કે શિખાવાળા પશ્ચાત્કૃત=દીક્ષા છોડી છે એવા ગૃહસ્થ સિદ્ધપુત્ર છે. સંજ્ઞી=ગ્રહણ કરેલા અણુવ્રત અને સમ્યગ્દર્શનવાળા શ્રાવકો છે. ભોજિક=ગ્રામસ્વામી છે. મહત્તર=ગ્રામના પ્રધાનપુરુષો છે. નાપિત=નખની શુદ્ધિ કરનારા છે અને સ્વગ્રામમાં સંજ્ઞીનો અભાવ હોતે છતે બે ગાઉ જઈને પણ નિવેદન કરવું જોઈએ. અમને આ ક્ષેત્ર રુચ્યું છે એ પ્રમાણે અન્યને પણ જણાવવું=અન્ય સાધુઓને પણ જણાવવું, ત્યારપછી બહિર્સ્થિત એવા તે સાધુઓએ જ્યાં સુધી અષાઢ સુદ દસમ આવે ત્યાં સુધી યતના કરવી જોઈએ અને તે= અષાઢ સુદ દશમ, વર્ષાવાસનું સ્થાન છે. તેનાથી પૂર્વે=અષાઢ સુદ દશમ પૂર્વે, બહારમાં રહેલા સાધુ વર્ષાયોગ્ય ઉપધિને ઉત્પાદન કરે છે=ચાતુર્માસ દરમિયાન સંયમને ઉચિત જે ઉપકરણો આવશ્યક હોય તે બહારના ક્ષેત્રમાંથી પ્રાપ્ત કરે છે. પ્રત્યેક સંઘાટકો નજીકની દિશાઓમાં પરિપૂર્ણ પોતાની અને એક સાધુની અધિક ઉપધિ ઉત્પાદન કરે છે. સંસ્તરણ થયે છતે=સંયમને યોગ્ય ઉચિત ઉપધિ પ્રાપ્ત થયે છતે, પ્રતિવૃષભ ગ્રામોને અને અનંતરપલ્લીને વર્જન કરે છે. ઉચ્ચાર માત્રાદિકને પણ ગ્રહણ કરે છે. આ રીતે બહારમાં યતના કરતાં અષાઢ સુદ દશમીમાં વર્ષાયોગ્ય ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. ।।૧૮૧।।

**ભાવાર્થ :-**

સુસાધુઓ ક્ષેત્રાદિ પ્રત્યે પ્રતિબંધન ન થાય અને સંયમની આરાધના સુખપૂર્વક થાય તે અર્થે ચાતુર્માસ કરવા યોગ્ય સંયમને ઉચિત ક્ષેત્રની ગવેષણા કરે છે અને પોતાને ચાતુર્માસ યોગ્ય ક્ષેત્ર પ્રાપ્ત થાય ત્યારે તે ક્ષેત્રમાં સારૂપિક સિદ્ધપુત્ર હોય તો તેઓને અનુજ્ઞાપના કરે છે કે આ ક્ષેત્રમાં અમને ચાતુર્માસ કરવાની ઇચ્છા છે જેથી તે ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુઓ આવેલા હોય તો તેઓને સારૂપિક કે સિદ્ધપુત્રાદિને પૂછવાથી બોધ થાય કે આ ક્ષેત્રમાં અમુક અમુક સાધુ ચાતુર્માસ કરવા અર્થે આવવા ઇચ્છે છે જેથી તે ક્ષેત્રમાં અન્ય સાધુ આવવાનો વિચાર કરે નહિ અન્યથા તે સ્થાનમાં અનેક પ્રકારના સાધુઓ એકત્રિત થાય તો સંયમની નિર્દોષ રીતે આરાધના કરી શકે નહિ અને જો તે મહાત્માએ સારૂપિક આદિને કીધું ન હોય તો અન્ય પણ કોઈ મહાત્મા તે ક્ષેત્રમાં આવવાનો વિચાર કરે તો બંને પક્ષના સાધુઓ ઉચિત રીતે સંયમની આરાધના તે ક્ષેત્રમાં કરી શકે નહિ.

વળી, સારૂપિક આદિ જે ક્ષેત્રમાં વસતા હોય તે ક્ષેત્રમાં અન્ય સાધુ પણ ગવેષણા માટે નીકળેલા હોય તો સારૂપિક આદિને પ્રથમ પૂછે છે કે અહીં અન્ય કોઈ મહાત્માએ ચાતુર્માસ અર્થે આવવા માટે કીધેલ છે કે નહિ ? તેથી પ્રથમ સારૂપિક આદિને જ કહેવું જોઈએ. વળી, સારૂપિક કે સિદ્ધપુત્ર ન હોય તો તે નગરમાં વસતા કોઈ સંજ્ઞી=શ્રાવકધર્મ પાળનારા ગૃહસ્થ, હોય તો તેમને કહે જેથી સાધુ પણ પ્રાયઃ તે ગૃહસ્થને જ પૃચ્છા કરે.

વળી, કોઈ ગામમાં શ્રાવક પણ ન હોય તો ગામના સ્વામીને કે ગામના પ્રધાન પુરુષોને કહે કે નાપિત કહે જેથી તેઓને પૂછવાથી અન્ય સાધુને નક્કી થાય કે અહીં કોઈ ચાતુર્માસાર્થે આવનારા છે જેના કારણે તેઓ તે ક્ષેત્રનો વિચાર ત્યાગ કરીને અન્ય ક્ષેત્રની ગવેષણા કરે. આ રીતે ભગવાનના શાસનની ક્ષેત્ર વિષયક આભાવ્યની મર્યાદા હોવાથી અન્ય અન્ય સમુદાયના સાધુઓ એક સ્થાનમાં વસીને અન્ય સાધુઓના અંતરાયમાં કારણ બને નહિ.

વળી, તે ગામમાં શ્રાવકો ન હોય તો તે ગામથી બે ગાઉ સુધીમાં જઈને કોઈ શ્રાવક હોય તો કહેવું જોઈએ કે અમને આ ક્ષેત્ર ચાતુર્માસ માટે ઉચિત છે જેથી અન્ય કોઈ સાધુ આવે તો તેમને જણાવજો તેથી આવનાર સાધુ પણ તે ક્ષેત્રની નજીકમાં વર્તતા અન્ય ક્ષેત્રમાં વસતા શ્રાવકો પાસે પૃચ્છા કરીને નિર્ણય કરી શકે કે અહીં કોઈ ચાતુર્માસ માટે આવવાના છે કે નહિ ?

વળી, ચાતુર્માસમાં આવતા પૂર્વે તે ક્ષેત્રથી નજીકના સ્થાનમાં માસકલ્પ કરીને અષાઢ સુદ ૧૦મીના વર્ષા-સ્થાનમાં પ્રવેશ કરવો જોઈએ.

વળી, સાધુઓનાં વસ્ત્ર-પાત્ર પ્રાયઃ જીર્ણ અને પરિમિત હોય છે તેથી બહારના ક્ષેત્રમાં રહીને ચાતુર્માસ કાલ સુધી જે વસ્તુની આવશ્યકતા હોય તેની ગવેષણા કરીને સાધુઓ ત્યાંથી જ સંપાદન કરે છે. **॥૧૮૧॥**

**ગાથા :-**

**संविग्गबहुलकाले, एसा मेरा पुरा य आसी अ ।**
**इयरबहुले उ संपइ, पविसंति अणागयं चेव ।।१८२।।**

**અન્વયાર્થ :-**

**पुरा=પૂર્વમાં, संविग्गबहुलकाले=સંવિગ્નબહુકાળમાં, एसा मेरा आसी=આ મર્યાદા હતી, इयरबहुले उ= ઈતરબહુલ કાળમાં=પાર્શ્વસ્થ બહુલ કાળમાં, संपइ=હમણાં, अणागयं चेव=અનાગત જ=અષાઢ સુદ દશમ પૂર્વે જ, पविसंति=પ્રવેશ કરે છે. ।।૧૮૨।।**

**ગાથાર્થ :-**

**પૂર્વમાં સંવિગ્નબહુલ કાળમાં આ મર્યાદા હતી. ઈતરબહુલ કાળમાં=પાર્શ્વસ્થાબહુલ એવા કાળમાં, હમણાં અનાગત જ=અષાઢ સુદ દશમ પૂર્વે જ પ્રવેશ કરે છે. ।।૧૮૨।।**

**ટીકા :-**

'संविग्ग'त्ति । एषा मर्यादा पुरा संविग्नबहुले काले आसीत् । सम्प्रति 'इतरबहुले' पार्श्वस्थादिबहुलेऽनागतमेव प्रविशन्ति । आयतार्थिनो ह्यन्यप्रेक्षिते क्षेत्रे न प्रविशन्ति । पार्श्वस्थादयस्तु कालमासाद्य परिवृद्धाः पूर्वप्रत्युपेक्षितक्षेत्रानपि प्रेरयेयुरिति ।।१८२।।

**ટીકાર્થ :-**

एषा मर्यादा ..... क्षेत्रानपि प्रेरयेयुरिति ।। આ મર્યાદા=ગાથા-૧૮૧માં બતાવી એ મર્યાદા, સંવિગ્નબહુલ સાધુઓના કાળમાં હતી. હમણાં ઈતરબહુલ=પાર્શ્વસ્થાદિ બહુલ કાળમાં અનાગત જ=અષાઢ સુદ દશમ આવતા પૂર્વે જ, પ્રવેશ કરે છે. हि=જે કારણથી, આયતાર્થી=મોક્ષના અર્થી એવા સાધુઓ, અન્ય પ્રેક્ષિત ક્ષેત્રમાં પ્રવેશ કરતા નથી. વળી, પાર્શ્વસ્થાદિ સાધુઓ કાળને આશ્રયીને=વિષમ કાળને આશ્રયીને, અતિશય થયેલા=સંખ્યાથી પ્રચુર થયેલા, પૂર્વમાં પ્રત્યુપેક્ષિત થયેલા ક્ષેત્રોને પણ= સુસાધુઓ દ્વારા સંયમને અનુકૂળ ગવેષણા કરાયેલા ક્ષેત્રમાં પણ, પ્રવેશ કરે છે. ।।૧૮૨।।

**અવતરણિકા :-**

तथा चाह –

**અવતરણિકાર્થ :-**

અને તે રીતે કહે છે=વર્તમાન કાળમાં ચાતુર્માસ માટે જોવાયેલા પણ સુસાધુનાં ક્ષેત્રમાં પાર્શ્વસ્થાદિ પ્રવેશ કરે છે. એમ પૂર્વ ગાથામાં કહ્યું તે રીતે, કહે છે –

**ગાથા :-**

> सुच्चा उट्टिसमेओ, णो आपुच्छी तहा दुरापुच्छी ।
> अजयट्ठिआउ एए, कुणंति कलहं जइजणेहिं ।।१८३।।

**અન્વયાર્થ :-**

सुच्चा उट्टिसमेओ=સાંભળીને ઉપેત્ય સમેત=સાંભળીને શીઘ્ર આવેલા, णो आपुच्छी=પૂછ્યા વગર, तहा दुरापुच्छी=અને દુરાપૃચ્છી, एए=આ ત્રણે, अजयट्ठिआउ=અજયણાથી ક્ષેત્રમાં પ્રવેશ કરીને, जइजणेहिं=યતિજન સાથે, कलहं कुणंति=કલહને કરે છે. ।।૧૮૩।।

**ગાથાર્થ :-**

સાંભળીને ઉપેત્ય સમેત=સાંભળીને શીઘ્ર આવેલા, પૂછ્યા વગર અને દુરાપૃચ્છી આ ત્રણ અજયણાથી ક્ષેત્રમાં પ્રવેશ કરીને યતિજન સાથે કલહ કરે છે. ।।૧૮૩।।

**ટીકા :-**

'सुच्च'त्ति । श्रुत्वोपेत्यसमेतो नाम यो गुरोरात्मीयक्षेत्रप्रत्युपेक्षकैः समागतैः सुन्दरं क्षेत्रं कथ्यमानं श्रुत्वा प्राघूर्णक आत्मनो गच्छं तत्र नयति । तथा 'नो आपृच्छी' प्रेक्षितमिदं क्षेत्रमन्यैरप्रेक्षितं वेत्यनापृच्छ्यैव यस्तिष्ठति । तथा 'दुरापृच्छी' ये न किमपि जानते गोपालादयस्तान् य आपृच्छति अन्यैरिदं क्षेत्रं प्रत्युपेक्षितं न वेति । एते त्रयोऽप्ययतस्थिता यतिजनैः सार्द्धं कलहं कुर्वन्ति ।।१८३।।

**ટીકાર્થ :-**

**श्रुत्वोपेत्यसमेतो ..... कुर्वन्ति ।। ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરીને આવેલા પોતાના ક્ષેત્ર પ્રત્યુપેક્ષક સાધુઓ વડે ગુરુને સુંદર ક્ષેત્રને કહેતા સાંભળીને જે પ્રાઘૂર્ણક સાધુ પોતાના ગચ્છને ત્યાં લઈ જાય છે=તે ક્ષેત્રમાં લઈ જાય છે તે શ્રુત્વા ઉપેત્ય સમેત છે અને પૂછતા નથી=આ ક્ષેત્ર અન્ય વડે જોવાયું છે કે નહિ ? એ પ્રમાણે પૂછ્યા વગર જ જે પ્રાઘૂર્ણક ત્યાં રહે છે. તેનો આપૃચ્છી છે અથવા જેઓ કાંઈ પણ જાણતા નથી એવા ભરવાડ આદિ છે તેઓને જે સાધુ પૂછે છે=અન્ય વડે આ ક્ષેત્ર જોવાયું છે કે નહિ ? એ પ્રમાણે પૂછે છે. તે દુરાપૃચ્છી છે. આ ત્રણે પણ અયતનાથી રહેલા સાધુ યતિજન સાથે=સુસાધુ સાથે, કલહને કરે છે. ॥૧૮૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે વર્તમાન કાળમાં પાર્શ્વસ્થા બહુલ સાધુઓ છે જેથી સંવિગ્ન સાધુઓ અષાઢ સુદ દશમી પૂર્વે પણ ચાતુર્માસ માટે પ્રવેશ કરે છે.

અહીં પ્રશ્ન થાય કે પાસત્થા બહુ હોવાથી ચાતુર્માસ માટે અષાઢ સુદ દશમી પૂર્વે પ્રવેશ કરવાનું કારણ શું ? એથી કહે છે. ત્રણ પ્રકારના પાસત્થા સાધુઓ છે. જેઓ ક્ષેત્ર જોઈને આવેલા સાધુઓ ગુરુને તે ક્ષેત્રના ગુણો કહેતા હોય તે વખતે ત્યાં પ્રાઘૂર્ણક તરીકે ઊતરેલા હોય અને તે સુસાધુઓનાં વચનો સાંભળીને પોતાના ગચ્છને તે ક્ષેત્રમાં લઈ જાય છે તેથી ક્ષેત્રની પ્રત્યુપેક્ષણા કરનારા તે સાધુને ક્ષેત્ર પ્રાપ્ત થાય નહિ. વળી, બીજા કેટલાક પાસત્થા સાધુઓ આ ક્ષેત્ર બીજા કોઈના વડે પ્રત્યુપેક્ષણા કરાયેલ છે કે નહિ ? તેની પૃચ્છા જ કરતાં નથી પરંતુ ચાતુર્માસ અર્થે સુસાધુ પ્રવેશ કરે તેની પૂર્વે જ ત્યાં આવે છે.

વળી, ત્રીજા પ્રકારના સાધુઓ તે ક્ષેત્રમાં આવીને તેવા જ ગોવાળિયા આદિને પૂછે છે કે જેઓ કોઈ સાધુ આવવાના છે તેવું કાંઈ જાણતા નથી આ રીતે શાસ્ત્રવિધિ અનુસાર સારૂપિક આદિને પૂછ્યા વગર પ્રવેશ કરનારા કેટલાક પાસત્થા હોય છે. જોકે આ ત્રણે પ્રકારના સાધુઓ અન્ય રીતે સંયમને ઉચિત ક્રિયા કરનારા પણ હોય પરંતુ તે તે પ્રકારના કષાયને વશ સુસાધુથી અવલોકન કરાયેલા ક્ષેત્રમાં અયતનાથી રહીને સાધુઓ સાથે કલહ કરે છે અને કહે છે કે અમે તમારા પૂર્વે આ ક્ષેત્રને પ્રાપ્ત કર્યું છે માટે અમારું ક્ષેત્ર છે. તેથી વર્તમાન કાળમાં સંવિગ્ન સાધુઓ અષાઢ દશમી પૂર્વે ચાતુર્માસાર્થે પ્રવેશ કરે છે જેથી તે પ્રકારના કલહનિવારણમાં કંઈક યતના થાય. **॥૧૮૩॥**

**અવતરણિકા :-**

तत्रोपायमाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=પૂર્વમાં કહ્યું કે સુસાધુઓ સાથે ત્રણ પ્રકારના પાસત્થા=પ્રમાદી સાધુઓ ક્ષેત્ર વિષયક કલહ કરે છે ત્યાં, સાધુએ શું કરવું જોઈએ ? તેના ઉપાયને કહે છે –

**ગાથા :-**

सुच्चा उट्ठिठियाणं, णामग्गहणं पि णेव इच्छंति ।
दुण्हं तु विहिजिआणं, विणुग्गहं भत्तदाणं तु ।।१८४।।

**અન્વયાર્થ :-**

उट्ठिठियाणं सुच्चा=સાંભળીને ઉપેત્ય સ્થિતોનું, णामग्गहणं पि=નામગ્રહણ પણ, णेव इच्छंति=ઈચ્છતા નથી જ, तु विहिजिआणं दुण्हं=વળી વિધિથી જિતાયેલા, બંનેને=અનાપૃચ્છી અને માયાપૃચ્છી બંનેને, विणुग्गहं=અવગ્રહને છોડીને, भत्तदाणं तु=ભક્તદાન જ કરવું જોઈએ. ।।૧૮૪।।

**ગાથાર્થ :-**

**સાંભળીને ઉપેત્ય સ્થિતોનું નામગ્રહણ પણ ઈચ્છતા નથી જ, વળી વિધિથી જિતાયેલા, બંનેને=અનાપૃચ્છી અને માયાપૃચ્છી બંનેને અવગ્રહને છોડીને ભક્તદાન જ કરવું જોઈએ. ।।૧૮૪।।**

**ટીકા :-**

'सुच्चा उट्ठि'त्ति । श्रुत्वोपेत्यस्थितानां नामग्रहणमपि नेच्छन्ति साधवः सर्वथा, सर्वज्ञाज्ञाप्रतिकूलतया दुर्गृहीतनामधेयत्वात् । 'द्वयोस्तु' अनापृच्छिमायापृच्छिस्थितयोर्विधिना-सूत्रोक्तव्यवहारसम्प्रदायेन जितयोः क्षेत्रिकेण विना 'अवग्रहं' सचित्तोपध्यनुज्ञालक्षणं 'भक्तदानं तु' भक्तदानमेव कर्त्तव्यम् ।।१८४।।

**ટીકાર્થ :-**

श्रुत्वोपेत्यस्थितानां ..... कर्त्तव्यम् ।। સાંભળીને ઉપેત્યસ્થિતોનું=જે પ્રાઘૂર્ણક પાસે રહેલા ગુરુને કહેતા ક્ષેત્રના ગુણોને સાંભળીને તે ક્ષેત્રમાં આવે છે તેવા સ્વાર્થી સાધુઓના નામગ્રહણને પણ સાધુઓ સર્વથા ઈચ્છતા નથી; કેમ કે સર્વજ્ઞની આજ્ઞાથી પ્રતિકૂળપણું હોવાને કારણે ખરાબ રીતે ગ્રહણ કરાયેલા સાધુપણાના નામવાળા છે. વળી બંનેને પણ=પૂછ્યા વગર આવીને રહેલા અને માયાથી પૂછીને રહેલા બંને સાધુઓને સૂત્રોક્ત વ્યવહારના સંપ્રદાયથી વિધિ દ્વારા જિતાયેલા એવા તે બંનેને, ક્ષેત્રિક એવા સાધુ વડે સચિત્ત ઉપધિ આદિ અનુજ્ઞા લક્ષણ અવગ્રહને છોડીને ભક્તદાન જ કરવું જોઈએ. ।।૧૮૪।।

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે ત્રણ પ્રકારના સાધુઓ તે ક્ષેત્રમાં આવીને સંવિગ્ન સાધુઓ સાથે કલહ કરે છે અને તેવો પ્રસંગ ખરેખર કોઈ સંવિગ્ન સાધુને પ્રાપ્ત થયો હોય ત્યારે શાસ્ત્રમર્યાદાનુસાર શું કરવું જોઈએ ? તે બતાવે છે –

જેઓ સુસાધુને ક્ષેત્રના ગુણોને કહેતા સાંભળીને તેઓ ચાતુર્માસ અર્થે ત્યાં જાય તેના પૂર્વે તે સ્થાનમાં આવે છે તેવા પ્રથમ પ્રકારના સાધુઓનું નામગ્રહણ પણ સુસાધુઓ સર્વથા ઇચ્છતા નથી; કેમ કે ભગવાનની આજ્ઞાથી એકદમ પ્રતિકૂળ હોવાથી તેઓ સાથે જિનવચનાનુસાર ઔચિત્યની વિચારણા કરી શકાય તેમ નથી કેવલ કલહની જ પ્રાપ્તિ થાય તેથી તેઓની સુસાધુઓ ઉપેક્ષા જ કરે છે.

વળી, અન્ય બે પ્રકારના સાધુઓ તેમાંથી એક પ્રકારના સાધુએ ક્ષેત્રની પૃચ્છા કરી નથી અર્થાત્ આ ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુએ ચાતુર્માસનો નિર્ણય કર્યો છે કે નહિ ? તેની સારૂપિકાદિને પૂછીને નિર્ણય કર્યો નથી છતાં ક્ષેત્રના ગુણોની પૃચ્છા કરીને સંયમને અનુકૂળ તે ક્ષેત્ર છે તેમ જાણીને ત્યાં વસવા આવ્યા છે. વળી, માયાથી પૂછનારા સાધુ પણ ક્ષેત્રની ગવેષણા કરીને કંઈક ભગવાનની વિધિમાં રાગવાળા છે તેથી જ ગોવાળાદિને પૃચ્છા કરે છે કે અહીં કોઈ સાધુ આવવાના છે કે નહિ ? તે બંને પ્રકારના સાધુ સાથે સંવિગ્ન સાધુ શાસ્ત્રવચનાનુસાર કહે કે આ ક્ષેત્રમાં તમે કઈ રીતે આવ્યા છો ? ત્યારે તે બંને પ્રકારના સાધુ પણ જે રીતે આવ્યા હોય તે રીતે જ કથન કરે; કેમ કે મૃષાભાષણથી ભય પામનારા છે તેવા સાધુને શાસ્ત્ર વ્યવહારથી કહે કે આ ક્ષેત્ર તમારું થતું નથી આ રીતે તેઓને જીતીને સંવિગ્ન સાધુ કહે કે સચિત્ત અને ઉપધિને છોડીને તમારે ચાતુર્માસ દરમિયાન આહાર ગ્રહણ કરીને રહેવું આ રીતે ક્લેશનું નિવારણ કરીને તેઓ સાથે શાસ્ત્રમર્યાદાનુસાર સુસાધુ તે ક્ષેત્રમાં રહે છે. **॥૧૮૪॥**

**ગાથા :-**

**जयणाइ ठिआण पुणो, असइप्पमुहेण कारणेण तयं ।**
**तुल्लं जं ते सुद्धा, भावविसुद्धीइ खवगु व्व ।।१८५।।**

**અન્વયાર્થ :-**

**पुणो जयणाइ ठिआण=વળી જયણાથી રહેલા, असइप्पमुहेण कारणेण=અસ્મૃતિ વગેરે કારણોથી, तयं तुल्लं=તેઓનું તુલ્ય ક્ષેત્ર છે. जं=જે કારણથી, ते खवगु व्व=તેઓ ક્ષપક સાધુની જેમ, भावविसुद्धीइ सुद्धा=ભાવવિશુદ્ધિથી શુદ્ધ છે. ।।૧૮૫।।**

**ગાથાર્થ :-**

**વળી જયણાથી રહેલા અસ્મૃતિ વગેરે કારણોથી તેઓનું તુલ્ય ક્ષેત્ર છે. જે કારણથી તેઓ ક્ષપક સાધુની જેમ ભાવવિશુદ્ધિથી શુદ્ધ છે. ।।૧૮૫।।**

**ટીકા :-**

'जयणाइ'त्ति । ये तु यतनया स्थिता येषां सिद्धपुत्रादीनां पूर्वैर्यत्क्षेत्रमनुज्ञापितं तेषां तद्विस्मृतम्, अथवा येऽनुज्ञापितास्ते प्रोषिता अन्ये च स्वरूपं न जानते तैश्च पृष्टैरुक्तं न प्रेक्षितमिदमन्यैः क्षेत्र-मित्यादिलक्षणेनास्मृतिप्रमुखेण कारणेन तेषां पुनस्तत्क्षेत्रं पूर्वप्रत्युपेक्षितक्षेत्रैः सह 'तुल्यं' साधारणम्, 'यत्' यस्मात्ते क्षपक इव पायसप्रतिग्राहकः पिण्डनिर्युक्तिप्रसिद्धः क्षेत्रविधिपृच्छया भावविशुद्ध्या 'शुद्धाः' अशठभावाः ।।१८५।।

**ટીકાર્થ :-**

ये तु ..... अशठभावाः ।। જે સાધુઓ યતનાથી સ્થિત છે=ચાતુર્માસાર્થે ક્ષેત્રની ગવેષણા કરીને યતનાથી સ્થિત છે અને પૂર્વના સાધુઓ વડે=પૂર્વમાં ક્ષેત્રને જોયેલા અન્ય સાધુઓ વડે, જે ક્ષેત્ર જે સિદ્ધપુત્રાદિને અનુજ્ઞાપિત છે તેઓને=તે સિદ્ધપુત્રાદિઓને, તે વિસ્મૃત છે=પૂર્વમાં જે સાધુઓએ કહેલું કે આ ક્ષેત્રમાં અમે ચાતુર્માસ કરવા ઇચ્છીએ છીએ તે વિસ્મૃત છે. અથવા જે અનુજ્ઞાપિત છે=પૂર્વમાં જોયેલા ક્ષેત્રવાળા સાધુ વડે જે સિદ્ધપુત્રાદિ અનુજ્ઞાપિત છે તે સિદ્ધપુત્રાદિ બહાર ગયેલ છે અને અન્ય=ત્યાં વસનારા અન્ય શ્રાવકાદિ, સ્વરૂપને જાણતા નથી=આ ક્ષેત્રમાં કોઈ અન્ય સાધુ ચાતુર્માસ માટે આવવાના છે કે નહિ ? તે સ્વરૂપને જાણતા નથી અને પુછાયેલા એવા તેઓ વડે=તે ક્ષેત્રમાં ચાતુર્માસ કરવાના અર્થે પુછાયેલા એવા અન્ય શ્રાવકાદિ વડે, કહેવાયું, "આ ક્ષેત્ર અન્ય વડે જોવાયું નથી" ઇત્યાદિ લક્ષણ અસ્મૃતિ વગેરે કારણોથી તેઓનું=જે સાધુ યતનાથી ત્યાં રહેલા છે તેઓનું, વળી તે ક્ષેત્ર પૂર્વમાં પ્રત્યુપેક્ષિત ક્ષેત્રવાળા સાધુઓ સાથે તુલ્ય=સાધારણ છે. જે કારણથી પિંડનિર્યુક્તિમાં પ્રસિદ્ધ પાયસને ગ્રહણ કરનારા ક્ષપકની જેમ તે સાધુઓ ક્ષેત્રની વિધિપૂર્વક પૃચ્છાથી ભાવવિશુદ્ધિ હોવાથી શુદ્ધ છે=અશઠભાવવાળા છે. ।।૧૮૫।।

**ભાવાર્થ :-**

જે સુસાધુઓ છે તેઓ શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત ક્ષેત્રની ગવેષણા કરે છે અને તેવા કોઈ સંયમને ઉચિત ક્ષેત્રમાં કોઈક સાધુએ કોઈક ક્ષેત્ર જોયું હોય અને સિદ્ધપુત્રાદિને અનુજ્ઞાપન કરેલ હોય કે અમે આ ક્ષેત્રમાં ચાતુર્માસ કરવા ઇચ્છીએ છીએ ત્યારપછી તે સાધુઓ અન્યત્ર ગયા હોય અને તે ક્ષેત્રમાં અન્ય સાધુઓનો વર્ગ ચાતુર્માસાર્થે ક્ષેત્રની ગવેષણા કરવા આવે અને સિદ્ધપુત્રાદિને પૃચ્છા કરે કે આ ક્ષેત્રમાં કોઈ સાધુ ચાતુર્માસાર્થે આવવાનું કહી ગયા છે કે નહિ ? અને તે સિદ્ધપુત્રાદિને તે મહાત્માનું વચન વિસ્મૃત થવાથી કહે કે આ ક્ષેત્રમાં કોઈ આવનાર નથી. અથવા પૂર્વના જે મહાત્માઓએ જે સિદ્ધપુત્રાદિને કહ્યું હોય તે સિદ્ધપુત્રાદિ કોઈ પ્રયોજનથી અન્યત્ર ગયા હોય અને અન્ય ગૃહસ્થો અહીં કોઈ સાધુ આવવાના છે કે નહિ ? તે સ્વરૂપ જાણતા નથી તેથી પાછળથી આવનારા સાધુઓ પૃચ્છા કરે કે આ ક્ષેત્ર કોઈ સાધુ વડે

જોવાયું છે કે નહિ ? ત્યારે તેઓ કહે છે કે કોઈના વડે જોવાયું નથી અને ચાતુર્માસ કાળે પૂર્વના જોનારા સાધુઓ તે ક્ષેત્રનું પ્રત્યુપેક્ષણ કરીને સિદ્ધપુત્રાદિને અનુજ્ઞાપન કરીને ગયા હોય તો તે ક્ષેત્ર તે બંને વર્ગના સાધુઓનું સાધારણ ક્ષેત્ર થાય છે; કેમ કે ભગવાનની આજ્ઞા અનુસાર વિધિપૂર્વક ક્ષેત્રની ગવેષણા જેમ પ્રથમના સાધુએ કરી છે તેમ પાછળથી ગવેષણા કરનારા સાધુએ પણ કરી છે તેથી પિંડનિર્યુક્તિપ્રસિદ્ધ અશુદ્ધ પાયસ ગ્રહણ કરનારા ક્ષપક જેમ ભાવથી શુદ્ધ હતા તેથી અશુદ્ધ ભિક્ષાથી તે ક્ષપકસાધુના ચિત્તમાં મલિનતા થઈ નહિ તેમ પાછળથી પ્રત્યુપેક્ષણા કરનારા સાધુ વિધિપૂર્વક ક્ષેત્રની પૃચ્છા કરનારા હોવાથી ભાવથી શુદ્ધ છે તેથી તે ક્ષેત્ર તે બંને સાધુઓનું સાધારણ થાય છે. **॥૧૮૫॥**

**ગાથા :-**

**अतिसंथरणे इयरे, उवसंपन्ना उ खित्तियं हुंति ।**
**इट्ठा रुइए खित्ते, घोसणया वा समोसरणे ।।१८६।।**

**અન્વયાર્થ :-**

**अतिसंथरणे=અતિસંસ્તરણ હોતે છતે=તે ક્ષેત્રમાં અધિક સાધુઓનો સંયમ અર્થે નિર્વાહ દુર્લભ હોતે છતે, इयरे=અવિધિથી રહેનારા બે અને યતનાસ્થાયી, खित्तियं उ=વળી ક્ષેત્રિકના, उवसंपन्ना हुंति= ઉપસંપન્ન થાય છે, समोसरणे वा=અથવા સમવસરણમાં, रुइए खित्ते=રુચિથી ક્ષેત્ર વિષયક, घोसणया इट्ठा=ઘોષણા ઈષ્ટ છે. ।।૧૮૬।।**

**ગાથાર્થ :-**

**અતિસંસ્તરણ હોતે છતે=તે ક્ષેત્રમાં અધિક સાધુઓનો સંયમ અર્થે નિર્વાહ દુર્લભ હોતે છતે, ઈતર=અવિધિથી રહેનારા બે અને યતનાસ્થાયી ક્ષેત્રિકના ઉપસંપન્ન થાય છે. અથવા સમવસરણમાં રુચિત ક્ષેત્ર વિષયક ઘોષણા ઈષ્ટ છે. ।।૧૮૬।।**

**ટીકા :-**

**'अतिसंथरणे'त्ति । 'अतिसंस्तरणे' संस्तरणातिक्रमे इतरे द्वावविधिस्थितौ यतनास्थायिनश्च क्षेत्रिकमुपसम्पन्ना भवन्ति । यत्र प्रत्यासन्नस्थानेषु समन्ततो बहवो गच्छाः क्षेत्राणि च वर्षाप्रायोग्याणि तत्र प्रचुराणि न सन्ति समासन्नश्च वर्षाकालस्ततो मा केचिदन्ये, जानन्तोऽत्र तिष्ठेयुरिति स्नानादिसमवस-रणे मिलिते समवाये रुचिते क्षेत्रे घोषणा वा इष्टा अमुकत्र वयं वर्षाकरणाय गच्छाम इति ।।१८६।।**

**ટીકાર્થ :-**

'अतिसंस्तरणे' ..... गच्छाम इति ।। અતિસંસ્તરણમાં=સંયમ જીવનના નિર્વાહનો અતિક્રમ થયે છતે ઈતર બે અવિધિથી રહેલા=અનાપૃચ્છી સાધુ અને માયાપૃચ્છિ સાધુ અને યતનાથી રહેનારા=વિધિપૂર્વક આવીને પૂર્વમાં આ ક્ષેત્ર અમને રુચ્યું છે એ પ્રકારે નિવેદન કરનારા, ક્ષેત્રિકને=તે ગ્રામાદિમાં જે વસતિ

**દેનારા છે તે રૂપ ક્ષેત્રિકને, ઉપસંપન્ન થાય છે=ઉપસંપદા સ્વીકારીને રહે છે. અથવા જ્યાં=જે નગરાદિમાં પ્રત્યાસન્ન સ્થાનોમાં, ચારે બાજુ ઘણા ગચ્છો છે અને વર્ષાપ્રાયોગ્ય ક્ષેત્રો, ત્યાં=તે સ્થાનોમાં, પ્રચુર નથી અને વર્ષાકાલ નજીક આવ્યો છે તેથી કોઈ અન્ય ગચ્છના સાધુઓ અજાણતા=આ વસતિ અમુક સાધુઓ ચાતુર્માસ માટે આવવાના છે એમ નહિ જાણતા. અહીં=પોતે ચાતુર્માસ માટે નક્કી કર્યું છે એ ક્ષેત્રમાં, રહે નહિ=ચાતુર્માસ કરવા અર્થે રહે નહિ. તેથી સ્નાનાદિના સમોવસરણમાં= ભગવાનના જન્માદિ મહોત્સવમાં, સમવાય મિલિત થયે છતે=ચાતુર્માસ પૂર્વે ઘણા સાધુઓનો સમુદાય એકઠો થયે છતે, રુચિત ક્ષેત્રમાં ઘોષણા ઈષ્ટ છે=તેવા સંયોગોમાં ચાતુર્માસ કરવા માટે પોતે જે ક્ષેત્ર નક્કી કર્યું છે તે ક્ષેત્રમાં ઘોષણા ઈષ્ટ છે.**

કયા પ્રકારની ઘોષણા ઇષ્ટ છે ? તેથી કહે છે –

**અમુક સ્થાનમાં અમે ચાતુર્માસ કરવા માટે જઈએ છીએ. ॥૧૮૬॥**

**ગાથા :-**

**तं घोसणयं सोउं, धम्मकही कोइ सन्निसंथवओ ।**
**चिट्ठइ समागओ तं, गच्छत्ति य खित्तिओ भणइ ।।१८७।।**

**અન્વયાર્થ :-**

तं घोसणयं सोउं=તે ઘોષણાને સાંભળીને, कोइ धम्मकही=કોઈક ધર્મકથી, सन्निसंथवओ=શ્રાવકોના પરિચયથી, समागओ चिट्ठइ=આવેલા રહે છે=તે ક્ષેત્રમાં રહે છે. समागओ य खित्तिओ=અને સમાગત એવા ક્ષેત્રિક સાધુ, तं भणइ=તેને=ધર્મકથીને કહે છે. गच्छत्ति=તમે વિહાર કરો. ॥૧૮૭॥

**ગાથાર્થ :-**

**તે ઘોષણાને સાંભળીને કોઈક ધર્મકથી સંજ્ઞીસંસ્તવથી=શ્રાવકોના પરિચયથી, આવેલા રહે છે=તે ક્ષેત્રમાં રહે છે. સમાગત એવા ક્ષેત્રિક સાધુ=ચાતુર્માસ માટે આવનારા સાધુ તેને=ધર્મકથીને કહે છે. તમે વિહાર કરો. ॥૧૮૭॥**

**ટીકા :-**

'तं घोसणयं'ति । तां घोषणां श्रुत्वा दानादिप्रधानश्राद्धकलितं तद्रमणीयं क्षेत्रमवगत्य निर्मर्यादः कोऽपि 'धर्मकथी' धर्मकथालब्धिसम्पन्नः समागतः, स च धर्मकथयाऽऽत्मीकृतसकललोकः 'संज्ञिसंस्तवतः' सञ्ज्ञिपरिचयात्तिष्ठति; क्षेत्रिकश्च पश्चात्समागतः सन् भणति–गच्छ त्वं किमिति घोषणां श्रुत्वाप्यत्र समागतोऽसि ।।१८७।।

**ટીકાર્થ :-**

तां घोषणां ..... श्रुत्वाप्यत्र समागतोऽसि ।। તે ઘોષણાને સાંભળીને દાનાદિ પ્રધાનશ્રાદ્ધથી કલિત તે

રમણીય ક્ષેત્રને જાણીને નિર્મર્યાદ કોઈ ધર્મકથી=ધર્મકથાલબ્ધિસંપન્ન આવ્યા અને તે=ધર્મકથી નિર્મર્યાદવાળા સાધુ, ધર્મકથાથી પોતાના કરાયેલા સકલ લોકવાળા સંજ્ઞીના સંસ્તવથી=શ્રાવકના પરિચયથી, રહે છે=તે ક્ષેત્રમાં રહે છે અને ક્ષેત્રિક સાધુ પાછળથી આવેલા છતાં કહે છે તમે જાવ. કયા કારણથી તમે ઘોષણા સાંભળીને પણ અહીં આવ્યા છો. ॥૧૮૭॥

ગાથા :-

सड्ढाण निबंधेण य, दोण्ह वि तत्थ ट्ठिआण इच्छाए ।
सच्चित्तं उवही वा, अखित्तिए जाउ णाहवइ ।।१८८।।

અન્વયાર્થ :-

सड्ढाण य निबंधेण=અને શ્રાવકોના આગ્રહથી, दोण्ह वि=બંને પણ, સમુદાયના સાધુઓ, तत्थ ट्ठिआण=ત્યાં રહેલા હોતે છતે, सच्चित्तं वा उवही=સચિત્ત અથવા ઉપધિ, इच्छाए=ઈચ્છાથી, जाउ=ક્યારે પણ, अखित्तिए णाहवइ=અક્ષેત્રિકની થતી નથી. ॥૧૮૮॥

ગાથાર્થ :-

**અને શ્રાવકોના આગ્રહથી બંને પણ સમુદાયના સાધુઓ ત્યાં રહેલા હોતે છતે સચિત્ત અથવા ઉપધિ ઈચ્છાથી અક્ષેત્રિકની ક્યારે પણ થતી નથી. ॥૧૮૮॥**

ટીકા :-

'सड्ढाण'त्ति । अथ धर्मकथालब्धिशालिनि परिणताः श्राद्धाः समागत्य क्षेत्रिकं भणन्ति—भगवन्तः ! यूयं द्वयेऽपि तिष्ठन्तु, द्वयोरपि वयं वर्त्तिष्यामहे, एवं श्राद्धानां 'निर्बन्धेन' आग्रहेण द्वयोरपि तत्र स्थितयोः सतोः सचित्तमुपधिर्वाऽक्षेत्रिके 'जातु' कदाचित् 'इच्छया' स्वेच्छामात्रेण नाऽऽभवति किन्तु क्षेत्रिके एव । असंस्तरणे पुनरनिर्गच्छति स्वेच्छागते कुलगणसङ्घव्यवहारो भवतीति द्रष्टव्यम् ।।१८८।।

ટીકાર્થ :-

अथ धर्मकथालब्धि ..... भवतीति द्रष्टव्यम् ।। હવે ધર્મકથાલબ્ધિસંપન્ન એવા સાધુમાં, પરિણત શ્રાવકો આવીને ક્ષેત્રિકને કહે છે=જે સાધુ ચાતુર્માસ માટે આવનારા હતા તે સાધુને કહે છે. હે ભગવંત ! તમે બંને પણ રહો. અમે બંનેને પણ વર્તન કરીશું=ચાતુર્માસ દરમિયાન તમારું સંયમ સુસ્થિત રહે એ પ્રમાણે ઉચિત કરશું, આ રીતે શ્રાવકોના આગ્રહથી બંને પણ ત્યાં રહેલા છતા સચિત્ત અથવા ઉપધિ અક્ષેત્રિકમાં ક્યારે પણ ઈચ્છાથી=સ્વઈચ્છામાત્રથી, થતી નથી પરંતુ ક્ષેત્રિકમાં જ થાય છે. વળી અસંસ્તરણમાં ફરી સ્વઈચ્છાથી આવેલા નહિ વિહાર કર્યે છતે=ધર્મકથી સાધુ સ્વઈચ્છાથી આવેલા વિહાર નહિ કર્યે છતે, કુલ ગણ સંઘનો વ્યવહાર થાય છે એ પ્રમાણે જાણવું. ॥૧૮૮॥

**ભાવાર્થ :-**

કોઈ સાધુએ યતનાપૂર્વક વિહાર કરીને ચાતુર્માસ અર્થે ક્ષેત્રની ગવેષણા કરેલી હોય, શાસ્ત્રવિધિ અનુસાર આ ક્ષેત્ર અમને રુચ્યું છે એમ સારૂપાદિકને કીધેલું હોય તે ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુઓ યતનાપૂર્વક આવેલા હોય સંયમના કંઈક અર્થી હોય છતાં પ્રમાદી સ્વભાવને કારણે તે ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુ આવનાર છે કે નહિ ? તેની પૃચ્છા ન કરી હોય અથવા ગોપાલાદિને પૂછીને ચાતુર્માસાર્થે આવેલા હોય તે ત્રણે વર્ગના સાધુઓ તે ક્ષેત્રના સ્વામીની ઉપસંપદા સ્વીકારીને રહે છે અને ત્યાં અધિક સાધુઓના વર્ગોનું સંસ્તરણ ન થઈ શકે ત્યારે ત્યાં અન્ય કોઈ સાધુઓ ચાતુર્માસાર્થે રહેતા નથી તેથી અર્થથી ફલિત થાય કે જો તે ક્ષેત્ર વિશાલ હોય અને અધિક સાધુ સંયમનો નિર્વાહ કરી શકે તેવું હોય તો અન્ય પણ સમુદાયના સાધુઓ તે ક્ષેત્રમાં નિર્દોષ વસતિની પ્રાપ્તિ હોય તો ચાતુર્માસ કરે.

વળી, જે સાધુ યતનાપૂર્વક ચાતુર્માસ ક્ષેત્રની ગવેષણા કરનારા છે અને ચાતુર્માસ પૂર્વે જ તેઓને બોધ થાય કે પ્રત્યાસન્ન સ્થાનોમાં ઘણા ગચ્છો છે અને વર્ષાપ્રાયોગ્ય ક્ષેત્રો ઘણાં નથી તેથી વસતિ, આહાર, પાણી સર્વ તે તે ક્ષેત્રમાં દુર્લભ છે અને વર્ષાકાળ નજીક છે તેથી અન્ય કોઈ ગચ્છના સાધુઓ અજાણતા આ ક્ષેત્રમાં આવે નહિ. જેથી સંયમની આરાધના બંનેને દુષ્કર બને તેના નિવારણ અર્થે કોઈક મહોત્સવના પ્રસંગમાં અન્ય અન્ય ગચ્છના સાધુઓ ભેગા થયા હોય ત્યારે સર્વ સાધુઓ સમક્ષ ઘોષણા કરે કે અમુક અમુક ક્ષેત્ર ચાતુર્માસ અર્થે અમને રુચે છે માટે અમે ચાતુર્માસ માટે જઈએ છીએ. આ રીતે ઘોષણા કરવાથી અન્ય સાધુઓને સંયમની આરાધનામાં સહાય કરવાનો અધ્યવસાય થાય છે અને જો ઘોષણા ન કરવામાં આવે તો અન્ય સાધુઓ તે સ્થાનમાં આવીને તે ક્ષેત્ર અન્યને અપાયેલું છે તેમ જાણીને અન્યત્ર વિહાર કરે ત્યારે તેઓને સુખપૂર્વકની સંયમની આરાધનામાં કંઈક વિઘ્નો થાય છે અને આ પ્રકારે ઘોષણા કરાયેલી હોવાથી અન્ય ગચ્છના સાધુઓ પણ ઉચિત ક્ષેત્રની ગવેષણા માટે અન્ય ક્ષેત્રમાં જાય છે જેથી અક્લેશપૂર્વક તેઓ સંયમની આરાધના કરી શકે.

આનાથી એ ફલિત થાય કે સુસાધુ હંમેશાં જેમ પોતાના જીવનમાં અક્લેશપૂર્વક જિનવચનાનુસાર સમિતિગુપ્તિનું પાલન કરીને સંયમના સ્થાનોની વૃદ્ધિ કરે છે તેમ ચાતુર્માસાદિના પ્રસંગે પણ અન્ય સાધુઓને ક્લેશ થવાની સંભાવના દેખાય અને તેનો પરિહાર આ રીતે ઘોષણા કરવાથી થઈ શકે તેમ છે તેમ જણાય છતાં વિચાર્યા વિના પ્રવૃત્તિ કરનારા સાધુઓ જો તેની ઉપેક્ષા કરે તો જેમ સંયમજીવનની યથાતથા પ્રવૃત્તિ પોતાના સંયમ મલિન કરે છે તેમ અન્યના ક્લેશના પરિહાર માટે ઉચિત યત્ન ન કરવામાં આવે તો તેટલા અંશથી તેમના સંયમનો પરિણામ મલિન થાય છે આથી જ અનાપૃચ્છી માયાપૃચ્છી સાધુ અન્ય રીતે સંયમની ઉચિત ક્રિયા કરનારા છે. આથી ગાથા-૧૮૪માં બતાવ્યું કે "સાંભળીને આવેલા સાધુઓને" સર્વજ્ઞની આજ્ઞાથી પ્રતિકૂળ કરનારા કહ્યા પરંતુ અનાપૃચ્છી આદિ બે સાધુઓને સર્વજ્ઞની આજ્ઞાથી પ્રતિકૂળ કરનારા કહ્યા નહિ.

પૂર્વમાં કહ્યું તે રીતે ઘોષણાને સાંભળીને તે રમણીય ક્ષેત્રને જાણીને શાસ્ત્રમર્યાદા જેમણે છોડી છે તેવા

કોઈ ધર્મકથી સાધુ કષાયને વશ ત્યાં આવે છે છતાં તે ધર્મકથી સાધુ શ્રાવકોનું ઉપદેશ દ્વારા જે આવર્જન કરે છે તે ધર્મકથા માત્ર વક્તૃત્વના બળથી કરતા નથી પરંતુ જિનવચનાનુસાર ભાવસાધુનું પારમાર્થિક સ્વરૂપ યથાર્થ કહેનારા છે તેથી ધર્મકથી કહેવાય છે. છતાં કોઈ કષાયવશ થઈને ઘોષણા સાંભળવા છતાં તે ક્ષેત્રમાં આવે છે. વળી, સુશ્રાવકો સંયમને અનુકૂળ બળસંચય કરી શકે તેવા સૂક્ષ્મભાવોને કહેનારા છે તે અંશથી તે માર્ગને કહેનારા હોવાથી આરાધક પણ છે. છતાં તે ધર્મકથી સાધુ સ્પષ્ટ જાણે છે કે તે ક્ષેત્ર અન્ય સાધુઓને રુચ્યું છે તેથી તેઓ ત્યાં જવાના છે માટે ભગવાનના વચનાનુસાર તે ક્ષેત્રમાં પોતાને જવાય નહિ તોપણ ઈષદ્ કષાયને વશ થઈને ત્યાં આવેલા છે. તેથી શ્રાવકો જો કહે કે તમે બંને આ સ્થાનમાં રહો, અમે તમારા સંયમમાં બાધ નહિ થાય તે રીતે સર્વ ઉચિત વર્તન કરશું ત્યારે તે સ્થાનમાં જેમ અનાપૃચ્છી અને માયાપૃચ્છી વસે છે ત્યારે તેઓને સચિત્ત ઉપધિનો અધિકાર નથી. તેમ ધર્મકથી એવા પ્રસ્તુત સાધુને પણ સચિત્ત ઉપધિનો અધિકાર નથી; કેમ કે કાંઈક અંશથી તેઓનું સંયમ મલિન છે.

વળી, તે સ્થાનમાં સંસ્તરણ થઈ શકે તેમ ન હોય તો તે ધર્મકથી સાધુએ વિહાર કરવો જોઈએ અને વિહાર કરવા તૈયાર ન થાય તો સંઘ ભેગો થઈને ઉચિત વ્યવહાર કરે જેથી આ ક્ષેત્ર કોનું આભાવ્ય છે ? તેનો નિર્ણય કરીને શાસ્ત્રાનુસારી જેનું આભાવ્ય થાય તેઓ ચાતુર્માસ કરે. આ રીતે આ પ્રકારનો વ્યવહાર કરનારા સુસાધુને અમે તે ક્ષેત્રના અધિકારી છીએ એ રૂપ અહંકાર નથી પરંતુ શાસ્ત્રવિધિ અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરીને સંયમની આરાધના થાય તે રીતે વર્તવું જોઈએ એ પ્રકારની ભગવાનની આજ્ઞાનું અનુસરણ છે તેથી સામાયિકની શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. **॥૧૮૬થી ૧૮૮॥**

**ગાથા :-**

**इत्थ सकोसमकोसे, खित्तं सावग्गहं वितिण्णम्मि ।**
**कालम्मि असंथरणे, एसा साहारणे मेरा ।।१८९।।**

**અન્વયાર્થ :-**

**इत्थ=અહીં=ક્ષેત્રમાર્ગણામાં, सकोसमकोसे=સક્રોશ કે અક્રોશ ક્ષેત્ર હોતે છતે, वितिण्णम्मि=વિતીર્ણકાલમાં, सावग्गहं खित्तं=સાવગ્રહ ક્ષેત્ર થાય છે=માસકલ્પ માટે અનુજ્ઞાત કે ચાતુર્માસ માટે અનુજ્ઞાત કાલમાં સાધુ માટે સચિત્ત અચિત્તાદિના ગ્રહણનું સ્થાન થાય છે. असंथरणे कालम्मि=અસંસ્તરણ કાળમાં=માસકલ્પ થયા પછી વિહાર નહિ કરવાના કારણે સ્થિર રહેનારા સાધુ હોતે છતે, साहारणे=સાધારણ ક્ષેત્રમાં, एसा मेरा=આ મર્યાદા છે=આગળ બતાવે છે એ મર્યાદા છે. ।।૧૮૯।।**

**ગાથાર્થ :-**

**અહીં=ક્ષેત્રમાર્ગણામાં, સક્રોશ કે અક્રોશ ક્ષેત્ર હોતે છતે વિતીર્ણકાલમાં સાવગ્રહ ક્ષેત્ર થાય છે=માસકલ્પ માટે અનુજ્ઞાત કે ચાતુર્માસ માટે અનુજ્ઞાત કાલમાં સાધુ માટે સચિત્ત અચિત્તાદિના ગ્રહણનું સ્થાન થાય છે અસંસ્તરણ કાલમાં=માસકલ્પ થયા પછી વિહાર નહિ કરવાના કારણે**

**સ્થિર રહેનારા સાધુ હોતે છતે, સાધારણ ક્ષેત્રમાં આ મર્યાદા છે=આગળમાં બતાવે છે એ મર્યાદા છે. ।।૧૮૯।।**

**ટીકા :-**

**'इत्थ'त्ति । 'अत्र' क्षेत्रमार्गणायां यत् 'क्षेत्रं' मासप्रायोग्यं वर्षाप्रायोग्यं वा तत् सक्रोशमक्रोशं च तत्र च यत्सक्रोशं तत्पूर्वादिषु प्रत्येकं सगव्यूतमूर्द्ध्वमधश्चार्द्धक्रोशमर्द्धयोजनेन च समन्ततो यस्य ग्रामाः सन्ति, अक्रोशं नाम यस्य मूलनिबन्धात्परतः षण्णां दिशामन्यतरस्यां द्वयोस्तिसृषु वा दिक्ष्वटवीजलश्वापदस्तेनपर्वतनदीव्याघातेन गमनं भिक्षाचर्या च न संभवति । तत्र सक्रोशेऽक्रोशे च क्षेत्रे ऋतुबद्धकाले मासकल्पो वितीर्णोऽनुज्ञात इत्यर्थः, कारणे पुनर्भूयानपि कालः । वर्षासु निष्कारणं चत्वारो मासा वितीर्णाः, कारणे तु प्रभूततरोऽपि । एवं वितीर्णे काले तत्क्षेत्रं सावग्रहं सचित्ताचित्तमिश्रावग्रहग्रहणस्थानं भवति, वितीर्णे काले तत्र सचित्तादिकमाभवतीत्यर्थः । असंस्तरणेऽनिर्गच्छतां साधूनां साधारणे च क्षेत्रे 'एषा' वक्ष्यमाणा मर्यादा ।।१८९।।**

**ટીકાર્થ :-**

'अत्र' ..... मर्यादा ।। **અહીં=ક્ષેત્રમાર્ગણામાં, જે ક્ષેત્ર માસપ્રાયોગ્ય છે અથવા વર્ષાપ્રાયોગ્ય=ચાતુર્માસ કરવા યોગ્ય છે, તે ક્ષેત્ર સક્રોશ=ક્રોશ સહિત છે અને અક્રોશ છે. ત્યાં જે સક્રોશ છે=તેની પૂર્વાદિ પ્રત્યેક દિશાઓને આશ્રયીને ગાઉ સહિત ઊર્ધ્વ-અધ અર્ધક્રોશ કે અર્ધયોજનથી ચારે બાજુ જેને ગામો છે તે સક્રોશ છે. અક્રોશ એટલે જેને મૂળનિબંધથી આગળ છ દિશામાંથી અન્યતર દિશામાં અથવા બે દિશામાં અથવા ત્રણ દિશામાં અટવી, જલ, શ્વાપદ=જંગલી પશુઓ, ચોરો, પર્વત, નદીના વ્યાઘાતના કારણે ગમન અને ભિક્ષાચર્યા સંભવતી નથી અને ત્યાં=સક્રોશ અક્રોશવાળા ક્ષેત્રમાં, ઋતુબદ્ધકાળમાં માસકલ્પ વિતીર્ણ=અનુજ્ઞાત છે. કારણમાં વળી અધિક કાળ પણ અનુજ્ઞાત છે. વર્ષામાં નિષ્કારણ ચારમાસ અનુજ્ઞાત છે. કારણે વળી પ્રભૂતતર પણ અનુજ્ઞાત છે. આ પ્રમાણે વિતીર્ણ કાળમાં તે ક્ષેત્ર સાવગ્રહ થાય છે=સચિત્ત અચિત્ત મિશ્રના અવગ્રહના ગ્રહણનું સ્થાન થાય છે=વિતીર્ણ કાળમાં=અનુજ્ઞાત કાળમાં સચિત્તાદિ આભવત્ થાય છે. અસંસ્તરણમાં નહિ નીકળતા સાધુઓનું સાધારણ ક્ષેત્રમાં વક્ષ્યમાણ આ મર્યાદા છે. ।।૧૮૯।।**

**ભાવાર્થ :-**

સાધુને સંયમ માટે કયા ક્ષેત્રમાં માસકલ્પ કરવો જોઈએ અને વર્ષાકલ્પ કરવો જોઈએ તેની વિચારણામાં સુસાધુ એક માસકલ્પ પૂરો થાય ત્યારે અન્ય માસકલ્પયોગ્ય ક્ષેત્રની ગવેષણા કરે છે અને ઉચિત કાળે વર્ષાકલ્પયોગ્ય ક્ષેત્રની ગવેષણા કરે છે અને તેવું ક્ષેત્ર સક્રોશ અને અક્રોશ એવા બે સ્વરૂપવાળું હોય છે. સક્રોશ અને અક્રોશ શબ્દો પારિભાષિક છે તેથી તેનું સ્વરૂપ બતાવે છે. જે ક્ષેત્રની પૂર્વાદિ પ્રત્યેક દિશાઓમાં સવાગાઉ સુધી ચારે બાજુ ગામો છે, ઉપરમાં અને નીચેમાં ચારે બાજુ અર્ધ ક્રોશમાં ગામો છે, તે ક્ષેત્રને

સક્રોશ ક્ષેત્ર કહેવાય છે અને અક્રોશ ક્ષેત્ર જેના મૂલબંધથી=મૂળ નગરથી=જે નગરમાં સાધુ માસકલ્પ કરવા વિચાર કરે છે તે નગરથી છમાંથી અન્યતર દિશામાં અથવા બે કે ત્રણ દિશામાં જંગલ હોય, પાણી હોય, પશુ આદિનો ભય હોય, ચોર આદિનો ભય હોય કે નદી વગેરેનો વ્યાઘાત હોય જેથી તે દિશામાં સાધુ ગમન કરી શકે નહિ કે ભિક્ષાચર્યા માટે ફરી શકે નહિ પરંતુ અન્ય દિશામાં ગમનાદિ થઈ શકે તેવું હોય તે અક્રોશ ક્ષેત્ર કહેવાય અને તે ક્ષેત્રમાં ચાતુર્માસ સિવાય કોઈ સાધુ માસકલ્પ કરીને રહેલા હોય તો તે માસ સુધી તે ક્ષેત્રમાંથી સચિત્ત અચિત્તાદિ સર્વ સંયમને યોગ્ય વસ્તુ ગ્રહણ કરી શકે છે તેથી તે ક્ષેત્રમાં ઉપલબ્ધ નિર્દોષ સંયમ પ્રાયોગ્ય વસ્તુઓ તેમની આભવત્ થાય છે.

વળી, વર્ષાકાળમાં ચાર મહિના સુધી ત્યાં નિવાસ કરવાની ભગવાનની અનુજ્ઞા છે અને તે કાળ દરમિયાન સચિત્તાદિ સર્વ વસ્તુઓ ગ્રહણ યોગ્ય થાય છે તેથી ત્યાં પ્રાપ્ત થતી વસ્તુઓ સંયમને ઉપકારક હોય તો સાધુને ગ્રહણ કરવું કલ્પે છે અને અપવાદ કારણ હોય તો ચાતુર્માસથી અધિક પણ તે ક્ષેત્રમાં નિવાસ કરે છે ત્યારે તે ક્ષેત્રમાં પ્રાપ્ત થતી વસ્તુઓ તેમને પ્રાપ્ત કરવી કલ્પે છે. આ રીતે ક્ષેત્રને આશ્રયીને આભવત્‌ની મર્યાદા છે.

વળી, ગાથા-૧૮૦માં કહ્યું એ પ્રમાણે કોઈક સાધુના વર્ગો એક સાથે એ ક્ષેત્રમાં આવેલા હોય અને સાથે જ સારૂપિકાદિને નિવેદન કરે તો તે ક્ષેત્ર બંનેનું સાધારણ બને છે અથવા ગાથા-૧૮૫માં કહ્યું એ પ્રમાણે કોઈક બે સાધુઓના વર્ગોનું સાધારણ ક્ષેત્ર બને અને ત્યાં માસકલ્પ અર્થે કે ચાતુર્માસ અર્થે નિર્વાહ ન થતો હોય ત્યારે ગાથા-૧૮૦માં કહ્યું એ પ્રમાણે કોણે તે ક્ષેત્રમાં રહેવું જોઈએ અને કોણે વિહાર કરવો જોઈએ તેની યતના બતાવી છતાં જેઓ તે ક્ષેત્રને છોડીને અન્યત્ર જઈ શકે નહિ અને ત્યાં સંસ્તરણ ન થતું હોય ત્યારે તે સાધારણ ક્ષેત્રમાં તે વર્ગના સાધુઓની શું મર્યાદા છે ? તે સ્પષ્ટ કરવા અર્થે આગળની ગાથામાં કહે છે. **॥૧૮૯॥**

**ગાથા :-**

**अत्थि हु वसहग्गामा, कुदेसनगरोवमा सुहविहारा ।**
**बहुगच्छुवग्गहकरा, सीमाछेएण वसियव्वं ।।१९०।।**

**અન્વયાર્થ :-**

**वसहग्गामा=વૃષભગ્રામો, अत्थि हु=છે, कुदेसनगरोवमा=કુદેશ નગરની ઉપમાવાળાં, सुहविहारा=સુખે વિહારવાળાં, बहुगच्छुवग्गहकरा=બહુગચ્છને ઉપકાર કરનારાં છે ત્યાં, सीमाछेएण=સીમાચ્છેદથી, वसियव्वं=વસવું જોઈએ. ।।૧૯૦।।**

**ગાથાર્થ :-**

**વૃષભગ્રામો છે કુદેશ નગરની ઉપમાવાળાં, સુખે વિહારવાળાં, બહુગચ્છને ઉપકાર કરનારાં છે. ત્યાં સીમાચ્છેદથી વસવું જોઈએ. ।।૧૯૦।।**

**ટીકા :-**

**'अत्थि हु'त्ति । विवक्षितस्य स्थानस्य समन्ततः सन्ति वृषभग्रामाः, किंविशिष्टाः ? इत्याह— 'कुदेशनगरोपमाः' अल्पदेशनगरसदृशाः, तथा 'सुखविहाराः' यत्र साधूनां विहारः सुखेन भवति, तथा बहुगच्छोपग्रहकारिणस्तेषु सीमाच्छेदेन वस्तव्यम् ।।१९०।।**

**ટીકાર્થ :-**

**विवक्षितस्य ..... वस्तव्यम् ।। વિવક્ષિત સ્થાનની ચારે બાજુ=જે સ્થાનમાં સાધુ માસકલ્પ કે ચાતુર્માસ કરવા માટે આવ્યા છે તે સ્થાનની ચારે બાજુ, વૃષભગ્રામો છે. કેવાં વિશિષ્ટ છે ? એથી કહે છે – કુદેશ નગરની ઉપમાવાળાં છે=અલ્પદેશ=નાના દેશ કે નાના નગર સદૃશ અને સુખ વિહારવાળા છે=જ્યાં સાધુઓનો વિહાર સુખેથી થાય છે અને બહુગચ્છના ઉપગ્રહને કરનારાં છે એવાં ગ્રામોમાં સીમાના છેદથી વસવું જોઈએ=વિવક્ષિત સ્થાનમાં માસકલ્પ માટે આવેલા બે વર્ગો હોય અને તેમાં સંસ્તરણ ન થતું હોય અને બેનું સાધારણ ક્ષેત્ર થતું હોય ત્યારે તે બે વર્ગના સાધુઓ વિવક્ષિત સ્થાનથી નજીકમાં રહેલા વૃષભગ્રામોમાં સીમા કરીને રહે=વસે. ।।૧૯૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહ્યું કે કોઈક બે વર્ગના સાધુઓ માસકલ્પ અર્થે કે ચાતુર્માસ અર્થે કોઈક સ્થાનમાં આવેલા હોય અને તે ક્ષેત્ર તેમનું સાધારણ થતું હોય તો તે બંને વર્ગના સાધુઓ માસકલ્પ કે ચાતુર્માસ કરે અને તે ક્ષેત્રમાં બંને વર્ગનો સંયમ નિર્વાહ થાય તેમ ન હોય અર્થાત્ બંને વર્ગના સાધુઓ ત્યાં ચાતુર્માસ આદિ કરે તો નિર્દોષ ભિક્ષા આદિ દુર્લભ બને તેથી તે સ્થાનમાં યતનાપૂર્વક કેટલાક સાધુઓ અન્યત્ર વિહાર કરી જાય અને કોઈ કારણથી વિહાર કરી શકે તેમ ન હોય ત્યારે તે સાધુએ તે સ્થાનથી નજીકમાં જે વૃષભગ્રામો છે ત્યાં સીમાનો વિભાગ કરીને વસવું જોઈએ અર્થાત્ આ ગામની આ સીમા સુધી અમે ગોચરી આદિ અર્થે યત્ન કરશું જેથી વિવક્ષિત સ્થાનમાં વસનારા અન્ય સાધુઓ તે વૃષભગ્રામની મર્યાદા છોડીને અન્ય દિશામાંથી આહારાદિ ગ્રહણ કરે જેથી નિર્દોષ ભિક્ષાની પ્રાપ્તિમાં સાધુઓને પરસ્પર અંતરાયની પ્રાપ્તિ થાય નહિ અને ઉચિત યતનાથી તે સાધુઓ પરસ્પરના સંયમની ચિંતા કરીને ક્ષેત્રની મર્યાદા કરીને વસે તો સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે; કેમ કે કોઈ અન્ય સાધુને શુદ્ધ સંયમ પાળવામાં પોતે અંતરાયભૂત ન થાય તેની ઉચિત યતના શાસ્ત્રવિધિ અનુસાર કરવાથી જ સંયમની શુદ્ધિ પ્રાપ્ત થાય છે.

અહીં વૃષભગ્રામોનું સ્વરૂપ બતાવતાં કહે છે. જેઓ નાના દેશ નગર જેવાં હોય, જ્યાં સાધુઓ સુખેથી વિહાર કરી શકે તેવાં હોય, મોટા ગચ્છને ઉપકાર કરી શકે તેવાં હોય અર્થાત્ ગોચરી પાણી આદિ જે ગામમાં સુલભ હોય તે વૃષભગ્રામો કહેવાય. **II૧૯૦II**

**અવતરણિકા :-**

तत्र वृषभक्षेत्रं द्विविधम्-ऋतुबद्धे वर्षाकाले च । एकैकं त्रिविधम्-जघन्यं मध्यममुत्कृष्टं च । तत्रर्तुबद्धे जघन्यमाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=ક્ષેત્રમાર્ગણામાં, વૃષભક્ષેત્ર બે પ્રકારનું છે. ઋતુબદ્ધકાળમાં અને વર્ષાકાળમાં એકેક=ઋતુબદ્ધકાળનું અને વર્ષાકાળનું એકેક, ત્રણ પ્રકારનું છે. જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. ત્યાં=ઋતુબદ્ધકાળમાં=માસકલ્પ અર્થે ગ્રહણ કરાતા કાળમાં, જઘન્ય ક્ષેત્રને કહે છે –

**ગાથા :-**

जत्थ खलु तिण्णि गच्छा, पण्णरसुभया जणा परिवसंति ।
एयं वसभक्खेत्तं, तव्विवरीअं भवे इयरं ।।१९१।।

**અન્વયાર્થ :-**

जत्थ खलु=જ્યાં ખરેખર, तिण्णि गच्छा=ત્રણ ગચ્છવાળા, पण्णरसुभया जणा=પંદર ઉભયજનો=આચાર્ય અને ગણાવચ્છેદક સહિત પંદર ઉભયજનો, परिवसंति=વસે છે. एयं वसभक्खेत्तं भवे=એ વૃષભક્ષેત્ર કહેવાય. तव्विवरीअं इयरं=તેનાથી વિપરીત ઈતર છે=વૃષભક્ષેત્ર નથી. ।।૧૯૧।।

**ગાથાર્થ :-**

**જ્યાં ખરેખર ત્રણ ગચ્છવાળા પંદર ઉભયજનો=આચાર્ય અને ગણાવચ્છેદક સહિત પંદર ઉભયજનો, વસે છે એ વૃષભક્ષેત્ર કહેવાય અને તેનાથી વિપરીત ઈતર છે=વૃષભક્ષેત્ર નથી. ।।૧૯૧।।**

**ટીકા :-**

'जत्थ खलु'त्ति । यत्र खलु 'उभये जनाः' आचार्यो गणावच्छेदकश्च । तत्राचार्य आत्मद्वितीयो गणावच्छेदकश्चात्मतृतीय इति सर्वसङ्ख्यया पञ्चदश जनास्त्रयो गच्छाः परिवसन्ति, एतद्वृषभक्षेत्रमृतुबद्धे जघन्यम् । तद्विपरीतं यत्र तादृशाः पञ्चदश जना न संस्तरन्ति तद्भवति 'इतरत्' न वृषभक्षेत्रमित्यर्थः ।।१९१।।

**ટીકાર્થ :-**

यत्र खलु ..... वृषभक्षेत्रमित्यर्थः ।। જ્યાં=જે ક્ષેત્રમાં, ઉભયજનો=આચાર્ય અને ગણાવચ્છેદકરૂપ ઉભયજનો, પરિવસે છે એમ અન્વય છે. ત્યાં=ઉભયજનમાં, આચાર્ય પોતે દ્વિતીય=એક સાધુ સહિત આચાર્ય અને ગણાવચ્છેદક પોતે તૃતીય=બે સાધુ સહિત એક ગણાવચ્છેદક એમ પાંચ સાધુઓ એક ગચ્છમાં વસે, આ રીતે સર્વ સંખ્યાથી ૧૫ જનવાળા ત્રણ ગચ્છો વસે છે. આ વૃષભક્ષેત્ર ઋતુબદ્ધકાળમાં

જઘન્ય છે અને તેનાથી વિપરીત જ્યાં તેવા પંદર સાધુઓ સંસ્તરણ પામતા નથી તે ઈતર થાય છે=વૃષભક્ષેત્ર થતું નથી. ॥૧૯૧॥

ગાથા :-

बत्तीसं च सहस्सा, चिट्ठंति सुहं जहिं तमुक्किट्ठं ।
उउबद्धम्मि जहण्णे, तिण्णि य वासासु सत्त गणा ।।१९२।।

અન્વયાર્થ :-

जहिं=જ્યાં, बत्तीसं च सहस्सा=બત્રીશ હજાર સાધુઓ, उउबद्धम्मि=ઋતુબદ્ધકાળમાં, सुहं चिट्ठंति=સુખેથી રહે છે. तमुक्किट्ठं=તે ઉત્કૃષ્ટ ક્ષેત્ર છે. वासासु=વર્ષાઋતુમાં, सत्त य गणा तिण्णि=સાતના ત્રણ ગણો જ્યાં સુખેથી રહે તે, जहण्णे=જઘન્ય ક્ષેત્ર છે. ॥૧૯૨॥

ગાથાર્થ :-

જ્યાં=જે સ્થાનમાં, બત્રીશ હજાર સાધુઓ ઋતુબદ્ધકાળમાં સુખેથી રહે છે તે ઉત્કૃષ્ટ ક્ષેત્ર છે. વર્ષાઋતુમાં સાતના ત્રણ ગણો જ્યાં સુખેથી રહે તે જઘન્ય ક્ષેત્ર છે. ॥૧૯૨॥

ટીકા :-

'बत्तीसं च'त्ति । द्वात्रिंशच्च सहस्राणि यत्र सुखेन तिष्ठन्ति, यथा वृषभस्वामिकाले ऋषभसेनगणधरस्य तत्क्षेत्रमृतुबद्धे काले उत्कृष्टम् । मध्यमं तु जघन्योत्कृष्टयोर्मध्य इति द्रष्टव्यम् । तथा वर्षासु जघन्ये वृषभक्षेत्रे त्रयः सप्तगणास्तिष्ठन्ति, इदमुक्तं भवति-यत्राचार्य आत्मतृतीयो गणावच्छेदी त्वात्मचतुर्थः सर्वसङ्ख्यया सप्त, एवंप्रमाणास्त्रयो गच्छा एकविंशतिजना यत्र संस्तरन्ति एतज्जघन्यं वर्षाकालप्रायोग्यं वृषभक्षेत्रम् । उत्कृष्टं मध्यमं च यथा ऋतुबद्धकाले तथैव द्रष्टव्यमिति ।।१९२।।

ટીકાર્થ :-

द्वात्रिंशच्च ..... द्रष्टव्यमिति ।। બત્રીશ હજાર સાધુઓ ઋતુબદ્ધકાળમાં જ્યાં સુખેથી રહે છે તે ક્ષેત્ર ઉત્કૃષ્ટ છે. જે પ્રમાણે ઋષભદેવસ્વામીના કાળમાં ઋષભસેન ગણધરનું તે ક્ષેત્ર ઉત્કૃષ્ટ વૃષભક્ષેત્ર હતું. વળી જઘન્યના અને ઉત્કૃષ્ટના મધ્યમાં મધ્યમ છે એ પ્રમાણે જાણવું અને વર્ષાઋતુમાં જઘન્ય વૃષભક્ષેત્રમાં ત્રણ ગચ્છો સાત ગણવાળા રહે છે=એકવીસ સાધુઓ રહે છે. આ કહેવાયેલું થાય છે. જ્યાં=જે વૃષભક્ષેત્રમાં, પોતે ત્રીજા છે એવા આચાર્ય છે=૨ સાધુ અને ૧ આચાર્ય છે. વળી ગણાવચ્છેદક આત્મચતુર્થ છે=ત્રણ સાધુ અને એક ગણાવચ્છેદક છે. સર્વ સંખ્યાથી સાત થાય છે=આચાર્ય, ગણાવચ્છેદક અને સહવર્તી સાધુની સંખ્યાથી સાત થાય છે. આ પ્રમાણે ત્રણ

**ગચ્છો=એકવીશ સાધુઓ જ્યાં સંસ્તરણ પામે એ જઘન્ય વર્ષાકાલ પ્રાયોગ્ય વૃષભક્ષેત્ર છે અને ઉત્કૃષ્ટ મધ્યમ જે પ્રમાણે ઋતુબદ્ધકાલમાં છે તે પ્રમાણે જ જાણવું=ગાથાના પૂર્વાર્ધમાં ચાતુર્માસ સિવાયના કાળમાં જે પ્રમાણે ઋષભસેન ગણધરનું તે ક્ષેત્ર ઉત્કૃષ્ટ હતું અને તે સિવાયનું જઘન્યને છોડીને મધ્યમ હતું તે પ્રમાણે જ વર્ષાકાલમાં પણ તે ક્ષેત્ર ઉત્કૃષ્ટ મધ્યમ જાણવું. ॥૧૯૨॥**

**ભાવાર્થ :-**

ગાથા-૧૮૯માં વૃષભગામો કેવાં હોય છે તે બતાવ્યું અને તે વૃષભગામ જ વૃષભક્ષેત્ર છે અને સાધુને માટે ઋતુબદ્ધકાળમાં=ચોમાસા સિવાયના ૮ મહિનામાં માસકલ્પ કરવા અર્થે જઘન્ય વૃષભક્ષેત્ર, મધ્યમ વૃષભક્ષેત્ર અને ઉત્કૃષ્ટ વૃષભક્ષેત્ર કેવું છે અને વર્ષાકાળમાં ચાતુર્માસ અર્થે જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ક્ષેત્ર કેવું છે તે બતાવે છે. તેમાં સામાન્યથી માસકલ્પકાળમાં પાંચ સાધુઓ સાથે હોય છે અને તેવા પાંચ સાધુઓના ત્રણ ગચ્છો જ્યાં સુખપૂર્વક સંયમની આરાધના કરી શકે એવું જે ક્ષેત્ર હોય તે માસકલ્પ અર્થે જઘન્ય વૃષભક્ષેત્ર છે. વળી, તે સ્થાનમાં સામાન્યથી માસકલ્પ અર્થે કોઈ એક ગચ્છ રહે છે તોપણ પાંચ સાધુના સમુદાયવાળા ત્રણ ગચ્છોનો નિર્વાહ થાય એવું જો તે ક્ષેત્ર હોય તો માસકલ્પ અર્થે તે જઘન્ય ક્ષેત્ર કહેવાય છે.

વળી, ચાતુર્માસમાં જઘન્યથી ગીતાર્થ સાથે કુલ ૭ સાધુઓ અવશ્ય હોય છે અને તેવા સાત સાધુનો જે ગચ્છ થાય એવા ત્રણ ગચ્છ સુખેથી જ્યાં સંયમની આરાધના કરી શકે અને નિર્દોષ આહારાદિ પ્રાપ્ત થાય તેવું ક્ષેત્ર ચાતુર્માસ માટે જઘન્યથી વૃષભક્ષેત્ર છે. વળી, ઋષભદેવ ભગવાનના કાળમાં ઋષભસેન ગણધર જે ક્ષેત્રમાં ૩૨,૦૦૦ સાધુની સાથે સુખપૂર્વક વસેલા તેવું ક્ષેત્ર ઉત્કૃષ્ટથી વૃષભક્ષેત્ર છે અને તે ક્ષેત્ર માસકલ્પ માટે પણ ઉત્કૃષ્ટ વૃષભક્ષેત્ર છે અને ચાતુર્માસ માટે પણ ઉત્કૃષ્ટ વૃષભક્ષેત્ર છે અને માસકલ્પ માટે જે જઘન્ય છે અને ચાતુર્માસ માટે જે જઘન્ય છે તેને છોડીને અને ઉત્કૃષ્ટ જે વૃષભક્ષેત્ર છે તેનાથી ન્યૂન સાધુઓનો નિર્વાહ થાય તેવાં સર્વ ક્ષેત્રો મધ્યમ વૃષભક્ષેત્રો છે. **॥૧૯૧-૧૯૨॥**

**અવતરણિકા :-**

**ईदृशेषु बहुगच्छोपग्रहकरेषु वृषभग्रामेषु सत्सु यदि वा एतेष्वेव साधारणेषु क्षेत्रेषु न परस्परं भण्डनं कर्त्तव्यं सचित्तादिनिमित्तम्, किन्तु सीमाछेदेन वस्तव्यमिति । तमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**આવા ઘણા ગચ્છોના ઉપગ્રહને કરનારાં વૃષભગ્રામ હોતે છતે અથવા આવા જ સાધારણક્ષેત્રમાં=પૂર્વમાં બતાવ્યું એ પ્રમાણે બે આદિ વર્ગના સાધુઓ સાથે આવેલા હોય અને તેઓનું સાધારણ ક્ષેત્ર થતું હોય તેવાં સાધારણ ક્ષેત્રોમાં, સચિત્તાદિ નિમિત્તે પરસ્પર કલહ કરવો જોઈએ નહિ. પરંતુ સીમાચ્છેદથી વસવું જોઈએ=ગાથા-૧૯૦માં બતાવ્યું એ રીતે સીમાચ્છેદથી વસવું જોઈએ. તેને જ કહે છે –**

ગાથા :-

तुज्झंतो मम बाहिं, तुज्झ सचित्तं ममेतरं वा वि ।
आगंतुग वत्थव्वा, थीपुरिसकुलेसु य विरागा ।।१९३।।

અન્વયાર્થ :-

तुज्झंतो=તમારું અંદરનું, मम बाहिं=મારું બાહ્ય, तुज्झ वा सचित्तं=અથવા તમારું સચિત્ત, ममेतरं वि=મારું ઈતર, आगंतुग=આગંતુક તમારા, वत्थव्वा=વાસ્તવ્ય અમારા, य=અને, थीपुरिसकुलेसु=અથવા સ્ત્રી-પુરુષ કુલોમાં વિભાગ કરે. કઈ રીતે વિભાગ કરે ?, विरागा=રાગાદિ પર છતાં વિભાગ કરે. ।।૧૯૩।।

ગાથાર્થ :-

તમારું અંદરનું મારું બાહ્ય. અથવા તમારું સચિત્ત મારું ઈતર. આગંતુક તમારા વાસ્તવ્ય અમારા અથવા સ્ત્રી, પુરુષ, કુલોમાં વિભાગ કરે. કઈ રીતે વિભાગ કરે ? રાગાદિ પર છતાં વિભાગ કરે. ।।૧૯૩।।

ટીકા :-

'तुज्झंतो'त्ति । परस्परं वागन्तिको व्यवहार एवं कर्त्तव्यः-मूलग्रामस्य 'अन्तः' मध्ये यत्सचित्तादि तद्युष्माकम् । अस्माकं तु 'बहिः' प्रतिवृषभादिषु । यद्वा युष्माकं सचित्तम् । मम 'इतरम्' अचित्तम् । यदि वा युष्माकमागन्तुकाः । अस्माकं तु वास्तव्याः । अथवा युष्माकं स्त्रियः । अस्माकं पुरुषाः । यदि वा एतेषु कुलेषु यो लाभः स युष्माकम् । एतेषु तु कुलेष्वस्माकमिति । 'विरागाः' विगतरागाः सन्तः ।।१९३।।

ટીકાર્થ :-

परस्परं ..... सन्तः ।। પરસ્પર વાણીનો વ્યવહાર આ પ્રમાણે કરવો જોઈએ=બે ગચ્છના સાધુઓ કે અધિક ગચ્છના સાધુઓ કોઈક એક સ્થાનમાં માસકલ્પ આદિ માટે આવ્યા હોય અને પૂર્વમાં કહ્યું એ રીતે તેઓનું સાધારણ ક્ષેત્ર થતું હોય ત્યારે પરસ્પર વાણીનો વ્યવહાર આગળમાં બતાવે છે એ રીતે કરવો જોઈએ. મૂળ ગામના અંતમાં=મધ્યમાં, જે સચિત્તાદિ છે તે તમારા. વળી, બહાર પ્રતિ વૃષભગ્રામોમાં અમારા. અથવા તમારું સચિત્ત અને મારું ઈતર=અચિત્ત. અથવા તમારા આગંતુક=અન્ય ગામોથી દીક્ષા આદિ અર્થે આવેલા, તમારા. વળી, અમારા વાસ્તવ્ય=દીક્ષાદિ અર્થે તત્પર થયેલા વાસ્તવ્ય. અથવા તમારી સ્ત્રીઓ, અમારા પુરુષો. અથવા આ કુળોમાં જે લાભ થાય તે તમારો, આ કુળોમાં જે લાભ થશે તે અમારો. કઈ રીતે આ વ્યવહાર કરે એથી કહે છે. વીતરાગ છતાં=રાગાદિથી પર છતાં, આ પ્રમાણે પરસ્પર વાણીનો વ્યવહાર કરે એમ અન્વય છે. ।।૧૯૩।।

ગાથા :-

एवं सीमच्छेयं, करिंति साहारणम्मि खित्तम्मि ।
पुव्विं ठिएसु अण्णे, जे आगच्छंति पुण तत्थ ।।१९४।।

અન્વયાર્થ :-

साहारणम्मि खित्तम्मि=સાધારણ ક્ષેત્રમાં, पुव्विं ठिएसु=પૂર્વમાં રહેલા, अण्णे जे पुण=અને અન્ય જે વળી, तत्थ आगच्छंति=તે ક્ષેત્રમાં આવે છે તે બંને ગચ્છો, एवं सीमच्छेयं करिंति=આ રીતે પૂર્વ ગાથામાં બતાવ્યું એ રીતે સીમાચ્છેદને કરે છે. ।।૧૯૪।।

ગાથાર્થ :-

**સાધારણ ક્ષેત્રમાં પૂર્વમાં રહેલા અને અન્ય જે વળી તે ક્ષેત્રમાં આવે છે તે બંને ગચ્છો આ રીતે=પૂર્વ ગાથામાં કહ્યું એ રીતે સીમાચ્છેદને કરે છે. ।।૧૯૪।।**

ટીકા :-

'एवं'ति । एवं सीमाच्छेदं कुर्वन्ति साधारणे क्षेत्रे पूर्वं स्थितेषु ये पुनरन्ये तत्रागच्छन्ति ।।१९४।।

ટીકાર્થ :-

एवं सीमाच्छेदं ..... तत्रागच्छन्ति ।। આ પ્રમાણે=પૂર્વની ગાથામાં બતાવ્યું એ પ્રમાણે, સીમાચ્છેદને કરે છે. ક્યાં કરે છે ? એથી કહે છે – સાધારણ ક્ષેત્ર હોતે છતે પૂર્વમાં રહેલામાં અને જે વળી અન્ય ત્યાં આવે છે તેઓનું સાધારણ ક્ષેત્ર હોતે છતે આ પ્રમાણે સીમાચ્છેદ કરે છે. ।।૧૯૪।।

ગાથા :-

खेत्ते उवसंपन्ना, ते सव्वे णियमओ उ बोधव्वा ।
आभव्वं पुण तेसिं, अखित्तियाणं हवे इणमो ।।१९५।।

અન્વયાર્થ :-

ते सव्वे=તે સર્વે=સાધારણ ક્ષેત્રવાળા તે સર્વ સાધુઓ, णियमओ=નિયમથી, खेत्ते उवसंपन्ना=ક્ષેત્રમાં આવેલા, बोधव्वा=જાણવા. अखित्तियाणं तेसिं=અક્ષેત્રિક એવા તેઓનું, आभव्वं पुण=આભાવ્ય વળી, इणमो हवे=હવે અમે કહીશું. ।।૧૯૫।।

ગાથાર્થ :-

**તે સર્વે=સાધારણ ક્ષેત્રવાળા તે સર્વ સાધુઓ, નિયમથી ક્ષેત્રમાં આવેલા જાણવા. વળી, અક્ષેત્રિકો એવા તેઓનું આભાવ્ય વળી હવે અમે કહીશું. ।।૧૯૫।।**

**ટીકા :-**

**'खेत्ते'त्ति । ते सर्वे नियमतः क्षेत्रे उपसंपन्ना बोद्धव्याः, अन्यथा तेषां तस्य क्षेत्रस्यानाभवनात् । अयं विधिः साधारणक्षेत्रे भणितः । अक्षेत्रिकाणां त्वन्यक्षेत्रालाभे निःसाधारणक्षेत्रे वसतां 'इदं' वक्ष्यमाणमाभाव्यं खलु ज्ञातव्यम् ।।१९५।।**

**ટીકાર્થ :-**

**ते सर्वे ..... खलु ज्ञातव्यम् ।। તે સર્વ પણ=બંને સમુદાયના તે સર્વ પણ સાધુઓ, નિયમથી ક્ષેત્રમાં ઉપસંપન્ન જાણવા=તે ક્ષેત્રમાં આવીને વસેલા જાણવા. અન્યથા=જો તે ક્ષેત્રમાં આવીને વસેલા ન હોય તો, તેઓનું તે ક્ષેત્ર થતું નથી. આ વિધિ સાધારણ ક્ષેત્રમાં કહેવાઈ. વળી, અક્ષેત્રિકોને અન્ય ક્ષેત્રના અલાભમાં નિઃસાધારણ ક્ષેત્રમાં વસતા આ વક્ષ્યમાણ આભાવ્ય જાણવું. ।।૧૯૫।।**

**ભાવાર્થ :-**

કોઈ ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ વૃષભગામમાં માસકલ્પ અર્થે કે ચાતુર્માસ અર્થે આવેલા હોય અને તે બંને ગચ્છના સાધુઓનું તે ક્ષેત્ર સાધારણ થતું હોય તો તે બંને ગચ્છના સાધુઓ ત્યાં નિવાસ કરે અને પરસ્પર કલહ ન થાય તે રીતે સીમાચ્છેદ કરીને વસે. કઈ રીતે સીમાચ્છેદ કરીને વસે તે અનેક વિકલ્પોથી સ્પષ્ટ કરે છે.

ચિત્તમાં રાગ-દ્વેષ ન થાય તે રીતે વીતરાગતાની પરિણતિવાળા હોતે છતે પરસ્પર કહે કે મૂલ ગ્રામમાં જે સચિત્તાદિ પ્રાપ્ત થશે તે તમારું અને પ્રતિવૃષભ ગામોની બહારનું અમારું થશે અર્થાત્ મૂલ ગ્રામની સાથે પરસ્પર સંકળાયેલાં જે નાનાં નાનાં ગામો હોય તે ગામોમાંથી જે પ્રાપ્ત થશે તે અમારું. તેથી મૂલ ગ્રામમાં વસેલા તે બંને તે પ્રમાણે નક્કી કરીને તે ગ્રામમાં વસનારા કોઈ યોગ્ય જીવ સંયમ માટે તત્પર થાય તો તે સચિત્ત વસ્તુ કે નિર્દોષ વસ્ત્ર-પાત્ર વગેરે સંયમને ઉપષ્ટંભક જે અચિત્ત વસ્તુ પ્રાપ્ત થાય તે ગામની અંદરમાં જેમનું હોય તેઓ ગ્રહણ કરે, જે બહારનું સચિત્તાદિ જેમનું હોય તેઓ ગ્રહણ કરે. આ પ્રકારના મધ્યસ્થભાવથી વ્યવહાર ગાથા-૧૬૮માં બતાવેલ એવા ગુણવાળા સુસાધુઓ કરે છે અને માત્ર સંયમની હિતચિંતા કરે તેવા હોય માટે નિર્દોષ વસ્ત્રાદિ મળે તેને જ ગ્રહણ કરે અને યોગ્ય જીવ સંયમ લેવા તત્પર થયેલ છે તેમ જાણી તે યોગ્ય જીવને સંયમ આપે તેવા હોય તેઓ જ આ પ્રકારનો ઉચિત વ્યવહાર કરીને બે વર્ગના સાધુઓ વચ્ચે કલહ ન થાય તે રીતે સર્વ વિભાગ કરે છે.

વળી, આ રીતે સીમાચ્છેદ કોણ કરે છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે – જેઓ તે ક્ષેત્રમાં રહેલા હોય અને અન્ય જેઓ ત્યાં આવે છે અને જે ક્ષેત્ર બંનેનું સાધારણ છે તેઓ સાથે બેસીને પૂર્વમાં કહ્યું એ પ્રમાણે વસ્તુના ગ્રહણ રૂપ મર્યાદાની સીમાનો છેદ કરે છે. વળી, જેઓ તે ક્ષેત્રમાં આવેલા હોય અને જે અન્ય આ ક્ષેત્રમાં અમે માસકલ્પ માટે આવીશું એ પ્રમાણે કહી ગયા હોય તેથી તે ક્ષેત્ર તેઓનું સાધારણ થતું હોય તો તેઓનો તે પ્રકારે સીમાચ્છેદ કરાય છે અને કોઈ સાધુએ પૂર્વમાં શ્રાવકાદિને કીધેલું હોય કે આ ક્ષેત્ર અમને માસકલ્પાદિ માટે રુચે છે છતાં પાછળથી કોઈ કારણસર અન્ય ક્ષેત્રમાં ગયા હોય તો તેઓને માટે તે ક્ષેત્રનું

કાંઈ આભાવ્ય થતું નથી. આ સાધારણ ક્ષેત્રમાં વિધિ છે.

વળી, જે સાધુઓનું તે ક્ષેત્ર સાધારણ નથી છતાં બીજા ક્ષેત્રના અલાભને કારણે તે ક્ષેત્રમાં જેઓ માસકલ્પ આદિ માટે વસેલા છે તે ક્ષેત્રમાં અન્ય ક્ષેત્રની અપ્રાપ્તિને કારણે વસે ત્યારે તેઓનું આભાવ્ય કયું થાય છે અને કયું થતું નથી તે ગ્રંથકારશ્રી સ્વયં આગળની ગાથામાં બતાવે છે. **॥૧૯૩થી ૧૯૫॥**

**ગાથા :-**

**नाल पुरपच्छसंथुय मित्ता य वयंसया य सच्चित्ते ।**
**आहार मत्तगतिगं, संथारग वसहि अच्चित्ते ।।१९६।।**

**અન્વયાર્થ :-**

**नाल=નાલબદ્ધ=સ્વજનાદિ સંબંધોથી બદ્ધ, पुरपच्छसंथुय=પૂર્વ સંસ્તુત અને પશ્ચાત્ સંસ્તુત=પૂર્વના પરિચિતો અને પાછળથી સંબંધવાળા=પૂર્વના માતા-પિતાદિથી સંબંધવાળા પૂર્વ સંસ્તુત છે અને લગ્ન થયા પછી પત્નીની સાથે સંબંધવાળા જે સાસુ-સસરાદિ હોય તેની સાથે સંબંધવાળા પશ્ચાત્ સંસ્તુત છે. मित्ता य=અને મિત્રો, वयंसया=સમાનવયવાળા, सच्चित्ते=આ સચિત્ત હોતે છતે, અક્ષેત્રિકોનું થાય છે એમ અન્વય છે. आहार=આહાર, मत्तगतिगं=માત્રકત્રિક, संथारग=સંથારો, वसहि=વસતિ, अच्चित्ते=આ અચિત્તવિષયક અક્ષેત્રિકોનું થાય છે. ॥૧૯૬॥**

**ગાથાર્થ :-**

**નાલ=નાલબદ્ધ=સ્વજનાદિ સંબંધોથી બદ્ધ, પૂર્વ સંસ્તુત=પૂર્વના પરિચિતો, પશ્ચાત્ સંસ્તુત= પાછળથી સંબંધવાળા, પૂર્વના માતા-પિતાદિથી સંબંધવાળા પૂર્વ સંસ્તુત છે અને લગ્ન થયા પછી પત્નીની સાથે સંબંધવાળા જે સાસુ-સસરાદિ હોય તેની સાથે સંબંધવાળા પશ્ચાત્ સંસ્તુત છે. મિત્રો, સમાનવયવાળા સંબંધીઓ. આ સચિત્ત હોતે છતે અક્ષેત્રિકોનું થાય છે એમ અન્વય છે. આહાર, માત્રકત્રિક, સંસ્તારક અને વસતિ અચિત્તવિષયક પણ અક્ષેત્રિકોનું થાય છે. ।।૧૯૬।।**

**ટીકા :-**

'नाल'त्ति । नालबद्धाः पूर्वसंस्तुताः पश्चात्संस्तुता मित्राणि वयस्याश्च, एतत्सचित्ते परकीयेऽवग्रहेऽक्षेत्रिकाणां भवेत् । अचित्ते 'आहारः' अशनादिकं 'मात्रकत्रिकं' उच्चारमात्रकं प्रश्रवणमात्रकं श्लेष्ममात्रकं च 'संस्तारकः' परिशाटिरूपोऽपरिशाटिरूपश्च वसतिश्चेति ।।१९६।।

**ટીકાર્થ :-**

नालबद्धाः पूर्वसंस्तुताः ..... शाटिरूपश्च वसतिश्चेति ।। નાલબદ્ધ, પૂર્વ સંસ્તુત, પશ્ચાત્ સંસ્તુત, મિત્રો, વયસ્થો આ સર્વ સચિત્ત વસ્તુઓ પરકીય અવગ્રહવાળા ક્ષેત્રમાં અક્ષેત્રિક સાધુઓની થાય છે.

વળી, અચિત્તના વિષયમાં અશનાદિ આહાર, માત્રકત્રિક=ઉચ્ચારમાત્રક, પ્રશ્રવણ-માત્રક, શ્લેષ્મમાત્રક અને સંસ્તારક=પરિશાટિ રૂપ અને અપરિશાટિ રૂપ સંથારો=જેનો વિભાગ થઈ શકે તેવો હોય તે પરિશાટિ રૂપ સંથારો અને જેનો વિભાગ ન થઈ શકે તેવો હોય તે અપરિશાટિ રૂપ સંથારો અને વસતિ. ॥૧૯૬॥

ગાથા :-

वत्थाइअं तु दिन्नं, कारणवसओ तहा अदिन्नं पि ।
असमत्ताजायाणं, णाहव्वं किंचि ओहेणं ।।१९७।।

અન્વયાર્થ :-

वत्थाइअं तु दिन्नं=વળી વસ્ત્રાદિ અપાયેલું, कारणवसओ तहा अदिन्नं पि=અને કારણવશથી નહિ અપાયેલું પણ અક્ષેત્રિક સાધુઓનું થાય છે એમ અન્વય છે. असमत्ताजायाणं=અસમાપ્ત અજાત સાધુઓનું, ओहेणं=સામાન્યથી, किंचि णाहव्वं=કાઈ પણ આભાવ્ય થતું નથી. ॥૧૯૭॥

ગાથાર્થ :-

**વસ્ત્રાદિ અપાયેલું અને કારણવશથી નહિ અપાયેલું પણ અક્ષેત્રિક સાધુઓનું થાય છે એમ અન્વય છે. અસમાપ્ત અજાત સાધુઓનું સામાન્યથી કોઈપણ આભાવ્ય થતું નથી. ॥૧૯૭॥**

ટીકા :-

'वत्थाइअं तु'त्ति । वस्त्रादिकं तु दत्तं लभ्यं भवति नादत्तम्, 'कारणवशतः' पुनरनिस्तरादिलक्षणाददत्तमपि । अथ येषां सामान्यतो न किमप्याभाव्यं भवति तेषां क्षेत्राभाव्यं दूरोत्सारितमेवेत्यभिप्रायवानाह-असमाप्ताऽजातानां 'ओघेन' सामान्येन न किमप्याभाव्यं भवति । असमाप्ताजातस्वरूपं चैताभ्यो गाथाभ्योऽवसेयम्-

'जाओ अ अजाओ आ, दुविहो कप्पो उ होइ विण्णेओ ।
इक्किक्को पुण दुविहो, समत्तकप्पो अ असमत्तो ।।१।।
गीयत्थ जायकप्पो, अग्गीओ पुण हवे अजाओ उ ।
पणगं समत्तकप्पो, तदूणगो होइ असमत्तो ।।२।।
उउबद्धे वासासु य, सत्त समत्तो तदूणगो इयरो ।
असमत्ताजायाणं, ओहेण ण होइ आहव्वं ।।३।।' इति ।।१९७।।

ટીકાર્થ :-

वस्त्रादिकं ..... आहव्वं ।।' इति ।। વળી, વસ્ત્રાદિક પ્રાપ્ત થયેલું અપાયેલું=જેમનું આભાવ્ય ક્ષેત્ર

**છે તે સાધુઓ વડે પ્રાપ્ત થયેલું અપાયેલું, તે અક્ષેત્રિકોનું થાય છે. નહીં અપાયેલું નહિ. કારણવશથી=અનિસ્તરણાદિ લક્ષણ કારણવશથી=સંયમનો નિર્વાહ દુષ્કર થાય અને વસ્ત્ર અત્યંત જીર્ણ હોય તે કારણથી અદત્ત પણ=જેમનું ક્ષેત્ર આભાવ્ય છે તે મહાત્માઓએ ન આપેલું હોય તોપણ, ગૃહસ્થો પાસેથી નિર્દોષ મળતું હોય તો અક્ષેત્રિક સાધુઓ ગ્રહણ પણ કરે. હવે, જેઓનું સામાન્યથી કંઈ પણ આભાવ્ય થતું નથી=જે સાધુઓ તે ક્ષેત્રમાં વસ્યા હોય તેઓનું તે ક્ષેત્રમાં ઉત્સર્ગમાર્ગથી કંઈ પણ આભાવ્ય થતું નથી તેઓને ક્ષેત્રનું આભાવ્ય દૂરઉત્સારિત છે=તેઓનું તે ક્ષેત્રમાં કયું આભાવ્ય થાય અને કયું અનાભાવ્ય થાય એ પ્રકારનો વિભાગ જ નથી. એ અભિપ્રાયવાળા ગ્રંથકારશ્રી કહે છે. અસમાપ્ત અને અજાતકલ્પ સાધુઓને=માસકલ્પકાળમાં જઘન્યથી પાંચ સાધુ એક સમુદાયમાં ન હોય તેવા અસમાપ્તકલ્પવાળા સાધુઓને અને ચાતુર્માસમાં જઘન્યથી સાત સાધુ ન હોય તેવા અસમાપ્તકલ્પવાળા સાધુઓને અને સમાપ્તકલ્પવાળામાં પણ એક ગીતાર્થ સાધુ ન હોય તો અજાતકલ્પવાળા એવા તેઓને ઓઘથી=સામાન્યથી, કાંઈ પણ આભાવ્ય થતું નથી અને અસમાપ્તનું અને અજાતનું સ્વરૂપ આ ગાથાઓથી જાણવું=આગળમાં બતાવે છે તે ગાથાઓથી જાણવું.**

જાત અથવા અજાત બે પ્રકારનો કલ્પ વિજ્ઞેય થાય છે. સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ એક એક વળી બે પ્રકારનો છે. ॥૧॥

ગીતાર્થ જાતકલ્પ છે. અગીતાર્થ વળી અજાતકલ્પ થાય. ઋતુબદ્ધમાં=ચાતુર્માસ સિવાયના માસકલ્પ કાળમાં, પાંચનો સમુદાય સમાપ્તકલ્પ છે. તેનાથી ઊન અસમાપ્તકલ્પ થાય છે. ॥૨॥ અને વર્ષામાં સાત સમાપ્ત અને તેનાથી ઊન એવા ઈતર=સાતથી ઊન એવા ઈતર, અસમાપ્તકલ્પ થાય છે. અસમાપ્તકલ્પોને અને અજાતકલ્પોને સામાન્યથી કંઈ જ આભાવ્ય થતું નથી. ॥૩॥ **॥૧૯૭॥**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથાના અંતે કહ્યું કે અક્ષેત્રિક સાધુઓને અન્ય ક્ષેત્રનો લાભ ન થાય તો તે ક્ષેત્રમાં વસે ત્યારે તેઓના વિષયક આભાવ્ય શું છે ? તેની મર્યાદા હવે બતાવે છે – તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ બે વર્ગના સાધુઓ તે ક્ષેત્રમાં આવ્યા હોય અને કોઈક વર્ગના સાધુઓ પૂર્વમાં તે ક્ષેત્રની ગવેષણા કરીને કોઈક સારુપિકાદિને કહેલું હોય કે અમને આ ક્ષેત્ર રુચે છે ત્યારપછી તે ક્ષેત્રમાં અન્ય કોઈ સાધુ કોઈ કારણથી આવ્યા હોય તો તેઓનું તે ક્ષેત્ર થાય નહિ. તેથી તેઓએ અન્યત્ર વિહાર કરવો જોઈએ આમ છતાં તેઓને અન્ય ક્ષેત્રનો લાભ ન થઈ શકે તેમ હોય ત્યારે ત્યાં વસે તો તે ક્ષેત્રના સ્વામી તે સાધુ થાય નહિ. તેથી તે સાધુ અક્ષેત્રિક કહેવાય અને તેઓને અન્ય ક્ષેત્રની અપ્રાપ્તિને કારણે ત્યાં વસવું પડે તો તે ક્ષેત્રમાંથી શું ગ્રહણ કરી શકાય અને શું ગ્રહણ ન કરી શકાય તે રૂપ આભાવ્ય અને અનાભાવ્ય બતાવે છે.

તેમાં સચિત્ત શિષ્યાદિ છે અને તેઓ અક્ષેત્રિક સાધુઓની સાથે કૌટુંબિક સંબંધથી સંબદ્ધ હોય તો નાલબદ્ધ કહેવાય. માતા-પિતાદિથી પરિચિત હોય તો પૂર્વ સંસ્તુત કહેવાય. લગ્ન થયા પછી સંબંધવાળા થવાને કારણે જે સાસુ-સસરાદિના પરિચિત હોય તે પશ્ચાત્ સંસ્તુત કહેવાય અને મિત્રો કે સાથે રહેનારા

હોય તો તેઓ વયસ્યો કહેવાય તે સર્વમાંથી કોઈપણ જો તે અક્ષેત્રિક સાધુની પાસે દીક્ષા ગ્રહણ કરવા તત્પર થયા હોય તો તે અક્ષેત્રિક સાધુના થાય છે. પરંતુ જે સાધુઓનું તે ક્ષેત્ર આભાવ્ય છે તેમના થતા નથી. તે સિવાયના તે ક્ષેત્રમાં રહેલા હોય કે કોઈક રીતે અન્ય ક્ષેત્રથી ત્યાં આવેલા હોય કે ઉપદેશાદિ દ્વારા અક્ષેત્રિક સાધુથી પણ સંયમને અભિમુખ થયેલા હોય કે ક્ષેત્રિક સાધુથી પણ સંયમને અભિમુખ થયેલા હોય તે સર્વ ક્ષેત્રિક સાધુના થાય છે. તેથી ભગવાનના વચનને પ્રમાણ સ્વીકારનારા સુસાધુ જો અક્ષેત્રિક હોય તો સંયમ ગ્રહણ કરવા તત્પર થયેલા પોતાનાથી પણ ધર્મ પામેલા મહાત્માને ક્ષેત્રિક સાધુ પાસે સંયમ ગ્રહણ કરવા મોકલે છે. પરંતુ પોતાનો શિષ્ય કરતા નથી.

વળી, અચિત્ત આહાર, માત્રત્રિક, સંસ્તારક અને વસતિ અક્ષેત્રિક પણ તે ક્ષેત્રમાંથી ગ્રહણ કરે એ પ્રકારની શાસ્ત્રમર્યાદા છે. પરંતુ વસ્ત્ર, પાત્રાદિ કાંઈ તે ક્ષેત્રમાંથી ગ્રહણ કરે નહિ. તેથી જે કાંઈ પ્રાપ્ત થતું હોય તે ક્ષેત્રિક સાધુનું જ આભાવ્ય છે. આમ છતાં, સાધુને નિર્દોષ વસ્ત્રાદિ અતિ દુર્લભ છે અને અક્ષેત્રિક સાધુ પાસે વસ્ત્રાદિ અત્યંત જીર્ણ થઈ ગયાં હોય અને ક્ષેત્રિક સાધુ તેમને આપે તો ગ્રહણ કરે અને ક્ષેત્રિક સાધુ ન આપે તો અક્ષેત્રિક સાધુઓને તે ક્ષેત્રમાંથી વસ્ત્ર ગ્રહણ કરવું કલ્પતું નથી. આમ છતાં વસ્ત્ર ગ્રહણ કર્યા વગર સંયમનો નિસ્તાર દુષ્કર લાગતો હોય ત્યારે ક્ષેત્રિક સાધુએ ન આપેલું હોય છતાં ગૃહસ્થ પાસેથી અપાયેલું નિર્દોષ લાગતું હોય તો વસ્ત્ર પણ ગ્રહણ કરે. આ પ્રકારે આભાવ્ય-અનાભાવ્યની ક્ષેત્રિક અક્ષેત્રિક સાધુને આશ્રયીને મર્યાદા છે અને તે મર્યાદાનું જે સાધુઓ પાલન કરે છે તેઓને તીર્થંકર અદત્તની પ્રાપ્તિ થતી નથી અને જેઓ તે મર્યાદાનો લોપ કરે છે તેમને તીર્થંકર અદત્તની પ્રાપ્તિ થાય છે. વળી, જેઓ તે વસતિની યાચના કરીને આવેલા હોય અને બીજા કોઈ સાધુ ન આવ્યા હોય તોપણ તે સાધુઓ અસમાપ્તકલ્પ અને અજાતકલ્પ હોય તો સામાન્યથી તેઓને કોઈપણ વસ્તુ આભાવ્ય થતી નથી. તેથી તેઓ માસકલ્પ કરતા હોય કે ચાતુર્માસ રહેતા હોય તોપણ તે ક્ષેત્રમાંથી તેઓને આહાર માત્ર પણ ગ્રહણ કરવાનું કલ્પતું નથી. તેથી આહાર, વસતિ, વસ્ત્ર જે કાંઈ તેઓ ગ્રહણ કરે તેને આશ્રયીને તેઓને તીર્થંકર અદત્તની પ્રાપ્તિ થાય છે અને તીર્થંકર અદત્તના અધ્યવસાયમાં જેટલો તેમનો પરિણામ પ્રકર્ષ અપકર્ષવાળો હોય તેને અનુરૂપ પાપબંધની પ્રાપ્તિ થાય. અહીં સામાન્યથી તેઓને કંઈ કલ્પતું નથી તેમ કહેવાથી ઉત્સર્ગથી તેઓને કાંઈ કલ્પતું નથી. તેથી સમાપ્તકલ્પવાળા સાધુમાં પણ ક્વચિત્ કોઈ કાળ કરી જાય તો અસમાપ્તકલ્પવાળા થાય અને જાતકલ્પવાળામાં પણ ગીતાર્થ જ કાળ કરી જાય તો અજાતકલ્પવાળા થાય. તેવા કોઈક વિશેષ સંયોગમાં તેઓ અપવાદથી આહારાદિ ગ્રહણ કરે તો દોષની પ્રાપ્તિ થતી નથી. એ સિવાય માસકલ્પમાં જઘન્યથી પાંચ સાધુ અવશ્ય જોઈએ અને ચાતુર્માસમાં સાત સાધુ અવશ્ય જોઈએ. તો તે સમુદાય સમાપ્તકલ્પવાળો કહેવાય અને તે પાંચ કે સાત સાધુના સમુદાયમાં એક સાધુ ગીતાર્થ હોય તો જ તે સમુદાય જાતકલ્પવાળો કહેવાય અને કોઈ ગીતાર્થ ન હોય તો સમાપ્તકલ્પ હોવા છતાં અજાતકલ્પ કહેવાય. જાતનો અર્થ જન્મેલા થાય છે. જે સાધુ દીક્ષા ગ્રહણ કરીને છેદ ગ્રંથોના પરમાર્થને બતાવનારા ગ્રંથોમાં નિપુણ થયા છે તેઓ જન્મેલા છે તેથી જાત કહેવાય છે અને જેઓ સંયમ ગ્રહણ કર્યું છે, આરાધક છે તોપણ જ્યાં સુધી તે શાસ્ત્રોમાં નિપુણ થાય નહિ ત્યાં સુધી અજાત કહેવાય. **॥૧૯૬-૧૯૭॥**

**અવતરણિકા :-**

**असमाप्तानामपि समाप्तीभूतानां यथा आभाव्यविधिस्तथाह –**

**અવતરણિકાર્થ :-**

**અસમાપ્ત પણ સમાપ્તીભૂત સાધુઓની જે પ્રકારે આભાવ્યવિધિ છે તે પ્રકારે કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથામાં કહ્યું કે માસકલ્પકાળમાં જઘન્યથી પાંચ સાધુઓ હોય અને ચાતુર્માસમાં સાત સાધુઓ હોય તો સમાપ્ત એવા તેઓનું તે ક્ષેત્રમાં આભાવ્ય થાય છે આમ છતાં કોઈક સંયોગોથી તે સાધુઓ અસમાપ્ત થયેલા હોય અને અન્ય સાધુઓની સાથે ઉપસંપદા સ્વીકારીને સમાપ્ત થયેલા હોય તો અસમાપ્ત એવા તેઓ સમાપ્તીભૂત થાય છે. તેઓને આશ્રયીને જે પ્રમાણે આભાવ્યની વિધિ છે તે પ્રમાણે આભાવ્યની વિધિને કહે છે.

**ગાથા :-**

**एगदुगपिंडिआण वि, उउबद्धे उग्गहो समत्ताणं ।**
**कारणफिडिआण समो, उवसंपन्ने तु संकमइ ।।१९८।।**

**અન્વયાર્થ :-**

**कारणफिडिआण=કારણથી ત્રુટિત થયેલા, एगदुगपिंडिआण वि=એક-બેથી પિંડિત પણ, समत्ताणं=સમાપ્તોને, उउबद्धे=ઋતુબદ્ધકાળમાં, उवसंपन्ने तु=ઉપસંપન્ન થયે છતે, समो उग्गहो=સમાન અવગ્રહ, संकमइ=સંક્રમણ પામે છે. ।।૧૯૮।।**

**ગાથાર્થ :-**

**કારણથી ત્રુટિત થયેલા એક-બેથી પિંડિત પણ સમાપ્તોને ઋતુબદ્ધકાળમાં ઉપસંપન્ન થયે છતે સમાન અવગ્રહ સંક્રમણ પામે છે. ।।૧૯૮।।**

**ટીકા :-**

'एगदुग'त्ति । कारणैः-प्रतिभङ्गमरणाशिवादिलक्षणैः स्फिटितानां-वित्रुटितानामत एकाकित्व-मसमाप्तत्वं वा प्राप्तानाम्, ऋतुबद्धे काले समाप्तानां पञ्चात्मकं समुदायमुपगतानां परस्परोपसम्पदा 'एकद्विकपिण्डितानामपि' पञ्चाप्येककाः सन्तः पिण्डिता एकपिण्डिताः, अथवा द्विकेन वर्गद्वयेन एक, एकाकी एकश्चतुर्वर्गः, अथवा एको द्विवर्गोऽपरस्त्रिवर्ग इत्येवंरूपेण पिण्डितास्तेषामेकद्विकपिण्डि-तानाम्, अपिशब्दात्त्रिवर्गपिण्डितानां चतुर्वर्गपिण्डितानामपि अवग्रह आभवति, न त्वसमाप्तकल्पस्थिता-नाम् । स च तेषां गणद्वयेन समकं स्थितानामपि 'समः' साधारणः, उपसम्पन्ने त्वेकतरं प्रत्येकं

व्यवस्थितमपि क्षेत्रं प्रतीच्छकादुत्तीर्योपसम्पद्विषये संक्रामति । द्वयोः क्षेत्रयोर्द्विकत्रिकसमुदायेन स्थितयोस्तु क्षेत्रद्वयमप्याभाव्यम्, गमनागमनाभ्यां परस्परोपसम्पन्नत्वात् । उपसम्पच्चात्र क्षेत्रार्थं सुखदुःखहेतोः सूत्रार्थहेतोश्चासमाप्तेन क्रियते, समाप्तेन तु सुखदुःखहेतुं मुक्त्वेति द्रष्टव्यम् ।।१९८।।

**ટીકાર્થ :-**

कारणैः- ..... द्रष्टव्यम् ।। કારણોથી=પ્રતિભંગ, મરણ, અશિવાદિ લક્ષણ કારણોથી=કોઈક સાધુએ પ્રતિજ્ઞાભંગ કર્યો હોય, કોઈક સાધુ કાળ કરી ગયા હોય અથવા તે ક્ષેત્રમાં ઉપદ્રવાદિ થયા હોય તે રૂપ કારણોથી, સ્ફુટિત=ત્રુટિત, આથી જ એકાકિત્વ રૂપ અથવા અસમાપ્તત્વરૂપ પ્રાપ્ત થયું છે તેવા સાધુઓને ઋતુબદ્ધકાલમાં=માસકલ્પકાળમાં, સમાપ્ત સાધુઓને કઈ રીતે સમાપ્ત થયેલા એથી કહે છે. પરસ્પર ઉપસંપદાથી એક, બે, પિંડિત પણ સાધુઓ ઉપસંપન્ન થયે છતે પંચાત્મક સમુદાયને પામેલા સમાપ્તકલ્પ સાધુઓને સમાન સંક્રમણ પામે છે એમ અન્વય છે. કઈ રીતે અસમાપ્ત સાધુ ઋતુબદ્ધકાળમાં પાંચ પિંડિત થાય છે ? તે બતાવે છે – પાંચે પણ કોઈક કારણથી એક એક થયેલા છે અને પરસ્પર ઉપસંપદા સ્વીકારે ત્યારે તે પાંચ સમાપ્તકલ્પવાળા થાય છે. અથવા કોઈક બે બેના બે વર્ગ હોય અને કોઈક એક હોય તે ત્રણેય પિંડિત થાય અને પરસ્પર ઉપસંપદા સ્વીકારે ત્યારે સમાપ્તકલ્પ થાય છે. અથવા એક એકાકી હોય અને એક ચારનો વર્ગ હોય=ચારનો સમુદાય હોય, તે ભેગા થઈને સમાપ્તકલ્પવાળા થાય છે અથવા એક બે વર્ગવાળા અને અપર ત્રણ વર્ગવાળા હોય આ રીતે પિંડિત થયેલા તેઓનું=એક, બે પિંડિત થયેલા તેઓનું, અવગ્રહ થાય છે. अपि શબ્દથી ત્રણ વર્ગ પિંડિતોનું અને ચાર વર્ગ પિંડિતોનું પણ અવગ્રહ થાય છે=તે ક્ષેત્ર આભવત્ થાય છે. પરંતુ અસમાપ્તકલ્પ સ્થિત સાધુઓનું તે ક્ષેત્ર આભવત્ થતું નથી=તે સર્વ ભિન્ન ભિન્ન વર્ગના તે ક્ષેત્રમાં આવ્યા હોય છતાં ઉપસંપદા સ્વીકારીને સમાપ્તકલ્પવાળા ન હોય તો તે ક્ષેત્રમાંથી તેઓને કોઈ વસ્તુ ગ્રહણ કરવાની ભગવાનની આજ્ઞા પ્રાપ્ત થતી નથી અને તે=અવગ્રહ ગણદ્વયથી રહેલા પણ તેઓનું સમાન=સાધારણ થાય છે=જે કંઈ આહાર, વસતિ, વસ્ત્ર આદિ મળે તે સર્વ સાધારણ થાય છે. વળી, એકતર ઉપસંપન્ન થયે છતે પ્રત્યેકનું વ્યવસ્થિત પણ ક્ષેત્ર પ્રતીચ્છકથી ઉત્તીર્ણ થઈ ઉપસંપદ વિષયમાં=ઉપસંપદ આપનાર સાધુના વિષયમાં, સંક્રમણ થાય છે. દ્વિક, ત્રિકના સમુદાયથી રહેલા બે ક્ષેત્રિકોનું ક્ષેત્રદ્વય પણ આભાવ્ય થાય છે; કેમ કે ગમનાગમન દ્વારા પરસ્પર ઉપસંપન્નપણું છે અને અહીં ક્ષેત્ર માટે ઉપસંપદ સુખ-દુઃખના હેતુથી અને સૂત્રાર્થના હેતુથી અસમાપ્ત વડે કરાય છે. વળી, સમાપ્ત સાધુ વડે સુખ-દુઃખ હેતુને છોડીને ઉપસંપદ સ્વીકારાય છે=સૂત્ર-અર્થ માટે ઉપસંપદ સ્વીકારાય છે એ પ્રમાણે જાણવું. ॥૧૯૮॥

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહેલું કે અસમાપ્તકલ્પવાળા સાધુને તે ક્ષેત્રમાંથી કોઈ વસ્તુનું ગ્રહણ કરવું કલ્પતું નથી. આમ છતાં માસકલ્પકાળમાં કોઈક સાધુ પાંચ-પાંચના સમુદાયમાં વિચરતા હોય અને કોઈક કારણથી

કોઈક સમુદાયમાં કોઈક સાધુએ પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હોય અર્થાત્ સંયમ છોડ્યું હોય અથવા કોઈક મરણ પામ્યા હોય અથવા કોઈક ક્ષેત્રમાં ઉપદ્રવો થવાથી છૂટા પડ્યા હોય અને તેઓ કોઈક ક્ષેત્રમાં માસકલ્પ કરવા અર્થે ઇચ્છા કરે ત્યારે તેઓને અન્ય વર્ગના સાધુઓ સાથે પરસ્પર ઉપસંપદા સ્વીકારીને પાંચ પિંડિત થવું જોઈએ. તો જ ભગવાનના વચનાનુસાર તેઓને તે ક્ષેત્રમાંથી વસ્ત્રાદિ ગ્રહણ કરવાની અનુજ્ઞા પ્રાપ્ત થાય છે અને તે પાંચ એક એકથી અથવા બે એકથી ઇત્યાદિ પ્રકારેથી થયેલા હોય ત્યારે તે ક્ષેત્રમાં જે તેઓને પ્રાપ્ત થાય તે સર્વ બધા સાધુને સમાન થાય છે. તેથી ભગવાનના વચનને પરતંત્ર થયેલા સુસાધુ આત્મવંચના કર્યા વગર જે કંઈ પ્રાપ્ત થયું હોય તે પરસ્પર જિનવચનાનુસાર વિભાગ કરીને સંયમની આરાધના અર્થે યત્ન કરે છે. પરંતુ પરસ્પર કલહ કરતા નથી કે અન્યને પ્રાપ્ત થયેલો અધિકાર હોવા છતાં મને મળ્યું છે એમ કહીને પણ ગ્રહણ કરતાં નથી અને જો તે પ્રકારે ગ્રહણ કરે તો કષાયયુક્ત ચિત્ત હોવાથી તીર્થંકર અદત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, બે ગણના સાધુ ભેગા થઈને સાથે રહ્યા હોય ત્યારે જે કાંઈ પ્રાપ્ત થાય તે બંનેનું સાધારણ બને છે. પરંતુ તે બે ગચ્છના સાધુમાંથી કોઈ એકતર સૂત્ર-અર્થ આદિના પ્રયોજનથી અન્યની ઉપસંપદા સ્વીકારે ત્યારે તે ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલું બંનેનું હોવા છતાં જેમની ઉપસંપદા સ્વીકારી છે તેમનું આભવત્ થાય છે. તેથી જે સાધુ અન્ય સાધુ પાસે સૂત્ર-અર્થ ભણે છે તેઓ તે ક્ષેત્રમાં વસ્ત્ર આદિ જે કંઈ પ્રાપ્ત થાય તે સર્વ સૂત્ર-અર્થ માટે ઉપસંપદા આપનાર સાધુને આપે છે પરંતુ સ્વયં ગ્રહણ કરતા નથી.

વળી, બે અને ત્રણના સમુદાયથી પરસ્પર ઉપસંપદાવાળા થયેલા સાધુઓ તે નગરમાં કોઈક ભિન્ન ક્ષેત્રમાં વસતા હોય અને ગમનાગમનથી પરસ્પર એકત્રિત થયેલા હોય ત્યારે તે બંને ક્ષેત્રમાં મળેલી વસ્તુ બંને વર્ગના સાધુઓને સાધારણ થાય છે; કેમ કે તે સાધુઓ એક નગરના ભિન્ન ક્ષેત્રમાં વસતા હોવા છતાં સુખ-દુઃખના પ્રયોજનથી પરસ્પર એકત્રિત થયેલા હોય છે.

વળી, ક્ષેત્ર માટે જે ઉપસંપદ સ્વીકારાય છે તે સુખ-દુઃખના હેતુથી અને સૂત્ર-અર્થના હેતુથી અસમાપ્ત વડે સ્વીકારાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે પાંચથી ઓછા અસમાપ્ત સાધુ માસકલ્પ કરે ત્યારે કોઈક ગ્લાન આદિ થાય ત્યારે તે ગ્લાનની વૈયાવચ્ચ પાંચથી ઓછા હોય તો સમ્યક્ થઈ શકે નહીં. તેથી સંયમના પરિણામની હાનિ થાય અને ચિત્ત અસ્વસ્થ થવાથી કષાયોના ઉન્મૂલનરૂપ સામાયિકનો પરિણામ મ્લાન થાય અને કષાયઆકુળ ચિત્ત બાહ્યથી સંયમની ક્રિયા કરે તોપણ ગુણસ્થાનકમાં સ્થિર થાય નહિ અને ગુણસ્થાનકની વૃદ્ધિ કરી શકે નહીં. તેથી ભગવાને અસમાપ્તને સમાપ્ત થવા અર્થે ઉપસંપદા સ્વીકારવાનું વિધાન કર્યુ છે.

વળી, અન્ય ગચ્છતા સાધુઓ સૂત્ર ભણેલા હોય કે અર્થ ભણેલા હોય તેઓ પાસે સૂત્ર ગ્રહણ કરવા અર્થે કે અર્થ ગ્રહણ કરવા અર્થે પોતે અસમાપ્ત હોવાને કારણે કેટલાક સાધુઓ ઉપસંપદા સ્વીકારે છે. વળી, કેટલાક સાધુ કોઈક ક્ષેત્રમાં સમાપ્ત હોય અર્થાત્ જઘન્યથી પાંચ હોય છતાં તે ક્ષેત્રમાં આવેલા અન્ય સાધુઓ પાસે સૂત્ર-અર્થ ગ્રહણ કરવા અર્થે પણ ઉપસંપદા સ્વીકારે છે. **॥૧૯૮॥**

ગાથા :-

जइ पुण समत्तकप्पो, दुहा ठिओ होज्ज तत्थ चउरो य ।
इयरे ते खलु अपहू, दो वि पहू पुण इयरणिस्सा ।।१९९।।

અન્વયાર્થ :-

जइ पुण=જો વળી, समत्तकप्पो दुहा=સમાપ્તકલ્પવાળા સાધુ બે પ્રકારે, ठिओ होज्ज=રહેલા હોય, तत्थ=ત્યાં, चउरो इयरे=ચાર ઈતર હોય, ते=તે ચાર સાધુ, खलु अपहू=અપ્રભુ થાય છે. पुण=વળી, इयरणिस्सा=ઈતરની નિશ્રાને કારણે, दो वि पहू=બે પણ પ્રભુ થાય. ।।૧૯૯।।

ગાથાર્થ :-

**જો વળી સમાપ્તકલ્પવાળા સાધુ બે પ્રકારે રહેલા હોય ત્યાં ચાર ઈતર હોય તે=તે ચાર સાધુ, અપ્રભુ થાય છે. વળી ઈતરની નિશ્રાને કારણે બે પણ પ્રભુ થાય છે. ।।૧૯૯।।**

ટીકા :-

'जइ पुण'त्ति । यदि पुनर्वसतिसङ्कटतादोषेण समाप्तकल्पो द्विधा स्थितो भवेदेकत्र द्वावपरत्र त्रयश्चेति । तत्र च क्षेत्रेऽन्यस्यां वसतावितरे चत्वारः स्थितास्ते खल्वप्रभवः द्वौ च प्रभू इतरनिश्राविति, समाप्तत्वात्, असमाप्तानामन्योन्यनिश्राभावे बहूनामप्यप्रभुत्वात्, तथापूर्वाचार्यकृतस्थितेः ।।१९९।।

ટીકાર્થ :-

यदि पुनर्वसति ..... तथापूर्वाचार्यकृतस्थितेः ।। જો વળી, વસતિના સંકટતાના દોષથી સમાપ્તકલ્પવાળા પાંચ સાધુ બે વિભાગ થઈને રહેલા હોય. કઈ રીતે બે વિભાગવાળા થઈને રહેલા હોય તે કહે છે. એક ઠેકાણે બે અને બીજે ઠેકાણે ત્રણ એ રીતે વિભાગ થઈને રહેલા હોય અને તે ક્ષેત્રમાં=જ્યાં બે સાધુ રહેલા હોય ત્યાં, અન્ય વસતિમાં ઈતર ચાર સાધુ રહેલા હોય તે ચાર સાધુ તે ક્ષેત્રના પ્રભુ થતા નથી=તે વસતિ ગ્રહણ કરવી, વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરવાં તેઓને કલ્પતાં નથી અને જે બે તે વસતિમાં છે અને ઈતરની નિશ્રાવાળા છે તેઓ પ્રભુ છે; કેમ કે સમાપ્તપણું છે. અસમાપ્તોનું અન્યોન્યના નિશ્રાના અભાવમાં ઘણાઓનું પણ અપ્રભુપણું હોવાથી ચાર સાધુઓ પ્રભુ થતા નથી એમ અન્વય છે. તે પ્રકારે પૂર્વાચાર્યકૃત સ્થિતિ હોવાથી સાધુએ તેનું પાલન કરવું જોઈએ. ।।૧૯૯।।

અવતરણિકા :-

कुत इदम् ? इत्यत आह –

**અવતરણિકાર્થ :-**

કયા કારણથી આ છે=તે વસતિમાં બે સાધુ પ્રભુ થાય છે અને ચાર સાધુ પ્રભુ થતા નથી તે કયા કારણથી છે ? એથી કહે છે –

**ગાથા :-**

एगागिस्स उ दोसा, असमत्ताणं च तेण थेरेहिं ।
एस ठविआ उ मेरा, इति व हु मा हुज्ज एगागी ।।२००।।

**અન્વયાર્થ :-**

एगागिस्स असमत्ताणं च=એકાકીને અને અસમાપ્તોને=એકાકી અને અસમાપ્તકલ્પવાળા સાધુઓને, दोसा=દોષો છે, तेण=તે કારણથી, थेरेहिं=સ્થવિરો વડે, एस ठविआ उ मेरा=વળી આ મર્યાદા કરાઈ છે= અસમાપ્તને પણ સમાપ્તકલ્પ થઈને રહેવું જોઈએ એ મર્યાદા કરાઈ છે. इति व=એથી પણ, एगागी मा हुज्ज=એકાકી ન થાવ. ।।૨૦૦।।

**ગાથાર્થ :-**

**એકાકીને અને અસમાપ્તોને=અસમાપ્તકલ્પવાળા સાધુઓને દોષો છે. તે કારણથી સ્થવિરો વડે આ મર્યાદા કરાઈ છે=અસમાપ્તને પણ સમાપ્તકલ્પ થઈને રહેવું જોઈએ એ મર્યાદા કરાઈ છે. એથી પણ કોઈ એકાકી ન થાવ. ।।૨૦૦।।**

**ટીકા :-**

'एगागिस्स उ'त्ति । एकाकिनः सतोऽसमाप्तानां च दोषा भूयांसः, 'तेन' कारणेन स्थविरैरेषा मर्यादा स्थापिता, इत्यपि खलु कारणात् क्षेत्रानाभवनलक्षणादेकाकिनोऽसमाप्तकल्पा वा मा भूवन्निति ।।२००।।

**ટીકાર્થ :-**

एकाकिनः ..... भूवन्निति ।। એકાકી છતાને અને અસમાપ્તોને=અસમાપ્ત સાધુઓને, ઘણા દોષો છે. તે કારણથી સ્થવિરો વડે આ મર્યાદા સ્થાપન કરાઈ છે. એ પણ કારણથી=ગીતાર્થો વડે મર્યાદા સ્થાપન કરાઈ છે એ પણ કારણથી, ક્ષેત્રના અનાભવનને કારણે એકાકી અથવા અસમાપ્તકલ્પવાળા સાધુ ન થાવ. ।।૨૦૦।।

**ભાવાર્થ :-**

કોઈક નગરાદિમાં કોઈક કારણે ચાર સાધુ એકત્ર હોય તેથી તેઓ સમાપ્તકલ્પવાળા થાય નહિ અને અન્ય વર્ગના સાધુ સમાપ્તકલ્પવાળા હોય છતાં વસતિના સંકડાશને કારણે કોઈક સ્થાનમાં બે અને કોઈક સ્થાનમાં ત્રણ રહેલા હોય તોપણ પાંચ ભેગા થઈને રહેલા હોવાથી સુખ-દુઃખમાં સહાયક થાય છે તેથી

ભગવાનના શાસનની મર્યાદા અનુસાર તે પાંચ સાધુ તે ક્ષેત્રના પ્રભુ થાય છે તેથી માસકલ્પ દરમિયાન જે નિર્દોષ વસ્ત્ર-પાત્ર-આહારાદિ મળે તે ગ્રહણ કરવાના તેઓ અધિકારી બને છે તેથી ભગવાનની આજ્ઞાનુસાર તેઓ યતનાપૂર્વક ગ્રહણ કરે તો સમભાવના પરિણામની વૃદ્ધિ થાય છે જ્યારે તે ક્ષેત્રમાં વસનારા અન્ય ચાર સાધુ સમાપ્તકલ્પ નહિ હોવાથી તે ક્ષેત્રના પ્રભુ થતા નથી. તેથી સંયમના અન્ય યોગો અપ્રમાદથી સેવતા હોય તોપણ તે ક્ષેત્રના સ્વામી થતા નથી અને તેઓ નિર્દોષ પણ વસ્ત્રાદિ ગ્રહણ કરે તોપણ ભગવાનની આજ્ઞાના લોપને કારણે તેઓને દોષની પ્રાપ્તિ થાય છે. આથી જ અત્યંત આરાધક સાધુ હોય તો તે ચાર સાધુઓ પણ અન્ય સાધુઓની ઉપસંપદા સ્વીકારીને સમાપ્તકલ્પવાળા થવા યત્ન કરે જેથી સમભાવની વૃદ્ધિને અનુકૂળ સુખ-દુઃખ આદિમાં ઉપષ્ટંભક થાય અને ભગવાનની આજ્ઞાનું પાલન પણ થાય.

માસકલ્પ અર્થે પાંચ સાધુ હોય તો સમાપ્તકલ્પ છે અને ચાતુર્માસાર્થે સાત સાધુ હોય તો સમાપ્તકલ્પ છે એ પ્રકારની મર્યાદા સ્થવિરોએ કેમ કરી ? તેથી કહે છે –

કોઈ સાધુ એકાકી હોય અને કદાચ એકાકી ન હોય તોપણ અસમાપ્ત હોય તોપણ ઘણા દોષો છે તેથી સ્થવિરોએ આ મર્યાદા કરી છે જેથી તે ક્ષેત્ર પોતાનું નહિ હોવાથી તે સ્થાનમાંથી કોઈપણ વસ્તુ ગ્રહણ કરવાનો અધિકાર ભગવાનના વચનાનુસાર પોતાને પ્રાપ્ત થશે નહિ તેથી પણ પાપભીરુ સાધુ એકાકી થાય નહિ અને અસમાપ્તકલ્પવાળા થાય નહિ જેથી એકાકીના અને અસમાપ્તકલ્પના દોષોથી તેમનું રક્ષણ થાય. **II૧૯૯-૨૦૦II**

**ગાથા :-**

**दुगमाइ समा सुत्तत्थुवसंपन्ना लहंति हु समत्ता ।**
**पुव्वठिआ तह पच्छागया वि सुत्तोवसंपन्ना ।।२०१।।**

**અન્વયાર્થ :-**

**दुगमाइ समा=બે આદિ સમા=સમાપ્તકલ્પવાળા બે આદિ ગચ્છો સાધારણ ક્ષેત્રના ભાગી થાય છે. सुत्तत्थुवसंपन्ना=સૂત્રાર્થ ઉપસંપન્ન, समत्ता हु लहंति=ખરેખર સમાપ્ત પ્રાપ્ત કરે છે=ક્ષેત્રને સ્વતંત્રથી પ્રાપ્ત કરે છે.**

કોણ પ્રાપ્ત કરે ? તેથી કહે છે –

**पुव्वठिआ=પૂર્વમાં રહેલા, सुत्तोवसंपन्ना=સૂત્ર માટે ઉપસંપન્ન પ્રાપ્ત કરે છે=સ્વતંત્રતાથી ક્ષેત્રને પ્રાપ્ત કરે છે, तह पच्छागया वि ण=અને પાછળથી આવેલા પણ નહિ. ।।૨૦૧।।**

**ગાથાર્થ :-**

**બે આદિ સમા=સમાપ્તકલ્પવાલા બે ગચ્છો, સાધારણ ક્ષેત્રના ભાગી થાય છે. સૂત્રાર્થ ઉપસંપન્ન સમાપ્ત પ્રાપ્ત કરે છે=ક્ષેત્રને સ્વતંત્રતાથી પ્રાપ્ત કરે છે.**

કોણ પ્રાપ્ત કરે છે ? તેથી કહે છે –

**પૂર્વમાં રહેલા સૂત્ર માટે ઉપસંપન્ન પ્રાપ્ત કરે છે=સ્વતંત્રતાથી ક્ષેત્રને પ્રાપ્ત કરે છે અને પાછળથી આવેલા પણ નહિ. ।।૨૦૧।।**

**ટીકા :-**

**'दुगमाइ'त्ति । 'द्वयादयः' द्विप्रभृतयो गच्छाः समाप्तकल्पाः 'समाः' साधारणभागिनः । सूत्रार्थोपसम्पन्नाश्च समाप्ताः प्रतीच्छकादुत्तीर्णं क्षेत्रं स्वातन्त्र्येण लभन्ते पूर्वस्थिता न तु पश्चादागताः । समाप्ता अपि यदि च ते पूर्वस्थितैः सूत्रायोपसंपन्नास्तदा त एव लभन्त इति ।।२०१।।**

**ટીકાર્થ :-**

**'द्वयादयः' ..... लभन्त इति ।। બે વગેરે ગચ્છો, સમાપ્તકલ્પવાળા એક ક્ષેત્રમાં આવ્યા હોય તો સાધારણ ભાગી થાય છે=તે ક્ષેત્રના સ્વામી તે બંને ગચ્છના સાધુઓ થાય છે અને સૂત્ર-અર્થ માટે ઉપસંપન્ન થયેલા છે=સમાપ્તકલ્પવાળા છે અર્થાત્ બે વર્ગોમાંથી કોઈ એક વર્ગ સૂત્ર-અર્થ માટે કોઈ અન્ય વર્ગની ઉપસંપદા સ્વીકારે ત્યારે સૂત્રાર્થ માટે ઉપસંપન્ન થાય છે અને તેઓ સમાપ્ત થયેલા છે ત્યારે પ્રતીચ્છકથી ઉત્તીર્ણ ક્ષેત્રને=ઉપસંપદા સ્વીકારનાર એવા પ્રતીચ્છકથી ઉત્તીર્ણ ક્ષેત્રને, સ્વતંત્રતાથી પ્રાપ્ત કરે છે=સૂત્રાર્થ માટે ઉપસંપદા આપનારા સાધુ સ્વતંત્રતાથી ક્ષેત્રને પ્રાપ્ત કરે છે.**

ક્યારે સ્વતંત્રતાથી ક્ષેત્ર પ્રાપ્ત કરે ? તેને કહે છે –

**પૂર્વમાં રહેલા હોય પરંતુ પાછળથી આવેલા ન હોય તો સ્વતંત્રતાથી ક્ષેત્રને પ્રાપ્ત કરે છે પરંતુ તે ક્ષેત્ર બંને વર્ગનું સાધારણ થતું નથી. સમાપ્તકલ્પવાળા પણ જો તેઓ પૂર્વમાં રહેલાઓની સાથે સૂત્ર માટે ઉપસંપન્ન થાય છે=સૂત્ર માટે અન્ય ગચ્છની ઉપસંપદા સ્વીકારે છે તેથી અન્ય ગચ્છના સાધુઓ ઉપસંપન્ન થાય છે, ત્યારે તેઓ જ=ઉપસંપદા આપનારા જ, ક્ષેત્રને સ્વતંત્રતાથી પ્રાપ્ત કરે છે. ।।૨૦૧।।**

❖ ગાથામાં 'पच्छागया' પૂર્વે 'ण' હોવાની ટીકા અનુસાર સંભાવના છે.

**ભાવાર્થ :-**

કોઈક ક્ષેત્રમાં બે ગચ્છના સાધુઓ સમાપ્તકલ્પવાળા હોય=ચાતુર્માસમાં સાત અને ઋતુબદ્ધકાળમાં પાંચ હોય, તો તે ક્ષેત્ર બંને ગચ્છનું સાધારણ થાય છે તેથી તે ક્ષેત્રમાં જે કાંઈ વસ્ત્રાદિ મળે તે કોઈ એક ગચ્છના સાધુઓનું થાય નહિ પરંતુ ઉભય સાધારણ થાય છે તેથી મધ્યસ્થ પરિણતિવાળા સાધુ જિનવચનાનુસાર નિર્દોષ મળેલી પણ વસ્તુ અમને પ્રાપ્ત થઈ છે માટે અમારી છે તેવો વિકલ્પ કરે નહિ પરંતુ જે કાંઈ પ્રાપ્ત થાય તે માસકલ્પાદિ દ્વારા તે બંને ગચ્છના સાધુઓ વિભાગ કરીને સ્વીકારે છે.

વળી, બે ગચ્છોના સાધુઓ સમાપ્ત હોય અને તેઓમાં અવશ્ય એક ગીતાર્થ હોય તેથી જાતકલ્પ પણ હોય છતાં અન્ય ગચ્છના સાધુ સૂત્રાર્થમાં અધિક હોય ત્યારે તે બે ગચ્છમાંથી જે ગચ્છના સાધુ સૂત્રાર્થ માટે

અન્ય ગચ્છની ઉપસંપદા સ્વીકારે છે ત્યારે ઉપસંપદા આપનારા સાધુ પૂર્વમાં તે નગરમાં રહેલા હોય તો ઉપસંપદા સ્વીકારનારથી ઉત્તીર્ણ એવું તે ક્ષેત્ર ઉપસંપદા આપનાર ગચ્છનું થાય છે તેથી તે ક્ષેત્રમાં ઉપસંપદા આપનાર સાધુઓ જે કાંઈ પ્રાપ્ત કરે તે તેઓનું થાય છે અને ઉપસંપદા સ્વીકારનાર સાધુઓને જે કાંઈ પ્રાપ્ત થાય તે તે બંનેનું સાધારણ હોવાથી તે રીતે જ ઉપસંપદા આપનાર ગચ્છને તે વસ્ત્રાદિ વિભાગ કરીને આપવા જોઈએ. ફક્ત ઉપસંપદા આપનારા સાધુ પૂર્વમાં તે ક્ષેત્રમાં રહેલા હોય તો તેઓ સ્વતંત્રતાથી તે ક્ષેત્રના પ્રભુ થાય છે, પાછળથી આવેલા હોય તો ઉપસંપદા આપવા છતાં તે ક્ષેત્ર બંનેનું સાધારણ થાય છે.

વળી સૂત્રાર્થ માટે જેમ ઉપસંપદા સ્વીકારે તો ઉપસંપદા આપનારનું તે ક્ષેત્ર સ્વતંત્રપણાથી થાય છે તેમ તે મર્યાદાથી સૂત્ર માટે પણ ઉપસંપદા આપનારનું તે ક્ષેત્ર સ્વતંત્રપણાથી થાય છે. અહીં બંને ગચ્છોમાં ગીતાર્થ હોય છતાં અન્ય ગચ્છમાં અધિક સૂત્રાર્થને ભણેલા કે સૂત્રને ભણેલા સાધુ હોય ત્યારે તેના અધ્યયન અર્થે અન્ય ગચ્છની પણ ઉપસંપદા સ્વીકારે છે. આ પ્રકારની વ્યવસ્થાના પાલનથી ભગવાનની આજ્ઞા પ્રત્યેનો રાગ સ્થિર થાય છે જેથી સામાયિકની શુદ્ધિ થાય છે અને તેનો લોપ કરનારા સાધુને સામાયિકની શુદ્ધિ પ્રાપ્ત થતી નથી. **॥૨૦૧॥**

**અવતરણિકા :-**

**अथ यदि नोपसंपद्यन्ते किन्तु सूत्रमर्थं वा पृच्छन्ति, तत्राह –**

**અવતરણિકાર્થ :-**

**હવે જો ઉપસંપદા સ્વીકારતા નથી=એક નગરમાં આવેલા સમાપ્તકલ્પવાળા સાધુ સૂત્રાર્થ માટે કે સૂત્ર માટે અન્ય ગચ્છની ઉપસંપદા સ્વીકારતા નથી પરંતુ અન્ય ગચ્છના સાધુ પાસે જઈને સૂત્રને અથવા અર્થને પૂછે છે ત્યાં=પૂછનારા સાધુના વિષયમાં શું મર્યાદા છે ? તેને કહે છે –**

**ગાથા :-**

**पुच्छातिगेण दिवसं, सत्तहिं पुच्छाहिं मासिअं हरइ ।**
**अक्खित्तुवस्सए लघुमासो ण लहे अविहिकहणे ।।२०२।।**

**અન્વયાર્થ :-**

**पुच्छातिगेण=પૃચ્છાત્રિકથી, दिवसं हरइ=દિવસ હરે છે. सत्तहिं पुच्छाहिं=સાત પૃચ્છાથી, मासिअं=માસને હરે છે. अक्खित्तुवस्सए=અક્ષેત્રના ઉપાશ્રયવિષયક, अविहिकहणे=અવિધિપૂર્વક કથન કરાયે છતે, लघुमासो= લઘુમાસ પ્રાયશ્ચિત્ત થાય છે. ण लहे=શિષ્યને પ્રાપ્ત કરતો નથી. ।।૨૦૨।।**

**ગાથાર્થ :-**

**પૃચ્છાત્રિકથી દિવસ હરે છે. સાત પૃચ્છાથી માસને હરે છે. અક્ષેત્રના ઉપાશ્રય વિષયક**

**અવિધિપૂર્વક કથન કરાયે છતે લઘુમાસ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને શિષ્યને પ્રાપ્ત કરતો નથી. ।।૨૦૨।।**

**ટીકા :-**

**'पुच्छातिगेण'त्ति । पृच्छात्रिकेण दिवसं यावत्तत्क्षेत्रं हरत्युत्तरदाता दिवसं यावत्तदाभवनात् । सप्तभिः पृच्छाभिः 'मासिकं' मासं यावत्क्षेत्रगतं सचित्तादि हरति, मासं यावत्तदाभवनादिति । अक्षेत्रोपाश्रयेऽविधिकथने लघुमासः प्रायश्चित्तम्, न च लभेत यस्याग्रेऽविधिः कथ्यते स तम् अक्षेत्रं तावदर्हत्प्रतिमास्नाननिमित्तं रथयात्रानिमित्तमध्वशीर्षकनिमित्तं कुलगणसङ्घसमवाये यत्स्थानम् । तत्रोपाश्रयास्त्रिविधाः-पुष्पावकीर्णका मण्डलिकाबद्धा आवलिकास्थिताश्च । तेषां मध्यात्कुतश्चिदेकतरस्मादुपाश्रयाद्विचारादिनिमित्तं कोऽपि निर्गतस्तं दृष्ट्वा कोऽपि प्रविव्रजिषुः पृच्छेत्—कुत्र साधूनां वसतिः ? इति, स ब्रूते—कुतो हेतोस्त्वं पृच्छसि ?, शैक्षः प्राह—प्रव्रजिष्यामीति, ततो यद्यात्मीयमुपाश्रयं दूरमासन्नं वा कथयति तस्य मासलघु प्रायश्चित्तम् । न च स तं शिष्यं लभते किन्तु यस्य प्रत्यासन्नतर उपाश्रयस्तस्यैव स आभवतीति भावः ।।२०२।।**

**ટીકાર્થ :-**

पृच्छात्रिकेण ..... आभवतीति भावः ।। **પૃચ્છાત્રિકથી દિવસ સુધી=એક દિવસ સુધી તે ક્ષેત્ર ઉત્તરદાતા હરણ કરે છે=તે ક્ષેત્રના એક દિવસ સુધી તે સ્વામી થાય છે; કેમ કે એક દિવસ સુધી તેમનું આભવન છે=તે ક્ષેત્રના તે પ્રભુ છે. સાત પૃચ્છાથી માસિક=એક મહિના સુધી ક્ષેત્રગત સચિત્તાદિનું હરણ કરે છે; કેમ કે એક મહિના સુધી તેમનું થાય છે=ઉત્તરદાતાનું આભવત્ થાય છે. અક્ષેત્રના ઉપાશ્રય વિષયક અવિધિથી કથન કરાયે છતે લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે અને જેના અગ્રે અવિધિ કહેવાય છે તે=સાધુ, તેને=દીક્ષા માટે આવનાર ગૃહસ્થને, પ્રાપ્ત કરતો નથી.**

તે અક્ષેત્ર શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**અક્ષેત્ર વળી અર્હદ્ પ્રતિમાના સ્નાત્ર નિમિત્તે રથયાત્રા નિમિત્તે અધ્વશીર્ષક નિમિત્તે કુલ, ગણ સંઘના સમવાયમાં જે સ્થાન છે. તે ક્ષેત્ર છે એમ અન્વય છે. ત્યાં ઉપાશ્રય ત્રણ પ્રકારના છે. પુષ્પાવકીર્ણકા, મણ્ડલિકાબદ્ધ અને આવલિકા સ્થિત. તેઆમાંથી કોઈ એકતર ઉપાશ્રયથી વિચારાદિ નિમિત્તે=સ્થંડિલાદિ નિમિત્તે, કોઈપણ સાધુ નીકળ્યા તેને જોઈને=નીકળેલા સાધુને જોઈને, કોઈપણ પ્રવ્રજ્યા લેવાની ઇચ્છાવાળો ગૃહસ્થ પૂછે. સાધુઓની વસતિ ક્યાં છે ? તે=સાધુ, પૂછે છે કયા હેતુથી તું પૂછે છે ? શૈક્ષ કહે છે. હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. તેથી જો પોતાનો ઉપાશ્રય દૂર અથવા આસન્ન કહે તો તેને માસ લઘુ પ્રાયશ્ચિત્ત આવે છે અને તે સાધુ તે શિષ્યને પ્રાપ્ત કરતા નથી. પરંતુ જેનો પ્રત્યાસન્નતર ઉપાશ્રય છે તેનો જ તે=શૈક્ષ, થાય છે. એ પ્રમાણે ભાવ છે. ।।૨૦૨।।**

**ભાવાર્થ :-**

સુસાધુ મધ્યસ્થતાપૂર્વક ઉચિત વ્યવહાર કરનારા હોય છે અને તે ઉચિત વ્યવહારથી સામાયિકની શુદ્ધિની વૃદ્ધિ થાય છે અને સામાયિકની શુદ્ધિ અર્થે જ જિનવચનાનુસાર સૂત્ર આદિ અર્થે ઉપસંપદા સ્વીકારે છે અને તે ઉપસંપદા વખતે તે ક્ષેત્રના આભવત્ વિષયક શું મર્યાદા છે તે પૂર્વની ગાથામાં બતાવ્યું. હવે કોઈક નગરમાં બે ગચ્છના સાધુઓ સમાપ્તકલ્પવાળા હોય તેથી બંને ગચ્છમાં ગીતાર્થ સાધુ હોવા છતાં કોઈ અન્ય ગચ્છના સાધુ પાસે સૂત્રાર્થવિષયક પૃચ્છા કરવા માટે જાય છે પરંતુ નવા સૂત્રાર્થ શીખવા અર્થે ઉપસંપદા સ્વીકારતા નથી તે વખતે તે મહાત્મા ત્રણ પૃચ્છા કરે અર્થાત્ શાસ્ત્રનાં ત્રણ સ્થાનો વિષયક નિર્ણય ન હોય અને અન્ય ગચ્છના ગીતાર્થ સાધુને પૃચ્છા કરે ત્યારે તે ગીતાર્થ સાધુ તે સૂત્રાર્થનો ઉચિત અર્થ કહે છે ત્યારે જે દિવસે પૃચ્છા કરી તે દિવસે જે કાંઈ તે નગરમાં પ્રાપ્ત થાય તે સર્વ પૃચ્છાના ઉત્તર આપનારા સાધુનું આભવત્ થાય છે. તેથી સુસાધુ તે નગરમાં પોતાને તે દિવસે કોઈ શિષ્ય પ્રાપ્ત થયો હોય કે વસ્ત્રાદિ પ્રાપ્ત થયા હોય તે સર્વ તે દિવસે તે મહાત્માને આપે છે. તેથી શાસ્ત્રવચનાનુસાર શ્રુતની ભક્તિ કરાયેલી થાય છે; કેમ કે જેમની પાસે પૃચ્છા કરીને સમાધાન મેળવ્યું છે તેમને મારે પ્રાપ્ત થયેલું સર્વ આપવું જોઈએ એ પ્રકારની શાસ્ત્રમર્યાદાનું સ્મરણ કરીને તે સાધુ સર્વ આપે છે અને તે પ્રકારની શાસ્ત્રમર્યાદાનું પ્રયોજન તેમનામાં રહેલા શ્રુત પ્રત્યે ભક્તિની વૃદ્ધિ છે તેથી આજ્ઞાપાલન અને શ્રુતભક્તિકૃત નિર્જરાની પ્રાપ્તિ દ્વારા સંયમની શુદ્ધિ થાય છે.

વળી સાત પ્રશ્નો કરે તો એક માસ સુધી તે ક્ષેત્રમાંથી જે કાંઈ મળે તે ઉત્તર આપનારા સાધુને પ્રાપ્ત થાય છે.

વળી શ્લોકના ઉત્તરાર્ધથી સાધુની અન્ય ઉચિત પ્રવૃત્તિ બતાવે છે. કોઈ સાધુઓ અરિહંત પ્રતિમાના સ્થાપનાદિ નિમિત્તે રથયાત્રા નિમિત્તે અથવા અધ્વશીર્ષક નિમિત્તે=જે સ્થાને ભેગા થઈને અન્ય અન્ય સ્થાને જવાનું હોય તેવા સ્થાનના નિમિત્તે, ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓ એકઠા થયા હોય તે અક્ષેત્ર કહેવાય છે. અર્થાત્ માસકલ્પ આદિનું ક્ષેત્ર નથી પરંતુ તે તે નિમિત્તથી અનેક ગચ્છના સાધુઓ ભેગા થયા છે તેવું તે ક્ષેત્ર છે અને તેવા ક્ષેત્રમાં અનેક ગચ્છના સાધુઓ ભિન્ન ભિન્ન ઉપાશ્રયમાં વસતા હોય અને કોઈ સાધુ પોતાની વસતિમાંથી કોઈક પ્રયોજનથી બહાર નીકળ્યા હોય ત્યારે કોઈ ગૃહસ્થ સંસારથી વિરક્ત થઈને અહીં આવેલા સુસાધુ પાસે હું દીક્ષા ગ્રહણ કરું તેવા આશયથી તે સાધુને પૃચ્છા કરે કે અહીં સાધુનો ઉપાશ્રય ક્યાં છે ? તે વખતે કોઈ પ્રયોજનથી બહાર નીકળેલા સાધુ શાસ્ત્રવિધિ અનુસાર તે ગૃહસ્થને ઉપાશ્રય બતાવે તો સમભાવની શુદ્ધિ પ્રાપ્ત થાય પરંતુ આરાધક પણ જીવને નિમિત્તે ઈષદ્ રાગદ્વેષના પરિણામો થાય છે તેથી તે દીક્ષાર્થી પોતાની પાસે આવે તેવા આશયથી અવિધિથી ઉપાશ્રય બતાવે તો તે સાધુને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે અને તે ગૃહસ્થ દીક્ષા લેવા તત્પર થાય તોપણ તે શિષ્યને પ્રાપ્ત કરતા નથી; કેમ કે રાગદ્વેષથી કંઈક ચિત્ત મલિન થયું છે તેની શુદ્ધિનો ઉપાય પ્રાયશ્ચિત્ત જ છે અને શિષ્ય તરીકે તેને ગ્રહણ ન કરે તો શુદ્ધિ પ્રાપ્ત થાય છે તેથી આરાધક સાધુ પણ પ્રમાદવશ અવિધિથી કથન કર્યા પછી પશ્ચાત્તાપના પરિણામવાળા થયા હોય તો પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરે છે અને આવેલા ગૃહસ્થને પોતાનો શિષ્ય

કરતા નથી અને જેની આસન્નતર વસતિ છે તેમને જ આપે છે. અર્થાત્ જે સ્થાનમાં તે ગૃહસ્થે પૃચ્છા કરી તે સ્થાનથી નજીકની વસતિવાળા ઉપાશ્રયમાં રહેલા સુસાધુના જ તે શિષ્ય થાય છે. **॥૨૦૨॥**

**અવતરણિકા :-**

कथं तर्हि विधिकथनम् ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

**તો કેવી રીતે વિધિનું કથન કરવું જોઈએ=કોઈ સાધુ પૂર્વની ગાથામાં કહ્યું તે રીતે ઉપાશ્રયથી બહાર નીકળ્યા હોય અને દીક્ષા અર્થે કોઈ ગૃહસ્થ ઉપાશ્રયની પૃચ્છા કરે ત્યારે કઈ વિધિથી ઉપાશ્રયનું કથન કરવું જોઈએ ? તેથી કહે છે –**

**ગાથા :-**

**कायव्वो उद्देसो, उवस्सयाणं जहक्कमं तेणं ।**
**संविग्गबहुसुआण वि, पुच्छाइ जहिच्छमाहवइ ।।२०३।।**

**અન્વયાર્થ :-**

तेणं=તે કારણથી, उवस्सयाणं=ઉપાશ્રયોનો, जहक्कमं=યથાક્રમ, उद्देसो कायव्वो=ઉદ્દેશ કરવો જોઈએ, संविग्गबहुसुआण=સંવિગ્નબહુશ્રુતોની, पुच्छाइ वि=પૃચ્છામાં પણ, યથાવિધિ કહેવું જોઈએ એમ અન્વય છે. जहिच्छमाहवइ=જે પ્રમાણે ઈચ્છાથી તે જાય છે તેમનો તે થાય છે. ॥૨૦૩॥

**ગાથાર્થ :-**

**તે કારણથી ઉપાશ્રયોનો યથાક્રમ ઉદ્દેશ કરવો જોઈએ. સંવિગ્ન અને બહુશ્રુતોની પૃચ્છામાં પણ યથાવિધિ કહેવું જોઈએ એમ અન્વય છે. જે પ્રમાણે ઈચ્છાથી તે જાય છે તેમનો તે થાય છે. ॥૨૦૩॥**

**ટીકા :-**

'कायव्वो'त्ति । यतोऽविधिकथने दोषः 'तेन' कारणेनोपाश्रयाणां यथाक्रममुद्देशः कर्त्तव्योऽमुकप्रदेशेऽमुकस्योपाश्रय इति । एवं कथिते हि यत्र स व्रजति तस्य स आभवति । संविग्नबहुश्रुतानामपि पृच्छायां यथेच्छमाभवति । अयं भावः—केऽत्र संविग्ना बहुश्रुता वा ? इति पृष्टे वितथाख्याने मासलघु, न च स तं लभते किन्तु ये तपस्वितरा बहुश्रुततराश्च तेषां स आभवति । अथ सर्वेऽद्धा वा संविग्नास्ततोऽसंविग्नान् पार्श्वस्थादीन् मुक्त्वा तेषां तथैवाख्याने यस्य पार्श्वं व्रजति तस्यैवाभवतीति ।।२०३।।

**ટીકાર્થ :-**

**यतोऽविधिकथने ..... तस्यैवाभवतीति ।। જે કારણથી અવિધિના કથનમાં દોષ છે. તે કારણથી ઉપાશ્રયોનો યથાક્રમ ઉદ્દેશ કરવો જોઈએ. અમુક પ્રદેશમાં અમુકનો ઉપાશ્રય છે એ પ્રમાણે કથન કરવું જોઈએ. हि=જે કારણથી, આ પ્રમાણે કહ્યે છતે જ્યાં=જે સાધુ પાસે, તે જાય છે=દીક્ષાર્થી ગૃહસ્થ જાય છે, તેમનો=તે સાધુનો, તે થાય છે. સંવિગ્નબહુશ્રુતોની પણ પૃચ્છામાં જે પ્રમાણે ઈચ્છા છે=દીક્ષાર્થી ગૃહસ્થની ઈચ્છા છે, તે પ્રમાણે થાય છે=તે પ્રમાણે તે સાધુનો શિષ્ય તે થાય છે, આ ભાવ છે – અહીં=પ્રસ્તુત નગરમાં કોણ સંવિગ્ન છે. અથવા બહુશ્રુત છે ? એ પ્રકારે પૃચ્છા કરાયે છતે=દીક્ષાર્થી ગૃહસ્થ વડે પૃચ્છા કરાયે છતે, વિપરીત કથનમાં=તે સાધુ વિપરીત કથન કરે તો, માસલઘુ પ્રાયશ્ચિત્ત છે=લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે અને તે=તે સાધુ, તેને=દીક્ષાર્થી ગૃહસ્થને, પ્રાપ્ત કરતા નથી પરંતુ જેઓ તપસ્વીતર અને બહુશ્રુતતર છે તેઓનો તે થાય છે=દીક્ષાર્થી ગૃહસ્થ તેઓનો થાય છે. હવે સર્વ અર્ધ સંવિગ્ન છે. તેમાંથી અસંવિગ્ન અને પાર્શ્વસ્થાદિને છોડીને તેઓનું=જે સંવિગ્નો છે તેઓનું, તે પ્રકારે જ આખ્યાન કર્યે છતે=જે પ્રકારે તે દીક્ષાર્થીને સંવિગ્ન અને બહુશ્રુતનો યથાર્થ બોધ થાય તે પ્રકારે તે વસતિથી બહાર નીકળેલા સાધુ કથન કર્યે છતે, જેની પાસે જાય છે= સંયમ ગ્રહણ કરવા તત્પર થયેલ ગૃહસ્થ જેની પાસે જાય છે તેમનો જ તે થાય છે. ।।૨૦૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે કોઈક અરિહંત પ્રતિમાના સ્નાત્રાદિ નિમિત્તે ઘણા ગચ્છના સાધુઓ કોઈક નગરમાં એકઠા થયા હોય અને કોઈક સાધુ ઉપાશ્રયની બહાર સ્થંડિલ આદિ જવા માટે નીકળ્યા હોય અને કોઈક દીક્ષાર્થી ગૃહસ્થ પૃચ્છા કરે ત્યારે અવિધિથી કથનમાં પ્રાયશ્ચિત્ત આવે છે તેથી હવે સુસાધુએ કઈ વિધિથી ઉપાશ્રયનું કથન કરવું જોઈએ ? જેથી સામાયિકના પરિણામમાં મ્લાનિ થાય નહિ તે બતાવે છે –

પૂર્વગાથામાં બતાવ્યું એ પ્રમાણે તેવા પ્રસંગે પુષ્પાવકીર્ણ આદિ ત્રણ ભેદોમાંથી જે ભેદથી સાધુઓની ત્યાં વસતિ હોય તે ક્રમથી જ તે ગૃહસ્થને કહેવું જોઈએ કે આ ઉપાશ્રય અમુક મહાત્માનો છે ત્યારપછી આ ઉપાશ્રય અમુક મહાત્માનો છે તે સિવાય અન્ય કાંઈપણ કથન કરવું જોઈએ નહિ અને તે પ્રમાણે કહેવાયે છતે તે દીક્ષાર્થી જે ઉપાશ્રયમાં જાય તેઓનો તે થાય છે. ફક્ત તે દીક્ષા આપનાર સુસાધુ તો અવશ્ય તેની યોગ્યતા, તેનો સંવેગ, તેના સત્ત્વની પરીક્ષા કરીને દીક્ષા આપે પરંતુ દીક્ષા લેવા તત્પર થયેલ છે માટે આપવી જોઈએ એમ વિચારીને આપે નહિ.

વળી, સ્થંડિલાદિ માટે બહાર નીકળેલા સાધુને તે ગૃહસ્થ પૂછે કે પ્રસ્તત નગરમાં સંવિગ્ન અને બહુશ્રુત કોણ છે ? ત્યારે તે સાધુએ જે પ્રમાણે તે નગરમાં રહેલા સંવિગ્ન સાધુઓ હોય અને બહુશ્રુત સાધુઓ હોય તે પ્રમાણે જ કહેવું જોઈએ આમ છતાં વિપરીત કહે તો માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે છે અને તે દીક્ષાર્થીને પ્રાપ્ત કરતા નથી પરંતુ જેઓ ત્યાં રહેલા અધિક સંવિગ્ન હોય કે અધિક બહુશ્રુત હોય તેઓનો જ તે પ્રાપ્ત થાય છે; કેમ કે કોણ સંવિગ્ન અતિશયવાળા છે ? એ પ્રકારના આશયથી પૂછનારને ત્યાં વર્તતા સાધુઓમાં કોણ અતિશય શુદ્ધ આચારો પાળનાર છે એ પ્રકારના શુદ્ધ આશયથી પૂછેલ તેથી ત્યાં રહેલા અન્ય સાધુઓ

સંવિગ્ન હોવા છતાં જે અતિશય સંવિગ્ન હોય તેમને જ તે સાધુએ બતાવવા જોઈએ તેથી તેનું હિત થાય. આમ છતાં કાંઈક અમધ્યસ્થતાને કારણે પોતાના સમુદાયના સંવિગ્ન સાધુઓ છે એમ બતાવવામાં આવે તો અમધ્યસ્થભાવને કારણે સંયમમાં મ્લાનિ થાય છે; કેમ કે પોતાના સમુદાયમાં સંવિગ્ન હોવા છતાં સંવિગ્નતર=તપસ્વીતર અન્ય સમુદાયમાં છે તેમને જ બતાવવા જોઈએ.

વળી, બહુશ્રુતની પૃચ્છા કરે તો પોતાના સમુદાયમાં પણ બહુશ્રુત છે એમ કહેવાથી મધ્યસ્થભાવની મ્લાનિ થાય છે; કેમ કે અન્ય ગચ્છમાં બહુશ્રુતતર વિદ્યમાન છે તેથી તેમનો જ નિર્દેશ કરવો જોઈએ. અન્યથા ઈષદ્ રાગથી તે શિષ્ય પોતાની પાસે આવે એવો અધ્યવસાય થાય છે આમ છતાં જો તે સાધુ આરાધક હોય તો તે સ્ખલનાનું ગુરુને નિવેદન કરે છે અને તેને શાસ્ત્રવચનાનુસાર માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે છે અને તે સંયમ લેનાર ગૃહસ્થ તેના પ્રશ્ન અનુસાર સંવિગ્નતર કે બહુશ્રુતતરને સોંપે છે; કેમ કે તેને પ્રશ્ન કરેલ કે કોણ સંવિગ્ન છે ? એ પ્રમાણે તે સર્વ ગચ્છોમાં જે સંવિગ્નતર હોય તેનો જ નિર્દેશ કરવો જોઈએ તો જ મધ્યસ્થભાવ રહે છે.

વળી, કોણ બહુશ્રુત છે ? એ પ્રકારનો પ્રશ્ન કરેલો હોય તો તે સર્વ ગચ્છોમાં જે બહુશ્રુતતર હોય તેનો જ નિર્દેશ કરવો જોઈએ તેથી પોતાની સ્ખલનાના પશ્ચાત્તાપવાળા સાધુ દીક્ષા લેવા માટે તત્પર થયેલ ગૃહસ્થ પોતાની પાસે આવ્યો હોય તોપણ જેનું આભવત્ થાય તેને જ સોંપે છે.

વળી, દીક્ષા લેનાર ગૃહસ્થે તે મહાત્માને પૂછેલું હોય કે કોણ સંવિગ્ન છે ? ત્યારે જે જે ગચ્છમાં સર્વ સંવિગ્ન હોય કે અર્ધા સંવિગ્ન હોય તેથી અસંવિગ્ન એવા પાસત્થાદિને મૂકીને જે સંવિગ્ન છે તેનું તે પ્રમાણે જ શ્રાવકને કહે અને તે શ્રાવક જેમની પાસે જાય તેમનો જ તે શિષ્ય થાય છે. **॥૨૦૩॥**

**ગાથા :-**

**गामंतरे वि पुट्ठे, अवितहकहणम्मि जं समब्भेइ ।**
**सो लहइ तं ण अण्णो, मायाणियडिप्पहाणो उ ।।२०४।।**

**અન્વયાર્થ :-**

**गामंतरे वि पुट्ठे=ગ્રામાંતર પણ પુછાયે છતે, अवितहकहणम्मि=અવિતથ કથનમાં=દીક્ષા લેનારને યથાર્થ કથનમાં, जं समब्भेइ=જેની પાસે જાય, सो लहइ=તે સાધુ પ્રાપ્ત કરે છે=તે ગૃહસ્થને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે. मायानियडिप्पहाणो उ=માયાનિકૃતિપ્રધાન, अण्णो तं ण=અન્ય તેને પ્રાપ્ત કરતા નથી. ॥૨૦૪॥**

**ગાથાર્થ :-**

**ગ્રામાંતર પણ પુછાયે છતે અવિતથ કથનમાં=દીક્ષા લેનારને યથાર્થ કથનમાં, જેની પાસે જાય છે તે સાધુ પ્રાપ્ત કરે છે=તે ગૃહસ્થને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે. માયાનિકૃતિપ્રધાન અન્ય તેને પ્રાપ્ત કરતા નથી. ॥૨૦૪॥**

**ટીકા :-**

'गामंतरे वि'त्ति । इह हि कोऽपि तस्मिन् ग्रामे नगरे देशे राज्ये वा न प्रव्रजति मा निजका उत्प्रव्राजयेयुः प्रव्रजति वा मा रुदनं कुर्युरिति, यदि वा तेषां निजकानां समक्षं लज्जते । अथवाऽप्कायादिप्रचुरत्वादसंयमाधिकरणं तद् ग्रामादिकमिति ग्रामान्तरेऽपि पृष्टेऽवितथकथने यद् यथा ग्रामादिकं पृष्टं तस्य तथा दूरासन्नादिभेदेन कथने यं समभ्येति स तं लभते । वितथाख्याने तु मासलघु, न चान्यस्तं लभते । किम्भूतः ? माया-परवञ्चनाभिप्रायो निकृतिः-आकारवचनाच्छादनं ते प्रधाने यस्य स तथा, तत्र ग्रामे चैत्यादीनि न सन्तीत्यादिवचनैर्विपरिणामव्यापृत इति यावत् ।।२०४।।

**ટીકાર્થ :-**

इह हि ..... इति यावत् ।। અહીં=ગાથા-૨૦૨માં કહ્યું તેમ કોઈક ગામમાં કેટલાક ગચ્છો કોઈક પ્રસંગે ભેગા થયા છે ત્યાં, કોઈપણ=દીક્ષા લેવા તત્પર થયેલ શ્રાવક, તે ગામમાં, નગરમાં, દેશમાં, અથવા રાજ્યમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરતો નથી.

કેમ ગ્રહણ કરતા નથી ? તેથી કહે છે –

પોતાના સંબંધીઓ દીક્ષાનો ત્યાગ કરાવે નહિ અથવા હું પ્રવ્રજ્યા ગ્રહણ કર્યે છતે રુદન ન કરો. એથી તે ગ્રામાદિમાં પ્રવ્રજ્યા ગ્રહણ કરતો નથી અથવા પોતાના કુટુંબીઓ સમક્ષ દીક્ષા લેતાં લજ્જા આવે છે એથી તે ગામમાં દીક્ષા લેતો નથી અથવા અપ્કાયાદિ પ્રચુર હોવાને કારણે અસંયમનું અધિકરણ તે ગ્રામાદિ છે માટે તે ગામમાં દીક્ષા લેતો નથી તેથી ગ્રામાંતર પણ પુછાયે છતે=દીક્ષા લેવા તત્પર શ્રાવક વડે ગ્રામાંતર પુછાયે છતે=કયા ગામમાં હું જાઉં તેથી સુસાધુને પ્રાપ્ત કરીને હું સંયમ ગ્રહણ કરી શકું ? એ પ્રકારે તે સ્થાનમાં વર્તતા સાધુ પુછાયે છતે, જે ગ્રામાદિ જે પ્રકારે પુછાયા તેને તે પ્રકારે દૂર આસન્નાદિ ભેદથી કથન કરાયે છતે તે=દીક્ષા ગ્રહણ કરનાર શ્રાવક, જેની પાસે જાય છે. તે તેને પ્રાપ્ત કરે છે=જે સાધુ પાસે જાય છે તે સાધુ તેને પ્રાપ્ત કરે છે. વળી, વિતથ આખ્યાનમાં=વળી, જે સાધુને તે શ્રાવક ગ્રામાદિની પૃચ્છા કરે છે તે સાધુ પોતાના સમુદાયના કંઈક વલણને કારણે વિપરીત કથન કર્યે છતે, માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે છે. અન્ય=વિતથ કહેનાર સાધુ, તેને=દીક્ષા ગ્રહણ કરનાર શ્રાવકને, પ્રાપ્ત કરતા નથી=દીક્ષા આપવા અધિકારી થતા નથી.

કેવા પ્રકારના તે સાધુ વિપરીત કહે છે ? તેથી કહે છે –

માયા=પરવઞ્ચનાનો અભિપ્રાય. નિકૃતિ=આકારથી અને વચનથી છાદન, તે=એ બે, પ્રધાન છે જેને તે સાધુ તેવા છે=માયાનિકૃતિપ્રધાન છે, માયાનિકૃતિપ્રધાનનો જ અર્થ સ્પષ્ટ કરે છે.

તે ગામમાં ચૈત્યાદિ નથી ઈત્યાદિ વચનો દ્વારા=તે ગામમાં ચૈત્યાદિ નથી અથવા સારા સાધુઓ નથી ઈત્યાદિ વચનો દ્વારા, વિપરિણામમાં વ્યાપૃત=તે ગૃહસ્થને અન્યત્ર જવાથી વિપરીત પરિણામ થાય એવા બોધ કરાવવામાં વ્યાપારવાળા સાધુ, માયાનિકૃતિપ્રધાન છે તેઓ પ્રાપ્ત કરતા નથી એમ અન્વય છે. ll૨૦૪ll

**ભાવાર્થ :-**

કોઈ ગામમાં કોઈ મહાત્મા પધાર્યા હોય તેઓના સંયમના વિશુદ્ધ આચારને જોઈને કોઈ શ્રાવક ભવથી વિરક્ત થયો હોય, દીક્ષા લેવાની ઇચ્છાવાળો હોય આમ છતાં પોતાના કુટુંબીઓ દીક્ષા છોડાવશે ઇત્યાદિ ટીકામાં બતાવેલાં કારણોમાંથી કોઈક કારણે તે ગામમાં દીક્ષા લેવા તત્પર નથી અને તે મહાત્માને પૂછે કે અન્ય ગામમાં કોણ સુસાધુ છે ? કોણ બહુશ્રુત છે ? જેની પાસે હું સંયમ ગ્રહણ કરીને મારો મનુષ્યભવ સફળ કરું ? ત્યારે તે સુસાધુ યથાર્થ કથન કરે અર્થાત્ આ ક્ષેત્રથી આ સ્થાનમાં તે તે નગરો છે ત્યાં સુસાધુ આદિ વિચરે છે અને તે નગરો કયું દૂર છે કયું નજીક છે ઇત્યાદિ ભેદથી યથાર્થ કથન કરે; કેમ કે તે સાધુ તે સ્થાનથી વિહાર કરીને આવેલા હોય જેના કારણે ત્યાં વર્તતા સુસાધુ આદિનો બોધ હોય અને મધ્યસ્થ પરિણતિવાળા છે તેથી શિષ્ય કરવાની લાલસા વગર જે પ્રમાણે બોધ છે તે પ્રમાણે જ કહે છે અને જેમની પાસે તે શ્રાવક જાય છે તેઓ જ તેને શિષ્યરૂપે પ્રાપ્ત કરે છે.

વળી જે સાધુને તે શ્રાવક પૃચ્છા કરે છે તે સાધુ કંઈક કષાયને વશ થઈ વિપરીત આખ્યાન કરે તો તેઓને માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે છે અને માયાનિકૃતિપૂર્વક કહેનારા તે સાધુ તેને દીક્ષા આપવાના અધિકારી થતા નથી, આ પ્રકારનું શાસ્ત્રવચન જાણીને પ્રમાદવશ માયાથી વિપરીત કહ્યું હોય તો તે સાધુ તેને દીક્ષા આપે નહિ અને થયેલા વિપરીત કથનનું પ્રાયશ્ચિત્ત કરે તો શુદ્ધ થાય છે અને જો તે રીતે વિપરીત કથન કરીને તેને પોતાના પાસે દીક્ષા આપે તો આજ્ઞાભંગાદિ દોષો પ્રાપ્ત થાય.

કઈ રીતે તે સાધુ માયાનિકૃતિ કરે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

દીક્ષા લેવા તત્પર થયેલ ગૃહસ્થને ઠગવાના પરિણામવાળા અને શરીરનો આકાર અને વચનના પ્રયોગો તે રીતે કરે છે. જાણે સરળ ભાવથી તે મહાત્મા તે ગૃહસ્થના હિત અર્થે જ કહી રહ્યા છે તેવું તેને ભાસે.

કઈ રીતે વચનથી વિપરીત કહે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

તે ગામમાં ચૈત્ય નથી અથવા સુસાધુ નથી અથવા તે સાધુ બહુશ્રુત નથી ઇત્યાદિ વચનોથી વિપરીત પરિણામ કરવામાં વ્યાપારવાળા તે સાધુ થાય છે તેથી તેઓ તેને દીક્ષા આપવાના અધિકારી થતા નથી. **॥૨૦૪॥**

**ગાથા :-**

**वासासुं अमणुण्णा, हुंति ठिया जे उ वीसुमसमत्ता ।**
**ते णो लहंति खित्तं, लहंति समणुण्णया हुंता ।।२०५।।**

**અન્વયાર્થ :-**

**उ=વળી, वासासुं=વર્ષાકાળમાં, जे=જેઓ, वीसुमसमत्ता ठिया हुंति=પૃથક્ અસમાપ્ત રહેલા, अमणुण्णा= અમનોજ્ઞ છે=સાત ભેગા થઈને રહેલા નથી પરંતુ પૃથક્ સાત રહેલા છે, ते खित्तं णो लहंति=તે ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી=ક્ષેત્રના પ્રભુ થતા નથી. समणुण्णया हुंता=સમનોજ્ઞ છતા=પૃથક્ રહેલા પરસ્પર ઉપસંપદા દ્વારા સમનોજ્ઞ છતા, लहंति=ક્ષેત્રને પ્રાપ્ત કરે છે=ક્ષેત્રના પ્રભુ થાય છે. ॥૨૦૫॥**

ગાથાર્થ :-

વળી વર્ષાકાળમાં જેઓ પૃથક્ અસમાપ્ત રહેલા અમનોજ્ઞ છે=સાત ભેગા થઈને રહેલા નથી પરંતુ પૃથક્ સાત રહેલા છે તે ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી=ક્ષેત્રના પ્રભુ થતા નથી. સમનોજ્ઞ છતા=પૃથક્ રહેલા પરસ્પર ઉપસંપદા દ્વારા સમનોજ્ઞ છતા ક્ષેત્રને પ્રાપ્ત કરે છે=ક્ષેત્રના પ્રભુ થાય છે. ।।૨૦૫।।

ટીકા :-

'वासासुं'ति । 'वर्षासु' वर्षाकाले ये 'अमनोज्ञाः' परस्परोपसम्पद्विकलाः सप्तभ्यो हीनतयाऽसमाप्ताः, ये तु विष्वक् स्थिता भवन्ति ते क्षेत्रं न लभन्ते । सुखदुःखादिनिमित्तं परस्परोपसम्पदं गृहीत्वा समनोज्ञास्तु भवन्तो लभन्ते ।।२०५।।

ટીકાર્થ :-

'वर्षासु' ..... लभन्ते ।। વર્ષાકાળમાં જે અમનોજ્ઞ=પરસ્પર ઉપસંપદાથી રહિત સાતથી હીનપણાને કારણે અસમાપ્ત છે. વળી, જે પૃથક્ રહેલા છે તેઓ ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી. સુખ-દુઃખ નિમિત્તે પરસ્પર ઉપસંપદા ગ્રહણ કરીને સમનોજ્ઞ થયેલા ક્ષેત્રને પ્રાપ્ત કરે છે. ।।૨૦૫।।

ગાથા :-

तेसिं जो रायणिओ, थेरो परिआयओ पहू सो उ ।
खित्ते तत्थ य लाहो, सव्वेसिं होइ सामन्नो ।।२०६।।

અન્વયાર્થ :-

तेसिं जो=તેઓમાં જે, परिआयओ=પર્યાયથી, रायणिओ थेरो=રાત્નિક સ્થવિર છે. सो पहू=તે પ્રભુ છે=ઉપસંપદાથી સમનોજ્ઞ થયેલા સાતના સમુદાયનો પ્રભુ છે. तत्थ य खित्ते=અને ત્યાં=તે ક્ષેત્રમાં, लाहो=લાભ, सव्वेसिं सामन्नो होइ=સર્વનો સામાન્ય થાય છે. ।।૨૦૬।।

ગાથાર્થ :-

તેઓમાં જે પર્યાયથી રાત્નિક સ્થવિર છે તે પ્રભુ છે=ઉપસંપદાથી સમનોજ્ઞ થયેલા સાતના સમુદાયનો પ્રભુ છે અને ત્યાં=તે ક્ષેત્રમાં, લાભ સર્વનો સામાન્ય થાય છે. ।।૨૦૬।।

ટીકા :-

'तेसिं जो'त्ति । तेषां मध्ये यो रात्निको यस्य पर्यायाधिकतया वन्दनादीनि क्रियन्ते स एव पर्यायतः स्थविरः प्रभुर्भवति । तत्र क्षेत्रे लाभश्च सर्वेषां समानो भवति, सर्वेषामप्याचार्यत्वादुपाध्यायत्वाद्वा ।।२०६।।

**ટીકાર્થ :-**

तेषां मध्ये ..... चार्यत्वादुपाध्यायत्वाद्वा ।। તેઓમાં=કોઈક ક્ષેત્રમાં ચાતુર્માસમાં પૃથક્ રહેલા સાત સાધુઓ પરસ્પર ઉપસંપદા સ્વીકારીને સમનોજ્ઞ થયા તેઓમાં, જેના પર્યાયના અધિકપણાને કારણે જે રાત્નિક વંદનાદિ કરાય છે, તે જ પર્યાયથી સ્થવિર પ્રભુ થાય છે અને તે ક્ષેત્રમાં લાભ=શિષ્ય-વસ્ત્ર-પાત્રાદિનો લાભ, સર્વને સમાન થાય છે; કેમ કે સર્વેનું પણ=બે ત્રણ ગચ્છ એકઠા થઈને સમનોજ્ઞ થયા છે તે સર્વેનું પણ, આચાર્યપણું છે અથવા ઉપાધ્યાયપણું છે. ।।૨૦૬।।

**ગાથા :-**

**वीसुं ठिएसु असमत्तकप्पिएसुं समत्तकप्पी उ ।**
**जो एइ तस्स खित्तं, समगं पत्ताण समभागं ।।२०७।।**

**અન્વયાર્થ :-**

वीसुं ठिएसु असमत्तकप्पिएसुं=પૃથક્ રહેલા અસમાપ્તકલ્પી હોતે છતે, जो समत्तकप्पी एइ=જે સમાપ્તકલ્પી આવે છે=તે ક્ષેત્રમાં આવે છે, तस्स खित्तं=તેનું ક્ષેત્ર થાય છે. समगं पत्ताण=સાથે પ્રાપ્ત સમાપ્તકલ્પોનું, समभागं=સમભાગ થાય છે=સાધારણ થાય છે. ।।૨૦૭।।

**ગાથાર્થ :-**

**પૃથક્ રહેલા અસમાપ્તકલ્પી હોતે છતે જે સમાપ્તકલ્પી આવે છે=તે ક્ષેત્રમાં આવે છે તેનું ક્ષેત્ર થાય છે. સાથે પ્રાપ્ત સમાપ્તકલ્પગચ્છોનું સમભાગ થાય છે=સાધારણ થાય છે. ।।૨૦૭।।**

**ટીકા :-**

'वीसुं'ति । विष्वक्स्थितेष्वसमाप्तकल्पिषु यः समाप्तकल्पी समागच्छति तस्य तत्क्षेत्रं न तु पूर्वस्थितानामसमाप्तकल्पिनाम् । 'समकं प्राप्तानां' भूयसां समाप्तकल्पानां गच्छानां 'समभागं' साधारणम् ।।२०७।।

**ટીકાર્થ :-**

विष्वक्स्थितेष्व ..... साधारणम् ।। પૃથક્ સ્થિત એવા અસમાપ્તકલ્પોમાં જે સમાપ્તકલ્પી તે ક્ષેત્રમાં આવે છે તેનું=સમાપ્તકલ્પી ગચ્છનું, તે ક્ષેત્ર થાય છે. પરંતુ પૂર્વસ્થિત અસમાપ્તકલ્પીઓનું થતું નથી=તે ક્ષેત્ર થતું નથી. સાથે પ્રાપ્ત ઘણા સમાપ્તકલ્પ ગચ્છોનું સમભાગ=સાધારણ થાય છે=તે ક્ષેત્ર સાધારણ થાય છે. ।।૨૦૭।।

**ભાવાર્થ :-**

સુસાધુઓ સંયમ વિષયક પરસ્પર ઉચિત વ્યવહાર કરીને સમભાવની વૃદ્ધિના અર્થી હોય છે અને

પરસ્પર ઉચિત વ્યવહાર કરવાપૂર્વક વર્ષાકાળમાં સાધુએ સાતની સંખ્યાથી રહેવું જોઈએ અને કોઈક રીતે સાતની સંખ્યાથી ન્યૂન સાધુઓ પ્રાપ્ત થાય તો તેઓ શાસ્ત્રની પરિભાષાથી અમનોજ્ઞ કહેવાય છે અર્થાત્ તે સમુદાય સુંદર નથી; કેમ કે શાસ્ત્રની પરિભાષાથી ન્યૂન છે. માટે અમનોજ્ઞ કહેવાય છે અને તેઓ તે ક્ષેત્રના પ્રભુ થતા નથી તેથી તેઓને તે ક્ષેત્રમાંથી કાંઈ ગ્રહણ કરવું કલ્પતું નથી, આમ છતાં બે કે ત્રણ ગચ્છના એકઠા થયેલા સુખ-દુઃખ નિમિત્તે પરસ્પર ઉપસંપદા ગ્રહણ કરે તો સમનોજ્ઞ થાય છે; કેમ કે પરસ્પર ઉપસંપદા સ્વીકારાય તો કોઈક કારણથી કોઈક સાધુ ગ્લાનાદિ થયા હોય તો સંયમના સ્થાનમાં પરસ્પરની સહાયથી સુખપૂર્વક રહી શકે છે. જેથી સંયમના પરિણામો મ્લાન થાય નહિ અને જો તે સમાપ્તકલ્પ ન હોય અને તેવા કોઈ સંયોગ ન આવે તો સુખપૂર્વક નિર્વાહ થઈ શકે તેમ હોય તોપણ ભગવાનની આજ્ઞા અનુસાર સમાપ્તકલ્પ થવા માટે યત્ન કરતાં નથી માટે તે અમનોજ્ઞ જ છે. તેથી તેઓ તે ક્ષેત્રને પ્રાપ્ત કરતા નથી.

વળી, તે બે ગચ્છના સાધુ ચાતુર્માસ દરમિયાન પરસ્પર ઉપસંપદા સ્વીકારીને સમાપ્તકલ્પવાળા થાય ત્યારપછી તે ગચ્છમાં પર્યાયથી જે અધિક છે તે રાત્નિક કહેવાય છે અને તેમને વંદનાદિ કરાય છે અને તે પર્યાયથી સ્થવિર મહાત્મા તે ક્ષેત્રના સ્વામી બને છે.

તેથી એ ફલિત થાય કે તે બે કે ત્રણ ગચ્છ એકઠા થઈને સમાપ્તકલ્પ થયા છે તેઓમાં પણ કોઈક અવશ્ય આચાર્ય ઉપાધ્યાયરૂપ ગીતાર્થ છે તોપણ તે સર્વમાં જે પર્યાયથી અધિક છે તેમને વંદનાદિ કરાય છે અને તેમની જ અનુજ્ઞા લેવાય છે અને તે રાત્નિક આચાર્ય જ તે ક્ષેત્રના પ્રભુ કહેવાય છે પરંતુ બે કે ત્રણ ગચ્છો પ્રભુ કહેવાતા નથી. તેથી તે સર્વ સાધુઓ તે રાત્નિકને પૂછીને સર્વ ઉચિત આચારો કરે છે.

વળી, તે ક્ષેત્રમાં જે સચિત્ત-અચિત્ત એવા વસ્ત્રાદિનો લાભ થાય છે તે સર્વને સમાન પ્રાપ્ત થાય છે. તેથી ચાતુર્માસ પૂર્ણ થયા પછી તે રીતે તે સર્વનો સમાન વિભાગ તે સાધુઓ કરે છે.

કેમ તે સર્વનું સમાન થાય છે ? તેમાં યુક્તિ બતાવે છે –

તે સર્વ ગચ્છો જાતકલ્પવાળા હોવાથી આચાર્ય અથવા ઉપાધ્યાય તે સર્વ ગચ્છોમાં છે તેથી જે રીતે સંયમની વૃદ્ધિ થાય તે રીતે જ તે ગીતાર્થ એવા આચાર્ય કે ઉપાધ્યાય વસ્ત્રાદિ ગ્રહણ કરે અને સચિત્ત એવા શિષ્યની પ્રાપ્તિ થઈ હોય તો તેનું હિત થાય તે રીતે જ તેને દીક્ષા આપે.

વળી, અસમાપ્તકલ્પી સાધુ પૃથક્ રહ્યે છતે સમાપ્તકલ્પગચ્છ ત્યાં આવે તો તે ક્ષેત્ર સમાપ્તકલ્પીનું થાય છે પરંતુ પૂર્વમાં રહેલા અસમાપ્તકલ્પી સાધુઓનું થતું નથી તેથી એ પ્રાપ્ત થાય કે કોઈક તેવા કારણે સમાપ્તકલ્પ થઈ ન શક્યા હોય અને કોઈક સમાપ્તકલ્પ સાધુના સમુદાયમાં કોઈક સાધુ કાળ કરવાને કારણે અસમાપ્તકલ્પવાળા થયા હોય અને તે ક્ષેત્રમાં અન્ય કોઈ ન આવ્યા હોય તો અસમાપ્તકલ્પવાળા પણ તે સાધુઓ અપવાદથી તે ક્ષેત્રમાં વસે છે; આમ છતાં તેવા અસમાપ્તકલ્પવાળા સાધુઓ તે ક્ષેત્રમાં પૂર્વમાં રહેલા હોય અને સમાપ્તકલ્પગચ્છ તે ક્ષેત્રમાં આવે તો તે ક્ષેત્રનો પ્રભુ સમાપ્તકલ્પગચ્છ થાય છે પરંતુ પૂર્વમાં રહેલા અસમાપ્તકલ્પવાળા સાધુ તે ક્ષેત્રના પ્રભુ થતા નથી.

વળી, કોઈક ક્ષેત્રમાં ઘણા ગચ્છો સમાપ્તકલ્પ પ્રાપ્ત થયા હોય અને તે ક્ષેત્રમાં તેમનો નિર્વાહ થતો હોય તો તે તેમનું સાધારણ થાય છે અર્થાત્ તે ક્ષેત્રમાં જે કાંઈ વસ્ત્ર કે સચિત્ત વસ્તુ મળે તેનો સમાન ભાગે તેઓ વિભાગ કરે છે. **॥૨૦૫થી ૨૦૭॥**

**ગાથા :-**

**समणुन्नयाविहाणावसरम्मि समागए समत्तम्मि ।**
**साहारणं तु खित्तं, समत्तया जं समा दोण्हं ।।२०८।।**

**અન્વયાર્થ :-**

**समणुन्नयाविहाणावसरम्मि=સમનોજ્ઞતાના વિધાનના અવસરમાં, समत्तम्मि समागए=સમાપ્તકલ્પવાળા આવ્યે છતે, खित्तं तु साहारणं=ક્ષેત્ર વળી સાધારણ થાય છે=તે ક્ષેત્રમાં જે કાઈ પ્રાપ્ત થાય તે સર્વ બંનેનું સાધારણ થાય છે. जं=જે કારણથી, दोण्हं समत्तया समा=બંનેનું સમાપ્તપણું સમાન છે. ॥૨૦૮॥**

**ગાથાર્થ :-**

**સમનોજ્ઞતાના વિધાનના અવસરમાં સમાપ્તકલ્પવાળા આવ્યે છતે ક્ષેત્ર સાધારણ થાય છે=તે ક્ષેત્રમાં જે કાઈ પ્રાપ્ત થાય તે સર્વ બંનેનું સાધારણ થાય છે જે કારણથી બંનેનું સમાપ્તપણું સમાન છે. ॥૨૦૮॥**

**ટીકા :-**

'समणुन्नय'त्ति । असमाप्तकल्पतया स्थितानां परस्परोपसम्पद्ग्रहणेन समनोज्ञताविधानावसरे समागते च समाप्तकल्पिनि साधारणमेव क्षेत्रम् 'यत्' यस्माद्द्वयोरपि समाप्तता समा, क्रियमाणाया अपि समाप्ततायाः कृतत्वात् ।।२०८।।

**ટીકાર્થ :-**

**असमाप्तकल्पतया ..... कृतत्वात् ।। અસમાપ્તકલ્પપણાથી રહેલા બે-ત્રણ ગચ્છો પરસ્પર ઉપસંપદ ગ્રહણ દ્વારા સમનોજ્ઞતાના વિધાનનો અવસર હોતે છતે=પરસ્પર બે આદિ ગચ્છો ભેગા થઈને સાતના ગચ્છો કરવાને અનુકૂળ પ્રયત્ન હોતે છતે અને સમાપ્તકલ્પી સાધુ ગચ્છ આવ્યે છતે=કોઈ અન્ય ગચ્છવાળા સમાપ્તકલ્પ આવ્યે છતે, સાધારણ જ ક્ષેત્ર થાય છે. જે કારણથી બંનેની પણ સમાપ્તતા સમાન છે.**

**અહીં પ્રશ્ન થાય કે પરસ્પર ઉપસંપદા સ્વીકારીને હજુ સમાપ્તકલ્પવાળા થયા નથી પરંતુ સમાપ્ત-કલ્પવાળા થવા પ્રયત્ન કરે છે ત્યારે નવા આવેલા સાધુઓ પૂર્વમાં જ સમાપ્તકલ્પવાળા છે. તેથી સમાપ્તતા બંનેની સમાન કેમ કહી શકાય ? તેમાં હેતુ કહે છે.**

**ક્રિયમાણ પણ સમાપ્તતાનું કૃતપણું છે. ॥૨૦૮॥**

**ગાથા :-**

**साहारणट्ठियाणं, जो भासइ तस्स तं हवइ खित्तं ।**
**वारगतद्दिणपोरसिमुहुत्त भासेइ जो जाहे ।।२०९।।**

**અન્વયાર્થ :-**

साहारणट्ठियाणं=સાધારણ સ્થિત એવા ગચ્છોના, जो भासइ=જે સાધુ કહે છે=સૂત્ર કે અર્થ અન્ય સાધુને આપે છે. तस्स तं खित्तं हवइ=તેનું તે ક્ષેત્ર થાય છે. वारगतद्दिणपोरसिमुहुत्त=વારા પ્રમાણે દિવસ, પોરસી કે મુહૂર્ત, जो जाहे भासेइ=જે જ્યારે આપે છે. ત્યારે તેનું થાય છે=તેટલો કાળ તેનું આભાવ્ય થાય છે. ॥૨૦૯॥

**ગાથાર્થ :-**

**સાધારણ સ્થિત એવા ગચ્છોના જે સાધુ કહે છે=સૂત્ર કે અર્થ અન્ય સાધુને આપે છે તેનું તે ક્ષેત્ર થાય છે. વારા પ્રમાણે દિવસ, પોરસી કે મુહૂર્ત જે જ્યારે આપે છે ત્યારે તેનું થાય છે=તેટલો કાળ તેનું આભાવ્ય થાય છે. ॥૨૦૯॥**

**ટીકા :-**

**'साहारण'त्ति । साधारणस्थितानां मध्ये यः सूत्रमर्थं वा भाषते तस्य तद्भवति क्षेत्रं न शेषाणाम् । यो यदा वारकेण दिनं पौरुषीं मुहूर्त्तं वा भाषते तस्य तावन्तं कालमाभाव्यं न शेषकालम् ।।२०९।।**

**ટીકાર્થ :-**

साधारणस्थितानां ..... शेषकालम् ।। સાધારણ સ્થિતોમાં=કોઈક ક્ષેત્રમાં સમાપ્તકલ્પ થઈને સાધારણ રહેલા ગચ્છોના મધ્યમાં, જે સૂત્રને અથવા અર્થને કહે છે તેનું તે ક્ષેત્ર થાય છે, શેષનું નહિ. જે સાધુ જ્યારે વારાથી દિવસ, પોરસી કે મુહૂર્ત આપે છે તેનું તેટલો કાળ આભાવ્ય છે, શેષકાળ નહિ. ॥૨૦૯॥

**ભાવાર્થ :-**

કોઈક ક્ષેત્રમાં બે આદિ ગચ્છો અસમાપ્તકલ્પવાળા ભેગા થયા હોય, ચાતુર્માસ કરવાની ઇચ્છાવાળા હોય અને જ્યાં સુધી સમાપ્તકલ્પ ન થાય ત્યાં સુધી પોતે અમનોજ્ઞ છે એવો તેઓને જિનવચનથી બોધ છે. તેથી તે બે આદિ સમુદાયો પરસ્પર ચાતુર્માસ આદિ કાળની અવધિથી ઉપસંપદ ગ્રહણ કરવા અર્થે વિચારણા કરતા હોય અને ઉપસંપદાનો નિર્ણય તેઓ કરી રહ્યા છે તે જ વખતે તે સ્થાનમાં સમાપ્તકલ્પવાળા અન્ય સાધુઓ ત્યાં આવે તો તે ક્ષેત્ર તે બંનેનું સાધારણ થાય છે; કેમ કે ભગવાનના વચનનું સ્મરણ કરીને ભગવાનની આજ્ઞાના પાલન અર્થે સમાપ્તકલ્પવાળા થવા યત્ન કરી રહ્યા છે તેથી ભાવથી સમાપ્તકલ્પપણાનો અધ્યવસાય બંનેમાં સમાન છે=સમાપ્તકલ્પવાળા સાધુઓમાં અને સમાપ્તકલ્પ કરવા યત્ન કરનારા સાધુઓમાં

સમાપ્તકલ્પનો અધ્યવસાય સમાન છે.

વળી, કોઈક ક્ષેત્રમાં સમાપ્તકલ્પવાળા બે-ત્રણ ગચ્છો હોય અને તેમાં કોઈક અસમાપ્તવાળા હોવા છતાં પરસ્પર ઉપસંપદા સ્વીકારીને સમાપ્ત થયેલા હોય અને તેઓનું સાધારણ ક્ષેત્ર થતું હોય છતાં કોઈક ગચ્છમાં સૂત્રના અથવા અર્થના કોઈક વિશારદ સાધુ હોય તેથી અન્ય ગચ્છના સાધુ તેમની પાસે સૂત્ર કે અર્થ ભણવા જાય ત્યારે જે સાધુ સૂત્ર કે અર્થ અન્યને આપે છે તેમનું તે ક્ષેત્ર થાય છે, શેષનું થતું નથી. તેથી આરાધક સાધુ સૂત્ર-અર્થના અત્યંત અર્થી હોવાથી અન્ય પાસે ભણવા પણ જાય છે અને શાસ્ત્રમર્યાદા અનુસાર ત્યાં જે કાંઈ પ્રાપ્ત થાય છે તે સર્વ સૂત્રદાતાને જ આપે છે, સ્વયં કાંઈ ગ્રહણ કરતાં નથી. જો તે રીતે યત્ન ન કરે તો જિનવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવા સ્વરૂપ સામાયિકની શુદ્ધિ પ્રાપ્ત થતી નથી.

વળી, કોઈ ગચ્છમાં કોઈ સાધુ કોઈ એક દિવસ કે એક પોરસી અથવા કોઈ મુહૂર્ત ભણાવતા હોય ત્યારે જે દિવસે તેઓ સૂત્ર-અર્થ આપે છે તે દિવસનું તેમનું આભાવ્ય થાય છે અથવા એક પોરસી આપતા હોય કે એક મુહૂર્ત સૂત્ર-અર્થ આપતા હોય તેટલા કાળમાં જે કાંઈ વસ્ત્ર-પાત્રાદિ પ્રાપ્ત થાય અથવા તે જ વખતે કોઈ દીક્ષા લેવા આવ્યું હોય તો તે સૂત્ર-અર્થ આપનારા સાધુનું આભાવ્ય થાય છે. શેષકાળમાં=સૂત્ર-અર્થ ન આપતા હોય, તે કાળમાં તેઓનું આભાવ્ય થતું નથી. પરંતુ સાધારણ ક્ષેત્ર હોવાથી જે કાંઈ પ્રાપ્ત થાય તે સર્વ સાધારણ પ્રાપ્ત થાય છે. **॥૨૦૮-૨૦૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વગાથામાં કહ્યું કે કોઈ બે, ત્રણ ગચ્છના સાધુઓ એક ક્ષેત્રમાં ચાતુર્માસ અંગે રહ્યા હોય ત્યારે તેઓનું તે ક્ષેત્ર સાધારણ બને છે. છતાં તે ગચ્છમાં સૂત્ર-અર્થ ભણાવનાર સાધુ હોય ત્યારે જે ભણાવનાર છે તે ક્ષેત્રના સ્વામી થાય છે. તેથી હવે સૂત્ર-અર્થના કથન માટે કઈ મર્યાદા છે તે સ્પષ્ટ કરવાર્થે કહે છે –**

**ગાથા :-**

**आवलिआ मंडलिआ, घोडगकंडूयणेण भासंते ।**
**बलिआइँ उवरिमुवरिं, जा अट्ठासीइसुत्ताइं ।।२१०।।**

**અન્વયાર્થ :-**

**आवलिआ=આવલિકાથી, मंडलिआ=મંડલિકાથી, घोडगकंडूयणेण=ઘોટક કંડૂયનથી, भासंते=કહેવામાં, (ત્રણ પ્રકાર છે=સૂત્રો કહેવામાં ત્રણ પ્રકાર છે), उवरिमुवरिं=ઉપરઉપરમાં, बलिआइँ=બલિક છે. जा अट्ठासीइसुत्ताइं=જ્યાં સુધી અઠ્યાસી સૂત્રો. ॥૨૧૦॥**

**ગાથાર્થ :-**

**આવલિકાથી, મંડલિકાથી, ઘોટક કંડૂયનથી, કહેવામાં (ત્રણ પ્રકાર છે=સૂત્રો કહેવામાં ત્રણ પ્રકાર છે) ઉપરઉપરમાં બલિક છે. જ્યાં સુધી અઠ્યાસી સૂત્રો. ॥૨૧૦॥**

**ટીકા :-**

**'आवलिअ'त्ति । इह हि सूत्रस्यार्थस्य वा भाषणे त्रयः प्रकारास्तद्यथा—आवलिकया मण्डल्या घोटककण्डूयनेन च । तत्रावलिका नाम सा याऽविच्छिन्ना एकान्ते च भवति, सा हि परम्पराभिधारणया स्वाध्यापकमात्र एवाभाव्यसमाप्त्यभावादुत्तरोत्तरगुर्वपेक्षया विच्छिन्ना, तत्र च विवक्तिप्रदेश एव मध्ये स्थित उपाध्यायः पाठयतीति । मण्डली पुनः स्वस्थान एवाविच्छिन्ना च भवति, तत्राभिधारितस्यान्या-भिधारणाभावेन तल्लाभस्य मध्यवर्त्तिद्वारकस्यापि व्याख्यातृपर्यवसितत्वेनाविच्छिन्नत्वात्, तदुक्तम्—**

'छिन्नाछिन्नविसेसो, आवलिआए उ अंतए ठाति ।
मंडलिए सट्ठाणं, सच्चित्तादीसु संकमइ ।।१।।'

**तथा—**

'अभिधारंते पढंते अ, छिन्नाए ठाइ अंतिए ।
मंडलीए उ सट्ठाणं, वयए णो उ मज्झिमे ।।२।।
जो उ मज्झिल्लए जाइ, णियमा सो उ अंतिमं ।
पावए णिन्नभूमिं तु, पाणियं पि व लोट्टियं ।।३।।' **ति, तथा चूर्णावप्युक्तम्—**

'अच्छिण्णोवसंपया णाम अभिधारिज्जंतो अण्णं णाभिधारेइ'त्ति,

**तथा—**'एत्थ पुण सव्वेसिं लाभो अंतिल्लं जाति'**त्ति ।**

**ટીકાર્થ :-**

इह हि ..... जाति'त्ति । **અહીં=આભાવ્ય અનાભાવ્યની વિચારણામાં, સૂત્રના કથનમાં અથવા અર્થના કથનમાં ત્રણ પ્રકારો છે=ત્રણ પ્રકારથી ઉપદેશક વાચના આપે છે, તે આ પ્રમાણે છે. આવલિકાથી, મંડલીથી અને ઘોટકકંડૂયનથી, ત્યાં=ત્રણ પ્રકારમાં, આવલિકા તે છે જે વિચ્છિન્ન અને એકાંતમાં થાય છે**=સૂત્ર-અર્થ ભણાવનારમાં જે આભાવ્ય પ્રાપ્ત હતું તે ઉત્તર-ઉત્તરમાં જાય છે તેથી વિચ્છિન્ન છે અને તેવી વાચના એકાંતમાં અપાય છે. **हि=જે કારણથી, તે=આવલિકા, પરંપર અભિધારણને કારણે**=કોઈક સૂત્ર કે અર્થ આપનારનું અભિધારણ કરીને ભણે છે તે ભણનાર અન્યનું અભિધારણ કરીને ભણે છે એ રીતે પરંપરાએ અભિધારણને કારણે, **સ્વ-અધ્યાપકમાત્રમાં જ**=પોતાના અધ્યાપકમાત્રમાં જ, **આભાવ્યની સમાપ્તિનો અભાવ હોવાથી ઉત્તર-ઉત્તર ગુરુની અપેક્ષાથી વિચ્છિન્ન છે**=તે આભાવ્ય અંતિમ ગુરુમાં પ્રાપ્ત થવાથી પ્રથમ આદિ અધ્યાપકમાં વિચ્છિન્ન છે **અને ત્યાં=આવલિકામાં, એકાંત પ્રદેશમાં જ રહેલા ઉપાધ્યાય ભણાવે છે.**

**વળી, માંડલી સ્વસ્થાનમાં જ અને અવિચ્છિન્ન થાય છે**=માંડલીમાં સૂત્રાર્થનું ભાષણ ઉપાધ્યાય એકાંત સ્થાનમાં કરતા નથી પરંતુ પોતાના સ્થાનમાં જ કરે છે અને તેમને પ્રાપ્ત થતું આભાવ્ય

તેમનામાં જ પર્યવસાન થાય છે તેથી અવિચ્છિન્ન છે; કેમ કે તેમાં=માંડલીથી અપાતી વાચનામાં, અભિધારિતના=હું આમની પાસેથી સૂત્ર કે અર્થ ગ્રહણ કરીશ એ પ્રકારે અભિધારિત ગુરુના, અન્ય અભિધારણના અભાવને કારણે મધ્યવર્તી દ્વારવાળા પણ તેના લાભનું=તે ગુરુ પાસે સૂત્ર કે અર્થ ગ્રહણ કરવા માટે વિહારાદિ કરીને આવતા હોય ત્યારે માર્ગમાં ભણવા આવનાર સાધુને જે કાંઈ લાભ થાય તે સર્વ લાભનું, વ્યાખ્યાતૃમાં પર્યવસિત હોવાને કારણે=સૂત્ર કે અર્થ આપનાર ગુરુનું આભાવ્ય થવાને કારણે, અવિચ્છિન્નપણું છે. તે કહેવાયું છે=આવલિકા અને માંડલીમાં શું ભેદ છે ? તે વ્યવહારભાષ્યમાં કહેવાયું છે –

છિન્ન અચ્છિન્નનો વિશેષ છે=અધ્યાપકના અન્ય અન્યના અભિધારણથી છિન્ન છે અને અધ્યાપકના અન્ય અન્યના અનભિધારણ દ્વારા અછિન્ન છે એ રૂપ છિન્ન અચ્છિન્નનો ભેદ છે. વળી આવલિકામાં અધ્યાપક અંતમાં=એકાંતમાં બેસે છે મંડલીમાં સ્વસ્થાનમાં બેસે છે. સચિત્તાદિમાં સંક્રમણ થાય છે=સચિત્ત-અચિત્ત જે કાંઈ અધ્યયન કરનારને પ્રાપ્ત થાય તે ગુરુમાં સંક્રમણ થાય છે.

અને અભિધારણ કરતાં કે ભણતાં=સૂત્રાર્થનું અભિધારણ કરતા કે ભણતા, છિન્નમાં અંતિમમાં રહે છે=છિન્ન આભાવ્ય જેમાં થતું હોય તે અંતિમ અધ્યાપકમાં રહે છે. મંડલીમાં સ્વસ્થાનમાં રહે છે=અધ્યાપકમાં આભાવ્ય રહે છે. મધ્યમાં જતું નથી.

જે વળી મધ્યમાં જાય છે=જે આભાવ્ય મધ્યમાં જાય છે, તે વળી નિયમા અંતિમમાં પ્રાપ્ત થાય છે. જેમ નિમ્ન-ભૂમિવાળું પાણી નીચે નીચે ફેલાય છે તેમ છિન્ન આભાવ્ય પણ અંતિમ ગુરુમાં જાય છે અને ચૂર્ણિમાં પણ કહેવાયું છે.

અચ્છિન્ન ઉપસંપદા એટલે અભિધારણ કરાયેલા ગુરુ અન્યને અભિધારણ કરતા નથી અને અહીં=છિન્ન આભાવ્યમાં, સર્વ લાભ અંતવાળામાં જાય છે.

**ટીકા :-**

**घोटककण्डूयनं नाम यद्वारंवारेण परस्परं पृच्छनं तद् घोटकयोः परस्परं कण्डूयनमिवेति अर्थात् तत्रावलिकया मण्डलिकया घोटककण्डूयनेन च सूत्रं भाषमाणे सामायिकादीनि यावदष्टाशीतिसूत्राणि उपर्युपरि बलिकानि भवन्ति । अयं भावः—एक एकस्य पार्श्वे आवश्यकमधीते, स चावश्यकप्रतिपृच्छकस्य समीपे दशवैकालिकमधीते तदा दशवैकालिकवाचनाचार्यस्याभवति । तथा एक एकस्य पार्श्वे दशवैकालिकमधीते, दशवैकालिकवाचनाचार्यः पुनर्दशवैकालिकप्रतिपृच्छकस्य समीपे उत्तराध्ययनान्यधीते उत्तराध्ययनवाचनाचार्यस्याभाव्यं क्षेत्रम्, एवं तावद्भावनीयं यावदष्टाशीतिसूत्राणीति । इयान् परमिह विशेषः-मण्डलिका तावदावलिकावदेव, सा हि पूर्वाधीते नष्टे उज्ज्वाल्यमाने धर्मकथावा-दशास्त्रेषूज्ज्वाल्यमानेष्वधीयमानेषु वा प्रकीर्णकश्रुते वाऽधीयमाने बहुश्रुतस्यापि भवति, तथाहि—एक एकस्य पार्श्वे पूर्वाधीतं नष्टमावश्यकमुज्ज्वालयति, आवश्यकवाचनाचार्यः पुनस्तत्समीपे दशवैकालिकं दशवैकालिकवाचनाचार्यस्याभवतीत्यादि सर्वं प्राग्वदेव । तथा एक एकस्य पार्श्वे आवश्यकं नष्टमुज्ज्वालयति, एषोऽप्यावश्यकवाचनाचार्योऽन्यस्य समीपे दशवैकालिकम्, दशवैकालिक-**

वाचनाचार्योऽप्यपरस्य समीपे उत्तराध्ययनानि, उत्तराध्ययनवाचनाचार्योऽप्यन्यस्य समीपे आचाराङ्गम्, एवं यावद्विपाकश्रुतवाचनाचार्यः पूर्वाधीतं नष्टमन्यस्य पार्श्वे दृष्टिवादमुज्ज्वालयति दृष्टिवादवाचनाचार्यस्याभवति, न शेषाणाम्, आभवनस्योत्तरोत्तरसङ्क्रान्त्याऽन्तिमेऽवस्थानात् । एतच्चावलिकायामपि द्रष्टव्यम्, न चैवं छिन्नाछिन्नविशेषानुपपत्तिः, व्याख्यातुरन्याभिधारणानभिधारणाभ्यां तदुपपत्तेः; इदं च छिन्नाछिन्नोपसम्पदभिप्रायेणोच्यते । अथवा छिन्नत्वं सार्वत्रिकमेकान्तनिवेशेनैव, तेन नावलिकायां परस्परमाभाव्यविशेषस्य तन्त्रोक्तस्यानुपपत्तिरिति सम्यगालोचनीयम् । तथा यस्य पार्श्वे धर्मकथाशास्त्राणि वादशास्त्राणि वोज्ज्वालयत्यधीते वा तस्य पाठकस्याभवति न पाठ्यमानस्य । तथा बहुश्रुततरोऽपि यद्यन्यस्य समीपे प्रकीर्णश्रुतमधीते तदा तस्य प्रकीर्णकश्रुतपाठकस्याभाव्यं न बहुश्रुततरस्य । किं बहुना यो यस्य समीपे पठत्युज्ज्वालयति वा तस्य सत्कमाभाव्यमितरो वाचनाचार्यो हरति । तथा घोटककण्डूयनेन परस्परं पृच्छायां यो यदा यं पृच्छति स तदा तस्य प्रतीच्छकः, इतरः प्रतीच्छ्यः, यावच्च यः प्रती-च्छ्यस्तावत्तस्याभवतीति ।।२१०।।

**ટીકાર્થ :-**

घोटककण्डूयनं ..... स्तावत्तस्याभवतीति ।। ઘોટકકંડૂયન=જે વારંવાર પરસ્પરને પૂછવું, તે બે ઘોટકોનું પરસ્પર કંડૂયનની જેમ એ પ્રકારનો અર્થ હોવાથી ત્યાં=ત્રણ પ્રકારે સૂત્રાર્થના ભાષણમાં, આવલિકાથી, મંડલિકાથી અને ઘોટકકંડૂયનથી સૂત્રને કહેનારા ગુરુમાં સામાયિકથી માંડીને યાવદ્ અઠ્યાશી સૂત્રો ઉપર ઉપરમાં બળવાળા થાય છે.

આ ભાવ છે=ત્રણ પ્રકારના સૂત્ર-અર્થના ભાષણમાં, ઉપર ઉપરનું સૂત્ર બલિક છે એ કથનનો આ ભાવ છે.

એક સાધુ એકની પાસે આવશ્યક ભણે છે=કોઈક એક સાધુ અન્ય સાધુ પાસે આવશ્યક સૂત્ર ભણે છે અને તે=આવશ્યક સૂત્ર ભણાવનાર સાધુ, આવશ્યક સૂત્રના પ્રતિપૃચ્છકના સમીપમાં=પોતાની પાસે આવશ્યક સૂત્ર ભણનાર સાધુની સમીપમાં, દશવૈકાલિક સૂત્ર ભણે છે ત્યારે દશવૈકાલિક સૂત્રના વાચનાચાર્યનું આભાવ્ય થાય છે=સચિત્તાદિ આભાવ્ય થાય છે અને એક સાધુ એક સાધુની પાસે દશવૈકાલિક ભણે છે. દશવૈકાલિકની વાચના આપનાર સાધુ વળી દશવૈકાલિક ભણનારા સાધુની પાસે ઉત્તરાધ્યયન ભણે છે. ઉત્તરાધ્યયન વાચનાચાર્યનું ક્ષેત્ર આભાવ્ય છે. એ રીતે ત્યાં સુધી ભાવન કરવું જ્યાં સુધી અઠ્યાસી સૂત્રો છે. પરંતુ અહીં=ત્રણ પ્રકારે સૂત્ર-અર્થના કથનમાં આ વિશેષ છે.

મંડલિકા આવલિકાની જેમ જ છે=મંડલિકામાં પણ જો તે ભણાવનારા સાધુ ભિન્ન ભિન્ન પાસે ભણતા હોય તો તેમનું આભાવ્ય ઉત્તર ઉત્તરમાં જાય છે. સા=મંડલિકા, પૂર્વઅધીત નષ્ટમાં=પૂર્વમાં ભણાયેલું સૂત્ર નાશ પામ્યે છતે, ફરી ઉજ્જ્વલન કરાતા સૂત્રમાં અથવા ઉજ્જ્વલન કરાતા ધર્મકથા વાદશાસ્ત્રોમાં અથવા ભણાતા એવા ધર્મકથા વાદશાસ્ત્રોમાં અથવા પ્રકીર્ણક સૂત્રોમાં અધ્યયન

કરાયે છતે બહુશ્રુતનું પણ થાય છે=બહુશ્રુત જેની પાસે પૂર્વનું નષ્ટ ઉજ્જ્વલનાદિ કરતા હોય તેનું આભાવ્ય થાય છે=બહુશ્રુતને પ્રાપ્ત સચિત્તાદિ સર્વ વસ્તુ અધ્યાપકનું થાય છે. તે આ પ્રમાણે – એક સાધુ એકની પાસે=કોઈક એક સાધુ પાસે, પૂર્વમાં ભણાયેલા નાશ પામેલા આવશ્યકને ઉજ્જ્વલન કરે છે. આવશ્યક વાચનાચાર્ય વળી તેની પાસે દશવૈકાલિક ઉજ્જ્વલન કરે છે. દશવૈકાલિક વાચનાચાર્યનું આભાવ્ય થાય છે ઈત્યાદિ સર્વ પૂર્વની જેમ જાણવું અને એક સાધુ એક સાધુ પાસે નષ્ટ થયેલું આવશ્યક ઉજ્જ્વલન કરે છે. આ પણ=આવશ્યક વાચનાચાર્ય=આવશ્યક સૂત્ર ઉજ્જ્વલન કરાવનાર સાધુ, અન્યની પાસે દશવૈકાલિક ઉજ્જ્વલન કરે છે. દશવૈકાલિકના વાચનાચાર્ય પણ અપરની પાસે ઉત્તરાધ્યયન ઉજ્વલન કરે છે. ઉત્તરાધ્યયનમાં વાચનાચાર્ય પણ અન્યની સમીપમાં આચારાંગનું ઉજ્જ્વલન કરે છે. એ રીતે યાવદ્ વિપાકસૂત્ર વાચનાચાર્ય પૂર્વમાં ભણેલું નષ્ટ થયેલા દૃષ્ટિવાદને અન્યની પાસે ઉજ્જ્વાલન કરે છે. દૃષ્ટિવાદ વાચનાચાર્યનું થાય છે=આભાવ્ય થાય છે= તે ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલ સચિત્તાદિ વસ્તુ દૃષ્ટિવાદના વાચનાચાર્યનું થાય છે. શેષોનું થતું નથી=વચલા અધ્યાપન કરાવનારા કોઈનું આભાવ્ય થતું નથી; કેમ કે આભવનનું=આભાવ્યવસ્તુ કોની થાય એ રૂપ આભવનનું, ઉત્તરોત્તર સંક્રાંતિથી અંતિમમાં અવસ્થાન છે અને આ=મંડલિકામાં જે ઉજ્જ્વલન કરતા સાધુઓને આશ્રયીને આભાવ્ય બતાવ્યું તે, આવલિકામાં પણ જાણવું અને આ રીતે=આવલિકા અને મંડલિકામાં કઈ રીતે આભાવ્ય છિન્ન થાય છે તે બતાવ્યું એ રીતે, છિન્ન અચ્છિન્ન વિશેષની અનુપપત્તિ છે=આવલિકા છિન્ન છે અને મંડલિકા અચ્છિન્ન છે એ પ્રકારની ભેદની અનુપપત્તિ છે એમ ન કહેવું; કેમ કે વ્યાખ્યાતાના અન્ય અભિધારણથી અને અનભિધારણથી તેની ઉપપત્તિ છે=છિન્ન અચ્છિન્નની ઉપપત્તિ છે અર્થાત્ આવલિકામાં બહુલતાએ અન્યનું અભિધારણ પ્રાપ્ત થાય છે અને મંડલિકામાં બહુલતાએ અન્યનું અનભિધારણ છે તેને આશ્રયીને આવલિકાને છિન્ન કહેલ છે અને મંડલિકાને અચ્છિન્ન કહેલ છે એ પ્રકારે સંગતિ છે અને આ છિન્ન-અચ્છિન્ન ઉપસંપદ અભિપ્રાયથી કહેવાય છે=અભિધારણ અનભિધારણરૂપ અભિપ્રાયથી કહેવાય છે.

અથવા=પૂર્વમાં છિન્ન-અચ્છિન્નનો વિશેષ અભિધારણ અનભિધારણથી બતાવ્યો હવે 'અથવા'થી છિન્ન-અચ્છિન્નનો ભેદ અન્ય પ્રકારે બતાવે છે.

છિન્નપણું સર્વત્ર એકાંત નિવેશથી જ છે. તેથી=છિન્નત્વ એકાંતમાં અધ્યાપનાર્થે નિવેશથી જ છે તેથી, આવલિકામાં તંત્ર ઉક્ત પરસ્પર આભાવ્ય વિશેષની અનુપપત્તિ નથી એ પ્રમાણે સમ્યગ્ આલોચન કરવું જોઈએ=આવલિકા વખતે એકાંતમાં બેસીને કોઈ સાધુ પરસ્પર સૂત્રોની વાચના આપતા હોય ત્યારે જેનું સૂત્ર બળવાન હોય તેનું આભાવ્ય થાય છે એ પ્રમાણે શાસ્ત્રમાં કહેલ આભાવ્ય વિશેષની અંતિમ અધ્યાપકમાં વિશ્રાંતિ નહિ હોવાથી અનુપપત્તિ નથી=અસંગતિ નથી એ પ્રમાણે સમ્યગ્ આલોચન કરવું જોઈએ અને જેની પાસે ધર્મકથા શાસ્ત્રો અથવા વાદ શાસ્ત્રો ઉજ્જ્વાલન કરે છે અથવા ભણે છે. તે પાઠકનું આભવન થાય છે, પાઠ્યમાનનું નહિ=ભણનારનું નહિ અને બહુશ્રુતતર પણ જો અન્ય સમીપે પ્રકીર્ણક શ્રુત ભણે છે ત્યારે તે પ્રકીર્ણક શ્રુત

**ભણાવનારનું આભાવ્ય થાય છે, બહુશ્રુતતરનું નહિ. વધારે શું કહેવું જે સાધુ જેની સમીપે=જે સાધુ પાસે ભણે છે=કોઈપણ ધર્મશાસ્ત્ર ભણે છે ઉજ્જ્વલન કરે છે. તેનું સત્ક આભાવ્ય=ભણનાર સંબંધી આભાવ્ય ઈતર વાચનાચાર્ય હરણ કરે છે=વાચનાચાર્યનું આભાવ્ય થાય છે અને ઘોટકકંડૂયનથી પરસ્પર પૃચ્છામાં જે સાધુ જ્યારે જેને પૂછે છે=જે સાધુને પૂછે છે તે=પૂછનાર સાધુ ત્યારે તેનો=તે પ્રશ્નનો, પ્રતીચ્છક છે અને ઈતર=ઉત્તર આપનાર, પ્રતીચ્છ્ય છે અને જ્યાં સુધી જે પ્રતિચ્છ્ય છે, ત્યાં સુધી તેનું=ઉત્તર આપનારનું, થાય છે=આભાવ્ય થાય છે. ॥૨૧૦॥**

**ભાવાર્થ :-**

સુસાધુ શ્રુત પ્રત્યેની ભક્તિ અને શ્રુત પ્રત્યે બહુમાન વૃદ્ધિ થાય તે રીતે યત્ન કરે છે જેથી સંયમના કંડકોની વૃદ્ધિ થાય છે આથી જ કોઈ ગચ્છના સાધુ એક સ્થાનમાં સમાપ્તકલ્પવાળા અનેક હોય ત્યારે અન્ય ગચ્છના સાધુ સૂત્રમાં કે અર્થમાં અધિક સંપન્ન હોય ત્યારે તેમની પાસે સૂત્ર ગ્રહણ કે અર્થ ગ્રહણ કરે છે તે વખતે જે પોતાનું આભાવ્ય હોય એ પણ જેની પાસે સૂત્ર ગ્રહણ કે અર્થ ગ્રહણ કરે છે તેમને આપે છે. આ પ્રમાણે ઉચિત આભાવ્યની વ્યવસ્થાને કારણે શ્રુત ભણનાર સાધુને માત્ર તે ભણેલા છે માટે તેમની પાસે હું સૂત્ર ગ્રહણ કરું એવો અધ્યવસાય થતો નથી પરંતુ તેઓ ભણાવતા હોય ત્યારે તેઓ તે ગુણથી અધિક છે માટે પૂજ્ય છે અને પૂજ્ય એવા તેઓનું સચિત્ત આદિ આભાવ્ય તેમને અર્પણ કરવાથી તેમના શ્રુત પ્રત્યે ભક્તિ થાય છે. આથી જ બહુશ્રુત પણ સાધુ ક્યારેક પૂર્વનું ભણેલું કોઈક શ્રુત વિસ્મૃત થયું હોય ત્યારે પોતાનાથી અલ્પશ્રુતવાળા પાસે પણ તેને ઉજ્જ્વલિત કરતા હોય ત્યારે પોતાને પ્રાપ્ત થતું આભાવ્ય પણ તેમને આપે છે તેથી શ્રુત પ્રત્યેની ભક્તિમાં અતિશય થાય છે.

વળી, અઠ્યાશી સૂત્રો છે તેમાંથી પૂર્વ પૂર્વના સૂત્ર કરતાં ઉત્તર ઉત્તરનું સૂત્ર બલવાન છે; કેમ કે મોક્ષમાર્ગના સૂક્ષ્મસૂક્ષ્મ પદાર્થોને બતાવનાર છે તેથી જે સાધુ નીચેનાં સૂત્રો કોઈકની પાસે ભણતા હોય અને તે સાધુ ઉપરનાં સૂત્રો તેમને ભણાવતા હોય ત્યારે ઉપરના સૂત્રને ભણાવનાર અધિક બહુમાન પાત્ર છે. તેથી તેમનું આભાવ્ય થાય છે. આ રીતે સૂત્રને આશ્રયીને પણ ઉત્તર ઉત્તરના સૂત્ર પ્રત્યે બહુમાનભાવ થવાથી સંયમની વૃદ્ધિ થાય છે માટે સુસાધુને આશ્રયીને તે પ્રકારે જ આભાવ્ય અનાભાવ્યની વ્યવસ્થા છે.

વળી, છિન્નત્વનો અર્થ 'અથવા'થી અન્ય પ્રકારે કર્યો કે એકાંત નિવેશથી જ તે વાચના છિન્ન છે તેથી એ પ્રાપ્ત થાય કે જે વાચના સર્વને આપવાની નથી વિશિષ્ટ યોગ્યતાવાળાને આપવાની છે તેથી એકાંતમાં બેસવા દ્વારા તે વાચના અન્ય સાધુઓથી છિન્ન થાય છે, પરિમિત અધિકારીને જ આપવાની છે માટે તે વાચનાથી પરિમિત અધિકારીને બોધની પ્રાપ્તિ થાય છે. અન્યને અહિત થવાનો સંભવ હોવાથી એકાંતમાં બેસવા દ્વારા તેને છિન્ન કહેલ છે. **॥૨૧૦॥**

**ગાથા :-**

**अत्था वि हुंति एवं, बलिआ मुत्तूण णवरि छेयत्थं ।**
**मीसे वि गमो एसो, बलिअं पुव्वाओ पुव्वगयं ।।२११।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે સૂત્રોક્ત ક્રમથી જ, अत्था वि बलिआ हुंति=અર્થ પણ બલિક થાય છે. णवरि छेयत्थं मुत्तूण=ફક્ત છેદસૂત્રના અર્થને મૂકીને, मीसे वि एसो गमो=મિશ્રમાં પણ આજ ગમ છે અર્થાત્ માર્ગ છે. पुव्वाओ=પૂર્વ કરતાં, पुव्वगयं बलिअं=પૂર્વગત બલિક છે. ॥૨૧૧॥

**ગાથાર્થ :-**

**આ રીતે સૂત્રોક્ત ક્રમથી જ, અર્થ પણ બલિક થાય છે ફક્ત છેદસૂત્રના અર્થને મૂકીને, મિશ્રમાં પણ આ જ ગમ છે અર્થાત્ માર્ગ છે. પૂર્વ કરતાં પૂર્વગત બલિક છે. ॥૨૧૧॥**

**ટીકા :-**

'अत्था वि'त्ति अर्था अपि 'एवं' सूत्रोक्तक्रमेणैव बलिकाः, तथाहि—एक एकस्य पार्श्वे आवश्यकार्थमधीते, आवश्यकार्थवाचनाचार्यः पुनरावश्यकार्थप्रतिपृच्छकस्य समीपे दशवैकालिकार्थमधीते दशवैकालिकार्थवाचनाचार्यस्याभाव्यं तत् क्षेत्रम्, एवं तावद्वाच्यं यावदष्टाशीतिसूत्रार्थः । नवरं छेदसूत्रार्थं मुक्त्वाऽर्थाचार्याणामुपरि खलु छेदसूत्रार्थाचार्यो वक्तव्यः, तथाहि—एक एकस्य पार्श्वे दृष्टिवादगतानामष्टाशीतिसूत्राणामर्थमधीते, अष्टाशीतिसूत्रार्थवाचनाचार्यः पुनरष्टाशीतिसूत्रार्थप्रतीच्छकस्य पार्श्वे छेदसूत्रार्थमधीते छेदसूत्रार्थवाचनाचार्यस्याभाव्यं तत् क्षेत्रम् । 'मिश्रेऽपि' सूत्रार्थोभयरूपे एष एव 'गमः' प्रकारः पूर्वगतं पूर्वस्माद् बलिकम् । अत्र पूर्वशब्देन अर्थ उच्यते, भगवता उक्तत्वेन सूत्रापेक्षया तस्य पूर्वत्वात्, स च प्रकरणादष्टाशीतिसूत्रार्थपर्यन्तो गृह्यते, तावत्पर्यन्तो हि सूत्रादर्थो बलियान् । एक एकस्य पार्श्वे आवश्यकसूत्रमधीते तस्य समीपे पुनः सूत्रवाचनाचार्य आवश्यकार्थमधीते आवश्यकार्थवाचनाचार्यस्याभवति, एवं तावद् भावनीयं यावदष्टाशीतिसूत्रार्थवाचनाचार्य इति । तावत्पर्यन्ताच्चार्थात्पूर्वगतं बलियः, तावत्पर्यन्तात्सूत्रात्तु सुतरां तद् बलीय इति द्रष्टव्यम् । तथाहि—एक एकस्य पार्श्वे आवश्यकस्य सूत्रमर्थं तदुभयं वाऽधीते तस्य समीपे पुनरावश्यकसूत्रार्थतदुभयवाचनाचार्यः पूर्वगतं सूत्रमधीते पूर्वगतसूत्रवाचनाचार्यस्याभवति, एवं तावद्वाच्यं यावदष्टाशीतिसूत्राणि । पूर्वगतसूत्राच्च पूर्वगतार्थो बलीयानिति ।।२११।।

**ટીકાર્થ :-**

'अत्था वि'त्ति ..... बलीयानिति ।। આ રીતે સૂત્રોક્ત ક્રમથી જ, અર્થો પણ બલિક છે તે આ પ્રમાણે – એક સાધુ એકની પાસે આવશ્યક અર્થ ભણે છે. આવશ્યક અર્થના વાચનાચાર્ય વળી આવશ્યકાર્થ પ્રતિપૃચ્છક પાસે દશવૈકાલિક અર્થને ભણે છે. દશવૈકાલિક અર્થના વાચનાચાર્યનું તે ક્ષેત્ર આભાવ્ય થાય છે. આ રીતે ત્યાં સુધી કહેવું જ્યાં સુધી અટ્ઠયાશી સૂત્રનો અર્થ થાય છે. કેવલ છેદસૂત્રાર્થને છોડીને અર્થની વાચના આપનાર આચાર્યના ઉપરમાં છેદ સૂત્રાર્થના વાચનાચાર્ય કહેવા.

તે આ પ્રમાણે – એક સાધુ કોઈ એક સાધુ પાસે દૃષ્ટિવાદ ગત અટ્ઠયાશી સૂત્રોના અર્થને ભણે છે. વળી, અટ્ઠયાશી સૂત્રના અર્થના વાચનાચાર્ય અટ્ઠયાશી સૂત્રના અર્થને ભણનારા સાધુ પાસે છેદ સૂત્રના અર્થને ભણે છે તે ક્ષેત્ર છેદ સૂત્રાર્થના વાચનાચાર્યનું આભાવ્ય થાય છે. મિશ્રમાં પણ=સૂત્ર-અર્થ ઉભયરૂપ અધ્યયનમાં પણ આ જ ગમ=પ્રકાર છે.

પૂર્વથી પૂર્વગત બલિક છે=પૂર્વમાં જે અર્થો કહ્યા તે અર્થોથી પૂર્વગત સૂત્ર છે=દૃષ્ટિવાદમાં ત્રીજા પ્રસ્થાનરૂપ જે પૂર્વગત સૂત્ર છે તે બલિક છે. અહીં=પૂર્વથી પૂર્વગત સૂત્ર બલિક છે એ કથનમાં, પૂર્વ શબ્દથી='પૂર્વસ્માત્'માં રહેલ પૂર્વ શબ્દથી, અર્થ ગ્રહણ કરાય છે; કેમ કે ભગવાન વડે ઉક્તપણું હોવાને કારણે સૂત્ર અપેક્ષાએ તેનું પૂર્વપણું છે અને તે=પૂર્વસ્માત્ શબ્દથી વાચ્ય અર્થ, પ્રકરણના વશથી=અર્થના પ્રકરણના વશથી અટ્ઠયાશી સૂત્રના અર્થપર્યંત ગ્રહણ થાય છે. હિ=જે કારણથી તેટલા પર્યંત=અટ્ઠયાશી સૂત્રો સુધી સૂત્રથી અર્થ બલવાન છે. એક સાધુ એકની પાસે=કોઈ અન્ય એક સાધુ પાસે, આવશ્યક સૂત્ર ભણે છે તેની સમીપે વળી=આવશ્યક સૂત્ર ભણે છે એની સમીપે વળી, આવશ્યક સૂત્રના વાચનાચાર્ય આવશ્યક સૂત્રના અર્થને ભણે છે. આવશ્યક અર્થના વાચનાચાર્યનું આભવન થાય છે=ક્ષેત્ર આભાવ્ય થાય છે. આ રીતે ત્યાં સુધી ભાવન કરવું જ્યાં સુધી અટ્ઠયાશી સૂત્રના અર્થના વાચનાચાર્ય છે તેટલા પર્યંતના અર્થથી=અટ્ઠયાશી સૂત્ર સુધીના અર્થથી, પૂર્વગત= દૃષ્ટિવાદમાં રહેલાં પાંચ પ્રસ્થાનો છે તેમાંથી જે ત્રીજું પૂર્વગત પ્રસ્થાન છે તે રૂપ પૂર્વગત સૂત્ર, બલવાન છે. વળી, તેટલા પર્યંતના સૂત્રથી=આવશ્યકથી લઈને દૃષ્ટિવાદપર્યંતનાં અટ્ઠયાશી સૂત્રોથી, સુતરાં તે=પૂર્વગત સૂત્ર, બલિક છે એ પ્રમાણે જાણવું તે આ પ્રમાણે–એક સાધુ કોઈ એક સાધુ પાસે આવશ્યકના સૂત્ર, અથવા અર્થ અથવા તદુભય ભણે છે તેના સમીપે=તે આવશ્યકના સૂત્ર અથવા અર્થ અથવા તદુભય ભણનારની પાસે, આવશ્યક સૂત્રાર્થ તદુભયના વાચનાચાર્ય પૂર્વગત સૂત્ર ભણે છે=દૃષ્ટિવાદનું ત્રીજું પ્રસ્થાન ભણે છે. પૂર્વગત સૂત્રના વાચનાચાર્યનું આભવન થાય છે=તે ક્ષેત્ર આભાવ્ય થાય છે. આ રીતે ત્યાં સુધી કહેવું યાવત્ અટ્ઠયાશી સૂત્રો સુધી=પૂર્વ પૂર્વનાં અટ્ઠયાશી સૂત્રો સુધી, કોઈ સાધુ સૂત્રો અને અર્થો ભણાવતા હોય છતાં તે ભણનાર પાસેથી પૂર્વગત સૂત્ર ભણતા હોય તો પૂર્વગત સૂત્ર ભણાવનારનું તે ક્ષેત્ર આભવત્ થાય છે અને પૂર્વગત સૂત્રથી પૂર્વગત અર્થ બલવાન છે. ॥૨૧૧॥

**ભાવાર્થ :-**

ગાથા-૨૧૦માં કહ્યું કે આવશ્યક સૂત્ર કરતાં દશવૈકાલિક સૂત્ર બલિક છે. દશવૈકાલિક કરતાં ઉત્તરાધ્યયન બલિક છે આ રીતે ઉત્તર ઉત્તરનું સૂત્ર બલિક જાણવું, યાવત્ દૃષ્ટિવાદના પરિકર્મ પછીનાં અટ્ઠયાશી સૂત્રો છે ત્યાં સુધી પૂર્વ પૂર્વના સૂત્ર કરતાં ઉત્તર ઉત્તરનું સૂત્ર બલિક છે. વળી, અર્થોનો ક્રમ પણ એ જ પ્રકારે છે તેથી આવશ્યક સૂત્રના અર્થ કરતાં દશવૈકાલિક સૂત્રનો અર્થ બલિક છે અને તે પણ દૃષ્ટિવાદનાં અટ્ઠયાશી સૂત્ર સુધી ઉત્તર ઉત્તરનો બલિક છે. ફક્ત સૂત્રોના ક્રમમાં જે છેદસૂત્ર પ્રાપ્ત હતું તે છેદસૂત્રનો અર્થ અટ્ઠયાશી સૂત્રના અર્થો કરતાં પણ બલિક છે. આ રીતે સૂત્રને આશ્રયીને ઉત્તર ઉત્તરનું સૂત્ર બલિક

બતાવ્યું. અર્થને આશ્રયીને ઉત્તર ઉત્તરના અર્થ બલિક છે તેમ બતાવ્યું. મિશ્રમાં પણ અર્થ અનુસાર જ ક્રમ છે તેથી કોઈ સાધુ નીચેનું સૂત્ર-અર્થ કોઈ પાસે ભણતા હોય અને તે ભણનાર સાધુ ઉપરના સૂત્ર-અર્થને ભણાવતા હોય તો ઉપરના સૂત્ર-અર્થન ભણાવનાર તે સાધુનું તે ક્ષેત્ર આભાવત્ થાય છે. આ રીતે દૃષ્ટિવાદનાં અટ્ઠયાશી સૂત્રો સુધીના સૂત્ર, અર્થ, તદુભયની બલિકતા બતાવ્યા પછી દૃષ્ટિવાદના પૂર્વગત સૂત્રની કઈ રીતે બલિકતા છે તે સ્પષ્ટ કરતાં કહે છે.

પૂર્વનાં અટ્ઠયાશી સૂત્રોના અર્થો કરતાં પણ પૂર્વગત સૂત્ર બલિક છે. તેથી અર્થથી ફલિત થાય કે પૂર્વનાં અટ્ઠયાશી સૂત્રોના અર્થો કરતાં પણ પૂર્વગત સૂત્ર બલિક હોય તો પૂર્વનાં અટ્ઠયાશી સૂત્રો સુધીનાં સૂત્રોથી સુતરાં પૂર્વગત સૂત્ર બલિક છે=દૃષ્ટિવાદમાં પાંચ પ્રસ્થાનો છે અર્થાત્ પાંચ વિભાગો છે તેમાંથી ત્રીજું પૂર્વગત પ્રસ્થાન છે તે પૂર્વગત સૂત્ર બલિક છે અને પૂર્વગત સૂત્રોથી પણ પૂર્વગત અર્થો બલવાન છે. અહીં વિશેષ એ છે કે સાધુ સૂત્રો-અર્થો જે કાંઈ ભણે છે તે સામાયિકનાં વૃદ્ધિના પરિણામ અર્થે ભણે છે; કેમ કે ભગવાને બતાવેલાં સર્વ સૂત્રો અને સર્વ અર્થો સંસારના ક્ષયનું પ્રબલ કારણ છે આમ છતાં પૂર્વ પૂર્વનાં સૂત્રો કરતાં ઉત્તર ઉત્તરનાં સૂત્રો અધિક વિશુદ્ધિનાં કારણ છે અને પૂર્વ પૂર્વનાં સૂત્રો કરતાં તે તે સૂત્રોના અર્થો અધિક વિશુદ્ધિનાં કારણ છે તેથી જે અધિક વિશુદ્ધિનું કારણ હોય તેવા સૂત્ર કે અર્થો જેઓ આપતા હોય તેઓમાં રહેલા શ્રેષ્ઠ શ્રુત પ્રત્યે ભક્તિનો અતિશય કરાવવા અર્થે તે ક્ષેત્ર કોનું આભાવ્ય થાય છે તેમ બતાવેલ છે તેથી ભણનારને અધિક બલવાન સૂત્રો આપનારા કે અધિક બલવાન અર્થો આપનારા પ્રત્યે પૂજ્યભાવ અતિશય કરવા અર્થે જ આ રીતે આભાવ્યની વ્યવસ્થા છે. તેના પાલનથી શ્રુત પ્રત્યેની ભક્તિનો અતિશય થાય છે. **॥૨૧૧॥**

**અવતરણિકા :-**

**अथ कुतो हेतोः शेषात् सूत्रादर्थाच्च पूर्वगतं सूत्रं बलीयः ? इत्याशङ्कायामाह –**

**અવતરણિકાર્થ :-**

**અથથી શંકા કરે છે ક્યા હેતુથી શેષ સૂત્રોથી અને અર્થોથી પૂર્વગત સૂત્ર બલવાન છે ? એ પ્રકારની આશંકામાં કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે શેષ સૂત્રોથી અને અર્થોથી=શેષ સૂત્રોના અર્થોથી, પૂર્વગત સૂત્ર બલવાન છે. ત્યાં વિચારકને શંકા થાય કે સૂત્ર કરતાં અર્થ બલવાન હોવા છતાં પૂર્વગત સૂત્રમાં શું એવું વિશેષ છે ? કે જેથી અન્ય સર્વ સૂત્રો અને અર્થો કરતાં પૂર્વગત સૂત્રો બળવાન છે ? તેનું સમાધાન કરતાં કહે છે –

**ગાથા :-**

**परिकम्मेहि य अत्था, सुत्तेहि य जे य सूइआ तेसिं ।**
**होइ विभासा उवरिं, पुव्वगयं तेण बलिअं तु ।।२१२।।**

**અન્વયાર્થ :-**

परिकम्मेहि सुत्तेहि य=પરિકર્મોથી અને સૂત્રોથી, जे अत्था सूइआ=જે અર્થો સૂચિત છે. तेसिं उवरिं=તેઓના ઉપરમાં=પૂર્વમાં, विभासा होइ=વિભાષા છે=પૂર્વગત સૂત્રોના વક્તવ્યનું કથન છે. तेण=તે કારણથી, पुव्वगयं बलिअं=પૂર્વગત બલિક છે. ॥૨૧૨॥

**ગાથાર્થ :-**

**પરિકર્મોથી અને સૂત્રોથી જે અર્થો સૂચિત છે તેઓના ઉપરમાં=પૂર્વમાં, વિભાષા છે=પૂર્વગત સૂત્રોના વક્તવ્યનું કથન છે તે કારણથી પૂર્વગત બલિક છે. ॥૨૧૨॥**

**ટીકા :-**

**'परिकम्मेहि य'त्ति । दृष्टिवादः पञ्चप्रस्थानः, तद्यथा—परिकर्माणि १ सूत्राणि २ पूर्वगतं ३ अनुयोगः ४ चूलिका ५ चेति । तत्र 'परिकर्मभिः' सिद्धिश्रेणिकाप्रभृतिभिः 'सूत्रैश्च' अष्टाशीति-सङ्ख्यैरर्था ये सूचितास्तेषां सर्वेषामप्यन्येषां च 'उपरि' पूर्वेषु 'विभाषा भवति' अनेकप्रकारं ते तत्र भाष्यन्त इत्यर्थः, तेन कारणेन पूर्वगतं सूत्रं बलिकम् ॥२१२॥**

**ટીકાર્થ :-**

दृष्टिवादः ..... बलिकम् ॥ **દૃષ્ટિવાદ પાંચ પ્રસ્થાનવાળું છે=પાંચ વિભાગવાળું છે. ૧) પરિકર્મો ૨) સૂત્રો ૩) પૂર્વગત ૪) અનુયોગ ૫) ચૂલિકા એમ પાંચ વિભાગવાળું દૃષ્ટિવાદ નામનું ૧૨મું અંગ છે. ત્યાં=પાંચ પ્રસ્થાનમાં, પરિકર્મો વડે સિદ્ધ શ્રેણિકા વગેરેથી અને સૂત્રોથી=અટ્ઠ્યાશીની સંખ્યાવાળાં સૂત્રોથી, જે અર્થો સૂચિત કરાય તે સર્વના પણ અને અન્યના પણ ઉપરમાં=પૂર્વમાં, વિભાષા થાય છે=અનેક પ્રકારે, તે=પૂર્વગત સૂત્રો, ત્યાં=પૂર્વનાં કથનોમાં, કહેવાય છે તે કારણથી પૂર્વગત સૂત્ર બલિક છે. ॥૨૧૨॥**

**ભાવાર્થ :-**

ભગવાને ત્રિપદી દ્વારા જગત્વર્તી સર્વ ભાવોનો બોધ થાય તે રીતે ગણધરોને બોધ આપ્યો અને તે અર્થથી બોધ કર્યા પછી ગણધરોએ ચૌદપૂર્વની રચના કરી જે ચૌદપૂર્વો દૃષ્ટિવાદનાં પાંચ પ્રસ્થાનોમાંથી ત્રીજું પ્રસ્થાન છે અને દૃષ્ટિવાદમાં રહેલા પરિકર્મથી=સિદ્ધિની શ્રેણિકા વગેરેથી અને અટ્ઠયાશી સૂત્રોથી જે અર્થો સૂચિત થાય છે અને તે સિવાયના આચારાંગ આદિ પૂર્વનાં સૂત્રોથી જે અર્થો સૂચિત થાય છે તે સર્વેમાં અનેક રીતે પૂર્વગત સૂત્રોનાં કથનો કહેવાય છે તેથી ફલિત થાય છે કે ચૌદપૂર્વની રચના કર્યા પછી તેમાં જ રહેલા પદાર્થોને આચારાંગ આદિમાં નિબદ્ધ કરાયા છે અને અટ્ઠયાશી સૂત્રોમાં નિબદ્ધ કરાયા છે તેથી તે સર્વનું મૂળ ઉત્પત્તિસ્થાન પૂર્વગત સૂત્રો છે તેથી પૂર્વનાં સર્વ સૂત્રોના અર્થ કરતાં પૂર્વગત સૂત્રો બળવાન છે. **॥૨૧૨॥**

અવતરણિકા :-

येन कारणेन पूर्वगतसूत्रादर्थो बलीयान् तदभिधित्सुराह –

અવતરણિકાર્થ :-

જે કારણથી પૂર્વગત સૂત્રથી અર્થ=પૂર્વગત સૂત્રનો અર્થ, બળવાન છે તેને કહેવાની ઇચ્છાથી કહે છે –

ગાથા :-

तित्थगरट्ठाणं खलु, अत्थो सुत्तं तु गणहरट्ठाणं ।
अत्थेण य वंजिज्जइ, सुत्तं तम्हा उ सो बलवं ।।२१३।।

અન્વયાર્થ :-

खलु तित्थगरट्ठाणं अत्थो=ખરેખર તીર્થંકરના સ્થાનવાળો અર્થ છે. सुत्तं तु गणहरट्ठाणं=વળી સૂત્ર ગણધરના સ્થાનવાળું છે. अत्थेण य=અને અર્થથી, सुत्तं वंजिज्जइ=સૂત્ર વ્યક્ત થાય છે. तम्हा उ=તે કારણથી, सो=તે=અર્થ, बलवं=બળવાન છે. ।।૨૧૩।।

ગાથાર્થ :-

**ખરેખર તીર્થંકર સ્થાનવાળો અર્થ છે. ગણધરના સ્થાનવાળું સૂત્ર છે અને અર્થથી સૂત્ર વ્યક્ત થાય છે તે કારણથી તે=અર્થ, બળવાન છે. ।।૨૧૩।।**

ટીકા :-

'तित्थगर'त्ति । अर्थः खलु तीर्थकरस्थानम्, तस्य तेनाभिहितत्वात् । सूत्रं तु गणधरस्थानम्, तस्य तैर्दृब्धत्वात् । अर्थेन च यस्मात्सूत्रं 'व्यज्यते' प्रकटीक्रियते तस्मात् 'सः' अर्थः सूत्राद् बलवान् ।।२१३।।

ટીકાર્થ :-

अर्थः खलु ..... बलवान् ।। અર્થ ખરેખર તીર્થંકરના સ્થાનવાળો છે; કેમ કે તેમના વડે=તીર્થંકરો વડે, તેનું અભિહિતપણું છે=અર્થનું કથિતપણું છે. વળી, સૂત્ર ગણધરના સ્થાનવાળું છે; કેમ કે તેઓ વડે=ગણધરો વડે, તેનું રચિતપણું છે અને જે કારણથી અર્થ વડે સૂત્ર પ્રગટ કરાય છે. તે કારણથી તે=અર્થ-સૂત્રથી બલવાન છે. ।।૨૧૩।।

અવતરણિકા :-

अथ कस्माच्छेषार्थेभ्यश्छेदसूत्रार्थो बलीयान् ? इत्याह –

અવતરણિકાર્થ :-

હવે કયા કારણથી શેષ અર્થોથી છેદ સૂત્રનો અર્થ બલવાન છે ? એથી કહે છે –

ગાથા :-

जम्हा उ होइ सोही, छेयसुयत्थेण खलिअचरणस्स ।
तम्हा छेयसुयत्थो, बलवं मुत्तूण पुव्वगयं ।।२१४।।

અન્વયાર્થ :-

जम्हा उ खलिअचरणस्स=જે કારણથી સ્ખલના પામેલા ચારિત્રવાળા સાધુની, छेयसुयत्थेण सोहि होइ=છેદસૂત્રના અર્થથી શુદ્ધિ થાય છે. तम्हा=તે કારણથી, पुव्वगयं मुत्तूण=પૂર્વગત અર્થોને છોડીને, छेयसुयत्थो बलवं=છેદ સૂત્રનો અર્થ બળવાન છે. ।।૨૧૪।।

ગાથાર્થ :-

**જે કારણથી સ્ખલના પામેલા ચારિત્રવાળા સાધુની છેદ સૂત્રોના અર્થથી શુદ્ધિ થાય છે તે કારણથી પૂર્વગત અર્થોને છોડીને છેદ સૂત્રનો અર્થ બળવાન છે. ।।૨૧૪।।**

ટીકા :-

'जम्हा उ'त्ति । यस्मात् 'स्खलितचरणस्य' आपन्नचारित्रदोषस्य छेदसूत्रार्थेन शोधिर्भवति तस्मात्पूर्वगतमर्थं मुक्त्वा शेषात् सर्वस्मादप्यर्थाच्छेदश्रुतार्थो बलीयानिति ।।२१४।।

ટીકાર્થ :-

यस्मात् ..... बलीयानिति ।। જે કારણથી સ્ખલિત ચારિત્રવાળા સાધુને=પ્રાપ્ત થયેલા ચારિત્રના દોષવાળા સાધુને, છેદ સૂત્રના અર્થથી શુદ્ધિ થાય છે તે કારણથી પૂર્વગત અર્થને છોડીને શેષ સર્વ પણ અર્થોથી છેદ સૂત્રનો અર્થ બલવાન છે. ।।૨૧૪।।

ભાવાર્થ :-

સાધુ શ્રુતનું અધ્યયન કરીને ચારિત્રની શુદ્ધિ કરવા જ યત્ન કરે છે. જેમ જેમ ચારિત્રની શુદ્ધિ અધિક અધિક થાય છે તેમ તેમ સંસારનો ક્ષય થાય છે તેથી સંસારના ભય પ્રત્યે ચારિત્રની શુદ્ધિ જ પ્રબળ કારણ છે અને તે ચારિત્રની શુદ્ધિના પ્રયોજનથી જ સર્વ સૂત્રોના અર્થો સાધુઓ ભણે છે, સ્થિર કરે છે અને ગુણસ્થાનકની વૃદ્ધિ કરે છે. આમ છતાં અનાદિ ભવ અભ્યસ્ત કષાયો છે અને નિમિત્તને પામીને પ્રમાદી સાધુને તે કષાયો સ્ખલના કરાવે છે અને તે સ્ખલના થવાથી સાધુનું ચારિત્ર અશુદ્ધ બને છે અને અશુદ્ધ ચારિત્રવાળા સાધુ સંયમની આચરણાથી કે શ્રુતઅધ્યયનથી પણ શુદ્ધિને પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ છેદ ગ્રંથોના અર્થો જેઓને યથાર્થ પ્રાપ્ત થયા છે તે મહાત્માઓ જ છેદ ગ્રંથોના અર્થોના બળથી સ્ખલના પામેલા સાધુના ચારિત્રની શુદ્ધિ કરાવી શકે છે. તેથી ચારિત્રની શુદ્ધિમાં પ્રબળ કારણ હોવાથી પૂર્વગત સૂત્રોના અર્થને છોડીને સર્વ સૂત્રોના અર્થોથી છેદ સૂત્રોના અર્થો બળવાન છે. **॥૨૧૪॥**

**અવતરણિકા :-**

तदेवं वर्षासु स्थितानां श्रुतोपसम्पदमधिकृत्य क्षेत्राभवनविवेकः कृतः । अथ तेषां स्वाभाविकं विशेषमाह —

**અવતરણિકાર્થ :-**

આ રીતે=અત્યારસુધી વર્ણન કર્યું એ રીતે, વર્ષાઋતુમાં રહેલા સાધુઓને શ્રુત ઉપસંપદાને આશ્રયીને ક્ષેત્ર આભવન વિવેક કરાયો. હવે તેઓના=વર્ષાઋતુમાં રહેલા સાધુઓના, સ્વાભાવિક વિશેષને કહે છે=કોનું ક્ષેત્ર થાય છે તેના વિષયમાં સ્વાભાવિક વિશેષ છે તેને કહે છે –

**ગાથા :-**

अंतो ठिआण खित्तं, गणिआयरिआण दोसु गामेसु ।
वासासु होइ तं खलु, गमणागमणेहिं णो बाहिं ।।२१५।।

**અન્વયાર્થ :-**

वासासु=વર્ષાઋતુમાં, दोसु गामेसु ठिआण=બે ગામોમાં રહેલા, गणिआयरिआण=ગણિ અને આચાર્યોનું, अंतो तं खित्तं=અંદરનું તે ક્ષેત્ર થાય છે=આભવત્ થાય છે. गमणागमणेहिं बाहिं णो=ગમનાગમન વડે બહારનું નહિ. ॥૨૧૫॥

**ગાથાર્થ :-**

**વર્ષાઋતુમાં બે ગામમાં રહેલા ગણિ અને આચાર્યોનું અંદરનું તે ક્ષેત્ર થાય છે=આભવત્ થાય છે. ગમનાગમન વડે બહારનું નહિ. ॥૨૧૫॥**

**ટીકા :-**

'अंतो'त्ति । गणोऽस्यास्तीति गणी-गणावच्छेदकः, आचार्यश्च प्रतीतः, तयोर्द्वयोर्ग्रामयोः पृथक्पृथक्स्थितयोर्वर्षासु तद्ग्रामद्वयलक्षणमन्तः क्षेत्रमाभवति न तु बहिः, गमनागमनाभ्यां पानीयहरिताद्याकुलतया बहिः सञ्चाराभावात् ।।२१५।।

**ટીકાર્થ :-**

गणोऽस्यास्तीति ..... सञ्चाराभावात् ।। ગણ છે આને તે ગણી=ગચ્છાવચ્છેદક અને આચાર્ય પ્રતીત છે. બે ગામમાં પૃથક્ પૃથક્ રહેલા એવા તે બેનું, વર્ષાઋતુમાં તે ગ્રામદ્વયલક્ષણ અંદરનું ક્ષેત્ર આભવત્ થાય છે પરંતુ બહારનું નહિ; કેમ કે પાણી, વનસ્પતિ આદિનું આકુલપણું હોવાને કારણે ગમન-આગમન દ્વારા બહિર્ સંચારનો અભાવ છે. ॥૨૧૫॥

ગાથા :-

एगदुगपिंडिआण वि, वासासु समत्तकप्पिआण हवे ।
वागंतियववहारोचियमाभव्वं समे खित्ते ।।२१६।।

અન્વયાર્થ :-

वासासु=વર્ષાઋતુમાં, एगदुगपिंडिआण वि=એક બે પિંડિત પણ, समत्तकप्पिआण हवे=સમાપ્તકલ્પવાળાનું આભાવ્ય થાય. समे खित्ते=સમાન ક્ષેત્રમાં, वागंतियववहारोचियमाभव्वं=વાગન્તિક વ્યવહારને ઉચિત આભાવ્ય થાય છે. ॥૨૧૬॥

ગાથાર્થ :-

**વર્ષાઋતુમાં એક બે પિંડિત પણ સમાપ્તકલ્પવાળાનું આભાવ્ય થાય. વાગંતિક વ્યવહારને ઉચિત સમાન ક્ષેત્રમાં આભાવ્ય થાય છે. ॥૨૧૬॥**

ટીકા :-

'एगदुग'त्ति । वर्षासु बहूनामाचार्याणां परस्परोपसम्पदा समाप्तकल्पानाम्, वर्षासु सप्त जनाः समाप्तकल्पे, ऊना असमाप्तकल्पे, 'एगदुगपिंडिआण वि'त्ति सप्ताप्येकैकाः सन्तः पिण्डिता एकपिण्डिताः, अथवा द्विकेन-वर्गद्वयेन एकः-एकाकी एकः षड्वर्गः, यदि वा एको द्विवर्गः एकः पञ्चवर्ग इत्यादिरूपेण पिण्डिता द्विकपिण्डितास्तेषामेकद्विकपिण्डितानाम्, अपिशब्दात्त्रिकचतुष्कादिपिण्डितानां चाभाव्यं भवति । तथा 'समे' साधारणे 'क्षेत्रे' स्नानादिप्रयोजनतः क्वाऽप्येकत्र क्षेत्रे मिलितानामेककालमेव पृथक्पृथक्स्थितानां समाप्तकल्पानां वा यद् यस्योपतिष्ठते तत्तस्याभवतीति व्यवस्थां कृत्वा प्रविष्टानां पश्चादागतानां वा वागन्तिकव्यवहारोचितमाभाव्यं भवति, यथा प्रतिज्ञातं प्राक् तथा यद् यस्योपतिष्ठते तत्तस्याभवतीत्यर्थः ।।२१६।।

ટીકાર્થ :-

वर्षासु ..... तत्तस्याभवतीत्यर्थः ।। **વર્ષાઋતુમાં પરસ્પર ઉપસંપદાથી સમાપ્તકલ્પવાળા બહુ આચાર્યોનું ક્ષેત્ર આભવત્ થાય છે એમ અન્વય છે.**

કઈ રીતે સમાપ્તકલ્પ થાય છે ? તેથી કહે છે –

**વર્ષાઋતુમાં સાત સાધુઓ સમાપ્તકલ્પમાં હોય છે. ऊन=ન્યૂન, અસમાપ્તકલ્પમાં હોય છે. એક બે પિંડિત=સાતે પણ એક એક છતાં પિંડિત થયેલા એક પિંડિત છે. અથવા બે વડે=વર્ગદ્વય વડે=એક એકાકી, એક ષડ્વર્ગ અથવા જો એક બે વર્ગ અને એક પાંચ વર્ગ ઇત્યાદિરૂપથી પિંડિત થયેલા દ્વિકપિંડિત છે. તે એક દ્વિપિંડિતોનું આભાવ્ય થાય છે અને** अपि=**શબ્દથી ત્રિક ચતુષ્ક આદિ**

**પિંડિતોનું આભાવ્ય થાય છે અને સાધારણ ક્ષેત્રમાં સ્નાત્રાદિ પ્રયોજનથી ક્યાંય પણ એકત્ર ક્ષેત્રમાં એક કાલે જ એકઠા થયેલા પૃથક્ પૃથક્ રહેલા સાધુઓનું અથવા સમાપ્તકલ્પોનું જે જેને પ્રાપ્ત થાય છે=જે સમાપ્તકલ્પવાળા સાધુને જે વસ્ત્રપાત્રાદિ પ્રાપ્ત થાય છે તે તેનું થાય છે=તે વસ્ત્રપાત્રાદિ તે સાધુનું થાય છે. એ પ્રકારે વ્યવસ્થા કરીને પ્રવિષ્ટ=અર્થાત્ એક ક્ષેત્રમાં પ્રવેશેલા તે સાધુઓને આ પ્રકારે આપણે વસ્ત્રપાત્રાદિ ગ્રહણ કરવાં એ પ્રકારે વ્યવસ્થા કરીને પ્રવિષ્ટ સાધુઓને, અથવા પાછળથી આવેલા સાધુઓને વાગંતિક વ્યવહારને ઉચિત આભાવ્ય થાય છે. વાગંતિક વ્યવહારને સ્પષ્ટ કરે છે.**

**જે પ્રમાણે પૂર્વમાં પ્રતિજ્ઞાત છે=પાછળથી આવેલા સાધુઓનું કે પૂર્વ પ્રવિષ્ટ કરેલા સાધુઓનું જે પ્રમાણે પૂર્વમાં પ્રતિજ્ઞાત છે, એ પ્રમાણે જેનું જે પ્રાપ્ત થાય તે તેનું થાય છે. ॥૨૧૬॥**

**ભાવાર્થ :-**

સુસાધુ સમભાવની વૃદ્ધિ અર્થે અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી, વર્ષાઋતુમાં કોઈ સ્થાનમાં સાતના સમુદાયરૂપ કે તેનાથી અધિક કોઈક સમુદાય ચાતુર્માસ માટે રહ્યા હોય અને તે બે ગામ પાસે પાસે હોય તેમાં વિભક્ત થઈને તેઓ ચાર્તુમાસ કરે ત્યારે કોઈ એક ગામમાં ગણિ અને એક ગામમાં આચાર્ય હોય ત્યારે તે બંને ગામમાં તેઓને જે પ્રાપ્ત થાય તે તેઓનું આભાવ્ય થાય છે. પરંતુ તે ગામના બહિર્ભાગમાં વર્તતું ક્ષેત્ર તેમનું આભાવ્ય નથી; કેમ કે તે બંને ગામો નજીક હોવા છતાં ગમનાગમન દ્વારા તેઓ સંચાર કરતાં નથી. કેમ સંચાર કરતાં નથી ? તેથી કહે છે – વર્ષાઋતુમાં પાણી કે વનસ્પતિથી આકુલ ક્ષેત્ર હોય છે. તેથી, તે બે ગામના વચલા ક્ષેત્રમાં તે બે સમુદાયના સાધુઓનો ગમનાગમનનો વ્યવહાર નથી. તેથી, તે ક્ષેત્રમાંથી કોઈ વસ્તુનું ગ્રહણ તે સાધુઓ કરતા નથી. પરંતુ, પોતાનું જે ક્ષેત્ર છે તેમાંથી જે નિર્દોષ મળે તેનું જ ગ્રહણ કરે છે.

વળી, વર્ષાઋતુમાં સાત સાધુઓનો સમાપ્તકલ્પ થાય છે. તેથી, કોઈક સાધુઓ કોઈક કારણથી એક-બે વગેરે થયા હોય તો ભિન્ન ભિન્ન વર્ગના એકત્રિત થઈને તેઓ પરસ્પરની ઉપસંપદા સ્વીકારે તો તેઓનો સમાપ્તકલ્પ થાય અને સાતથી ઓછા હોય તો અસમાપ્તકલ્પ થાય અને તેવા સાતથી થયેલા સમાપ્તકલ્પવાળા સાધુ અથવા કોઈક પ્રસંગવિશેષથી સમાપ્તકલ્પવાળા બે ત્રણ સમુદાયના સાધુઓ તે સ્થાનમાં આવ્યા હોય ત્યારે તેઓ પરસ્પર વાણીનો વ્યવહાર કરે છે કે આ ક્ષેત્રમાં જે વસ્તુ જેમને મળે તે વસ્તુ તેમની થાય. અથવા પોતાની આવશ્યકતા પ્રમાણે નક્કી કરે કે આ વસ્તુ મળે તો અમે ગ્રહણ કરીશું. અન્ય વસ્તુ મળે તો તમે ગ્રહણ કરજો. જેથી સંયમની આરાધના પરસ્પર સુલભ બને અને નિર્દોષ વસ્ત્રાદિ કોઈક રીતે પ્રાપ્ત થાય તો આભાવ્યને આશ્રયીને પરસ્પર ક્લેશ થાય નહિ, પરસ્પર અમધ્યસ્થતાનો વ્યવહાર થાય નહિ તે અર્થે ભગવાને આભાવ્યની વ્યવસ્થા કરી છે. આથી જ કોઈક સંયોગને વશ તેવા સ્થાનમાં સમાપ્તકલ્પવાળા સાધુઓ ન હોય તો વસ્ત્રાદિની તેમને આવશ્યકતા હોય છતાં સમાપ્તકલ્પ નહિ હોવાથી વસ્ત્રાદિ ગ્રહણના તેઓ અધિકારી થતા નથી. તેથી મધ્યસ્થતાની વૃદ્ધિ થાય અને અન્ય સમુદાયના

સાધુઓને પણ પરસ્પર અંતરાય ન થાય તે રીતે આભાવ્ય-અનાભાવ્યની વ્યવસ્થા ભગવાને બતાવી છે. જેથી સાધુને સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે. **॥૨૧૫-૨૧૬॥**

**ગાથા :-**

**साहारणट्ठियाणं, पुच्छंतो जो उवस्सयं सेहे ।**
**निययं दूरासन्नं, कहेइ सो लहइ मासगुरुं ।।२१७।।**

**અન્વયાર્થ :-**

साहारणट्ठियाणं=સાધારણ ક્ષેત્રમાં રહેલા સાધુઓને, सेहे=શૈક્ષ, उवस्सयं पुच्छंतो=ઉપાશ્રય પૂછતે છતે, जो दूरासन्नं निययं कहेइ=જે સાધુ દૂર અથવા નજીક પોતાના ઉપાશ્રયને કહે છે. सो=તે સાધુ, मासगुरुं=માસગુરુ પ્રાયશ્ચિત્ત, लहइ=પ્રાપ્ત કરે છે. ॥૨૧૭॥

**ગાથાર્થ :-**

**સાધારણ ક્ષેત્રમાં રહેલા સાધુઓને શૈક્ષ ઉપાશ્રયને પૂછતે છતે જે સાધુ દૂર અથવા નજીક પોતાના ઉપાશ્રયને કહે છે=પ્રથમ કહે છે, તે સાધુ માસગુરુ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરે છે. ॥૨૧૭॥**

**ટીકા :-**

**'साहारण'त्ति । साधारणक्षेत्रस्थितानां विचारादिविनिर्गतानां साधूनां क्व साधूनां वसतयः ? इति पृच्छति शैक्षे उपाश्रयं निजकं दूरमासन्नं वाऽऽदावेव यः कथयति स मासगुरु प्रायश्चित्तं लभते ।।२१७।।**

**ટીકાર્થ :-**

साधारणक्षेत्र ..... लभते ।। સાધારણ ક્ષેત્રમાં રહેલા=ચાતુર્માસ આદિના પ્રસંગે અનેક સમાપ્તકલ્પવાળાઓનું તે ક્ષેત્ર સાધારણ હોય ત્યારે, તે ક્ષેત્રમાં રહેલા માત્રુ આદિના પરઠવવા માટે બહારમાં નીકળેલા સાધુઓને "સાધુઓની ક્યાં વસતિ છે" એ પ્રકારે શૈક્ષ પૃચ્છા કરે છતે=સંયમના ગ્રહણના પ્રયોજનથી તે ગામમાં આવેલ ગૃહસ્થ પૃચ્છા કર્યે છતે, નજીકનો ઉપાશ્રય=પોતાની નજીકનો ઉપાશ્રય, અથવા દૂરનો કે નજીકનો પોતાનો ઉપાશ્રય, પ્રથમ જ જે કહે છે=જે સાધુ કહે છે, તે સાધુને માસગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. ॥૨૧૭॥

**અવતરણિકા :-**

कथं पुनः कथनीयम् ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

કેવી રીતે વળી કહેવું જોઈએ=કોઈ શૈક્ષ લઘુનીતિ આદિ અર્થે બહાર નીકળેલા સાધુને ઉપાશ્રયની પૃચ્છા કરે ત્યારે તે સાધુએ કઈ રીતે કહેવું જોઈએ ? એથી કહે છે –

ગાથા :-

सव्वे उद्दिसिअव्वा, अह पुच्छइ कयरु एत्थ आयरिओ ।
बहुसुअ तवस्सि पव्वावगो य तत्थ वि तहा कहणं ।।२१८।।

અન્વયાર્થ :-

सव्वे उद्दिसिअव्वा=સર્વ ઉપાશ્રયો યથાક્રમ કહેવા જોઈએ. अह=હવે, एत्थ=અહીં=આ નગરમાં, कयरु आयरिओ बहुसुअ तवस्सि पव्वावगो य पुच्छइ=કયા આચાર્ય બહુશ્રુત, તપસ્વી અથવા પ્રવ્રાજક છે. એ પ્રમાણે શૈક્ષ પૂછે, तत्थ वि तहा कहणं=ત્યાં પણ તે પ્રમાણે કહેવું જોઈએ. ।।૨૧૮।।

ગાથાર્થ :-

સર્વ ઉપાશ્રયો યથાક્રમ કહેવા જોઈએ. હવે, અહીં=પ્રસ્તુત નગરમાં, કયા આચાર્ય બહુશ્રુત, તપસ્વી અથવા પ્રવ્રાજક છે એ પ્રમાણે શૈક્ષ પૂછે. ત્યાં પણ તે પ્રમાણે કહેવું જોઈએ. ।।૨૧૮।।

ટીકા :-

'सव्वे'त्ति । सर्वे यथाक्रममुपाश्रया उद्देष्टव्याः, यथा-अमुकस्याचार्यस्योपाश्रयोऽमुकप्रदेशेऽमुकस्य चामुकप्रदेश इति । अथ स पृच्छेत्—कतरोऽत्राचार्यो बहुश्रुतस्तपस्वी वा प्रव्राजको वा ? 'तत्रापि' तस्यामपि पृच्छायां तथा कथनं कर्त्तव्यम्, अन्यथा कथने मासगुरु ।।२१८।।

ટીકાર્થ :-

सर्वे ..... मासगुरु ।। યથાક્રમ સર્વ ઉપાશ્રયો કહેવા જોઈએ. જે પ્રમાણે અમુક આચાર્યનો ઉપાશ્રય અમુક પ્રદેશમાં અને અમુક આચાર્યનો ઉપાશ્રય અમુક પ્રદેશમાં છે. હવે=યથાક્રમ ઉપાશ્રય તે શૈક્ષને સાધુ બતાવે ત્યારપછી તે શૈક્ષ પૃચ્છા કરે. અહીં=આ નગરમાં, કયા આચાર્ય બહુશ્રુત છે અથવા તપસ્વી છે અથવા કયા આચાર્ય પ્રવ્રાજક છે ? ત્યાં પણ=તે પ્રકારની પૃચ્છામાં પણ, તે પ્રકારે કથન કરવું જોઈએ=જે પ્રકારે શૈક્ષએ જિજ્ઞાસાથી પ્રશ્ન કર્યો તેને અનુરૂપ ઉચિત કથન કરવું જોઈએ. અન્યથા કથનમાં=શિષ્યના કંઈક લોભથી પોતાના આચાર્ય બહુશ્રુત છે ઈત્યાદિ અન્યથા કથનમાં માસગુરુ પ્રાયશ્ચિત્ત આવે. ।।૨૧૮।।

ગાથા :-

सव्वेसि बहुगुणत्ते, कहिए जो जस्स पासमब्भेइ ।
सो तस्स होइ सिट्ठे, चउरो किण्हा विसेसम्मि ।।२१९।।

અન્વયાર્થ :-

सव्वेसि बहुगुणत्ते=સર્વ આચાર્યોના બહુગુણોનું, कहिए=કથન કરાયે છતે, जो जस्स=જે જેની,

पासमब्भेइ=પાસે જાય છે. सो सिट्ठे तस्स होइ=તે શૈક્ષ તેનો થાય છે. विसेसम्मि=વિશેષ કહેવાયે છતે= સ્વગચ્છના પક્ષપાતથી કહેવાયે છતે, चउरो किण्हा=સંપૂર્ણ ચાર માસ ગુરુક પ્રાયશ્ચિત્ત છે. ।।૨૧૯।।

**ગાથાર્થ :-**

**સર્વ આચાર્યોના બહુગુણોનું કથન કરાયે છતે જેની પાસે તે શૈક્ષ જાય છે તેમનો તે થાય છે. વિશેષ કહેવાયે છતે=સ્વગચ્છના પક્ષપાતથી કહેવાયે છતે સંપૂર્ણ ચાર માસ ગુરુક પ્રાયશ્ચિત્ત છે. ।।૨૧૯।।**

**ટીકા :-**

**'सव्वेसि'त्ति । सर्वेषामाचार्याणां यथासद्भावं बहुगुणत्वे सर्वे बहुश्रुताः सर्वे प्रव्राजकाः सर्वे चाचार्याः प्रधानतरा इत्येवं कथिते यो यस्य पार्श्वमभ्येति स तस्याभवति । आत्मीयानां बहुतरगुणोत्कीर्त्तनेनान्येषां च बहुतरनिन्दनेन रागद्वेषाकुलतया विशेषे तु शिष्टे विशेषकथकस्य प्रायश्चित्तं चत्वारो मासाः 'कृत्स्नाः' परिपूर्णा गुरुका इत्यर्थः ।।२१९।।**

**ટીકાર્થ :-**

सर्वेषामाचार्याणां ..... इत्यर्थः ।। સર્વ આચાર્યોનું યથા સદ્ભાવ બહુગુણપણું હોતે છતે સર્વ બહુશ્રુત છે=સર્વ આચાર્યમાં બહુશ્રુતપણું છે, સર્વ પ્રવ્રાજકો છે. સર્વ આચાર્યો પ્રધાનતર છે એ પ્રમાણે કહેવાયે છતે જે=શૈક્ષ, જેમની પાસે જાય છે તે=શૈક્ષ, તેમનો થાય છે અને પોતાના બહુતર ગુણના ઉત્કીર્તનથી=પોતાના ગચ્છના જે ગુણો છે તેને અતિશયિત કરીને કહેવાથી અને અન્યોના બહુતર નિંદાથી=અન્ય સમુદાયોના જે કાંઈ અલ્પ દોષો છે તેને અતિશયતર સ્પષ્ટ કરવા સ્વરૂપ નિંદાથી, રાગ-દ્વેષ આકુલપણાને કારણે=સ્વપક્ષ પ્રત્યેનો રાગ અને પરપક્ષના યત્કિંચિત દોષોને કારણે દ્વેષ આકુલપણું હોવાને કારણે, વિશિષ્ટ કથન કરાયે છતે વિશેષ કહેનારાઓને ચાર માસ પરિપૂર્ણ ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે. ।।૨૧૯।।

**ભાવાર્થ :-**

સુસાધુઓ અત્યંત મધ્યસ્થતાપૂર્વક સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે. તેથી, પ્રાયઃ તેઓનું ચિત્ત અત્યંત મધ્યસ્થભાવથી ભાવિત હોય છે અને તેવા સાધુઓ અનેક ગચ્છના સમુદાયો જે નગરમાં હોય એવા સમાપ્તકલ્પવાળા કોઈ નગરમાં રહેલા હોય ત્યારે તે ક્ષેત્ર તે સર્વ ગચ્છોનું સાધારણ થાય છે. વળી, કોઈક શૈક્ષ દીક્ષાર્થે આવેલ હોય ત્યારે કોઈ સાધુ માત્રુ આદિ અર્થે બહાર નીકળેલા હોય તેમને સુસાધુના ઉપાશ્રયવિષયક તે શૈક્ષ પૃચ્છા કરે ત્યારે સુસાધુએ મધ્યસ્થતાથી તેને કથન કરવું જોઈએ. આમ છતાં, પ્રમાદવશ દૂર કે નજીકનો પોતાનો ઉપાશ્રય પ્રથમ જ કહે જેથી તે શૈક્ષ તે ઉપાશ્રય જવાને અભિમુખ પરિણામવાળો થાય. આ પ્રકારના કથનકાળમાં મધ્યસ્થભાવ મ્લાન થાય છે. તેથી તે પ્રકારના કથન કરનાર સાધુને માસગુરુનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

તો પ્રશ્ન થાય કે તે સાધુએ કઈ રીતે કહેવું જોઈએ જેથી મધ્યસ્થભાવની મ્લાનિ ન થાય એથી કહે છે – જે ક્રમથી ઉપાશ્રય રહેલા હોય તે પ્રમાણે જ કહેવા જોઈએ. જેથી આ શૈક્ષ અમારા આચાર્ય પાસે આવે કે અન્યત્ર જાય તે પ્રકારના કોઈ પક્ષપાત વગર જે પ્રકારનો તેનો પ્રશ્ન છે તેને અનુરૂપ ઉત્તર આપવો જોઈએ અને ક્રમસર બધા આચાર્યોના ઉપાશ્રય બતાવે. ત્યારપછી તે શૈક્ષ પ્રશ્ન કરે કે કયા આચાર્ય બહુશ્રુત છે ? અથવા વિશેષ પ્રકારના સંયમમાં ઉત્થિત હોવાથી તપસ્વી છે અથવા શૈક્ષને પ્રવ્રજ્યા આપે તેવા છે. એ પ્રકારની પૃચ્છામાં પણ મધ્યસ્થતાપૂર્વક સુસાધુએ શૈક્ષને યથાર્થ જ કહેવું જોઈએ.

અહીં પ્રશ્ન થાય કે સર્વ આચાર્યો વિષયક યથાર્થ અભિપ્રાય તે સાધુ કઈ રીતે આપી શકે ? તેથી કહે છે.

પ્રાયઃ એક નગરમાં ભિન્ન ભિન્ન ગચ્છમાં વસતા સુસાધુઓ પાસે તે સાધુઓ તત્ત્વ જાણવા અર્થે કે સુસાધુઓના ગુણોની અનુમોદનાર્થે કે વંદનાદિ ઉચિત વ્યવહાર અર્થે પ્રાયઃ પરસ્પર મળતા હોય છે. જેથી તે તે સમુદાયમાં કોણ આચાર્યાદિ બહુશ્રુત છે, કોણ મહાત્મા સંયમમાં અતિ ઉત્થિત છે ઇત્યાદિ જ્ઞાનવાળા હોય છે. તેથી, મધ્યસ્થતાપૂર્વક પોતાના બોધને અનુરૂપ શૈક્ષને ઉચિત ઉત્તર આપવાથી સંયમની શુદ્ધિ થાય છે. પ્રમાદવશ કંઈક સ્વગચ્છના વલણથી કથન કરે તો માસગુરુ પ્રાયશ્ચિત્ત આવે.

વળી, તે નગરમાં સર્વ ભિન્ન ભિન્ન ગચ્છના આચાર્ય બહુશ્રુત હોય અને સર્વ આચાર્ય શૈક્ષની યોગ્યતા જાણીને પ્રવ્રજ્યા આપે તેવા હોય અને સંયમયોગમાં સ્વયં અત્યંત ઉત્થિત હોય અને શિષ્યોને સર્વ ઉચિત અનુશાસન આપનારા હોય તેથી પ્રધાનતર હોય ત્યારે તે સાધુ દીક્ષાના અર્થી જીવને તે પ્રમાણે જ કહે તો તો તે શૈક્ષ જેમની પાસે જાય તેમનો તે શૈક્ષ આભવત્ થાય છે તેથી તે આચાર્ય જ તેની યોગ્યતા જાણીને દીક્ષા આપવાના અધિકારી છે અને જો સ્થંડિલ આદિ ભૂમિમાં જનારા સાધુ તે શૈક્ષને પોતાના આચાર્યના બહુતરગુણોનું કથન કરે અર્થાત્ જે ગુણો હોય તેને અત્યંત સ્પષ્ટ કરીને કહે અને અન્ય આચાર્યના યત્કિંચિત્ પ્રમાદાદિ દોષો જોયા હોય તેને અત્યંત સ્પષ્ટ કરીને કે સ્વયં કલ્પિત દોષોને ઉદ્ભાવન કરીને નિંદા કરે તો મધ્યસ્થભાવનો ત્યાગ થાય છે. કષાય આકુળતાથી તે પ્રકારનું કથન થાય છે તેથી તે સાધુને ચાર મહિનાના ગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે અર્થાત્ તે સાધુને તે કથન કર્યા પછી પશ્ચાત્તાપ થાય તો ગુરુ પાસે સમ્યક્ નિવેદન કરે. તેની શુદ્ધિ અર્થે ગુરુએ ચાર ગુરુમાસ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. તો જ તે મહાત્માની શુદ્ધિ થાય છે. **॥૨૧૭થી ૨૧૯॥**

**ગાથા :-**

**धम्मं सोउं इच्छइ, जइ सो तो तं कहेइ धम्मकही ।**
**रायणिओ बहुसु तओ, अण्णे वि कहंति तारिसयं ।।२२०।।**

**અન્વયાર્થ :-**

**जइ सो=જો તે=શૈક્ષ, धम्मं सोउं इच्छइ=ધર્મ સાંભળવાને ઈચ્છે છે, तो तं धम्मकही कहेइ=તો તેને ધર્મકથી કહે છે. बहुसु तओ रायणिओ=ઘણા ધર્મકથી હોતે છતે ત્યારપછી રાત્નિક કહે છે. अण्णे वि= અન્ય પણ, तारिसयं कहंति=તેવા પ્રકારનો જ ધર્મ કહે છે. ।।૨૨૦।।**

**ગાથાર્થ :-**

**જો તે=શૈક્ષ, ધર્મ સાંભળવાને ઇચ્છે છે તો તેને ધર્મકથી કહે છે. ઘણા ધર્મકથી હોતે છતે ત્યારપછી રાત્નિક કહે છે. અન્ય પણ તેવા પ્રકારનો જ ધર્મ કહે છે. ।।૨૨૦।।**

**ટીકા :-**

'धम्मं'ति । अथ स धर्मं श्रोतुमिच्छति, वदति च सर्वेषां मिलितानां समक्षं युष्माकं पार्श्वे धर्मं तावदहं श्रोतुमिच्छामि ततो रुचिते धर्मे प्रव्रजिष्यामीति, तदा तं धर्मं कथयति 'धर्मकथी' धर्मकथालब्धिसंपन्नस्तावदादौ । अथान्येऽपि द्वित्रिप्रभृतयो लब्धितः समानास्तत्र सन्ति तदा बहुषु धर्मकथिषु सत्सु 'ततः' तदनन्तरं 'रात्निकः' रत्नाधिकः कथयति । अथ पुनरपि धर्मकथां श्रोतुमिच्छामीति यदि ब्रवीति तदा 'तादृशं' पूर्ववेलायां यादृशमुक्तं तत्तुल्यमेवान्येऽपि यथाक्रमं वदन्ति, उक्तञ्च–

'जारिसयं पढमेहिं कहिअं तारिसं सेसेहिं कहेयव्वं' इति ।

**ટીકાર્થ :-**

अथ स ..... कहेयव्वं' इति । હવે તે=જે નગરમાં ઘણા ગચ્છના સાધુઓ ભેગા થયા છે ત્યાં કોઈક શૈક્ષ દીક્ષા ગ્રહણ કરવાના પ્રયોજનથી આવેલ છે તે, ધર્મ સાંભળવાને ઇચ્છે છે અને મિલિત એવા સર્વની સમક્ષ કહે છે કે તમારી પાસે હું ધર્મ સાંભળવા ઇચ્છું છું. ત્યારપછી ધર્મરુચિત થયે છતે= સાધુધર્મ કેવા સ્વરૂપવાળો છે ? તે સાંભળીને રુચિત થયે છતે, હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ ત્યારે આદિમાં ધર્મકથી=ધર્મકથાલબ્ધિસંપન્ન, તેને ધર્મ કહે છે. હવે અન્ય પણ બે-ત્રણ વગેરે લબ્ધિથી સમાન=તે મિલિત ઘણા ગચ્છના સાધુઓમાંથી બે-ત્રણ વગેરે લબ્ધિથી સમાન, ત્યાં છે ત્યારે ઘણા ધર્મકથી હોતે છતે ત્યારપછી=તે ગૃહસ્થ ધર્મ સાંભળવા હું ઇચ્છું છું એમ કહે ત્યારપછી, રત્નાધિક કહે છે=ધર્મકથાલબ્ધિસંપન્ન તે સાધુઓમાંથી જે અધિક પર્યાયવાળા ધર્મકથી સાધુ છે તે ધર્મકથા કહે છે. હવે ફરી પણ ધર્મકથા સાંભળવાને હું ઇચ્છું છું એ પ્રમાણે જો તે કહે=શૈક્ષ કહે ત્યારે તેવા પ્રકારની= પૂર્વવેળામાં જેવી રાત્નિકે ધર્મદેશના કરી છે તેવા પ્રકારની, તત્તુલ્ય જ અન્ય પણ=બીજા સાધુએ પણ યથાક્રમ કહે છે અને કહેવાયું છે.

જેવા પ્રકારનો ધર્મ પ્રથમ વડે કહેવાયો=રાત્નિક ધર્મકથી વડે કહેવાયો તેવા પ્રકારનો શેષ વડે=શેષધર્મકથીએ કહેવો જોઈએ.

**ટીકા :-**

एवं सर्वैः सदृशतया कथिते यस्योपतिष्ठते तस्याभवति । अथान्ये विशेषतरेण कथयन्ति तर्हि ते न लभन्ते किन्तु यो रत्नाधिकस्तेषां तस्य स आभवतीति ।।२२०।।

**ટીકાર્થ :-**

**एवं सर्वैः ..... आभवतीति ।। આ રીતે બધા વડે સદૃશપણાથી ધર્મનું કથન કરાયે છતે જેની પાસે ઉપસ્થિત થાય છે=પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે તત્પર થાય છે, તેમનો આભવત્ થાય છે. હવે અન્ય=રાત્નિક ધર્મકથી દેશના કર્યા પછી ધર્મકથી સાધુઓ વિશેષતરથી કહે છે તો તેઓ પ્રાપ્ત કરતા નથી=તેઓ પાસે પ્રવ્રજ્યા લેનાર અભિમુખ થાય તોપણ તેઓ તે શૈક્ષને પ્રાપ્ત કરતાં નથી પરંતુ તેઓમાં=ધર્મકથીઓમાં, જે રત્નાધિક છે તેમનો સ=શૈક્ષ થાય છે. ।।૨૨૦।।**

**ભાવાર્થ :-**

કોઈક નગરમાં અનેક વર્ગના સાધુઓ કોઈક પ્રસંગે એકઠા થયેલા હોય ત્યાં ઘણા સાધુઓ છે એમ સાંભળીને ભવથી વિરક્ત કોઈ ગૃહસ્થ આવે. વળી, કોઈક પ્રસંગે બધા સાધુઓ એકઠા થયા હોય ત્યારે તે સર્વની સમક્ષ કહે છે કે હું ધર્મ સાંભળવાને ઇચ્છું છું ત્યારપછી ધર્મ રુચશે તો હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. તેથી ફલિત થાય કે ભવથી વિરક્ત થયેલો તે જીવ છે વિશિષ્ટ ધર્મ સેવીને સંસારના ક્ષય કરવાનો અર્થી છે તેથી સંસારના ક્ષયનું કારણ કેવો ધર્મ છે ? તે સાંભળીને જો તેને રુચશે તો પ્રવ્રજ્યા ગ્રહણ કરશે એ આશયથી મિલિત એવા તે સાધુઓની સમક્ષ ધર્મ સાંભળવાને ઇચ્છે છે અને તે સાધુઓ પણ મધ્યસ્થ હોય તો પોતાના મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય તે રીતે પરસ્પર પોતાના ગચ્છમાં કોણ ધર્મકથી છે ? તેનું આલોચન કરે છે અને સાધુધર્મનું તે પ્રકારનું સમ્યક્ સ્વરૂપ બતાવીને યોગ્ય જીવને સાધુધર્મ પ્રત્યે તીવ્ર આકર્ષણ થાય એવા લબ્ધિસંપન્ન સાધુએ પ્રથમ તેને ધર્મ કહેવો જોઈએ જેથી પારમાર્થિક ધર્મને જાણીને તેનો સંયમનો પરિણામ પ્રવર્ધમાન થાય; કેમ કે જેઓ આરાધક હોવા છતાં સાધુધર્મના પારમાર્થિક સ્વરૂપને તે રીતે વચન દ્વારા કહી શકતા નથી તેઓ જો પ્રથમ ધર્મકથા કરે તો યોગ્ય પણ જીવ પ્રવ્રજ્યાને અભિમુખ થાય નહિ તેથી અધિક પર્યાયવાળા સાધુને છોડીને પણ ધર્મકથીને ધર્મ કહેવાનો અધિકાર સુવિહિતો આપે છે. પરંતુ આ પર્યાયથી મોટા છે માટે પ્રથમ તે સાધુ ધર્મ દેશના આપે એમ કહેવું ઉચિત નથી; કેમ કે પ્રવ્રજ્યાના હાર્દને બતાવે તેવો ઉપદેશ તે અધિક પર્યાયવાળા કહી શકે નહિ તો તે શૈક્ષ પ્રવ્રજ્યાથી વિમુખ થાય અને તેનાથી તેનું જે અહિત થાય તેમાં નિમિત્ત કારણ તે ઉપદેશક થાય છે માટે ધર્મકથીમાં પ્રથમ લબ્ધિસંપન્ને જ કહેવું જોઈએ.

હવે જો તે અન્ય ગચ્છોમાં અન્ય પણ બે-ત્રણ વગેરે ધર્મકથીઓ હોય તો તે ધર્મકથીઓમાં જે રાત્નિક હોય તે જ પ્રથમ ધર્મકથા કરે; કેમ કે દીર્ઘકાળ સુધી સંયમ સેવીને ચારિત્રના પરિણામોને સ્થિર કરેલા છે તેથી તે રાત્નિક ચારિત્રધર્મના પારમાર્થિક સ્વરૂપને કહે ત્યારે તે શ્રોતાને પણ તે ચારિત્રનો પરિણામ શીઘ્ર સ્પર્શે છે અર્થાત્ ભાવથી ભાવની પ્રસૂતિ છે એ ન્યાય હોવાથી દીર્ઘકાળના ચારિત્રના સેવનના પરિણામવાળા સાધુ તે ચારિત્રના સ્વરૂપનું નિવેદન યોગ્ય શ્રોતાને કરે તો તે ઉપદેશ તેને અત્યંત સ્પર્શે છે. વળી, કોઈક શ્રોતાને એક વખત ચારિત્રધર્મના પારમાર્થિક સ્વરૂપને સાંભળવા છતાં તે પ્રકારના વીર્યનો ઉલ્લાસ ન થાય તો કહે કે હું ફરી પણ ધર્મકથાને સાંભળવા ઇચ્છું છું, ત્યારે રાત્નિક એવા ધર્મકથીએ જેવું ચારિત્રનું સ્વરૂપ

બતાવેલું તેવું જ સ્વરૂપ અન્ય ધર્મકથીએ પણ કહેવું જોઈએ. પરંતુ પ્રથમના રાત્નિકે જે કહ્યું તેના કરતાં હું કંઈક અધિક વિશેષપૂર્વક કહું જેથી પ્રવ્રજ્યા લેનાર પોતાના પક્ષને અભિમુખ થાય તેવો પરિણામ થાય તો મધ્યસ્થભાવ નાશ પામે માટે ભગવાનના વચનનું સ્મરણ કરીને અન્ય ધર્મકથીઓએ પણ પૂર્વમાં રાત્નિકે કહેલા સ્વરૂપવાળું જ ચારિત્રધર્મનું સ્વરૂપ નિવેદન કરવું જોઈએ. આ રીતે બધા ધર્મકથીઓ સદૃશપણાથી ચારિત્રધર્મનું સ્વરૂપ બતાવે ત્યારપછી તે શ્રોતા જેમની પાસે પ્રવ્રજ્યા લેવા તત્પર થાય તેમનો તે થાય છે. તેથી તે ગચ્છના આચાર્ય તે શ્રોતાની યોગ્યતાનો નિર્ણય કરીને સંયમને ઉચિત જણાય તો દીક્ષા આપે. વળી, અન્ય ધર્મકથી પણ રાત્નિકે કહેલા ધર્મના સ્વરૂપને વિશેષરૂપે કહે કે જેથી તે પોતાના ગચ્છમાં સંયમગ્રહણ એવો અધ્યવસાય ઉપદેશકને થાય તો મધ્યસ્થભાવનો નાશ થાય છે તેથી વિશેષ રીતે ધર્મ કહેનારા ધર્મકથી તે શૈક્ષને પ્રાપ્ત કરતા નથી પરંતુ રત્નાધિક જ તે શૈક્ષને પ્રાપ્ત કરે છે. **॥૨૨૦॥**

**ગાથા :-**

**तत्तो य सलद्धीए, कहणे आहवइ जेण उवसमिओ ।**
**आयरिअदाणकहणे, बहुआ दिज्जंति इक्किक्का ।।२२१।।**

**અન્વયાર્થ :-**

**तत्तो य=અને ત્યારપછી, सलद्धीए कहणे=સ્વલબ્ધિથી કથન કરાયે છતે, जेण उवसमिओ=જેના વડે ઉપશમિત કરાયો, आहवइ=તેમનો આભવત્ થાય છે. आयरिअदाणकहणे=આચાર્યના દાનના કથનમાં, बहुआ=જો ઘણા હોય તો, इक्किक्का दिज्जंति=એક એક અપાય છે. ॥૨૨૧॥**

**ગાથાર્થ :-**

**ત્યારપછી સ્વલબ્ધિથી કથન કરાયે છતે જેના વડે ઉપશમિત કરાયો, તેમનો આભવત્ થાય છે. આચાર્યના દાનના કથનમાં જો ઘણા હોય તો એક એક અપાય છે. ॥૨૨૧॥**

**ટીકા :-**

**'तत्तो य'त्ति । यादृशं प्रथमेन कथितं तादृशेऽन्यैरपि कथिते यदि स न प्रव्रज्याभिमुखो भवति ततश्च 'स्वलब्ध्या' स्वशक्तितुलनया सर्वेषां रात्निकप्रभृतीनां कथने येनोपशामितस्तस्य स आभवति, कथनं चैवं मा सोऽनुपशान्तः सन् संसारं भ्रमत्विति कृत्वा । अथ यदि सर्वेषामाचार्याणां यथासद्भावं बहुगुणकथने यं जानीथ यूयमाचार्यं तं मम दर्शयतेति तस्याऽऽचार्यदानकथने तदा यदि बहवः शिष्यास्तदाऽऽचार्याणां प्रत्येकमेकैके दीयन्ते ।।२२१।।**

**ટીકાર્થ :-**

**यादृशं ..... दीयन्ते ।। જેવા પ્રકારનું પ્રથમ વડે ધર્મનું સ્વરૂપ કહેવાયું=પ્રથમ રાત્નિકે જેવું ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું તેવા પ્રકારનું ચારિત્રનું સ્વરૂપ, અન્ય ધર્મકથીઓ વડે કહેવાયે છતે, જો તે શૈક્ષ**

**પ્રવ્રજ્યાને અભિમુખ થતો નથી, તો સર્વ રાત્નિક વગેરેની સ્વલબ્ધિથી=સ્વશક્તિની તુલનાથી, કથન કરાયે છતે, જેના વડે ઉપશામિત થયો=સંસારના ભાવોથી ચિત્ત ઉપશામિત થયું, તેનો=તે ધર્મકથીનો, તે થાય છે.**

કેમ આ પ્રકારનું કથન કરે છે ? તે કહે છે –

**આ પ્રકારના કથનમાં=સર્વ કથીઓ પોતપોતાની શક્તિની તુલનાથી વિશેષ પ્રકારનો ધર્મ કથન કરે એ પ્રકારના કથનમાં, તે=શૈક્ષ, અનુપશાંત છતો સંસારમાં ભમો નહીં એથી કરીને વિશેષ કથનનો અધિકાર છે. હવે જો સર્વ પણ આચાર્યોનું યથા સદ્ભાવ બહુગુણકથન કરાયે છતે જે આચાર્યને તમે જાણો છો, તે મને બતાવો. એ પ્રમાણે તેનું આચાર્યના દાનનું કથન હોતે છતે=ધર્મકથીને તે શૈક્ષ કહે કે કોની પાસે હું સંયમ ગ્રહણ કરું. તમે મને કહો કે જેથી મારું હિત થાય. એ પ્રમાણે કથન હોતે છતે, ત્યારે જો ઘણા શિષ્યો છે=ઘણા સંયમ માટે તત્પર થયેલા શૈક્ષો છે, તો આચાર્યોના પ્રત્યેકને આશ્રયીને એક એક અપાય છે. ॥૨૨૧॥**

**અવતરણિકા :-**

अथैक एव शिष्यस्तत्र विधिमाह –

**અવતરણિકાર્થ :-**

**હવે એક જ છે=સંયમને અભિમુખ થયેલ શૈક્ષ એક જ છે, ત્યાં=કયા આચાર્ય પાસે હું દીક્ષા ગ્રહણ કરું એ પ્રકારના શૈક્ષના કથનમાં, વિધિને કહે છે –**

**ગાથા :-**

**रायणिए थेरेऽसइ, कुलगणसंघे दुगाइणो भेआ ।**
**एमेव वत्थपाए, तालायरसेवगा वणिआ ।।२२२।।**

**અન્વયાર્થ :-**

**रायणिए थेरे=રાત્નિક સ્થવિરમાં આપવો જોઈએ, असइ=રાત્નિક સ્થવિરનો અભાવ હોતે છતે, कुलगणसंघे=કુલ, ગણ, સંઘમાં આપવો જોઈએ, दुगाइणो भेआ=બે વગેરે ભેદો જાણવા, एमेव वत्थपाए=એ પ્રમાણે જ વસ્ત્ર, પાત્રમાં જાણવું, तालायरसेवगा वणिआ=તાલચર, સેવકો અને વણિકો, વર્ષાઋતુમાં દાન કરે છે એમ અન્વય છે. ॥૨૨૨॥**

**ગાથાર્થ :-**

**રાત્નિક સ્થવિરમાં આપવો જોઈએ રાત્નિક સ્થવિરનો અભાવ હોતે છતે, કુલગણસંઘમાં આપવો જોઈએ. બે આદિના ભેદો જાણવા. એ પ્રમાણે વસ્ત્ર, પાત્રમાં જાણવું. તાલચર, સેવકો અને વાણિયાઓ વર્ષાઋતુમાં દાન કરે છે. એમ અન્વય છે. ॥૨૨૨॥**

**ટીકા :-**

'रायणिए'त्ति । यद्येक एव शिष्यस्तदा यस्तेषां सर्वेषामपि रात्निकस्तत्र स समर्पणीयः । अथ सर्वे समरत्नाधिकास्ततो यस्तेषां 'स्थविरः' वृद्धतरस्तत्र स समर्पणीयः । अथ सर्वे वृद्धास्तदा यस्य शिष्या न सन्ति तत्र देयः । अथ सर्वेषां शिष्याणाम् 'असति' अभावे कुलस्थविरे, अन्यकुलसत्कानामपि तत्र सत्त्वे गणस्थविरे, अन्यगणसत्कानामपि तत्र सत्त्वे सङ्घस्थविरे, अथवा स एकः शिष्यः साधारणस्तावत्क्रियते यावदन्ये उपतिष्ठन्ते, उपस्थितेषु च यदा सर्वेषां परिपूर्णा भवन्ति तदा विभज्यन्ते । एवं द्विकादयोऽपि भेदा वाच्याः । एवमेव वस्त्रपात्रेऽप्युपस्थिते द्रष्टव्यम्, तच्च वस्त्रपात्रादिकं तालाचरा वा दद्युः सेवका वा वणिजो वा, एतेषां प्रायो वर्षासु दानसम्भवात् ।।२२२।।

**ટીકાર્થ :-**

यद्येक एव शिष्य ..... दानसम्भवात् ।। જો એક જ શિષ્ય છે, તો તે સર્વમાં પણ જે રત્નિક છે, તેમાં=તે સમુદાયમાં, તેને સમર્પણ કરવો. હવે, સર્વ સમાન રત્નાધિકો છે, તો તેઓમાં=અનેક સાધુના સમુદાયમાં, જે સ્થવિર છે=વૃદ્ધતર છે, ત્યાં તે સમર્પણ કરવો જોઈએ. હવે સર્વ વૃદ્ધો છે, ત્યારે જેના શિષ્ય નથી તેમાં=તે સમુદાયમાં, આપવો જોઈએ. હવે બધાને શિષ્યોનો અભાવ હોતે છતે કુલસ્થવિરમાં આપવો જોઈએ. અન્ય કુલ સંબંધી સ્થવિરોનું પણ ત્યાં વિદ્યમાનપણું હોતે છતે=ત્યાં ભિન્ન ભિન્ન સમુદાયમાં અન્ય કુલસ્થવિરો હોતે છતે, ગણસ્થવિરમાં આપવો જોઈએ. અન્ય ગણ સંબંધી સ્થવિરોનું ત્યાં વિદ્યમાનપણું હોતે છતે સંઘસ્થવિરમાં આપવો જોઈએ. અથવા તે એક શિષ્ય સાધારણ ત્યાં સુધી રખાય છે, જ્યાં સુધી અન્ય શિષ્યો ઉપસ્થિત થાય છે અને જ્યારે ઉપસ્થિત થયે છતે=અન્ય શિષ્યો ઉપસ્થિત થયે છતે, જ્યારે સર્વ આચાર્યોના ગચ્છો પરિપૂર્ણ થાય છે, ત્યારે વિભાગ કરાય છે. એ રીતે બે આદિ પણ ભેદો કહેવા. આ રીતે વસ્ત્ર, પાત્ર પણ ઉપસ્થિત થયે છતે જાણવું=સાધારણ વસ્ત્રપાત્રાદિ હોય ત્યારે કોને આપવું તેના વિષયમાં જાણવું અને તે વસ્ત્ર, પાત્રાદિ તાલચરો=નટ લોકો, અથવા સેવકો અથવા વાણિયાઓ આપે છે. આમને પ્રાયઃ વર્ષાઋતુમાં દાનનો સંભવ છે. ।।૨૨૨।।

**ભાવાર્થ :-**

કોઈક સ્થાને અનેક ગચ્છના સુસાધુઓ ભેગા થયા હોય અને શૈક્ષ કહે કે ધર્મ સાંભળીને રુચિ થશે તો હું પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ તે વખતે ધર્મકથી ઘણા હોય તો સર્વે તેને ક્રમસર ધર્મકથા કરે આમ છતાં તેનો પરિણામ પ્રવ્રજ્યાને અભિમુખ થયો નહિ ત્યારે ધર્મકથામાં જે સ્વલબ્ધિથી વિશેષ પ્રકારે ચારિત્રનું સ્વરૂપ બતાવીને તેને ઉપશામિત કરે અર્થાત્ આ પ્રકારનો ધર્મ જ સર્વકલ્યાણનું એક કારણ છે તે પ્રકારે ચારિત્રની પરિણતિનો તેને બોધ કરાવીને સંયમમાં બાધક કર્મોનો ઉપશમ કરાવે જેથી તેને ચારિત્રની પરિણતિ પ્રગટે અને ચારિત્ર પ્રત્યે બદ્ધરાગ ઉલ્લસિત થાય. પૂર્વમાં ઉપદેશ આપેલ છતાં તે શૈક્ષને ચારિત્રનો પરિણામ ન

થાય ત્યારે ફરી પૂર્વ કરતાં વિશેષ કથન કરનાર ઉપદેશકને એ જ અધ્યવસાય છે કે અનુપશાંત છતો આ જીવ સંસારમાં પરિભ્રમણ ન કરે માટે હું તેને ચારિત્રનું વિશેષ સ્વરૂપ સમજાવું જેથી ચારિત્રને પ્રાપ્ત કરીને તે જીવ સંસારનો ક્ષય કરે ત્યારે તે ધર્મકથી તે શૈક્ષને પ્રાપ્ત કરે છે.

વળી, ચારિત્રને અભિમુખ થયેલો પૃચ્છા કરે કે અહીં રહેલા સર્વ આચાર્યોમાં કયા સાધુઓ કેવા ગુણસંપન્ન છે જેમની પાસે હું દીક્ષા ગ્રહણ કરીને આત્મહિત સાધું ? ત્યારે તે સાધુ સર્વ આચાર્યોના જે પ્રકારના ગુણો છે તે પ્રકારે જ યથાર્થ કથન કરે છતાં તે શૈક્ષ કહે કે હું કોની પાસે દીક્ષા લઉં ? તે તમે મને કહો. ત્યારે દીક્ષા માટે તત્પર થયેલા ઘણા શિષ્યો હોય તો દરેકને એક એક અપાય છે; કેમ કે બધા આચાર્ય સંયમમાં ઉત્થિત છે અને ત્યાં જવાથી તેનું હિત થાય તેમ છે અને ત્યાં જેટલા ગચ્છ ભેગા થયા છે તે સર્વને એક એક શિષ્ય આપવાથી કોઈનેય કાલુષ્યનો પ્રસંગ થાય નહિ. જોકે સાધુઓ શિષ્ય પ્રત્યે પણ નિઃસ્પૃહી હોય છે છતાં વીતરાગ નથી અને તે શૈક્ષ પોતાને પ્રાપ્ત કરવાનો અધિકાર હોવા છતાં તે શિષ્ય અન્યને અપાય તો કાલુષ્ય થવાનો સંભવ રહે છે. તેથી કોઈના કાલુષ્યમાં નિમિત્ત ન બનાય તે માટે દરેક આચાર્યને એક એક શિષ્ય અપાય છે.

હવે કોઈ સાધુ બધા આચાર્યોના યથાર્થ ગુણો કહે છતાં કોઈ એક જ શૈક્ષ હોય અને તે કહે કે તમો કહો હું કોની પાસે દીક્ષા લઉં ? ત્યારે તે સર્વ આચાર્યોમાં જે રાત્નિક હોય તેમને સમર્પણ કરવો જોઈએ જેથી દીર્ઘ પર્યાયવાળા સુસંયમી પાસે રહીને તે શૈક્ષ પોતાનું હિત સાધે અને આ પ્રકારની શાસ્ત્રમર્યાદા હોવાથી અન્ય આચાર્યને પણ વિકલ્પ થાય નહિ કે અમારી પાસે દીક્ષા ગ્રહણ કરવા કેમ મોકલ્યો નહિ ?

હવે ત્યાં રહેલા બધા આચાર્યો સમરાત્નિક હોય તો શૈક્ષને પ્રતિબોધ કરનાર સાધુ વૃદ્ધસ્થવિર પાસે મોકલે પરંતુ સ્વઇચ્છાનુસાર અન્ય કોઈ પાસે મોકલે નહિ જેથી કોઈને સંક્લેશ થવાનો પ્રસંગ ન આવે અને વૃદ્ધસ્થવિરને પણ સંક્લેશ થાય નહિ. હવે ભિન્ન ભિન્ન ગચ્છના સાધુઓમાં બધા વૃદ્ધસ્થવિરો હોય તો જેમને શિષ્ય નથી તેમને આપવો જોઈએ જેથી તે વૃદ્ધસ્થવિર પણ ઉચિત અનુશાસન આપીને તે શૈક્ષનું હિત કરે અને તે વૃદ્ધસ્થવિર પોતે પણ સમ્યક્ આરાધના કરવા સમર્થ બને.

અહીં વિશેષ એ જાણવું કે સુસાધુ પાસે જ શૈક્ષને મોકલવાથી કલ્યાણ થાય તેથી તે સ્થાનમાં એકત્રિત થયેલા પ્રમાદી સાધુઓ હોય અને જિનવચનાનુસાર સંયમની ક્રિયા કરનારા ન હોય એવા સાધુઓ પાસે શૈક્ષને મોકલવાથી તેનું અહિત જ થાય છે માટે ત્યાં ઉપસ્થિત થયેલા બધા ગચ્છો આરાધક હોય તો જ આ પ્રકારની વ્યવસ્થા છે.

વળી, 'અથવા'થી અન્ય પ્રકાર બતાવે છે.

અથવા એક જ શિષ્ય સર્વનો સાધારણ છે અને તે ક્ષેત્રમાં અન્ય જીવો સંવેગને પામીને પ્રવ્રજ્યાને અભિમુખ થાય તેમ છે તો તે એક શિષ્યને સાધારણ કરાય છે અને અન્ય પણ યોગ્ય જીવો જ્યારે સંયમને અભિમુખ પરિણામવાળા થાય છે ત્યારે બધાને એક એક શિષ્ય અપાય છે. આ પ્રકારે શાસ્ત્રાનુસારી વ્યવસ્થા કરવાથી કોઈને પણ ક્લેશ થાય નહિ અને ઉચિત પ્રવૃત્તિ કરવા જન્ય નિર્જરાની પ્રાપ્તિ થાય છે. વળી, આ રીતે જ તે નગરમાં ઘણા આચાર્યો ભેગા થયા હોય અને તે સર્વનું સાધારણ ક્ષેત્ર હોય તેથી ત્યાંનું

આભાવ્ય સાધારણ બને છે અને તે ક્ષેત્રમાં નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ પ્રાપ્ત થતા હોય ત્યારે પણ પૂર્વમાં જેમ રાત્નિક આદિને આશ્રયીને વ્યવસ્થા બતાવી તે રીતે જ વસ્ત્ર-પાત્રાદિ પણ તેમને આપવાં જોઈએ અને તે વસ્ત્ર-પાત્રાદિ નિર્દોષ તાલચરો, સેવકો કે વાણિયાઓ પાસેથી મળે છે; કેમ કે તાલચરો નટક્રિયા કરનારા છે તેથી બધા પ્રકારના વેશો ભજવે છે તેથી તેઓ પાસે સાધુને અનુકૂળ તેવા પ્રકારનાં વસ્ત્ર-પાત્રાદિ મળવાની સંભાવના રહે છે. સેવકો પણ સામાન્ય સ્થિતિવાળા હોય છે તેથી સ્વામિ આદિ પાસેથી કંઈક મળ્યું હોય ત્યારે હું દાનાદિ કરીને ઉપભોગ કરું એવા પરિણામવાળા હોય છે તેથી તેઓની પાસેથી પણ નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ પ્રાપ્ત થવાની સંભાવના રહે છે.

વળી, વણિકો પણ કેટલાક દાન આપવાના પરિણામવાળા થાય છે ત્યારે પોતાની પાસે સાધુને યોગ્ય વસ્ત્ર-પાત્રાદિ હોય તેને આપવાનો પરિણામ કરે છે અને આ સર્વેને પ્રાયઃ વર્ષાઋતુમાં દાનનો પરિણામ થાય છે તેથી ચાતુર્માસ રહેલા સાધુઓને નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ પ્રાપ્ત થતાં હોય અને આવશ્યકતા હોય તો તે સ્થાનમાં પ્રાપ્ત થયેલા વસ્ત્ર-પાત્રાદિને પણ રાત્નિક આદિના ક્રમથી વિભાગ કરીને આપે છે. **॥૨૨૧-૨૨૨॥**

**ગાથા :-**

**चोएइ वत्थपाया, कप्पंते वासवासि घेत्तुं जे ।**
**जह कारणम्मि सेहो, तह तालचरादिसु य वत्था ।।२२३।।**

**અન્વયાર્થ :-**

**चोएइ=પ્રશ્ન કરે છે, वासवासि=વર્ષાઋતુમાં, जे वत्थपाया=જે વસ્ત્ર-પાત્રાદિ, घेत्तुं कप्पंते=સાધુને ગ્રહણ કરવા કલ્પે ? ઉત્તર આપે છે. जह कारणम्मि=જે પ્રમાણે કારણમાં=અપવાદિક કારણમાં, सेहो= શૈક્ષ કલ્પે છે. तह=તે પ્રમાણે, तालचरादिसु य वत्था=તાલચરાદિ વિષયક વસ્ત્રો કલ્પે છે. ।।૨૨૩।।**

**ગાથાર્થ :-**

**પ્રશ્ન કરે છે. વર્ષાઋતુમાં વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરવાં સાધુને કલ્પે છે ? એનો ઉત્તર આપે છે. જે પ્રમાણે કારણમાં=અપવાદિક કારણમાં શૈક્ષ કલ્પે છે તે પ્રમાણે તાલચરાદિ વિષયક વસ્ત્રો કલ્પે છે. ।।૨૨૩।।**

**ટીકા :-**

'चोएइ'त्ति । चोदयति शिष्यः—वर्षावासे वस्त्रपात्राणि ग्रहीतुं कल्पन्ते ?, काक्वा पाठ इति प्रश्नावगमः । सूरिराह—यथा 'कारणे' पूर्वोपस्थित इत्येवंलक्षणेऽव्यवच्छित्तिकारको भविष्यतीत्येवंरूपे वाऽपवादतः शैक्षः कल्पते तथाऽपवादतस्तालाचरादिषु वस्त्राणि, उपलक्षणमेतत् पात्राणि च कल्पन्ते ।।२२३।।

**ટીકાર્થ :-**

**चोदयति शिष्यः-वर्षा ..... पात्राणि च कल्पन्ते ।। શિષ્ય પ્રશ્ન કરે છે. વર્ષાકાળમાં વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરવાં કલ્પે છે ? કાકુવા પાઠ છે તેથી પ્રશ્નનો અવગમ છે.**

**સૂરિ કહે છે. જે પ્રમાણે કારણે=પૂર્વ ઉપસ્થિત છે એવા સ્વરૂપવાળા કારણમાં, અથવા અવ્યવચ્છિત્તિને કરનાર થશે એવા કારણમાં, અપવાદથી શૈક્ષ કલ્પે છે. તે પ્રકારે અપવાદથી તાલચરાદિ વિષયક વસ્ત્રો કલ્પે છે. આ=વસ્ત્રો કલ્પે છે એ ઉપલક્ષણ છે.**

શેનું ઉપલક્ષણ છે ? એથી કહે છે –

**પાત્રો કલ્પે છે એ ઉપલક્ષણ છે. ॥૨૨૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથાના અંતમાં કહ્યું કે તાલચરાદિ પ્રાયઃ વર્ષાઋતુમાં દાન કરનારા હોય છે તેથી વર્ષાઋતુમાં રહેલા સાધુઓને વસ્ત્ર-પાત્રાદિની પ્રાપ્તિ થઈ હોય ત્યારે શાસ્ત્રમર્યાદાનુસાર સર્વ વિભાજન કરવું જોઈએ ત્યાં શિષ્ય પ્રશ્ન કરે છે સાધુને વસ્ત્ર-પાત્ર વર્ષાકાળમાં ગ્રહણનો નિષેધ સંભળાય છે તેથી સુસાધુઓ તેને કઈ રીતે ગ્રહણ કરે ? તેથી કહે છે –

જેમ ચાતુર્માસમાં શૈક્ષને ગ્રહણ કરવો સાધુને કલ્પતું નથી છતાં કોઈ યોગ્ય જ શિષ્ય પ્રથમ ઉપસ્થિત થયો હોય અથવા કોઈ પ્રભાવશાળી વ્યક્તિ હોય જેના કારણે શાસ્ત્ર ભણીને સંપન્ન થશે તો ભગવાનના માર્ગનો અવ્યવચ્છેદ કરનાર થશે એમ જણાય તો ચાતુર્માસમાં પણ શૈક્ષને સુસાધુઓ અપવાદથી ગ્રહણ કરે છે એ પ્રમાણે તાલચરાદિ પાસેથી વસ્ત્રો પણ અપવાદથી ગ્રહણ કરે છે અર્થાત્ સુસાધુ ચાતુર્માસ પ્રવેશ પૂર્વે જ ચાતુર્માસને યોગ્ય ઉચિત વસ્ત્ર-પાત્રાદિ ગ્રહણ કરે છે છતાં નિર્દોષ વસ્ત્ર-પાત્રાદિ અત્યંત દુર્લભ છે અને સાધુ પ્રાયઃ ગૃહસ્થોથી ત્યાગ કરાયેલા વસ્ત્રને ગ્રહણ કરે છે તેથી કાંઈક જીર્ણ હોય છે છતાં તેવાં નિર્દોષ વસ્ત્રાદિની પ્રાપ્તિ દુર્લભ હોવાથી અને કોઈ સાધુને અતિશય વસ્ત્રાદિની આવશ્યકતા હોય તો અપવાદથી ચાતુર્માસમાં પણ વસ્ત્રાદિ ગ્રહણ કરવાં સાધુને કલ્પે છે. **॥૨૨૩॥**

**ગાથા :-**

**तद्दिणमुवसामेई, पडिवज्जंतं तु जो उ गिहिलिंगं ।**
**मूलायरिअन्नो वि हु, तस्सेव तओ पुरा आसि ।।२२४।।**

**અન્વયાર્થ :-**

**गिहिलिंगं पडिवज्जंतं=ગૃહસ્થલિંગને સ્વીકારતા એવા જીવને, जो उ मूलायरिअन्नो वि हु=વળી જે મૂળ આચાર્ય અથવા અન્ય પણ સાધુ, तद्दिणम्=તે જ દિવસે, उवसामेई=ઉપશમન કરાવે છે, तओ तस्सेव= તેથી તેનો જ થાય છે. पुरा आसि=આ વિધિ પૂર્વમાં હતી. ॥૨૨૪॥**

**ગાથાર્થ :-**

**ગૃહસ્થલિંગને સ્વીકારતાં એવા જીવને વળી જે મૂળ આચાર્ય અથવા અન્ય પણ સાધુ તે જ દિવસે ઉપશમન કરાવે છે તેથી તેનો જ થાય છે. આ વિધિ પૂર્વમાં હતી. ।।૨૨૪।।**

**ટીકા :-**

**'तद्दिण'मिति । यो व्रतं मुक्त्वा गृहिलिङ्गं प्रतिपद्यमानं तद्दिनमेव 'उपशामयति' व्रतग्रहणायाभिमुखीकरोति मूलाचार्यान्योऽपि, अपिना मूलाचार्यो वा गृह्यते, ततो येनैवोपशमितस्तस्यैवाभवति न मूलाचार्यस्यैव, उक्तञ्च**–'पच्छाकडो गिहत्थीभूओ जइ तद्दिवसं चेव पव्वइउमिच्छइ जस्स सगासे इच्छइ तस्सेव सो ।' **इति । एष विधिः पुराऽऽसीत् । सम्प्रति पुनर्लिङ्गे परित्यक्तेऽपि त्रिषु वर्षेषु तदाभवनपर्यायः परिपूर्णो भवति नारतः ।।२२४।।**

**ટીકાર્થ :-**

**यो व्रतं ..... नारतः ।। વ્રતને મૂકીને ગૃહસ્થલિંગને સ્વીકારતા જીવને તે જ દિવસે જે સાધુ ઉપશમન કરાવે છે=વ્રતગ્રહણ માટે અભિમુખ કરે છે.**

કોણ અભિમુખ કરે છે ? એથી કહે છે –

**મૂલ આચાર્ય અથવા અન્ય પણ સાધુ અભિમુખ કરે છે. અપિથી મૂળ આચાર્ય ગ્રહણ કરાય છે. તેથી જેના વડે=જે સાધુ વડે, ઉપશમિત કરાયો તેનો જ તે થાય છે. મૂલાચાર્યનો જ નહિ અને કહેવાયું છે.** પશ્ચાત્કૃત ગૃહસ્થ થયેલો જો તે જ દિવસે જેની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઇચ્છે છે. તેનો તે થાય છે. **આ વિધિ પૂર્વમાં હતી હમણાં વળી લિંગનો પરિત્યાગ કરાયે છતે પણ ત્રણ વર્ષોમાં તેના આભવનનો પર્યાય પરિપૂર્ણ થાય છે. તેનાથી પૂર્વે નહિ=જે ગુરુ પાસે પ્રથમ દીક્ષા ગ્રહણ કરેલ તેમનો આ શિષ્ય ત્રણ વર્ષ સુધી થાય છે ત્યારપછી અન્ય પાસે દીક્ષા ગ્રહણ કરી શકે. ।।૨૨૪।।**

**અવતરણિકા :-**

कुत इयं मर्यादा स्थापिता ? इत्यत आह –

**અવતરણિકાર્થ :-**

આ=ઉપશમન કરાયેલા સાધુ ત્રણ વર્ષ સુધી મૂળ આચાર્યના થાય છે આ, મર્યાદા કયા કારણથી સ્થાપન કરાઈ છે ? એથી કહે છે –

**ગાથા :-**

इण्हिं पुण जीवाणं, उक्कडकलुसत्तणं विजाणित्ता ।
तो भद्दबाहुणा ऊ, तेवरिसा ठाविआ ठवणा ।।२२५।।

**અન્વયાર્થ :-**

इण्हिं पुण=વળી હમણાં, जीवाणं उक्कडकलुसत्तणं विजाणित्ता=જીવોના ઉત્કટક્લુષપણાને જાણીને, तो भद्दबाहुणा ऊ='તેનો પરિહાર થાય' તેથી ભદ્રબાહુસ્વામી વડે, तेवरिसा ठवणा=ત્રણ વર્ષની મર્યાદા, ठाविआ=સ્થાપન કરાઈ છે. ॥૨૨૫॥

**ગાથાર્થ :-**

**વળી હમણાં જીવોના ઉત્કટક્લુષપણાને જાણીને 'તેનો પરિહાર થાય' તેથી ભદ્રબાહુસ્વામી વડે ત્રણ વર્ષની મર્યાદા સ્થાપન કરાઈ છે. ॥૨૨૫॥**

**ટીકા :-**

**'इण्हिं पुण'त्ति । इदानीं पुनर्जीवानां 'उत्कटकलुषत्वं' कषायाविलत्वं विज्ञाय भद्रबाहुना 'त्रैवर्षी' त्रिवर्षप्रमाणा मर्यादा स्थापिता, चारित्रतटाके संयमोदकपरिवहनरक्षणार्थं पालिः कृतेति भावः ।।२२५।।**

**ટીકાર્થ :-**

इदानीं ..... भावः ।। **હમણાં વળી જીવોને ઉત્કટકલુષપણું=કષાયથી યુક્તપણું જાણીને ભદ્રબાહુસ્વામી વડે ત્રણ વર્ષ પ્રમાણ મર્યાદા સ્થાપન કરાઈ છે=ચારિત્રરૂપી તળાવમાં સંયમરૂપી જળના બહાર નીકળવાથી રક્ષણ માટે પાળી કરાઈ છે એ ભાવ છે. ॥૨૨૫॥**

**ભાવાર્થ :-**

સુસાધુઓ ત્રણ ગુપ્તિથી ગુપ્ત થઈને સદા કષાયો નોકષાયોના જય માટે ઉદ્યમ કરે છે અને સુવિહિત સમુદાયમાં દીક્ષા લઈને કોઈ સાધુ સમિતિ-ગુપ્તિમાં અપ્રમાદથી યત્ન કરવા છતાં ક્યારેક સ્ખલના પામે ત્યારે સુસાધુઓ સારણા આદિ કરે છે જેથી ગ્રહણ કરાયેલું સંયમ અધિક અધિક કષાયોનું શમન કરીને નિર્જરાનું કારણ બને આમ છતાં કોઈક જીવને સ્ખલના આપાદક કર્મ પ્રચુર હોય તેથી સંયમ જીવનમાં કષાયોના શમનને અનુકૂળ યત્ન કરવામાં પ્રમાદ થાય છે અને ગૃહસ્થ થવાને અભિમુખ પરિણામવાળા થાય છે તેથી સંયમનો ત્યાગ કરીને ગૃહસ્થલિંગને સ્વીકારે છે. આમ છતાં તે સાધુ ગૃહસ્થલિંગને સ્વીકારે ત્યારપછી કોઈક વિશેષ ધર્મકથી તેમને તીવ્ર સંવેગ ઉત્પન્ન થાય તે રીતે સંસારનું રૌદ્રપણું બતાવે અને અપ્રમાદથી સંયમમાં યત્ન કરવાને કારણે વર્તમાનનો ભવ કઈ રીતે સફળ થાય છે, આગામી ભવપરંપરા કઈ રીતે ઉચ્છિન્ન થાય છે, ઇત્યાદિ કથીપ્રભાવક એવા નંદિષેણ મુનિની જેમ ઉપદેશ આપીને તે જીવને ઉપશાંત કરે છે જેથી તે જીવ પ્રવ્રજ્યાને અભિમુખ બને. આ પ્રકારે તે જીવને ઉપશાંત કરનાર મૂળ આચાર્ય પણ હોઈ શકે અને અન્ય પણ હોઈ શકે. ત્યારે જે મહાત્મા તેના કષાયોને ઉપશાંત કરીને પ્રવ્રજ્યાને અભિમુખ સદ્વીર્યને ઉલ્લસિત કરાવે છે તે મહાત્માનો તે શિષ્ય થાય આ પ્રકારે વિધિ ભદ્રબાહુસ્વામી પૂર્વે હતી. વળી, વર્તમાનમાં સાધુપણું ત્યાગ કરાયે છતે ત્રણ વર્ષ સુધી તે ગૃહસ્થ થનાર સાધુ મૂળ આચાર્યનો જ શિષ્ય થાય છે. ત્રણ વર્ષ પછી જો તે ઉપશમન પામે તો જેનાથી ઉપશમન પામે તેનો શિષ્ય થાય છે.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગ સદા એક છે તેથી તેની ઉચિત પ્રવૃત્તિ પણ સદા એક પ્રકારની હોવી

જોઈએ જેથી મધ્યસ્થભાવ વિદ્યમાન રહે. આમ છતાં વર્તમાનમાં ત્રણ વર્ષ સુધી તે શિષ્ય મૂળ આચાર્યનો કેમ થાય છે ? અન્યનો કેમ નહિ ? તેથી કહે છે –

સુસાધુ પણ વીતરાગ નથી કષાયવાળા છે, ફક્ત કષાયોના રૌદ્ર સ્વરૂપને જાણીને કષાયોના ઉન્મૂલનમાં યત્ન કરનારા છે અને વર્તમાનકાળના સાધુઓમાં કષાયોને ઉન્મૂલન કરવાનો કાંઈક પરિણામ છે છતાં પૂર્વના સુસાધુઓ કરતાં કાંઈક ઉત્કટ કષાયપણું છે તેથી પોતાનો શિષ્ય ગૃહસ્થ થયા પછી અન્ય કોઈ સાધુ વિશેષ પ્રકારની દેશનાથી તેને ઉપશાંત કરીને ચારિત્રને અભિમુખ પરિણામવાળો કરે ત્યારે તેના મૂળગુરુમાં કંઈક કષાય ઉત્કટ હોવાથી આ શિષ્ય મારો થવો જોઈએ એ પ્રકારનો પરિણામ થાય તો તે ગુરુનો સમભાવને અનુકૂળ ઉદ્યમ સ્ખલના પામે છે. જેમ સિંહગુફાવાસી મુનિનું ચિત્ત કામના વિકારોથી ઉપશાંત થયેલું હોવા છતાં કોશાના બલવાન નિમિત્તને પામીને કંઈક વિકારવાળું થયું તેમ મૂળગુરુને પણ આ શિષ્ય મારો છે છતાં અન્ય પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી છે એ પ્રકારના મમત્વના પરિણામથી કંઈક વિકાર ઉત્થિત થાય તો તે ગુરુનું સંયમ ક્રમસર ક્ષીણ-ક્ષીણતર થવાની સંભાવના રહે છે તેથી તેવા નિમિત્તના પરિહાર અર્થે ભદ્રબાહુસ્વામીએ તેવા મહાત્માઓના ચારિત્રરૂપી તળાવમાં સંયમને અનુકૂળ જે અકષાય ભાવરૂપી જળનો પ્રવાહ વર્તે છે તે પ્રવાહ બાહ્ય નિમિત્તને પામીને કષાયને અભિમુખ પ્રવર્તે નહિ તેના માટે પાળના બંધનરૂપ ત્રણ વર્ષની મર્યાદા કરી છે. **॥૨૨૪-૨૨૫॥**

**અવતરણિકા :-**

**अस्यामेव त्रैवर्षिक्यां स्थापनायां विशेषमभिधित्सुराह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ત્રિવાર્ષિક સ્થાપનામાં વિશેષને કહેવાની ઈચ્છાવાળા કહે છે –**

**ગાથા :-**

**तद्दिवसं तु जमिच्छइ, णिण्हवपरतित्थिएसु संकंतो ।**
**जढसम्मत्तो तस्स उ, सम्मत्तजुए समा तिण्णि ।।२२६।।**

**અન્વયાર્થ :-**

**तु णिण्हवपरतित्थिएसु=વળી નિહ્નવ કે પરતીર્થિકમાં, संकंतो=સંક્રાંત થયેલો, जढसम्मत्तो=ત્યાગ કરાયેલા સમ્યક્ત્વવાળો, तद्दिवसं=તે જ દિવસે, जमिच्छइ तस्स उ=જે પ્રતિબોધકને ઈચ્છે છે તેનો જ થાય છે. सम्मत्तजुए तिण्णि समा=સમ્યક્ત્વયુક્તમાં ત્રણ વર્ષની મર્યાદા છે. ।।૨૨૬।।**

**ગાથાર્થ :-**

**વળી નિહ્નવ કે પરતીર્થિકમાં સંક્રાંત થયેલો, ત્યાગ કરાયેલા સમ્યક્ત્વવાળો તે જ દિવસે જે પ્રતિબોધકને ઈચ્છે છે તેનો જ થાય છે. સમ્યક્ત્વયુક્તમાં ત્રણ વર્ષની મર્યાદા છે. ।।૨૨૬।।**

**ટીકા :-**

**'तद्दिवसं तु'त्ति । निह्नवपरतीर्थिकयोः संक्रान्तस्त्यक्तसम्यक्त्वः सन् तद्दिवसमेव यं प्रतिबोधकमिच्छति तस्यैव स आभवति । सम्यक्त्वयुते तु भग्नचारित्रपरिणामे हि परलिङ्गादिषु गते मूलाचार्यमर्यादाः 'तिस्रः समाः' त्रीणि वर्षाणि त्रिषु वर्षेषु गतेषु पूर्वपर्यायस्त्र्युट्यतीत्यर्थः ।।२२६।।**

**ટીકાર્થ :-**

निह्नवपरतीर्थिकयोः ..... पूर्वपर्यायस्त्र्युट्यतीत्यर्थः ।। **નિહ્નવ અને પરતીર્થિકમાં સંક્રાંત થયેલો ત્યક્ત સમ્યક્ત્વવાળો છતો તે દિવસે જ જે પ્રતિબોધકને તે ઈચ્છે છે=સંયમ છોડીને નિહ્નવ કે પરિતીર્થિકમાં સંક્રાંત થયેલ સાધુ ઈચ્છે છે, તેનો જ થાય છે=પોતાની ઈચ્છાના વિષયના પ્રતિબોધકનો જ થાય છે. વળી સમ્યક્ત્વયુક્ત ભગ્નચારિત્રના પરિણામવાળો પરલિંગમાં ગયે છતે મૂળ આચાર્યની મર્યાદા ત્રણ વર્ષની છે ત્રણ વર્ષની મર્યાદા પૂર્ણ થયે છતે પૂર્વપર્યાય તૂટે છે=પૂર્વના ગુરુ સાથેનો શિષ્યરૂપ પર્યાય તૂટે છે. ॥૨૨૬॥**

**ભાવાર્થ :-**

કોઈ જીવે સુસાધુના ગચ્છમાં સંયમ ગ્રહણ કરેલું હોય અને સંયમજીવનની આચરણામાં અપ્રમાદભાવ પૂર્વકની યતનાઓ દુષ્કર છે અને તેની સ્ખલના કોઈ જીવને થતી હોય જેથી પ્રમાદવશ પડિલેહણ આદિ સંયમની ક્રિયાઓ કરતા હોય ત્યારે ગચ્છના સુવિહિત સાધુઓ વારંવાર સારણા આદિ કરે છે અને કહે છે કે આ રીતે કરાયેલ ક્રિયાથી સંસારનો ક્ષય થશે નહિ માટે કષાયોનું શમન થાય, ષટ્કાયના પાલનનો અધ્યવસાય ઉત્કટ થાય તે રીતે સંયમની ક્રિયાઓ કરવી જોઈએ એ પ્રકારનું અનુશાસન સુગચ્છમાં વારંવાર મળે છે અને જેઓનો પ્રમાદી સ્વભાવ છે તેઓને તે અનુશાસન અધિક પ્રમાદી કરે છે તેથી નિહ્નવ કે પરતીર્થિકમાં રહીને હું સંયમની આરાધના કરું ? તેવો પતિત પરિણામ થાય છે અને ત્યાં ગયા પછી સુસાધુની અપ્રમાદની ક્રિયા મોક્ષનું કારણ છે તેવી તેની બુદ્ધિ શિથિલ થાય છે અને નિહ્નવની કે પરતીર્થિકની પ્રમાદી આચરણાથી પણ ધર્મ થાય છે તેવો વિપર્યાસ થાય છે જેથી સમ્યક્ત્વ રહિત થઈને તે સાધુ નિહ્નવ કે પરતીર્થિક સાથે તેમના જેવી પરિણતિવાળો થાય છે અને તેને જોઈને કોઈક યોગ્ય સાધુને થાય કે આ જીવ પણ કલ્યાણનો અર્થી છે. ફક્ત બોધમાં વિપર્યાસ થયો છે તેથી તે સુસાધુ તે પતિત પરિણામવાળા જીવને સુયુક્તિઓપૂર્વક સુસાધુના સંયમની આચરણાથી જ સંસારનો ક્ષય છે, નિહ્નવની કે પરતીર્થિકોની સ્વેચ્છાચારની આચરણાથી સંસારનો ક્ષય નથી એવી સ્થિરબુદ્ધિ ઉત્પન્ન કરે અને તે પતિત પરિણામવાળા સાધુને પણ થાય કે આ પ્રતિબોધકના વચનથી જ મને મોક્ષમાર્ગનો યથાર્થ બોધ થયો છે અને આ મહાત્માના અનુશાસનથી જ હું સંયમમાં સ્થિર થઈ શકીશ તેથી જો માર્ગમાં આવવા તત્પર થયેલ તે સાધુ પ્રતિબોધકને ગુરુ તરીકે ઇચ્છે તો સમ્યક્ત્વ રહિત નિહ્નવ કે પરતીર્થિકમાં ગયેલ તે સાધુ ત્રણ વર્ષની મર્યાદા વગર પ્રથમ દિવસથી જ તે પ્રતિબોધકનો થઈ શકે છે; કેમ કે સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલ જીવને અને નિહ્નવમાં કે પરતીર્થિકમાં જઈને વિનાશ પામેલા જીવને જે સાધુ ફરી સમ્યક્ત્વમાં અને ચારિત્રમાં

સ્થિર કરવા સમર્થ છે તે સાધુ જેવું અનુશાસન આરાધક હોવા છતાં પોતાના મૂળ ગુરુ કરી શકે તેમ નથી તેમ જણાવાથી જો તે શિથિલ થયેલા સાધુ પ્રતિબોધકને ગુરુરૂપે ઇચ્છે તે દોષરૂપ નથી પરંતુ મધ્યસ્થતાપૂર્વક પ્રતિબોધક સાધુને સ્વીકારની પ્રવૃત્તિ કરવાથી પોતાનું હિત જણાય તો તેવા આરાધનાને અભિમુખ થયેલા જીવ માટે તે પ્રવૃત્તિ જ યુક્ત છે. તેથી સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા નિહ્નવ આદિમાં સંક્રાંત થયેલા જો પ્રતિબોધક પાસે સંયમ લેવા ઇચ્છે તો ભગવાને તેના હિત અર્થે જ તેને તેમની પાસે દીક્ષા ગ્રહણ કરવાની અનુજ્ઞા આપેલ છે.

વળી, કોઈ સાધુ સમ્યક્ત્વયુક્ત હોય, ચારિત્રના પરિણામથી ભગ્ન થયેલ હોય અને પરલિંગ આદિમાં ગયેલ હોય તો ત્રણ વર્ષ સુધી તે મૂલાચાર્યના શિષ્ય થઈ શકે.

તેથી એ ફલિત થાય કે સંયમની સર્વ આચરણાઓ સંવેગની વૃદ્ધિપૂર્વક કરવી જોઈએ એ પ્રકારની પ્રેરણા સમુદાયમાં મળે છે અને સંવેગમાં યત્ન કરવો જેને દુષ્કર જણાય છે, ઇન્દ્રિયોને વશ થઈને પ્રવૃત્તિ કરવી જેને ફાવે છે, આમ છતાં ભગવાનના વચનમાં સ્થિર નિર્ણય છે કે દૃઢ પ્રણિધાનપૂર્વક સમિતિ-ગુપ્તિ શુદ્ધ ક્રિયા અને અસપત્નયોગ=અન્ય બલવાન યોગનો નાશ ન થાય તેવી ઉચિત આચરણા એ જ સંસારક્ષયનું કારણ છે તોપણ પ્રમાદી સ્વભાવને કારણે સમ્યક્ત્વ હોવા છતાં ચારિત્રનું પાલન કરવાનો ઉત્સાહ થતો નથી તેથી પરલિંગીઓમાં કે પાસત્થાદિમાં જઈને સુખશીલતાપૂર્વક જીવવાનો પરિણામ થાય છે અને તેવા યોગ્ય જીવને કોઈ પ્રતિબોધક મળે તો આ રીતે ચારિત્રનો વિનાશ કરવો ઉચિત નથી તે પ્રકારે સૂક્ષ્મ બોધ તે જીવને કરાવીને તે જીવને સંવેગને અભિમુખ પરિણામવાળો કરે છે ત્યારે ફરી તે જીવ સંયમમાં ઉત્થિત પરિણામવાળો થાય તો ત્રણ વર્ષ સુધી તે જીવે મૂળ આચાર્ય પાસે જ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ જેથી સમ્યક્ત્વ આદિની પ્રાપ્તિ કરાવનાર મૂળ આચાર્યને પણ નિમિત્તને પામીને ક્લેશ થાય નહિ અને તે મૂળ આચાર્ય પણ તત્ત્વને યથાર્થ બતાવનાર છે અને તેમની પાસેથી જ પોતાને સમ્યક્ત્વ મળેલ છે માટે ત્રણ વર્ષની મર્યાદા ભદ્રબાહુસ્વામીએ કરી છે તેનું પાલન કરીને તે જીવે ફરી દીક્ષા મૂલાચાર્ય પાસે જ ગ્રહણ કરવી જોઈએ અથવા ત્રણ વર્ષ પછી જ્યાં વિશેષ લાભ દેખાય ત્યાં સંયમ ગ્રહણ કરવું જોઈએ. **॥૨૨૬॥**

**ગાથા :-**

**एमेव देसिअम्मि वि, सभासिएणं तु समणुसिट्ठम्मि ।**
**ओसन्नेसु वि एवं, अच्चाइन्ने ण उण इण्हिं ।।२२७।।**

**અન્વયાર્થ :-**

**एमेव देसिअम्मि वि=આ રીતે જ દેશિકમાં પણ, सभासिएणं समणुसिट्ठम्मि=સભાષિક વડે અનુશાસન અપાયે છતે મર્યાદા છે એમ અન્વય છે. एवं ओसन्नेसु वि=એ રીતે અવસન્નમાં પણ મર્યાદા છે, अच्चाइन्ने उण इण्हिं ण=કષાય આકીર્ણ જીવોમાં વળી હમણાં નથી=આ મર્યાદા નથી. ।।૨૨૭।।**

**ગાથાર્થ :-**

**આ રીતે જ દેશિકમાં પણ સભાષિક વડે અનુશાસન અપાયે છતે મર્યાદા છે એમ અન્વય છે. એ રીતે અવસન્નમાં પણ મર્યાદા છે. કષાય આકીર્ણ જીવોમાં વળી હમણાં નથી=આ મર્યાદા નથી. ॥૨૨૭॥**

**ટીકા :-**

'एमेव'त्ति । 'एवमेव' अनेनैव प्रकारेण दैशिकेऽपि 'सभाषकेण' समानभाषाव्यवहारिणा समनुशिष्टे ज्ञातव्यम्, अयं भावः—यद्यन्ध्रादिदेशोद्भवो म्लेच्छप्राय आर्यभाषामजानानो विपरिणतः सन् त्यक्तसम्यक्त्वो गृहस्थीभूतः परिव्राजकादिषु निह्नवेषु वा मिलितेषु यदि केनापि साभाषिकेण समनुशिष्टः सन् प्रत्यावर्त्तते तर्हि तस्य समनुशासकस्याभवति नान्यस्य । अथ ससम्यक्त्वः परलिङ्गादिषु गतस्तर्हि मूलाचार्यपर्यायपरिमाणं तिस्रः समाः । अवसन्नेष्वप्येवं पूर्वमासीत् । यथा—अवसन्नीभूतं तद्दिवसमपि य उपशमयति स तस्याभवति । इदानीं पुनः कषायैरत्याकीर्णे नेयं व्यवस्था किन्तु त्रीणि वर्षाणि पूर्वदिक्पर्यायः ।।२२७।।

**ટીકાર્થ :-**

'एवमेव' ..... पूर्वदिक्पर्यायः ।। આ રીતે જ=પૂર્વની ગાથામાં કહ્યું એ પ્રકારથી જ, દૈશિકમાં પણ સમાનભાષાવાળા વ્યવહારી દ્વારા, સમનુશાસન અપાયે છતે જાણવું. આ ભાવ છે. જો આંધ્રાદિ દેશમાં ઉદ્ભવ થયેલો=જન્મેલો, મ્લેચ્છ પ્રાયઃ=અન્ય ભાષાઓને સમજવા અસમર્થ, આર્યભાષાને નહિ જાણતો, વિપરિણત છતો ત્યક્ત સમ્યક્ત્વવાળો ગૃહસ્થ થયેલો અથવા પરિવ્રાજકોમાં કે નિહ્નવોમાં મળેલો જો કોઈપણ સાભાષિક વડે અનુશાસન અપાયેલો છતો પ્રત્યાવર્તન પામે છે=સમ્યક્ત્વના પરિણામને ચારિત્રના પરિણામને અભિમુખ થાય છે, તો તે સમનુશાસકનો થાય છે, અન્યનો નહિ. હવે સમ્યક્ત્વ સહિત પરલિંગી આદિમાં ગયેલો હોય તો મૂલાચાર્યના પર્યાય પરિમાણ ત્રણ વર્ષ છે=સમ્યક્ત્વ સહિત કોઈક આંધ્રાદિ દેશમાં થયેલો સાધુ પરદર્શનવાળા સાધુમાં ગયો હોય કે પાસત્થાદિમાં ગયેલો હોય તો ત્રણ વર્ષ સુધી મૂળગુરુનો શિષ્ય થાય. અવસન્નમાં પણ આ પ્રમાણે જ પૂર્વમાં મર્યાદા હતી. જે મર્યાદા 'यथा'થી સ્પષ્ટ કરે છે.

અવસન્નીભૂત સાધુને તે દિવસે પણ=સુસાધુનો ત્યાગ કરીને અવસન્ન સાધુ સદૃશ બને તે દિવસે પણ, જે સાધુ ઉપશમન કરે છે તેનો=તે સાધુનો, તે થાય છે=ઉપશમન કરનાર સાધુનો તે શિષ્ય થાય છે. વળી હમણાં કષાયોથી આકીર્ણ સાધુઓ હોતે છતે આ વ્યવસ્થા નથી પરંતુ ત્રણ વર્ષ સુધી પૂર્વાદિકનો પર્યાય છે=પૂર્વમાં જે ગુરુનો શિષ્ય હોય તેનો શિષ્ય થાય છે. ॥૨૨૭॥

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું તે પ્રમાણે જ કોઈ આંધ્રાદિ દેશમાં થયેલ જીવ હોય, ભાષા બોલવામાં મ્લેચ્છ જેવો હોય અર્થાત્ સુસાધુની ભાષા સુંદર રીતે બોલવા અસમર્થ હોય આર્ય ભાષા જાણતો ન હોય=શિષ્ટ પુરુષો કઈ રીતે સર્વ સાથે ઉચિત સંભાષણ કરે તે જાણતો ન હોય, આમ છતાં સુસાધુના પરિચયને કારણે સંસારપરિભ્રમણની રૌદ્રતાનો બોધ થયો હોય તેથી ભવથી વિરક્ત થઈ અને સાધુના સુંદર આચારો પ્રત્યે બદ્ધ રાગવાળો થયો હોય તેથી સુસાધુએ તેની ગુણના પક્ષપાતરૂપ વિશિષ્ટ યોગ્યતાનો નિર્ણય કરીને દીક્ષા આપી હોય આમ છતાં કોઈક નિમિત્તને પામીને કષાયનો ઉદય થતાં સુસાધુના શુદ્ધ આચારો પ્રત્યે દૃઢ રાગરૂપ સમ્યક્ત્વ નાશ પામ્યું તેથી ગૃહસ્થ થયો હોય અથવા અન્યદર્શનના પરિવ્રાજકોમાં મળી ગયેલો હોય અથવા શુદ્ધમાર્ગની પ્રરૂપણા કરનારા સુસાધુને છોડીને નિહ્નવોમાં કે પાસત્થાદિમાં મળેલો હોય અને કોઈક સાધુ શિથિલ થયેલા તે સાધુની ભાષા સારી રીતે જાણતા હોય અને વિચાર કરે કે આ રીતે શિથિલ થઈને આ જીવ દુરંત સંસારમાં જશે તેથી તેની ભાષાથી તેને સંસારની રૌદ્રતાનું સ્વરૂપ બતાવે અને ભાવસાધુપણું કઈ રીતે કષાયનો ક્ષય કરીને સુગતિ આદિની પ્રાપ્તિનું કારણ છે ઇત્યાદિ બોધ કરાવીને તે જીવને ફરી માર્ગ પ્રત્યે આવવાને અભિમુખ કરે ત્યારે તે આંધ્રાદિ દેશવાળો પુરુષ માર્ગમાં લાવનાર સાધુનો જ શિષ્ય થાય છે, અન્યનો નહિ=મૂળગુરુનો પણ નહિ; કેમ કે તે ઉપદેશકે માર્ગભ્રષ્ટને ફરી માર્ગમાં સ્થાપન કરવારૂપ મહાન ઉપકાર કરેલ છે અને તેના બળથી જ તે માર્ગમાં સ્થિર થાય તેવી સંભાવના છે માટે ત્રણ વર્ષની મર્યાદા મૂળગુરુની રહેતી નથી પરંતુ માર્ગમાં સ્થાપન કરનાર મહાત્માનો જ તે શિષ્ય થાય એ પ્રકારની ભગવાનના શાસનની મર્યાદા છે. હવે આંધ્રનો જ તે જીવ સુખશીલ સ્વભાવને કારણે ગૃહસ્થ થયેલ હોય, પરિવ્રાજકાદિમાં ગયેલો હોય કે નિહ્નવાદિમાં મળેલ હોય આમ છતાં શુદ્ધ ચારિત્ર પ્રત્યેનો બદ્ધરાગ વિદ્યમાન હોય. જેમ મરીચિએ ત્રિદંડીનો વેશ ગ્રહણ કર્યો છતાં સુસાધુઓના સાધુભાવ પ્રત્યે અત્યંત ઉપાદેય બુદ્ધિ હતી તેમ તે જીવને પણ સુસાધુના સાધુભાવ પ્રત્યે અત્યંત ઉપાદેય બુદ્ધિ હોય તો સમ્યક્ત્વ સહિત પરલિંગાદિમાં ગયેલ છે, વળી તેવા સાધુને કોઈ ઉપશમન કરાવે જેથી ફરી સંયમના શુદ્ધ આચારો સેવવાનું સદ્વીર્ય તે મહાત્માનું ઉલ્લસિત થાય તો તેના મૂળગુરુ હતા તેમની પાસે જ ત્રણ વર્ષ સુધીમાં તેમણે સંયમ ગ્રહણ કરવું જોઈએ; કેમ કે તે ગુરુએ સમ્યક્ત્વ આદિ પ્રાપ્ત કરાવીને ચારિત્રથી તેને સંપન્ન કરેલ હતા. વળી, તે ગુરુ ગુણસંપન્ન હોવા છતાં સંપૂર્ણ કષાય રહિત નથી અને કાળના દોષના કારણે સારા પણ તે સાધુ પૂર્વના સાધુઓ કરતાં કષાય આકીર્ણ છે અને જો તે શિષ્ય અન્ય પાસે દીક્ષા ગ્રહણ કરે તો તેનું સ્મરણ થવાથી કષાયવશ થઈને સંયમને મલિન કરે તેવી સંભાવના છે તેથી ભદ્રબાહુસ્વામીએ વર્તમાનના સાધુઓને આશ્રયીને મૂળગુરુની ત્રણ વર્ષની મર્યાદા કરેલ છે.

વળી, કોઈ સાધુ સુસાધુનો ત્યાગ કરીને શિથિલાચારી થયેલ હોય અથવા શિથિલાચારી સાધુ પાસે ગયેલ હોય અને કોઈ અન્ય સાધુ તેમને માર્ગાનુસારી બોધ કરાવીને કષાયોનું ઉપશમન કરાવે જેથી ફરી સુસાધુઓ સાથે રહીને સંયમ સેવનાને અનુકૂળ સદ્વીર્ય તે શિથિલ થયેલા સાધુનું ઉલ્લસિત થાય ત્યારે ત્રણ વર્ષ સુધીમાં મૂળગુરુ પાસે તે સાધુએ ફરી દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. **॥૨૨૭॥**

ગાથા :-

सारूवी जाजीवं, पुव्वायरिअस्स तेण जाइं पुणो ।
पव्वाविआइँ ताणि वि, इच्छाऽपव्वाविएसुं तु ।।२२८।।

અન્વયાર્થ :-

सारूवी जाजीवं पुव्वायरिअस्स=સારૂપિક યાવજ્જીવ સુધી પૂર્વાચાર્યના થાય છે. तेण=તેના વડે=સારૂપિક વડે, पुणो जाइं पव्वाविआइँ=વળી જે પ્રવ્રજિત કરાયા, ताणि वि=તે પણ પૂર્વાચાર્યના જ થાય છે. तु= વળી, अपव्वाविएसुं इच्छा=અપ્રવ્રાજિતોમાં ઈચ્છા=સારૂપિકની ઈચ્છા પ્રમાણે થાય છે. ।।૨૨૮।।

ગાથાર્થ :-

સારૂપિક યાવજ્જીવ સુધી પૂર્વાચાર્યના થાય છે તેના વડે=સારૂપિક વડે, વળી જે પ્રવ્રજિત કરાયા તે પણ પૂર્વાચાર્યના થાય છે. વળી અપ્રવ્રાજિતોમાં ઈચ્છા=સારૂપિકની ઈચ્છા, પ્રમાણે થાય છે. ।।૨૨૮।।

ટીકા :-

'सारूवि'त्ति । सारूपिको यावज्जीवं पूर्वाचार्यस्याभवति न तु तस्य त्रैवर्षिकी मर्यादा । तेन पुनर्यानि पुत्रादीनि प्रव्राजितानि तान्यपि मूलाचार्यस्यैव । यानि पुनः 'अप्रव्राजितानि' तेनामुण्डितानि किन्त्वद्यापि सशिखाकानि तदायत्तानि च तेषु 'इच्छा' यस्येच्छया स ददाति तस्य तान्याभवन्तीत्यर्थः ।।२२८।।

ટીકાર્થ :-

सारूपिको यावज्जीवं ..... तान्याभवन्तीत्यर्थः ।। સારૂપિક યાવજ્જીવ સુધી પૂર્વાચાર્યનો થાય છે. વળી તેને ત્રણ વર્ષની મર્યાદા નથી. વળી તેના વડે જે પુત્રાદિને પ્રવ્રાજિત કર્યા હોય તે પણ મૂલાચાર્યના જ થાય છે. વળી જે અપ્રવ્રાજિત તેના વડે મુંડન કરાયા નથી, પરંતુ હજુ પણ શિખાવાળા છે અને તેને આધીન છે=સારૂપિકને આધીન છે. તેઓમાં ઈચ્છા=પોતાની ઈચ્છાથી જેમને આપે તેના તેઓ થાય છે=તે સારૂપિક અપ્રવ્રાજિત શિષ્યો જે સાધુને સોંપે તે સાધુના તે શિષ્યો થાય છે. ।।૨૨૮।।

ગાથા :-

पुत्ताइआणि मूले, पव्वावइ जाइं लोअखुरमुंडो ।
आरेणं वासतिगस्सिमाइं एसो य तत्थेव ।।२२९।।

અન્વયાર્થ :-

लोअखुरमुंडो=લોચથી કે ક્ષુરથી ગૃહસ્થતાધારી મુંડ, जाइं पुत्ताइआणि=જે પુત્રાદિને, पव्वावइ=પ્રવ્રજ્યા

આપે છે. मूले=તે મૂલાચાર્યના થાય છે. वासतिगस्सिमाइं आरेणं=વર્ષ ત્રણથી પૂર્વે, इमानि=આ=પુત્રાદિ, य एसो=અને આ=ગૃહસ્થતાધારી મુંડ, तत्थेव=ત્યાં જ=પૂર્વાચાર્યમાં જ થાય છે. ॥૨૨૯॥

ગાથાર્થ :-

**લોચથી કે ક્ષુરથી ગૃહસ્થતાધારી મુંડ જે પુત્રાદિને પ્રવ્રજ્યા આપે છે તે મૂલાચાર્યના થાય છે. વર્ષ ત્રણથી પૂર્વે આ=પુત્રાદિ અને આ=ગૃહસ્થતાધારી મુંડ ત્યાં જ=પૂર્વાચાર્યમાં જ થાય છે. ॥૨૨૯॥**

ટીકા :-

**'पुत्ताइआणि'त्ति । पुत्रादीनि तस्य 'मूले' मूलाचार्य आभवन्ति, यानि लोचेन क्षुरेण वा मुण्डो गृहस्थताधारी न तु रजोहरणदण्डकपात्ररूपसारूपिकवेषधारी 'प्रव्राजयति' मुण्डितानि करोति, वर्षत्रिकस्य 'आरात्' अर्वाक् इमान्येष च 'तत्रैव' पूर्वाचार्य एवाभवन्ति ।।२२९।।**

ટીકાર્થ :-

**पुत्रादीनि तस्य ..... पूर्वाचार्य एवाभवन्ति ।। પુત્રાદિ=પ્રવ્રાજિત થયેલા પુત્રાદિ, તેના=સારૂપિકના, મૂળ આચાર્યના થાય છે. જેઓને તે મુંડિત કરે છે એમ અન્વય છે. લોચ વડે અથવા અસ્ત્રા વડે મુંડ થયેલ ગૃહસ્થતાને ધારણ કરનાર પોતે છે પરંતુ રજોહરણ, દંડ, પાત્રરૂપ સારુપિક વેશધારી નથી એવો તે દીક્ષા છોડીને ગૃહસ્થ થયેલ સાધુ પોતાના પુત્રાદિને પ્રવ્રાજિત કરે છે=મુંડિત કરે છે. ત્રણ વર્ષથી પૂર્વે આ=પ્રવ્રાજિત થયેલા પુત્રો અને આ ગૃહસ્થતાધારી મુંડ ત્યાં જ=પૂર્વાચાર્યના જ થાય છે. ॥૨૨૯॥**

ભાવાર્થ :-

વળી કોઈ મહાત્માએ સુસાધુ પાસે સંયમ ગ્રહણ કરેલું હોય અને સંયમની ઉચિત આચરણાઓ ધીરપુરુષો કરી શકે છે એવી ધીરતા જેનામાં નથી તેવા કોઈક સુસાધુ સંયમનો ત્યાગ કરીને સારૂપિક થયા હોય અને સારૂપિક થયા પછી પણ ભગવાનના વચન પ્રત્યેનો રાગ વિદ્યમાન છે, સંયમજીવન પ્રત્યે બદ્ધરાગ વિદ્યમાન છે અને કોઈક નિમિત્તને પામીને ફરી સંયમ સેવવાનો પરિણામ થાય તો તે સારૂપિક જાવજ્જીવ સુધી પૂર્વાચાર્યનો જ થાય તેથી નક્કી થાય છે કે સારૂપિક સમ્યગ્દૃષ્ટિ છે, સંયમના રાગી છે. કંઈક સાધુવેશ રાખ્યો છે તેથી સાધુ સદૃશ જણાય છે છતાં સંયમની દુષ્કરતાને કારણે કંઈક ગૃહસ્થના આચારો પણ સેવે છે અને સંયમનો પરિણામ ફરી ઉલ્લસિત થાય તો પોતાના ઉપકારી પૂર્વના આચાર્ય પાસે જ તે મહાત્મા સંયમ ગ્રહણ કરે અને સારૂપિક અવસ્થામાં પોતાના પુત્ર, સ્વજનાદિ સારૂપિક વડે પ્રવ્રજિત કરાયા હોય=મુંડન કરાયા હોય તો તે પણ મૂલાચાર્યના જ થાય છે=જો તેઓ પણ સંયમના પરિણામવાળા થાય અને સંયમની યોગ્યતાવાળા હોય તો તે સારૂપિક સાથે તે સર્વેએ સારૂપિકના પૂર્વના આચાર્ય પાસે જ ફરી સંયમ લેવું જોઈએ.

વળી, સારૂપિકના ઉપદેશથી પ્રતિબોધ પામેલા હોય પરંતુ મસ્તકનું મુંડન કરેલું ન હોય અને સારૂપિકને આધીન હોય તેથી સારૂપિકના ઉચિત ઉપદેશ દ્વારા તે કહે તેમ કરવા તત્પર હોય તે સર્વએ સારૂપિક જેમની પાસે દીક્ષા ગ્રહણ માટે કહે છે તેમના તે થાય છે.

તેથી એ ફલિત થાય કે તે જીવોની યોગ્યતા જાણીને તે જીવોને સંયમમાં અધિક લાભ કયા થશે ? તેનો ઉચિત નિર્ણય કરીને સારૂપિક તેઓને તે આચાર્ય પાસે સંયમ અર્થે મોકલે છે. પરંતુ પોતાની જેમ મુંડન કરીને રહેલા હોય તેઓને તો અવશ્ય મૂલાચાર્યને જ સમર્પણ કરે છે.

પૂર્વમાં સારુપિકને ફરી દીક્ષાનો પરિણામ થાય તો તે સારૂપિકે કોની પાસે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ તેની સ્પષ્ટતા કરી. હવે કોઈ સાધુએ યોગ્ય સ્થાને સંયમ ગ્રહણ કરેલ હોય અને સંયમ પાળવું દુષ્કર જણાવાથી સંયમનો ત્યાગ કર્યો હોય છતાં ગૃહસ્થવાસમાં લોચ કરે અથવા અસ્ત્રાથી મુંડન કરે અને સાધુ જીવન અતિદુષ્કર છે. મારામાં તેવું સત્ત્વ નથી તેવો બોધ છે અને યોગ્ય જીવોને સન્માર્ગનો જ યથાર્થ બોધ કરાવે છે. વળી, સારૂપિકની જેમ રજોહરણ દંડ વગેરે વેશ રાખતો નથી છતાં તેના વચનથી જેઓ ધર્મને સન્મુખ થયા છે અને તેની જેમ જ ધર્મ કરવા ઇચ્છે છે તેઓને પોતાના જેવી પ્રવ્રજ્યા આપે છે અર્થાત્ તેઓના મસ્તકનું મુંડન કરે છે અને પોતાની જેમ જ ગૃહસ્થધર્મ સેવીને આત્મકલ્યાણ માટે યત્ન કરાવે છે અને આ રીતે સંયમ છોડીને આવનાર તે જીવને કોઈક રીતે સંયમનો તીવ્ર પરિણામ થાય તેથી વિચારે કે ફરી સંયમ ગ્રહણ કરીને હું સંસારનો ઉચ્છેદ કરું ? ત્યારે તેનાથી ભાવિત થયેલા અને મુંડિત થયેલા ગૃહસ્થો અને પોતે સંયમ ગ્રહણ કરવા ઇચ્છે તો તે ગૃહસ્થને ત્રણ વર્ષ સુધીમાં પોતાના મૂલાચાર્ય પાસે જ સંયમ ગ્રહણ કરવું જોઈએ; કેમ કે તેમના મૂલાચાર્ય ગુણિયલ છે, નિઃસ્પૃહી છે છતાં કષાયબહુલ કાળ છે તેથી અન્યત્ર તેના દીક્ષાગ્રહણને સાંભળીને તે મૂલાચાર્યના ચિત્તમાં ક્લેશ ન થાય તદર્થે ભદ્રબાહુસ્વામીએ આ મર્યાદા કરી છે અને ત્રણ વર્ષ પછી જો તે ગૃહસ્થધારીને કે તેનાથી ભાવિત થયેલા પ્રવ્રજિતોને સંયમનો પરિણામ થાય તો જ્યાં તેમને હિત દેખાય ત્યાં ગ્રહણ કરી શકે છે. **॥૨૨૮-૨૨૯॥**

**ગાથા :-**

**इच्छा अमुंडिएसुं, तिण्हं उवरिं च तस्स संगहणं ।**
**कुज्जा मूलायरिओ, संविग्गुद्देसणेणावि ।।२३०।।**

**અન્વયાર્થ :-**

**अमुंडिएसुं=અમુંડિતોમાં=સંયમ છોડીને ગૃહસ્થવેશ ધારણ કર્યો હોય એવા ગૃહસ્થધારીએ જેઓનું મુંડન કર્યું નથી એવા અમુંડિતોમાં, इच्छा=ઈચ્છા પ્રમાણે આભવત્ થાય, तिण्हं उवरिं=ત્રણ વર્ષ પછી મુંડિતોનું તેની ઈચ્છાનુસાર આભવત્ થાય છે એમ અન્વય છે. तस्स च संगहणं=અને તેનું સંગ્રહણ, मूलायरिओ कुज्जा=મૂલાચાર્ય કરે. संविग्गुद्देसणेणावि=સંવિગ્નના ઉદ્દેશથી મૂલાચાર્ય સિવાયના અન્ય તેનું સંગ્રહણ કરે. ॥૨૩૦॥**

ગાથાર્થ :-

**અમુંડિતોમાં=સંયમ છોડીને ગૃહસ્થવેશ ધારણ કર્યો હોય એવા ગૃહસ્થધારીએ જેઓને મુંડન કર્યા નથી એવા અમુંડિતોમાં, ઈચ્છા=ઈચ્છા પ્રમાણે આભવત્ થાય. ત્રણ વર્ષ પછી મુંડિતોનું તેની ઈચ્છાનુસાર આભવન થાય એમ અન્વય છે અને તેનું સંગ્રહણ મૂલાચાર્ય કરે. સંવિગ્નના ઉદ્દેશથી મૂલાચાર્ય સિવાયના અન્ય તેનું સંગ્રહણ કરે. ॥૨૩૦॥**

ટીકા :-

'इच्छ'त्ति । 'अमुण्डितेषु' सशिखेषु स्थापितेषु 'इच्छा' तदिच्छानुसारेण तेषामाभवनमित्यर्थः । त्रयाणां वर्षाणामुपरि च तस्य तन्मुण्डितानां वा तदिच्छानुसारेणाभवनम् । अतः स यदि सम्यगुपशान्तः सन् मूलाचार्यमाश्रयितुमिच्छति तदा स तस्य संग्रहणं कुर्यादन्यथाऽसङ्ग्रहप्रत्ययं मासलघु प्रायश्चित्तं श्रद्धाभङ्गादिप्रत्ययं चाधिकम् । अथ यदि स मूलाचार्यं दूरत्वग्लानत्वादिकारणेन नाश्रयते तदान्योऽपि मूलाचार्यस्य संविग्नस्योद्देशेन तस्य संग्रहणं कुर्यान्न तु तस्य, असंविग्नस्योद्देशने गुरुनिन्दकत्वात् । यदि च परकीय इति कृत्वा तं न संस्तरणेऽपि संगृह्णीयात्तदा प्रायश्चित्तं चत्वारो गुरुकाः । असंस्तरणे त्वसंगृह्णन्नपि शुद्ध इति द्रष्टव्यम् ।।२३०।।

ટીકાર્થ :-

'अमुण्डितेषु' ..... द्रष्टव्यम् ।। અમુંડિત=સશિખ સ્થાપિત હોતે છતે=પૂર્વગાથામાં કહ્યું એવા મસ્તક મુંડિતધારી જીવ પોતાનાથી ભાવિત થયેલા જીવોને અમુંડિતરૂપે રાખેલા હોતે છતે, ઈચ્છા=તેઓની ઈચ્છાનુસારથી તેઓનું આભવન છે. અર્થાત્ તે ગૃહસ્થધારીથી ભાવિત થયેલા જીવો સંયમના પરિણામવાળા થાય ત્યારે જે ગુરુ આદિ પાસે તેઓને સંયમગ્રહણનો પરિણામ થાય તેઓના તે થાય છે અને ત્રણ વર્ષ પછી તેની=ગૃહસ્થધારી સાધુની અને તેનાથી મુંડિત થયેલા ગૃહસ્થોની તેમની ઈચ્છાનુસારથી આભવન થાય છે. આથી તે=સંયમ છોડીને ગૃહસ્થ થયેલ, જો સમ્યગ્ ઉપશાંત છતો=હવે હું ચારિત્રની ધુરાને યથાર્થ વહન કરીને સંયમની પરિણતિની વૃદ્ધિ કરીશ એ પ્રકારના કષાયથી ઉપશાંત થયો છતો, મૂલાચાર્યનો આશ્રય કરવા ઈચ્છે છે=ત્રણ વર્ષ પછી પણ પોતાના મૂળગુરુની પાસે જ સંયમ ગ્રહણ કરવા ઈચ્છે છે તો તે તેના સંગ્રહણને કરે=મૂલાચાર્ય સંયમ છોડીને આવેલા ગૃહસ્થને સંયમ આપે. અન્યથા=તે મૂલાચાર્યને અસંગ્રહણ પ્રત્યે માસ લઘુ પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ તે ગૃહસ્થધારી સમ્યગ્ ઉપશાંત થયેલ હોય અને તેની યોગ્યતા હોવા છતાં તેમનો વિચાર કર્યા વગર સંગ્રહ ન કરે તો અસંગ્રહ નિમિત્તે મૂલાચાર્યને માસ લઘુ પ્રાયશ્ચિત્ત આવે અને શ્રદ્ધાભંગાદિ પ્રત્યય=તે ગૃહસ્થધારીને ફરી સંયમ ગ્રહણ કરીને હું સંયમમાં ઉત્થિત થાઉં ? એ પ્રકારની જે રુચિ થઈ તેનો નાશ થાય અને સંયમ ગ્રહણ કરીને તે જીવ જે ઉત્તમ પરિણતિ પ્રગટ કરી શકે તે ન થાય તે નિમિત્તે અધિક પ્રાયશ્ચિત્ત આવે. હવે જો તે=ગૃહસ્થ દૂરત્વ ગ્લાનત્વાદિ કારણથી મૂલાચાર્યનો

**આશ્રય કરતો નથી ત્યારે અન્ય પણ=અન્ય ગીતાર્થ સાધુ પણ, સંવિગ્ન એવા મૂલાચાર્યના ઉદ્દેશનથી= કથનથી=મારા મૂલાચાર્ય સંવિગ્ન સુસાધુ છે ફક્ત અત્યંત દૂર છે. ગ્લાન છે માટે તમારી પાસે સંયમ ગ્રહણ કરવા ઇચ્છું છું તેમ કહે તો તેનો સંગ્રહ કરે પરંતુ તેના અસંવિગ્નના ઉદ્દેશનમાં=તે ગૃહસ્થધારી અન્ય આચાર્ય પાસે આવીને કહે કે મારા મૂલાચાર્ય સંવેગવાળા નથી તેથી સંયમમાં પ્રમાદી છે માટે હું તમારી પાસે સંયમ ગ્રહણ કરવા ઇચ્છું છું એમ કહે તો સંગ્રહ કરે નહિ=દીક્ષા આપે નહિ; કેમ કે ગુરુનું નિંદકપણું છે અને જો પરકીય છે એથી કરીને=આ ગૃહસ્થે પૂર્વમાં બીજા પાસે દીક્ષા ગ્રહણ કરી છે માટે પરકીય છે એથી કરીને, સંસ્તરણમાં પણ=પોતે તેને દીક્ષા આપીને સંયમજીવનનો નિર્વાહ કરાવી શકે તેમ હોય છતાં પણ, તેને સંગ્રહ ન કરે=દીક્ષા ન આપે તો, ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. વળી, અસંસ્તરણમાં=તેને દીક્ષા આપીને તેના સંયમજીવનને અનુકૂળ ઉચિત પ્રવૃત્તિ કરાવીને તેનું હિત થાય તે રીતે કરાવવા પોતે સમર્થ નથી એમ જણાય એ રૂપ અસંસ્તરણમાં, સંગ્રહ નહિ કરતાં પણ=દીક્ષા નહિ આપતાં પણ, શુદ્ધ છે એ પ્રમાણે જાણવું. ॥૨૩૦॥**

**ભાવાર્થ :-**

ગાથા-૨૨૯માં બતાવ્યું એ પ્રમાણે કોઈએ સંયમ છોડીને ગૃહસ્થવેશ ધારણ કર્યો હોય છતાં ગૃહસ્થવેશમાં લોચ અથવા અસ્ત્રાથી મુંડન કરે છે અને સંયમ છોડીને ગૃહસ્થ થયેલા છતાં સંવેગપૂર્વક ઉપદેશ આપે તેનાથી ભાવિત થયેલા જીવો મુંડન કરે છે તેથી તે મુંડન કરાયેલા પણ ગૃહસ્થધારી તેઓ તેમના શિષ્યરૂપે રહેલા તેમની પાસે અધ્યયનાદિ કરે છે. આમ છતાં તે ગૃહસ્થધારીને ફરી સંવેગ ઉત્પન્ન થાય તો ત્રણ વર્ષ સુધી તેણે પૂર્વાચાર્ય પાસે જ સંયમ ગ્રહણ કરવું જોઈએ અને જેઓને પોતાના શિષ્યરૂપે રાખ્યા છે તેઓએ પણ મૂલાચાર્ય પાસે જ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, અન્યથા આ મારો શિષ્ય અને તેનાથી પ્રવ્રજિત થયેલા તે શિષ્યો બીજા પાસે દીક્ષા ગ્રહણ કરે તો મૂલાચાર્ય ગુણસંપન્ન હોવા છતાં કંઈક સૂક્ષ્મ કષાયને કારણે તે મૂલાચાર્યને ક્લેશ થવાનો સંભવ રહે છે. તેથી તે ક્લેશના નિવારણ અર્થે ભદ્રબાહુસ્વામીએ આ મર્યાદા કરી છે; કેમ કે આરાધક પણ જીવોને નિમિત્તને પામીને ક્લેશનો ઉદ્ભવ થાય તો સંયમ નાશ પામવાનો પ્રસંગ આવે.

વળી, તે ગૃહસ્થધારીએ જેઓને મુંડિત કર્યા નથી પણ તેનાથી ભાવિત થઈને તેમની પાસે અધ્યયનાદિ કરે છે તેઓને મૂલાચાર્ય પાસે ગ્રહણ કરવાની મર્યાદા નથી પરંતુ તેઓની ઇચ્છાનુસાર તેઓનું આભવન થાય છે. તેથી તે ગૃહસ્થધારી શ્રાવક પોતાનાથી ભાવિત થયેલા જીવોને જ્યાં ઉચિત જણાય ત્યાં દીક્ષા માટે મોકલે એમાં દોષની પ્રાપ્તિ નથી.

તેથી એ ફલિત થાય કે દીક્ષાનો ત્યાગ કર્યા પછી પણ તે શ્રાવક સાધુધર્મ પ્રત્યે અત્યંત રુચિવાળા છે, અત્યંત યોગ્ય જીવોને સંયમનું યથાર્થ સ્વરૂપ બતાવે છે. તેથી તે ગૃહસ્થધારી શ્રાવક પાસે અન્ય આવનારા જીવો પણ પારમાર્થિક સંયમનું સ્વરૂપ જાણનારા બને છે અને તેના ઉપદેશથી ભાવિત થઈને તેની જેમ મુંડન કરે છે અને તેની નિશ્રામાં રહીને સ્વભૂમિકા અનુસાર ધર્મ સેવે છે. આમ કરનારા તે જીવોને કોઈક

નિમિત્તે સંવેગ થાય અને સંયમનો તીવ્ર પરિણામ થાય અને પોતાના ગુરુ એવા તે ગૃહસ્થને પૂછે કે હું ક્યાં સંયમ ગ્રહણ કરું ? જેથી અમારું હિત થાય ? તે વખતે તે ગૃહસ્થે જેઓને મુંડિત કર્યા છે તેઓને ત્રણ વર્ષ સુધીમાં મૂલાચાર્ય પાસે મોકલવા જોઈએ અને જેઓને મુંડિત કર્યા નથી તેઓને જ્યાં હિત જણાય ત્યાં મોકલવા જોઈએ અને દીક્ષાના ત્યાગને ત્રણ વર્ષ થઈ ગયાં હોય અને ત્યારપછી તે ગૃહસ્થધારીને સંવેગ ઉત્પન્ન થાય અને તેનાથી મુંડિત જીવોને પણ સંવેગ ઉત્પન્ન થાય તો તે સર્વ પોતાની ઇચ્છાનુસાર જ્યાં સંયમનો પરિણામ થાય ત્યાં સંયમ ગ્રહણ કરે તેમાં કોઈ બાધ નથી.

વળી, દીક્ષા ત્યાગ કરનાર કે તેનાથી મુંડિત થયેલા જીવો સંયમના પારમાર્થિક સ્વરૂપનું ભાવન કરીને ઉપશાંત થયેલા હોય અને નિર્ણય કર્યો હોય કે અપ્રમાદથી સંયમ સેવીને અમે ગુણસ્થાનકની વૃદ્ધિ કરશું અને તેઓ મૂલાચાર્ય પાસે જ સંયમ ગ્રહણ કરવા ઇચ્છે છે ત્યારે મૂલાચાર્ય પણ અવશ્ય તેઓના ચારિત્રના પરિણામને જાણીને તેઓનો સંગ્રહ કરે અને જો તેઓને સંયમ આપવાનો નિષેધ કરે તો માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે.

વળી, શ્રદ્ધાભંગાદિ પ્રત્યે મૂલાચાર્યને અધિક પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ તે ગૃહસ્થને સંયમની જે ઉત્કટ રુચિ થઈ છે તે ભંગ ન થાય અને અન્યત્ર જઈને સંયમ ગ્રહણ કરે તો મૂલાચાર્યને અસંગ્રહકૃત માસલઘુ પ્રાયશ્ચિત્ત આવે. વળી, મૂલાચાર્ય ના પાડે તો તેઓનો સંયમનો પરિણામ શિથિલ થાય અને તેના કારણે અસંયમમાં રહે તો તેઓનો જે શ્રદ્ધાભંગ અને તેઓ જે અવિરતિ સેવે તે નિમિત્તક મૂલાચાર્યને અધિક પ્રાયશ્ચિત્ત આવે.

આનાથી એ ફલિત થાય કે મૂલાચાર્યને પણ સ્વઇચ્છાનુસાર પ્રવૃત્તિ કરવી ઉચિત નથી પરંતુ શાસ્ત્રનું સ્મરણ કરીને કોઈના હિતમાં ઉપેક્ષા ન થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ અન્યથા પોતાના ચારિત્રની મ્લાનિ થાય છે, તત્કૃત જ યોગ્ય જીવને દીક્ષા નહીં આપવાથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

હવે જો તે મૂલાચાર્ય દૂર છે અથવા ગ્લાન છે તેના કારણે તે ગૃહસ્થધારી મૂલાચાર્ય પાસે દીક્ષા ગ્રહણનો વિચાર કરતો નથી અને અન્ય સંવિગ્ન આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરવા આવે અને કહે છે કે મારા ગુરુ સંવેગવાળા છે, ફક્ત દૂર છે અને અત્યારે ગ્લાન છે ઇત્યાદિ કારણો બતાવે તો તે અન્ય આચાર્ય તેનો સંગ્રહ કરે અર્થાત્ સંયમની યોગ્યતા જણાય તો સંયમ આપે પરંતુ જો તે ગૃહસ્થ અન્ય આચાર્ય પાસે આવીને કહે કે મારા મૂલાચાર્ય અસંવિગ્ન છે તેથી તેમની પાસે મારે દીક્ષા ગ્રહણ કરવી નથી, તમારી પાસે દીક્ષા ગ્રહણ કરવી છે, તો સુસાધુ તેને દીક્ષા આપે નહીં; કેમ કે પોતાના ગુરુનો તે નિંદક છે તેથી સંયમના પરિણામવાળો હોય તોપણ અને અન્ય રીતે યોગ્ય હોય તોપણ ગુણવાન પણ ગુરુના યત્કિંચિત દોષોને જોઈને તેમની નિંદા કરનાર છે તેથી તેવા જીવને સંયમ આપવું ઉચિત ગણાય નહિ.

વળી, તે ગૃહસ્થધારી કોઈ આચાર્ય પાસે સંયમ ગ્રહણ કરવા આવેલ હોય અને કહે કે મારા મૂલાચાર્ય દૂર છે ગ્લાન છે, તેથી હું તમારી પાસે સંયમ ગ્રહણ કરવા ઇચ્છું છું આમ છતાં તે આચાર્ય વિચારે કે તે ગૃહસ્થ પૂર્વમાં બીજા પાસે સંયમ ગ્રહણ કરેલ તેથી પરકીય છે એમ વિચારીને પોતે તેના સંયમજીવનનો નિર્વાહ કરી શકે તેમ હોય છતાં તેને સંયમ આપે નહિ તો તેમને ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય.

વળી, તે અન્ય આચાર્ય તે સાધુના સંયમજીવનનો નિર્વાહ કરવા અસમર્થ હોય તેથી દીક્ષા આપે નહિ તો શુદ્ધ જાણવા; કેમ કે ગુરુ લાઘવનો વિચાર કરીને પોતાને જણાય કે આ રીતે હું નવા શિષ્યો કરીશ તો તેઓને અનુશાસન આપી શકીશ નહિ તેથી અહિત થવાની સંભાવના રહે માટે સંવેગવાળા તે જીવો ઉચિત સ્થાને સંયમ ગ્રહણ કરે તે ઉચિત છે એમ જાણીને સંયમ ન આપે તોપણ શુદ્ધ છે. **॥૨૩૦॥**

**ગાથા :-**

**अण्णोवगमे पच्छा, पुव्वायरिओ ण होइ इच्छाए ।**
**दिंति दिसाऽनाणम्मि वि, लिंगं णाहिंति तं पच्छा ।।२३१।।**

**અન્વયાર્થ :-**

**अण्णोवगमे=અન્ય આચાર્યનો ઉપગમ કરાયે છતે, पच्छा=પાછળથી, इच्छाए=ઈચ્છા વડે, पुव्वायरिओ ण होइ=પૂર્વાચાર્યનો થતો નથી, दिसाऽनाणम्मि वि=દિશાના અજ્ઞાનમાં પણ, लिंगं दिंति=લિંગને આપે છે. पच्छा तं=પાછળથી તેને=પૂર્વાચાર્યની દિશાને, णाहिंति=જાણે છે. ।।૨૩૧।।**

**ગાથાર્થ :-**

**અન્ય આચાર્યનો ઉપગમ કરાયે છતે પાછળથી ઈચ્છા વડે પૂર્વાચાર્યનો થતો નથી. દિશાના અજ્ઞાનમાં પણ લિંગને આપે છે. પાછળથી તેને=પૂર્વાચાર્યની દિશાને, જાણે છે. ।।૨૩૧।।**

**ટીકા :-**

'अण्णोवगमे'त्ति । अन्यस्याचार्यस्योपगमे नाहं पूर्वाचार्यं संविग्नमसंविग्नं वोद्दिशामि किन्तु त्वमेव ममाचार्य इत्येवमङ्गीकारे पश्चाद्विपरिणतस्येच्छया नाहं युष्माकं किन्तु पूर्वाचार्यस्येति वाङ्मात्रेण पूर्वाचार्यो न भवति, प्रभुरिति शेषः । तत्पाक्षिकग्रहणभीतिलज्जादिना पूर्वदिशोऽकथने दिशोऽज्ञानेऽपि लिङ्गं ददति । तस्य पश्चात्कृतस्याचार्यास्तां पूर्वाचार्यलक्षणां दिशं 'पश्चात्' कालान्तरे ज्ञास्यन्ति, स वा पूर्वाचार्यपरम्परया शृण्वन् तं ज्ञास्यति ततो यस्य समीपे तस्य प्रतिभासते तमाश्रयतो न दोष इति ।।२३१।।

**ટીકાર્થ :-**

अन्यस्याचार्यस्योपगमे ..... दोष इति ।। અન્ય આચાર્યનો ઉપગમ કર્યે છતે=સંયમનો ત્યાગ કરીને ગૃહસ્થ થયેલા ફરી કોઈક રીતે સંયમનો પરિણામ થાય અને અન્ય સુવિહિત આચાર્યને પ્રાપ્ત કરાયે છતે કહે કે, હું પૂર્વાચાર્યને સંવિગ્નરૂપે કે અસંવિગ્નરૂપે કથન કરતો નથી પરંતુ તમે જ, મારા આચાર્ય છો એ પ્રકારે અંગીકાર કર્યે છતે, પાછળથી વિપરિણત એવા તેની ઈચ્છાથી.

કેવી ઇચ્છાથી ? એથી કહે છે –

**હું તમારો નથી પરંતુ પૂર્વાચાર્યનો છું એ પ્રમાણે વાણી માત્રથી પૂર્વાચાર્ય સ્વામી થતા નથી.**

**તત્પાક્ષિક ગ્રહણના ભયથી કે લજ્જાદિથી=પૂર્વાચાર્યના પક્ષપાતથી તેને દીક્ષા ગ્રહણ કરતાં અટકાવે તેવા ભયથી અથવા લજ્જાદિથી, પૂર્વ દિશાના અકથનમાં=પૂર્વે પોતે કોઈકની પાસે દીક્ષા ગ્રહણ કરી છે તેના અકથનમાં, દિશાનું અજ્ઞાન હોતે છતે પણ=અન્ય આવેલ આચાર્યને આણે દીક્ષા છોડી છે એ પ્રકારનું અજ્ઞાન હોતે છતે પણ, લિંગ=દીક્ષા, આપે છે. પશ્ચાત્કૃત એવા તેના=દીક્ષા છોડીને ગૃહસ્થ થયા એવા તેના, આચાર્ય=જે આચાર્ય પાસે હમણાં દીક્ષા ગ્રહણ કરી છે તે આચાર્ય, પૂર્વાચાર્ય લક્ષણ તે દિશાને=આના પૂર્વમાં અમુક આચાર્ય ગુરુ હતા એ પ્રકારની દિશાને, પાછળથી કાલાંતરમાં જાણશે. અથવા પૂર્વાચાર્યની પરંપરાથી સાંભળતો એવો તે=પોતાના પૂર્વના ગુરુના સાધુઓની પરંપરાથી સાંભળતો એવો તે, તેને=પૂર્વાચાર્યને, જાણશે. ત્યારપછી જેની સમીપે=નવા આચાર્ય સમીપે અથવા પૂર્વાચાર્ય સમીપે, તેને પ્રતિભાસ થાય છે. તેને આશ્રય કરતા એવા તે પશ્ચાત્કૃતને દોષ નથી. ॥૨૩૧॥**

**ભાવાર્થ :-**

ગાથા-૨૨૯માં કહેલ એવા કોઈક સાધુ દીક્ષા છોડીને ગૃહસ્થધારી થયા હોય અને ગૃહસ્થવેશમાં રહીને પણ સંયમના રાગવાળા હોય અને સાધુના વેશમાં શાસ્ત્ર વગેરેનો અભ્યાસ કરેલ હોય તેથી સુસાધુની ઉત્તમ આચરણા કઈ રીતે ભવક્ષયનું કારણ બને તેનો બોધ હોય અને તેના કારણે ફરી સંવેગ ઉત્પન્ન થાય કે હું સંયમ ગ્રહણ કરીને સંસારનો ક્ષય કરું ત્યારે અન્ય સુવિહિત આચાર્ય તેમને પ્રાપ્ત થયા હોય અને તે આચાર્યને કહે કે મારા પૂર્વાચાર્ય સંવિગ્ન છે અથવા અસંવિગ્ન છે એ વિષયમાં હું કાંઈ કહેતો નથી પરંતુ તમે જ મારા આચાર્ય છો એ પ્રકારે સ્વીકાર કરે છે. તેથી, પોતાના પૂર્વાચાર્યમાં ઘણા ગુણો હોવા છતાં અને કંઈક ક્ષતિઓ હોવા છતાં તે ક્ષતિઓને પ્રગટ કરીને નિંદા કરવાનો અધ્યવસાય તેમને નથી તેથી પોતાના પૂર્વાચાર્યનો સંવેગ કેવો છે અને પ્રમાદવશ કરાતી પૂર્વાચાર્યની આચરણામાં અસંવેગ કેવો છે તે વગેરે કહેવાની વૃત્તિ નથી અને ગુણના પક્ષપાતી છે એમ જણાય તો નવા આચાર્ય તેને દીક્ષા આપે. આમ છતાં જીવનો ચિત્ર પરિણામ હોવાને કારણે કોઈક નિમિત્તે પાછળથી વિપરિણામ થાય કે મારે પૂર્વાચાર્ય પાસે જવું છે તેથી ગુરુને કહે કે હું તમારો નથી, પૂર્વાચાર્યનો છું. આ પ્રકારની વાણી માત્રથી પૂર્વાચાર્ય તેના પ્રભુ થતા નથી; કેમ કે દીક્ષા ગ્રહણ કરતી વખતે સ્પષ્ટ રીતે સ્વીકાર કરેલ કે તમે જ મારા ગુરુ છો. તેથી સુસાધુનો આ રીતે ત્યાગ કરીને પૂર્વાચાર્ય પાસે જવું તેના માટે ઉચિત નથી. આથી જ ઇચ્છાથી તે પૂર્વાચાર્ય પાસે જાય તો પૂર્વાચાર્ય પણ ભગવાનની આજ્ઞા અનુસાર કરનારા હોવાથી તેનો સ્વીકાર કરે નહિ.

વળી, દીક્ષા ગ્રહણ કરીને ગૃહસ્થ થયેલ કોઈ નવા આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરવા તત્પર થાય ત્યારે પૂર્વાચાર્યના પક્ષપાતવાળા કોઈ ગૃહસ્થો તેને દીક્ષા ગ્રહણ કરવામાં વિઘ્ન કરે અને કહે કે તારે પૂર્વાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરવી જોઈએ. એ પ્રકારના ભયથી તે ગૃહસ્થ જેની પાસે દીક્ષા લેવી છે તે આચાર્યને પોતાના

પૂર્વાચાર્યનું કથન કરે નહિ. અથવા મેં દીક્ષા છોડી છે એ કહેવામાં લજ્જા આવે તેથી પણ પૂર્વાચાર્યનું કથન કરે નહિ. તેથી, તે પશ્ચાત્કૃત ફરી દીક્ષા લેવા તત્પર થયેલ પૂર્વાચાર્યનું કથન ન કરે તેના કારણે નવા આચાર્યને તેની દિશાનું અજ્ઞાન હોય તેથી લિંગ આપે અને સંયમ ગ્રહણ કર્યા પછી ફરી દીક્ષા ગ્રહણ કરનાર એવા તેની પૂર્વાચાર્યની દિશાને તે આચાર્ય કાલાંતરમાં જાણે અથવા વિહારમાં પૂર્વાચાર્યની પરંપરાવાળા સાધુઓ પાસેથી તે ફરી દીક્ષા ગ્રહણ કરનાર પોતાના પૂર્વાચાર્ય ક્યાં છે તેને સાંભળે અને જાણે કે તે આચાર્ય અમુક સ્થાને છે ત્યારે તેને ઇચ્છા થાય કે હું અહીં જ રહું તો ત્યાં રહીને જ આરાધના કરી શકે છે અને જો તેને જણાય કે હું પૂર્વાચાર્યની પાસે રહીને આરાધના કરી શકું છું તો ત્યાં જવાની તેની ઇચ્છા થાય તો તેમાં દોષ નથી. તેથી નવા આચાર્ય પણ જો તેની ઇચ્છા પૂર્વાચાર્ય પાસે જવાની હોય તો તેને અનુજ્ઞા આપે છે. આ પ્રકારે જ ઉચિત વ્યવહાર કરવાથી સંયમજીવનની મધ્યસ્થતાનું પાલન થાય છે. **॥૨૩૧॥**

**ગાથા :-**

**समणीणं समणाण य, ओहावंताण कुलममत्तकए ।**
**वागंतियववहारो, जो खलु तेणेव आभव्वं ।।२३२।।**

**અન્વયાર્થ :-**

**ओहावंताण=અવધાવમાન એવા=સંયમથી પાત પામેલા એવા, समणीणं समणाण य=સાધ્વીઓ અને સાધુઓનો, कुलममत्तकए=કુલમમત્વને કારણે, जो वागंतियववहारो=જે વાગન્તિક વ્યવહાર છે. तेणेव खलु आभव्वं=તે પ્રમાણે જ આભાવ્ય થાય છે. ।।૨૩૨।।**

**ગાથાર્થ :-**

**અવધાવમાન એવા=સંયમથી પાત પામેલા એવા, સાધ્વીઓ અને સાધુઓનો કુલમમત્વને કારણે જે વાગન્તિક વ્યવહાર છે તે પ્રમાણે જ આભાવ્ય થાય છે. ।।૨૩૨।।**

**ટીકા :-**

**'समणीणं'ति । श्रमणीनां श्रमणानां च 'अवधावमानानां' संयमादपसरतां कुलममत्वकृते यः खलु 'वागन्तिकव्यवहारः' यथा यान्यपत्यानि तेषां मध्ये ये पुरुषास्ते सर्वे मम याः स्त्रियस्ताः सर्वास्तव, अथवा सर्वाण्यपत्यानि ममैव तवैव वेत्यादि, तेनैव तेषामाभाव्यं भवति ।।२३२।।**

**ટીકાર્થ :-**

**श्रमणीनां ..... भवति ।। અવધાવમાન એવા=સંયમથી પાત પામતા એવા, સાધ્વીઓ અને સાધુઓ કુલમમત્વને કારણે જે વાગન્તિક વ્યવહાર કરે તે પ્રમાણે આભાવ્ય થાય છે એમ અન્વય છે.**

કઈ રીતે વાગન્તિક વ્યવહાર કરે ? તે 'यथा'થી બતાવે છે –

**જે પુત્રો છે=દીક્ષા છોડ્યા પછી આપણા સંબંધથી જે સંતાનો થશે તેઓમાં જે પુરુષો છે તે સર્વ મારા. જે સ્ત્રીઓ છે તે સર્વ તારી અથવા સર્વ જ સંતાનો મારાં જ અથવા તારાં જ ઈત્યાદિ જે વ્યવહાર થાય તેનાથી જ તેઓનું આભાવ્ય થાય છે. ॥૨૩૨॥**

**ભાવાર્થ :-**

કેટલાક જીવો સંવેગપૂર્વક સાધુ થયા હોય અને કેટલાક જીવો સાધ્વી થયા હોય અને ભિન્ન ભિન્ન ગચ્છમાં સંયમ ગ્રહણ કર્યું હોય અને કોઈક રીતે સંયમનો પરિણામ શિથિલ થાય તો ગૃહસ્થવેશ ધારણ કરે અને કોઈક તેવા સંયોગથી તેઓ લગ્ન કરીને સાથે રહે ત્યારે સંસારના સંબંધ કરતી વખતે તેઓ પરસ્પર વિચારણા કરે છે કે આપણા સંબંધથી જે પુત્રો કે પુત્રીઓ થશે અને આપણે પાશ્ચાત્ય જીવનમાં ફરી સંયમ અર્થે તત્પર થઈશું ત્યારે જે પુત્ર-પુત્રાદિ થશે તે કોના પક્ષમાં દીક્ષા લે એ પ્રકારનો વિચાર કરવાને અનુકૂળ કુલ મમત્વ હોય અર્થાત્ જ્યાં પૂર્વે દીક્ષા ગ્રહણ કરેલી તે સાધુના સમુદાય પ્રત્યે કંઈક મમત્વ હોય તેથી પરસ્પર નક્કી કરવા માટે પુરુષ કહે કે જે પુત્રો થશે તે મારા અને સ્ત્રીઓ થશે તે સર્વ તારી. વસ્તુતઃ દીક્ષા છોડ્યા પછી પણ સંયમનો રાગ છે તેથી ફરી સંયમ ગ્રહણ કરશું તેવો ભાવ છે છતાં ફરી સંયમ ગ્રહણ કરતી વખતે પોતાના કુલની વૃદ્ધિ થાય તેવું કંઈક મમત્વ છે તેથી આ પ્રકારે વ્યવહાર કરે છે. વળી, 'અથવા'થી અન્ય પ્રકારનો વ્યવહાર બતાવે છે. સર્વ પુત્ર કે પુત્રી બધાં જ મારાં છે અથવા સર્વ તારા જ છે. તેથી એ પ્રાપ્ત થાય કે હું મારાં સર્વ પુત્ર કે પુત્રીઓને ગુરુ પાસે લઈ જઈને તેમની પાસે સંયમ ગ્રહણ કરીશ અથવા સ્ત્રીને કહે કે તું ફરી જ્યાં સંયમ ગ્રહણ કરે ત્યાં સર્વને તારી સાથે લઈ જવાં અને જે પ્રમાણે તેઓએ વાગ્વ્યવહાર કર્યો હોય તે પ્રમાણે જ તે પુત્રાદિ તેઓના આભાવ્ય થાય છે.

આનાથી એ ફલિત થાય કે સંયમથી પાત પરિણામવાળા હોવા છતાં સંયમ પ્રત્યે બદ્ધરુચિવાળા છે, ફક્ત કામાદિ વિકારોને શાંત કરી શક્યા નહિ તેથી ગૃહસ્થ થયા છે અને વિચારે છે કે વિકારો શાંત થશે ત્યારે આપણે ફરી સંયમ ગ્રહણ કરવા તત્પર થશું અને આવા જીવો સંયમ છોડ્યા પછી પણ પોતાનાં સંતાનોને તે રીતે સંવેગવાળાં સંપન્ન કરે છે જેથી સંસારનું રૌદ્ર સ્વરૂપ જાણીને તેઓ પણ સંયમને અભિમુખ પરિણામવાળાં થાય અને કોઈક કર્મના દોષથી તેઓ સંવેગ ન પામે તો ગૃહસ્થ પણ રહે અને સુગુરુની નિશ્રામાં રહીને અવશ્ય સંયમ સાધી શકે તેવી પોતાનામાં યોગ્યતા પ્રગટે અને પુત્રાદિ પણ સંયમને અભિમુખ બને ત્યારે સંયમની પરિણતિવાળા થાય છે આમ છતાં પોતે જે સ્થાનમાં સંયમ ગ્રહણ કરેલું હતું તે કુલ વૃદ્ધિ પામે તેવું મમત્વ હોવાને કારણે ગૃહસ્થ અવસ્થામાં પણ ભવિષ્યમાં ચિત્તમાં ક્લેશ ન થાય તે અર્થે વાગન્તિક વ્યવહાર કરે છે.

આનાથી એ ફલિત થાય કે સુસાધુમાં પણ કષાયના પરિણામો પડ્યા છે તેથી નિમિત્તને પામીને તે કષાયો ઉલ્લસિત થાય છે આથી જ દીક્ષા છોડીને આવેલા વિવેકી એવા તે સાધુ કે સાધ્વી ભવિષ્યમાં ચિત્તમાં કષાયકૃત ક્લેશ ન થાય તે અર્થે વાગન્તિક વ્યવહાર કરે છે જે વિવેકમૂલક પ્રવૃત્તિ છે. **॥૨૩૨॥**

ગાથા :-

अह ण कओ तो पच्छा, तेसिं अब्भुट्ठिआण ववहारो ।
संजइसमाणकुलया, भणंति अम्हं अवच्चाणि ।।२३३।।

અન્વયાર્થ :-

अह ण कओ तो=હવે ન કરાયો તો=વાગન્તિક વ્યવહાર ન કરાયો તો, पच्छा अब्भुट्ठिआण तेसिं= પાછળથી અભ્યુત્થિત એવા તેઓનો, ववहारो=વ્યવહાર થાય છે, संजइसमाणकुलया=સંયતીના સમાન કુલકો=ફરી દીક્ષા ગ્રહણ કરવા તત્પર થયેલ સાધ્વીના સમાન કુલકો, भणंति=કહે છે. अवच्चाणि अम्हं=અપત્યો=સર્વ પુત્ર-પુત્રીઓ, અમારાં થાય છે. ॥૨૩૩॥

ગાથાર્થ :-

**હવે ન કરાયો તો=વાગન્તિક વ્યવહાર ન કરાયો તો, પાછળથી અભ્યુત્થિત એવા તેઓનો વ્યવહાર થાય છે. સંયતીના સમાન કુલકો=ફરી દીક્ષા ગ્રહણ કરવા તત્પર થયેલ સાધ્વીના સમાન કુલકો કહે છે. અપત્યો=સર્વ પુત્ર-પુત્રીઓ, અમારાં થાય છે. ॥૨૩૩॥**

ટીકા :-

'अह'त्ति । अथोक्तो वागन्तिकव्यवहारः प्राग् न कृतस्तदा पश्चात्तेषां 'अभ्युत्थितानां' प्रव्रज्यार्थमुपस्थितानां 'व्यवहारः' स्वकुलममत्वकृते विवादो भवति, तत्र संयतीसमानकुलका भणन्ति–अस्माकमपत्यान्याभवन्ति ।।२३३।।

ટીકાર્થ :-

अथोक्तो ..... अस्माकमपत्यान्याभवन्ति ।। હવે પૂર્વમાં કહેલો=ગાથા-૨૩૨માં કહેલો, વાગન્તિક વ્યવહાર પૂર્વમાં કરાયો નહિ=ગૃહસ્થ થયેલા તે સાધુ-સાધ્વીએ વચન દ્વારા કોઈ પ્રકારનો વ્યવહાર નક્કી કર્યો નહિ તો પાછળથી અભ્યુત્થિત થયેલા તેઓનો=પ્રવ્રજ્યા માટે ઉપસ્થિત થયેલા તેઓનો, સ્વકુલના મમત્વને કારણે વિવાદ થાય છે.

કેવા પ્રકારનો વિવાદ થાય છે ? તે બતાવે છે –

ત્યાં સંયતીઓના સમાન કુલવાળા કહે છે. અપત્યો=આ પુત્ર-પુત્રીઓ અમારાં થાય છે. ॥૨૩૩॥

અવતરણિકા :-

तत्र गोदृष्टान्तमाहुः –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=પુત્ર-પુત્રાદિ બધાં સાધ્વીઓનાં થાય છે ત્યાં, ગોદૃષ્ટાંત કહે છે=સંયતીના સમાન કુલવાલાં સાધ્વીઓ, ગોદૃષ્ટાંતને કહે છે –

**ગાથા :-**

गोणीए जं जायं, संसत्ताए परस्स गोणेणं ।
तं सव्वं गोवइणो, ण हवइ तं गोणवइणो उ ।। ।२३४।।

**અન્વયાર્થ :-**

परस्स गोणेणं=પરના બળદ સાથે, संसत्ताए=સંસક્તપણાને કારણે, गोणीए जं जायं=ગાયથી જે થયું, तं सव्वं=તે સર્વ, गोवइणो=ગાયના સ્વામીનું, हवइ=થાય છે. उ=પરંતુ, तं गोणवइणो ण=વૃષભના સ્વામીનું તે થતું નથી. ।।૨૩૪।।

**ગાથાર્થ :-**

**પરના બળદ સાથે સંસક્તપણાને કારણે ગાય વડે જે થયું તે સર્વ ગાયના સ્વામીનું થાય છે. પરંતુ વૃષભના સ્વામીનું તે થતું નથી. ।।૨૩૪।।**

**ટીકા :-**

'गोणीए'त्ति । गवा यज्जातं परस्य 'गवा' वृषभेण संसक्तया तत् खलु गोपतेर्भवति न तु वृषभ-पतेः । अनेन दृष्टान्तेनास्माकमपत्यान्येतान्याभवन्ति न तु युष्माकमिति ।।२३४।।

**ટીકાર્થ :-**

गवा यज्जातं ..... युष्माकमिति ।। પરના ગાયથી=વૃષભથી સંસક્તપણાને કારણે ગાયથી જે થયું તે ગોપતિનું થાય છે. પરંતુ વૃષભપતિનું થતું નથી. આ દૃષ્ટાંતથી આ અપત્યો=આ પુત્ર-પુત્રાદિ, અમારાં થાય છે, તમારાં થતાં નથી. ।।૨૩૪।।

**અવતરણિકા :-**

एवमुक्ते –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે કહેવાયે છતે બીજા શું કહે છે ? તે બતાવે છે –

**ગાથા :-**

बिंतियरे अम्हं खलु, जह वडवाए उ अन्नआसेणं ।
जं जायइ अविदिण्णे, मुल्ले तं आसियस्सेव ।।२३५।।

**અન્વયાર્થ :-**

बिंतियरे=ઈતર=સંયતના સમાનકુલવાળા સાધુઓ, કહે છે, अम्हं खलु=અમારા છે. जह=જે પ્રમાણે, मुल्ले अविदिण्णे=મૂલ્ય આપ્યા વગર, अन्नआसेणं=અન્યના અશ્વ સાથે, वडवाए जं जायइ=ઘોડીથી જે થાય છે. आसियस्सेव तं=તે અશ્વના સ્વામીના થાય છે. ॥૨૩૫॥

**ગાથાર્થ :-**

ઈતર=સંયતના સમાનકુલવાળા સાધુઓ, કહે છે. અમારા છે. જે પ્રમાણે મૂલ્ય આપ્યા વગર અન્યના અશ્વ સાથે ઘોડીથી જે થાય છે, તે અશ્વના સ્વામીના થાય છે. ॥૨૩૫॥

**ટીકા :-**

'बिंतियरे'त्ति । 'इतरे' संयतसमानकुलका ब्रुवते–अस्माकं खल्वेतान्यपत्यानि, यथाऽदत्ते मूल्येऽन्य-सत्केनाश्वेन संसक्तया वडवया यज्जन्यते तद् 'आश्विकस्यैव' अश्वस्वामिन एव न तु वडवायस्वामिनः, कारणिकैरेवमेव व्यवहारनिश्चयात् ।।२३५।।

**ટીકાર્થ :-**

'इतरे' ..... व्यवहारनिश्चयात् ।। ઈતર=સંયતના સમાનકુલવાળા=પુરુષ સાધુઓ કરે છે. આ અપત્યો અમારાં થાય છે=પુત્ર-પુત્રી સર્વ પુરુષના થાય છે.

કઈ રીતે પુરુષનાં થાય છે ? તે 'यथा'થી બતાવે છે –

મૂલ્ય આપ્યા વગર અન્ય સંબંધી અશ્વ વડે સંસક્ત એવી ઘોડી વડે જે ઉત્પન્ન થાય છે, તે અશ્વના સ્વામીનું જ થાય છે પરંતુ ઘોડીના સ્વામીનું થતું નથી; કેમ કે કારણિકો વડે=મધ્યસ્થ એવા ન્યાય આપનારા વડે આ રીતે જ વ્યવહારનો નિશ્ચય છે. ॥૨૩૫॥

**અવતરણિકા :-**

एवमुक्ते –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે કહેવાયે છતે=સંયતના સમાનકુલવાળા વડે આ પ્રમાણે કહેવાયે છતે, અન્ય શું કહે છે ? તે બતાવે છે –

**ગાથા :-**

उब्भामिआइ जायइ, महिलाए जस्स तस्स तं सव्वं ।
इय अम्हाण वि एवं, भणंति पुण समणिपक्खत्था ।।२३६।।

**અન્વયાર્થ :-**

उब्भामिआइ महिलाए=ઉદ્ભ્રામિકા સ્ત્રીથી, जस्स जायइ=જેનું થાય છે. तं सव्वं=તે સર્વ, तस्स=તેનું=સ્ત્રીનું થાય છે. इय=એ રીતે, अम्हाण वि=અમારું પણ થાય છે. एवं पुण=આ પ્રમાણે વળી, समणिपक्खत्था भणंति=શ્રમણી પક્ષવાળા સાધુઓ કહે છે. ॥૨૩૬॥

**ગાથાર્થ :-**

**ઉદ્ભ્રામિકા સ્ત્રીથી જેનું થાય છે તે સર્વ તેનું=સ્ત્રીનું થાય છે. એ રીતે અમારું પણ એ પ્રમાણે વળી શ્રમણી પક્ષવાળા સાધુઓ કહે છે. ॥૨૩૬॥**

**ટીકા :-**

'उब्भामियाइ'त्ति । 'उद्भ्रामिकया' उद्भ्रमणशीलया स्वैरिण्येत्यर्थः 'महिलया' स्त्रिया यस्य यज्जायते स्वतः परतश्च तस्य सर्वं तदाभवति, एवमस्माकमपीति, भणन्ति पुनः श्रमणीपक्षस्थाः ।।२३६।।

**ટીકાર્થ :-**

'उद्भ्रामिकया' ..... श्रमणीपक्षस्थाः ।। ઉદ્ભ્રામિકાથી=ઉદ્ભ્રમણશીલ એવી સ્વેચ્છાચારી સ્ત્રીથી જેનું=જે પુરુષનું સ્વથી કે પરથી=સ્વપુરુષથી કે અન્ય પુરુષથી, જે થાય છે=પુત્ર કે પુત્રી જે થાય છે તેનું=તે પુરુષનું, સર્વ તેનું=તે સ્ત્રીનું, થાય છે. એ રીતે અમારાં જ આ સર્વ પુત્ર-પુત્રીઓ થશે. એ પ્રમાણે વળી શ્રમણી પક્ષવાળા કહે છે. ॥૨૩૬॥

**અવતરણિકા :-**

एवमुक्ते –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે કહેવાયે છતે=સંયતીના સમાનકુલવાળા વડે આ પ્રમાણે કહેવાયે છતે, અન્ય શું કહે છે ? તે બતાવે છે –

**ગાથા :-**

**रायसमक्खं सयले, भोगभरे साहिए जहा दुण्हं ।**
**दंडो उब्भामगए, दाणं तह अम्ह इय अण्णे ।।२३७।।**

**અન્વયાર્થ :-**

रायसमक्खं सयले भोगभरे=રાજા સમક્ષ સકલ ભોગભર, साहिए=સાધિત કરાયે છતે, जहा दुण्हं दंडो=જે પ્રમાણે બંનેને દંડ, उब्भामगए दाणं=અને ઉદ્ભ્રામકમાં દાન, तह=તેમ, इय अम्ह=અમારાં આ= સંતાનો છે, अण्णे=એમ અન્ય કહે છે. ॥૨૩૭॥

ગાથાર્થ :-

**રાજા સમક્ષ સકલ ભોગભર સાધિત કરાયે છતે જે પ્રમાણે બંનેને દંડ અને ઉદ્‌ભ્રામકમાં દાન તેમ અમારાં આ=સંતાનો છે, એમ અન્ય કહે છે. ।।૨૩૭।।**

ટીકા :-

'रायसमक्खं'ति । राजसमक्षं सकले भोगभरे 'साधिते' कथितेऽहं देव ! अस्याः सर्वभोगभरं वहामि, भर्त्ताऽपि चास्या मदीयेनैव भोगभरेण निर्व्यूढवान् तस्मात्प्रसादं कृत्वा मदीयान्यपत्यानि दापयतेत्येवं कथिते यथा 'द्वयोः' स्वैरिणीतद्भर्त्रोस्तथाभोगभरसंवाददर्शनत एवमिमावन्यायकारिणाविति दण्डो दीयते राज्ञा सर्वस्वापहारलक्षणः । उद्भ्रामके च दानमपत्यानां तथाऽस्माकमपीति 'अन्ये' संयतपक्षीया ब्रुवते ।।२३७।।

ટીકાર્થ :-

राजसमक्षं ..... ब्रुवते ।। રાજાની સમક્ષ સકલ ભોગભર પોષણ સાધિત થયે છતે, કેવી રીતે સાધિત થયે છતે એથી કહે છે. હે દેવ ! હું આ સ્ત્રીનું સર્વ પોષણને વહન કરું છું અને આનો ભર્તા પણ મારી જ ભોગસામગ્રીથી નિર્વાહ કરાયો. તે કારણથી પ્રસાદ કરીને મારા પુત્રો મને અપાવો. એ પ્રમાણે રાજા સમક્ષ કોઈક પુરુષ વડે કહેવાયે છતે, જે પ્રમાણે બંનેને=સ્વેચ્છાચારી સ્ત્રી અને તેના ભર્તાના તે પ્રકારના ભોગભરના સંવાદના દર્શનથી, આ રીતે આ બંને અન્યાયકારી છે એ પ્રમાણે રાજા વડે સર્વસ્વ અપહાર લક્ષણ દંડ અપાય છે અને ઉદ્‌ભ્રામકમાં=સ્વેચ્છાચારી પુરુષમાં, અપત્યોનું દાન અપાય છે. તે પ્રમાણે અમારાં પણ આ બધાં અપત્યો થાય છે એ પ્રમાણે અન્ય સાધુના પક્ષવાળા કહે છે. ।।૨૩૭।।

અવતરણિકા :-

एवमुक्ते –

અવતરણિકાર્થ :-

આ પ્રમાણે કહેવાયે છતે=સંયતના સમાનકુલવાળા વડે આ પ્રમાણે કહેવાયે છતે, અન્ય શું કહે છે ? તે બતાવે છે –

ગાથા :-

पुणरवि संजइपक्खा, भणंति खरिआइ अण्णखरएण ।
जं जायइ तं खरिआहिवस्स एवं तु अम्हाणं ।।२३८।।

**અન્વયાર્થ :-**

पुणरवि संजइपक्खा भणंति=ફરી પણ સંયતી પક્ષવાળા કહે છે. अण्णखरएण=અન્ય સંબંધી ગધેડા વડે, खरिआइ जं जायइ=ગધેડીમાં જે થાય છે. तं खरिआहिवस्स=તે સર્વ ગધેડીના અધિપતિનું થાય છે. एवं तु अम्हाणं=એ રીતે અમારું થાય છે. ॥૨૩૮॥

**ગાથાર્થ :-**

**ફરી પણ સંયતી પક્ષવાળા કહે છે. અન્ય સંબંધી ગધેડા વડે ગધેડીમાં જે થાય છે તે સર્વ ગધેડીના અધિપતિનું થાય છે એ રીતે અમારું થાય છે. ॥૨૩૮॥**

**ટીકા :-**

'पुणरवि'त्ति । पुनरपि संयतीपक्षीयाः 'भणन्ति' ब्रुवते 'खरिकायां' गर्दभ्यामन्यसत्केन खरेण यज्जायते तत् सर्वं खरिकाधिपस्य भवति, एवमस्माकमपीति ॥२३८॥

**ટીકાર્થ :-**

पुनरपि ..... एवमस्माकमपीति ॥ ફરી પણ સંયતી પક્ષવાળા કહે છે. અન્ય સંબંધી ગધેડા વડે ગધેડીમાં જે થાય છે=જે સંતાન થાય છે, તે સર્વ ગધેડીના અધિપતિનાં થાય છે. તે રીતે અમારાં પણ થાય છે. ॥૨૩૮॥

**અવતરણિકા :-**

परिपाट्यन्तरेण दृष्टान्तभावनायां प्रथमं गोवर्गदृष्टान्तमाह –

**અવતરણિકાર્થ :-**

પરિપાટી અંતરથી દૃષ્ટાંતની ભાવનામાં પ્રથમ ગો વર્ગના દૃષ્ટાંતને કહે છે –

**ગાથા :-**

**गोणीणं संगिल्लं, नट्ठं अडवीइ अन्नगोणेणं ।**
**जायाइं वच्छगाइं, गोणाहिवई उ गिण्हंति ॥२३९॥**

**અન્વયાર્થ :-**

गोणीणं संगिल्लं अडवीइ=ગાયોનું ટોળું અટવીમાં, नट्ठं=નષ્ટ થયું. अन्नगोणेणं वच्छगाइं जायाइं=અન્યના બળદથી વાછરડા થયા, गोणाहिवई उ गिण्हंति=વળી ગાયના સ્વામી ગ્રહણ કરે છે=તે વાછરડાઓને ગ્રહણ કરે છે. ॥૨૩૯॥

**ગાથાર્થ :-**

**ગાયોનું ટોળું અટવીમાં નષ્ટ થયું. અન્યના બળદથી વાછરડા થયા. વળી ગાયના સ્વામી ગ્રહણ કરે છે=તે વાછરડાઓને ગ્રહણ કરે છે. ॥૨૩૯॥**

**ટીકા :-**

'गोणीणं'ति । गवां स्त्री गवी गवीनां 'सङ्गिल्लं' वृन्दं 'नष्टं' अटव्यां पतितम्, तत्र च तस्य 'अन्यगवेन' अन्यसत्केन पुङ्गवेन जातानि वत्सकानि तानि गवेषणतः कथमपि गवां लाभे 'गवाधिपतयः' स्त्रीगवीस्वामिनो गृह्णन्ति न तु पुङ्गवस्वामिनः, एवमेतान्यस्माकमिति ।।२३९।।

**ટીકાર્થ :-**

गवां स्त्री ..... एवमेतान्यस्माकमिति ।। ગોજાતીયની સ્ત્રી ગવી છે અને ગવીઓનું વૃંદ=ગાયોનું વૃંદ, અટવીમાં નષ્ટ થયું=પડ્યું અને ત્યાં=અટવીમાં, અન્ય બળદ વડે=અન્ય સંબંધી પુરુષ બળદ વડે, તેણીને=તે ગાયને, વાછરડાઓ થયા. ગવેષણા કરતા એવા સ્વામીને કોઈક રીતે પણ ગાયનો લાભ થયે છતે તે=વાછરડાઓ, સ્ત્રી ગવી સ્વામી ગ્રહણ કરે છે પરંતુ બળદનો સ્વામી નહિ. એ રીતે આ=સંતાનો, અમારાં છે. ॥૨૩૯॥

❖ ટીકામાં 'तत्र च तस्य' શબ્દ છે ત્યાં 'तस्य'ને સ્થાને 'तस्याः' શબ્દ હોવાની સંભાવના છે; કેમ કે ગાયનો પરામર્શક હોવાથી तस्याः જોઈએ.

**અવતરણિકા :-**

एवं संयतीपक्षीयैरुक्ते संयतपक्षीया उद्भ्रामिकादृष्टान्तं पूर्वोक्तमुपन्यस्यन्ति तथा चाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે સંયતી પક્ષવાળા વડે કહેવાયે છતે સંયત પક્ષવાળા પૂર્વોક્ત ઉદ્ભ્રામિકા દૃષ્ટાંતનો ન્યાસ કરે છે અને તે રીતે કહે છે=ઉદ્ભ્રામિકાનું દૃષ્ટાંત જે રીતે સંયત પક્ષવાળા બતાવે છે તે રીતે કહે છે –

**ગાથા :-**

**उब्भामिय पुव्वुत्ता, अहवा णीआ य जा परविदेसं ।**
**तस्सेव उ सा भवती, एवं अम्हं तु आभवति ।।२४०।।**

**અન્વયાર્થ :-**

पुव्वुत्ता उब्भामिय=પૂર્વમાં કહેવાયેલી સ્વેચ્છાચારી સ્ત્રી, अहवा=અથવા, परविदेसं जा णीआ=પરવિદેશમાં જે લઈ જવાઈ, तस्सेव=તેની જ=પુરુષની જ, सा भवती=તે થાય છે. एवं अम्हं=એ રીતે અમારા=સંયત પક્ષના સાધુના, आभवति=થાય છે. ॥૨૪૦॥

**ગાથાર્થ :-**

**પૂર્વમાં કહેવાયેલી સ્વેચ્છાચારી સ્ત્રી અથવા પરવિદેશમાં જે લઈ જવાઈ તેની જ=તે પુરુષની જ, તે થાય છે. એ રીતે અમારા=સંયત પક્ષના સાધુના, થાય છે. ॥૨૪૦॥**

**ટીકા :-**

'उब्भामिय'त्ति । उद्भ्रामिका पूर्वमुक्ता यथा सापत्या तस्य जाता, अथवा या परं विदेशं नीता सा तस्यैवाऽऽभवति पश्चादपि नान्यस्य, एवमेतान्यपत्यान्येषा चास्माकमिति ।।२४०।।

**ટીકાર્થ :-**

उद्भ्रामिका ..... चास्माकमिति ।। પૂર્વમાં કહેવાયેલી ઉદ્ભ્રામિકા=સ્વેચ્છાચારી સ્ત્રી, જે પ્રમાણે પુત્રો સહિત તેની થઈ=કોઈક સ્વેચ્છાચારી સ્ત્રી પરપુરુષ સાથે સંબંધવાળી છે અને તે પરપુરુષ તેનો અને તેના પતિનો નિર્વાહ કરે છે અને કારણિકો દ્વારા વ્યવહાર કરવાથી તે પુત્રો પરપુરુષના થયેલા હોવાને કારણે કારણિકો દ્વારા ન્યાય કરીને પત્ની સહિત તે પરપુરુષને અપાય છે. તેથી, સંતાનો સહિત તે સ્ત્રી પરપુરુષની થઈ. અથવા જે સ્વેચ્છાચારી સ્ત્રી દૂરના દેશમાં લઈ જવાઈ તે તેની જ થાય છે=પુરુષની જ થાય છે. પાછળથી પણ અન્યની થતી નથી. એ રીતે આ પુત્રો અને આ સ્ત્રી અમારી થાય. એ પ્રમાણે સંયત પક્ષવાળા સાધુઓ કહે છે. ॥૨૪૦॥

**અવતરણિકા :-**

एवमुक्ते –

**અવતરણિકાર્થ :-**

આ પ્રમાણે કહેવાયે છતે=સંયતના સમાન પક્ષવાળા વડે કહેવાયે છતે, અન્ય શું કહે છે તે બતાવે છે=સંયતી પક્ષવાળા શું કહે છે ? તે બતાવે છે –

**ગાથા :-**

इयरे भणंति बीअं, तुज्झं नीअं तु खित्तमन्नं तं ।
तं होइ खित्तिअस्सा, एवं अम्हं तु आभवति ।।२४१।।

**અન્વયાર્થ :-**

इयरे भणंति=ઈતર કહે છે. तुज्झं बीअं नीअं तु=તમારું બીજ લઈ જવાયું, अन्नं खित्तं तं=અન્ય ક્ષેત્રમાં તે વવાયું, खित्तिअस्सा तं होइ=ક્ષેત્રિકનું તે=ધાન્ય થાય છે. एवं=એ રીતે, अम्हं=અમારું=સંયતી પક્ષવાળાનું, आभवति=થાય છે. ॥૨૪૧॥

**ગાથાર્થ :-**

**ઈતર કહે છે. તમારું બીજ લઈ જવાયું. અન્ય ક્ષેત્રમાં તે વપન કરાયું. ક્ષેત્રિકનું તે=ધાન્ય, થાય છે. એ રીતે અમારું=સંયતી પક્ષવાળાનું થાય છે. ॥૨૪૧॥**

**ટીકા :-**

'इयरे'त्ति । 'इतरे' संयतीसत्का भणन्ति बीजं युष्मदीयं तत् किल क्षेत्रे सादृश्यविप्रलम्भतः कथमपि वापकैः 'अन्यत्क्षेत्रं नीतं' अन्यक्षेत्रे उप्तमित्यर्थः, तत् लोके क्षेत्रिकस्याऽऽभवति, एवमेतान्यपत्यान्यस्माकमिति ।।२४१।।

**ટીકાર્થ :-**

'इतरे' संयतीसत्का ..... त्यान्यस्माकमिति ।। ઈતર સંયતી સંબંધવાળા આચાર્ય કહે છે. તમારું બીજ તે ખરેખર ક્ષેત્રમાં સાદૃશ્યના ભ્રમને કારણે કોઈક રીતે પણ વાવનારાઓ વડે અન્ય ક્ષેત્રમાં લઈ જવાયું=અન્ય ક્ષેત્રમાં વવાયું. લોકમાં તે=ધાન્ય, ક્ષેત્રિકનું થાય છે અર્થાત્ સંયતી પક્ષવાળા કહે છે કે કોઈક બે ક્ષેત્રના સ્વામીનો કોઈ એક કામ કરનાર માણસ હોય અને તે બંનેએ પોતપોતાના ક્ષેત્રમાં વપન કરવા માટે બીજ આપ્યાં હોય અને તે બંને ક્ષેત્રો સદૃશ જોવાને કારણે તે કામ કરનારને ભ્રમ થયો કે આ બીજ આપનારનું આ ક્ષેત્ર છે. તેથી, અન્ય સ્વામીના ક્ષેત્રમાં તે બીજો તેણે વાવ્યાં. લોકમાં તે=તે બીજોથી થયેલું ધાન્ય, ક્ષેત્રિકનું થાય છે. એ રીતે આ સંતાનો અમારાં=સંયતી પક્ષવાળાનાં, થાય છે. ॥૨૪૧॥

**અવતરણિકા :-**

संयतसत्का अत्र प्रत्युत्तरमाहुः –

**અવતરણિકાર્થ :-**

આમાં=સંયતી પક્ષવાળાના કથનમાં સંયત પુરુષના પક્ષવાળા પ્રત્યુત્તરને કહે છે –

**ગાથા :-**

रन्नो धूआओ खलु, न माउछंदाउ वा उ दिज्जंति ।
ण य पुत्तो अभिसिच्चइ, तासिं छंदेण एवम्हं ।।२४२।।

**અન્વયાર્થ :-**

रन्नो धूआओ=રાજાની પુત્રીઓ, खलु माउछंदाउ=માતાની ઈચ્છાથી, न दिज्जंति=અપાતી નથી. पुत्तो य=અને પુત્ર, तासिं छंदेण=તેઓની ઈચ્છાથી=માતાની ઈચ્છાથી, ण अभिसिच्चइ=રાજ્ય ઉપર અભિષેક કરતો નથી. एवम्हं=એ રીતે અમારા છે. ॥૨૪૨॥

**ગાથાર્થ :-**

**રાજાની પુત્રીઓ માતાની ઈચ્છાથી અપાતી નથી અને પુત્ર તેઓની ઈચ્છાથી=માતાની ઈચ્છાથી રાજ્ય ઉપર અભિષેક કરતો નથી. એ રીતે અમારાં છે. ॥૨૪૨॥**

**ટીકા :-**

'रन्नो'त्ति । न खलु या राज्ञो दुहितरस्ताः 'मातृच्छन्दतः' मातॄणामभिप्रायेण दीयन्ते नापि पुत्रोऽभिषिच्यते 'तासां' मातॄणां 'छन्देन' अभिप्रायेण किन्तु राज्ञ एवाभिप्रायेण । ततो यथा राजा प्रधानमिति सर्वं राज्ञ आयत्तम्, एवमत्रापि पुरुषः प्रधानमिति सर्वं पुरुषस्याऽऽयत्तमतः सर्वमस्माकमाभवति ।।२४२।।

**ટીકાર્થ :-**

न खलु ..... सर्वमस्माकमाभवति ।। રાજાની પુત્રી જે છે તે માતાના અભિપ્રાયથી અપાતી નથી. વળી, પુત્ર પણ તેણીના=માતાના અભિપ્રાયથી, અભિષેક કરાતો નથી પરંતુ રાજાના જ અભિપ્રાયથી. તેથી, જે પ્રમાણે રાજા પ્રધાન છે એથી સર્વ રાજાને આધીન છે. એ રીતે અહીં પણ=આ સંતાનોના સ્વીકારના વિષયમાં પણ, પુરુષ પ્રધાન છે. એથી સર્વ પુરુષને આધીન છે. આથી સર્વ અમારું થાય છે. ॥૨૪૨॥

**અવતરણિકા :-**

एवं व्यवहारे प्रवर्त्तमाने श्रुतधर आचार्यो व्यवहारं छेत्तुकाम इदमाह –

**અવતરણિકાર્થ :-**

આ રીતે વ્યવહાર પ્રવર્તમાન થયે છતે=સંયતી પક્ષ અને સંયત પક્ષનો વ્યવહાર પ્રવર્તમાન થયે છતે વ્યવહારને છેદવાની ઈચ્છાવાળા શ્રુતધર આચાર્ય આને કહે છે –

**ગાથા :-**

एमाइ उत्तरुत्तरदिट्ठंता बहुविहा ण हु पमाणं ।
पुरिसुत्तरिओ धम्मो, होइ पमाणं पवयणम्मि ।।२४३।।

**અન્વયાર્થ :-**

एमाइ बहुविहा=આ વગેરે બહુ પ્રકારવાળાં, उत्तरुत्तरदिट्ठंता=ઉત્તરોત્તર દૃષ્ટાંતો, पमाणं हु ण=પ્રમાણ નથી, पवयणम्मि=પ્રવચનમાં, पुरिसुत्तरिओ धम्मो=પુરુષોત્તર ધર્મ, पमाणं होइ=પ્રમાણ થાય છે. ॥૨૪૩॥

**ગાથાર્થ :-**

**આ વગેરે બહુ પ્રકારવાળાં ઉત્તરોત્તર દૃષ્ટાંતો પ્રમાણ નથી. પ્રવચનમાં પુરુષોત્તર ધર્મ પ્રમાણ થાય છે. ॥૨૪૩॥**

**ટીકા :-**

**'एमाइ'त्ति । एवमादय उत्तरोत्तरदृष्टान्ता बहुविधा अभिधीयमाना न प्रमाणं किन्तु प्रवचने पुरुषोत्तरको धर्म इति पुरुषः प्रमाणमिति सर्वं पुरुषसत्का लभन्ते नेतर इति ।।२४३।।**

**ટીકાર્થ :-**

**एवमादय ..... नेतर इति ।। આ વગેરે ઉત્તરોત્તર દૃષ્ટાંતો ઘણા પ્રકારનાં કહેવાતાં પ્રમાણ નથી પરંતુ પ્રવચનમાં પુરુષોત્તરક ધર્મ છે=પુરુષપ્રધાન ધર્મ છે, એથી=પુરુષપ્રધાન ધર્મ છે આથી, પુરુષ સંબંધી સાધુઓ સર્વને પ્રાપ્ત કરે છે, ઇતર નહીં. ॥૨૪૩॥**

**ભાવાર્થ :-**

ગાથા-૨૩૨માં કહ્યું કે ભિન્ન ભિન્ન કુળમાંથી સાધુ અને સાધ્વીએ દીક્ષા છોડીને લગ્ન કર્યાં હોય ત્યારપછી તેઓએ પરસ્પર વાણીનો વ્યવહાર કર્યો હોય કે આપણાથી પુત્રો થશે કે પુત્રીઓ થશે ત્યારપછી આપણને ફરી સંયમનો પરિણામ થાય તો તેઓ કોની સાથે સંયમ ગ્રહણ કરે ? તે જે પ્રકારે વાગન્તિક વ્યવહાર થયો હોય તે પ્રમાણે કરે.

હવે, તે પ્રકારે જ કોઈ ભિન્ન સમુદાયમાંથી સાધ્વી અને સાધુએ સંયમનો ત્યાગ કર્યો હોય અને લગ્નજીવનથી રહ્યાં હોય અને પાછળથી ફરી સંયમ લેવાનો તેઓને પરિણામ થાય ત્યારે જો પૂર્વમાં કોઈ વાણીનો વ્યવહાર થયો ન હોય=ફરી સંયમનો પરિણામ થાય તો આપણા પુત્ર-પુત્રી કોનાં થાય એ પ્રકારે વાણીનો વ્યવહાર થયો ન હોય અને સંયમ ગ્રહણ કરવા તત્પર થતી વખતે પણ કોઈ વાણીના વ્યવહારથી દીક્ષા લેવા તત્પર તે બંને પણ કોણ કોના થાય એ પ્રકારે નિર્ણય કરી શકે નહિ અને પોતાના કુળમમત્વને કારણે તે બંને પોતપોતાના પૂર્વના ગુરુ પાસે સંયમ માટે તત્પર થાય અને તેમના પુત્રાદિ પણ સંયમ માટે તત્પર થયા હોય ત્યારે પોતપોતાના સમાન કુલવાળા પાસે તેનો નિર્ણય કરવા અર્થે જાય છે. તે વખતે સંયતી પક્ષના સાધુઓ કહે છે કે આ સર્વ સંતાનો અમારાં થાય છે અને તેમાં અનેક પ્રકારનાં દૃષ્ટાંતો બતાવે છે અને સંયત પક્ષના સાધુઓ પણ તે નિર્ણયનો ઉકેલ કરવાર્થે કહે છે કે આ સર્વ સંતાનો અમારાં થાય છે અને તેમાં અનેક દૃષ્ટાંતોથી પોતાના પક્ષનું સમર્થન કરે છે.

જોકે સુસાધુઓ મધ્યસ્થ હોય છે, કલ્યાણના અર્થી હોય છે અને અયોગ્યને દીક્ષા આપે નહિ, યોગ્યને જ આપે તેવી ઉત્તમ પ્રકૃતિવાળા હોય છે. તેથી યોગ્ય જીવોને હિત અર્થે જ દીક્ષા આપે છે તોપણ યોગ્ય જીવો સંયમને અભિમુખ થાય ત્યારે પોતાનું કુલ અધિક સુયોગ્ય સાધુઓવાળું થાય તેવું મમત્વ પણ કેટલાકને હોય છે. તેથી યુક્તિથી પોતાના પક્ષનું સ્થાપન કરવા બંને પક્ષના સાધુઓ યત્ન કરે છે છતાં

જિનવચનાનુસાર ઉચિત નિર્ણય કરીને દીક્ષા માટે તત્પર થયેલા જીવોને સ્વપક્ષમાં ગ્રહણ કરવા જોઈએ કે પરપક્ષમાં ગ્રહણ કરવા જોઈએ તેની વિચારણા કરવા યત્ન કરે છે અને મધ્યસ્થતાથી ઉચિત યુક્તિપૂર્વક અને દૃષ્ટાંતોથી પોતાના પક્ષનું સમર્થન કરે છે. તે સર્વ વિવાદ સાંભળીને કોઈક શ્રુતધર મહાત્મા કહે છે કે તેનો ઉચિત વ્યવહાર આ રીતે દૃષ્ટાંતોથી થઈ શકે નહિ પરંતુ જિનવચનથી જ થઈ શકે અને કયા પ્રકારના જિનવચનથી થઈ શકે તેના ઉત્તરમાં કહે છે કે આ સર્વ દૃષ્ટાંતો પ્રમાણ નથી પરંતુ પ્રવચનમાં પુરુષોત્તર ધર્મ પ્રધાન છે. તેથી, આ સર્વ સંતાનો પુરુષ પક્ષના જ થઈ શકે.

જોકે અન્ય આચાર્યો પણ ગીતાર્થો હોય છે તોપણ ઉચિત સ્થાને શ્રુતના બળથી કઈ રીતે નિર્ણય કરવો તેનું સ્ફુરણ બધા ગીતાર્થોને સમાન થતું નથી. આથી જ ગીતાર્થો પરસ્પર વિચારનો વિનિયોગ કરીને ઉચિત નિર્ણય લેવા પ્રયત્ન કરે છે. જેમ, રાજ્યના પ્રશ્નો બુદ્ધિમાન મંત્રી જ ઉકેલ કરે છે છતાં ઘણા મંત્રીઓ ભેગા થઈને પરસ્પર વિચારણાની આપ-લે કરીને યથાર્થ નિર્ણય કરે છે. તેમ ગીતાર્થો પણ અનેક રીતે યુક્તિઓથી આ સંતાનો કોનાં થાય તેની પરસ્પર વિચારણા કરે છે અને કોઈક શ્રુતધર આચાર્યો જ્યારે કહે છે કે પુરુષપ્રધાન ધર્મ છે ત્યારે તે વચનને સ્વીકારીને તે પ્રકારે જ પુરુષ સંબંધી સર્વ સંતાનો થાય તોપણ મધ્યસ્થ વૃત્તિવાળા સાધુઓના ચિત્તમાં કોઈ ક્લેશ થતો નથી; કેમ કે જિનવચનાનુસાર જે ઉચિત હોય તે કરવું જોઈએ તેવી સ્થિર બુદ્ધિ હોય છે. ફક્ત તે બંને પતિ-પત્ની બંને પક્ષવાળા સાધુઓ પાસે આવે છે ત્યારે કંઈક સ્વકુલના મમત્વથી તેઓ યુક્તિઓ આપે છે અને ગીતાર્થ દ્વારા ઉચિત નિર્ણય સાંભળે છે ત્યારે મધ્યસ્થતાપૂર્વક તેનો સ્વીકાર કરે છે.

અહીં પુરુષપ્રધાન ધર્મ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જીવરૂપે પુરુષ અને સ્ત્રી સમાન છે. ગુણથી જ સ્ત્રી કે પુરુષ પૂજ્ય બને છે તોપણ ગુણવૃદ્ધિમાં પુણ્ય પ્રકૃતિ પ્રબલ સહાયક છે. તેથી જેઓ ગુણને અભિમુખ થાય છે તેવા જીવોમાં પુરુષની પુણ્ય પ્રકૃતિ ગુણ નિષ્પત્તિમાં પ્રબલ કારણ બને છે અને સ્ત્રીરૂપ પાપ પ્રકૃતિ કંઈક ધર્મનિષ્પત્તિમાં વિઘ્નભૂત છે. તેથી ભગવાને પુરુષપ્રધાન ધર્મ કહેલ છે. તેથી પ્રસ્તુત સ્થાનમાં પણ પુરુષને પ્રધાન કરીને તે સંતાનો પણ તે પક્ષવાળા પાસે જ સંયમ ગ્રહણ કરે તે ઉચિત છે. **॥૨૩૩થી ૨૪૩॥**

**ગાથા :-**

**एयं पसंगभणियं इत्तो वुच्छं सुअम्मि आभव्वं ।**
**उवसंपया दुहा इह, अभिधारंते पढंते य ।।२४४।।**

**અન્વયાર્થ :-**

**एयं पसंगभणियं=આ પ્રસંગથી કહેવાયું. इत्तो सुअम्मि=હવે પછી શ્રુતવિષયક, आभव्वं वुच्छं=આભાવ્યને હું કહીશ. अभिधारंते पढंते य=અભિધારણ કરનાર વિષયક અને ભણનારના વિષયક, दुहा इह उपसंपया=બે પ્રકારની અહીં=શ્રુતના વિષયમાં, ઉપસંપદા છે. ॥૨૪૪॥**

**ગાથાર્થ :-**

**આ પ્રસંગથી કહેવાયું. હવે પછી શ્રુતવિષયક આભાવ્યને હું કહીશ. અભિધારણ કરનાર વિષયક અને ભણનારના વિષયક બે પ્રકારની અહીં=શ્રુતના વિષયમાં, ઉપસંપદા છે. ।।૨૪૪।।**

**ટીકા :-**

'एयं'ति । एतत् क्षेत्राभाव्याधिकारे प्रसङ्गेन भणितम् । 'इतः' अनन्तरं श्रुते आभाव्यं वक्ष्ये । 'इह' श्रुते उपसम्पद्द्विधा । अभिधारयति पठति च ।।२४४।।

**ટીકાર્થ :-**

एतत् क्षेत्राभाव्याधिकारे ..... अभिधारयति पठति च ।। ક્ષેત્ર આભાવ્ય અધિકારમાં=ક્ષેત્રને આશ્રયીને કોનું શું આભાવ્ય થાય તેના અધિકારમાં, આ=ગાથા-૨૩૨થી ૨૪૩ સુધી કહ્યું એ, પ્રસંગથી કહેવાયું. હવે, આના પછી શ્રુતના વિષયમાં આભાવ્ય હું કહીશ. અહીં=શ્રુતના વિષયમાં, ઉપસંપદ બે પ્રકારની છે : (૧) અભિધારણ કરનારના વિષયમાં અને (૨) ભણનારના વિષયમાં ઉપસંપદ છે. ।।૨૪૪।।

**ગાથા :-**

**इक्किक्का वि य दुविहा, अणंतरा तह परंपरा चेव ।**
**दुण्हं अणंतरा खलु, तिगमाईणं परंपरया ।।२४५।।**

**અન્વયાર્થ :-**

इक्किक्का वि य=એક એક પણ=બે પ્રકારની ઉપસંપદામાંથી એક એક પણ, दुविहा=બે પ્રકારની છે. अणंतरा तह परंपरा चेव=અનંતર અને પરંપર, दुण्हं खलु=બેમાં=અભિધારક અને અભિધાર્યરૂપ બેમાં, अणंतरा=અનંતર છે. तिगमाईणं=ત્રણ આદિમાં, परंपरया=પરંપરાથી છે. ।।૨૪૫।।

**ગાથાર્થ :-**

**એક એક પણ=બે પ્રકારની શ્રુત ઉપસંપદામાંથી એક એક પણ, બે પ્રકારની છે : (૧) અનંતર (૨) પરંપર. બેમાં=અભિધારક અને અભિધાર્યરૂપ બેમાં અનંતર છે. ત્રણ આદિમાં પરંપરાથી છે. ।।૨૪૫।।**

**ટીકા :-**

'इक्किक्क'त्ति । एकैकापि द्विविधा, अनन्तरा तथा परम्परा च । द्वयोः खल्वनन्तरा । त्र्यादीनां परम्परा । अनन्तरायां ह्यभिधार्यमाणोऽन्यं नाभिधारयति । परम्परायां तु सोऽप्यन्यं सोऽप्यन्यमित्यादि । यदाह व्यवहारचूर्णिकृत्–'अणंतरा णाम एक्को साहू कंचि आयरिअं अभिसंधारेइ, जो सो अभिधारिज्जइ

सो ण कंचि अण्णं अभिसंधारेइ । परंपरा णाम एक्को साहू कंचि आयरिअं अभिधारेइ सो वि अभिधारिज्जंतो अण्णं अभिसंधारेइ, सो वि अण्णं, एवं अणिययपरिमाणं'**ति** ।।२४५।।

**ટીકાર્થ :-**

**एकैकापि द्विविधा, ..... अणिययपरिमाणं'ति ।। એકેક પણ=શ્રુતઉપસંપદાના બે ભેદો પૂર્વગાથામાં બતાવ્યા તેમાંથી એક એકપણું બે પ્રકારના છે. અનંતર અને પરંપર. બેની અનંતર, ત્રણ આદિની પરંપર. અનંતરમાં અભિધારણ કરાતા સાધુ અન્યને અભિધારણ કરતા નથી. વળી, પરંપરામાં તે પણ=અભિધારણ કરતા સાધુ પણ, અન્યનું અભિધારણ કરે છે ઈત્યાદિ. જેને વ્યવહારચૂર્ણિકાર કહે છે.**

અનંતરા એટલે એક સાધુ કોઈક આચાર્યનું અભિધારણ કરે છે=શ્રુત ભણવા માટે અભિધારણ કરે છે. તે જેનું અભિધારણ કરે છે તે=તે આચાર્ય, અન્ય કોઈનું અભિધારણ કરતા નથી=અન્ય કોઈ પાસે કોઈ શ્રુત ભણવાનું અભિધારણ કરતા નથી તે અનંતરા નામની શ્રુત ઉપસંપદ છે એમ અન્વય છે. પરંપરા એટલે એક સાધુ કોઈક આચાર્યનું અભિધારણ કરે છે=શ્રુત ભણવા માટે હું તેમની પાસે જાઉં એ પ્રમાણે અભિધારણ કરે છે. અભિધારણ કરાતા તે પણ=કોઈક સાધુ દ્વારા અભિધારણ કરાતા તે આચાર્ય પણ, અન્યનું અભિસંધારણ કરે છે=હું અન્ય પાસે કોઈક અમુક શ્રુત ભણવા જાઉં એ પ્રમાણે અભિસંધારણ કરે છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, અનિયત પરિણામવાળું અન્યનું અભિસંધારણ છે એ પરંપરા શ્રુતની ઉપસંપદ છે. **।।૨૪૫।।**

**ગાથા :-**

**सट्ठाणे अभिधारिय-णिवेअणा जइ इमा उ अच्छिण्णा ।**
**छिण्णाइ जं तु लद्धं, तं अकहंतस्स पच्छित्तं ।।२४६।।**

**અન્વયાર્થ :-**

**जइ इमा=જો આ=અભિધારણકૃત ઉપસંપદ, अच्छिण्णा=અછિન્ન છે. તો, सट्ठाणे=સ્વસ્થાનમાં જતા=જેની પાસે ભણવા જાય છે તે સ્થાનમાં જતા, अभिधारिय=અભિધારિતને=જેની પાસે ભણવા જવું છે તે આચાર્યને, णिवेअणा=નિવેદન કરવું જોઈએ. तु=વળી, छिण्णाइ जं तु लद्धं=છિન્નમાં જે પ્રાપ્ત થયું=માર્ગમાં પ્રાપ્ત થયું, अकहंतस्स=તેને નહિ કહેતા, पच्छित्तं=અભિધારકને પ્રાયશ્ચિત્ત છે. ।।૨૪૬।।**

**ગાથાર્થ :-**

**જો આ=અભિધારણકૃત ઉપસંપદ અછિન્ન છે, તો સ્વસ્થાનમાં જતા=જેની પાસે ભણવા જાય છે તે સ્થાનમાં જતા, અભિધારિતને=જેની પાસે ભણવા જવું છે તે આચાર્યને, નિવેદન કરવું જોઈએ. વળી, છિન્નમાં જે પ્રાપ્ત થયું=માર્ગમાં પ્રાપ્ત થયું, તેને નહિ કહેતા અભિધારકને પ્રાયશ્ચિત્ત છે. ।।૨૪૬।।**

**ટીકા :-**

'सट्ठाणे'त्ति । यदि 'इयम्' अभिधारणाकृतोपसम्पत् 'अच्छिन्ना' अन्यलाभासङ्क्रमात्तदा स्वस्थाने गच्छताऽभिधारितस्य निवेदना कर्त्तव्या । छिन्नायां त्वस्यां यदन्तराले लब्धं स्वयं स्थापितं स्वगच्छे च प्रेषितं तदकथयतः प्रायश्चित्तम् । सचित्ते चत्वारो गुरुकाः, अचित्ते उपधिनिष्पन्नम्, स्वरसेन तदनर्पणे स्नानादिसमवसरणे दृष्टस्य व्यवहारेण दापने मायानिष्पन्नश्च गुरुको मास इति ।।२४६।।

**ટીકાર્થ :-**

**यदि 'इयम्' ..... मास इति ।। જો આ=અભિધારણાકૃત ઉપસંપદ, અચ્છિન્ન છે; કેમ કે અન્યમાં લાભનું અસંક્રમણ છે, તો સ્વ-સ્થાનમાં જતા=અધ્યયન અર્થે તે આચાર્ય પાસે જતા, અભિધારિતને=જેની પાસે શ્રુતઅધ્યયન કરવાનું પોતે અભિધારણ કર્યું છે તે આચાર્યને, નિવેદન કરવું જોઈએ=પોતાને માર્ગમાં જે પ્રાપ્ત થયું હોય તે સર્વ તેમને સમર્પણ કરવું જોઈએ. વળી, છિન્ન એવી આ હોતે છતે=શ્રુત ઉપસંપદા છિન્ન હોતે છતે, જે અંતરાલમાં પ્રાપ્ત થયું અને સ્વયં સ્થાપન કર્યું અથવા સ્વગચ્છમાં મોકલાવ્યું તેને નહિ કહેતાને=આ મેં સ્થાપન કર્યું છે અને આ મેં સ્વગચ્છમાં મોકલાવ્યું છે તેને નહિ કહેતાને, પ્રાયશ્ચિત્ત છે. સચિત્તમાં ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત છે=સચિત્ત પોતે ગ્રહણ કર્યું હોય અને સ્વગચ્છમાં મોકલ્યું હોય પણ કહે નહિ તેને ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત છે. અચિત્તમાં=વસ્ત્ર, પાત્રાદિ સ્વયં સ્થાપન કર્યા હોય અને ગચ્છમાં મોકલ્યા હોય પણ કહે નહિ તો ઉપધિ નિષ્પન્ન પ્રાયશ્ચિત્ત છે. સ્વરસથી તેના અનર્પણમાં=માર્ગમાં મળેલ સચિત્ત કે ઉપધિ આદિ જેના થતા હોય તેને આપે નહિ તો, સ્નાનાદિ સમવસરણમાં=સ્નાત્રમહોત્સવાદિ પ્રસંગોમાં, જોવાયેલાના વ્યવહારથી=અભિસંધારણ કરીને આવેલા સાધુ ત્યાં સ્નાત્રમાં જોવાયેલા હોય ત્યારે સંઘ પાસે વ્યવહાર કરવાથી, અપાવવામાં માયાનિષ્પન્ન ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. ॥૨૪૬॥**

**ભાવાર્થ :-**

ક્ષેત્ર આભાવ્યનું વર્ણન પૂર્વમાં કહ્યું. હવે, શ્રુત આભાવ્ય કહેવાની પ્રતિજ્ઞા કરે છે અને શ્રુત ઉપસંપદા બે પ્રકારની છે : (૧) અભિધારણ કરનારને અને (૨) ભણનારને આશ્રયીને છે. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ ગચ્છના સાધુ કોઈ અન્ય ગચ્છના વિશિષ્ટ શ્રુતધર પાસે ભણવાર્થે અભિધારણ કરીને તેમની પાસે જવા નીકળેલા હોય ત્યારે સાક્ષાત્ હજુ તેમની પાસે શ્રુતઅધ્યયન કર્યું નથી તોપણ તે અભિધારિત આચાર્યની ઉપસંપદા તેમણે સ્વીકારી છે. તેથી, જે કાંઈ પોતાને પ્રાપ્ત થાય તે સર્વ જેમને અભિધારણ કર્યા છે તેમને સમર્પણ કરવું જોઈએ. તેથી, માર્ગમાં જતાં જે કાંઈ પ્રાપ્ત થાય તે સર્વ શ્રુત ઉપસંપદને આશ્રયીને તેમનું આભાવ્ય થાય છે.

વળી, કોઈની પાસે કોઈ સાધુ શ્રુત ભણતા હોય ત્યારે પઠનને આશ્રયીને શ્રુત ઉપસંપદ થાય છે અને અભિધારણ અને પઠનને આશ્રયીને થનારી શ્રુત ઉપસંપદ પણ પ્રત્યેક અનંતર અને પરંપર એમ બે

પ્રકારની છે. જેમ કોઈ સાધુએ કોઈ આચાર્યનું અભિધારણ કરીને ભણવા માટે જતા હોય ત્યારે અભિધારણને આશ્રયીને અભિધારિત આચાર્યની શ્રુત ઉપસંપદા થાય છે અને જો તે આચાર્ય અન્ય પાસે ભણવાનું અભિધારણ કર્યું ન હોય તો ભણવાનું અભિધારણ કરનારને જે કાંઈ માર્ગમાં પ્રાપ્ત થાય તે અભિધારિત આચાર્યમાં વિશ્રાંત થાય છે. તેથી તે સર્વ સચિત્તાદિ અભિધારિત આચાર્યને આપવું જોઈએ; કેમ કે તે સર્વ અભિધારિત આચાર્યનું આભાવ્ય છે.

વળી, કોઈ સાધુ અન્ય કોઈ આચાર્યનું અભિધારણ કરીને ભણવા જતા હોય અને તે આચાર્યએ કોઈ અન્ય આચાર્યનું ભણવાર્થે અભિધારણ કરેલું હોય એ રીતે અન્ય-અન્યની પરંપરા હોય તો પ્રથમ અભિધારણને કરનાર સાધુને માર્ગમાં જે પ્રાપ્ત થાય છે તે સર્વ અંતિમ અભિધારિતમાં વિશ્રાંત થાય છે. આનાથી એ ફલિત થાય કે જે શ્રુતથી અધિક છે અને તેની પાસે અભિધારણ કરીને ભણવા જાય છે ત્યારથી તેમના પ્રત્યે પૂજ્ય ભાવ હોય છે અને મેં તેમની ઉપસંપદા સ્વીકારી છે તેથી મને જે કાંઈ પ્રાપ્ત થાય તે તેમને જ આપવું જોઈએ તેવી બુદ્ધિ કરે તો જ શ્રુત પ્રત્યે ભક્તિ રહે છે. બીજું, સુસાધુને નિર્દોષ વસ્ત્ર-પાત્ર અત્યંત દુર્લભ હોય છે અને સુસાધુ તેવાં જ વસ્ત્રાદિ ગ્રહણ કરે છે. તેથી, ઘણા સંયોગોમાં તેની અપ્રાપ્તિના કારણે ગવેષણાદિ કરવી પડે છે. તેથી, જો શાસ્ત્રનો ઉપયોગ ન હોય તો આરાધક જીવને પણ તે સર્વ અભિધારિતને સમર્પણ કરવાનો પરિણામ થાય નહિ.

વળી, ગુણસંપન્ન, યોગ્ય શિષ્યની પ્રાપ્તિ દુર્લભ હોય છે અને કોઈક રીતે માર્ગમાં તેવો શિષ્ય મળે તો અભિધારિત આચાર્યને સમર્પણ કરવાનો પરિણામ થાય નહિ. પરંતુ ભગવાનના વચનની મર્યાદાનું જેમને જ્ઞાન છે તેઓ અવશ્ય અભિધારિત આચાર્યને સમર્પણ કરે.

વળી, અભિધારણ કૃત ઉપસંપદા અચ્છિન્ન હોય અર્થાત્ તે સાધુને જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે જેની પાસે ભણવાનું છે તેમાં જ તે સર્વ આભાવ્ય વિશ્રાંત થાય છે; કેમ કે તે આચાર્ય અન્ય પાસે અભિધારણ કરીને ભણવા જતા નથી. ત્યારે તેમને અભિધારણ કરીને આવનાર શિષ્યએ જે કાંઈ માર્ગમાં પ્રાપ્ત થયું હોય તે સમર્પણ કરવું જોઈએ.

વળી, છિન્ન એવી ઉપસંપદમાં જે અંતરાલમાં પ્રાપ્ત થયું હોય અને આવનાર સાધુને પોતાને જે પ્રાપ્ત થયું હોય તે પોતાની પાસે રાખી મૂકે અથવા સ્વગચ્છમાં મોકલી આપે અને તેનું કથન તે અભિધારિત ગુરુને કરે નહિ તો પ્રાયશ્ચિત્ત આવે. તેથી એ પ્રાપ્ત થાય કે તે અધ્યયન કરનારને જણાય કે મને જે પ્રાપ્ત થયું છે તે હું જેની પાસે ભણીશ તેને પ્રાપ્ત થવાનું નથી પરંતુ આગળમાં જશે અને મને નિર્દોષ વસ્ત્રાદિ દુર્લભ છે કે ગુણસંપન્ન સચિત્ત શિષ્યાદિ દુર્લભ છે. તેથી, પોતાની પાસે સ્થાપન કરી રાખે અથવા સ્વગચ્છમાં તેની વિશેષ આવશ્યકતા જણાય તેથી સ્વગચ્છમાં કોઈક સાધુ સાથે મોકલી આપે અને ત્યાં ગયા પછી જેની ઉપસંપદા સ્વીકારી છે તેને કહે નહિ તો પ્રાયશ્ચિત્ત આવે અને પ્રામાણિક રીતે જેમની પાસે ભણવાર્થે આવેલા છે તેમને કહે કે મને અંતરાલમાં આ પ્રાપ્ત થયું છે, મારી પાસે મેં સ્થાપન કર્યું છે અથવા સ્વગચ્છમાં અતિ આવશ્યકતાના કારણે મોકલ્યું છે. ત્યારપછી તે અભિધારિત આચાર્યને જે જણાય તે પ્રમાણે તે સર્વ સમર્પણ કરવું જોઈએ. અથવા ગાઢ આવશ્યકતા હોય તો તેમની અનુજ્ઞાથી ધારણ કરે

તો પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય નહિ.

નહિ કહેવામાં શું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તે કહે છે. સચિત્ત, ગુણસંપન્ન શિષ્ય પ્રાપ્ત થયો હોય અને પોતાના ગચ્છમાં તેની અતિ આવશ્યકતા જણાતી હોય તો કહે નહિ તો ચાર ગુરુ પ્રાયશ્ચિત્ત આવે અને અચિત્ત વસ્તુ પ્રાપ્ત થયેલ હોવા છતાં કહે નહિ તો ઉપધિનિષ્પન્ન પ્રાયશ્ચિત્ત આવે.

વળી, માર્ગમાં પોતાને પ્રાપ્ત થયેલું હોય તેનું કથન અભિધારિત આચાર્યને કર્યા વગર સ્વરસથી પોતે રાખે અને અભિધારિત આચાર્યને ખ્યાલ આવે કે આ સાધુ મને અભિધારિત કરીને આવતો હતો અને માર્ગમાં તેને શિષ્યાદિ મળ્યા છે કે નિર્દોષ ઉપધિ આદિ મળ્યા છે તેથી મારી પાસે આવવાનું છોડીને પોતે તે વસ્તુને ધારણ કરે છે ત્યારે કોઈક મહોત્સવના પ્રસંગે અન્ય સાધુઓ ભેગા થયા હોય અને અભિધારિત આચાર્ય તે અભિધારકને ત્યાં જુએ ત્યારે સંઘ સમક્ષ ત્યાં વ્યવહાર થાય અને તે વખતે સંઘના સુવિહિત આચાર્યો તે સ્થિતિને જાણીને જેનું આભાવ્ય થતું હોય તેને અપાવે ત્યારે તે સાધુ શિષ્ય કે ઉપધિ તે અભિધારિત આચાર્યને આપે તોપણ માયાનિષ્પન્ન ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ તે સાધુએ પોતાને પ્રાપ્ત થયેલું અભિધારિત આચાર્યને સોંપ્યું તોપણ જે માયા કરી તેના કારણે તે સાધુને ગુરુમાસનું પ્રાયશ્ચિત્ત આવે. **॥૨૪૪થી ૨૪૬॥**

**અવતરણિકા :-**

**अथ तत्राभिधारयतो यदाभाव्यं भवति तदाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્યાં=શ્રુતની અભિધારિત સંપદામાં, અભિધારણ કરનારનું જે આભાવ્ય થાય છે=કોઈક આચાર્યને અભિધારણ કરીને શ્રુત અર્થે જનારા સાધુનું જે આભાવ્ય થાય છે, તેને કહે છે –**

**ગાથા :-**

**आभव्वं पुण तत्थ वि, छ म्मीसं चेव होइ वल्लिदुगं ।**
**सेसाण उ वल्लीणं, परलाभो होइ णाएणं ।।२४७।।**

**અન્વયાર્થ :-**

**पुण तत्थ वि=વળી ત્યાં પણ=અભિધારકમાં પણ, आभव्वं होइ=આભાવ્ય થાય છે. શું આભાવ્ય થાય છે તે સ્પષ્ટ કરે છે. छ=છ નાલબદ્ધ, म्मीसं चेव=અને મિશ્ર, वल्लिदुगं=એ બે વલ્લિ થાય છે=અભિધારકનું આભાવ્ય થાય છે. उ सेसाण वल्लीणं=વળી શેષ વલ્લિનું, णाएणं=ન્યાયથી, परलाभो होइ=પરલાભ થાય છે=અભિધારિતને લાભ થાય છે. ।।૨૪૭।।**

**ગાથાર્થ :-**

**વળી, ત્યાં પણ=અભિધારકમાં પણ, આભાવ્ય થાય છે. શું આભાવ્ય થાય છે તે સ્પષ્ટ કરે**

**છે. છ=છ નાલબદ્ધ અને મિશ્ર એ બે વલ્લિ થાય છે=અભિધારકનું આભાવ્ય થાય છે. વળી, શેષ વલ્લિનું ન્યાયથી પરને લાભ થાય છે=અભિધારિતને લાભ થાય છે. ।।૨૪૭।।**

**ટીકા :-**

'आभव्वं पुण'त्ति । आभाव्यं पुनस्तत्राप्यभिधारयति, षड् नालबद्धानि मिश्रं चेति वल्लिद्विकम् । तत्र माता पिता भ्राता भगिनी पुत्रो दुहिता चेति षड् नालबद्धानि, एषाऽनन्तरा वल्लिरुच्यते । मातृपित्रोर्माता पिता भ्राता भगिनी च, भ्रात्रादीनां चतुर्णां पुत्रो दुहिता च, तथाष्ट प्रार्यकाणि भ्रातृ-भगिनीसहितानि, मातामह्या अपि माता पिता भ्राता भगिनी, च, पितामहस्यापि माता पिता भ्राता भगिनी चेति मिश्रवल्लिरियमुच्यते । शेषाणां तु वल्लीनां नालबद्धमिश्रातिरिक्तानां 'परलाभो भवति' अभिधारितस्य लाभो भवतीत्यर्थः । मातुलसुतादयः परतरवल्लिगता हि यदि प्रतीच्छकमभिधारयन्ति तदा स लभते, अथाऽऽचार्यमभिधारयन्ति तदाऽऽचार्यो लभते । ये च परतरे स्वजना ये चान्ये ते सर्वे आचार्यस्यैवाभवन्तीति ।।२४७।।

**ટીકાર્થ :-**

आभाव्यं पुनस्तत्राप्य ..... आचार्यस्यैवाभवन्तीति ।। વળી, ત્યાં પણ=કોઈક આચાર્યનું અભિધારણ કરીને શ્રુત અર્થે જનારા સાધુમાં પણ, આભાવ્યને અભિધારણ કરે છે=કયું આભાવ્ય તેનું થાય છે તે બતાવે છે. છ નાલબદ્ધ અને મિશ્ર વલ્લિદ્વિક એ પ્રકારે આભાવ્ય થાય છે. ત્યાં=છ પ્રકારના નાલબદ્ધમાં, માતા, પિતા, ભ્રાતા, ભગિની, પુત્ર અને પુત્રી એ પ્રકારે છ નાલબદ્ધ છે. આ અનંતર વલ્લિ કહેવાય છે. માતા-પિતાનાં માતા-પિતા, ભ્રાતા અને ભગિની; ભ્રાતાદિ ચારના=પ્રથમ વલ્લિમાં રહેલા માતા-પિતાને છોડીને ભ્રાતાદિ ચારના, પુત્ર અને પુત્રી તથા ભ્રાતૃ ભગિની સહિત આઠ પ્રાર્યકો; માતામહીના=માતાની માતાનાં પણ, માતા-પિતા, ભ્રાતા, ભગિની; પિતામહનાં=પિતાના પિતાનાં પણ માતા-પિતા, ભ્રાતા, ભગિની એ પ્રકારે મિશ્ર વલ્લિ આ કહેવાય છે. વળી, શેષ વલ્લિઓનો=નાલબદ્ધ મિશ્રથી અતિરિક્ત વલ્લિઓનો, પરલાભ થાય છે=અભિધારિતને લાભ થાય છે=જેનું ધારણ કરીને ભણવાર્થે સાધુ નીકળ્યા હોય તેને લાભ થાય છે. પરતર વલ્લિગત એવા મામાના પુત્રાદિ જો પ્રતીચ્છકને અભિધારણ કરે છે=ઉપસંપદા સ્વીકારવા અર્થે જનાર અભિધારકને ઈચ્છે છે તો તે પ્રાપ્ત કરે છે=મામાના પુત્રાદિ તેના શિષ્યો થાય છે. હવે, આચાર્યને અભિધારણ કરે છે તો આચાર્ય પ્રાપ્ત કરે છે=આચાર્યના શિષ્ય થાય છે અને જે પરતર=દૂર વલ્લિમાં સ્વજનો છે અને જે અન્ય છે=અભિધારકથી ભાવિત થયેલા અને દીક્ષા લેવા તત્પર થયેલા જે અન્ય છે, તે સર્વ આચાર્યના જ થાય છે=અભિધારક સાધુ જે આચાર્યનું અભિધારણ કરીને અધ્યયન અર્થે જાય છે તે આચાર્યના જ થાય છે. ।।૨૪૭।।

**અવતરણિકા :-**

एतदेव सविशेषमाह –

**અવતરણિકાર્થ :-**

આને જ=પૂર્વ ગાથામાં અભિધારકનું જે આભાવ્ય થાય છે તેને જ, સવિશેષ કહે છે –

**ગાથા :-**

जइ अभिधारेंति तओ, अभिधारंतस्स नालबद्धाइं ।
चिंधाइविसंवाए, सुयगुरुणो हुंति आभव्वा ।।२४८।।

**અન્વયાર્થ :-**

जइ नालबद्धाइं=જો નાલબદ્ધાદિ, अभिधारेंति=અભિધારણ કરે=અભિધારકને ગુરુ તરીકે ઈચ્છે, तओ=તો, अभिधारंतस्स=અભિધારકના થાય છે=પ્રતીચ્છકના થાય છે. चिंधाइविसंवाए=ચિહ્નાદિના વિસંવાદમાં, सुयगुरुणो आभव्वा हुंति=શ્રુતગુરુના આભાવ્ય થાય છે. ।।૨૪૮।।

**ગાથાર્થ :-**

**જો નાલબદ્ધાદિ અભિધારણ કરે=અભિધારકને ગુરુ તરીકે ઈચ્છે તો અભિધારકના થાય છે=પ્રતીચ્છકના થાય છે. ચિહ્નાદિના વિસંવાદમાં શ્રુતગુરુના આભાવ્ય થાય છે. ।।૨૪૮।।**

**ટીકા :-**

'जइ'त्ति । नालबद्धादयः, आदिना घटितज्ञातिसङ्ग्रहः, घटितज्ञातिर्नाम दृष्टाऽऽभाषित इत्यर्थः, यदि तं प्रतीच्छकमभिधारयन्ति तदा 'अभिधारयतः' प्रतीच्छकस्याभवन्ति । यथा पूर्वं सङ्केतः कृतो यूयममुकस्याचार्यस्य पार्श्वे गच्छत अहं पश्चादागमिष्यामीति तथैव गुरोर्निवेदने तद्वस्त्रादीनां चिह्नानामुक्ता-नामविसंवादे चेति द्रष्टव्यम्, चिह्नादीनां विसंवादे च ते तद्दीक्षिताश्च श्रुतगुरोराभाव्या भवन्ति । ग्लानत्वादिना कारणेन कालविसंवादेन समागतास्त्वभिधारयत एव । सङ्केतकारणानन्तरं च पूर्वोपस्थितानां येषां भावो विपरिणतः पुनरपि कारणान्तरेण जातस्तदा ते तेषां लाभश्च गुरोरेवेति ।।२४८।।

**ટીકાર્થ :-**

नालबद्धादयः, ..... गुरोरेवेति ।। નાલબદ્ધાદિમાં આદિ શબ્દથી ઘટિત જ્ઞાતિનો સંગ્રહ છે. ઘટિત જ્ઞાતિ એટલે દૃષ્ટ આભાષિત એ પ્રકારે અર્થ છે. જો તે પ્રતીચ્છકને=અભિધારકને, નાલબદ્ધાદિ અને ઘટિત જ્ઞાતિવાળા ઈચ્છે છે તો અભિધારણ કરનારા પ્રતીચ્છકના થાય છે.

**ઉત્થાન :-**

નાલબદ્ધાદિ અભિધારકને ઇચ્છે તો તેમના થાય છે તેમાં શું વિશેષ છે તે 'યથા'થી સ્પષ્ટ કરે છે.

**ટીકાર્થ :-**

**જે પ્રમાણે પૂર્વમાં સંકેત કરાયો=નાલબદ્ધાદિ સાથે અભિધારક સાધુએ પૂર્વમાં સંકેત કર્યો.**

શું સંકેત કર્યો તે સ્પષ્ટ કરે છે.

**તમે=નાલબદ્ધાદિ, અમુક આચાર્ય પાસે જાઓ. હું પાછળથી આવીશ=નાલબદ્ધાદિ તે અભિધારક પાસે દીક્ષા લેવા ઈચ્છે છે પરંતુ અભિધારક સાધુ અમુક આચાર્ય પાસે શ્રુત ભણવા જવા ઈચ્છે છે તેથી નાલબદ્ધાદિને કહે છે કે તમે અમુક આચાર્ય પાસે જાઓ. હું પાછળથી તેમની પાસે ભણવા આવું છું. ત્યાં તમને દીક્ષા આપીશ. આ પ્રકારના નાલબદ્ધાદિ જો પ્રતીચ્છકને ઈચ્છે તો તેમના થાય.**

ક્યારે થાય તે સ્પષ્ટ કરવા ઇચ્છે છે.

**તે પ્રકારે જ ગુરુને નિવેદન કરાયે છતે=અભિધારક સાધુ શ્રુત ભણવા આચાર્ય પાસે આવે અને તે પ્રકારે જ ગુરુને નિવેદન કરે કે મેં મારા નાલબદ્ધાદિ ગૃહસ્થોને તમારી પાસે મોકલેલા છે તેમ નિવેદન કરે અને કહેવાયેલા એવા તેમનાં વસ્ત્રાદિ ચિહ્નોનો અવિસંવાદ થયે છતે આ પ્રમાણે જાણવું=નાલબદ્ધાદિ અભિધારકને ઈચ્છે તો તેમના થાય એ કથન તેમનાં વસ્ત્રાદિ ચિહ્નોનો અવિસંવાદ થયે છતે જાણવું અને ચિહ્નાદિનો વિસંવાદ થયે છતે=અભિધારક શ્રુતગુરુને કહે કે અમુક વયવાળા, અમુક આકારના વસ્ત્રોવાળા મારા નાલબદ્ધાદિ મેં તમારી પાસે મોકલેલા તેને બદલે અન્ય કોઈ નાલબદ્ધાદિને તેવો બોધ થયો હોય કે અમારા મહાત્મા અમુક આચાર્ય પાસે ભણવા માટે ગયા છે તો આપણે જઈએ અને ત્યાં તેમની પાસે સંયમ ગ્રહણ કરીશું તેવા નાલબદ્ધાદિ શ્રુતગુરુ પાસે આવેલા હોય તો તેઓનાં ચિહ્નોનો વિસંવાદ થયે છતે, તેઓ=અભિધારકના નાલબદ્ધાદિ જેઓ પૂર્વ સંકેત કરાયેલા નથી પરંતુ અન્ય કોઈ છે તેઓ અને તેનાથી દીક્ષિત=શ્રુતગુરુને અભિધારણ કરીને આવનારા અભિધારક સાધુથી દીક્ષિત, શ્રુતગુરુના આભાવ્ય થાય છે.**

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે નાલબદ્ધાદિને સંકેત કરેલો હોય કે તમે અમુક આચાર્ય પાસે જાઓ. હું પાછળથી આવું છું. તેઓ અભિધારક સાધુ કરતાં પૂર્વે આચાર્ય પાસે પહોંચવા જોઈએ. આમ છતાં ન આવ્યા હોય તો કોના થાય તે સ્પષ્ટ કરતાં કહે છે.

**ટીકાર્થ :-**

**ગ્લાનત્વાદિ કારણથી કાળના વિસંવાદ વડે=જે કાળે આવવાના હતા તેના બદલે પાછળથી આવે તે રૂપ કાળના વિસંવાદ વડે, આવ્યા=શ્રુતગુરુ પાસે નાલબદ્ધાદિ આવ્યા તો અભિધારણ કરનારાના જ=પ્રતીચ્છકના જ થાય છે=શ્રુતગુરુ પાસે જે સાધુ ભણવા આવ્યા તેના જ થાય છે અને સંકેત કર્યા**

**પછી પૂર્વ ઉપસ્થિત એવા જેઓનો=અભિધારક સાથે પૂર્વમાં સંકેત કરાયેલો અને અભિધારક સાધુએ તેઓને કહેલ કે તમે અમુક આચાર્ય પાસે જાઓ, હું પછી આવું છું તે પ્રકારે અભિધારક સાધુ આવે તેની પૂર્વમાં ઉપસ્થિત થયેલા નાલબદ્ધાદિ સ્વજનોનો ભાવ વિપરિણત થયો=સંયમનો પરિણામ કો'ક નિમિત્તથી શિથિલ થયો. ફરી પણ કારણાંતરથી થયો=ઉપદેશાદિના કે અન્ય કો'ક નિમિત્તથી ફરી સંયમ ગ્રહણનો પરિણામ થયો, ત્યારે તેઓ=પૂર્વમાં પ્રતીચ્છક સાધુ દ્વારા સંકેત કરીને આવેલા નાલબદ્ધાદિ અને તેઓનો લાભ=તે નાલબદ્ધ સંયમ ગ્રહણ કરવા જાય છે તેમ સાંભળીને તેમની સાથે અન્ય કોઈ પરિચિત સંયમ લેવા તત્પર થાય તેઓનો લાભ, ગુરુનો જ થાય છે=શ્રુતગુરુનો જ થાય છે, પરંતુ અભિધારક સાધુનો થતો નથી. ॥૨૪૮॥**

**ભાવાર્થ :-**

સુસાધુ મધ્યસ્થ પરિણતિની વૃદ્ધિના અત્યંત અર્થી હોય છે અને મધ્યસ્થ પરિણતિની વૃદ્ધિ સામાયિકના પરિણામથી થાય છે અને સામાયિકનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ કરવાથી થાય છે અને સાધુની ઉચિત પ્રવૃત્તિ શ્રુત અનુસાર આભાવ્યનું યથાર્થ જ્ઞાન કરીને તે પ્રકારે ઉચિત વ્યવહાર કરવાથી થાય છે. તેથી પ્રસ્તુતમાં કોઈક સાધુ શ્રુતગુરુને અભિધારણ કરીને તેમની પાસે શ્રુત મેળવવાના અર્થી થયા હોય ત્યારે પોતાને પ્રાપ્ત થતા સચિત્ત, સ્વજનાદિ કોના થાય છે તેની સૂક્ષ્મ વિચારણા શાસ્ત્રાનુસાર પ્રસ્તુત ગાથામાં આપેલ છે. તેથી શ્રુતગુરુનું અભિધારણ કરીને જનારા સાધુનું નાલબદ્ધ કોણ છે અને મિશ્ર વલ્લિ કઈ છે તે શ્લોક-૨૪૭માં બતાવે છે. તે બે નાલબદ્ધ અને મિશ્ર વલ્લિના સ્વજનો અભિધારક પાસે સંયમ ગ્રહણ કરવાના અર્થી હોય તો તેમના આભાવ્ય થાય છે અને તે સિવાયના પરતર વલ્લિગત સંયમ લેવા તત્પર થયા હોય તે સર્વ શ્રુતગુરુના થાય છે. આમ છતાં, મામાના પુત્રાદિ પરતર વલ્લિગત છે છતાં જો તે પ્રતીચ્છક એવા અભિધારકને ઇચ્છે છે તો તેમના થાય છે અને શ્રુતગુરુનું અભિધારણ કરે તો તેમના થાય છે. અહીં પ્રશ્ન થાય કે નાલબદ્ધ વલ્લિના રહેલા સ્વજનો ક્યારે અભિધારકના થાય અને ક્યારે શ્રુતગુરુના થાય તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે.

નાલબદ્ધ વલ્લિવાળા કે ઘટિત જ્ઞાતિવાળા જો અભિધારક સાધુ પાસે સંયમ લેવા ઇચ્છે તો તેમના થાય છે. અન્યથા જો તેઓ શ્રુતગુરુ પાસે લેવા ઇચ્છે તો તેમના થાય છે. વળી, નાલબદ્ધાદિ સ્વજનો પણ તે અભિધારક સાધુ પાસે આવ્યા હોય અને તે અભિધારક સાધુએ પૂર્વમાં સંકેત કર્યો હોય કે તમે અમુક આચાર્ય પાસે જાઓ. હું પાછળથી આવીશ અને તે પ્રકારે અભિધારક સાધુ પાછળથી જાય અને નાલબદ્ધાદિ પૂર્વમાં પહોંચેલા હોય તો તે અભિધારકના થાય છે. વળી, અભિધારક સાધુ શ્રુતગુરુ પાસે જઈને કહે કે અમુક અમુક વસ્ત્રાદિ ચિહ્નવાળાને મેં તમારી પાસે મોકલેલા અને તેઓ મારી પાસે દીક્ષા લેવા ઇચ્છે છે તો તે પ્રકારે ચિહ્નવાળા તેઓ શ્રુતગુરુ પાસે આવેલા હોય તો તેઓ અભિધારકના શિષ્ય થાય છે પરંતુ અભિધારક સાધુ ત્યાં આવે ત્યારે તેવા કોઈ ચિહ્ન વગરના અન્ય કોઈ સ્વજનાદિ ત્યાં આવેલા હોય અને તેઓ સંયમ ગ્રહણ કરવાના અર્થી હોય તો તેઓ અને અભિધારક સાધુ માર્ગમાં આવતા હોય ત્યારે

તેમનાથી પ્રતિબોધ પામીને સંયમ ગ્રહણ કર્યું હોય તે સર્વ શ્રુતગુરુના આભાવ્ય થાય છે. તેથી શ્રુત પ્રત્યેની ભક્તિવાળા તે સાધુ જિનવચનનું સ્મરણ કરીને તે સર્વ શ્રુતગુરુને આપે તો શ્રુત પ્રત્યેની ભક્તિ થાય છે અને મધ્યસ્થતાપૂર્વક ઉચિત પ્રવૃત્તિ કરવાથી સામાયિકની શુદ્ધિ થાય છે.

વળી, જેઓની સાથે સંકેત કર્યો છે કે તમે અમુક આચાર્ય પાસે જાઓ. હું પછી આવું છું. ત્યાં તમને સંયમ અપાશે. આમ છતાં, તે નાલબદ્ધાદિ ગ્લાનત્વાદિને કારણે આવ્યા ન હોય અને પાછળથી આવ્યા હોય તો પૂર્વમાં સંકેત કરેલો હોવાથી તે અભિધારક સાધુના થાય છે.

વળી, જેઓને પૂર્વમાં સંકેત કર્યો છે તે પ્રમાણે નાલબદ્ધાદિ શ્રુતગુરુ પાસે આવ્યા છે. તેથી, અભિધારક સાધુ આવે તેની પૂર્વમાં તેઓ ઉપસ્થિત થયા છે. આમ છતાં, સંયમજીવનની તે પ્રકારની આચરણા જોઈને અથવા અન્ય કારણથી તેઓને વિપરિણામ થાય કે સંયમ પાળવું દુષ્કર છે. તેથી, અભિધારક આવે ત્યારે કહે કે હવે અમારો સંયમગ્રહણનો પરિણામ નથી. આમ છતાં, ફરી શ્રુતગુરુના ઉપદેશથી કે અન્ય કોઈ બલવાન નિમિત્તથી તીવ્ર સંવેગ ઉત્પન્ન થાય તો દૃઢ ધૃતિબળ પ્રગટે છે જેથી સંકલ્પ થાય છે કે અપ્રમાદી માટે અશક્ય કાંઈ નથી. તેથી આપણે અપ્રમાદ કરીને સંસારનો ક્ષય કરવો છે માટે આપણે સંયમ ગ્રહણ કરીએ. આ પ્રકારનો ભાવ થાય તો નાલબદ્ધાદિ પણ અને પૂર્વમાં સંકેત કરાયેલો હોય તોપણ શ્રુતગુરુના થાય છે; કેમ કે પૂર્વમાં સંકેત કર્યો ત્યારે જે સંયમનો પરિણામ હતો તે હવે રહ્યો નથી પરંતુ અભિધારક સાધુ અભિધારણ કરીને શ્રુતગુરુ પાસે આવ્યા છે ત્યારે સંયમનો પરિણામ થયો છે. તેથી, અભિધારક સાધુ અભિધારણ કરીને નીકળે ત્યારપછી જે કોઈ તેમની પાસે દીક્ષા લેવા નીકળે તે સર્વ શ્રુતગુરુના થાય.

વળી, નાલબદ્ધાદિ સ્વજનો પૂર્વ સંકેત પ્રમાણે અમુક આચાર્ય પાસે આવતા હોય ત્યારે તેઓનો સંયમનો પરિણામ જોઈને તેઓથી ભાવિત થયેલા અન્ય કોઈ પણ સંયમના પરિણામવાળા થયા હોય તે અને તે નાલબદ્ધ સ્વજનોનો લાભ છે, તે સર્વ શ્રુતગુરુનો થાય. **॥૨૪૭-૨૪૮॥**

**ગાથા :-**

**दिट्ठोऽदिट्ठो य दुहा, अभिधारंतो अणप्पणे माई ।**
**सो अप्पणे अमाई, अणप्पणे होइ ववहारो ।।२४९।।**

**અન્વયાર્થ :-**

**अभिधारंतो=અભિધારણ કરનાર=અભિધારક, दिट्ठोऽदिट्ठो दुहा=દૃષ્ટ અને અદૃષ્ટ બે પ્રકારના છે. सो अणप्पणे माई=તે અનર્પણમાં માયી છે, अप्पणे अमाई=અને અર્પણમાં અમાયી છે. अणप्पणे ववहारो होइ=અનર્પણમાં વ્યવહાર થાય છે. ।।૨૪૯।।**

**ગાથાર્થ :-**

**અભિધારણ કરનાર=અભિધારક, દૃષ્ટ-અદૃષ્ટ બે પ્રકારના છે. તે અનર્પણમાં માયી છે અને અર્પણમાં અમાયી છે. અનર્પણમાં વ્યવહાર થાય છે. ।।૨૪૯।।**

**ટીકા :-**

'दिट्ठोऽदिट्ठो य'त्ति । दृष्टोऽदृष्टश्चेत्यभिधारयन् द्विविधः, अत्राभिधार्यमाणसत्कैरीक्षितो दृष्टस्तद्विपरीतस्त्वदृष्ट इत्यर्थः । स प्रत्येकं द्विविधः, अनर्पणे गुर्वाभाव्यसचित्तादेर्गृहीतस्य मायी, अर्पणे चामायीति । अनर्पणे च तेन तदाभाव्यस्य 'व्यवहारः' सौत्रविचारप्रस्थापनरूप उपढौकते ।।२४९।।

**ટીકાર્થ :-**

दृष्टोऽदृष्टश्चेत्य ..... उपढौकते ।। દૃષ્ટ અને અદૃષ્ટ એ પ્રકારે અભિધારણ કરનાર બે પ્રકારના છે= કોઈક આચાર્ય પાસે શ્રુત ભણવા જવાના ઈચ્છુક તે આચાર્યને અભિધારણ કરનાર સાધુ બે પ્રકારના છે. (૧) દૃષ્ટ (૨) અદૃષ્ટ. આમાં=બે પ્રકારના અભિધારકમાં, અભિધારણ કરાતા આચાર્યના સંબંધી સાધુઓથી જોવાયેલા દૃષ્ટ છે. વળી, તેનાથી વિપરીત અદૃષ્ટ છે=અભિધારણ કરાતા આચાર્ય સંબંધી સાધુઓથી નહિ જોવાયેલા અદૃષ્ટ અભિધારક છે. તે પ્રત્યેક બે પ્રકારના છે. ગૃહીત ગુરુના આભાવ્ય એવા સચિત્તાદિના અનર્પણમાં માયી અને અર્પણમાં અમાયી=દૃષ્ટ-અદૃષ્ટ બંને માયી અને અમાયી એમ બે પ્રકારના છે અને તેના વડે તેના આભાવ્યના અનર્પણમાં=અભિધારક વડે ગુરુના આભાવ્યના અનર્પણમાં, વ્યવહાર થાય છે=સૂત્ર સંબંધી વિચારના પ્રસ્થાપનરૂપ વ્યવહાર થાય છે. ।।૨૪૯।।

**ગાથા :-**

> एवं ता जीवंते अभिधारंतो उ एइ जो साहू ।
> कालगए एयम्मि हु, इहमन्नो होइ ववहारो ।।२५०।।

**અન્વયાર્થ :-**

एवं ता=આ રીતે=શ્લોક-૨૪૯માં કહ્યું કે માયી સાધુ શ્રુતગુરુને આભાવ્ય અર્પણ ન કરે તો વ્યવહાર થાય છે એ રીતે, जीवंते=જીવિત હોતે છતે=અભિધાર્યમાણ એવા ગુરુ જીવિત હોતે છતે, अभिधारंतो जो साहू=અભિધારણ કરતા જે સાધુ, एइ=આવે છે. તેનો વ્યવહાર થાય છે એમ અન્વય છે. एयम्मि कालगए=વળી આ અભિધારિત આચાર્ય કાળગત થયે છતે, इहमन्नो ववहारो होइ=આ અન્ય વ્યવહાર થાય છે. ।।૨૫૦।।

**ગાથાર્થ :-**

**આ રીતે=શ્લોક-૨૪૯માં કહ્યું કે માયી સાધુ શ્રુતગુરુને આભાવ્ય અર્પણ ન કરે તો વ્યવહાર થાય છે. એ રીતે જીવિત હોતે છતે=અભિધાર્યમાણ એવા શ્રુતગુરુ જીવિત હોતે છતે, અભિધારણ કરતા જે સાધુ આવે છે તેનો વ્યવહાર થાય છે. એમ અન્વય છે. વળી આ કાળગત થયે છતે= અભિધારિત આચાર્ય કાળગત થયે છતે, આ અન્ય વ્યવહાર થાય છે. ।।૨૫૦।।**

**ટીકા :-**

'एव'मिति । एवं तावत् 'जीवति'अभिधार्यमाणे योऽभिधारयन् साधुरागच्छति तस्य व्यवहारः । कालगते पुनरेतस्मिन्नयमन्यो भवति व्यवहारः ।।२५०।।

**ટીકાર્થ :-**

एवं ..... व्यवहारः ।। એ રીતે અભિધાર્યમાણ જીવિત હોતે છતે જે અભિધારણ કરતા સાધુ આવે છે તેનો વ્યવહાર થાય છે=આચાર્યનું આભાવ્ય અર્પણ ન કરે તો સંઘ સમક્ષ તેનો વ્યવહાર થાય છે. વળી, આ કાલગત હોતે છતે=અભિધારિત આચાર્ય કાલગત હોતે છતે, આ અન્ય વ્યવહાર થાય છે. ।।૨૫૦।।

**અવતરણિકા :-**

तमेवाह –

**અવતરણિકાર્થ :-**

તેને જ=પૂર્વ ગાથામાં કહ્યું કે અભિધારક સાધુ કોઈક આચાર્યનું અભિધારણ કરીને જતા હોય અને તે સાધુ તે આચાર્ય પાસે પહોંચે તે પૂર્વે તે આચાર્ય કાળ કરી જાય તો અભિધારક સાધુને જે કાંઈ પ્રાપ્ત થાય તેના વિષયમાં આભાવ્યનો શું ઉચિત વ્યવહાર છે તેને જ, કહે છે –

**ગાથા :-**

**अभिधारणकालम्मि य, पुव्वं पच्छा व होइ कालगए ।**
**सीसाणं मज्झिल्ले, जइ अत्थि सुअं च दिंति तओ ।।२५१।।**

**અન્વયાર્થ :-**

अभिधारणकालम्मि=અભિધારણકાલમાં, पुव्वं पच्छा व=પૂર્વે અથવા પાછળથી, कालगए होइ=કાળગત થયે છતે=અભિધારિત આચાર્ય કાળગત થયે છતે, मज्झिल्ले=મધ્યભંગમાં=નીકળ્યા પૂર્વે કાળગત થયા હોય એ રૂપ મધ્યભંગમાં, जइ सुअं अत्थि=જો શ્રુત છે=શિષ્યો પાસે શ્રુત છે. दिंति च=અને આપે છે. तओ सीसाणं=તો શિષ્યોનું થાય છે=માર્ગમાં આવતાં જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે આચાર્યના શિષ્યોનું થાય છે. ।।૨૫૧।।

**ગાથાર્થ :-**

**અભિધારણકાલમાં, પૂર્વે અથવા પાછળથી કાલગત થયે છતે=અભિધારિત આચાર્ય કાલગત થયે છતે, મધ્યભંગમાં=નીકળ્યા પૂર્વે કાલગત થયા હોય એ રૂપ મધ્યભંગમાં, જો શ્રુત છે=શિષ્યો પાસે શ્રુત છે અને આપે છે તો શિષ્યોનું થાય છે=માર્ગમાં આવતાં જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે આચાર્યના શિષ્યોનું થાય છે. ।।૨૫૧।।**

**ટીકા :-**

'अभिधारण'त्ति । 'अभिधारणकाले' यदाऽभिधारयन् निर्गतस्तदैव १ ततः पूर्वं २ पश्चाद्वा ३। आचार्ये कालगतेऽन्तराऽऽगच्छताऽभिधारयता लब्धं शिष्याणां कालगताचार्यस्याभवति 'मध्ये' च भङ्गे पूर्वमाचार्यः कालगतः पश्चादभिधारयन्निर्गत इत्येवंरूपे दूरादागच्छतस्तदपरिज्ञानेन संभवति, यदि श्रुतमस्ति समीपे प्रतीच्छकोचितं ददति च ततस्तच्छिष्याणामेव लाभः, अथ तत् श्रुतं न वा ददति तदा न लाभः । यदि चाभिधारको विपरिणतो न गृह्णाति शिष्याणां सकाशात्तदापि कालगताचार्याणां शिष्याणामेव तत्सचित्ताद्याभवति । तद् यद्यभिधारको ददाति तदा शुद्धोऽन्यथा सचित्ताऽदाने चत्वारो गुरुका आदेशान्तरेणानवस्थाप्यम्, अचित्ते उपधिनिष्पन्नम् ।।२५१।।

**ટીકાર્થ :-**

'अभिधारणकाले' ..... उपधिनिष्पन्नम् ।। **અભિધારણના કાળમાં=જ્યારે અભિધારણ કરતા નીકળ્યા=કોઈ સાધુ આ સાધુ પાસે જઈને હું શ્રુત અભ્યાસ કરીશ એ પ્રમાણે અભિધારણ કરીને નીકળ્યા, ત્યારે જ, અથવા તેનાથી પૂર્વે=તે સાધુ નીકળ્યા તેના પૂર્વે, અથવા તે સાધુ સ્વસ્થાનથી નીકળ્યા પછી, અભિધારક સાધુ પહોંચે તે પૂર્વે આચાર્ય કાલગત થયે છતે વચમાં આવતા અભિધારણ કરતા સાધુ વડે પ્રાપ્ત થયેલું=સચિત્ત-અચિત્ત પ્રાપ્ત થયેલું, કાલગત આચાર્યના શિષ્યોનું થાય છે અને પૂર્વમાં આચાર્ય કાલગત થયા પાછળથી અભિધારણ કરતા સાધુ નીકળ્યા એ રૂપ મધ્યભંગમાં, જો પ્રતીચ્છકને ઉચિત શ્રુત છે અને આપે છે=તેમના શિષ્યો આપે છે, તો તેમના શિષ્યોને જ લાભ છે. હવે, તે શ્રુત નથી અથવા આપતા નથી=શ્રુત છે છતાં ભણાવવા તૈયાર નથી, તો લાભ નથી=તેમના શિષ્યોને અભિધારક સાધુને પ્રાપ્ત થયેલી વસ્તુનો લાભ નથી.**

અહીં કહ્યું કે મધ્યભંગમાં આ પ્રકારનો વિકલ્પ છે ત્યાં પ્રશ્ન થાય કે આચાર્ય કાળ કરી ગયા હોય તે પૂર્વે સાધુ અભિધારણ કરીને કેમ નીકળે ? તે સ્પષ્ટ કરવાર્થે કહે છે.

**દૂરથી આવતા=શ્રુત આપનારા આચાર્ય કરતાં દૂર દેશના સ્થાનથી આવતા, એવા અભિધારક સાધુને તેનું અપરિજ્ઞાન હોવાથી=શ્રુત આપનાર આચાર્ય કાળ કરી ગયા છે તેનું અપરિજ્ઞાન હોવાથી, સંભવે છે=તે સાધુ આચાર્ય પાસે શ્રુતનું અભિધારણ કરીને નીકળે તે પૂર્વે આચાર્ય કાળ કરી ગયા હોય તે સંભવે છે અને જો અભિધારક=શ્રુત ભણવા માટે આવનાર સાધુ, વિપરિણત થયેલ ગ્રહણ કરતા નથી=જે શ્રુત ભણવા માટે આવેલા તે શ્રુત શિષ્યો પાસેથી ગ્રહણ કરતા નથી તોપણ કાલગત આચાર્યના શિષ્યોનું જ તે સચિત્તાદિ થાય છે. તે=માર્ગમાં આવતા જે સચિત્તાદિ પ્રાપ્ત થયું છે તે, જો અભિધારક સાધુ આપે છે=કાલગત આચાર્યના શિષ્યોને આપે છે, તો શુદ્ધ છે અન્યથા=સચિત્તના અદાનમાં=માર્ગમાં આવતા શિષ્યાદિની પ્રાપ્તિ થઈ હોય તે રૂપ સચિત્તના અદાનમાં, ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે. આદેશાંતરથી=અન્ય મતથી, અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત**

**આવે છે. અચિત્તમાં=અચિત્ત વસ્તુ માર્ગમાં પ્રાપ્ત થઈ હોય અને તે કાલગત આચાર્યના શિષ્યોને ન આપે તો ઉપધિનિષ્પન્ન પ્રાયશ્ચિત્ત થાય છે. ॥૨૫૧॥**

**ભાવાર્થ :-**

સુસાધુ શ્રુત ભણવા માટે કોઈક આચાર્ય પાસે જવાનું અભિધારણ કરે ત્યારે હું તેમનો શિષ્યભાવ સ્વીકારીને એટલો કાળ શ્રુતઅધ્યયન કરીશ એવા વિશુદ્ધ પરિણામવાળા હોય છે. વળી, તે અભિધારિત આચાર્ય શ્રુતસંપન્ન છે, તેમના શ્રુત પ્રત્યે અત્યંત બહુમાન હોય છે તેથી તે બહુમાનની વૃદ્ધિ અર્થે સાધુ શ્રુત ભણવાર્થે કોઈક આચાર્યનું અભિધારણ કરે ત્યારે માર્ગમાં જે કાંઈ પ્રાપ્ત થાય તે સર્વ અભિધારિત આચાર્યને સમર્પણ કરે છે જેથી મધ્યસ્થભાવની વૃદ્ધિ થાય છે, શ્રુત પ્રત્યે ભક્તિ થાય છે અને ભગવાનની આજ્ઞા અનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાનો વિશુદ્ધ અધ્યવસાય વર્તે છે આમ છતાં કષાયવશ જીવોને ક્યારેક વિપરીત પણ પરિણામ થાય છે તેને સામે રાખીને કહે છે. અભિધારણ કરનાર સાધુ બે પ્રકારના છે : (૧) દૃષ્ટ અને (૨) અદૃષ્ટ. દૃષ્ટ કોણ છે તે સ્પષ્ટ કરતાં કહે છે. જે આચાર્યનું અભિધારણ કરીને તે સાધુ તે સ્થાનમાં જવા નીકળે છે તે અભિધારણ કરાનારા આચાર્યના સંબંધી અન્ય કોઈ સાધુ ત્યાં હોય અને તેમણે કહ્યું હોય કે અમારા આચાર્ય બહુશ્રુત છે અને તે પ્રકારનું શ્રુત તેમની પાસેથી મળશે. તેથી તે અભિધારક સાધુ અભિધાર્યમાણ આચાર્યના સંબંધી સાધુ વડે જોવાયેલા છે અથવા અન્ય રીતે પણ અભિધાર્યમાણ આચાર્ય સંબંધી સાધુઓએ તેને જોયેલ હોય અર્થાત્ સાક્ષાત્ પોતાનો કોઈ પરિચય ન હોય પરંતુ પોતાના ગુરુ પાસે તે સાધુ ભણવા જાય છે તે રીતે તેમણે જોયેલ હોય અથવા અભિધાર્યમાણ આચાર્ય પાસેથી કોઈ શ્રાવકને સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલ હોય તેથી સંસારસાગરથી તારનારા આ જ મારા ગુરુ ધર્માચાર્ય છે તેવી સ્થિર બુદ્ધિ હોય અને તેમના અનુશાસનથી સંયમની શક્તિના સંચય અર્થે ઉદ્યમશીલ હોય તેવા શ્રાવક વડે પણ તે સાધુ જોવાયેલા હોય તો તે અભિધારક સાધુ દૃષ્ટ કહેવાય છે અને તેવા કોઈ અભિધાર્યમાણ આચાર્ય સંબંધીથી જોવાયેલ ન હોય તો અદૃષ્ટ કહેવાય છે અને દૃષ્ટ-અદૃષ્ટ એવા અભિધારક એ બંને પણ બે પ્રકારના છે : (૧) માયી અને (૨) અમાયી. જેઓને માર્ગમાં જતાં સચિત્તાદિ પ્રાપ્ત થયું હોય તે શ્રુત ભણાવનારા આચાર્યનું આભાવ્ય થાય છે છતાં તે સચિત્તાદિ તે આચાર્યને અર્પણ ન કરે તો તે માયી કહેવાય છે અને અર્પણ કરે તો અમાયી કહેવાય છે.

વળી, જે માયી છે તે પાછળથી પશ્ચાત્તાપ થાય તો અર્પણ કરે અને પશ્ચાત્તપ ન થાય અને અર્પણ ન કરે તો અભિધારિત આચાર્ય સંઘ સમક્ષ ઉચિત વ્યવહાર કરાવે=સૂત્ર સંબંધી જે વિચાર છે તેને અનુસરનાર એવો વ્યવહાર કરાવે જેથી સૂત્રાનુસારી પ્રવૃત્તિ કરવાનો માર્ગ કોઈક રીતે તે માયી સાધુમાં ફરી જાગૃત થાય તો તેનું હિત થાય અને તેની તે પ્રકારની પ્રવૃત્તિ જોઈને અન્યને પણ તે પ્રકારની અનવસ્થા કરવા રૂપ પ્રવૃત્તિ પ્રગટે નહિ તે અર્થે વ્યવહાર કરે છે. જેથી તે વ્યવહાર થવાને કારણે પણ ક્વચિત તે યોગ્ય સાધુ પોતાની ભૂલને જાણીને શુદ્ધિ કરે જેથી તેનું હિત થાય.

વળી, અભિધારક સાધુ કોઈક આચાર્યનું અભિધારણ કરીને તેમની પાસે જવા નીકળેલા હોય અને તે

આચાર્ય તેમના પહોંચતા પૂર્વે કાળ કરી જાય તો આભાવ્યવિષયક શું મર્યાદા છે તે સ્પષ્ટ કરતાં કહે છે.

કોઈ સાધુ કોઈક આચાર્યનું અભિધારણ કરીને નીકળ્યા હોય ત્યારે જ અભિધારિત આચાર્ય કાળ કરી જાય અથવા અભિધારિત આચાર્ય પાસે ભણવા માટે નીકળ્યા પછી તે સાધુ માર્ગમાં હોય કે તે સ્થાનમાં પહોંચે કે તરત તે આચાર્ય કાળ કરી જાય તો તે અભિધારક સાધુને માર્ગમાં જે કાંઈ પ્રાપ્ત થયું હોય તે સર્વ અભિધારિત આચાર્યના શિષ્યોને સમર્પણ કરી દેવું જોઈએ.

હવે, અભિધારક સાધુ અભિધારિત આચાર્ય પાસે જવા નીકળે તે પૂર્વે જ તે આચાર્ય કાળ કરી ગયા હોય તો તે આભાવ્યવિષયક શું મર્યાદા છે તે સ્પષ્ટ કરે છે.

જો અભિધારિત આચાર્યના શિષ્યો પાસે તે પ્રકારનું વિશિષ્ટ શ્રુત છે જે અભિધારક સાધુને ભણવાની ઇચ્છા છે અને તેમના શિષ્ય તેમને આપવા તૈયાર છે તો માર્ગમાં જે કાંઈ લાભ થયો છે તે સર્વ તેમના શિષ્યોને આપવું જોઈએ; કેમ કે તે શિષ્ય શ્રુત અર્થે અભિધારિત નથી તોપણ શાસ્ત્રમર્યાદાનુસાર શ્રુત આપનાર ગુરુ કાળ કરી ગયા હોય તો તેમને અભિધારણ કરીને આવનારા સાધુને જે કાંઈ લાભ થાય તે સર્વ જો તેમના શિષ્ય પાસેથી તે શ્રુત મળતું હોય તો તેમને આપવું જોઈએ અને જો તે શિષ્યો પાસે શ્રુત નથી અથવા શ્રુત હોવા છતાં તેઓ કોઈક સંયોગથી આપવા તૈયાર નથી તો તે સર્વ લાભ શિષ્યોને થાય નહિ. વળી, આચાર્ય કાળ કરી ગયા હોય અને શિષ્ય પાસે શ્રુત હોય અને તેઓ આપવા પણ તત્પર હોય તેમ છતાં તે અભિધારક સાધુને તે આચાર્ય પાસે જ શ્રુત ભણવાની ઇચ્છા હતી અને તેમના શિષ્ય પાસેથી તે ગ્રહણ કરવા ઇચ્છતા નથી તો માર્ગમાં ગ્રહણ થયેલું સર્વ પણ તેમના શિષ્યોને જ આપવું જોઈએ; કેમ કે તે પ્રકારે કરવાથી જ શ્રુતનો વિનય થાય છે અને મધ્યસ્થતાની પરિણતિની જ વૃદ્ધિ થાય છે અને ભગવાનની આજ્ઞાના પાલનનો સુવિશુદ્ધ અધ્યવસાય વર્તે છે અને જો તે અભિધારક સાધુ તે પ્રકારે અભિધારિત આચાર્યના શિષ્યોને સર્વ આપે તો મધ્યસ્થ પરિણતિ હોવાને કારણે શુદ્ધ છે અને જો ન આપે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે અર્થાત્ તે પ્રકારની અશુદ્ધિ હોવાને કારણે તેની શુદ્ધિ અર્થે તે પ્રકારે પ્રાયશ્ચિત્ત કરવું પડે. **॥૨૪૯થી ૨૫૧॥**

**અવતરણિકા :-**

**उपसंहारमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે, ઉપસંહારને કહે છે=અભિધારણાકૃત ઉપસંપદાના ઉપસંહારને કરતાં કહે છે –**

**ગાથા :-**

**एवं नाणे तह दंसणे य सुत्तत्थतदुभए चेव ।**
**वत्तणसंधणगहणे, णव णव भेया य इक्किक्का ।।२५२।।**

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે, नाणे=જ્ઞાનમાં છે=આભવત્ છે. तह दंसणे य=તે રીતે દર્શનમાં આભવત્ છે. જ્ઞાન અને દર્શનમાં, सुत्तत्थतदुभए चेव=સૂત્ર, અર્થ તદુભયથી, वत्तणसंधणगहणे=વર્તના, સંધાન, ગ્રહણ, इक्किक्का=એક એકના=જ્ઞાનદર્શન એક એકના, णव णव भेया=નવ નવ ભેદો છે. ।।૨૫૨।।

**ગાથાર્થ :-**

**આ રીતે જ્ઞાનમાં છે=આભવત્ છે. તે રીતે દર્શનમાં આભવત્ છે. જ્ઞાન અને દર્શનમાં સૂત્ર-અર્થ-તદુભયના, વર્તના-સંધાન-ગ્રહણ, એક એકના=જ્ઞાન, દર્શન એક એકના, નવ-નવ ભેદો છે. ।।૨૫૨।।**

**ટીકા :-**

'एवं'ति । 'एवम्' उक्तेन प्रकारेण ज्ञाननिमित्तमभिधार्यमाणे यदाभवति तदुक्तं 'तथा' तेनैव प्रकारेण 'दर्शनेऽपि' दर्शनप्रभावकशास्त्राणामप्यर्थायाभिधार्यमाणे आभवत् प्रतिपत्तव्यम् । तत्र ज्ञानार्थं दर्शनार्थं च योऽभिधार्यते स सूत्रार्थतयाऽर्थार्थतया तदुभयार्थतया च । तत्रापि प्रत्येकं वर्त्तनार्थतया सन्धनार्थतया ग्रहणार्थतया च । तत्र पूर्वगृहीतस्य पुनरुज्ज्वालनं वर्त्तना, विस्मृत्याऽपान्तराले त्रुटितस्य पुनः सन्धानं सन्धना, अपूर्वपठनं च ग्रहणमिति । त्रयाणां त्रिभिर्गुणनात् प्रत्येकं ज्ञाने दर्शने च नव नव भेदा उपसम्पत् ।।२५२।।

**ટીકાર્થ :-**

'एवम्' ..... उपसम्पत् ।। આ રીતે=ઉક્ત પ્રકારથી=પૂર્વની ગાથાઓમાં બતાવ્યું એ પ્રકારથી, જ્ઞાન નિમિત્ત અભિધાર્યમાણ આચાર્યના વિષયમાં જે આભવત્ થાય છે તે કહેવાયું. તે જ પ્રકારથી દર્શનમાં પણ=દર્શન પ્રભાવક શાસ્ત્રોના વિષયમાં પણ, અર્થ માટે અભિધાર્યમાણ આચાર્યમાં આભવત્ સ્વીકારવું જોઈએ. ત્યાં=અભિધાર્યમાણ આચાર્યના વિષયમાં, જ્ઞાન માટે અને દર્શન માટે જે અભિધારણ કરાય છે તે આચાર્ય સૂત્રાર્થપણાથી, અર્થાર્થપણાથી અને તદુભયાર્થપણાથી છે=સૂત્રના પ્રયોજનપણાથી, અર્થના પ્રયોજનપણાથી કે ઉભયના પ્રયોજનપણાથી અભિધારણ કરાય છે. ત્યાં પણ=સૂત્રાર્થાદિ ત્રણેયમાં પણ, પ્રત્યેક વર્તનાર્થપણાથી, સંધનાર્થપણાથી અને ગ્રહણાર્થપણાથી અભિધારણ કરાય છે. ત્યાં=વર્તનાદિ ત્રણ પ્રકારના અભિધારણના પ્રયોજનમાં, પૂર્વમાં ગ્રહણ કરાયેલા સૂત્રનું ફરી ઉજ્જ્વાલન વર્તના છે. વિસ્મૃતનું=અપાંતરાલમાં ત્રુટિતનું, ફરી સંધાન સંધના છે અને અપૂર્વનું પઠન ગ્રહણ છે. ત્રણનું ત્રણથી ગુણવાને કરવાને કારણે પ્રત્યેકને આશ્રયીને જ્ઞાન દર્શનમાં નવ નવ ભેદવાળી ઉપસંપદા છે. ।।૨૫૨।।

**ભાવાર્થ :-**

ભગવાનના વચનના સૂક્ષ્મ બોધથી સુસાધુ સન્માર્ગના તાત્પર્યને ગ્રહણ કરીને આત્મહિત સાધી શકે છે. વળી, ભગવાનના વચનરૂપ આગમ જ્ઞાન સ્વરૂપ છે છતાં કેટલાંક શાસ્ત્રો દર્શન પ્રભાવક છે તેથી તે ગ્રંથોને ભણીને મહાત્માઓ સ્વ-પરની દર્શનશુદ્ધિમાં પ્રબલ કારણ બને છે. માટે, જ્ઞાન નિમિત્તક શાસ્ત્રોને અને દર્શન પ્રભાવક નિમિત્તક શાસ્ત્રોને પૃથક્ કરવામાં આવ્યાં છે અને જ્ઞાન નિમિત્તક શાસ્ત્રો ભગવાનનાં વચનોનો સૂક્ષ્મ બોધ કરાવે છે. દર્શન પ્રભાવક શાસ્ત્રો વિદ્યમાન સમ્યગ્દર્શનની નિર્મલતામાં અતિશય કરે છે અને સુસાધુ જ્ઞાનનાં અને દર્શનનાં શાસ્ત્રોમાં શક્તિ અનુસાર ઉચિત યત્ન કરીને મોક્ષમાર્ગના પરમાર્થને જાણવા સદા યત્ન કરે છે અને તેવા સાધુ સ્વગચ્છમાં વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ ન દેખાય ત્યારે જ્ઞાન નિમિત્તે અન્ય ગચ્છના આચાર્યનું અભિધારણ કરે છે અને તેઓનું અભિધારણ કરીને તેઓ પાસે ભણવા અર્થે જાય છે ત્યારે અભિધારકને કોઈક આચાર્યની અભિધારણા કર્યા પછી માર્ગમાં જે કાંઈ પ્રાપ્ત થાય છે તે અભિધાર્યમાણ આચાર્યનું કઈ રીતે થાય છે તેનું પૂર્વમાં વર્ણન કર્યું, તે પ્રમાણે જ દર્શન પ્રભાવક શાસ્ત્રને અભિધારણ કરીને કોઈ સાધુ અન્ય ગચ્છમાં જાય ત્યારે પણ અભિધાર્યમાણ આચાર્યનું તે પ્રમાણે જ આભવત્ થાય છે તેમ સ્વીકારવું જોઈએ અને જ્ઞાન અર્થે અને દર્શન અર્થે અન્ય આચાર્યનું અભિધારણ કરાય છે તે અભિધારણ સૂત્રને આશ્રયીને, અર્થને આશ્રયીને અને તદુભયને આશ્રયીને કરાય છે અને ત્યાં પણ સૂત્રને આશ્રયીને પરાવર્તન અર્થે, સંધાન અર્થે અને નવા ગ્રહણ અર્થે કરાય છે. તે રીતે અર્થમાં પણ પરાવર્તનાદિ ત્રણ ભેદની પ્રાપ્તિ છે અને ઉભયમાં પણ તે ત્રણ ભેદની પ્રાપ્તિ છે. તેથી, જ્ઞાનને આશ્રયીને નવ ભેદની ઉપસંપદા પ્રાપ્ત થાય છે અને દર્શનને આશ્રયીને પણ નવ ભેદની ઉપસંપદા પ્રાપ્ત થાય છે. જેમ કોઈ સાધુએ પૂર્વમાં વિશિષ્ટ શ્રુત કે દર્શન પ્રભાવક શાસ્ત્રો ગ્રહણ કર્યાં હોય તોપણ તેને અત્યંત સ્થિર કરવા અર્થે પરાવર્તન કરાય છે અને તે પરાવર્તન અર્થે અન્ય ગચ્છનો આશ્રય કરાય છે.

વળી, તે ગ્રંથો વચમાં કોઈક સ્થાને વિસ્મૃત થયા હોય અને તેનું પ્રતિસંધાન સ્વગચ્છમાં અસંભવિત હોય ત્યારે તેનું પ્રતિસંધાન કરવાર્થે વિશિષ્ટ આચાર્યનું આશ્રયણ કરાય છે. વળી, જ્ઞાનના અને દર્શનના ઘણા ગ્રંથો પોતાનાથી પઠન થયા ન હોય અને ગચ્છમાં તેની પ્રાપ્તિ દુર્લભ હોય ત્યારે તેવા ગ્રંથોનું પઠન કરવા અર્થે પણ ઉપસંપદા સ્વીકારાય છે. તેમ જ્ઞાન-દર્શનના પારમાર્થિક અર્થોની પ્રાપ્તિ અર્થે પણ ઉપસંપદા સ્વીકારાય છે. પારમાર્થિક અર્થો ક્યાંક વિસ્મૃત થયા હોય તો તેના સંધાન અર્થે પણ ઉપસંપદા સ્વીકારાય છે. તો પારમાર્થિક અર્થોને અત્યંત ઉજ્જ્વલન કરવાર્થે પણ ઉપસંપદા સ્વીકારાય છે. આ રીતે જ્ઞાન દર્શનને આશ્રયીને નવ નવ ભેદમાંથી કોઈક ભેદનું આશ્રયણ કરીને કોઈક આચાર્ય પાસે જવાનું અભિધારણ કરાય છે. તેને આશ્રયીને આભવત્‌ની વ્યવસ્થાનો ઉપસંહાર પ્રસ્તુત ગાથામાં કરેલ છે. **॥૨૫૨॥**

**અવતરણિકા :-**

**चरणार्थमभिधारयन्तमधिकृत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ચરણ માટે=ચરણના પ્રયોજનથી અભિધારણ કરતા સાધુને આશ્રયીને કહે છે –**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જ્ઞાન-દર્શનને આશ્રયીને અભિધારણ કરનારા સાધુને પ્રાપ્ત થતું સચિત્તાદિ કોને પ્રાપ્ત થાય છે તે બતાવ્યું. હવે ચારિત્રના પ્રયોજનથી કોઈ ગચ્છના સાધુ કોઈ અન્ય ગચ્છના સાધુનું અભિધારણ કરીને તેમની પાસે જાય ત્યારે પ્રાપ્ત થતું સચિત્ત આદિ કોનું આભવત્ થાય છે તે બતાવે છે.

**ગાથા :-**

**पासत्थाऽगीयत्था, उवसंपज्जंति जे उ चरणट्ठा ।**
**सुत्तोवसंपयाए, जो लाभो सो खलु गुरूणं ।।२५३।।**

**અન્વયાર્થ :-**

पासत्थाऽगीयत्था=અગીતાર્થ એવા પાસત્થા, जे उ चरणट्ठा=જેઓ ચરણ માટે, उवसंपज्जंति=ઉપસંપદા સ્વીકારે છે તેઓને, जो लाभो=જે લાભ થાય છે, सो सुत्तोवसंपयाए=શ્રુત ઉપસંપદાની જેમ તે લાભ, गुरूणं=ગુરુનો થાય છે=ઉપસંપદા આપનાર ગુરુનો થાય છે. ।।૨૫૩।।

**ગાથાર્થ :-**

**અગીતાર્થ એવા પાસત્થા જેઓ ચરણ માટે ઉપસંપદા સ્વીકારે છે તેઓને જે લાભ થાય છે શ્રુત ઉપસંપદાની જેમ તે=તે લાભ, ગુરુનો થાય છે=ઉપસંપદા આપનાર ગુરુનો થાય છે. ।।૨૫૩।।**

**ટીકા :-**

'पासत्थ'त्ति । ये पार्श्वस्थादयोऽगीतार्थाश्चरणार्थमुपसम्पद्यन्ते तेषां चरणोपसम्पन्निमित्तं कमप्यभिधारतामागच्छतां श्रुतोपसम्पदीवान्तरा यो लाभो भवति स खलु गुरूणाम् ।।२५३।।

**ટીકાર્થ :-**

ये पार्श्वस्थादयोऽगीतार्था ..... गुरूणाम् ।। અગીતાર્થ એવા જે પાસત્થાદિ ચારિત્ર માટે ઉપસંપદા સ્વીકારે છે, ચારિત્રના ઉપસંપદ નિમિત્તે કોઈ પણ આચાર્યાદિને અભિધારણ કરતાં આવતા એવા તેઓને અંતરા=માર્ગમાં, જે લાભ થાય છે તે શ્રુત ઉપસંપદની જેમ ગુરુનો થાય છે. ।।૨૫૩।।

**ગાથા :-**

**गीयत्था ससहाया, असमत्ता जं लहंति सुहदुक्खी ।**
**सुत्तत्थे तक्कंता, समत्तकप्पी उ तं तेसिं ।।२५४।।**

**અન્વયાર્થ :-**

**ससहाया गीयत्था=સસહાય એવા ગીતાર્થો, असमत्ता=અસમાપ્ત, सुहदुक्खी=સુખ-દુઃખી, सुत्तत्थे तक्कंता=સૂત્રાર્થનો તર્ક કરતા, समत्तकप्पी=સમાપ્તકલ્પી, जं लहंति=જે પ્રાપ્ત કરે છે, तं तेसिं=તે તેઓનું છે. ॥૨૫૪॥**

**ગાથાર્થ :-**

**સસહાય એવા ગીતાર્થો (અને) અસમાપ્ત (અને) સુખ-દુઃખી અને સૂત્રાર્થનો તર્ક કરતા અને સમાપ્તકલ્પી જે પ્રાપ્ત કરે છે તે તેઓનું છે. ॥૨૫૪॥**

**ટીકા :-**

**'गीयत्थ'त्ति । ये पुनः पार्श्वस्थादयो गीतार्थाः ससहायाः सम्भोगनिमित्तमालोचनां दास्याम इत्यभिधारयन्तः सूत्रार्थान् तर्कयन्तः अनपेक्षमाणा आगच्छन्तोऽन्तरा यल्लभन्ते सचित्तमचित्तं वा, येऽपि च गीतार्थाः 'असमाप्ताः' असमाप्तकल्पा लभन्ते आगच्छन्तः, यच्चैकाकी एकाकिदोषपरिवर्जनार्थमुपसम्पत्तुकामो लभते सुखदुःखी, यच्च समाप्तकल्पिनस्तत्तेषामेवाभवति, एवं निर्ग्रन्थानां (निर्ग्रन्थीनाम्) द्रष्टव्यम्।।२५४।।**

**ટીકાર્થ :-**

**ये पुनः ..... द्रष्टव्यम् ।। પાસત્થાદિ સસહાય ગીતાર્થો જે વળી સંભોગ નિમિત્તે આલોચનાને અમે આપીશું એ પ્રમાણે અભિધારણ કરતાં સૂત્રના અર્થોનું આલોચન કરતાં અનપેક્ષાવાળા આવણાઁ= અભિધારિત આચાર્ય પાસે આવણાઁ, વચમાં જે સચિત્ત અથવા અચિત્ત પ્રાપ્ત થાય છે તે તેઓનું થાય છે એમ આગળ અન્વય છે અને જે ગીતાર્થો અસમાપ્તકલ્પવાળા આવતા પ્રાપ્ત કરે છે તે તેઓનું જ થાય છે એમ આગળ અન્વય છે અને જે એકાકી સુખ-દુઃખી, એકાકી દોષના પરિવર્જન માટે ઉપસંપદાના સ્વીકારની ઇચ્છાવાળા જે પ્રાપ્ત કરે છે અને જે સમાપ્તકલ્પી પ્રાપ્ત કરે છે તે તેઓનું જ થાય છે. એ રીતે નિર્ગ્રંથીઓનું જાણવું. ॥૨૫૪॥**

**ભાવાર્થ :-**

કોઈક સાધુઓ સંયમ ગ્રહણ કર્યા પછી પ્રમાદવશ પાસત્થાદિ થયા હોય, શાસ્ત્રોના સૂક્ષ્મ બોધવાળા નહિ હોવાથી અગીતાર્થ હોય, આમ છતાં કોઈક નિમિત્તને પામીને સંવેગ ઉત્પન્ન થાય ત્યારે તેઓ વિચારે કે કોઈક સુસાધુની નિશ્રામાં જઈને અમે ચારિત્રસંપન્ન થઈએ. ત્યારે ચારિત્રના પ્રયોજનથી કોઈક મહાત્માની ઉપસંપદા સ્વીકારવાના પરિણામવાળા તેઓ કોઈક આચાર્યાદિનું અભિધારણ કરીને આવતા હોય ત્યારે માર્ગમાં સચિત્તાદિ જે પ્રાપ્ત થાય તે શ્રુત ઉપસંપદામાં જે મર્યાદાથી ગુરુનું આભવત્ થાય છે તેમ કહ્યું તે પ્રમાણે ચારિત્રમાં પણ ગુરુનું આભવત્ થાય છે. અહીં, પાસત્થાદિ અગીતાર્થો ગ્રહણ કર્યા ત્યાં પાસત્થા,

યથાછંદ આદિ અન્ય શિથિલ સાધુઓનું પણ ગ્રહણ છે તેથી જ બહુવચનમાં પ્રયોગ કરેલ છે.

વળી, જેઓ પ્રમાદવશ પાસત્થાદિ થયા છે તોપણ સંયમ ગ્રહણ કર્યા પછી ગીતાર્થ ગુરુની સાથે રહીને ગીતાર્થ થયા છે અને અન્ય સાધુઓની સહાયતાવાળા પણ છે તેથી સસહાય છે. ક્વચિત્ તે સહાય કરનારા સાધુઓ ભાવથી સાધુ પણ હોઈ શકે, ક્વચિત્ તે પાસત્થા ગીતાર્થના સાન્નિધ્યથી કંઈક પ્રમાદી પણ હોઈ શકે અને તેવા સાધુઓની સહાયતાવાળા પાસત્થાદિ ગીતાર્થો પોતે જે સંયમમાં પ્રમાદ કર્યો છે તે રૂપ સંભોગ નિમિત્તે અમે આલોચના આપશું=એ ગીતાર્થ ગુરુની પાસે અમે આલોચના કરીશું, એ પ્રમાણે અભિધારણ કરતાં અને સૂત્રો અને અર્થોનું પરાવર્તન કરતાં અર્થાત્ માર્ગમાં આવતાં તે તે સ્થાનોમાં વસતાં, સૂત્રો અર્થોથી આત્માને વાસિત કરતાં અને ગુરુ પાસે અન્ય કોઈ અપેક્ષા નહિ રાખતાં માત્ર સંયમની શુદ્ધિની પ્રાપ્તિ અર્થે માર્ગમાં આવતાં જે કાંઈ સચિત્ત-અચિત્તાદિ પ્રાપ્ત કરે તે તેઓનું જ થાય છે અર્થાત્ ગુરુનું થતું નથી પરંતુ આવનાર પાસત્થાદિ ગીતાર્થોનું જ થાય છે.

વળી, કોઈ સાધુ ગીતાર્થ છે પરંતુ અસમાપ્તકલ્પ છે તેવા અગીતાર્થ સાધુઓ સમાપ્તકલ્પ કરવાર્થે અન્ય કોઈ ગચ્છના આચાર્યનું અભિધારણ કરીને જાય છે ત્યારે માર્ગમાં જે પ્રાપ્ત થાય છે તે સર્વ તેઓનું જ થાય છે પરંતુ સમાપ્તકલ્પ કરવાર્થે જેઓની નિશ્રા સ્વીકારે છે તેઓનું થતું નથી.

વળી, જેઓ એકાકી છે અને સુખ-દુઃખી છે; કેમ કે ભાવથી ચારિત્રનો પરિણામ છે તેથી કષાયોના શમનકૃત સુખ છે આમ છતાં એકાકી હોવાના કારણે પ્રતિકૂળ સંયોગો આદિના પ્રાપ્તિકાળમાં કંઈક ચિત્ત વિહ્વળ થાય છે તેથી દુઃખી છે અને તેવા સાધુઓ એકાકીને કારણે થતા દોષોના પરિવર્જન માટે કોઈક સુસાધુઓની ઉપસંપદા સ્વીકારવાની ઇચ્છાવાળા છે તેઓ માર્ગમાં જતાં જે કાંઈ સચિત્ત અચિત્ત પ્રાપ્ત કરે તે તેઓનું જ થાય છે; કેમ કે ગીતાર્થ પણ છે અને સુસાધુ છે અને જે સમાપ્તકલ્પી છે તેઓ પણ કોઈક પ્રયોજનથી અન્ય સુસાધુ પાસે ઉપસંપદા સ્વીકારવા અર્થે જાય જેમ પોતે ગીતાર્થ છે, સમાપ્તકલ્પવાળા છે છતાં અન્ય કોઈક સુવિહિતના ગચ્છમાં સુસાધુઓ અત્યંત અપ્રમાદી છે, તેઓની સાથે વસવાથી અપ્રમાદભાવ વિશેષથી પ્રાપ્ત થશે, સારણાદિ વિશેષથી પ્રાપ્ત થશે જેથી સંયમની શુદ્ધિની વૃદ્ધિ થશે તેવા સાધુને માર્ગમાં જતાં જે કાંઈ પ્રાપ્ત થાય તે તેઓનું જ આભવત્ થાય છે, ઉપસંપદા આપનાર ગુરુનું નહિ. એ રીતે સાધ્વીઓમાં પણ જાણવું. **॥૨૫૪॥**

**અવતરણિકા :-**

**अयमभिधारयति विधिरुक्तः, अथ पठति तमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ વિધિ અભિધારણ કરનાર સાધુના વિષયમાં કહેવાયો. હવે, ભણતા સાધુના વિષયમાં તેને= આભાવ્યની વિધિને, કહે છે –**

ગાથા :-

धम्मकहाइ पढंते, कालियसुअ दिट्ठिवाय अत्थे य ।
उवसंपयसंजोगा, दुगमाइ जहुत्तरं बलिआ ।।२५५।।

અન્વયાર્થ :-

पढंते धम्मकहाइ=પઠનવિષયક ધર્મકથામાં, कालियसुअ=કાલિકશ્રુતમાં, दिट्ठिवाय य अत्थे=દૃષ્ટિવાદમાં અને અર્થમાં, उवसंपय=ઉપસંપદ થાય છે. दुगमाइ संजोगा=દ્વિકાદિ સંયોગમાં, जहुत्तरं बलिआ=યથોત્તર બળવાન થાય છે. ।।૨૫૫।।

ગાથાર્થ :-

પઠનવિષયક ધર્મકથામાં, કાલિકશ્રુતમાં, દૃષ્ટિવાદમાં અને અર્થમાં ઉપસંપદ થાય છે. દ્વિકાદિ સંયોગમાં યથોત્તર બલવાન થાય છે. ।।૨૫૫।।

ટીકા :-

'धम्मकहाइ'त्ति । पठत्युपसम्पद् धर्मकथायां कालिकसूत्रे दृष्टिवादे अर्थे च भवति । तत्र सूत्रतोऽर्थतः सूत्रार्थयोश्च स्वस्थाने द्विकादिसंयोगे यथोत्तरं 'बलिकाः' बलवन्तः । सूत्रचिन्तायां परं परं सूत्रं पाठयन्, अर्थचिन्तायां परं परमर्थं व्याख्यानयन्, सूत्रार्थयोरेव परस्परं चिन्तायामर्थप्रदाता बलीयानिति भावः ।।२५५।।

ટીકાર્થ :-

पठत्युपसम्पद् ..... भावः ।। ભણનારમાં ઉપસંપદ=અન્ય ગુરુ આદિના આશ્રયણથી ભણનારમાં ઉપસંપદ, ધર્મકથાના વિષયમાં, કાલિકશ્રુતમાં, દૃષ્ટિવાદમાં અને અર્થમાં થાય છે. ત્યાં=ભણનારના વિષયક ચાર પ્રકારની ઉપસંપદામાં, સૂત્રથી, અર્થથી અને સૂત્રાર્થથી સ્વસ્થાનમાં=સૂત્રનું સ્વસ્થાન સૂત્ર છે, અર્થનું સ્વસ્થાન અર્થ છે, ઉભયનું સ્વસ્થાન ઉભય છે અન્ય નથી એ રૂપ સ્વસ્થાનમાં, યથોત્તર બલિક થાય છે=સૂત્રચિંતામાં તત્પર પર સૂત્રને ભણાવતો=ઉપર ઉપરના સૂત્રને ભણાવતો, બલવાન થાય છે. અર્થચિંતામાં તત્પર પર અર્થને વ્યાખ્યાન કરતો બલવાન થાય છે. સૂત્રાર્થની જ પરસ્પર ચિંતામાં=કોઈક પ્રતિનિયત સૂત્ર કોઈક સાધુ ભણાવતા હોય અને તે ભણનાર સાધુ સૂત્ર આપનારને તે જ સૂત્રનો અર્થ આપતા હોય તે રૂપ પરસ્પર ચિંતામાં, અર્થ પ્રદાતા બલવાન છે એ પ્રકારનો ભાવ છે. ।।૨૫૫।।

ગાથા :-

आवलिआ मंडलिआ, पुव्वुत्ता छिण्णऽछिण्णभेएणं ।
उवसंपया सुए इह, परंपराऽणन्तरा णेया ।।२५६।।

**અન્વયાર્થ :-**

इह सुए=અહીં શ્રુતમાં, छिण्णऽछिण्णभेएणं=છિન્ન અચ્છિન્ન ભેદથી, पुव्वुत्ता आवलिआ मंडलिआ=આ પૂર્વોક્ત આવલિકા મંડલિકા રૂપ, उवसंपया=ઉપસંપદા, परंपराऽणन्तरा णेया=પરંપર અને અનંતર જાણવી. ॥૨૫૬॥

**ગાથાર્થ :-**

**અહીં શ્રુતમાં છિન્ન અછિન્ન ભેદથી પૂર્વોક્ત આવલિકા, મંડલિકારૂપ ઉપસંપદા પરંપર અને અનંતર જાણવી. ॥૨૫૬॥**

**ટીકા :-**

**'आवलिअ'त्ति । इह श्रुते उपसम्पत् पठत्यपि छिन्नाच्छिन्नभेदेन द्विधा पूर्वोक्तैव । तत्र याऽनन्तरा सा मण्डली सा चाच्छिन्ना, कथम् ? इति चेदुच्यते—यस्मादभिधारकस्य लाभोऽन्येनाच्छिन्नः सन्नभिधार्यमाणमागच्छति, ततोऽच्छिन्नलाभयोगात् सा उपसम्पद् अच्छिन्नेत्युच्यते । या त्वावलिका सा छिन्ना, यतस्तस्यां स लाभ आदित आरभ्य परम्परया छिद्यमानोऽन्तिमेऽभिधार्येऽन्यमनभिधारयति विश्राम्यति ततः सा छिन्नोपसम्पदिति ।।२५६।।**

**ટીકાર્થ :-**

**इह श्रुते ..... छिन्नोपसम्पदिति ।। અહીં શ્રુતવિષયક ઉપસંપદ ભણનારમાં પણ=કોઈક મહાત્મા પાસે સૂત્ર-અર્થ આદિ ભણતા હોય તે મહાત્મા પણ, છિન્ન અછિન્નના ભેદથી પૂર્વમાં કહેલી જ=શ્લોક-૨૧૦માં કહેલી જ, બે પ્રકારની છે. ત્યાં જે અનંતરા છે=જે ઉપસંપદ અનંતરા છે, તે મંડલી છે અને તે=મંડલી, અછિન્ન છે. કેવી રીતે અછિન્ન છે એ પ્રમાણે જો પૂર્વપક્ષી શંકા કરે તો ઉત્તર આપે છે — જે કારણથી અભિધારકનો લાભ=ભણવા માટે અભિધારણ કરીને આવેલા સાધુનો સચિત્તાદિનો લાભ, અન્ય વડે અછિન્ન છતો=બીજામાં નહિ જતો, અભિધાર્યમાણ સાધુમાં રહે છે. તેથી=અભિધારકમાં થતો લાભ અભિધારિત સાધુમાં થાય છે તેથી, અછિન્ન લાભના યોગથી તે ઉપસંપદ અચ્છિન્ન કહેવાય છે. વળી, જે આવલિકા છે તે છિન્ન છે. જે કારણથી તેમાં=આવલિકામાં, આદિથી માંડીને પરંપરાથી છેદાતો તે લાભ અન્યને અભિધારણ નહિ કરતા એવા અંતિમ અભિધાર્યમાં વિશ્રામ પામે છે તેથી તે=આવલિકા, છિન્ન ઉપસંપદ છે. ॥૨૫૬॥**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ કોઈ પાસે સૂત્રો ભણતા હોય ત્યારે જેમની પાસે ભણતા હોય તેમની નિશ્રામાં રહે છે તેથી તેમની ઉપસંપદા સ્વીકારાયેલી થાય છે અને તેમની ભણવાની પ્રવૃત્તિ ધર્મકથામાં હોય અર્થાત્ પૂર્વના ઋષિઓએ ઉપદેશના જે ગ્રંથો રચ્યા છે તે ગ્રંથો જેમની પાસે ભણતા હોય ત્યારે ભણાવનારની ઉપસંપદા સ્વીકારાય છે. વળી, આગમયુક્ત અગ્યાર અંગો કાલિકશ્રુત છે તે અગ્યાર અંગો મહાત્મા કોઈ પાસે

ભણતા હોય ત્યારે કાલિકશ્રુતવિષયક ઉપસંપદ થાય છે. વળી, દૃષ્ટિવાદ ભણતા હોય તો દૃષ્ટિવાદવિષયક ઉપસંપદ થાય છે. અથવા કાલિકશ્રુત કે દૃષ્ટિવાદ આદિના અર્થો ભણતા હોય તો અર્થો ભણવાની ઉપસંપદા થાય છે. ત્યાં કોનું આભાવ્ય થાય છે તે બતાવવા અર્થે કહે છે. સૂત્ર, અર્થ, કે સૂત્ર-અર્થ ઉભય એ ત્રણના સ્વસ્થાનમાં દ્વિકાદિક સંયોગ હોય ત્યારે યથોત્તર બળવાન થાય છે. જેમ કોઈ સાધુ પૂર્વમાં કહેલા ધર્મકથા આદિના વિષયમાં ભણતા હોય ત્યારે કોઈક પાસે જે સૂત્ર ભણતા હોય તેનાથી ઉપરનું સૂત્ર બળવાન થાય; જે રીતે છ આવશ્યક કોઈ મહાત્મા કોઈ પાસે ભણતા હોય અને કોઈકને પોતે ઉત્તરાધ્યયન ભણાવતા હોય તો ઉપરનું સૂત્ર બળવાન થાય છે તેથી ઉપરના સૂત્રને ભણાવનારનું આભાવ્ય થાય છે.

કઈ રીતે આભાવ્ય થાય છે તે ગાથા-૨૫૬માં સ્પષ્ટ કરે છે કોઈ સાધુ શ્રુત ભણવા માટે રહ્યા હોય ત્યારે છિન્ન અચ્છિન્ન ભેદવાળી બે પ્રકારની ઉપસંપદ થાય છે.

તેથી ભણનાર સાધુ જેની પાસે ભણે છે તે સાધુ અન્ય પાસે ભણતા ન હોય તો તેમનું આભાવ્ય થાય તો તે અચ્છિન્ન ઉપસંપદ છે અને ભણનાર સાધુ કોઈક સાધુ પાસે ભણતા હોય અને તે ભણાવનાર સાધુ અન્ય પાસે ભણતા હોય એ રીતે અન્ય અન્ય પાસે ભણનારની પરંપરા હોય તો ભણનારને જે પ્રાપ્ત થાય છે તે ઉત્તરના ઉત્તરના ભણાવનારમાં જતી હોવાથી છિન્ન ઉપસંપદ કહેવાય છે. **॥૨૫૫-૨૫૬॥**

**અવતરણિકા :-**

**उक्ता श्रुतोपसम्पत्, अथ सुखदुःखोपसम्पदुच्यते –**

**અવતરણિકાર્થ :-**

**શ્રુત ઉપસંપદા કહેવાઈ=ગાથા-૧૭૧માં પાંચ વિષયક આભવત્ થાય છે એમ કહેલ ત્યારપછી ક્ષેત્રવિષયક અને શ્રુતવિષયક જે આભવત્ થાય છે તે ક્ષેત્ર અને શ્રુતની ઉપસંપદા સ્વરૂપ છે; કેમ કે ક્ષેત્ર અર્થે અને શ્રુત અર્થે અન્ય સાધુની નિશ્રા સ્વીકારાય છે તે ક્ષેત્ર અને શ્રુત ઉપસંપદરૂપ છે અને તે શ્રુત ઉપસંપદ કહેવાઈ. હવે સુખ-દુઃખ ઉપસંપદને કહે છે –**

**ગાથા :-**

**अभिधारंतो उवसंपण्णो दुविहो उ होइ सुहदुक्खी ।**
**एगत्तदोसओ सुअपुण्णो जो गच्छमब्भेइ ।।२५७।।**

**અન્વયાર્થ :-**

**अभिधारंतो उवसंपण्णो=અભિધારણ કરતા અને ઉવસંપન્ન, दुविहो=એ બે પ્રકારના, सुहदुक्खी होइ=સુખ-દુઃખી હોય છે. सुअपुण्णो जो=શ્રુતપૂર્ણ જે, एगत्तदोसओ=એકત્વ દોષથી, गच्छमब्भेइ=ગચ્છને સ્વીકારે છે. ।।૨૫૭।।**

**ગાથાર્થ :-**

**અભિધારણ કરતા અને ઉપસંપન્ન એ બે પ્રકારના સુખ-દુઃખી હોય છે. શ્રુતપૂર્ણ જે એકત્વના દોષથી ગચ્છને સ્વીકારે છે. ।।૨૫૭।।**

**ટીકા :-**

'अभिधारंतो'त्ति । सुखदुःखितोऽभिधारयन्नुपसम्पन्नश्चेति । द्विविधः, स च कः स्यात् ? इत्याह— यः श्रुतपूर्णोऽप्येकत्वदोषतस्तत्परिहारार्थं सहायापेक्षी सन् गच्छमभ्येति ।।२५७।।

**ટીકાર્થ :-**

सुखदुःखितोऽभि ..... सन् गच्छमभ्येति ।। **સુખ-દુઃખિત=સમભાવના સુખથી યુક્ત છતાં એકાકી આદિ હોવાથી કોઈક સમુદાયની અપેક્ષા રાખે છે તે અંશથી દુઃખિત એવા સાધુ અભિધારણ કરનાર અને ઉપસંપન્ન એ રૂપ દ્વિવિધ થાય છે અને તે=અભિધારણ કરનાર કે ઉપસંપન્ન, કોણ છે ? એથી કહે છે.**

**જે શ્રુતપૂર્ણ પણ એકત્વના દોષના કારણે=ગીતાર્થ હોવા છતાં પણ એકત્વ દોષને કારણે તેના પરિહાર માટે=એકત્વ દોષના પરિહાર માટે, સહાયના અપેક્ષી છતા ગચ્છને સ્વીકારે છે. ।।૨૫૭।।**

**ભાવાર્થ :-**

સાધુ હંમેશાં સુખી હોય છે; કેમ કે સર્વ સંયોગમાં અદીનભાવથી ચિત્તના સ્વાસ્થ્યની જ વૃદ્ધિ કરતા હોય છે અને ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિ અર્થે જ જિનવચનાનુસાર સર્વ પ્રવૃત્તિ કરતા હોય છે અને જિનવચન સંયમની ઉચિત ક્રિયા દ્વારા જેમ ચિત્તના સ્વાસ્થ્યની વૃદ્ધિ થાય તે પ્રકારે યત્ન કરવાનું વિધાન કરે છે તેમ કોઈક સંયોગથી એકાકી આદિ થયા હોય ત્યારે એકાકી દોષને કારણે ઘણા દોષોની પ્રાપ્તિ છે જે દોષને કારણે સંયમસ્થાન મ્લાન થશે તેથી પોતાને તેના રક્ષણ અર્થે ઉચિત પ્રયત્ન કરવો જોઈએ તેટલા અંશથી સાધુ દુઃખિત હોય એવા સુખ-દુઃખિત સાધુ કોઈકની ઉપસંપદા સ્વીકારીને હું સંયમમાં દૃઢ યત્ન કરું એ પ્રકારનું અભિધારણ કરીને જતા હોય કે અભિધારિત ગચ્છમાં ઉપસંપન્ન થયેલા હોય તે બે પ્રકારના સુખ-દુઃખ ઉપસંપન્નવાળા સાધુ છે અને તે કોણ હોય તેથી કહે છે.

કોઈ સાધુ શ્રુતથી પૂર્ણ પણ હોય અર્થાત્ ગીતાર્થ પણ હોય, કોઈક તેવા કારણે એકત્વ અવસ્થાને પામ્યા હોય ત્યારે એકત્વ અવસ્થામાં અસમાધિ આદિ થવાના પ્રસંગો આવે તેના પરિહાર અર્થે સંયમી એવા સુસાધુના સહાયની અપેક્ષાવાળા હોય ત્યારે કોઈક સુસાધુના ગચ્છમાં જતા હોય તે વખતે સાધુ અભિધારક કહેવાય અને તે ઉચિત ગચ્છને પામેલા હોય તો તે ઉપસંપન્ન સાધુ કહેવાય અને તે બંને પ્રકારના સાધુ સુખ-દુઃખ અર્થે ઉપસંપદા સ્વીકારે છે. અહીં શ્રુતપૂર્ણ પણ એકત્વદોષથી ગચ્છને સ્વીકારે છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈક સાધુ ગીતાર્થ હોય તોપણ એકત્વ દોષના પરિહાર અર્થે ગચ્છની સહાયની અપેક્ષાવાળા છતા ગચ્છમાં જાય ત્યારે અભિધારક બને છે અને ગચ્છને પ્રાપ્ત કરે ત્યારે ઉપસંપન્ન બને છે. **।।૨૫૭।।**

**અવતરણિકા :-**

अत्राभवद्व्यवहारमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં=બે પ્રકારના સુખ-દુઃખ ઉપસંપદા સ્વીકારનારામાં, 'આભવદ્'ના વ્યવહારને કહે છે –

**ગાથા :-**

पुव्विं व सुहदुहम्मि वि, आवलिआमंडलीसु आभव्वं ।
अभिधारिज्जंते खलु, अभिधारंते उ वल्लिदुगं ।।२५८।।

**અન્વયાર્થ :-**

आवलिआमंडलीसु=આવલિકા મંડલિકામાં, पुव्विं व=પૂર્વની જેમ=શ્રુત ઉપસંપદની જેમ, सुहदुहम्मि वि=સુખ-દુઃખની ઉપસંપદામાં પણ, अभिधारिज्जंते=અભિધાર્યમાણ સાધુમાં, आभव्वं=આભાવ્ય થાય છે. उ=વળી, वल्लिदुगं=વલ્લિદ્વિક, अभिधारंते=અભિધારકમાં થાય છે. ॥૨૫૮॥

**ગાથાર્થ :-**

**આવલિકા મંડલિકામાં પૂર્વની જેમ=શ્રુત ઉપસંપદની જેમ, સુખ-દુઃખની ઉપસંપદામાં પણ, અભિધાર્યમાણ સાધુમાં આભાવ્ય થાય છે. વળી વલ્લીદ્વિક અભિધારકમાં થાય છે. ॥૨૫૮॥**

**ટીકા :-**

'पुव्विं व'त्ति । 'पूर्वमिव' श्रुतोपसम्पदीव सुखदुःखेऽप्युपसम्पन्ने आवलिकामण्डलीष्वाभाव्यमभिधार्यमाणे खलु भवत्यभिधारयति तु वल्लीद्विकम् ।।२५८।।

**ટીકાર્થ :-**

'पूर्वमिव' ..... वल्लीद्विकम् ।। આવલિકા મંડલિકામાં પૂર્વની જેમ=શ્રુત ઉપસંપદની જેમ, સુખ-દુઃખમાં પણ ઉપસંપન્ન થયે છતે અભિધારણ કરાતા આચાર્યમાં આભાવ્ય થાય છે. વળી અભિધારણ કરીને આવતા સાધુમાં વલ્લિદ્વિક થાય છે. ॥૨૫૮॥

**અવતરણિકા :-**

किञ्च –

**અવતરણિકાર્થ :-**

વળી અન્ય શું છે ? તે કહે છે –

ગાથા :-

पुरपच्छसंथुआइं, उवसंपन्नो उ लहइ सुहदुक्खे ।
अण्णं तु तस्स सामी, गाहियसम्माइ सो लहइ ।।२५९।।

અન્વયાર્થ :-

सुहदुक्खे उवसंपन्नो=સુખ-દુઃખ માટે ઉપસંપન્ન, पुरपच्छसंथुआइं लहइ=પૂર્વ પશ્ચાત્ સંસ્તુતને પ્રાપ્ત કરે છે=વલ્લિદ્વિક તેના આભાવ્ય થાય છે. तु अण्णं=વળી અન્યને, तस्स सामी=તેના સ્વામી=ક્ષેત્રના સ્વામી, પ્રાપ્ત કરે છે. सो=તે=સુખ-દુઃખ માટે ઉપસંપન્ન સાધુ, गाहियसम्माइ लहइ=ગ્રાહિત સમ્યક્ત્વાદિ કુલને પ્રાપ્ત કરે છે. ।।૨૫૯।।

ગાથાર્થ :-

સુખ-દુઃખ માટે ઉપસંપન્ન, પૂર્વપશ્ચાત્ સંસ્તુતને પ્રાપ્ત કરે છે=વલ્લિદ્વિક તેના આભાવ્ય થાય છે. વળી અન્યને તેના સ્વામી=ક્ષેત્રના સ્વામી પ્રાપ્ત કરે છે. તે=સુખ-દુઃખ માટે ઉપસંપન્ન સાધુ, ગ્રાહિત સમ્યક્ત્વાદિ કુલને પ્રાપ્ત કરે છે. ।।૨૫૯।।

ટીકા :-

'पुरपच्छसंथुआइं'ति । 'सुखदुःखे' सुखदुःखार्थमुपसम्पन्नः पूर्वसंस्तुतानि पश्चात्संस्तुतानि च मातृपितृश्वश्रूश्वशुरसंबद्धानि लभते । ये च तद्दीक्षितास्तेषामधस्तनानां लाभोऽपि तस्याभवतीति द्रष्टव्यम्, न तु यस्य समीपे उपसम्पन्नस्तस्य, सूत्रादेशतोऽनाभाव्यत्वात्; अन्यत्तु तस्य स्वामी लभते । तथा परक्षेत्रास्थितः सुखदुःखोपसम्पन्नो वल्लिद्विकादिसम्बद्धं विना न लभते । यच्च भिन्नमपि ग्राहितसम्यक्त्वादि कुलम्, आदिना मद्यमांसविरत्यादिपरिग्रहः, तत् स सुखदुःखितो लभते । अयं पुनरिह विशेषः—यः परक्षेत्रे सुखदुःखितेन ग्राहितसम्यक्त्वस्तत्कालमेव ब्रूते अभिनिष्क्रमामीति स क्षेत्रिकस्याभवति । अथ तेन पूर्वं सम्यक्त्वादि ग्राहितस्तदा प्रतिबोधयत एवाभवति । यतः श्रावके त्रीणि वर्षाणि पूर्वदिग् भवतीति, तदुक्तं व्यवहारभाष्ये दशमोद्देशके—

'सुहदुक्खिएण जो परखेत्ते उवसामिओ तहिं कोई ।
बेइ अभिणिक्खमामि, सो उ क्खेत्तिस्स आभवइ ।।१।।
अह पुण गाहिओ दंसण, तम्हा सो होइ उवसमंतस्स ।
कम्हा ? जम्हा सावए, तिण्णि वरिसाणि पुव्वदिसा ।।२।।' ।।२५९।।

ટીકાર્થ :-

'सुखदुःखे' ..... पुव्वदिसा ।। સુખ-દુઃખમાં=સુખ-દુઃખ માટે ઉપસંપન્ન સાધુ પૂર્વસંસ્તુત અને પશ્ચાત્

**સંસ્તુત એવાં માતા-પિતા, સાસુ-સસરા સંબંધવાળાંને પ્રાપ્ત કરે છે અને જેઓ તેનાથી દીક્ષિત છે અધસ્તન એવા તેઓનો=તેમને સમર્પિત એવા તેમના શિષ્યોનો, લાભ પણ તેમનો થાય છે=અભિધારકનો થાય છે, એમ જાણવું પરંતુ જેના સમીપમાં ઉપસંપન્ન છે તેમનો નહિ; કેમ કે સૂત્રના આદેશથી=સૂત્રના વચનથી અનાભાવ્યપણું છે. વળી અન્ય=વલ્લિદ્વિક અને પોતાના શિષ્યોનો થયેલો લાભ એનાથી અન્ય, માર્ગમાં જે પ્રાપ્ત થાય તે સર્વ, તેના સ્વામી પ્રાપ્ત કરે છે=અભિધાર્યમાણ સાધુ પ્રાપ્ત કરે છે અને પરક્ષેત્રમાં રહેલ સુખ-દુઃખ માટે ઉપસંપન્ન વલ્લિદ્વિકાદિ સંબંધ વિના પ્રાપ્ત કરતો નથી અને જે ભિન્ન પણ ગ્રાહિત સમ્યક્ત્વાદિ કુલ છે તે કુલ તે=સુખ-દુઃખિત પ્રાપ્ત કરે છે=વલ્લિદ્વિક સિવાયના પણ જેઓને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવ્યા છે એવા કુલવાળા જીવો સંયમ માટે ઉપસ્થિત થયા હોય તો પરક્ષેત્રમાં રહેલા હોવા છતાં પણ સુખ-દુઃખિત સાધુનું આભાવ્ય થાય છે. પરક્ષેત્રના સ્વામી એવા સાધુનું આભાવ્ય થતું નથી અને જેની ઉપસંપદા સ્વીકારવા માટે સુખ-દુઃખિત સાધુ આવેલ છે તેઓનું પણ આભાવ્ય થતું નથી. ગ્રાહિત સમ્યક્ત્વાદિમાં આદિ શબ્દથી મદ્યમાંસની વિરતિ આદિનું ગ્રહણ છે તેથી સુખ-દુઃખિત સાધુએ કોઈકને મદ્ય-માંસની વિરતિ આદિ કરાવી હોય અને પાછળથી તેમને સંવેગ થાય અને સંયમ માટે તત્પર થાય તો સુખ-દુઃખિત સાધુનું આભાવ્ય થાય છે.**

**વળી, અહીં=ગ્રાહિતસમ્યક્ત્વાદિના આભાવ્યના વિષયમાં, આ વિશેષ છે. પરક્ષેત્રમાં સુખ-દુઃખિત વડે જે ગ્રાહિત સમ્યક્ત્વવાળો તત્કાલ જ કહે હું દીક્ષા ગ્રહણ કરું છું એ પ્રમાણે તે ક્ષેત્રિકના થાય છે. હવે તેના વડે=સુખ-દુઃખિત સાધુ વડે, પૂર્વમાં સમ્યક્ત્વાદિ ગ્રાહિત છે તો પ્રતિબોધન કરનારાના જ= સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવનારા સુખ-દુઃખિત સાધુના જ, થાય છે. જે કારણથી શ્રાવકમાં ત્રણ વર્ષની પૂર્વદિક્ છે=જેની પાસેથી સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થયેલ હોય અને સંયમનો પરિણામ થાય તો ત્રણ વર્ષ સુધીમાં તેમની પાસે જ સંયમ ગ્રહણ કરવું જોઈએ. તે વ્યવહારભાષ્યમાં દશમા ઉદ્દેશામાં કહેવાયું છે.**

સુખ-દુઃખિત વડે જે પરક્ષેત્રમાં ઉપશામિત કરાયો=પરસાધુના આભાવ્ય એવા ક્ષેત્રમાં કોઈ ગૃહસ્થ ઉપશામિત કરાયો, ત્યાં કોઈ કહે, હું દીક્ષા ગ્રહણ કરું છું તે=ઉપશમ પામેલ ક્ષેત્રિકના થાય છે. ॥૧॥

હવે પૂર્વગ્રાહિત દર્શનવાળો છે તે કારણથી તે ઉપશમ કરનારા સાધુનો થાય છે. કયા ક્યારણથી ઉપશમ કરનારા સાધુનું આભાવ્ય થાય છે એથી કહે છે. જે કારણથી શ્રાવકમાં ત્રણ વર્ષની પૂર્વદિશા છે. ॥૨॥ **॥૨૫૯॥**

**ભાવાર્થ :-**

કોઈ સાધુ ભવથી વિરક્ત હોય, તત્ત્વના બોધવાળા હોય, કોઈક કારણસર એકાકી આદિ થયા હોય ત્યારે ભાવથી સંયમી હોવાથી સુખી છે છતાં એકાકીને કારણે ભવિષ્યમાં કંઈક પ્રશ્નો ઊભા થશે તેથી દુઃખિત પણ છે; કેમ કે સુખી સાધુ સર્વ સંયોગોમાં અદીનભાવવાળા હોય છે તોપણ અત્યંત વિષમસંયોગ આવે ત્યારે સંયમનું રક્ષણ કરવું દુષ્કર છે તેમ જણાય તેથી ઘણા સુખી અને કાંઈક દુઃખી છે. વળી, તેઓ એકાકી દોષના પરિહાર અર્થે કોઈક ગચ્છને સ્વીકારવા માટે જાય ત્યારે સુખ-દુઃખ માટે તે ઉપસંપન્ન બને છે અને તેઓ જે ગચ્છને અભિધારણ કરીને જાય છે તે ગચ્છના સાધુ પણ કોઈ કારણે અન્ય ગચ્છના

સાધુનું અભિધારણ કરીને જતા હોય તો સુખ-દુઃખ માટે જનાર તે અભિધારક સાધુને જે કાંઈ પ્રાપ્ત થાય તે અભિધારિતને પ્રાપ્ત થતું નથી પરંતુ અભિધારિત સાધુઓ જે અન્યનું અભિધારણ કરીને જેમની નિશ્રા સ્વીકારતા હોય તે સાધુઓનું આભાવ્ય થાય છે તેથી સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારનાર સાધુને માર્ગમાં જે પ્રાપ્ત થાય છે તે તેના અભિધારિત સાધુને પ્રાપ્ત થતું નથી પરંતુ તે અભિધારિત સાધુ જેની અભિધારણા કરીને જતા હોય તેમને પ્રાપ્ત થાય છે તેથી છિન્ન આવલિકાની પ્રાપ્તિ થાય છે અને સુખ-દુઃખ માટે જનાર સાધુ જેમને અભિધારણ કરીને જાય છે તેઓ અન્યનું અભિધારણ કરીને જતા ન હોય તો સુખ-દુઃખ માટે અભિધારક સાધુનું આભાવ્ય અભિધારિત સાધુમાં અચ્છિન્ન થાય છે તેથી મંડલિકાની પ્રાપ્તિ છે. આ રીતે શ્રુત ઉપસંપદાની જેમ સુખ-દુઃખ માટે ઉપસંપન્ન સાધુને જે કાંઈ પ્રાપ્ત થાય છે તે અભિધાર્યમાણ ગચ્છને પ્રાપ્ત થાય છે, ફક્ત અભિધારક સાધુને વલ્લિદ્વિકની પ્રાપ્તિ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સુખ-દુઃખ માટે જનારા સાધુના ઉપદેશને પામીને કોઈ યોગ્ય જીવોને સંવેગ થયો હોય અને ભવથી વિરક્ત થઈને તેઓ સંયમ ગ્રહણ કરવા તત્પર થયા હોય અને સંયમને યોગ્ય ગુણો પ્રાપ્ત થયા હોય તો અભિધારક સાધુને જે કોઈ શિષ્યની પ્રાપ્તિ થાય તે સર્વ અભિધારિત ગચ્છને તેઓ આપે. ફક્ત બે વલ્લિમાંથી કોઈ યોગ્ય જીવ સંયમ માટે તત્પર થયેલ હોય તો તે અભિધારક સાધુના શિષ્ય થાય છે; કેમ કે નાલબદ્ધ હોવાથી પરસ્પરના સ્નેહના બળથી કંઈક સંયમમાં સુખપૂર્વક ઉત્થિત થઈ શકે.

વળી, સુખ-દુઃખ માટે અભિધારક સાધુ કોને કોને પ્રાપ્ત કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

સુખ-દુઃખ માટે કોઈ ગચ્છની ઉપસંપદા સ્વીકારવા માટે જનાર સાધુ પૂર્વ સંસ્તુત પશ્ચાત્ સંસ્તુત એવાં માતા-પિતા, સાસુ-સસરા સંબંધી જે સ્વજનો હોય તે સર્વને પ્રાપ્ત કરે છે અર્થાત્ સંવેગને પામીને સંયમ લેવા તત્પર થયા હોય તો અભિધારકના તે શિષ્યો થાય છે પરંતુ અભિધારિત ગુરુના થતા નથી અને જેઓ તેનાથી દીક્ષિત થયા છે=અભિધારકથી દીક્ષિત થયા છે અને અભિધારકને આશ્રિત છે તેઓને જે લાભ થાય તે પણ અભિધારકનો થાય છે.

આશય એ છે કે કોઈ એકાકી સાધુ હોય અને તેનાથી દીક્ષિત થયેલા તેમના સાધુઓ તેમની આજ્ઞામાં જ હોય આમ છતાં કોઈક કારણથી ત્યારે અભિધારકની સાથે વિચરતા નથી અને તેઓને કોઈ યોગ્ય શિષ્યાદિનો લાભ થાય તે અભિધારકના જ થાય છે પરંતુ તે શિષ્યાદિ અભિધારિત ગચ્છના થતા નથી; જેમ સંગમાચાર્ય એકાકી હતા ત્યારે તેમનાથી દીક્ષિત થયેલા શિષ્યો અન્યત્ર વિચરતા હતા અને તેઓને=તે સાધુઓને, કોઈ શિષ્યાદિનો લાભ થાય તે સંગમાચાર્યના જ શિષ્યો કહેવાય અને કોઈક કારણથી સંગમાચાર્ય જેવા કોઈક સાધુને જણાય કે એકાકીમાં દોષોની પ્રાપ્તિ છે માટે હું કોઈ ગચ્છનો આશ્રય કરું ત્યારે તે સાધુના શિષ્યોને જે લાભ થાય તે અભિધારક સાધુના જ શિષ્ય થાય છે. પરંતુ અભિધારક સાધુ જેમના સમીપમાં ઉપસંપન્ન થયેલ તેમનું આભાવ્ય થતું નથી; કેમ કે સૂત્રના આદેશથી અનાભાવ્યપણું છે=વલ્લિદ્વિક અને તદ્દીક્ષિત સાધુઓને જે લાભ પ્રાપ્ત થાય તેનું આભાવ્ય ઉપસંપદા આપનારા સાધુનું થતું નથી પરંતુ અભિધારક સાધુનું જ થાય છે.

વળી પૂર્વમાં વલ્લિદ્વિકાદિ કહ્યા તેનાથી અન્ય જે કાંઈ પ્રાપ્ત થાય તે ઉપસંપદા આપનાર સાધુનું આભાવ્ય થાય છે.

અને અભિધારક સાધુ જેમની ઉપસંપદા સ્વીકારવા માટે જાય છે તે સાધુ પર ક્ષેત્રમાં રહેલા હોય અર્થાત્ માસકલ્પાદિ માટે તે ક્ષેત્ર અન્ય સાધુનું હોય તે પરક્ષેત્રમાં રહેલા હોય અને ત્યાં સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારનાર સાધુ જાય ત્યારે ઉપસંપદા સ્વીકારનાર સાધુ વલ્લીદ્વિકાદિ સંબંધ વગર કંઈ પ્રાપ્ત કરતા નથી પરંતુ પરક્ષેત્રના સ્વામી તેને પ્રાપ્ત કરે છે. અર્થાત્ તે ક્ષેત્રમાં માસકલ્પ કરીને રહેલા હોય તે સાધુનું તે આભાવ્ય થાય છે.

વળી, વલ્લીદ્વિકથી ભિન્ન પણ પોતાનાથી કોઈને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય કે મદ્યમાંસ આદિ વિરતિની પ્રાપ્તિ થઈ હોય કે દેશવિરતિ પ્રાપ્ત થઈ હોય તે સર્વ સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારનારના થાય છે પરંતુ તે ક્ષેત્રના સ્વામીના થતા નથી. એમાં શું વિશેષ છે ? તે સ્પષ્ટ કરે છે.

સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારનાર સાધુએ પરક્ષેત્રમાં કોઈક જીવોને માર્ગાનુસારી બોધ કરાવીને સમ્યક્ત્વ પ્રાપ્ત કરાવ્યું હોય અને તત્કાલ જ તેઓને સંયમનો પરિણામ થાય તો તે ક્ષેત્રના સ્વામી એવા સાધુના જ તે શિષ્યો થાય છે પરંતુ સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારવા માટે આવેલ સાધુના તે શિષ્યો થતા નથી કે તે ક્ષેત્રમાં રહેલા કારણથી કોઈ ગચ્છના સાધુઓ કે જેમની પોતે ઉપસંપદા સ્વીકારી છે તેઓના પણ થતા નથી પરંતુ તે ક્ષેત્રમાં માસકલ્પાદિ અર્થે જે સાધુ રહેલા છે તે તે સાધુ તે ક્ષેત્રના સ્વામી છે તેથી તે સાધુના જ તે શિષ્યો થાય છે.

વળી, સુખ-દુઃખ ઉપસંપદા માટે કોઈ ગચ્છની નિશ્રા સ્વીકારનાર સાધુએ પૂર્વમાં કોઈકને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવ્યાં હોય અને તેઓ આ મારા ગુરુ છે માટે હું તેમની પાસે જાઉં તે આશયથી ઉપસંપદા સ્વીકારનાર સાધુ પાસે આવ્યા હોય અને ત્યારે ઉપસંપદા સ્વીકારનાર સાધુ વિવેકપૂર્વકની દેશના આપીને તેઓને પ્રતિબોધ કરે જેનાથી સંસારની નિર્ગુણતાને જાણીને તેઓ સંયમ માટે ઉલ્લસિત વીર્યવાળા થયા હોય તો અભિધારક સાધુના જ તે શિષ્યો થાય છે; કેમ કે શ્રાવકની ત્રણ વર્ષની પૂર્વદિક્ છે અર્થાત્ કોઈ જીવ કોઈ મહાત્માના બળથી સમ્યક્ત્વ કે દેશવિરતિ આદિ પામ્યા હોય ત્યારે જે પ્રતિબોધક ગુરુ છે તેમના પ્રત્યે તે શ્રાવકને અત્યંત પૂજ્યભાવ હોય છે તેથી કોઈક રીતે સંયમનો પરિણામ થાય તો તે શ્રાવક પ્રાયઃ તે ગુરુ પાસે જ સંયમ ગ્રહણ કરે. કોઈક કારણે ત્યાં સંયમ ગ્રહણ કરવાનો પરિણામ ન થાય તો સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી ત્રણ વર્ષ સુધીમાં તેણે તેમની પાસે જ દીક્ષા ગ્રહણ કરવી જોઈએ, પછી અન્યત્ર ગ્રહણ કરે તો દોષ નથી. **॥૨૫૮-૨૫૯॥**

❖ વ્યવહારભાષ્યના ઉદ્ધરણમાં બીજી ગાથામાં 'अह पुण' શબ્દ છે ત્યાં 'अह पूव्व' શબ્દ હોવો જોઈએ એમ ભાસે છે.

**અવતરણિકા :-**

**प्रकारान्तरेणाभिधारयति मार्गणामाह –**

**અવતરણિકાર્થ :-**

પ્રકારાન્તરથી અભિધારણ કરનારમાં માર્ગણાને કહે છે.

પૂર્વ ગાથા-૨૫૭થી ૨૫૯માં અભિધારણ કરનારમાં કઈ રીતે આભવત્ કે અનાભવત્ થાય છે તેની સ્પષ્ટતા કરી. હવે અન્ય પ્રકારથી અભિધારણ કરનારમાં આભવત્ અનાભવત્ વિષયક વિચારણાને કહે છે –

**ગાથા :-**

**जइ से अत्थि सहाया, जइ वा वि करंति तस्स तं किच्चं ।**
**तो लभते इहरा पुण, तेसि मणुन्नाण साहारं ।।२६०।।**

**અન્વયાર્થ :-**

जइ से सहाया अत्थि=જો તેને સહાય છે. जइ वा=અને જો, तस्स=તેનું=ઉપસંપદા આપનારનું, तं किच्चं करंति=તે કૃત્ય કરે છે. तो लभते=તો પ્રાપ્ત કરે છે=ઉપસંપદા સ્વીકારનાર પ્રાપ્ત કરે છે. इहरा पुण=ઈતરથા વળી, मणुन्नाण तेसि साहारं=સમનોજ્ઞ એવા તેઓનું સાધારણ છે. ।।૨૬૦।।

**ગાથાર્થ :-**

**જો તેને સહાય છે અને જો તેનું=ઉપસંપદા આપનારનું, તે કૃત્ય કરે છે. તો પ્રાપ્ત કરે છે= ઉપસંપદા સ્વીકારનાર પ્રાપ્ત કરે છે. ઈતરથા વળી સમનોજ્ઞ એવા તેઓનું સાધારણ છે. ।।૨૬૦।।**

**ટીકા :-**

'जइ से'त्ति । यदि 'से' तस्य सुखदुःखोपसम्पन्नस्य सहायाः सन्ति, यदि वा त एव येषां समीपे उपसम्पन्नास्तस्य तत्कृत्यं वैयावृत्त्यादि कुर्वन्ति तदा यस्योपतिष्ठते स तं लभते, इतरथा पुनस्तेषां 'समनोज्ञानां' साम्भोगिकानां तत्साधारणं भवति ।।२६०।।

**ટીકાર્થ :-**

यदि 'से' ..... भवति ।। જો તેના=સુખ-દુઃખ માટે ઉપસંપદા સ્વીકારનારના, સહાયો છે=સહાયક સાધુઓ છે અને જો જેઓના સમીપે ઉપસંપન્ન છે તેનું=ઉપસંપદા આપનારનું તે વૈયાવચ્ચાદિ કૃત્ય તેઓ જ=ઉપસંપદા સ્વીકારનારના સહાયક સાધુઓ જ કરે છે તો તેને જે પ્રાપ્ત થાય છે=જે શિષ્યાદિ પ્રાપ્ત થાય છે. તેને=તે શિષ્યાદિને, તે=ઉપસંપદા સ્વીકારનાર, પ્રાપ્ત કરે છે. વળી ઈતરથા=જો સહાયક સાધુ ઉપસંપદા આપનારનું વૈયાવચ્ચ કૃત્ય ન કરતા હોય તો સમનોજ્ઞ=સાંભોગિક એવા તેઓનું તે=જે પ્રાપ્ત થાય તે, સાધારણ થાય છે. ।।૨૬૦।।

ગાથા :-

गीआणऽसमत्ताणं, अभिधारंताण होइ अण्णुण्णं ।
समभागित्तं गच्छेऽपुण्णे मेराइ सारणया ।।२६१।।

અન્વયાર્થ :-

अण्णुण्णं=અન્યોન્ય, अभिधारंताण=અભિધારણ કરતા, असमत्ताणगीआणं=અસમાપ્તકલ્પવાળા ગીતાર્થોનું, गच्छे समभागित्तं=ગચ્છમાં સમભાગીપણું થાય છે. अपुण्णे=અપૂર્ણ ગચ્છ હોતે છતે, मेराइ=મર્યાદાથી, सारणया=સારણા કરવી જોઈએ. ।।૨૬૧।।

ગાથાર્થ :-

**અન્યોન્ય અભિધારણ કરતા અસમાપ્તકલ્પવાળા ગીતાર્થોનું ગચ્છમાં સમભાગીપણું થાય છે. અપૂર્ણ ગચ્છ હોતે છતે મર્યાદાથી સારણા કરવી જોઈએ. ।।૨૬૧।।**

ટીકા :-

'गीआण'त्ति । 'गीतानां' गीतार्थानाम् 'असमाप्तानाम्' असमाप्तकल्पिकानाम् 'अन्योऽन्यं' सुखदुःखो-पसम्पदम् 'अभिधारयतां' प्रतिपद्यमानानामन्योऽन्यलाभस्य 'समभागित्वं' साधारणत्वं भवति । अपूर्णे प्रत्येकं गच्छे मर्यादया सारणा कर्त्तव्या । अयं भावः—यावदेकैकस्य प्रत्येकं गच्छो नोपजायते तावत्तमनुपपन्नगच्छमेकतरे सारयन्ति येषामवग्रहे वर्त्तन्ते । अथ ते सारयन्तः परिताम्यन्ति तदा कुलस्थविराणां गणस्थविराणां सङ्घस्थविराणां वा तान् ददति, यो वा कोऽपि तेषां सम्मतस्तस्य समर्पयन्तीति ।।२६१।।

ટીકાર્થ :-

'गीतानां' ..... समर्पयन्तीति ।। ગીતાર્થ એવા અસમાપ્તોને=ગીતાર્થ એવા અસમાપ્તકલ્પિક સાધુઓને, પરસ્પર સુખ-દુઃખાર્થે ઉપસંપદને ધારણ કરતા=પરસ્પર પ્રતિપદ્યમાન એવા સાધુઓને અન્યોન્યલાભનું સમભાગીપણું=સાધારણપણું થાય છે. પ્રત્યેકને આશ્રયીને અપૂર્ણ ગચ્છ હોતે છતે=બે ત્રણ ગચ્છના સાધુઓ સમાપ્તકલ્પિક થવા અર્થે અન્યોન્ય આશ્રય કરે તેમાંથી પ્રત્યેક વર્ગને આશ્રયીને સમાપ્તકલ્પ થાય એ પ્રકારે ગચ્છ અપૂર્ણ થયે છતે, મર્યાદાથી=પરસ્પર ઉચિત મર્યાદાથી, સારણા કરવી જોઈએ=દરેક સાધુએ પરસ્પર ઉચિત કૃત્યોનું સ્મરણ કરાવીને પરસ્પરની હિતચિંતા કરવી જોઈએ. આ ભાવ છે – જ્યાં સુધી એક એકનો પ્રત્યેક ગચ્છ ન થાય=તે સમાપ્તકલ્પોમાંથી પ્રત્યેક ગચ્છના સાધુઓને આશ્રયીને એક એકનો ગચ્છ ન થાય, ત્યાં સુધી અનુપપન્નગચ્છવાળા એવા તેને એકતર સાધુઓ સારણા કરે જેઓના અવગ્રહમાં વર્તે છે. હવે સારણા કરાતા એવા તેઓ=જેમનો ગચ્છ પૂર્ણ થયો નથી અને એકતર ગચ્છમાં રહ્યા છે એવા તેઓ, જે ગચ્છમાં રહ્યા છે તેમના દ્વારા સારણા કરાતા

**એવા તેઓ, પરિતાપને પામે છે=ઉચિત ક્રિયા અપ્રમાદપૂર્વક કરવા માટે પ્રેરણા કરાતા એવા તેઓ કંઈક કષાયને વશ પરિતાપને પામે છે, ત્યારે કુલસ્થવિરોને, ગણસ્થવિરોને અથવા સંઘસ્થવિરોને તેઓને આપે છે અર્થાત્ કુલસ્થવિરાદિમાંથી જેઓ તેઓને ઉચિત વિવેકપૂર્વક સારણા કરાવીને અપ્રમાદી કરવા સમર્થ હોય તેઓને સોંપે છે. અથવા તેઓને=સારણ કરાતા પરિતાપને પામનારા સાધુઓને, જે કોઈપણ સંમત છે તેમને સમર્પણ કરે છે. ॥૨૬૧॥**

**ભાવાર્થ :-**

સુસાધુઓ જિનવચનાનુસાર સમાપ્તકલ્પપૂર્વક માસકલ્પાદિ કરનારા હોય છે જેથી ભગવાનની આજ્ઞાના અપાલનરૂપ દોષની પ્રાપ્તિ થાય નહિ. આમ છતાં કોઈક સાધુ કોઈક કારણથી એકાકી થયા હોય જેમ અટવીમાં કોઈક મહાત્માને કાંટો લાગ્યો, ચાલવા અસમર્થ થયા ત્યારે અન્ય સાધુઓને કહે છે તમો વિહાર કરો, પગસ્વસ્થ થશે તો આવીને હું મળીશ અન્યથા જીવનના અંત સુધી આરાધના કરીશ એવા મહાત્માને કોઈક રીતે કાંટો દૂર થાય ત્યારે એકાકી થાય તેમ અન્ય કોઈ કારણથી પણ અન્ય સાધુ એકાકી થયેલા હોય અથવા સમાપ્તકલ્પથી ન્યૂન થયેલા હોય અને તેવા સાધુ સમાપ્તકલ્પ કરવા અર્થે કોઈક ગચ્છનો આશ્રય કરે ત્યારે સુખ-દુઃખાર્થે ઉપસંપદા સ્વીકારનાર તે સાધુઓ બને છે. વળી જે સાધુઓ એકાકી નથી પરંતુ સમાપ્તકલ્પથી ન્યૂન છે તે સાધુઓ જેઓની પાસે ઉપસંપદા સ્વીકારે છે તે ઉપસંપદા આપનારા સાધુઓના વૈયાવચ્ચાદિ કૃત્ય ઉપસંપદા સ્વીકારનારના સહાયક સાધુઓ કરે છે તો ઉપસંપદા સ્વીકારનાર સાધુઓને જે કાંઈ સચિત્તાદિ પ્રાપ્ત થાય તે તેમનું આભાવ્ય થાય છે તેથી તે સાધુએ સમાપ્તકલ્પ થવા અર્થે કોઈ અન્ય ગચ્છનો આશ્રય કરેલો હોવા છતાં તેમના ઉપદેશથી સંવેગ પામીને સંયમ માટે કોઈ તત્પર થાય તો તે દીક્ષા ગ્રહણ કરનાર ઉપસંપદા આપનારના શિષ્ય થતા નથી પરંતુ ઉપસંપદા સ્વીકારનારના શિષ્ય થાય છે.

વળી, જો સસહાય એવા કોઈ મહાત્માએ અન્ય ગચ્છની ઉપસંપદા સ્વીકારી હોય તેથી તેઓ સમાપ્તકલ્પવાળા થયા હોય તો તેમનાથી પ્રતિબોધ પામીને કોઈ સંયમ લેવા તત્પર થાય તો તે ગચ્છના સર્વ સાધુઓનું સાધારણ બને છે; કેમ કે તે સર્વ સાધુઓ સમનોજ્ઞ છે=પરસ્પર મિલિત થઈને સમાપ્તકલ્પવાળા થયેલા હોવાથી પરસ્પર એક સમુદાયની જેમ સાંભોગિક સાધુઓ કહેવાયા છે તેથી જે કાંઈ પ્રાપ્ત થાય તે સર્વ સાધુઓનું સાધારણ બને છે. પરંતુ સુખ-દુઃખ માટે ઉપસંપન્ન સાધુથી પ્રતિબોધ પામેલા છે માટે તેમના થાય એવો નિયમ નથી.

વળી બે-ત્રણ ગચ્છના અસમાપ્તકલ્પવાળા ગીતાર્થ સાધુઓ એકઠા થઈને સુખ-દુઃખની ઉપસંપદા અર્થે પરસ્પર એકબીજાની ઉપસંપદા સ્વીકારીને રહે છે ત્યારે તે બે-ત્રણ ગચ્છના ભેગા થયેલા ગીતાર્થો ઉપદેશાદિ દ્વારા જે કોઈને પ્રતિબોધ કરે તે તેમનું થાય તેવો નિયમ નથી પરંતુ જે કાંઈ લાભ થાય તેના બધા સમભાગી થાય છે તેથી મધ્યસ્થ સાધુઓ ભગવાનના વચનાનુસાર તે પ્રકારે જ ઉચિત વ્યવહાર કરે

તો જ સામાયિકની શુદ્ધિ થાય અને જો એમ વિચારે કે મારાથી પ્રતિબોધ પામેલ છે અને મારે સમાપ્તકલ્પ થવું છે માટે તેને હું મારો શિષ્ય કરું એમ વિચારીને પોતાનો શિષ્ય કરે તો તેમનો સામાયિકનો પરિણામ દૂષિત થાય છે અને યાવત્ સામાયિકનો પરિણામ નાશ પણ પામે માટે સામાયિકની શુદ્ધિના અર્થી સુસાધુઓ સર્વજ્ઞના વચનથી અન્યથા પ્રવૃત્તિ કરવાનો મનમાં પણ વિકલ્પ કરતા નથી. આ રીતે બે-ત્રણ ગચ્છના ગીતાર્થો ભેગા થઈને સમાપ્તકલ્પવાળા થયા હોય અને પ્રત્યેકનો ગચ્છ પૂર્ણ થાય અર્થાત્ ચાતુર્માસ માટે સાત વિચરી શકે તેવો પૂર્ણ થાય તો ઇચ્છાનુસાર પૃથક્ પણ વિહાર કરે અને બે-ત્રણ વર્ગમાંથી પણ કોઈક એક વર્ગનો ગચ્છ પૂર્ણ થયો ન હોય તો અપૂર્ણ થયેલા ગચ્છવાળા સાધુઓની તે બે-ત્રણ ગચ્છમાંથી કોઈક એક ગચ્છવાળા સાધુઓ મર્યાદાથી સારણા કરે અર્થાત્ અસમાપ્તકલ્પવાળા તે સાધુઓ ભગવાનના વચનાનુસાર અપ્રમાદથી સર્વ ઉચિત પ્રવૃત્તિ કરીને સામાયિકની શુદ્ધિ પ્રાપ્ત કરે તે રીતે સારણા કરે.

આ જ કથનનો ભાવ સ્પષ્ટ કરતાં કહે છે.

તે ગણ આદિ ગચ્છમાંથી એક એકનો ગચ્છ પૂર્ણ ન થાય ત્યાં સુધી જેમનો ગચ્છ પૂર્ણ થયો નથી તેને પૂર્ણ થયેલા ગચ્છવાળા સારણા કરે છે.

કોણ સારણા કરે છે ? એથી કહે છે.

જેઓની નિશ્રામાં અપૂર્ણગચ્છવાળા સાધુ વિચરે છે તે પૂર્ણગચ્છવાળા સાધુઓ અપૂર્ણગચ્છવાળા સાધુઓને ઉચિત સ્મરણ કરાવે છે. જોકે તે સર્વ ગચ્છોમાં ગીતાર્થ સાધુઓ છે તોપણ ગીતાર્થોના ક્ષયોપશમમાં તરતમતા હોય છે. પ્રમાદ-અપ્રમાદમાં પણ તરતમતા હોય છે તેથી જે ગચ્છ સમાપ્તકલ્પવાળો થયો છે અને પોતાની નિશ્રામાં અસમાપ્તકલ્પવાળાને રાખે છે ત્યારે માત્ર સાથે રહેવા પૂરતો સંબંધ નથી પરંતુ પોતાની નિશ્રામાં રહેલા સાધુ અપ્રમાદપૂર્વક સંયમની શુદ્ધિ પ્રાપ્ત કરે તેની ચિંતા નિશ્રા આપનાર સાધુએ અવશ્ય કરવી જોઈએ અન્યથા તેઓના પ્રમાદની ઉપેક્ષા કરવાથી પ્રમાદની અનુમોદનાની પ્રાપ્તિ થાય. તેથી જેઓની નિશ્રામાં અસમાપ્તકલ્પવાળા સાધુઓ છે તેઓને નિશ્રા આપનાર સમાપ્તકલ્પવાળા સાધુ વિવેકપૂર્વક સારણા કરે; જોકે અસમાપ્તકલ્પવાળા સાધુમાં પણ ગીતાર્થ છે; આરાધકભાવ છે, કંઈક સામાયિકનો પરિણામ પણ છે, જિનવચનાનુસાર કરવાનો પરિણામ પણ છે આમ છતાં કંઈક કષાયોનો ઉદ્રેક થાય ત્યારે જેમની નિશ્રામાં રહ્યા છે તેમની સારણાથી પરિતાપ પામે છે તથા આરાધકભાવ પણ કાંઈક મલિનતાની પરિણતિ સ્વરૂપ બને છે ત્યારે નિશ્રા આપનારા ગચ્છના સુસાધુઓ તેઓની હિતચિંતા કરે છે અને વિચારે છે કે કઈ રીતે આ સાધુઓ ઉચિત પ્રવૃત્તિ કરીને હિત સાધે ? તેથી કુલસ્થવિર, ગણસ્થવિર કે સંઘસ્થવિરોને તે સાધુઓ સોંપે છે અર્થાત્ કહે છે કે તમે વધારે અનુભવી છો, વિવેકયુક્ત છો તેથી તમે આ લોકોની તે રીતે ઉચિત સારણા કરો જેથી તેઓમાં પ્રમાદની વૃદ્ધિ થાય નહિ અને સારણાકૃત પરિતાપ પણ પ્રાપ્ત થાય નહિ અથવા અસમાપ્તકલ્પવાળા સાધુઓને સમાપ્તકલ્પવાળા સાધુઓમાંથી જે કોઈ સાધુ સંમત હોય તેઓને સમર્પણ કરે છે અર્થાત્ તે સાધુને કહે છે કે તમારા વચનથી પરિતાપ પામ્યા વગર આપણી નિશ્રામાં રહેલા આ સાધુ અપ્રમાદની વૃદ્ધિ કરી શકે તેમ છે માટે તમે જ તેઓની હિતચિંતા કરો. આ પ્રકારે ઉચિત પ્રવૃત્તિ કરવાથી કોઈના હિતની ઉપેક્ષા થતી નથી પરંતુ સારણાથી

પરિતાપને પામનારા સાધુઓનો પરિતાપ પણ દૂર થાય છે અને તેમના વચનથી તેઓ અપ્રમાદવાળા થાય તો સંયમની શુદ્ધિને પણ પ્રાપ્ત કરે છે તેથી વિવેકસંપન્ન ગચ્છ આ રીતે ઉચિત પ્રવૃત્તિ કરીને પોતાની નિશ્રામાં રહેલા સાધુઓનું હિત કરે છે. **॥૨૯૦-૨૯૧॥**

**અવતરણિકા :-**

**उक्ता सुखदुःखोपसम्पत् । अथ मार्गोपसम्पदमाह –**

**અવતરણિકાર્થ :-**

**સુખ-દુઃખ ઉપસંપદા કહેવાઈ. હવે માર્ગ ઉપસંપદાને કહે છે –**

**ગાથા :-**

**गीयत्थपरिग्गहओ, लहइ अगीओ वि हंदि आभव्वं ।**
**मग्गोवसंपयाए, सा पुण एसा मुणेयव्वा ।।२९२।।**

**અન્વયાર્થ :-**

**मग्गोवसंपयाए=માર્ગની ઉપસંપદામાં, गीयत्थपरिग्गहओ=ગીતાર્થના પરિગ્રહથી, अगीओ वि=અગીતાર્થ પણ, आभव्वं लहइ=આભાવ્યને પ્રાપ્ત કરે છે. सा पुण=તે વળી=માર્ગ ઉપસંપદા વળી, एसा मुणेयव्वा=આ= આગળમાં બતાવે છે એ, જાણવી. ।।૨૯૨।।**

**ગાથાર્થ :-**

**માર્ગની ઉપસંપદામાં, ગીતાર્થના પરિગ્રહથી અગીતાર્થ પણ આભાવ્યને પ્રાપ્ત કરે છે. તે વળી=માર્ગ ઉપસંપદા વળી, આ=આગળમાં બતાવે છે એ, જાણવી. ।।૨૯૨।।**

**ટીકા :-**

**'गीयत्थ'त्ति । मार्गोपसम्पदि गीतार्थपरिग्रहतोऽगीतार्थोऽपि 'हन्दि' इत्युपदर्शने आभाव्यं लभते, अन्यथाऽगीतार्थस्य न किञ्चिदाभवतीति वचनान्न कोऽपि लाभः स्यादिति सा पुनरेषा ज्ञातव्या ।।२९२।।**

**ટીકાર્થ :-**

**मार्गोपसम्पदि ..... ज्ञातव्या ।। માર્ગ ઉપસંપદામાં ગીતાર્થના પરિગ્રહથી=ગીતાર્થના સ્વીકારથી, અગીતાર્થ પણ આભાવ્યને પ્રાપ્ત કરે છે. અન્યથા=માર્ગ ઉપસંપદાના સ્વીકાર વગર અગીતાર્થનું કાંઈ જ આભાવ્ય થતું નથી એ પ્રકારનું વચન હોવાથી કોઈપણ લાભ થાય નહિ=અગીતાર્થને કઈ પણ લાભ થાય નહિ. તે=માર્ગ ઉપસંપદા, વળી આ જાણવી=આગળમાં બતાવે છે એ જાણવી. ।।૨૯૨।।**

ગાથા :-

जह कोई मग्गन्नू, अन्नं देसं तु वच्चई साहू ।
उवसंपज्जइ उ तगं, तत्थण्णो गंतुकामो उ ।।२६३।।

અન્વયાર્થ :-

जह मग्गन्नू कोई साहू=જે પ્રમાણે માર્ગને જાણનાર કોઈ સાધુ, अन्नं देसं तु वच्चई=અન્ય દેશમાં જાય છે. तत्थण्णो गंतुकामो=ત્યાં=તે દેશમાં જવાની ઈચ્છાવાળા અન્ય સાધુ, तगं उवसंपज्जइ=તેની=માર્ગ જાણનાર સાધુની, ઉપસંપદા સ્વીકારે છે. ।।૨૬૩।।

ગાથાર્થ :-

**જે પ્રમાણે માર્ગને જાણનાર કોઈ સાધુ અન્ય દેશમાં જાય છે. ત્યાં=તે દેશમાં, જવાની ઈચ્છાવાળા અન્ય સાધુ તેની=માર્ગજ્ઞ સાધુની, ઉપસંપદા સ્વીકારે છે. ।।૨૬૩।।**

ટીકા :-

'जह'त्ति । 'यथा' इति मार्गोपसम्पत्प्रदर्शने, यथा कश्चित्साधुर्मार्गज्ञोऽन्यं देशं व्रजति, तत्र देशेऽन्यो गन्तुकामस्तकं साधुमुपसम्पद्यते अहमपि युष्माभिः सह समागमिष्यामीति ।।२६३।।

ટીકાર્થ :-

'यथा' इति ..... समागमिष्यामीति ।। 'यथा' એ શબ્દ માર્ગ ઉપસંપદાના પ્રદર્શનમાં છે. જે પ્રમાણે માર્ગજ્ઞ એવા કોઈક સાધુ, અન્ય દેશમાં જાય છે. ત્યાં=તે દેશમાં, જવાની ઈચ્છાવાળા અન્ય સાધુ તે સાધુની ઉપસંપદા સ્વીકારે છે.

કઈ રીતે ઉપસંપદા સ્વીકારે છે ? તે બતાવે છે –

હું પણ તમારી સાથે આવીશ. ।।૨૬૩।।

અવતરણિકા :-

अथ कीदृशो मार्गोपदर्शननिमित्तमुपसम्पद्यते तत आह –

અવતરણિકાર્થ :-

હવે કેવા પ્રકારના સાધુ માર્ગ ઉપદર્શન નિમિત્તે ઉપસંપદા સ્વીકારે છે ? તેથી કહે છે –

ગાથા :-

अव्वत्तो अविहाडो, अदिट्ठदेसी अभासिओ वा वि ।
एगमणेगे उवसंपयाइ चउभंग जा पंथो ।।२६४।।

**અન્વયાર્થ :-**

अव्वत्तो=અવ્યક્ત, अविहाडो=પ્રગલ્ભ, अदिट्ठदेसी=અદૃષ્ટદેશવાળા, अभासिओ वा वि=અભાષક, एगमणेगे=એક અનેકમાં, चउभंग=ચાર ભાંગાથી, उवसंपयाइ=ઉપસંપદાને સ્વીકારે છે. जा पंथो=જ્યાં સુધી માર્ગ છે ત્યાં સુધી ઉપસંપદા છે. ॥૨૬૪॥

**ગાથાર્થ :-**

**અવ્યક્ત, પ્રગલ્ભ, અદૃષ્ટદેશવાળા, અભાષક, એક અનેકમાં, ચાર ભાંગાથી ઉપસંપદાને સ્વીકારે છે. જ્યાં સુધી માર્ગ છે ત્યાં સુધી ઉપસંપદા છે. ॥૨૬૪॥**

**ટીકા :-**

'अव्वत्तो'त्ति । अव्यक्तो वयसा 'अविहाडः' प्रगल्भः 'अदृष्टदेशी' अदृष्टपूर्वदेशान्तरः 'अभाषकः' देशभाषापरिज्ञानविकलः, सा चोपसम्पदेकस्यानेकस्य च, अत्र चतुर्भङ्गी तद्यथा—एकक एकं संपद्यते १ एकोऽनेकम् २ एकमनेके ३ अनेकमनेके ४, सा चोपसम्पत्तावद् यावत्पन्थाः, किमुक्तं भवति ? यावत्पन्थानं व्रजति ततो वा प्रत्यागच्छतीति ।।२६४।।

**ટીકાર્થ :-**

अव्यक्तो ..... प्रत्यागच्छतीति ।। અવ્યક્ત=વયથી અવ્યક્ત, અવિહાડ=પ્રગલ્ભ પ્રતિભાશાળી, અદૃષ્ટદેશી=અદૃષ્ટ પૂર્વ દેશાંતરવાળા=પૂર્વમાં દેશાંતરને નથી જોયો એવા, અભાષક=દેશની ભાષાના પરિજ્ઞાનથી વિકલ એવા સાધુ માર્ગની ઉપસંપદા સ્વીકારે છે એમ અન્વય છે.

અને તે=માર્ગની ઉપસંપદા, એકની અને અનેકની થાય છે. આમાં=માર્ગ ઉપસંપદામાં, ચતુર્ભંગી થાય છે. તે આ પ્રમાણે એક એકને સ્વીકારે છે=એક સાધુ કોઈક એક સાધુની ઉપસંપદા સ્વીકારે છે. એક સાધુ અનેક સાધુની ઉપસંપદા સ્વીકારે છે અનેક સાધુઓ એક સાધુની ઉપસંપદા સ્વીકારે છે. અનેક સાધુઓ અનેક સાધુઓની ઉપસંપદા સ્વીકારે છે અને તે ઉપસંપદા ત્યાં સુધી છે જ્યાં સુધી માર્ગ છે.

શું કહેવાયેલું થાય છે ? તે બતાવે છે. જ્યાં સુધી માર્ગમાં જાય છે ત્યાં સુધી ઉપસંપદા છે. અથવા ત્યાંથી=તે દેશથી, પાછા આવે છે ત્યાં સુધી ઉપસંપદા છે. ॥૨૬૪॥

**અવતરણિકા :-**

अस्यामाभाव्यविवेकमाह —

**અવતરણિકાર્થ :-**

આમાં=માર્ગ ઉપસંપદામાં, આભાવ્યના વિવેકને કહે છે —

ગાથા :-

आभव्वं णिंताणं, गयागए तह य गयणियत्ते य ।
उवसंपन्ने वल्ली, दिट्ठाभट्ठा वयंसा य ।।२६५।।

**અન્વયાર્થ :-**

गयागए=ગતાગત ઉપસંપદામાં, गयणियत्ते य=અને ગતનિવૃત્ત ઉપસંપદામાં, णिंताणं आभव्वं=લઈ જનારનું આભાવ્ય થાય છે=ઉવસંપન્નને પ્રાપ્ત થયેલું લઈ જનારાઓનું આભાવ્ય થાય છે. उवसंपन्ने वल्ली दिट्ठाभट्ठा वयंसा य=અને વલ્લી, દૃષ્ટ આભાષિત અને મિત્રો, उवसंपन्ने=ઉપસંપન્નમાં આભાવ્ય થાય છે. 'तह य' પાદપૂર્તિ માટે છે. ।।૨૬૫।।

**ગાથાર્થ :-**

**ગતાગત ઉપસંપદામાં અને ગતનિવૃત્ત ઉપસંપદામાં ઉપસંપન્નને પ્રાપ્ત થયેલું લઈ જનારાઓનું આભાવ્ય થાય છે અને વલ્લી, દૃષ્ટ આભાષિત અને મિત્રો ઉપસંપન્નમાં આભાવ્ય થાય છે. ।।૨૬૫।।**

**ટીકા :-**

'आभव्वं'ति । अव्यक्तादयोऽन्यसाधुमुपसम्पद्यन्तेऽस्मानमुकप्रदेशे नयतेति । अथवा यत्राव्यक्तादीनां गन्तव्यं तत्रैव ये व्यक्तादयो गन्तुकामास्तांस्ते ब्रुवते वयं युष्माभिः सह समागमिष्यामस्ततो यत्र गन्तुकामास्ततो यदि गत्वा प्रत्यागच्छन्ति तदेतद्गतागतमित्युच्यते । तथाऽऽत्मीयेन व्यक्तादिना साधुना सममनुपसम्पन्ना एव ये गतास्तस्य च कालगततया प्रतिभग्नत्वादिना वा कारणेन प्रत्यागन्तव्यं नाभूत् ततस्ते प्रत्यागच्छन्तो यद्व्यक्तादिकं साधुमुपसम्पद्यन्ते तद् गतनिवृत्तमुच्यते । अनयोर्मार्गोपसम्पदोर्नयतां मार्गोपदेशकानामुपसम्पन्नोत्पादितसचित्तादिकमाभाव्यं भवति । उपसम्पन्ने तु वल्ली मातृपितृसम्बद्धा द्विविधापि दृष्टाभाषिता वयस्याश्च ये तमभिधारयन्ति ते आभवन्ति ।।२६५।।

**ટીકાર્થ :-**

अव्यक्तादयोऽन्यसाधु ..... ते आभवन्ति ।। **અવ્યક્ત આદિ સાધુઓ અન્ય સાધુઓની ઉપસંપદા સ્વીકારે છે.**

કઈ રીતે ઉપસંપદા સ્વીકારે છે ? એથી સ્પષ્ટ કરે છે –

**અમોને અમુક પ્રદેશમાં લઈ જાઓ. અથવા જ્યાં અવ્યક્તાદિને ગંતવ્ય છે=જવા યોગ્ય છે, ત્યાં જ જે વ્યક્તાદિ જવાની ઈચ્છાવાળા છે તેઓને=જવાની ઈચ્છાવાળા વ્યક્તાદિ સાધુઓને, તેઓ=અવ્યક્તાદિ સાધુઓ કહે છે.**

શું કહે છે ? તે સ્પષ્ટ કરે છે –

અમે તમારી સાથે આવશું તેથી જ્યાં જવાની ઈચ્છાવાળા છે ત્યાંથી જો જઈને પાછા આવે છે તો આ=જઈને પાછા આવે છે એ, ગતાગત એ પ્રમાણે કહેવાય છે=ગતાગત ઉપસંપદા કહેવાય છે અને જે પોતાના વ્યક્તાદિ સાધુની સાથે અનુપસંપન્ન જ જેઓ ગયા અને તેમના કાલગતપણાથી=વ્યક્તાદિ સાધુના કાલગતપણાથી, અથવા પ્રતિ ભગ્નત્વાદિ કારણથી પાછું આવવાનું ન થયું તેથી પાછા આવતા એવા તેઓ જે વ્યક્તાદિ સાધુની ઉપસંપદા સ્વીકારે છે=અન્ય કોઈ માર્ગના જાણનારા એવા વ્યક્તાદિ સાધુની ઉપસંપદા સ્વીકારે છે, તે ગતનિવૃત્ત કહેવાય છે=ગતનિવૃત્ત ઉપસંપદા કહેવાય છે. ઉપસંપન્નથી ઉત્પાદિત એવા સચિત્તાદિ=ઉપસંપદા સ્વીકારનાર સાધુથી ઉત્પાદિત સચિત્તાદિક, આ બંને માર્ગ ઉપસંપદામાં લઈ જનારા માર્ગ ઉપદેશકોનું આભાવ્ય થાય છે. વળી, ઉપસંપન્નમાં માતૃ-પિતૃ સંબંધી બંને પ્રકારની પણ વલ્લી અને દૃષ્ટ આભાષિત અને મિત્રો જે તેને=ઉપસંપદા સ્વીકારનારને, અભિધારણ કરે છે તેઓ થાય છે=ઉપસંપદા સ્વીકારનારના તેઓ શિષ્ય થાય છે. ॥૨૬૫॥

**ગાથા :-**

उवणट्ठाइविगप्पा, अगवेसंता लहंति णो किंचि ।
अगविट्ठो त्ति परिणए, गवेसमाणा खलु लहंति ।।२६६।।

**અન્વયાર્થ :-**

उवणट्ठाइविगप्पा=ઉપનષ્ટાદિ વિકલ્પથી, अगवेसंता=અગવેષણા કરતા, किंचि णो लहंति=કાંઈ પ્રાપ્ત કરતા નથી. अगविट्ठो त्ति=નહિ પ્રાપ્ત થયેલ પણ અગવિષ્ઠ છે=ગવેષણા કરાયા નથી. એ પ્રકારની, परिणए=પરિણતિ હોતે છતે, गवेसमाणा=ગવેષણા કરતા, खलु लहंति=પ્રાપ્ત કરે છે=આભાવ્યને પ્રાપ્ત કરે છે. ॥૨૬૬॥

**ગાથાર્થ :-**

**ઉપનષ્ટાદિ વિકલ્પથી અગવેષણા કરતા કંઈ પ્રાપ્ત કરતા નથી. નહિ પ્રાપ્ત થયેલ પણ અગવિષ્ઠ છે=ગવેષણા કરાયા નથી, એ પ્રકારની પરિણતિ હોતે છતે ગવેષણા કરતા પ્રાપ્ત કરે છે=આભાવ્યને પ્રાપ્ત કરે છે. ॥૨૬૬॥**

**ટીકા :-**

'उवणट्ठाइ'त्ति । यः खलूद्भ्रामकाद्यदृष्टपूर्वे विषये गतस्ततो न जानाति कुतो गन्तव्यम् ? इति स्फिटितः, यो वाऽभाषकोऽदृष्टपूर्वविषये पृष्ठतो लग्नो याति परं मिलितुं न शक्नोति, न च शेषभा-षामजानन्नन्यं पृच्छति ततः स्फिटितः, ततस्तम् 'उपनष्टादिविकल्पात्, उपेत्य स्वज्ञातिकान्नष्ट उपनष्टः, आदिना विवक्षितस्थाने गत इत्यादिग्रहः, एवमादिकात् सङ्कल्पाद्विश्वस्ताः सन्तोऽगवेषयन्तो मार्गोप-दर्शनार्थमुपसंपन्ना न किञ्चिल्लभन्ते, यदि पुनरद्याप्यगवेषित इति परिणते चेतसि प्रयत्नं विधाय गवेषयन्ति तदा तस्यादर्शनेऽपि लभन्ते खलूपसम्पन्नसत्कम् ।।२६६।।

**ટીકાર્થ :-**

**यः खलूद्भ्रामकाद्यदृष्ट ..... खलूपसम्पन्नसत्कम् ।। ઉદ્‌ભ્રામક ભિક્ષાચર્યાથી અદૃષ્ટપૂર્વ વિષયમાં જે ગયો=કોઈકની ઉપસંપદા સ્વીકારીને કોઈક ગામમાં ગયેલ હોય અને ભિક્ષાચર્યા માટે નિયત દેશથી જાય અને તે જ રસ્તે પાછા આવતા હોય પરંતુ કોઈક રીતે માર્ગમાં ભ્રમ થાય એ પ્રકારની ભિક્ષાચર્યાથી નહિ જોવાયેલા તે નગરમાં ગયો હોય, તેથી ક્યાંથી જવું જોઈએ તે જાણતો નથી=કયા સ્થાનથી ઉપાશ્રયમાં જવું જોઈએ એ જાણતો નથી એથી સ્ફિટિત છે=જેની ઉપસંપદા સ્વીકારી છે તેનાથી જુદો પડ્યો છે એથી સ્ફિટિત છે અથવા અદૃષ્ટપૂર્વ વિષયમાં જે અભાષક=તે દેશની ભાષા જાણતો નથી તેવો અભાષક, પૃષ્ઠથી લાગેલો જાય છે=તે દેશના જાણકાર અને જેણે ઉપસંપદા આપી છે તેવા સાધુની પાછળ પાછળ જાય છે, પરંતુ મળવા માટે સમર્થ નથી=ઉપસંપદા આપનાર સાધુ શીઘ્ર ગતિવાળા હોવાથી તેમની સાથે મળવા માટે સમર્થ થતો નથી અને શેષ ભાષાને નહિ જાણતો અન્યને પૂછતો નથી=માર્ગ પૂછતો નથી, તેથી સ્ફિટિત છે=જેની ઉપસંપદા સ્વીકારી છે તેનાથી જુદો પડ્યો છે એથી સ્ફિટિત છે, ત્યારપછી ઉપનષ્ટાદિ વિકલ્પથી=સ્વજ્ઞાતિવાળાને પ્રાપ્ત કરીને ચાલ્યા ગયા છે એ રૂપ ઉપનષ્ટ સંકલ્પથી અને આદિથી વિવક્ષિત સ્થાને ગયા છે એ વગેરે સંકલ્પથી, વિશ્વસ્ત છતા=ઉપસંપદા આપનાર સાધુઓ આ પ્રકારના સંકલ્પથી વિશ્વસ્ત છતા, તેને=સ્ફિટિત સાધુને, નહિ ગવેષતા માર્ગ ઉપસંપદા માટે ઉપસંપન્ન=માર્ગ ઉપસંપદા માટે કોઈકના દ્વારા ઉપસંપદા સ્વીકારાયેલા સાધુઓ, કંઈ પ્રાપ્ત કરતા નથી. જો વળી, હજુ પણ અગવેષિત છે એ પ્રમાણે ચિત્ત પરિણત હોતે છતે=ભિક્ષાચર્યાથી ભૂલેલા સાધુની કે પોતાની પાછળ આવતા ભૂલેલા સાધુ અગવેષિત છે એ પ્રમાણે ચિત્ત પરિણત હોતે છતે, પ્રયત્ન કરીને ગવેષણા કરે છે. તો તેના અદર્શનમાં પણ=ભૂલેલા સાધુની અપ્રાપ્તિમાં પણ, ઉપસંપન્ન સંબંધી=માર્ગના અર્થે જે ઉપસંપદા સ્વીકારનાર સાધુ છે તેમના સંબંધી, આભાવ્યને પ્રાપ્ત કરે છે. ॥૨૬૬॥**

❖ અહીં ટીકામાં उद्भ्रामकाद्यदृष्टपूर्वे विषये गतः..... એ પ્રમાણે પાઠ છે ત્યાં उद्भ्रामकभिक्षाचर्यया अदृष्टपूर्वे विषये गतः એ પ્રમાણે વ્યવહાર ભાષ્ય ઉદ્દેશા ૧૦માં ગાથા-૧૬૯ની ટીકામાં પાઠ છે તે સંગત જણાય છે.

**ભાવાર્થ :-**

કોઈ સાધુ અપ્રમાદની વૃદ્ધિ અર્થે સંયમમાં ઉત્થિત હોય અને કોઈક તેવા દેશમાં જવામાં કોઈક તેવો વિશેષ લાભ જણાયો હોય અને પોતે તે દેશમાં ક્યારેય ગયા ન હોય અને તે દેશની ભાષા જાણતા ન હોય તેથી અવ્યક્તાદિ છે=તે દેશના માર્ગથી અવ્યક્ત છે અને આદિ પદથી તે દેશની ભાષાથી અજ્ઞ છે અને તેવા સાધુ સંયમની વિશિષ્ટ આરાધનાના પ્રયોજનથી ઉચિત જણાય ત્યારે તે દેશમાં જનારા અને તે દેશની ભાષા જાણનારા અન્ય સાધુની ઉપસંપદા સ્વીકારે છે અર્થાત્ તે સાધુને કહે છે કે અમોને અમુક પ્રદેશમાં તમે લઈ જાઓ, તેથી ફલિત થાય કે તે દેશના પરિચિત સાધુ પણ તે દેશમાં જવા માટે તત્પર થયા નથી. આમ છતાં અવ્યક્તાદિ સાધુઓને ત્યાં જવાથી કો'ક પરિચિતાદિને ઉપકાર થાય તેવી સંભાવના જણાવાથી તે સાધુને કહે કે અમોને અમુક પ્રદેશમાં લઈ જાઓ. ત્યારે તેઓના વચનથી ત્યાં જવું ઉચિત જણાવાથી તે

સાધુ જવા માટે તત્પર થાય. ત્યારે તેઓની ઉપસંપદા અવ્યક્તાદિ સાધુઓ સ્વીકારે છે. અથવા જે અપરિચિત સ્થાનમાં અવ્યક્તાદિ સાધુને જવાથી લાભ દેખાય છે ત્યાં જ તે દેશના પરિચિત એવા સાધુઓ જવાની ઇચ્છાવાળા છે. તેઓને અવ્યક્તાદિ સાધુઓ કહે કે અમે તમારી સાથે આવીશું. તેથી, ત્યાં જવાની ઇચ્છાવાળા સાધુઓ ત્યાં જઈને પાછા આવે=તે વ્યક્ત સાધુઓ સાથે જ પાછા આવે, તો તેઓએ સ્વીકારેલી ઉપસંપદા ગતાગત ઉપસંપદા કહેવાય છે; કેમ કે જવા અને આવવા માટે તેમણે તે વ્યક્ત સાધુઓની ઉપસંપદા સ્વીકારી છે.

વળી, પોતાના જ ગચ્છમાં કોઈક વ્યક્તાદિ સાધુઓ હોય અર્થાત્ વયથી વ્યક્ત હોય, તે દેશને જોયેલો હોય, તે દેશની ભાષા જાણતા હોય તેથી કોઈ અન્ય ગચ્છના સાધુની માર્ગ બતાવવા નિમિત્તે ઉપસંપદા સ્વીકાર્યા વગર કોઈ સાધુ તે દેશમાં જાય છે ત્યારપછી ત્યાં તે દેશના જાણકાર સાધુ કાળધર્મ પામ્યા હોય અથવા વ્રતના પરિણામથી ભગ્ન થયા હોય તેથી ગૃહસ્થ થયા હોય અથવા કોઈ એવી સ્થિતિમાં હોય જેથી તે સાધુઓને તે દેશથી પરિચિત સ્થાનમાં પાછા ફરવા માટે અન્ય કોઈ વ્યક્ત સાધુની ઉપસંપદા સ્વીકારે છે. તે ગતનિવૃત્ત ઉપસંપદા કહેવાય છે.

વળી, માર્ગ બતાવવા માટે પણ કો'કની ઉપસંપદા સ્વીકારવામાં આવે તો તેઓની સાથે ઉચિત વર્તન શું છે તે બતાવવા માટે આભાવ્યવિષયક મર્યાદા બતાવે છે. જેથી માર્ગ બતાવવાને અનુરૂપ તેઓનો જે ઉપકાર છે તેને અનુરૂપ ઉચિત વ્યવહાર થાય અને આ બંને પ્રકારની માર્ગ ઉપસંપદા જેઓએ સ્વીકારી છે તેઓને માર્ગમાં સચિત્ત અચિત્તાદિ સંયમનું જે કાંઈ પોષક પ્રાપ્ત થાય તે માર્ગમાં લઈ જનારા સાધુનું આભાવ્ય થાય છે. ફક્ત જે સાધુ ઉપસંપદા સ્વીકારીને તે દેશમાં જાય છે કે આવે છે તેઓની બે પ્રકારની વલ્લી અને પૂર્વે જોવા માત્રથી બોલાવાયેલા અને મિત્રો જો ઉપસંપદા સ્વીકારનારની પાસે સંયમ લેવા ઇચ્છે તો તેમના થાય છે અને જો ઉપસંપદા આપનાર સાધુના ગુણોથી આવર્જિત થઈને તેમની પાસે દીક્ષા લેવા ઇચ્છે તો તેમના થાય છે. આ રીતે બે પ્રકારની માર્ગ ઉપસંપદા સ્વીકારનાર વિષયક આભાવ્ય બતાવ્યું. હવે, તે આભાવ્યના વિષયમાં જ શું વિશેષ છે તે સ્પષ્ટ કરતાં બતાવે છે.

કોઈ સાધુ કોઈ અન્ય ગચ્છના સાધુની માર્ગ ઉપસંપદા સ્વીકારીને જતા હોય ત્યારે અપરિચિત સ્થાનમાં ગોચરી જતી વખતે નિયત માર્ગથી જાય છે અને તે જ માર્ગથી પાછા ફરે છે જેથી માર્ગ ભૂલે તો વસ્તીમાં આવવું દુષ્કર બને તેનું નિવારણ થાય છે; કેમ કે ભાષા જાણતા નથી. તેથી કોઈને તે દેશનો માર્ગ પૂછી શકે નહિ આમ છતાં જે દિશાથી ગયા હોય તે દિશામાં કોઈક ભ્રમ થવાથી તે સાધુ વસ્તીના સ્થાનને પ્રાપ્ત કરી શકે નહિ; કેમ કે તે દેશ પૂર્વમાં ક્યારેય જોયો નથી અને ત્યાંની ભાષા જાણતા નથી તેથી કોઈને પૂછી શકતા નથી તેથી ઉપસંપદા આપનાર સાધુથી છૂટા પડે છે. તે વખતે તેઓની શોધ કરવાર્થે ઉપસંપદા આપનાર સાધુએ જવું જોઈએ. વળી, કોઈ સાધુ અદૃષ્ટપૂર્વ એવા દેશમાં તે દેશના જાણનારા ઉપસંપદા આપનારા સાધુની પાછળ પાછળ જાય છે છતાં વિહારમાં ઉપસંપદા આપનાર સાધુથી કંઈક પાછળ રહી જાય છે અને ત્યાંની ભાષા નહિ જાણતા હોવાથી અન્યને પૂછીને પણ ઉપસંપદા આપનાર સાધુના સ્થાનમાં પહોંચી શકતા નથી તેથી એકલા પડે છે. આ રીતે બંને પ્રકારે ઉપસંપદા આપનાર સાધુથી છૂટા પડેલાની

ગવેષણા ઉપસંપદા આપનાર સાધુએ કરવી જોઈએ જેથી તેઓને એકલા પડવાને કારણે તે સ્થાનમાં ક્લેશ થાય નહિ. આમ છતાં તે ઉપસંપદા આપનાર સાધુ વિચારે કે પોતાના કોઈક પરિચિત જ્ઞાતિવાળા તેમને તે સ્થાનમાં મળ્યા છે છતાં પૂછ્યા વગર ગયા છે અથવા પોતાને તે દેશમાં જેઓને પ્રતિબોધ આદિ કરવો છે તે વિવક્ષિત સ્થાનમાં સ્વયં ચાલ્યા ગયા છે એવા વિકલ્પો કરીને તેમની ગવેષણા કરે નહિ તો માર્ગ ઉપસંપદા આપનાર સાધુને ઉપસંપદા આપવાને કારણે જે આભાવ્ય થતું હતું તે પ્રાપ્ત થાય નહિ; કેમ કે ઉપસંપદા આપનાર સાધુએ પોતાનો ઉચિત વિવેક કર્યો નથી. માત્ર સ્વકલ્પનાથી ભૂલા પડેલા તેઓની ગવેષણા કરવાનો યત્ન કર્યો નથી. માટે કોઈક રીતે તેઓ ભેગા થાય તોપણ ઉપસંપદા સ્વીકારનાર સાધુનું આભાવ્ય તેમને પ્રાપ્ત થતું નથી. પરંતુ જો ઉપસંપદા આપનાર સાધુ હજુ તેઓની ગવેષણા થઈ નથી એ પ્રકારનો પરિણામ ધારણ કરે અને તેની ગવેષણાનો પ્રયત્ન કરે છે આમ છતાં ઉપસંપદા સ્વીકારનાર સાધુ ક્યાંય પ્રાપ્ત થતા નથી તોપણ ઉપસંપદા લેનાર સાધુને જે પ્રાપ્ત થયું છે તે સર્વ પૂર્વમાં કહ્યું તે પ્રમાણે ઉપસંપદા આપનાર સાધુનું થાય છે; કેમ કે ઉપસંપદા આપ્યા પછી તેઓના સર્વ પ્રકારની હિતની ચિંતા તેઓએ કરી છે. **॥૨૬૫-૨૬૬॥**

**અવતરણિકા :-**

**उक्ता मार्गोपसम्पत् । अथ विनयोपसम्पदमाह –**

**અવતરણિકાર્થ :-**

**માર્ગ ઉપસંપદા કહેવાઈ, હવે, વિનય ઉપસંપદાને કહે છે –**

**ગાથા :-**

**विणओवसंपयाए, पुच्छाए साहणे य गहणम्मि ।**
**णाए गुणम्मि दोन्नि वि, णमंति पक्किल्लसाली वा ।।२६७।।**

**અન્વયાર્થ :-**

**विणओवसंपयाए=વિનય ઉપસંપદામાં, पुच्छाए=પૃચ્છા કરવી જોઈએ, साहणे=સાધન કરવું જોઈએ=જેને પૃચ્છા કરી છે તેઓએ નિવેદન કરવું જોઈએ. गहणम्मि य=અને ગ્રહણમાં=સચિત્તાદિ ગ્રહણમાં, પરસ્પર નિવેદન, गुणम्मि णाए=પરસ્પર ગુણ જ્ઞાન થયે છતે, दोन्नि वि=બંને પણ, पक्किल्लसाली वा= પક્વશાલીની જેમ, णमंति=પરસ્પર નમે છે. ।।૨૬૭।।**

**ગાથાર્થ :-**

**વિનય ઉપસંપદામાં પૃચ્છા કરવી જોઈએ. સાધન કરવું જોઈએ=જેને પૃચ્છા કરી છે તેઓએ નિવેદન કરવું જોઈએ અને ગ્રહણમાં=સચિત્તાદિ ગ્રહણમાં, પરસ્પર નિવેદન, પરસ્પર ગુણ જ્ઞાત થયે છતે બંને પણ પક્વશાલીની જેમ પરસ્પર નમે છે. ।।૨૬૭।।**

**ટીકા :-**

'विणओवसंपयाए'त्ति । विनयोपसम्पदि कारणतोऽकारणतो वा केचिद्विहरन्तोऽदृष्टपूर्वं देशं गतास्तैर्वास्तव्यानां साम्भोगिकानां पृच्छा कर्त्तव्या मासकल्पप्रायोग्याणां वर्षावासप्रायोग्याणां वा क्षेत्राणाम् । तस्यां च कृतायां तैः 'साधनं' निवेदनं कर्त्तव्यम् । यदि च न पृच्छन्ति पृष्टा वा ते न कथयन्ति तदा द्वयानामपि प्रत्येकं प्रायश्चित्तं लघुको मासः । यच्च पृच्छामन्तरेण कथनमन्तरेण वा स्तेनश्वापदादिभ्योऽनर्थं साधवः प्राप्नुवन्ति तन्निष्पन्नमपि । तथा साधिते च क्षेत्रे ग्रहणं सचित्तादीनां यदागन्तुकैर्वास्तव्यैश्च क्रियतेऽन्योन्यं निवेदनीयं च तदपि, यथैतन्मया सचित्तमचित्तं वा लब्धं यूयं प्रतिगृह्णीत, एवं निवेदने कृते द्वितीयो न गृह्णाति परं सामाचार्येषेत्यवश्यं निवेदनं कर्त्तव्यम्, अनिवेदने लघुको मासः । ततो द्रव्यादिपरीक्षया ज्ञाते गुणे परीक्षापूर्वकमुपसम्पद्यमाना द्वयेऽपि परस्परं नमन्ति, किमुक्तं भवति ?-रत्नाधिकस्य प्रथमतोऽवमरत्नाधिकेनाऽऽलोचना दातव्या, पश्चाद्रत्नाधिकेनावमरत्नाधिकस्य, तदुक्तम्–

'वंदणालोअणा चेव, तहेव य निवेयणा ।
सेहेण उ पउत्तम्मि, इयरो पच्छ कुव्वइ ।।१।।'

अत्र पक्वशालयो दृष्टान्तः–यथा पक्वाः शालयः परस्परं नमन्ति तथाऽत्रापीति भावः । अपरीक्ष्योपसम्पत्तौ परीक्ष्यापि प्रमादिन उपसम्पत्तौ च प्रत्येकं प्रायश्चित्तं चत्वारो गुरुकाः ।।२६७।।

**ટીકાર્થ :-**

विनयोपसम्पदि ..... गुरुकाः ।। વિનય ઉપસંપદામાં કારણથી કે અકારણથી કોઈક વિહાર કરતા કેટલાક સાધુઓ અદૃષ્ટપૂર્વ દેશમાં ગયા. તેઓ વડે=અદૃષ્ટપૂર્વ દેશમાં ગયેલા સાધુઓ વડે, વાસ્તવ્ય એવા સાંભોગિક સાધુઓને માસકલ્પ પ્રાયોગ્ય અને વર્ષાવાસ પ્રાયોગ્ય એવાં ક્ષેત્રોની પૃચ્છા કરવી જોઈએ અને તે કરાયે છતે=માસકલ્પ પ્રાયોગ્ય અને વર્ષા પ્રાયોગ્ય એવાં ક્ષેત્રની પૃચ્છા કરાયે છતે, તેઓ વડે=વાસ્તવ્ય સાંભોગિક સાધુઓ વડે, નિવેદન કરવું જોઈએ=પોતાના બોધ અનુસાર માસકલ્પ પ્રાયોગ્ય અને વર્ષા પ્રાયોગ્ય ક્ષેત્રનું નિવેદન કરવું જોઈએ અને જો પૃચ્છા કરતા નથી=નહિ જોવાયેલ દેશમાં આવેલા સાધુઓ વાસ્તવ્ય સાધુઓને પૃચ્છા કરતા નથી, અથવા તે=સાંભોગિક સાધુઓ, કહેતા નથી=તે માસકલ્પ પ્રાયોગ્ય ક્ષેત્ર આદિનું ઉચિત કથન કરતા નથી, ત્યારે બંનેના પણ પ્રત્યેકને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે=પૃચ્છા કરનાર પૃચ્છા ન કરે તો તેમને પ્રાયશ્ચિત્ત આવે છે અને સાંભોગિક સાધુ ઉચિત ઉત્તર ન આપે તો તેમને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે છે અને જે પૃચ્છા વગર અથવા ઉત્તરરૂપ કથન વગર સ્તેનશ્વાપદાદિથી સાધુઓ અનર્થને પ્રાપ્ત કરે છે તદ્ નિષ્પન્ન પણ પ્રાયશ્ચિત્ત આવે છે અને ક્ષેત્ર સાધિત થયે છતે=વિનય ઉપસંપદા સ્વીકારનાર સાધુ પૃચ્છા કરે અને

**સાંભોગિક સાધુઓ તે ક્ષેત્રનું ઉચિત કથન કરે એ રૂપ ક્ષેત્ર સાધિત થયે છતે, આગંતુક સાધુઓ વડે અને વાસ્તવ્ય સાધુઓ વડે સચિત્તાદિનું જે ગ્રહણ છે. નિવેદનીય એવું તે પણ પરસ્પર કરાય છે=નિવેદન કરાય છે.**

કઈ રીતે નિવેદન કરાય છે તે 'यथा'થી બતાવે છે.

**મારા વડે આ સચિત્ત અથવા અચિત્ત પ્રાપ્ત કરાયું છે. તમે ગ્રહણ કરો=સાંભોગિક સાધુઓને આગંતુક સાધુઓ કહે છે કે તમે ગ્રહણ કરો અને આ પ્રમાણે નિવેદન કરાયે છતે બીજા=સાંભોગિક સાધુઓ, ગ્રહણ કરતા નથી પરંતુ આ સામાચારી છે=ઉચિત વિનય કરવો તે સામાચારી છે, એથી અવશ્ય નિવેદન કરવું જોઈએ. અનિવેદન કરાયે છતે=આગંતુક સાધુઓ પૃચ્છા કર્યા પછી વાસ્તવ્ય સાધુને સચિત્ત અચિત્ત પોતાને જે પ્રાપ્ત થયું છે તેને ગ્રહણ કરવાનું નિવેદન ન કરે તો, લઘુમાસ પ્રાયશ્ચિત્ત છે. ત્યારપછી દ્રવ્યાદિની પરીક્ષાથી જ્ઞાત ગુણવાળા હોતે છતે=આગંતુક અને વાસ્તવ્ય બંને દ્રવ્ય, ક્ષેત્ર આદિની પરીક્ષા કરીને તેઓ સુસાધુ છે એ પ્રમાણે જ્ઞાત ગુણવાળા હોતે છતે, પરીક્ષાપૂર્વક ઉપસંપદ્યમાન=પરસ્પર વિનય કરવા રૂપ ઉપસંપદ્યમાન, બંને પણ પરસ્પર નમે છે. શું કહેવાયેલું થાય છે ?=પરસ્પર નમે તેના દ્વારા શું કહેવાયેલું થાય છે એથી કહે છે. રત્નાધિક સાધુને પ્રથમથી અલ્પ પર્યાયવાળા સાધુ વડે આલોચના આપવી જોઈએ. પાછળથી રત્નાધિક સાધુ વડે અલ્પ પર્યાયવાળા સાધુને આલોચના આપવી જોઈએ. તે કહેવાયું છે.**

"વંદના અને આલોચના અને તે પ્રકારે જ નિવેદના શૈક્ષ વડે પ્રયુક્ત કરાયે છતે પાછળથી ઈતર કરે છે." ।।૧।।

**અહીં=વિનય ઉપસંપદામાં, પક્વશાલીઓ દૃષ્ટાંત છે. જે પ્રમાણે પક્વશાલીઓ=પાકેલી શાલિઓના છોડો પરસ્પર નમે છે તે પ્રમાણે અહીં પણ=વિનય ઉપસંપદામાં, પૃચ્છા કરનાર અને ઉત્તર આપનાર બંને પણ પરસ્પર નમે છે. પરીક્ષા કર્યા વગર ઉપસંપત્તિમાં=નમન કરવા રૂપ વિનય ઉપસંપદા સ્વીકારવામાં અને પરીક્ષા કરીને પણ પ્રમાદી સાધુઓની ઉપસંપત્તિમાં=બંને પક્ષમાંથી કોઈ સાધુ પ્રમાદી હોય અને તેઓને નમસ્કાર કરવા રૂપ વિનય ઉપસંપદા સ્વીકારવામાં, પ્રત્યેકને ચતુર્ગુરુક પ્રાયશ્ચિત્ત છે. ।।૨૬૭।।**

**ભાવાર્થ :-**

સુસાધુઓ સંયમના પ્રયોજનથી કો'ક સ્થાને ગયા હોય ત્યારે કોઈકના પ્રતિબોધ કરવા આદિના વિશેષ કારણથી પૂર્વમાં નહિ જોયેલા દેશમાં ગયા હોય અથવા તેવું કોઈ કારણ ન હોય છતાં અપ્રતિબદ્ધ નવકલ્પી વિહાર કરતાં કરતાં કોઈક નહિ જોવાયેલા દેશમાં ગયા હોય. તે દેશમાં કોઈક વસનારા સાંભોગિક સાધુઓ હોય અર્થાત્ તે દેશમાં વિચરનારા અને તે દેશના ક્ષેત્રોથી પરિચિત હોય અને જેઓ સાથે ગોચરી-પાણીનો વ્યવહાર થાય તેવા સાંભોગિક સાધુઓ છે તેઓને નવા આવેલા સાધુઓ માસકલ્પ પ્રાયોગ્ય અને વર્ષા પ્રાયોગ્ય ક્ષેત્રોની પૃચ્છા કરે અને તે દેશના પરિચિત વસનારા સાધુઓ પણ તે ક્ષેત્રમાં માસકલ્પ પ્રાયોગ્ય અને વર્ષા પ્રાયોગ્ય ક્ષેત્રો ક્યાં છે તેનું નિવેદન કરે. જેથી નવા અપરિચિત ક્ષેત્રમાં આવેલા સાધુઓ

અત્યંત અક્લેશપૂર્વક ઉચિત સ્થાને સંયમની આરાધના કરવા સમર્થ બને. તેથી, અક્લેશપૂર્વક સંયમની આરાધનાના અંગભૂત તે ક્ષેત્રમાં માસકલ્પ પ્રાયોગ્યાદિ ક્ષેત્રોની પૃચ્છા કરવી તે સંયમવૃદ્ધિનું અંગ છે માટે અવશ્ય કરવું જોઈએ અને સુસાધુઓની સંયમવૃદ્ધિના અંગભૂત ક્ષેત્રનું નિવેદન પણ સાંભોગિક સાધુઓએ અવશ્ય કરવું જોઈએ આમ છતાં નવા આવનારા સાધુઓ વાસ્તવ્ય સાધુઓને પૃચ્છા ન કરે તો સંયમની શુદ્ધિના અંગભૂત ઉચિત પ્રવૃત્તિ નહિ કરવાને કારણે તેઓને લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે.

વળી, જે સાંભોગિક સાધુઓને આગંતુક સાધુઓએ પૃચ્છા કરી છે તેઓ પણ પોતાના બોધ અનુસાર માસકલ્પાદિ ક્ષેત્રોનું યથાર્થ નિવેદન ન કરે તો સુસાધુના ક્લેશના પરિહારમાં ઉચિત યત્ન કરવામાં ઉપેક્ષા કરી તેના કારણે તે સાધુઓને પણ લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે.

વળી, પૃચ્છા વગર જનારા સાધુઓને માર્ગમાં ચોરાદિ કે હિંસક પશુ આદિથી જે અનર્થો પ્રાપ્ત થાય તદ્નિષ્પન્ન અન્ય પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ ઉપદ્રવ ન થાય તો પ્રાયશ્ચિત્ત ન આવે પરંતુ ઉપદ્રવ થાય તો નહિ પૂછવાનું પ્રાયશ્ચિત્ત અને ઉપદ્રવ થાય તો તદ્નિમિત્તક અન્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને વાસ્તવ્ય સાધુ પૃચ્છા કરનાર સાધુઓને જાણવા છતાં ઉચિત કથન ન કરે અને તે આગંતુક સાધુઓને માર્ગમાં ચોરાદિનો ઉપદ્રવ થાય અને તેથી તે સાધુઓને જે સંક્લેશ થાય તદ્નિમિત્તક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. તેથી, સુસાધુ હંમેશાં શાસ્ત્રવચનાનુસાર વાસ્તવ્યને અવશ્ય પૂછે અને વાસ્તવ્ય સુસાધુ પણ તેઓને તે તે ક્ષેત્રની પરિસ્થિતિ યથાર્થ નિવેદન કરે જેથી ક્લેશ વગર તેઓ સંયમની આરાધના કરી શકે.

આ રીતે વાસ્તવ્ય સાધુઓને આગંતુક સાધુ પૃચ્છા કરે ત્યારપછી તે ક્ષેત્રમાં જે સચિત્ત અચિત્તાદિ નવા આવનારા સાધુને પ્રાપ્ત થયા હોય અને તે ક્ષેત્રમાં વસનારા સાંભોગિક સાધુને પ્રાપ્ત થયા હોય તેઓ પરસ્પર ઉચિત વિનયરૂપ અન્યોન્યને નિવેદન કરે અને કહે કે અમને આ સચિત્ત કે અચિત્ત પ્રાપ્ત થયું છે તે તમે ગ્રહણ કરો. આમ છતાં તે બંનેમાંથી નિવેદન કરનાર સાધુથી અન્ય સાધુ તેને ગ્રહણ કરે નહિ પરંતુ આ પ્રકારની ઉચિત આચરણા સ્વરૂપ સામાચારી છે તેથી અવશ્ય નિવેદન કરવું જોઈએ. જો તે સાધુ નિવેદન કરે નહિ તો ઉચિત વિનયરૂપ સામાચારીના ભંગને કારણે લઘુમાસ પ્રાયશ્ચિત્ત આવે. આ પ્રકારનું વિનય ઉપસંપદામાં ઉચિત વ્યવહાર કર્યા પછી આગંતુક સાધુઓ અને વાસ્તવ્ય સાધુઓ તે ક્ષેત્રમાં રહ્યા હોય કે નજીકના ક્ષેત્રમાં રહ્યા હોય તેથી પરસ્પર તેઓની સંયમની આચરણાના બળથી પરસ્પર તે કેવા ગુણસંપન્ન સાધુઓ છે તેની પરીક્ષા કરે અને પરસ્પર એકબીજાને ગુણસંપન્ન છે તેવો નિર્ણય કર્યા પછી બંને પણ પરસ્પર એકબીજાને નમસ્કાર કરે, જે વિનય નિમિત્તે ઉપસંપદા છે. કઈ રીતે નમસ્કાર કરે તે સ્પષ્ટ કરવાર્થે કહે છે. તે બંને પક્ષમાંથી જે રત્નાધિક સાધુ હોય તેમને અલ્પ પર્યાયવાળા સાધુ આલોચના આપે અર્થાત્ આ ક્ષેત્રમાં અમે આવ્યા ત્યારે કયા કયા સંયોગો થયા તેનું નિવેદન કરે. ત્યારપછી અલ્પ પર્યાયવાળા સાધુને રત્નાધિક સાધુ પણ તે જ રીતે નમન કરીને આલોચના આપે અને આ આલોચના વિષયમાં પક્વશાલિનું દૃષ્ટાંત છે. તેથી, જેમ પક્વશાલિના છોડ પરસ્પર નમે છે તેમ બંને પક્ષના સાધુઓ પરસ્પર નમીને પોતાના સંયમના પાલનવિષયક જે અનુભવો છે તેનું પરસ્પર આલોચન કરે.

વળી, તે બંને પક્ષના સાધુઓ પરસ્પર દ્રવ્યાદિની પરીક્ષા કર્યા વગર નમન ક્રિયારૂપ ઉપસંપદા સ્વીકારે

તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે અને પરીક્ષા કર્યા પછી પણ જણાય કે દ્રવ્ય-ક્ષેત્ર આદિને અનુરૂપ તે સાધુઓ સંયમમાં ઉત્થિત નથી પરંતુ પ્રમાદી છે છતાં નમે તો તેઓના પ્રમાદની ઉપબૃંહણા થવાથી ચાર ગુરુક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. તેથી, બંને પક્ષના સાધુઓ પરસ્પર અપ્રમાદી છે તેવો નિર્ણય કરીને તેઓને પરસ્પર નમે ત્યારે તેઓની સુસંયમની આચરણાને કારણે કરાયેલો ઉચિત વિનય કરેલ હોવાથી ગુણના રાગને અનુરૂપ બંને પક્ષના સાધુઓને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૨૬૭॥**

**ગાથા :-**

**केई भणंति ओमो, णियमेण णिवेइ इच्छ इयरस्स ।**
**तं तु ण जुज्जइ जम्हा, पक्किल्लगसालिदिट्ठंतो ।।२६८।।**

**અન્વયાર્થ :-**

**केई भणंति=કેટલાક કહે છે. ओमो नियमेण णिवेइ=અલ્પ પર્યાયવાળા સાધુ નિયમથી નિવેદન કરે છે. इयरस्स इच्छ=ઈતરની=રત્નાધિકની ઈચ્છા હોય તો કરે છે. तं तु=પરંતુ તે=કેટલાક કહે છે તે, ण जुज्जइ=ઘટતું નથી, जम्हा=જે કારણથી, पक्किल्लगसालिदिट्ठंतो=પક્વશાલિનું દૃષ્ટાંત છે. ।।૨૬૮।।**

**ગાથાર્થ :-**

**કેટલાક કહે છે. અલ્પ પર્યાયવાળા સાધુ નિયમથી નિવેદન કરે છે. ઈતરની=રત્નાધિકની, ઈચ્છા હોય તો કરે છે પરંતુ તે=કેટલાક કહે છે તે ઘટતું નથી, જે કારણથી પક્વશાલિનું દૃષ્ટાંત છે. ।।૨૬૮।।**

**ટીકા :-**

'केइ'त्ति । केचिद् ब्रुवते नियमेन 'अवमः' अवमरत्नाधिको निवेदयति, 'इतरस्य' रत्नाधिकस्य 'इच्छा' यदि प्रतिभासते ततो निवेदयति नो चेन्नेति, तच्च न युज्यते यतः पक्वशालिदृष्टान्त उपन्यस्तः स चोभयनमनसूचक इति ।।२६८।।

**ટીકાર્થ :-**

केचिद् ब्रुवते ..... चोभयनमनसूचक इति ।। કેટલાક કહે છે. 'अवमः'=નાના પર્યાયવાળા સાધુ, નિયમથી નિવેદન કરે છે=મોટા પર્યાયવાળા સાધુને નમસ્કાર કરીને નિયમથી પોતાના અનુભવનું નિવેદન કરે છે. ઈતરને=રત્નાધિકને ઈચ્છા=જો તેને પ્રતિભાસે તો નિવેદન કરે અર્થાત્ સામે વંદન કરીને પોતાને પ્રતિભાસે તો પોતાના અનુભવનું આલોચન કરીને નિવેદન કરે અને જો ન પ્રતિભાસ થાય તો ન કરે અને તે ઘટતું નથી જે કારણથી પક્વશાલિનું દૃષ્ટાંત ઉપન્યસ્ત છે અને તે ઉભયના નમનનું સૂચક છે. ।।૨૬૮।।

**અવતરણિકા :-**

उक्ता विनयोपसम्पत् । अथैतासूपसम्पत्सु यदुपसम्पद्यमानो लभते तत्क्रमादेकयैव गाथयाह –

**અવતરણિકાર્થ :-**

વિનય ઉપસંપદ કહેવાઈ. હવે, આ બધી ઉપસંપદાઓમાં=અત્યારસુધી વર્ણન કરાયેલી પાંચેય ઉપસંપદાઓમાં, ઉપસંપદ્યમાન=ઉપસંપદા સ્વીકારનારા સાધુ, જેને પ્રાપ્ત કરે છે તેને ક્રમથી એક જ ગાથા વડે કહે છે –

**ગાથા :-**

सुय सुहदुक्खे खित्ते, मग्गे विणए जहक्कमं लब्भा ।
बावीस पुव्वसंथुअ, वयंस दिट्ठालविय सव्वे ।।२६९।।

**અન્વયાર્થ :-**

सुय=શ્રુત ઉપસંપદામાં, सुहदुक्खे=સુખ-દુઃખ ઉપસંપદમાં, खित्ते=ક્ષેત્ર ઉપસંપદામાં, मग्गे=માર્ગ ઉપસંપદામાં, विणए=વિનય ઉપસંપદામાં, जहक्कमं=યથાક્રમ, बावीस=બાવીસ, पुव्वसंथुअ=પૂર્વ સંસ્તુત, वयंस=વયસ્ય, दिट्ठालविय=દૃષ્ટ આલાપિત, सव्वे=અને સર્વ, लब्भा=લભ્ય છે. ।।૨૬૯।।

**ગાથાર્થ :-**

**શ્રુત ઉપસંપદામાં, સુખ-દુઃખ ઉપસંપદામાં, ક્ષેત્ર ઉપસંપદામાં, માર્ગ ઉપસંપદામાં, વિનય ઉપસંપદામાં યથાક્રમ બાવીસ, પૂર્વ સંસ્તુત, વયસ્ય, દૃષ્ટ આલાપિત અને સર્વ લભ્ય છે. ।।૨૬૯।।**

**ટીકા :-**

'सुअ'त्ति । श्रुतोपसंपदि उपसम्पद्यमानस्य द्वाविंशतिर्लभ्यते, षडनन्तरवल्ल्यां मातृपितृभ्रातृभगिनीपुत्रदुहितृलक्षणाः, षोडष च मिश्रवल्ल्यां मातृपित्रोश्चतुष्टयं भ्रात्रादिषु चतुर्षु च द्वयमिति । सुखदुःखोपसम्पदि पूर्वसंस्तुता उपलक्षणान्मित्रवयस्यप्रभृतयश्च । क्षेत्रोपसम्पदि वयस्या उपलक्षणात्पूर्वसंस्तुता नालबद्धवल्लीद्विकं च । मार्गोपसम्पदि दृष्टालपिता उपलक्षणाद्वल्लीद्विकं मित्राणि च । विनयोपसम्पदि सर्वेऽपि लभ्या नवरं निवेदनं कर्त्तव्यमिति ।।२६९।।

**ટીકાર્થ :-**

श्रुतोपसंपदि उपसम्पद्य ..... निवेदनं कर्त्तव्यमिति ।। શ્રુત ઉપસંપદામાં ઉપસંપદ્યમાન સાધુના=ઉપસંપદા સ્વીકારનાર સાધુના, બાવીસને પ્રાપ્ત કરે છે=દીક્ષા લેવા તત્પર થાય તો પોતાના શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે.

કયા બાવીસને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે તે સ્પષ્ટ કરે છે.

**અનંતર વલ્લીમાં માતા, પિતા, ભ્રાતા, ભગિની, પુત્ર, પુત્રી લક્ષણ છ અને મિશ્ર વલ્લીમાં સોળ.**

કયા સોળ તે સ્પષ્ટ કરે છે.

માતા-પિતાના ચતુષ્ટયને, ભ્રાતાદિ ચારમાં બેને એમ સોળને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે. સુખ-દુઃખ ઉપસંપદામાં પૂર્વ સંસ્તુત અને ઉપલક્ષણથી મિત્ર, વયસ્ય વગેરેને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે. ક્ષેત્ર ઉપસંપદામાં વયસ્ય ઉપલક્ષણથી પૂર્વ સંસ્તુત, નાલબદ્ધ અને વલ્લીદ્વિક પ્રાપ્ત કરે છે. માર્ગ ઉપસંપદામાં દૃષ્ટ આલાપિત ઉપલક્ષણથી વલ્લીદ્વિક અને મિત્રોને શિષ્ય તરીકે પ્રાપ્ત કરે છે. વિનય ઉપસંપદામાં સર્વ પણ લભ્ય છે=શિષ્ય તરીકે લભ્ય છે. કેવલ નિવેદન કરવું જોઈએ=વિનય ઉપસંપદા સ્વીકારનાર પોતાને જે સચિત્તાદિ મળ્યું હોય તે પોતાને જ શિષ્યાદિરૂપે લભ્ય છે. ફક્ત જેની વિનય ઉપસંપદા સ્વીકારી છે તેને તમે ગ્રહણ કરો એ પ્રમાણે નિવેદન કરવું જોઈએ. ॥૨૬૯॥

**ગાથા :-**

**इच्चेयं पंचविहं, आभव्वं जो जिणाणमाणाए ।**
**ववहरइ जहट्ठाणं, सो धुवमाराहओ होइ ।।२७०।।**

**અન્વયાર્થ :-**

जिणाणमाणाए=જિનોની આજ્ઞાથી, इच्चेयं पंचविहं=આ પાંચ પ્રકારના, आभव्वं=આભાવ્યને, जहट्ठाणं= યથાસ્થાન, जो ववहरइ=જે સાધુ વ્યવહાર કરે છે. सो=તે સાધુ, धुवमाराहओ होइ=ધ્રુવ આરાધક થાય છે. ॥૨૭૦॥

**ગાથાર્થ :-**

**જિનોની આજ્ઞાથી આ પાંચ પ્રકારના આભાવ્યને યથાસ્થાન જે સાધુ વ્યવહાર કરે છે તે સાધુ ધ્રુવ આરાધક થાય છે. ॥૨૭૦॥**

**ટીકા :-**

'इच्चेयं'ति । इत्येतत्पञ्चविधमाभाव्यं जिनानामाज्ञया यो यथास्थानं व्यवहरति स ध्रुवमाराधको भवति, जिनाज्ञायाः परिपालितत्वात्; इतरश्चान्तकाले नाराधनां प्राप्नोतीत्यर्थः ।।२७०।।

**ટીકાર્થ :-**

इत्येतत्पञ्चविधमाभाव्यं ..... प्राप्नोतीत्यर्थः ।। જિનોની આજ્ઞાથી જે સાધુ આ પાંચ પ્રકારના આભાવ્યને યથાસ્થાન વ્યવહાર કરે છે તે ધ્રુવ આરાધક થાય છે; કેમ કે જિનોની આજ્ઞાનું પરિપાલિતપણું છે અને ઇતર સાધુ અંતકાળમાં=જીવનના અંતકાળમાં, આરાધનાને પ્રાપ્ત કરતા નથી=ક્વચિત્ વિધિપૂર્વક અણસણાદિને કરતા હોય તોપણ આરાધના પ્રાપ્ત કરતા નથી. ॥૨૭૦॥

**ભાવાર્થ :-**

સુસાધુ મધ્યસ્થભાવના અત્યંત અભ્યાસથી સામાયિકના પરિણામની અત્યંત વૃદ્ધિ કરે છે અને મધ્યસ્થભાવની વૃદ્ધિ ભગવાનની આજ્ઞાનુસાર ઉચિત પ્રવૃત્તિ કરવાથી થાય છે; કેમ કે આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરવાને કારણે સ્વચ્છંદ મતિથી પ્રવૃત્તિ કરવાનો જે અનાદિ કાળથી જીવમાં પરિણામ વર્તે છે તેનો નિરોધ થાય છે અને મધ્યસ્થભાવ સેવવાનો સ્થિર સ્થિરતર પરિણામ પ્રગટે છે અને જે સાધુ ભગવાનની આજ્ઞાનુસાર પૂર્વમાં વર્ણન કરાયેલ પાંચ પ્રકારના આભાવ્યનો વ્યવહાર તે પ્રકારે જ કરે છે તે સાધુમાં તેના બળથી આજ્ઞાની આરાધનાનો પરિણામ સ્થિર સ્થિરતર થાય છે.

તેથી, આજ્ઞાપાલનના અધ્યવસાયના બળથી અંતકાળમાં વિશિષ્ટ આરાધના કરીને તે મહાત્મા ઉત્તમ ગતિને પ્રાપ્ત કરે છે અને જે સાધુઓ ભગવાનની આજ્ઞાનુસાર પાંચ પ્રકારના આભાવ્યનો વ્યવહાર યથાસ્થાને કરતા નથી તેઓને સંયમજીવનમાં પણ સ્વમતિ અનુસાર પ્રવૃત્તિ કરવાની પરિણતિ ગૃહસ્થ અવસ્થાની જેમ વર્તે છે. તેથી, તેવા સાધુ ક્વચિત્ અંત સમયે અણસણાદિ કરે, શાસ્ત્રોથી ભાવિત થવા યત્ન કરે તોપણ ભગવાનની આજ્ઞા પ્રત્યેની ઉપેક્ષાના અધ્યવસાયથી મલિન ચિત્ત હોવાથી આરાધનાને પામતા નથી. ફક્ત કોઈક સાધુને અંત સમયે પોતે પાંચ પ્રકારના આભાવ્યનો વ્યવહાર યથાસ્થાન કર્યો નથી તેનો તીવ્ર પશ્ચાત્તાપ થાય તો જિનવચનાનુસાર કરવાની પરિણતિ ઉલ્લસિત બને. તેનાથી તે સાધુ આરાધનાને પ્રાપ્ત કરી શકે. અન્યથા બાહ્ય ક્રિયા કરવા છતાં આરાધનાની પ્રાપ્તિ થાય નહીં. **॥૨૭૦॥**

**અવતરણિકા :-**

**आभाव्यनिरूपणं समाप्य प्रायश्चित्तनिरूपणं प्रतिजानीते –**

**અવતરણિકાર્થ :-**

**આભાવ્યનું નિરૂપણ સમાપ્ત કરીને પ્રાયશ્ચિત્તના નિરૂપણની પ્રતિજ્ઞા કરે છે –**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ઉલ્લાસમાં સુગુરુનો નિર્ણય કરવાર્થે પાંચ પ્રકારના વ્યવહારનું સ્વરૂપ બતાવ્યું અને તે પ્રમાણે ઉચિત વ્યવહાર કરનારા વ્યવહારી સાધુ કોણ છે તેનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી વ્યવહર્તવ્યનું સ્વરૂપ બતાવતાં વ્યવહાર કરવા યોગ્ય સાધુનું સ્વરૂપ બતાવીને મુખ્ય વ્યવહર્તવ્ય બે ભેદવાળું છે તેમ બતાવ્યું. (૧) આભાવ્ય અને (૨) પ્રાયશ્ચિત્ત. તેમાં આભાવ્ય વ્યવહર્તવ્ય વિષયક સાધુનો ઉચિત વ્યવહાર શું છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે પ્રાયશ્ચિત્તરૂપ વ્યવહર્તવ્યનું સ્વરૂપ બતાવવાની પ્રતિજ્ઞા કરે છે.

**ગાથા :-**

**इच्चेसो पंचविहो, ववहारो आभवंतिओ णाम ।**
**भणिओ पायच्छित्ते, ववहारमओ परं वुच्छं ।।२७१।।**

**અન્વયાર્થ :-**

इच्चेसो=આ પ્રકારે આ, आभवंतिओ णाम=આભવદ્ વ્યવહર્તવ્યક નામનો, पंचविहो ववहारो=પાંચ પ્રકારનો વ્યવહાર, भणिओ=કહેવાયો. अओ परं=હવે પછી, पायच्छित्ते=પ્રાયશ્ચિત્તમાં, ववहारं=વ્યવહારને, वुच्छं=હું કહીશ. ॥૨૭૧॥

**ગાથાર્થ :-**

**આ પ્રકારે આ આભવદ્ વ્યવહર્તવ્ય નામનો પાંચ પ્રકારનો વ્યવહાર કહેવાયો. હવે પછી, પ્રાયશ્ચિત્તમાં વ્યવહારને હું કહીશ. ॥૨૭૧॥**

**ટીકા :-**

**'इच्चेसो'त्ति । इत्येषः 'आभवान्तिकः' आभवद्व्यवहर्त्तव्यको नाम पञ्चविधो व्यवहारो भणितः, अतः परं प्रायश्चित्ते व्यवहर्त्तव्ये व्यवहर्त्तव्यं वक्ष्ये ।।२७१।।**

**ટીકાર્થ :-**

इत्येषः 'आभवान्तिकः' ..... व्यवहर्त्तव्यं वक्ष्ये ।। આ પ્રકારનો આ 'આભવાન્તિક'=આભવત્ વ્યવહર્તવ્યક નામનો પાંચ પ્રકારનો વ્યવહાર કહેવાયો. હવે પછી, પ્રાયશ્ચિત્ત રૂપ વ્યવહર્તવ્યમાં વ્યવહર્તવ્યને હું કહીશ. ॥૨૭૧॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે આભવત્ નામના પાંચ પ્રકારના વ્યવહારો ગ્રંથકારશ્રીએ અત્યારસુધી બતાવ્યા. હવે પછી આભવત્ અને પ્રાયશ્ચિત્તમાંથી જે પ્રાયશ્ચિત્ત નામનું બીજું વ્યવહર્તવ્ય છે તેને કહેવાની પ્રતિજ્ઞા કરે છે. **॥૨૭૧॥**

**ગાથા :-**

**दव्वे खित्ते काले, भावे य चउव्विहो इमो होइ ।**
**सच्चित्ते अच्चित्ते, दुविहो पुण होइ दव्वम्मि ।।२७२।।**

**અન્વયાર્થ :-**

दव्वे=દ્રવ્યના વિષયમાં, खित्ते=ક્ષેત્રના વિષયમાં, काले=કાળના વિષયમાં, भावे य=અને ભાવના વિષયમાં, इमो=આ પ્રાયશ્ચિત્ત વ્યવહાર, चउव्विहो होइ=ચાર પ્રકારનો છે. दव्वम्मि पुण=દ્રવ્યના વિષયમાં વળી, सच्चित्ते अच्चित्ते=સચિત્તવિષયક અચિત્તવિષયક, दुविहो होइ=બે પ્રકારનો થાય છે= પ્રાયશ્ચિત્ત વ્યવહાર થાય છે. ॥૨૭૨॥

**ગાથાર્થ :-**

**દ્રવ્યના વિષયમાં, ક્ષેત્રના વિષયમાં, કાળના વિષયમાં અને ભાવના વિષયમાં આ=પ્રાયશ્ચિત્ત વ્યવહાર, ચાર પ્રકારનો છે. દ્રવ્યના વિષયમાં વળી, સચિત્તવિષયક અને અચિત્તવિષયક બે પ્રકારનો થાય છે=પ્રાયશ્ચિત્ત વ્યવહાર થાય છે. ।।૨૭૨।।**

**ટીકા :-**

'दव्वे त्ति' । द्रव्ये क्षेत्रे काले भावे च चतुर्विधोऽयं प्रायश्चित्तव्यवहारो भवति । द्रव्ये पुनर्द्विविधो भवति सचित्तेऽचित्ते च ।।२७२।।

**ટીકાર્થ :-**

द्रव्ये क्षेत्रे ..... सचित्तेऽचित्ते च ।। દ્રવ્યના વિષયમાં, ક્ષેત્રના વિષયમાં, કાળના વિષયમાં અને ભાવના વિષયમાં આ ચાર પ્રકારનો પ્રાયશ્ચિત્ત વ્યવહાર થાય છે. દ્રવ્યના વિષયમાં વળી સચિત્તવિષયક અને અચિત્તવિષયક બે પ્રકારનો વ્યવહાર થાય છે. ।।૨૭૨।।

**અવતરણિકા :-**

तत्र प्रथमतः सचित्ते विवक्षुरिदमाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=બે પ્રકારના દ્રવ્ય વ્યવહારમાં, પ્રથમથી સચિત્તવિષયક વિવક્ષા કરવાની ઈચ્છાવાળા= સચિત્તવિષયક પ્રાયશ્ચિત્ત વ્યવહારને કહેવાની ઈચ્છાવાળા, આને=ગાથાને, કહે છે –

**ગાથા :-**

पुढविदगअगणिमारुअवणस्सइतसेसु होइ सच्चित्ते ।
पिंडोवहि अच्चित्ते, दस पन्नरसे व सोलसगे ।।२७३।।

**અન્વયાર્થ :-**

पुढविदगअगणिमारुअवणस्सइतसेसु=પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસના વિષયમાં જે પ્રાયશ્ચિત્ત છે તે, सच्चित्ते होइ=સચિત્તવિષયક છે, पिंडोवहि अच्चित्ते=પિંડ અને ઉપધિવિષયક જે પ્રાયશ્ચિત્ત છે તે અચિત્તવિષયક છે. दस=એષણાના દસ, पन्नरसे व=અને ઉદ્ગમના પંદર, सोलसगे= ઉત્પાદનના સોળવિષયક જે પ્રાયશ્ચિત્ત છે તે અચિત્તવિષયક છે. ।।૨૭૩।।

**ગાથાર્થ :-**

**પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસના વિષયમાં જે પ્રાયશ્ચિત્ત છે તે સચિત્તવિષયક**

**છે. પિંડ અને ઉપધિવિષયક જે પ્રાયશ્ચિત્ત છે તે અચિત્તવિષયક છે. એષણાના દશ અને ઉદ્ગમના પંદર અને ઉત્પાદનના સોળવિષયક જે પ્રાયશ્ચિત્ત છે તે અચિત્તવિષયક છે. ॥૨૭૩॥**

**ટીકા :-**

**'पुढवि'त्ति । पृथिव्युदकाग्निमारुतवनस्पतित्रसेषु यत् प्रायश्चित्तं तत् सचित्ते भवति । पिण्डविषयमुपधिविषयं चाचित्ते । दशके एषणादोषाणां पञ्चदशके उद्गमदोषाणामध्यवपूरकस्य मिश्रेऽन्तर्भावविवक्षणात् षोडशके चोत्पादनादोषाणाम् ।।२७३।।**

**ટીકાર્થ :-**

**पृथिव्युदकाग्निमारुत ..... चोत्पादनादोषाणाम् ।। પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસના વિષયમાં જે પ્રાયશ્ચિત્ત છે તે સચિત્તવિષયક થાય છે. પિંડવિષયક અને ઉપધિવિષયક જે પ્રાયશ્ચિત્ત છે તે અચિત્તવિષયક પ્રાયશ્ચિત્ત છે. એષણા દોષોના દશમાં અને ઉદ્ગમ દોષોના પંદરમાં જે પ્રાયશ્ચિત્ત થાય છે તે અચિત્તવિષયક છે; કેમ કે અધ્યવપૂરકના મિશ્રમાં અંતર્ભાવની વિવક્ષા છે અને ઉત્પાદન દોષોના સોળમાં જે પ્રાયશ્ચિત્ત થાય છે તે અચિત્તવિષયક છે એમ અન્વય છે. ॥૨૭૩॥**

**ભાવાર્થ :-**

સુસાધુ ષટ્કાયના પાલનના અધ્યવસાયવાળા હોય છે તેથી કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ સર્વ ચેષ્ટાઓ કરે છે જેથી પોતાના પ્રમાદને વશ પૃથ્વી આદિ કોઈ જીવોની વિરાધના ન થાય તેવો દયાળુ અધ્યવસાય પ્રવર્ધમાન થાય છે આમ છતાં અન્યમનસ્કતાને કારણે કે જિનવચનાનુસાર સુદૃઢ ઉપયોગના અભાવને કારણે પૃથ્વીકાયાદિથી માંડીને ત્રસ સુધીના જીવોમાંથી કોઈ પણ જીવને કિલામણા થાય, પ્રાણ નાશ થાય, કોઈને કષાયનો ઉદ્રેક થાય તેવી ચેષ્ટા થાય ત્યારે સચિત્તવિષયક પ્રાયશ્ચિત્ત આવે છે. તેથી દ્રવ્યને આશ્રયીને સચિત્તવિષયક પ્રાયશ્ચિત્તના છ ભેદોની પ્રાપ્તિ થાય છે.

વળી, સુસાધુ ષટ્કાયના પાલન અર્થે જ અચિત્ત એવા આહારનો પિંડ કે ઉપધિ તે રીતે ગ્રહણ કરે કે જેથી દોષોની પ્રાપ્તિ ન થાય આમ છતાં, જિનવચનાનુસાર ઉપયોગમાં સ્ખલના થવાથી પિંડવિષયક કે ઉપધિવિષયક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે; કેમ કે સામાયિકના પરિણામની મ્લાનિ થાય છે અને પિંડવિષયક એષણાના દશ દોષો, ઉદ્ગમના પંદર દોષો અને ઉત્પાદનના સોળ દોષોનો આશ્રયીને જે પ્રકારની પરિણામની મલિનતા થઈ હોય તેને અનુરૂપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તેથી સચિત્ત અને અચિત્ત દ્રવ્યને આશ્રયીને જે પ્રાયશ્ચિત્ત આવે છે તે દ્રવ્યવિષયક પ્રાયશ્ચિત્ત છે.

જોકે ઉદ્ગમના ૧૬ દોષો છે છતાં અધ્યવપૂરક દોષને મિશ્રદોષમાં અંતર્ભાવ કરીને ગાથામાં પંદર દોષો કહેલ છે. **॥૨૭૩॥**

**અવતરણિકા :-**

सचित्तविषयं प्रकारान्तरमाह –

**અવતરણિકાર્થ :-**

સચિત્તવિષયક પ્રકારાન્તરને કહે છે=સાધુને સચિત્તવિષયક અન્ય પ્રકારે કેવું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે ? તેને કહે છે –

**ગાથા :-**

**अहवा अट्ठारसगं, पुरिसे इत्थीसु वज्जिआ वीसं ।**
**दसगं णपुंसकेसु अ, भणिआ आरोवणा तत्थ ।।२७४।।**

**અન્વયાર્થ :-**

अहवा=અથવા, पुरिसे अट्ठारसगं=પુરુષવિષયક અઢાર, इत्थीसु वीसं=સ્ત્રીવિષયક વીશ, णपुंसकेसु दसगं=નપુંસકવિષયક દશ, वज्जिआ=વર્જિત છે=પ્રવ્રજ્યા આપવા માટે નિષિદ્ધ છે. तत्थ=ત્યાં=પ્રવ્રજ્યાના વર્જનયોગ્ય અડતાળીશ ભેદોમાં, आरोवणा भणिआ=આરોપણા=પ્રવ્રજ્યાની આરોપણા કહેવાઈ છે=પ્રાયશ્ચિત્તરૂપે કહેવાઈ. ।।૨૭૪।।

**ગાથાર્થ :-**

**અથવા પુરુષવિષયક અઢાર, સ્ત્રીવિષયક વીશ, નપુંસકવિષયક દશ વર્જિત છે=પ્રવ્રજ્યા આપવા માટે નિષિદ્ધ છે. ત્યાં=પ્રવ્રજ્યાના વર્જનયોગ્ય અડતાળીશ ભેદોમાં, આરોપણા=પ્રવ્રજ્યાની આરોપણા, કહેવાઈ છે=પ્રાયશ્ચિત્તરૂપ કહેવાઈ છે. ।।૨૭૪।।**

**ટીકા :-**

'अहव'त्ति । अथवाऽष्टादशकं पुरुषे 'वर्जितं' प्रव्राजयितुं निषिद्धम्, स्त्रीषु विंशतिर्वर्जिता, नपुंसकेषु च दशकं वर्जितम् । तत्र 'आरोपणा' प्रायश्चित्तं भणिता कल्पाध्ययने तत्सचित्तविषयमिति भावः ।।२७४।।

**ટીકાર્થ :-**

अथवाऽष्टादशकं ..... तत्सचित्तविषयमिति भावः ।। અથવા પુરુષમાં અઢાર પ્રકારનાને પ્રવ્રજ્યા આપવા માટે વર્જિત છે=નિષિદ્ધ છે. સ્ત્રીઓમાં, વીશ ભેદવાળી સ્ત્રીઓ દીક્ષા આપવા માટે વર્જિત છે અને નપુંસકોમાં દશ પ્રકારના પ્રવ્રજ્યા માટે વર્જિત છે. ત્યાં=તે પ્રકારના પુરુષ, સ્ત્રી કે નપુંસકમાં આરોપણ=વ્રતની આરોપણા, પ્રાયશ્ચિત્ત કહેવાય છે=કલ્પ અધ્યયનમાં તે પ્રાયશ્ચિત્ત સચિત્તવિષયક કહેવાયું છે એ પ્રકારનો ભાવ છે. ।।૨૭૪।।

**ભાવાર્થ :-**

સુસાધુ મોક્ષના અર્થી છે. યોગ્ય જીવોને મોક્ષમાર્ગ બતાવીને તેઓ સંસાર ક્ષય કરે તે અર્થે પ્રવ્રજ્યા આપે છે. હું તેને પ્રવ્રજ્યા આપીને નિસ્તાર કરું તેવા સંકલ્પમાત્રથી અપાયેલી પ્રવ્રજ્યા સંસારના નિસ્તારનું કારણ બનતી નથી પરંતુ જિનવચનાનુસાર મોહનાશને અનુકૂળ તેઓ યત્ન કરે તો તેમના સંસારનો ક્ષય થાય છે અને પ્રસ્તુતમાં બતાવેલા અડતાળીશ પ્રકારના જીવો અયોગ્ય હોવાથી પ્રવ્રજ્યા દ્વારા આત્મહિત કરવાને બદલે સંસારની વૃદ્ધિ કરે તેવા છે. તેથી તેઓને પ્રવ્રજ્યા આપનાર ગુરુને તેઓનું અહિત કરવાને અનુકૂળ વ્યાપારજન્ય પ્રાયશ્ચિત્ત આવે છે. જેમ પૃથ્વીકાયાદિ જીવોને પીડા કરવાથી પ્રાયશ્ચિત્ત આવે છે તેમ અયોગ્ય જીવોને દીક્ષા આપીને તેઓના સંસારની વૃદ્ધિમાં નિમિત્ત થવાથી પ્રાયશ્ચિત્ત આવે છે. **॥૨૭૪॥**

**અવતરણિકા :-**

क्षेत्रकालविषयमाह –

**અવતરણિકાર્થ :-**

**ક્ષેત્ર અને કાલના વિષયવાળા પ્રાયશ્ચિત્તને કહે છે –**

**ગાથા :-**

**जणवय अद्ध णिरोहे, मग्गातीते अ होइ खित्तम्मि ।**
**दुब्भिक्खे य सुभिक्खे, दिया व राओ व कालम्मि ।।२७५।।**

**અન્વયાર્થ :-**

**जणवय=જનપદમાં, अद्ध=અધ્વમાં, णिरोहे=નિરોધમાં, मग्गातीते य=અને માર્ગ અતીતમાં, खित्तम्मि होइ=ક્ષેત્રવિષયક થાય છે=પ્રાયશ્ચિત્ત થાય છે. दुब्भिक्खे य=અને દુર્ભિક્ષમાં, सुभिक्खे=સુભિક્ષમાં, दिया व राओ व=દિવસમાં, રાત્રીમાં, कालम्मि=કાળવિષયક પ્રાયશ્ચિત્ત થાય છે. ।।૨૭૫।।**

**ગાથાર્થ :-**

**જનપદમાં, અધ્વમાં, નિરોધમાં અને માર્ગ અતીતમાં ક્ષેત્રવિષયક થાય છે=પ્રાયશ્ચિત્ત થાય છે. દુર્ભિક્ષમાં, સુભિક્ષમાં, દિવસમાં, રાત્રિમાં કાલવિષયક પ્રાયશ્ચિત્ત થાય છે. ।।૨૭૫।।**

**ટીકા :-**

'जणवय'त्ति । जनपदेऽध्वनि निरोधके मार्गातीते च यत्प्रायश्चित्तं तत् क्षेत्रविषयं भवति । अयं भावः—जनपदेऽपि वसन् संस्तरन्नपि चाध्वानं प्रतिपन्नानां यः कल्पस्तमाचरति । अध्वानं प्रपन्नो वा न यतनां करोति, दर्पेण वाऽध्वानं प्रतिपद्यते । तथा निरोधकेऽपि सेनासूत्रे यो विधिरभिहितस्तं न करोति । मार्गातीतं क्षेत्रातिक्रान्तमशनादिकमाहारयति । एतेषु यत्प्रायश्चित्तं तत्क्षेत्रविषयमिति ।

दुर्भिक्षे सुभिक्षे वा दिवा रात्रौ वा 'काले' कालविषयम्, किमुक्तं भवति ?-सुभिक्षेऽपि काले संस्तरन्नपि दुर्भिक्षायतनां करोति । तथा दिवसे यः कल्पस्तं रजन्यामाचरति, रजन्यामपि यः कल्पस्तं दिवा, दिवसकल्पमूनमधिकं वा करोति । एवं रात्रिकल्पमपि । एतेषु यत्प्रायश्चित्तं तत्कालविषयमिति ।।२७५।।

**ટીકાર્થ :-**

जनपदेऽध्वनि ..... तत्कालविषयमिति ।। જનપદમાં, અધ્વમાં=વિહારાદિમાં, નિરોધમાં અને માર્ગ અતીતમાં જે પ્રાયશ્ચિત્ત છે તે ક્ષેત્રવિષયક થાય છે. આ પ્રકારનો ભાવ છે – જનપદમાં પણ વસતા સાધુ સંસ્તરણ પામતા પણ=ઉચિત યતના દ્વારા નિર્દોષ ભિક્ષાને પ્રાપ્ત કરતા પણ અને માર્ગમાં=વિહારમાં, પ્રતિપન્ન સાધુઓનો જે કલ્પ છે=જે અપવાદનો આચાર છે, તેને આચરે છે ત્યારે જનપદને આશ્રયીને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. અથવા માર્ગને પામેલા=વિહારાદિને કરતાં સાધુ યતના કરતા નથી અથવા દર્પથી માર્ગને સ્વીકારે છે=સંયમની વૃદ્ધિના પ્રયોજનથી માર્ગને સ્વીકારેલા સાધુ ઉચિત અપવાદથી કંઈક અશુદ્ધ સેવવું પડે તોપણ પંચકહાનિરૂપ યતના કરતા નથી ત્યારે પ્રાયશ્ચિત્ત આવે છે અથવા સંયમનું કોઈ પ્રયોજન ન હોય તોપણ નવકલ્પી વિહાર છોડીને વિહાર કરવાની પરિણતિરૂપ, દર્પને વશ વિહાર સ્વીકારે છે ત્યારે તે નિમિત્તે પ્રાયશ્ચિત્ત આવે છે અને નિરોધકમાં પણ=કોઈ નગર શત્રુઓથી ઘેરાયેલું હોય અને તે નગરમાં સાધુઓ હોય ત્યારે, જે વિધિ સેનાસૂત્રમાં કહેવાઈ છે તેને ન કરે=જો સાધુ કરે નહિ તો પ્રાયશ્ચિત્ત આવે છે. માર્ગ અતીત=ક્ષેત્ર અતિક્રાંત, અશનાદિક આહાર કરે તો પ્રાયશ્ચિત્ત આવે છે. આ બધામાં જે પ્રાયશ્ચિત્ત છે=જનપદાદિ ચારેયમાં જે પ્રાયશ્ચિત્ત છે, તે ક્ષેત્રવિષયક છે. દુર્ભિક્ષમાં અથવા સુભિક્ષમાં, દિવસમાં અથવા રાત્રિમાં જે પ્રાયશ્ચિત્ત આવે છે તે કાલવિષયક પ્રાયશ્ચિત્ત છે. શું કહેવાયેલું થાય છે=કાલવિષયક પ્રાયશ્ચિત્તના વચનથી શું કહેવાયેલું થાય છે તે બતાવે છે. સુભિક્ષ પણ કાલમાં સંસ્તરણ પણ પામતા સાધુ દુર્ભિક્ષકલ્પને આચરે છે=દુર્ભિક્ષકાળમાં જે અપવાદની આચરણાઓ છે તેને સેવે છે અથવા દુર્ભિક્ષમાં અયતનાને કરે છે=દુર્ભિક્ષકાળમાં સંયમનો નિસ્તાર અશક્ય જણાય ત્યારે સંયમની પરિણતિના રક્ષણાર્થે અપવાદથી જે દોષિતની અનુજ્ઞા છે તેને સેવવામાં પંચકહાનિની યતનાને કરતા નથી. તેઓને તે નિમિત્તે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે જે કાલવિષયક પ્રાયશ્ચિત્ત છે અને દિવસમાં જે કલ્પ છે તે રાત્રિમાં આચરે છે=સંયમ જીવનની જે દિવસની ઉચિત આચરણા છે તેને રાત્રે કરે છે, રાત્રિમાં પણ જે કલ્પ છે તેને=તે આચરણાને દિવસે કરે છે અથવા દિવસનો કલ્પ=દિવસની આચરણા, ન્યૂન અધિક કરે છે. આ રીતે રાત્રિ કલ્પ પણ=રાત્રિની આચરણા પણ ન્યૂન અધિક કરે છે, આ સર્વમાં=જનપદાદિમાં, જે પ્રાયશ્ચિત્ત છે તે કાલવિષયક પ્રાયશ્ચિત્ત છે. ।।૨૭૫।।

**ભાવાર્થ :-**

સુસાધુ આત્માના નિરાકુળ સ્વભાવમાં સ્થિર થવા અર્થે જિનવચનનું દૃઢ અવલંબન લઈને સંયમની સર્વ

ઉચિત ક્રિયા કરે છે. જેનાથી પ્રગટ થયેલો સામાયિકનો પરિણામ ઉત્તરોત્તર ક્ષયોપશમભાવરૂપે વૃદ્ધિને પામીને અંતે ક્ષાયિક યથાખ્યાત ચારિત્રમાં વિશ્રાંત થાય છે અને તેવા ચારિત્રની નિષ્પત્તિના અર્થી સાધુ સર્વત્ર અપ્રમાદથી યત્ન કરતા હોય તોપણ ક્યારેક ક્ષેત્રવિષયક જિનવચનાનુસાર આચરણા કરવામાં સ્ખલના પામે ત્યારે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે અને તે ક્ષેત્રવિષયક સ્ખલના ચાર પ્રકારે પ્રાપ્ત થાય છે : (૧) જનપદમાં. જેમ કોઈ સાધુ કોઈ નગરાદિમાં માસકલ્પાદિ કે ચાતુર્માસાદિ અર્થે રહેલા હોય અને ઉચિત યતના કરે તો ભિક્ષાના સર્વ દોષોનો પરિહાર કરીને ભિક્ષા પ્રાપ્ત કરી શકે તેમ હોય આમ છતાં કંઈક પ્રમાદને વશ ઉચિત યતના છોડીને જેમ વિહારાદિમાં શાસ્ત્રકારોએ સંયમનો નિર્વાહ ન થતો હોય ત્યારે સાધુને આશ્રયીને જે અપવાદની આચરણા કહી છે તે આચરણા અસ્થાને જોડીને જનપદમાં પણ કરે ત્યારે જનપદવિષયક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી, કોઈ સાધુ સંયમની વૃદ્ધિ અર્થે નવકલ્પી વિહાર કરતા હોય અને માર્ગમાં સંયમને અનુકૂળ આહારાદિની પ્રાપ્તિ ન થાય ત્યારે શાસ્ત્રમાં બતાવેલ અપવાદની આચરણાથી જ સંયમનો નિર્વાહ થાય તેમ હોય ત્યારે શાસ્ત્રમાં જે પંચકહાનિની યતના બતાવી છે તે યતનાને કરે નહિ પરંતુ અપવાદની અનુજ્ઞા છે તેમ સ્વીકારીને યતના વગર અપવાદનું સેવન કરે તો અધ્વનને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, સાધુ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી જ સર્વ ચેષ્ટાઓ કરે છે તેમ વિહાર પણ નવકલ્પી ઉચિત વિધિથી કરીને સંયમની વૃદ્ધિ જ કરે છે; કેમ કે ક્ષેત્રનો અને શ્રાવકોનો પ્રતિબંધ ન થાય તે અધ્યવસાયને સ્મરણમાં રાખીને નવકલ્પી વિહાર કરે છે આમ છતાં, દર્પથી વિહાર કરે અર્થાત્ હું વિહાર કરવા સમર્થ છું અથવા નવા નવા દેશોને જોવાના અધ્યવસાયરૂપ દર્પથી વિહાર કરે. જેનાથી સ્વાધ્યાયાદિનો પલીમંથ થાય છે અને તે વિહારની પ્રવૃત્તિ કષાયના પરિણામના સંશ્લેષવાળી હોય છે તેથી તે નિમિત્તે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. સુસાધુને પણ ક્યારેક તેવો યત્ન થયો હોય અને પાછળથી સંવેગ થાય ત્યારે ગીતાર્થો આગળ નિવેદન કરીને પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરે છે.

વળી, કોઈ નગરમાં સાધુ વસ્યા હોય અને અન્ય રાજા તરફથી તે નગરનો નિરોધ કરાયો હોય ત્યારે સાધુને સંક્લેશના પરિહાર અર્થે શું કરવું જોઈએ જેથી સંયમની આરાધનામાં સ્ખલના થાય નહીં. તે અર્થે સેનાસૂત્રમાં જે વિધિ બતાવી છે તે અનુસાર નિરોધકાળમાં સાધુ ઉચિત આચરણા ન કરે તો પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય; કેમ કે તે તે સંયોગમાં શું શું કરવાથી સંયમની આરાધના સમ્યક્ થશે તેની ચિંતા ભગવાને કરી છે છતાં તે વિધિ પ્રત્યે ઉપેક્ષા કરવાથી જે મલિનતા થાય છે તે નિમિત્તે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. જે નિરોધવિષયક પ્રાયશ્ચિત્ત છે.

વળી, સાધુ વિહાર કરતા હોય ત્યારે એક સ્થાનથી બીજે સ્થાને જતા હોય ત્યારે માર્ગમાંથી ભિક્ષા ગ્રહણ કરીને અન્ય સ્થાને વાપરવાની પરિણતિવાળા હોય ત્યારે જે ક્ષેત્રની મર્યાદા શાસ્ત્રકારોએ કરી છે તેનું અતિક્રમણ કરીને ભિક્ષા વાપરે નહિ. અનાભોગાદિથી અતિક્રમણ થયું હોય ત્યારે માર્ગઅતીતવિષયક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

હવે, કાળવિષયક પ્રાયશ્ચિત્ત ક્યારે પ્રાપ્ત થાય છે તે સ્પષ્ટ કરે છે. કોઈ સાધુ સુભિક્ષ પણ કાળમાં તે નગરમાં ઉચિત યતના કરે તો નિર્દોષ ભિક્ષા પ્રાપ્ત થાય તેમ છે છતાં પ્રમાદને વશ દુર્ભિક્ષકાળમાં સાધુને જે અપવાદથી દોષ સેવવાની વિધિ બતાવી છે તેવી આચરણા કરે ત્યારે અસ્થાને તે વચનોને યોજવાનો અધ્યવસાય થાય છે અને સંયમના કંડકોની વૃદ્ધિ પ્રત્યે ઉપેક્ષા થાય છે તે વખતે જે પ્રકારના પરિણામની મલિનતા થઈ હોય તેને અનુરૂપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, કોઈ સાધુ તેવા જ સ્થાનમાં હોય જ્યાં ભિક્ષા દુર્લભ હોય, સંયમનો નિર્વાહ દુષ્કર હોય ત્યારે સંયમની વૃદ્ધિ અર્થે કંઈક ભિક્ષાના અપવાદો સેવીને પણ સંયમની વિધિનું પાલન કરવું જોઈએ એ પ્રકારે વિધિનું સ્મરણ કરે પરંતુ તે અપવાદકાળમાં પંચકહાનિની જે યતના શાસ્ત્રમાં વિહિત છે તે યતના ન કરે તો તદ્નિમિત્તક સાધુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. સુસાધુ પણ ક્યારેક પ્રમાદવશ તેવી સ્ખલના કરે તો પાછળથી પશ્ચાત્તાપ કરીને ગીતાર્થ પાસેથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે અને સાધુને દિવસે જે આચરણા કરવાની છે તે આચરણા કોઈ સાધુ રાત્રિમાં કરે. જેમ સૂર્યોદય પછી વિહાર, પડિલેહણાદિ જે ઉચિત કૃત્યો છે તે સાધુએ યતનાપૂર્વક કરવાં જોઈએ તેના બદલે તે પ્રકારના ત્વરાના પરિણામને કારણે જ રાત્રે સર્વ કૃત્યો કરે. પુષ્ટાલંબનથી અપવાદના કારણોને છોડીને તેવી આચરણા કરનાર સાધુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે જે દિવસ વિષયક પ્રાયશ્ચિત્ત છે.

વળી, કેટલીક આચરણા રાત્રે કરવાની છે; છતાં તે આચરણા આચરણા દિવસે કરે છે. તે નિમિત્તે સાધુને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, દિવસની આચરણા પણ દિવસે કરવા છતાં જે જે આચરણાઓનો જે જે કલ્પ છે તેનાથી ન્યૂન અધિક કરે છે. જેમ, પડિલેહણની ક્રિયા જે પ્રકારના અખ્ખોડા પક્ખોડાદિથી શાસ્ત્રમાં વિહિત છે અને જે પ્રકારના સુપ્રણિધાનથી તે ક્રિયા વિહિત છે તે પ્રકારે સામર્થ્ય હોવા છતાં પ્રમાદવશ ન કરે તો તદ્નિમિત્તક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તે રીતે રાત્રિની પણ સર્વ ઉચિત આચરણા જે રીતે વિહિત છે તે પ્રકારે ન કરે પણ સ્વમતિ અનુસાર ન્યૂન અધિક કરે કે સુપ્રણિધાનપૂર્વક ન કરે તો તદ્નિમિત્તક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. આ સર્વ કાલવિષયક પ્રાયશ્ચિત્ત છે. **॥૨૭૫॥**

**અવતરણિકા :-**

**भावविषयमाह –**

**અવતરણિકાર્થ :-**

**ભાવ વિષયને=ભાવવિષયક પ્રાયશ્ચિત્તને કહે છે –**

**ગાથા :-**

**भावे जोगे करणे, दप्प पमाए अ होइ पुरिसे अ ।**
**दव्वाइवसा दिज्जा, तम्मत्तं हीणमहिअं वा ।।२७६।।**

**અન્વયાર્થ :-**

भावे=ભાવના વિષયમાં પ્રાયશ્ચિત્ત બતાવે છે. जोगे=યોગને આશ્રયીને, करणे=કરણને આશ્રયીને, दप्प=દર્પને આશ્રયીને, पमाए=પ્રમાદને આશ્રયીને, पुरिसे अ=અને પુરુષને આશ્રયીને, પ્રાયશ્ચિત્ત થાય છે. दव्वाइवसा=દ્રવ્યાદિના વશથી, तम्मत्तं=તેટલું માત્ર=જિત વ્યવહાર પ્રમાણે પ્રાપ્ત થતું હોય તેટલું માત્ર પ્રાયશ્ચિત્ત આપે છે. हीणमहिअं वा दिज्जा=અથવા હીન આપે અથવા અધિક આપે. ॥૨૭૬॥

**ગાથાર્થ :-**

**ભાવના વિષયમાં પ્રાયશ્ચિત્ત બતાવે છે. યોગને આશ્રયીને, કરણને આશ્રયીને, દર્પને આશ્રયીને, પ્રમાદને આશ્રયીને, પુરુષને આશ્રયીને પ્રાયશ્ચિત્ત થાય છે. દ્રવ્યાદિના વશથી તેટલું માત્ર=જિત વ્યવહાર પ્રમાણે પ્રાપ્ત થતું હોય તેટલું માત્ર, પ્રાયશ્ચિત્ત આપે અથવા હીન આપે અથવા અધિક આપે. ॥૨૭૬॥**

**ટીકા :-**

**'भावे'त्ति । 'भावे' भावविषये 'योगे' मनोवाक्कायलक्षणे त्रिभेदे 'करणे' करणकारणानुमोदनत्रिके 'दर्पे' निष्कारणमकल्प्यस्य प्रतिसेवने 'प्रमादे' पञ्चविधे 'पुरुषे च' गुरुपरिणामकापरिणामकातिपरिणामकर्द्धिमत्रिष्क्रान्तानृद्धिमत्रिष्क्रान्तसहासहस्त्रीपुंनपुंसकबालतरुणस्थिरास्थिरकृतयोगाकृतयोगदारुणभद्रकादिरूपे । एतद्भेदाश्चाग्रेऽपि निरूपयिष्यन्ते । अत्र योगत्रिककरणत्रिकाभ्यां सप्तविंशतिर्भङ्गा भवन्ति कालत्रये चिन्त्यमानाः । तत्र मनसा करणमत्राम्रवणं वपामीति चिन्तया, आम्रवणं वपामि यदि त्वमनुजानासीति गृहस्थप्रश्नेऽनिवारणे च कारणम्, अनुक्तमप्यनिषिद्धं कुशलाः कर्त्तव्यं जानन्तीति, तदुक्तम्—**

'मागहा इंगिएण तु, पेहिएण य कोसला ।
अद्धुत्तेण य पंचाला, नाणुत्तं दक्खिणावहा ।।१।।'

**अन्योप्ताम्रवणे साध्विति चिन्तनं चानुमोदनम् । एवं वाक्काययोरपि द्रष्टव्यम् । कायेन कारणं पुनर्हस्तादिसञ्ज्ञया, अनुज्ञा च नखच्छोटिकां ददत इति । अत्र च निरपेक्षाणां मनसाऽप्यतिचारसेवने प्रायश्चित्तम् । गच्छस्थितानां च वाचा कायेन चेति व्यवस्था । अन्यदप्याह—'द्रव्यादिवशात्' द्रव्याद्यपेक्षणा-दद्यात् 'तन्मात्रं' यथाऽऽपन्नं हीनमधिकं वा ।।२७६।।**

**ટીકાર્થ :-**

'भावे' भावविषये ..... हीनमधिकं वा ।। ભાવમાં=ભાવના વિષયમાં પ્રાયશ્ચિત્તના ભેદો બતાવે છે. યોગમાં=મન, વચન, કાયારૂપ ત્રણ ભેદ સ્વરૂપ યોગમાં, કરણમાં=કરણ, કરાવણ, અનુમોદનાદિ રૂપ ત્રિકમાં, દર્પમાં=નિષ્કારણ અકલ્પ્યના પ્રતિસેવનમાં, પ્રમાદમાં=પાંચ પ્રકારના પ્રમાદમાં,

**પુરુષમાં=ગુરુપરિણામક, અગુરુપરિણામક, અતિપરિણામક, ઋદ્ધિમાન્ નિષ્ક્રાંત, ઋદ્ધિ વગરના નિષ્ક્રાંત, સહન કરવા સમર્થ, સહન કરવા અસમર્થ, સ્ત્રી, પુરુષ, નપુંસક, બાલ, તરુણ, સ્થિર, અસ્થિર, કૃતયોગ, અકૃતયોગ, દારુણ અને ભદ્રકાદિ રૂપ પુરુષમાં, ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્તના ભેદોની પ્રાપ્તિ છે એમ યોજન છે અને આ ભેદો=ભાવને આશ્રયીને જે ભેદો કહ્યા તે, આગળમાં પણ નિરૂપણ કરાશે. અહીં=પ્રસ્તુત ગાથામાં, યોગત્રિક અને કરણત્રિકથી કાલત્રયમાં વિચારાતા સત્યાવીશ ભેદો થાય છે. ત્યાં=સત્યાવીશ ભેદોમાં, અહીં=આ સ્થાનમાં, આમ્રવનને વપન કરું છું એ પ્રમાણેની વિચારણાથી મનથી કરણ છે. જો તમે અનુજ્ઞા આપો તો આમ્રવનને વપન કરું છું એ પ્રમાણે ગૃહસ્થ પ્રશ્ન કર્યે છતે અનિવારણમાં કારણ છે=કરાવણ છે. અનુક્ત પણ અનિષિદ્ધને કુશળો કર્તવ્ય જાણે છે એથી અનિવારણમાં મનથી કરાવણ છે. તે કહેવાયું છે=અનિષિદ્ધ અનુમત છે તે અન્યત્ર કહેવાયું છે.**

'મગધના મનુષ્યો ઈંગિતથી જાણે છે. પ્રેક્ષણથી કૌશલ દેશના જાણે છે. પાંચાલ દેશના અર્ધ કહેવાથી જાણે છે. દક્ષિણના પથવાળા જીવો અનુક્તને જાણતા નથી.'

**અને અન્ય વડે વપાયેલા આમ્રવનમાં સાધુ એ પ્રકારનું ચિંતન અનુમોદન છે=મનથી અનુમોદન છે. આ રીતે વચન, કાયામાં પણ જાણવું. કાયાથી કારણ=બીજા પાસે કરાવવું, વળી હસ્તાદિની સંજ્ઞાથી છે અને અનુજ્ઞા=અનુમોદનકાયાથી ચપટી વગાડવાથી છે. અહીં=કરણ, કરાવણ, અનુમોદનના વિષયમાં, નિરપેક્ષ સાધુઓને=પ્રતિમાધારી આદિ સાધુઓને, મનથી પણ અતિચારના સેવનમાં પ્રાયશ્ચિત્ત છે અને ગચ્છમાં રહેલાઓને વાણીથી અને કાયાથી અતિચારોના સેવનમાં પ્રાયશ્ચિત્ત છે એ પ્રમાણે વ્યવસ્થા છે અને બીજું પણ કહે છે. દ્રવ્યાદિના વશથી=દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી, તેટલું માત્ર=જે પ્રમાણે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તેટલું માત્ર, આપે અથવા હીન અધિક આપે. ॥૨૭૬॥**

**ભાવાર્થ :-**

ભાવને આશ્રયીને સુગુરુ કઈ રીતે પ્રાયશ્ચિત્ત આપે તે સ્પષ્ટ કરતાં કહે છે. યોગ અને કરણને આશ્રયીને સત્યાવીશ ભેદોની પ્રાપ્તિ છે. કઈ રીતે સત્યાવીશ ભેદો છે તે સ્પષ્ટ કરતાં કહે છે. મન-વચન-કાયાના યોગો ત્રણ પ્રકારના છે અને કરણ-કરાવણ-અનુમોદનરૂપ ત્રણ છે તેથી નવ ભેદ પ્રાપ્ત થાય અને ત્રણ કાળને આશ્રયીને તે નવ ભેદોનો વિચાર કરીએ તો ૨૭ ભેદોની પ્રાપ્તિ થાય.

કઈ રીતે મનથી કરણ સાધુને પ્રાપ્ત થાય તે બતાવવા અર્થે આમ્રવૃક્ષના વપનનું દૃષ્ટાંત બતાવેલ છે. તે પ્રમાણે સાધુને શાતા અર્થે કોઈપણ બાહ્ય કરણની ઇચ્છા થાય અને તે માત્ર મનથી જ વિચારે તો તે મનથી આરંભ-સમારંભનું કૃત્ય છે. જેમ અતિ ગરમીમાં અહીં પવન આવે તેવું હું કાંઈક કરું તે પ્રકારે મનથી કરવાનો સંકલ્પ થાય પણ, કરે નહિ તોપણ ભાવને આશ્રયીને સંયમમાં મનથી કરણ દોષની પ્રાપ્તિ થાય છે. વસ્તુતઃ સાધુ વીતરાગ થવાના ઉચિત ઉપાય સિવાય અન્ય કોઈની વિચારણા ન કરે. ફક્ત વીતરાગ

થવાને અનુકૂળ સ્વાધ્યાયાદિ ઉચિત કૃત્યોમાં દૃઢ પ્રણિધાન સ્ખલના પામતું હોય ત્યારે તેના નિવારણ અર્થે ઉચિત ઉપાયની વિચારણા કરે તે સંયમવૃદ્ધિના ઉપાય અર્થે થયેલી વિચારણા હોવાથી ચારિત્રમાં અતિચારની પ્રાપ્તિ થતી નથી. તે સિવાય ક્ષુધા લાગી છે તેના ઉપાય અર્થે હું આહાર ગ્રહણ કરું એ પ્રકારનો મનથી વિચાર કરે તે પણ મનને આશ્રયીને ક્ષુધા પ્રત્યે દ્વેષથી તે કરણનો પરિણામ હોવાથી ચારિત્રમાં અતિચારની પ્રાપ્તિ થાય છે.

તે રીતે સંયોગ અનુસાર માત્ર બાહ્ય અનુકૂળતાને અને પ્રતિકૂળતાને અવલંબીને મનથી વિચારે કે હું આ કરું જેથી અનુકૂળ ભાવની પ્રાપ્તિ થાય અને પ્રતિકૂળ ભાવથી નિવૃત્તિ થાય તેવો પરિણામ મનથી કરણ છે.

વળી, પોતાને કોઈક ભાવ અનુકૂળ હોય અને તેવું જ કૃત્ય કોઈ ગૃહસ્થ કે અન્ય સાધુ કરવા તત્પર થાય અને કહે કે તમે અનુજ્ઞા આપો તો હું આ કરું. આ પ્રકારનો ગૃહસ્થનો પ્રશ્ન થયે છતે તેનું નિવારણ કરવામાં ન આવે તો તે કૃત્યના કરાવણને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે; કેમ કે સાક્ષાત્ વચનથી તું કર એમ કહેલ નથી તોપણ અદૂષિત કૃત્યને બુદ્ધિમાન પુરુષો કર્તવ્યરૂપે જાણે છે તેથી ગૃહસ્થના તે કૃત્યમાં સાધુને મનથી કરાવણની પ્રાપ્તિ છે અને તે કૃત્ય શાતા અર્થે હોવાથી આરંભ-સમારંભ સ્વરૂપ છે. ફક્ત વચનથી અનુજ્ઞા આપેલ નથી તોપણ વચનથી નિષેધ નહીં કરવાથી મનથી કરાવણની પ્રાપ્તિ છે. વળી, પોતાને શાતા અર્થે જે કોઈ વસ્તુની આવશ્યકતા હોય અને તેવું કૃત્ય કોઈ કરે અથવા અશાતા થતી હોય અને અશાતાના નિવારણનો ઉપાય કોઈ કરે ત્યારે મનમાં થાય કે આ સારું થયું તે મનથી અનુમોદન છે. એ રીતે વચનથી પણ સંયમના ઉપાયને છોડીને સ્વયં કરે અર્થાત્ આ કૃત્ય હું કરું એ પ્રકારે વચનપ્રયોગ કરે, પણ કાયાથી કરે નહિ તે વાચિક કરણ છે, કોઈને કરવા પ્રેરણા કરે તે વાચિક કરાવણ છે અને કોઈએ તે કૃત્ય કર્યું હોય અથવા કરે તેમ હોય ત્યારે તેની અનુમોદના કરે અર્થાત્ આ પુરુષ વિવેકપૂર્વક આ કૃત્ય કરનાર છે એમ કહીને વાચિક અનુમોદન કરે. વસ્તુતઃ તે કૃત્ય પોતાના શાતાદિના પ્રયોજનથી સાધુને અભિપ્રેત છે તેથી સાવદ્યરૂપ છે માટે તેનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

વળી, કાયાથી સાક્ષાત્ કોઈ સાધુ શાતા અર્થે પ્રવૃત્તિ કરે પરંતુ સંયમને સ્મરણમાં રાખીને તેની ચિંતા ન કરે ત્યારે કાયાથી કરણ પ્રાપ્ત થાય છે. વળી, તેવું જ આરંભ-સમારંભનું કૃત્ય હસ્તાદિની સંજ્ઞાથી કોઈને કરવાનું કહે, સ્વયં કરે નહીં અને વચનથી કરવાનું કહે ત્યારે કાયાથી અનુમોદનની પ્રાપ્તિ છે. વળી, કષાયને વશ થયેલ આરંભ-સમારંભનાં આ સર્વ કૃત્યો વિષયક ભૂતકાળમાં મનમાં વિચાર આવ્યો હોય, ભૂતકાળમાં વચનથી કરાયું હોય અને ભૂતકાળમાં કાયાથી કરાયું હોય તેને આશ્રયીને ભેદો પ્રાપ્ત થાય છે. વળી, ભવિષ્યમાં હું આ કરાવીશ એ પ્રકારના મનના વિકલ્પથી, વચનના વિકલ્પથી કે કાયાના વિકલ્પથી નવ ભેદોની પ્રાપ્તિ થાય છે. તેથી કરણ-કરાવણ અને અનુમોદન અને ત્રણ યોગને આશ્રયીને ૨૭ વિકલ્પોમાંથી કોઈપણ વિકલ્પને આશ્રયીને પાપ થયેલ હોય અર્થાત્ સંયમવૃદ્ધિના ઉપાય સિવાયની પ્રવૃત્તિ થઈ હોય તેને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે.

વળી, સાધુઓ બે પ્રકારના છે : (૧) નિરપેક્ષ સાધુઓ અને (૨) ગચ્છના વાસી. નિરપેક્ષ સાધુઓ પ્રતિમાને વહન કરનારા કે જિનકલ્પી આદિ છે. તેઓને મનથી પણ પ્રતિકૂળ ભાવોમાં તેવો કોઈ વિકલ્પ

આવે ત્યારે તે અતિચારનું પ્રાયશ્ચિત્ત આવે. જેમ કોઈ તેવા મુનિને ઉપસર્ગ કરતું હોય ત્યારે તે ઉપસર્ગમાં મનથી પણ પ્રતિકાર કરવાનો પરિણામ થાય ત્યારે પ્રસ્તુતમાં બતાવેલા તપાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય. જ્યારે ગચ્છવાસી સાધુઓને અતિ શીત, અતિ ગરમી આદિ ઉપસર્ગો કે પરિષહોમાં મનથી તેવો કોઈક પરિણામ થાય ત્યારે અતિચારની પ્રાપ્તિ થાય છે. તેનું પ્રાયશ્ચિત્ત દશ પ્રાયશ્ચિત્તમાંથી બીજા 'પ્રતિક્રમણ' રૂપ 'મિચ્છામિ દુક્કડં' રૂપ પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થાય છે અર્થાત્ થયેલી સ્ખલનાનું સ્મરણ કરીને પ્રણિધાનપૂર્વક 'મિચ્છામિ દુક્કડં' કહેવાથી તેની શુદ્ધિ થાય છે. પરંતુ પ્રસ્તુતમાં બતાવેલા તપાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી. વળી, ગચ્છવાસી સાધુઓ વચનથી કે કાયાથી તેવું કોઈ કૃત્ય કરણ-કરાવણ કે અનુમોદનરૂપે કરે ત્યારે તેઓને પણ ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. વળી, પૂર્વમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયીને પ્રાયશ્ચિત્ત બતાવ્યાં અને તે દ્રવ્યાદિની અપેક્ષાએ જેને જેટલું પ્રાયશ્ચિત્ત આવતું હોય તેટલું માત્ર સુગુરુ આપે અને સંયોગાનુસાર હીન અધિક પણ આપે. કેમ હીન-અધિક આદિ આપે તે આગળ સ્પષ્ટ કરે છે.

વળી, પ્રસ્તુત ગાથામાં યોગ અને કરણને આશ્રયીને વિકલ્પો બતાવ્યા. પરંતુ દર્પને, પ્રમાદને અને પુરુષને આશ્રયીને જે પ્રાયશ્ચિત્તના વિકલ્પો છે તેનું સ્વરૂપ આગળ બતાવશે. ફક્ત ભાવના વિષયમાં તેઓનું ગ્રહણ છે આથી અહીં નિર્દેશ કરેલ છે. જેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને કઈ રીતે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તેનો યથાર્થ બોધ થાય અને સર્વ પ્રાયશ્ચિત્ત કરણ-કરાવણ-અનુમોદન અને મન-વચન-કાયાના યોગોને આશ્રયીને પ્રવર્તે છે; કેમ કે તેને અનુરૂપ જ કષાયો તે તે આરંભમાં પ્રવર્તક બને છે. **॥૨૭૬॥**

**અવતરણિકા :-**

**તથા ચાહ –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે કહે છે=પૂર્વની ગાથાના અંતે કહ્યું કે દ્રવ્યાદિના વશથી પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત હીન કે અધિક પણ આપે તે રીતે કહે છે –**

**ગાથા :-**

दिज्जाऽहिअं पि णाउं, बलिअं सुलहं च दव्वमसणाई ।
हीणं पि दिज्ज तं पुण, नाऊणं दुब्बलं दुलहं ।।२७७।।

**અન્વયાર્થ :-**

**बलिअं=બલિક णाउं=જાણીને, च असणाई दव्वम्=અને અશનાદિ દ્રવ્ય, सुलहं=સુલભ જાણીને, अहिअं पि दिज्ज=અધિક પણ આપે=પ્રાયશ્ચિત્ત અધિક પણ આપે, पुण=વળી, दुब्बलं=પુરુષને દુર્બલ, तं=તેને=અશનાદિ દ્રવ્યને, दुलहं नाऊणं=દુર્લભ જાણીને, हीणं पि दिज्ज=હીન પણ આપે. ।।૨૭૭।।**

**ગાથાર્થ :-**

**બલિક જાણીને અને અશનાદિ દ્રવ્ય સુલભ જાણીને અધિક પણ આપે=પ્રાયશ્ચિત્ત અધિક પણ આપે. વળી પુરુષને દુર્બલ જાણીને તેને=અશનાદિ દ્રવ્યને દુર્લભ જાણીને હીન પણ આપે. ॥૨૭૭॥**

**ટીકા :-**

'दिज्ज'त्ति । 'बलिकं' बलिष्ठं क्रूरादिस्वभावेनैव सुलभं चाशनादिद्रव्यं ज्ञात्वा 'अधिकमपि' जीतोक्ताद्बहुतरमपि प्रायश्चित्तं दद्यात् । दुर्बलं दुर्लभं च तदशनादि ज्ञात्वा वल्लचणककाञ्जिकादिकं 'हीनमपि' जीतोक्तादल्पमपि दद्यात् ।।२७७।।

**ટીકાર્થ :-**

'बलिकं' ..... दद्यात् ।। બલિક=ક્રૂરાદિ સ્વભાવથી જ બલિષ્ઠને જાણીને અને અશનાદિ દ્રવ્યને સુલભ જાણીને અધિક પણ=જીતમાં કહેવાયેલા પ્રાયશ્ચિત્તથી બહુતર પણ, પ્રાયશ્ચિત્ત આપે. દુર્બલને જાણીને અને તે વાલ, ચણા, કાંજિક આદિ રૂપ અશનાદિને દુર્લભ જાણીને હીન પણ=જીતમાં કહેવાયેલા પ્રાયશ્ચિત્તથી અલ્પ પણ, આપે. ॥૨૭૭॥

**ગાથા :-**

लुक्खे खित्ते हीणं, सीए अहिअं जहट्ठिअं दिज्जा ।
साहारणम्मि खित्ते, एवं काले वि तिविहम्मि ।।२७८।।

**અન્વયાર્થ :-**

लुक्खे खित्ते हीणं=રુક્ષ ક્ષેત્રમાં હીન પ્રાયશ્ચિત્ત પણ આપે, सीए अहिअं=શીત ક્ષેત્રમાં અધિક પણ આપે, साहारणम्मि खित्ते=સાધારણ ક્ષેત્રમાં, जहट्ठिअं दिज्जा=યથાસ્થિત પ્રાયશ્ચિત્ત આપે, एवं तिविहम्मि काले वि=આ રીતે ત્રિવિધ કાલમાં પણ પ્રાયશ્ચિત્ત જાણવું. ॥૨૭૮॥

**ગાથાર્થ :-**

**રુક્ષ ક્ષેત્રમાં હીન પ્રાયશ્ચિત્ત પણ આપે. શીત ક્ષેત્રમાં અધિક પણ આપે. સાધારણ ક્ષેત્રમાં યથાસ્થિત પ્રાયશ્ચિત્ત આપે. એ રીતે ત્રિવિધ કાલમાં પણ પ્રાયશ્ચિત્ત જાણવું. ॥૨૭૮॥**

**ટીકા :-**

'लुक्खे'त्ति । 'रूक्षे' स्नेहरहिते क्षेत्रे 'हीनम्' अल्पतरमपि दद्यात् । 'शीते' स्निग्धे क्षेत्रेऽधिकमपि । 'साधारणे' अस्निग्धरूक्षे च क्षेत्रे 'यथास्थितं' जीतोक्तमात्रं दद्यात् । एवं कालेऽपि त्रिविधे ज्ञातव्यम् ।।२७८।।

**ટીકાર્થ :-**

**'रूक्षे' ..... ज्ञातव्यम् ।। રુક્ષ ક્ષેત્રમાં=સ્નિગ્ધતાથી રહિત ક્ષેત્રમાં, હીન=અલ્પતર, પણ પ્રાયશ્ચિત્ત આપે. શીત=સ્નિગ્ધ ક્ષેત્રમાં, અધિક પણ આપે. સાધારણ ક્ષેત્રમાં=અરુક્ષ અને અસ્નિગ્ધ ક્ષેત્રમાં, યથાઅવસ્થિત=જીતમાં કહેલું માત્ર, પ્રાયશ્ચિત્ત આપે. આ રીતે ત્રિવિધ પણ કાલમાં જાણવું=જે રીતે ક્ષેત્રમાં કહ્યું એ રીતે ત્રિવિધ પણ કાલમાં જાણવું. ।।૨૭૮।।**

**ભાવાર્થ :-**

સુસાધુ ત્રણ ગુપ્તિઓના બળથી મોહનો નાશ કરવા ઉદ્યમ કરે છે જેના બળથી ઉત્તરોત્તર સામાયિકની પરિણતિ વિશુદ્ધ વિશુદ્ધતર થાય છે જેનાથી કષાયોરૂપી શત્રુ સતત ક્ષીણ ક્ષીણતર થાય છે અને સંયમવૃદ્ધિના પ્રયોજનથી કાયિકાદિ ચેષ્ટા સાધુ કરે ત્યારે કંટક આકીર્ણ ભૂમિમાં ગમનની જેમ ચેષ્ટા કરે છે. ભિક્ષા ગ્રહણ કરવા જાય ત્યારે ભિક્ષાના સર્વ દોષોનો સમ્યક્ પરિહાર કરવા યત્ન કરે છે આમ છતાં ઉપયોગની સ્ખલનાને કારણે કે પ્રમાદને કારણે પૃથ્વીકાયાદિ કોઈ જીવની વિરાધના થઈ હોય કે ભિક્ષાના કોઈ દોષોનું સેવન થયું હોય કે ઉચિત યતનામાં પ્રમાદ થયો હોય ત્યારે થયેલી વિરાધનાના કારણે પરિણામને આશ્રયીને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે આમ છતાં પ્રમાદ સેવનાર સાધુ ક્રૂરાદિ સ્વભાવવાળા હોય અર્થાત્ થયેલા પ્રમાદ પ્રત્યે ઉપેક્ષા આદિ સ્વભાવવાળા હોય ત્યારે ગીતાર્થ ગુરુ અધિક પ્રાયશ્ચિત્ત પણ આપે છે અર્થાત્ તેનાથી થયેલી સ્ખલનાને અવલંબીને જીતમાં કહેલ જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેના કરતાં તેના સ્વભાવને આશ્રયીને ગીતાર્થ ગુરુ અધિક પ્રાયશ્ચિત્ત પણ આપે છે જેથી થયેલી સ્ખલનાથી વિરુદ્ધ ભાવો કરીને તે જીવ શુદ્ધિને પામે. જો કે પ્રાયશ્ચિત્ત લેનાર સાધુ કંઈક કઠોર સ્વભાવવાળા છે તેથી કંઈક મલિન પરિણામવાળા છે છતાં પોતાના થયેલા પાપની શુદ્ધિના અર્થી છે તેથી કંઈક આરાધકભાવવાળા પણ છે અને તે પ્રમાણે અધિક પ્રાયશ્ચિત્ત આપવાથી તેમને તીવ્ર સંવેગ થાય કે આટલા પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ તેવું મારાથી અનુચિત કૃત્ય થયું છે તેથી તેમના પશ્ચાત્તાપના પરિણામને અતિશય કરે તેવો સંવેગનો પરિણામ થવાથી થયેલા પાપની શુદ્ધિ થાય છે.

વળી, અશનાદિ આહાર સુલભ હતો છતાં પ્રમાદને વશ તે સાધુએ અપવાદનું અવલંબન લઈને દોષ સેવ્યો છે અથવા જે ક્ષેત્રમાં તે સાધુઓ વસે છે તે ક્ષેત્રમાં અશનાદિ દ્રવ્યો સુલભ છે માટે અધિક પ્રાયશ્ચિત્ત પણ આ સાધુ સુખપૂર્વક વહન કરી શકશે તેવું જણાય તો જીતમાં કહેલ પ્રાયશ્ચિત્તથી અધિક પણ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ ગુરુ આપે; કેમ કે અશનાદિ સુલભ હોવાથી અધિક પ્રાયશ્ચિત્તના બળથી તે પ્રકારનો સંવેગ થશે જેથી પાપની શુદ્ધિ થશે તેવો નિર્ણય ગીતાર્થ ગુરુ કરી શકે છે અને અશનાદિ બહુ સુલભ ન હોય પરંતુ અત્યંત દુર્લભ પણ ન હોય તો જીત અનુસાર પ્રાયશ્ચિત્ત આપે; કેમ કે જીત અનુસાર ઉચિત તપાદિ કરીને શુદ્ધિના અર્થી તે સાધુ સંવેગ ઉત્પન્ન કરીને પાપની શુદ્ધિ કરશે.

વળી, કોઈ સાધુ દેહથી દુર્બલ હોય અથવા પ્રકૃતિથી ક્લિષ્ટ સ્વભાવવાળા ન હોય તેથી પ્રાયઃ દોષો ન સેવે છતાં કો'ક નિમિત્તથી સ્ખલના પામેલ હોય તેવા યોગ્ય સાધુને તેમની સ્ખલનાથી પ્રાપ્ત થતા

પ્રાયશ્ચિત્ત કરતાં અલ્પ પણ પ્રાયશ્ચિત્ત આપે; કેમ કે પ્રકૃતિ પાપભીરુ છે અને શુદ્ધિના અર્થી છે તેથી તેઓ અલ્પ પ્રાયશ્ચિત્તથી પણ અવશ્ય શુદ્ધિ કરશે અથવા જે ક્ષેત્રમાં સાધુ વસતા હોય તે ક્ષેત્રમાં આહારાદિ દુર્લભ હોય તેથી જીત પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપવામાં આવે તો તે સાધુ શુદ્ધ ભિક્ષા દ્વારા તેનો નિર્વાહ કરી શકે નહિ તેથી તેવી સ્ખલનાથી જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેનાથી અલ્પ પણ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ આપે. એ રીતે સાધુ જ્યાં વસ્યા હોય તે ક્ષેત્ર રુક્ષ હોય જેથી તપ કરવો દુષ્કર હોય ત્યારે યોગ્ય સાધુના પરિણામની શુદ્ધિના અર્થી ગુરુ તેની સ્ખલના અનુસાર જીતથી જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેનાથી અલ્પ પણ પ્રાયશ્ચિત્ત આપે જેથી સુખપૂર્વક પ્રાયશ્ચિત્ત વહન કરીને તે મહાત્મા શુદ્ધિને પામે. અહીં 'અલ્પતર પણ' એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે કોઈક સાધુના પરિણામને આશ્રયીને રુક્ષ ક્ષેત્રમાં પણ જીતમાં કહેલ પ્રાયશ્ચિત્ત પ્રમાણે જ પ્રાયશ્ચિત્ત આપે અથવા સાધુના પરિણામના ભેદથી જીતમાં કહેલ પ્રાયશ્ચિત્તથી અધિક પણ આપે.

વળી, જે સ્થાનમાં સાધુ વસ્યા હોય તે ક્ષેત્ર સ્નિગ્ધ હોય તો જે સાધુએ જે સ્ખલના કરી હોય તેને અનુરૂપ જીતથી જે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોય તેના કરતાં અધિક પણ આપે. અહીં 'अपि'થી એ પ્રાપ્ત થાય કે કો'ક સાધુની તેવી શક્તિ ન હોય કે અન્ય કોઈ તેવાં કારણો હોય તો જીત અનુસાર પણ આપે અને અધિક આપવાથી શુદ્ધિ થશે તેમ જણાય તો અધિક પણ આપે.

વળી, જે ક્ષેત્રમાં સાધુ વસ્યા હોય તે અતિ સ્નિગ્ધ પણ ન હોય કે અતિ રુક્ષ પણ ન હોય તો જીતમાં કહેલ જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે પ્રમાણે આપે. એ રીતે કાળમાં પણ જે કાળ રુક્ષ હોય, જે કાળ સ્નિગ્ધ હોય અથવા જે કાળ સાધારણ હોય તેને અનુરૂપ ગીતાર્થ ગુરુ પ્રાયશ્ચિત્તનો ભેદ કરે.

આ સર્વ ભેદો માત્ર પોતાની ઇચ્છા અનુસાર ગીતાર્થ ગુરુ કરતા નથી પરંતુ પ્રાયશ્ચિત્ત લેનારા સાધુને કઈ રીતે સંવેગની વૃદ્ધિ દ્વારા પાપની શુદ્ધિ થશે તેનું આલોચન કરીને આપે છે. જો તે પ્રકારે આલોચન કર્યા વગર ગુરુ પ્રાયશ્ચિત્ત આપે તો આપનાર ગુરુને પણ કર્મબંધની પ્રાપ્તિ થાય છે. **॥૨૭૭-૨૭૮॥**

**અવતરણિકા :-**

**विशेषतः कालं प्रपञ्चयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**વિશેષથી કાળને વિસ્તાર કરતાં કહે છે –**

**ગાથા :-**

**गिम्हसिसिरवासासुं, दिज्जऽदुमदसमबारसंताइं ।**
**णाउं विहिणा णवविहसुअववहारोवदेसेणं ।।२७९।।**

**અન્વયાર્થ :-**

णवविहसुअववहारोवदेसेणं=નવ પ્રકારના શ્રુત વ્યવહારના ઉપદેશથી, विहिणा णाउं=વિધિપૂર્વક જાણીને, गिम्हसिसिरवासासुं=ગ્રીષ્મ, શિશિર અને વર્ષાઋતુમાં, अट्ठमदसमबारसंताइं=અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસના અંતવાળા તપોને, दिज्ज=આપે. ॥૨૭૯॥

**ગાથાર્થ :-**

**નવ પ્રકારના શ્રુત વ્યવહારના ઉપદેશથી વિધિપૂર્વક જાણીને ગ્રીષ્મ, શિશિર અને વર્ષાઋતુમાં અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસના અંતવાળા તપોને આપે. ॥૨૭૯॥**

**ટીકા :-**

'गिम्ह'त्ति । इह कालो ग्रीष्मशिशिरवर्षालक्षणस्त्रिविधः, स च सामान्यतो द्विधा-स्निग्धो रूक्षश्च, स च द्विरूपोऽप्युत्कृष्टमध्यमजघन्यभेदात्त्रिधा । तत्रोत्कृष्टस्निग्धः-अतिशीतः, मध्यमस्निग्धः-नातिशीतः, जघन्यस्निग्धः-स्तोकशीतः । उत्कृष्टरूक्षः-अत्युष्णः, मध्यमरूक्षः-नात्युष्णः, जघन्यरूक्षः-कवोष्णः । एवंरूपे काले ग्रीष्मशिशिरवर्षाख्ये कालत्रये नवविधतपोदानलक्षणश्रुतव्यवहारोपदेशेन 'विधिना' वैपरीत्याभावेन ज्ञात्वाऽष्टमदशमद्वादशान्तानि तपांसि दद्यात् । अयं भावः—ग्रीष्मशिशिरवर्षासु यथा-क्रमं चतुर्थषष्ठाष्टमानि जघन्यानि, षष्ठाष्टमदशमानि मध्यमानि, अष्टमदशमद्वादशान्युत्कृष्टानि दद्यादित्यर्थः ।।२७९।।

**ટીકાર્થ :-**

इह कालो ..... दद्यादित्यर्थः ।। અહીં=મનુષ્યલોકમાં, કાળ ગ્રીષ્મ, શિશિર, વર્ષા લક્ષણ ત્રણ પ્રકારનો છે અને તે=કાળ સામાન્યથી=ત્રણ વિભાગ વગર સામાન્યથી, બે પ્રકારનો છે. ૧) સ્નિગ્ધ અને ૨) રુક્ષ. અને તે બે પ્રકારનો પણ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્યના ભેદથી ત્રણ પ્રકારનો છે. ત્યાં=ઉત્કૃષ્ટાદિ ભેદમાં, ઉત્કૃષ્ટ સ્નિગ્ધ=અતિશય શીત; મધ્યમસ્નિગ્ધ=અતિશય શીત નહિ; જઘન્ય સ્નિગ્ધ=થોડો શીત છે; ઉત્કૃષ્ટ રુક્ષ=અતિ ઉષ્ણ છે; મધ્યમ રુક્ષ=અતિ ઉષ્ણ નથી; જઘન્ય રુક્ષ=થોડો ગરમ; આ રૂપ કાળ હોતે છતે=ઉત્કૃષ્ટાદિ ભેદવાળો કાળ હોતે છતે, ગ્રીષ્મ, શિશિર, વર્ષા નામના કાળત્રયમાં નવ પ્રકારના તપોદાન લક્ષણ શ્રુત વ્યવહારના ઉપદેશથી વિધિપૂર્વક=વૈપરીત્યના અભાવથી, જાણીને અઠ્ઠમ=ત્રણ ઉપવાસ, દશમ=ચાર ઉપવાસ અને દ્વાદશ=પાંચ ઉપવાસો સુધીના તપો આપે. આ ભાવ છે. ગ્રીષ્મ, શિશિર અને વર્ષામાં યથાક્રમ ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમરૂપ જઘન્ય તપ છે. છઠ્ઠ, અઠ્ઠમ અને ચાર ઉપવાસ મધ્યમ તપ છે. અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ ઉત્કૃષ્ટ તપ આપે. ॥૨૭૯॥

**અવતરણિકા :-**

अत्रैव भङ्गप्रपञ्चमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં જ=નવ પ્રકારના શ્રુત ઉપદેશથી પ્રાયશ્ચિત્ત આપે એમ પૂર્વમાં કહ્યું એમાં જ, ભાંગાઓના પ્રપંચને કહે છે –

**ગાથા :-**

**पक्खावत्तीदाणे, कालतिगे णवविहम्मि ववहारे ।**
**ति णव सगवीस इगसी, भेआ णेया जहाजंतं ।।२८०।।**

**અન્વયાર્થ :-**

णवविहम्मि ववहारे=નવવિધ વ્યવહારમાં, पक्खावत्तीदाणे=પક્ષ વિષયક, આપત્તિ વિષયક અને દાન વિષયક, कालतिगे=કાલ ત્રણમાં, ति णव सगवीस इगसी भेआ=ત્રણ, નવ, સત્યાવીશ અને એક્યાશી ભેદો, जहाजंतं णेया=યથાયંત્ર જાણવા. ll૨૮૦ll

**ગાથાર્થ :-**

**નવવિધ વ્યવહારમાં પક્ષ વિષયક, આપત્તિ વિષયક અને દાન વિષયક કાલ ત્રણમાં ત્રણ, નવ, સત્યાવીશ અને એક્યાશી ભેદો યથાયંત્ર જાણવા. ll૨૮૦ll**

**ટીકા :-**

**'पक्खावत्ति'त्ति । नवविधे श्रुतव्यवहारे पक्षे आपत्तौ दाने च त्रयो नव सप्तविंशतिरेकाशीति-भेदाश्च भेदा यथायन्त्रं ज्ञेयाः । पक्षत्रयेण त्रयो भङ्गाः, आपत्तिभेदतो नव, दानतपोभेदतः सप्त-विंशतिः, कालत्रिकविशेषेण पुनरेकाशीतिरिति । यन्त्रस्थापना च यद्यप्येकाशीतिभङ्गानामेव तथापि तद्घटकानां त्र्यादीनामपि ततो लाभान्न विरोधः ।।२८०।।**

**ટીકાર્થ :-**

नवविधे ..... विरोधः ।। નવવિધ શ્રુત વ્યવહારમાં=ગાથા-૨૮૧માં જે નવવિધ તપોદાનનો વ્યવહાર બતાવ્યો તેમાં, પક્ષ વિષયક, આપત્તિ વિષયક અને દાન વિષયક ત્રણ, નવ, સત્યાવીશ અને એકયાશી ભેદવાળા ભેદો યથાયંત્ર જાણવા=આગળમાં બતાવેલા યંત્ર અનુસાર જાણવા. તે ભેદોને જ ક્રમસર સ્પષ્ટ કરે છે. પક્ષત્રયથી ત્રણ ભાંગા છે, આપત્તિના ભેદથી નવ ભાંગા છે, દાનરૂપ તપના ભેદથી સત્યાવીશ ભાંગા છે. કાલત્રયના વિશેષથી વળી એક્યાશી ભાંગા છે અને ગાથા-૨૯૦ની ટીકાની નીચે યંત્રસ્થાપના જો કે એકયાશી ભાંગાની જ છે તોપણ તેના ઘટક એવા ત્રણાદિનો

પણ=તે યંત્રસ્થાપનામાં પક્ષ વિષયક ત્રણ, આપત્તિ વિષયક નવ અને દાન વિષયક સત્યાવીશ ભાંગાઓના પણ તેનાથી=તે યંત્રથી, લાભ હોવાને કારણે વિરોધ નથી. આ કથનને આગળમાં બતાવેલા યંત્રથી જોડવા માટે યત્ન કરવાથી યથાર્થ બોધ થશે. ॥૨૮૦॥

**અવતરણિકા :-**

तत्र पूर्वं नवविधतपोदानव्यवहारं दर्शयन्नाह –

**અવતરણિકાર્થ :-**

ત્યાં=ગાથા-૨૮૦માં, જે કથન કર્યું તેમાં, પ્રથમ નવવિધ તપોદાન વ્યવહારને બતાવતાં કહે છે –

**ગાથા :-**

अट्ठमदसमदुवालसचरमो कालत्तयम्मि खवणाई ।
निविअ पुरिमासणंबिल, इग बि ति चउ पंच वा णवहा ।।२८१।।

**અન્વયાર્થ :-**

कालत्तयम्मि=કાલત્રયમાં, खवणाई=ક્ષપણાદિ છે આદિમાં જેને, अट्ठमदसमदुवालसचरमो=અઠ્ઠમ, દશમ અને બાર છે ચરમમાં જેને તે યથાક્રમ શ્રુતવ્યવહાર છે એમ અન્વય છે, वा=અથવા, निविअ पुरिमासणंबिल=નિવિ, પુરિમુટ્ઠ, એકાસણ, આયંબિલ, इग बि ति चउ पंच णवहा=એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ એ રીતે નવ પ્રકારનો શ્રુતવ્યવહાર છે. ॥૨૮૧॥

**ગાથાર્થ :-**

**કાલત્રયમાં ક્ષપણાદિ છે આદિમાં જેને, અઠ્ઠમ, દશમ અને બાર છે ચરમમાં જેને તે યથાક્રમ નવવિધ શ્રુતવ્યવહાર છે એમ અન્વય છે. અથવા નીવિ, પુરિમુટ્ઠ, એકાશન, આયંબિલ, એક ઉપવાસ, બે ઉપવાસ, ત્રણ ઉપવાસ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ એ રીતે નવ પ્રકારનો શ્રુત-વ્યવહાર છે. ॥૨૮૧॥**

**ટીકા :-**

'अट्ठम'त्ति । क्षपणं च क्षपणे च क्षपणानि चेत्येकशेषात् क्षपणानि तान्यादिर्यस्य स तथा । अष्टमदशमद्वादशानि चरमानि यस्य स तथा । कालत्रयेऽपि यथाक्रमं नवविधः श्रुतव्यवहारो भवतीति शेषः । प्रकारान्तरमाह–'वा' अथवा निर्विकृतिकम् १ पुरिमार्द्धम् २ एकाशनम् ३ आचाम्लम् ४ एकक्षपणं चतुर्थः ५ द्वे क्षपणे षष्ठं ६ त्रीणि क्षपणान्यष्टमं ७ चत्वारि क्षपणानि दशमं ८ पञ्च क्षपणानि द्वादशम् ९ इति नवधा श्रुतव्यवहारोपदेशात्तपो भवत्योघतो विभागतश्च ग्रीष्मशिशिरवर्षासु दीयमानमिति ।।२८१।।

**ટીકાર્થ :-**

क्षपणं च ..... दीयमानमिति ।। ક્ષપણ=એક ઉપવાસ, ક્ષપણે=બે ઉપવાસ, ક્ષપણાનિ=ત્રણ ઉપવાસ, એ પ્રકારે એકશેષ સમાસ હોવાથી ક્ષપણાદિ તે છે આદિમાં જેને તે તેવા છે=ક્ષપણાદિ છે. આ રીતે ગાથામાં રહેલા ક્ષપણાદિનો સમાસ સ્પષ્ટ કર્યો. હવે ગાથામાં રહેલ 'अट्ठमदसमदुवालसचरमो' પદનો સમાસ સ્પષ્ટ કરે છે. અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ છે ચરમમાં જેને તે તેવા છે= અઠ્ઠમ, દશમ, દુવાલસ, ચરમવાળા છે. કાલત્રયમાં પણ યથાક્રમ નવવિધ શ્રુતવ્યવહાર થાય છે=ગાથામાં યથાક્રમ નવવિધ શ્રુતવ્યવહાર થાય છે તે અધ્યાહાર છે. પ્રકારાંતરને કહે છે – 'वा'=અથવા (૧) નીવિ (૨) પુરિમુઠ્ઠ (૩) એકાશન (૪) આયંબિલ (૫) ચોથભક્ત=એક ઉપવાસ (૬) બે ક્ષપણ=છઠ્ઠ (૭) ત્રણ ક્ષપણ=અઠ્ઠમ (૮) ચાર ક્ષપણ=ચાર ઉપવાસ (૯) પાંચ ક્ષપણ=પાંચ ઉપવાસ એ રીતે નવ પ્રકારે શ્રુતવ્યવહારના ઉપદેશથી ઓઘથી અને વિભાગથી ગ્રીષ્મ, શિશિર, વર્ષામાં અપાતું તપ થાય છે. ||૨૮૧||

**અવતરણિકા :-**

अथ यथोद्देशं निर्देश इति न्यायादादौ पक्षत्रयं स्पष्टयन्नाह –

**અવતરણિકાર્થ :-**

હવે યથા ઉદ્દેશ નિર્દેશ કરવો જોઈએ એ ન્યાયથી આદિમાં પક્ષત્રયને સ્પષ્ટ કરતાં કહે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૨૮૦માં પક્ષ, આપત્તિ, દાનને આશ્રયીને ત્રણ, નવ, આદિ ભેદો યથાયંત્ર છે એમ કહ્યું તે રૂપ ઉદ્દેશને અનુસાર નિર્દેશ કરવો જોઈએ. તેથી ગાથા-૨૮૦માં પક્ષનો પ્રથમ ઉદ્દેશ કરેલ છે તેથી પક્ષનો પ્રથમ નિર્દેશ કરવો જોઈએ એ ન્યાયથી પ્રથમ પક્ષત્રયને બતાવે છે.

**ગાથા :-**

गुरुलहुलहुसापक्खा पिहो तिहा तिगुरु गुरुतरा गुरुआ ।
लहुतम लहुतर लहुआ, लहुसतमा लहुसतर लहुसा ।।२८२।।

**અન્વયાર્થ :-**

गुरुलहुलहुसापक्खा पिहो=ગુરૂ, લઘુ અને લઘુસ્વ પક્ષ પણ અહીં=નવવિધ તપ વ્યવહારમાં, तिहा=ત્રણ પ્રકારનો છે. तिगुरु गुरुतरा गुरुआ=અતિગુરુ=ગુરુતમ, ગુરુતર, ગુરુક, लहुतम लहुतर लहुआ=લઘુત્તમ, લઘુતર, લઘુ, लहुसतमा लहुसतर लहुसा=લઘુસ્વતમ, લઘુસ્વતર, લઘુસ્વ. ||૨૮૨||

**ગાથાર્થ :-**

**ગુરુ, લઘુ અને લઘુસ્વ પક્ષ પણ અહીં=નવવિધ તપ વ્યવહારમાં, ત્રણ પ્રકારનો છે. અતિગુરુ= ગુરુતમ, ગુરુતર, ગુરુક. લઘુતમ, લઘુતર, લઘુ. લઘુસ્વતમ, લઘુસ્વતર, લઘુસ્વ. ॥૨૮૨॥**

**ટીકા :-**

'गुरु'त्ति । नवविधतपोव्यवहारे गुरुलघुलघुस्वाः सङ्क्षेपतस्त्रयः पक्षाः । तत्र लघुस्वशब्दो लघुकार्थः, स्वशब्दस्याल्पार्थकप्रत्ययार्थत्वात् । एते च 'पृथक्' प्रत्येकं त्रिधा-यतो गुरुपक्षो गुरुतमगुरुतरगुरुभेदः, लघुपक्षोऽपि लघुतमलघुतरलघुभेदः, लघुस्वपक्षोऽपि लघुस्वतमलघुस्वतरलघुस्वभेद इति ।।२८२।।

**ટીકાર્થ :-**

नवविधतपोव्यवहारे ..... लघुस्वतरलघुस्वभेद इति ।। નવવિધ તપોવ્યવહારમાં=ગાથા-૨૮૧માં બે પ્રકારે નવવિધ તપોવ્યવહાર બતાવ્યો તેમાં, ગુરુ, લઘુ અને લઘુસ્વ રૂપ સંક્ષેપથી ત્રણ પક્ષો છે. ત્યાં=ત્રણ પક્ષમાં, લઘુસ્વ શબ્દ લઘુક અર્થવાળો છે; કેમ કે 'સ્વ' શબ્દનું=લઘુસ્વ શબ્દમાં રહેલા 'સ્વ' શબ્દનું અલ્પાર્થક, પ્રત્યયાર્થકપણું છે='સ્વ' શબ્દ અલ્પ અર્થને બતાવનાર છે અને આ ગુરુ, લઘુ અને લઘુસ્વ એ, પૃથક્=પ્રત્યેક, ત્રણ પ્રકારે છે. જે કારણથી ગુરુપક્ષ ગુરુતમ, ગુરુતર અને ગુરુ ભેદવાળો છે. લઘુપક્ષ પણ લઘુતમ, લઘુતર અને લઘુ ભેદવાળો છે. લઘુસ્વપક્ષ પણ લઘુસ્વતમ, લઘુસ્વતર અને લઘુસ્વભેદવાળો છે. ॥૨૮૨॥

**અવતરણિકા :-**

अथ नवविधापत्तितपोव्यवहारं दर्शयति –

**અવતરણિકાર્થ :-**

હવે, નવવિધ આપત્તિરૂપ તપવ્યવહારને બતાવે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૨૮૦માં પક્ષત્રય પ્રથમ બતાવ્યા. તે પ્રમાણે ગાથા-૨૮૨માં પક્ષત્રયનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. આપત્તિરૂપ તપ નવ પ્રકારનો છે એમ ગાથા-૨૮૦માં કહેલ. તે હવે નવ પ્રકારના આપત્તિરૂપ તપવ્યવહારને કહે છે.

**ગાથા :-**

**गुरु लहुअछपणमासा, चउतिगमासा दुमासगुरुमासा ।**
**लहु मास भिन्न वीसं, पनरस दस पण नवावत्ती ।।२८३।।**

**અન્વયાર્થ :-**

ગુરુ=ગુરુપક્ષમાં, लहुअछपणमासा=લઘુ છ માસ અને પાંચ માસ (ઉત્કૃષ્ટ) છે, चउतिगमासा=ચાર અને ત્રણ માસ (મધ્યમ) છે. दुमासगुरुमासा=બે માસ અને ગુરુમાસ આ (જઘન્ય) છે. लघु=લઘુપક્ષમાં, मास भिन्न वीसं=લઘુમાસ, ભિન્નમાસ અને વીશરૂપ જ પ્રાયશ્ચિત્ત છે (લઘુસ્વપક્ષમાં), पनरस दस पण= પંદર, દશ અને પંચકરૂપ તપ છે, नवावत्ती=આ રીતે નવવિધ તપની પ્રાપ્તિ છે. ॥૨૮૩॥

**ગાથાર્થ :-**

**ગુરુ=ગુરુપક્ષમાં, લઘુ છ માસ અને પાંચ માસ ઉત્કૃષ્ટ છે. ચાર અને ત્રણ માસ મધ્યમ છે. બે માસ અને ગુરુમાસ આ જઘન્ય છે. લઘુપક્ષમાં માસ=લઘુમાસ, ભિન્ન=ભિન્નમાસ અને વીશ રૂપ જ પ્રાયશ્ચિત્ત છે. લઘુસ્વપક્ષમાં પંદર, દશ અને પંચક રૂપ તપ છે. આ રીતે નવવિધ તપની પ્રાપ્તિ છે. ॥૨૮૩॥**

**ટીકા :-**

'गुरु'त्ति । गुरुपक्षे लघुषाण्मासिकपञ्चमासिकरूपा उत्कृष्टापत्तिः, चातुर्मासिकत्रिमासिकरूपा मध्यमा, द्विमासिकगुरुमासरूपा जघन्या । लघुपक्षे लघुमासरूपा उत्कृष्टा, भिन्नमासरूपा मध्यमा, विंशतिकरूपा च जघन्या । लघुस्वपक्षे पञ्चदशकरूपोत्कृष्टा, दशकरूपा मध्यमा, पञ्चकरूपा जघन्येति नवापत्तयः ।।२८३।।

**ટીકાર્થ :-**

गुरुपक्षे ..... नवापत्तयः ।। ગુરુપક્ષમાં લઘુ છ માસ અને પંચમાસ રૂપ ઉત્કૃષ્ટ આપત્તિ છે=ઉત્કૃષ્ટ તપની પ્રાપ્તિ છે. ચાતુર્માસિક, ત્રિમાસિક રૂપ મધ્યમ તપની પ્રાપ્તિ છે. દ્વિમાસિક અને ગુરુમાસ રૂપ જઘન્ય તપની પ્રાપ્તિ છે. લઘુપક્ષમાં લઘુમાસ રૂપ ઉત્કૃષ્ટ, ભિન્નમાસ રૂપ મધ્યમ અને વિંશતિ રૂપ જઘન્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. લઘુસ્વપક્ષમાં પંદર રૂપ ઉત્કૃષ્ટ, દશક રૂપ મધ્યમ અને પંચક રૂપ જઘન્ય એ પ્રકારે નવની પ્રાપ્તિ છે. ॥૨૮૩॥

**અવતરણિકા :-**

नवविधापत्तितपसो दानतपस्त्रैविध्येन सप्तविंशतिभेदानाह –

**અવતરણિકાર્થ :-**

નવવિધ આપત્તિ તપના દાનતપના ત્રૈવિધ્યથી સત્યાવીશ ભેદોને કહે છે –

**ભાવાર્થ :-**

ગાથા-૨૮૩માં શ્રુતવ્યવહાર અનુસાર નવ પ્રકારનો તપવ્યવહાર પ્રાપ્ત થાય છે તે બતાવ્યું. હવે, નવ

પ્રકારના શ્રુતવ્યવહાર અનુસાર પ્રાપ્ત થયેલા તપને જિતવ્યવહાર અનુસાર દાન કરવું જોઈએ. તે દાનતપના ત્રૈવિધ્યથી સત્યાવીશ ભેદોને બતાવે છે.

**ગાથા :-**

**सगवीसं खलु भेआ, णवहा पक्खेसु तिसु वि पत्तेअं ।**
**उक्किट्ठुक्किट्ठाइअदाणेणं भिज्जमाणेसु ।।२८४।।**

**અન્વયાર્થ :-**

तिसु वि पक्खेसु=ત્રણેય પણ પક્ષોમાં=ગુરુ, લઘુ, લઘુસ્વપક્ષરૂપ ત્રણેય પણ પક્ષોમાં, पत्तेअं=પ્રત્યેક, उक्किट्ठुक्किट्ठाइअदाणेणं=ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટાદિ દાન વડે, णवहा भिज्जमाणेसु=નવ પ્રકારે ભેદ કરાયે છતે, सगवीसं खलु भेआ=સત્યાવીશ ભેદો થાય છે. ા૨૮૪ા

**ગાથાર્થ :-**

ત્રણેય પણ પક્ષોમાં=ગુરુ, લઘુ, લઘુસ્વપક્ષ રૂપ ત્રણેય પણ પક્ષોમાં, પ્રત્યેક ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટાદિ દાન વડે નવ પ્રકારે ભેદ કરાયે છતે સત્યાવીશ ભેદો થાય છે. ા૨૮૪ા

**ટીકા :-**

'सगवीस'त्ति । त्रिष्वपि पक्षेषु प्रत्येकमुत्कृष्टोत्कृष्टादिदानेन नवधा भिद्यमानेषु सप्तविंशतिर्भेदा भवन्ति, उत्कृष्टोत्कृष्टो १ त्कृष्टमध्यमो-२ त्कृष्टजघन्य ३ मध्यमोत्कृष्ट ४ मध्यममध्यम ५ मध्यमजघन्य ६ जघन्योत्कृष्ट ७ जघन्यमध्यम ८ जघन्यजघन्य ९ भेदानां गुरुलघुलघुस्वपक्षाणामेतावतामेव भावात् ।।२८४।।

**ટીકાર્થ :-**

त्रिष्वपि ..... भावात् ।। ત્રણેય પણ પક્ષોમાં=ગુરુ, લઘુ અને લઘુસ્વ રૂપ ત્રણેય પક્ષોમાં, પ્રત્યેક ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટાદિના દાનથી નવ પ્રકારે ભેદ કરાયે છતે સત્યાવીશ ભેદો થાય છે; કેમ કે ગુરુ, લઘુ, લઘુસ્વપક્ષના (૧) ઉત્કૃષ્ટ-ઉત્કૃષ્ટ (૨) ઉત્કૃષ્ટ મધ્યમ (૩) ઉત્કૃષ્ટ જઘન્ય (૪) મધ્યમ ઉત્કૃષ્ટ (૫) મધ્યમ મધ્યમ (૬) મધ્યમ જઘન્ય (૭) જઘન્ય ઉત્કૃષ્ટ (૮) જઘન્ય મધ્યમ (૯) જઘન્ય જઘન્ય ભેદોરૂપ આટલા જ ભેદોનો=સત્યાવીશ જ ભેદોનો ભાવ છે=સદ્ભાવ છે. ા૨૮૪ા

**અવતરણિકા :-**

उक्तमेव सप्तविंशतिविधं दानतपो व्यक्तीकुर्वन्नाह –

**અવતરણિકાર્થ :-**

ઉક્ત જ=ગાથા-૨૮૪માં કહેવાયેલા જ સત્યાવીશ ભેદવાળા દાનતપને વ્યક્ત કરતાં ગ્રંથકારશ્રી ત્રણ ગાથાથી કહે છે –

**ગાથા :-**

जिट्ठे बारस दसमट्ठमा य मज्झि दसमट्ठमा छट्ठो ।
अट्ठमछट्ठचउत्था, गुरुपक्खि जहन्नए दाणं ।।२८५।।

**અન્વયાર્થ :-**

जिट्ठे=જ્યેષ્ઠપક્ષમાં=છ માસ અને પાંચ માસ સ્વરૂપ ઉત્કૃષ્ટ આપત્તિરૂપ જ્યેષ્ઠપક્ષમાં, बारस दसमट्ठमा=પાંચ ઉપવાસ, ચાર ઉપવાસ અને અઠ્ઠમ, मज्झि=મધ્યમપક્ષમાં=ચાતુર્માસિક અને ત્રિમાસિક રૂપ મધ્યમ આપત્તિપક્ષમાં, दसमट्ठमा छट्ठो=ચાર ઉપવાસ અઠ્ઠમ અને છઠ્ઠ, जहन्नए=જઘન્ય પક્ષમાં=દ્વિમાસિક ગુરુમાસિક રૂપ જઘન્ય, આપત્તિપક્ષમાં, अट्ठमछट्ठचउत्था दाणं=અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસનો દાન તપ છે. गुरुपक्खि=અને આ દાન ગુરૂપક્ષમાં છે. ।।૨૮૫।।

**ગાથાર્થ :-**

**છ માસ અને પાંચ માસ સ્વરૂપ ઉત્કૃષ્ટ આપત્તિરૂપ જ્યેષ્ઠપક્ષમાં પાંચ ઉપવાસ, ચાર ઉપવાસ અને અઠ્ઠમ. મધ્યમ=ચાતુર્માસિક, ત્રિમાસિકરૂપ મધ્યમ આપત્તિપક્ષમાં, ચાર ઉપવાસ, અઠ્ઠમ અને છઠ્ઠ. જઘન્યમાં=દ્વિમાસિક, ગુરુ માસિકરૂપ જઘન્ય આપત્તિપક્ષમાં અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસનો દાન તપ છે અને આ દાન ગુરુપક્ષમાં છે. ।।૨૮૫।।**

**ટીકા :-**

'जिट्ठे'त्ति । 'ज्येष्ठे' षाण्मासिकपञ्चमासिकाख्योत्कृष्टापत्तिपक्षे द्वादशदशमाष्टमानि-उत्कृष्टोत्कृष्टं द्वादशं तपः, उत्कृष्टमध्यमं दशमम्, उत्कृष्टजघन्यं चाष्टमं 'दानं' दानतपो ज्ञेयम् । तथा 'मध्ये' इति चातुर्मासिकत्रिमासिकाख्यमध्यमापत्तिपक्षे दशमाष्टमौ षष्ठं च-मध्यमोत्कृष्टं दशमम्, मध्यममध्यममष्टमम्, मध्यमजघन्यं षष्ठं दानतपो ज्ञेयम् । 'जघन्ये' द्विमासिकगुरुमासिकाख्यजघन्यापत्तिपक्षेऽष्टमषष्ठचतुर्थानि-जघन्योत्कृष्टमष्टमम्, जघन्यमध्यमं षष्ठम्, जघन्यजघन्यं च चतुर्थं गुरुपक्षे दानतपो ज्ञेयम् ।।२८५।।

**ટીકાર્થ :-**

'ज्येष्ठे' ..... ज्ञेयम् ।। જ્યેષ્ઠમાં છ માસિક, પંચ માસિક નામના ઉત્કૃષ્ટ આપત્તિપક્ષમાં પાંચ ઉપવાસ, ચાર ઉપવાસ, ત્રણ ઉપવાસ=ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ પાંચ ઉપવાસનો તપ, ઉત્કૃષ્ટ મધ્યમ ચાર

ઉપવાસનો તપ, ઉત્કૃષ્ટ જઘન્ય અઠ્ઠમનો તપ દાન જાણવો=દાનતપ જાણવો અને મધ્યમાં=ચાતુર્માસિક ત્રિમાસિક નામના મધ્યમ આપત્તિપક્ષમાં, ચાર ઉપવાસ અઠ્ઠમ અને છઠ્ઠ=મધ્યમ ઉત્કૃષ્ટ ચાર ઉપવાસનો તપ, મધ્યમ મધ્યમ અઠ્ઠમનો તપ, મધ્યમ જઘન્ય છઠ્ઠનો તપ જાણવો. જઘન્યમાં=દ્વિમાસિક અને ગુરુ માસિક નામના જઘન્ય આપત્તિપક્ષમાં અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ=જઘન્ય ઉત્કૃષ્ટ અઠ્ઠમ, જઘન્ય મધ્યમ છઠ્ઠ અને જઘન્ય જઘન્ય ઉપવાસ ગુરુપક્ષમાં દાનતપ જાણવો=આગમથી પ્રાપ્ત તપના સ્થાને જીત વ્યવહાર પ્રમાણે પ્રાપ્ત થતો તપ જાણવો. ॥૨૮૫॥

**અવતરણિકા :-**

अथ लघुपक्षे दर्शयति –

**અવતરણિકાર્થ :-**

લઘુપક્ષમાં દાનતપને બતાવે છે –

**ગાથા :-**

दसमट्ठमछट्ठऽट्ठमछट्ठचउत्था य हुंति लहुपक्खे ।
छट्ठचउत्थायामा, जिट्ठे मज्झे जहन्ने य ।।२८६।।

**અન્વયાર્થ :-**

लहुपक्खे=લઘુપક્ષમાં, जिट्ठे=લઘુમાસ નામના ઉત્કૃષ્ટ આપત્તિરૂપ પક્ષમાં દાન, दसमट्ठमछट्ठ=ચાર ઉપવાસ, અઠ્ઠમ અને છઠ્ઠ, मज्झे=મધ્યમાં=ભિન્નમાસ નામના મધ્યમ આપત્તિપક્ષમાં, अट्ठमछट्ठचउत्था= અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ, जहन्ने य=અને જઘન્યમાં=વીશ ઉપવાસરૂપ જઘન્ય આપત્તિપક્ષમાં, छट्ठचउत्थायामा य=છઠ્ઠ, ઉપવાસ અને આયંબિલ તપ હોય છે. ॥૨૮૬॥

**ગાથાર્થ :-**

**લઘુપક્ષમાં તપ જ્યેષ્ઠમાં=લઘુમાસ નામના ઉત્કૃષ્ટ આપત્તિરૂપ પક્ષમાં દાન ચાર ઉપવાસ, અઠ્ઠમ અને છઠ્ઠ. મધ્યમાં=ભિન્નમાસ નામના મધ્યમ આપત્તિપક્ષમાં, અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ અને જઘન્યમાં=વીશ ઉપવાસરૂપ જઘન્ય આપત્તિપક્ષમાં, છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ તપ હોય છે. ॥૨૮૬॥**

**ટીકા :-**

'दसम'त्ति । लघुपक्षे 'ज्येष्ठे' लघुमासाख्योत्कृष्टापत्तिपक्षे दशमाष्टमषष्ठानि-उत्कृष्टोत्कृष्टं दशमम्, उत्कृष्टमध्यममष्टमम्, उत्कृष्टजघन्यं च षष्ठं दानतपः । 'मध्ये' भिन्नमासाख्यमध्यमापत्तिपक्षेऽष्टमषष्ठ-चतुर्थानि-मध्यमोत्कृष्टमष्टमम्, मध्यममध्यमं षष्ठम्, मध्यमजघन्यं च चतुर्थं दानतपः । 'जघन्ये'

च विंशत्याख्यजघन्यापत्तिपक्षे च षष्ठचतुर्थाचाम्लानि-जघन्योत्कृष्टं षष्ठम्, जघन्यमध्यमं चतुर्थम्, जघन्यजघन्यं चाचाम्लं दानतपः ।।२८६।।

**ટીકાર્થ :-**

'दसम'त्ति । लघुपक्षे 'ज्येष्ठे' लघुमासा ..... जघन्यं चाचाम्लं दानतपः ।। લઘુપક્ષમાં દાનને બતાવે છે. જ્યેષ્ઠમાં=લઘુમાસ નામના ઉત્કૃષ્ટ આપત્તિપક્ષમાં ચાર ઉપવાસ, અઠ્ઠમ, છઠ્ઠ=ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ ચાર ઉપવાસ, ઉત્કૃષ્ટ મધ્યમ ત્રણ ઉપવાસ અને ઉત્કૃષ્ટ જઘન્ય છઠ્ઠનો દાનતપ જાણવો. મધ્યમાં=ભિન્નમાસ નામના મધ્યમ આપત્તિપક્ષમાં અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ=મધ્યમ ઉત્કૃષ્ટ અઠ્ઠમ, મધ્યમ મધ્યમ છઠ્ઠ, મધ્યમ જઘન્ય ઉપવાસ દાનતપ જાણવો. જઘન્યમાં=વીશ દિવસના ઉપવાસ રૂપ જઘન્ય આપત્તિપક્ષમાં છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ=જઘન્ય ઉત્કૃષ્ટ છઠ્ઠ, જઘન્ય મધ્યમ ઉપવાસ અને જઘન્ય જઘન્ય આયંબિલનો દાનતપ જાણવો=આગમથી પ્રાપ્ત તપના સ્થાને જીત વ્યવહારથી પ્રાપ્ત થતો તપ જાણવો. ।।૨૮૬।।

**અવતરણિકા :-**

लघुस्वकपक्षे दानतपो दर्शयति –

**અવતરણિકાર્થ :-**

લઘુસ્વપક્ષમાં દાનતપને બતાવે છે –

**ગાથા :-**

**अट्ठमछट्ठचउत्थं, छट्ठचउत्थंबिलं कमा लहुसे ।**
**खवणंबिलइक्कासणमिय अद्धुक्कंति सगवीसा ।।२८७।।**

**અન્વયાર્થ :-**

लहुसे=લઘુસ્વપક્ષમાં, अट्ठमछट्ठचउत्थं=અઠ્ઠમ, છઠ્ઠ અને ઉપવાસ, छट्ठचउत्थंबिलं=છઠ્ઠ, ઉપવાસ અને આયંબિલ, खवणंबिलइक्कासणं=ઉપવાસ, આયંબિલ અને એકાસણું, इय=એ પ્રમાણે, कमा अद्धुक्कंति सगवीसा=ક્રમસર અર્ધઅપક્રાંતિથી સત્યાવીશ ભેદો થાય છે. ।।૨૮૭।।

**ગાથાર્થ :-**

**લઘુસ્વપક્ષમાં અઠ્ઠમ, છઠ્ઠ, ઉપવાસ; છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ; ઉપવાસ, આયંબિલ, એકાસણું એ પ્રમાણે ક્રમસર અર્ધઅપક્રાંતિથી સત્યાવીશ ભેદો થાય છે=ગાથા-૨૮૫, ૨૮૬ અને ૨૮૭ના મળીને સત્યાવીશ ભેદો થાય છે. ।।૨૮૭।।**

**ટીકા :-**

'अट्ठम'त्ति । लघुस्वकपक्षे पञ्चदशाख्योत्कृष्टापत्तावष्टमषष्ठचतुर्थानि-उत्कृष्टोत्कृष्टमष्टमम्, उत्कृष्टमध्यमं षष्ठम्, उत्कृष्टजघन्यं च चतुर्थं दानतप इत्यर्थः । दशकाख्यमध्यमापत्तौ च षष्ठचतुर्थाचाम्लानि-मध्यमोत्कृष्टं षष्ठम्, मध्यममध्यमं चतुर्थम्, मध्यमजघन्यं चाचाम्लं दानतपः । पञ्चकाख्यजघन्यापत्तौ च क्षपणाचाम्लैकाशनानि-जघन्योत्कृष्टं चतुर्थम्, जघन्यमध्यममाचाम्लम्, जघन्यजघन्यं चैकाशनं दानतपः । 'इति'एवमर्द्धापक्रान्त्या सप्तविंशतिर्भेदा भवन्ति ।।२८७।।

**ટીકાર્થ :-**

लघुस्वकपक्षे ..... भवन्ति ।। **લઘુસ્વપક્ષમાં=પંદર ઉપવાસ નામના ઉત્કૃષ્ટ આપત્તિરૂપ તપમાં, અઠ્ઠમ, છઠ્ઠ, ઉપવાસ=ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ અઠ્ઠમ, ઉત્કૃષ્ટ મધ્યમ છઠ્ઠ, ઉત્કૃષ્ટ જઘન્ય ઉપવાસનો દાનતપ જાણવો એ પ્રકારે અર્થ છે અને દશ ઉપવાસ રૂપ મધ્યમ આપત્તિપક્ષમાં, છઠ્ઠ, ઉપવાસ, આયંબિલ=મધ્યમ ઉત્કૃષ્ટ છઠ્ઠ, મધ્યમ મધ્યમ ઉપવાસ, મધ્યમ જઘન્ય આયંબિલ દાનતપ જાણવો. પાંચ દિવસના જઘન્ય આપત્તિમાં, ઉપવાસ, આયંબિલ, એકાસણું=જઘન્ય ઉત્કૃષ્ટ ઉપવાસ, જઘન્ય મધ્યમ આયંબિલ, જઘન્ય જઘન્ય એકાસણું દાનતપ જાણવો. આ રીતે અર્ધઅપક્રાંતિથી=લઘુસ્વપક્ષમાં જે ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટના અઠ્ઠમ આદિ ત્રણ ભેદો છે તેમાંથી પ્રથમના બે ભેદને છોડીને પાછળના બે ભેદ મધ્યમાં લીધા એ અર્ધઅપક્રાંતિ છે અને આ અર્ધઅપક્રાંતિ ગાથા-૨૮૫, ૨૮૬, ૨૮૭ ત્રણેયમાં પ્રાપ્ત થાય છે. તેનાથી સત્યાવીશ ભેદો થાય છે. ।।૨૮૭।।**

**ભાવાર્થ :-**

સચિત્ત અચિત્ત દ્રવ્યને આશ્રયીને તપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તેમ ગાથા-૨૭૩, ૨૭૪માં બતાવ્યું. ત્યારપછી ક્ષેત્ર-કાલને આશ્રયીને ઉચિત યતના નહિ કરવાથી કઈ રીતે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે તે ગાથા-૨૭૫માં બતાવ્યું. ત્યારપછી ભાવને આશ્રયીને કઈ રીતે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને હીન અધિક પ્રાયશ્ચિત્ત અપાય છે તે ગાથા-૨૭૬, ૨૭૭, ૨૭૮માં બતાવ્યું. હવે ગ્રીષ્માદિ ત્રણ કાળોને કારણે પ્રાયશ્ચિત્તમાં કઈ રીતે ભેદ થાય છે તે ગાથા-૨૭૯માં બતાવે છે. ત્યાં નવ પ્રકારના તપનું દાન જે ગાથા-૨૮૧ના પૂર્વાર્ધમાં બતાવેલ છે તે ઋતુના ભેદથી કઈ રીતે ભિન્ન અપાય છે તેની સ્પષ્ટતા ગાથા-૨૭૯માં કરે છે. આ રીતે કાલને આશ્રયીને પ્રાયશ્ચિત્તનો ભેદ બતાવ્યા પછી ગાથા-૨૯૦ પછી બતાવેલ યંત્રમાં કઈ રીતે પ્રાયશ્ચિત્ત બતાવેલ છે તેની સ્પષ્ટતા કરવાર્થે કહે છે કે નવ પ્રકારના પ્રાયશ્ચિત્તનો જે શ્રુતવ્યવહાર છે તેમાં ત્રણ પક્ષો છે અને પૂર્વમાં જે જે સ્ખલના અનુસાર પ્રાયશ્ચિત્તો અપાતાં હતાં તે રૂપ નવ આપત્તિ છે અને જે નવ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે તેને ત્રણ પક્ષોથી ગુણવાથી સત્યાવીશ ભેદોની પ્રાપ્તિ થાય છે અને ગાથા-૨૭૯માં બતાવ્યું એ પ્રમાણે કાળના ભેદથી પ્રાયશ્ચિત્તનો ભેદ કરવામાં આવે તો એકયાશી ભેદોની પ્રાપ્તિ થાય છે તેને યંત્ર અનુસાર જાણવું જોઈએ. આ પ્રકારની સ્પષ્ટતા ગાથા-૨૮૦માં કરેલ છે.

ત્યારપછી ગાથા-૨૮૦માં કહેલ નવવિધ શ્રુતવ્યવહાર શું છે તે ગાથા-૨૮૧માં બતાવે છે. એ પ્રમાણે એક ઉપવાસ, બે ઉપવાસ અને ત્રણ ઉપવાસ આદિમાં છે અને અંતમાં અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ છે અને ત્રણ કાળ સાથે તેને યોજવામાં આવે તો યથાક્રમ નવ પ્રકારનો શ્રુતવ્યવહાર થાય છે. તે આ રીતે–

જઘન્યથી એક ઉપવાસ, બે ઉપવાસ અને ત્રણ ઉપવાસ અપાય છે અને ઉત્કૃષ્ટથી ત્રણ ઉપવાસ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ અપાય છે. જે તપનો ભેદ ઋતુભેદ રૂપ કાલને આશ્રયીને છે. આ નવ પ્રકારનો તપ પૂર્વમાં ભગવાનના કાળમાં શ્રુતવ્યવહારથી જે લઘુમાસ, ગુરુમાસ આદિ દ્વારા અપાતો હતો તેની સામે વર્તમાનમાં જીતવ્યવહાર અનુસાર કેટલો અપાય છે તેના સ્પષ્ટીકરણ સ્વરૂપ છે. જેમ પૂર્વમાં લઘુમાસ તપ છે તેના સ્થાને એક બે-ત્રણ ઉપવાસ ઋતુ અનુસાર અપાય છે અને પૂર્વમાં જે છ ગુરુમાસ તપ પ્રાપ્ત થતો હતો તેના સ્થાને અઠ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ તપની પ્રાપ્તિ છે.

વળી, અન્ય પ્રકારે વિગ્ગઈથી માંડીને પાંચ ઉપવાસ સુધી ક્રમસર વૃદ્ધિ પામતો તપ ગાથા-૨૮૧માં બતાવેલ છે તે પૃથ્વીકાયાદિની વિરાધનામાં કે દોષિત ભિક્ષાદિના ગ્રહણના કૃત્યમાં યથાયોગ્ય અપાય છે તેના ભેદ સ્વરૂપ છે. આ રીતે ગાથા-૨૮૦માં બતાવેલ નવવિધ શ્રુતવ્યવહારનું સ્વરૂપ બતાવ્યા પછી ગાથા-૨૮૦માં બતાવેલ પક્ષત્રય શું છે તે ગાથા-૨૮૨માં સ્પષ્ટ કરે છે અને તે પક્ષત્રયમાં શ્રુતાનુસાર નવવિધ તપવ્યવહારથી પ્રાપ્તિ પૂર્વમાં કઈ રીતે હતી તે ગાથા-૨૮૩માં બતાવે છે. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં ગુરુપક્ષમાં છ મહિનાના ઉપવાસની પ્રાપ્તિ હતી તે સ્થાનમાં પણ કો'કને આશ્રયીને છ મહિના અને કો'કને આશ્રયીને પાંચ મહિનાના ઉપવાસ રૂપ તપની પ્રાપ્તિ છે અને શ્રુતમાં જ્યાં ચાર માસ પ્રાયશ્ચિત્ત કહેલ છે ત્યાં પણ કો'કને ચાર માસના ઉપવાસની અને કો'કને ત્રણ માસના ઉપવાસની પ્રાપ્તિ છે અને આ પ્રાપ્તિ મધ્યમ તપની છે અને જ્યાં ગુરુમાસ રૂપ તપ કહેલ છે ત્યાં બે મહિનાના ઉપવાસ કે એક મહિનાના ઉપવાસની પ્રાપ્તિ છે. આ જઘન્ય પ્રાપ્તિ છે અને આ ત્રણેય પ્રકારનાં પ્રાયશ્ચિત્તો તે તે કૃત્યને આશ્રયીને શાસ્ત્રમાં બતાવ્યાં છે તે ગુરુપક્ષમાં ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય સ્વરૂપ છે.

વળી, પૂર્વમાં શ્રુતવ્યવહાર અનુસાર લઘુપક્ષમાં પણ ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય એમ ત્રણ ભેદથી પ્રાયશ્ચિત્તો બતાવાયાં છે. તેમાં લઘુમાસ રૂપ પ્રાયશ્ચિત્ત ઉત્કૃષ્ટ છે જે સાડા સત્યાવીશ દિવસના ઉપવાસ રૂપ છે. ભિન્નમાસ રૂપ મધ્યમ પ્રાયશ્ચિત્ત છે જે પચીશ દિવસના ઉપવાસ રૂપ છે અને વીશ ઉપવાસ રૂપ જઘન્ય પ્રાયશ્ચિત્ત છે. આ ત્રણ પ્રકારનાં લઘુપક્ષનાં પ્રાયશ્ચિત્તો તે તે સ્ખલનાને આશ્રયીને તે તે સ્થાનમાં બતાવાયાં છે જે પ્રાયશ્ચિત્ત ગુરુપક્ષ કરતાં અલ્પદોષને કારણે લઘુપક્ષનાં પ્રાયશ્ચિત્તો છે.

વળી, ત્રીજો લઘુસ્વપક્ષ છે. જેમાં ઉત્કૃષ્ટ પંદર દિવસના ઉપવાસો, મધ્યમ દશ દિવસના ઉપવાસ અને જઘન્ય પાંચ દિવસના ઉપવાસ બતાવાયા છે. તેથી શ્રુતવ્યવહારકાળમાં કોઈ સાધુને અત્યંત અલ્પ સ્ખલના થઈ હોય તો આ ત્રણ પ્રકારનાં લઘુસ્વપક્ષનાં પ્રાયશ્ચિત્તો અપાતાં હતાં. આ રીતે શ્રુતવ્યવહાર અનુસાર પૂર્વમાં જે નવ પ્રકારનાં તપો અપાતાં હતા તે આપત્તિરૂપ તપવ્યવહાર છે.

હવે, તે તપની સામે વર્તમાનમાં જીત અનુસાર જે નવ ભેદોની પ્રાપ્તિ છે તેને જ ગાથા-૨૮૨માં બતાવેલા ગુરુ, લઘુ અને લઘુસ્વપક્ષને આશ્રયીને સત્યાવીશ ભેદોની પ્રાપ્તિ છે અને તે સત્યાવીશ ભેદોથી કઈ રીતે વર્તમાનમાં પ્રાયશ્ચિત્ત અપાય છે તે ગાથા-૨૮૪માં સંક્ષેપથી બતાવ્યા પછી ગાથા-૨૮૫, ૨૮૬, ૨૮૭ દ્વારા તે સત્યાવીશ ભેદોને જ સ્પષ્ટ કરેલ છે. તે આ પ્રમાણે,

ગાથા-૨૮૩માં ગુરુપક્ષમાં ઉત્કૃષ્ટ આપત્તિ, મધ્યમ આપત્તિ અને જઘન્ય આપત્તિ રૂપ ત્રણ ભેદો બતાવ્યા. તે ત્રણ ભેદોમાંથી જે ઉત્કૃષ્ટ આપત્તિ છે તે પણ ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ મધ્યમ અને ઉત્કૃષ્ટ જઘન્ય એમ ત્રણ ભેદવાળું પ્રાપ્ત થાય છે. તેથી પૂર્વમાં જે લઘુ છ માસ કે પાંચ માસ રૂપ તપની પ્રાપ્તિ બતાવી છે તેવા સ્થાનની જ વર્તમાનમાં કોઈ સાધુને પ્રાપ્તિ થઈ હોય ત્યારે તે સાધુને ઉત્કૃષ્ટ ઉત્કૃષ્ટ રૂપ તપ આપવાનો હોય તો પાંચ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, તેવી જ સ્ખલનામા કોઈ સાધુને ઉત્કૃષ્ટ મધ્યમ પ્રાયશ્ચિત્ત આપવાનું યોગ્ય જણાય ત્યારે ગીતાર્થો ચાર ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આપે છે. વળી, કોઈ અન્ય જીવને તેવી જ સ્ખલના થઈ હોય અને ગીતાર્થને તે જીવને આશ્રયીને ઉત્કૃષ્ટ જઘન્ય પ્રાયશ્ચિત્ત આપવું યોગ્ય જણાય ત્યારે ત્રણ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આપે છે. આ રીતે ગાથા-૨૮૩માં ગુરુપક્ષમાં લઘુ છ માસ અને પંચમાસ રૂપ ઉત્કૃષ્ટ તપની પ્રાપ્તિ હતી તેના સ્થાને વર્તમાનમાં ત્રણ સ્થાનોની પ્રાપ્તિ છે તે બતાવ્યું.

હવે, ચાતુર્માસિક અને ત્રિમાસિક રૂપ મધ્યમ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ ગુરુપક્ષમાં ગાથા-૨૮૩માં બતાવેલ છે તે પ્રમાણે કોઈને પૂર્વમાં ચાર માસ કે ત્રણ માસનું પ્રાયશ્ચિત્ત આવતું હોય તો વર્તમાનમાં તેના સ્થાને ઉત્કૃષ્ટથી ચાર ઉપવાસ, મધ્યમથી ત્રણ ઉપવાસ અને જઘન્યથી બે ઉપવાસનું પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, ગાથા-૨૮૩માં ગુરુપક્ષમાં કોઈ સાધુને બે માસ કે ગુરુમાસ રૂપ જઘન્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોય તે સ્થાનમાં વર્તમાનમાં ઉત્કૃષ્ટથી ત્રણ ઉપવાસ, મધ્યમથી બે ઉપવાસ અને જઘન્યથી એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત અપાય છે. આ રીતે ગાથા-૨૮૩માં ગુરુપક્ષનાં ત્રણ પ્રાયશ્ચિત્તમાં વર્તમાનના દાનના નવ ભેદોની પ્રાપ્તિ કઈ રીતે છે તે ગાથા-૨૮૫માં બતાવ્યું. એ રીતે ગાથા-૨૮૩માં લઘુપક્ષના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ત્રણ ભેદો બતાવ્યા. તે પ્રમાણે શ્રુત અનુસાર પૂર્વમાં જે લઘુમાસ આદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હતી તેના સ્થાને વર્તમાનમાં લઘુપક્ષમાં કઈ રીતે નવ ભેદથી પ્રાયશ્ચિત્ત દાનનો વ્યવહાર છે તે ગાથા-૨૮૬માં બતાવેલ છે. એ રીતે ગાથા-૨૮૩માં લઘુસ્વપક્ષના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ત્રણ ભેદો બતાવ્યા. તે પ્રમાણે શ્રુત અનુસાર પૂર્વમાં જે પંદર ઉપવાસ આદિ રૂપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હતી તેના સ્થાને વર્તમાનમાં લઘુસ્વપક્ષમાં કઈ રીતે નવ ભેદથી પ્રાયશ્ચિત્ત દાનનો વ્યવહાર છે તે ગાથા-૨૮૭માં બતાવેલ છે.

આ રીતે વર્તમાનકાળમાં સત્યાવીશ ભેદથી દાન અપાય છે અને પૂર્વમાં જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બતાવ્યા તે પ્રમાણે જે સાધુને જે સ્ખલના પ્રાપ્ત થતી હોય અને તે સ્ખલનામાં જે દાન શ્રુતમાં બતાવેલ હોય તે તપ સામે જીત પ્રમાણે વર્તમાનમાં આ સત્યાવીશ ભેદોમાંથી કયા ભેદથી પ્રાપ્ત થાય છે તેનો નિર્ણય કરીને ગીતાર્થો તે રીતે દાન આપે છે. **॥૨૭૯થી ૨૮૭॥**

**અવતરણિકા :-**

एतेष्वेव कालत्रययोजनयैकाशीतिभङ्गानाह –

**અવતરણિકાર્થ :-**

આ ભેદોમાં જ=ગાથા-૨૮૫થી ૨૮૭માં બતાવેલ સત્યાવીશ ભેદોમાં જ, કાલત્રયના યોજનથી=ગ્રીષ્મ, શિશિર અને વર્ષારૂપ કાલત્રયના યોજનથી, એક્યાશી ભાંગાઓને કહે છે –

**ગાથા :-**

एयं ता वासासुं, पुरिमंतं सिसिरकालि दसमाइ ।
निविअंतमट्ठमाई, गिम्हे इगसी इमे भेया ।।२८८।।

**અન્વયાર્થ :-**

एयं ता वासासुं=આ રીતે વર્ષામાં કહેવાયું. सिसिरकालि=શિશિરકાળમાં, दसमाइ पुरिमंतं=ચાર ઉપવાસ છે આદિમાં અને પુરિમાર્ધ છે અંતમાં (એવો તપ જાણવો), गिम्हे=ગ્રીષ્મમાં, अट्ठमाई निविअंत=અઠ્ઠમ છે આદિમાં અને નીવિ છે અંતમાં (એ તપ જાણવો), इमे इगसी भेया=આ એક્યાશી ભેદો છે. ।।૨૮૮।।

**ગાથાર્થ :-**

**આ રીતે વર્ષામાં કહેવાયું. શિશિરકાળમાં ચાર ઉપવાસ છે આદિમાં અને પુરિમાર્ધ અંત છે જેમાં એવો તપ જાણવો. ગ્રીષ્મમાં અઠ્ઠમ છે આદિમાં અને નીવિ છે અંતમાં એ તપ જાણવો. આ એક્યાશી ભેદો છે. ।।૨૮૮।।**

**ટીકા :-**

'एयं'ति । एतत्तावद्वर्षासूक्तम् । शिशिरकाले तु दशमादि पुरिमार्द्धान्तं सप्तविंशतिभेदेषु तपश्चारणीयम्, ग्रीष्मे चाष्टमादि निर्विकृतिकान्तम् । 'इमे' एकाशीतिर्भेदा दानतपसो भवन्ति । अर्द्धापक्रान्तिश्चेयम्-अर्द्धस्य-असमप्रविभागरूपस्यैकदेशस्य एकादिपदात्मकस्यापक्रान्तिः-निवर्त्तनं शेषस्य तु द्व्यादिपदसङ्घातात्मकस्यैकदेशस्यानुवर्त्तनं यस्यां रचनायां सा समयपरिभाषयाऽर्द्धापक्रान्तिरुच्यते । यथा वर्षासु गुरुतमे उत्कृष्टतो द्वादशं मध्यमतो दशमं जघन्यतोऽष्टमम्, एषां मध्यादेकदेशो द्वादशलक्षणोऽपक्रामति दशमाष्टमौ गुरुतरं गच्छतः, अग्रेतनं च षष्ठं मील्यते, ततश्च गुरुतरे उत्कृष्टतो दशमम्, मध्यमतोऽष्टमम्, जघन्यतः षष्ठम् । एषां मध्यादेकदेशो दशमलक्षणो निवर्त्तते अष्टमषष्ठौ गुरुकं गच्छतः अग्रेतनं च चतुर्थं मील्यते, ततश्च गुरुके उत्कृष्टतोऽष्टमम्, मध्यमतः षष्ठम्, जघन्यतश्चतुर्थमिति । एवमन्यत्रापि ज्ञेयम् ।।२८८।।

**ટીકાર્થ :-**

**एतत्तावद्वर्षासूक्तम् ..... ज्ञेयम् ।। આ=ગાથા-૨૮૫થી ૨૮૭માં સત્યાવીશ ભેદો કહ્યા એ, વર્ષાઋતુમાં કહેવાયા. વળી, શિશિરકાળમાં ચાર ઉપવાસ છે આદિમાં જેને અને પુરિમાર્ધ છે અંતમાં જેને એવો તપ સત્યાવીશ ભેદોમાં આચરવો જોઈએ અને ગ્રીષ્મ ઋતુમાં અઠ્ઠમ છે આદિમાં જેને અને નીવિ છે અંતમાં જેને એવો તપ સત્યાવીશ ભેદોમાં આચરવો જોઈએ. દાનતપના આ=એક્યાશી ભેદો થાય છે.**

**ઉત્થાન :-**

ગાથા-૨૮૭માં અર્ધઅપક્રાંતિથી સત્યાવીશ ભેદો થાય છે એમ કહ્યું તેથી અર્ધઅપક્રાંતિ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

**ટીકાર્થ :-**

**અર્ધઅપક્રાંતિ આ છે : અર્ધની=અસમપ્રવિભાગરૂપ એક દેશની=ગાથા-૨૮૫માં જ્યેષ્ઠપક્ષમાં द्वादशदशमाष्टमानि એ પદ છે તેમાંથી અસમાન પ્રવિભાગ રૂપ એક દેશ સ્વરૂપ એકાદિ પદાત્મકની=દ્વાદશ પદ રૂપ એકાદિ પદાત્મકની, અપક્રાંતિ=નિવર્તન, વળી શેષ દ્રવ્યાદિ પદના સંઘાતાત્મક રૂપ એક દેશનું=दशमाष्टमानि રૂપ સંઘાતાત્મક રૂપ એક દેશનું, અનુવર્તન છે જે રચનામાં=ગાથા-૨૮૫માં બતાવેલ द्वादशदशमाष्टमानि રૂપ જે રચનામાં, તે સમય પરિભાષાથી અર્ધ અપક્રાંતિ કહેવાય છે. જે પ્રમાણે વર્ષામાં ગુરુતમ પદમાં ઉત્કૃષ્ટથી પાંચ ઉપવાસ, મધ્યમથી ચાર ઉપવાસ અને જઘન્યથી ત્રણ ઉપવાસ, આમાંથી=આ ત્રણ તપના ભેદમાંથી, પાંચ ઉપવાસરૂપ એક દેશ અપક્રમણ થાય છે=નિવર્તન થાય છે. ચાર ઉપવાસ અને ત્રણ ઉપવાસ ગુરુતરમાં જતાં=ગુરુતમમાંથી ગુરુતરમાં જતાં અને અગ્રતન=આગળનું, છઠ્ઠ મેળવાય છે અને તેથી=ગુરુતમમાંથી પાંચ ઉપવાસ ગયા અને છઠ્ઠ આવ્યો તેથી, ગુરુતરમાં ઉત્કૃષ્ટથી ચાર ઉપવાસ, મધ્યમથી ત્રણ ઉપવાસ અને જઘન્યથી બે ઉપવાસની પ્રાપ્તિ છે. આના મધ્યમાંથી=ગુરુતરમાં તપના ત્રણ ભેદો બતાવ્યા એમાંથી, ચાર ઉપવાસ રૂપ એક દેશ નિવર્તન પામે છે, ત્રણ ઉપવાસ અને બે ઉપવાસ ગુરુકને પ્રાપ્ત કરતાં અને અગ્રેતન એક ઉપવાસ મેળવાય છે અને તેથી ગુરુકમાં ઉત્કૃષ્ટથી ત્રણ ઉપવાસ, મધ્યમથી બે ઉપવાસ અને જઘન્યથી એક ઉપવાસની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે અન્યત્ર પણ જાણવું=ગાથા-૨૮૫ના ગુરુપક્ષના નવ ભેદોમાં બતાવ્યું એ રીતે ગાથા-૨૮૬ અને ૨૮૭ રૂપ લઘુપક્ષ અને લઘુસ્વપક્ષમાં પણ જાણવું= અર્ધઅપક્રાંતિ આ પ્રમાણે છે એમ જાણવું. ।।૨૮૮।।**

**અવતરણિકા :-**

પૂર્વમાં એક્યાશી ભેદોથી જીતવ્યવહાર અનુસાર તપનું દાન ગીતાર્થે કઈ રીતે કરવું જોઈએ તેનું સ્પષ્ટીકરણ કર્યું અને તે પ્રમાણે કોઈ સાધુની સ્ખલનામાં જે તપની પ્રાપ્તિ થઈ હોય તે તપ આપવો જોઈએ તે પ્રકારનો સામાન્ય નિયમ છે. છતાં કોઈ સાધુ તે તપ કરવા માટે સમર્થ ન હોય ત્યારે તેના સંવેગની વૃદ્ધિ

થાય તે પ્રકારે તેની શક્તિને અનુરૂપ શું તપ આપવો જોઈએ તેના વિકલ્પો બતાવીને તેની શુદ્ધિનો ઉચિત ઉપાય બતાવે છે.

**ગાથા :-**

**असहं तु पप्प इक्किक्कहासणे जा ठियं तु इक्किक्कं ।**
**हासिज्ज तं पि असहे, सट्ठाणा दिज्ज परठाणं ।।२८९।।**

**અન્વયાર્થ :-**

**असहं तु पप्प=અસહને પ્રાપ્ત કરીને, इक्किक्कहासणे=એક એકનો હ્રાસ કરાયે છતે, जा ठियं=યાવત્ સ્થિત=કોષ્ઠકમાં રહેલો, इक्किक्कं हासिज्ज=એક એક હ્રાસ કરે=ચતુર્થાદિથી માંડીને નિર્વિગઈ સુધીના તપનો હ્રાસ કરે, तं पि असहे=તેને પણ કરવા અસમર્થને, सट्ठाणा=સ્વસ્થાન=સ્થાપના તપ, दिज्ज=આપે, परठाणं=પરસ્થાન=તેમાં પણ અસમર્થને પરસ્થાન આપે. ।।૨૮૯।।**

**ગાથાર્થ :-**

**અસહને પ્રાપ્ત કરીને એક એકનો હ્રાસ કરાયે છતે યાવત્ સ્થિત=કોષ્ઠકમાં રહેલો, એક એક હ્રાસ કરે=ચર્તુથાદિથી માંડીને નિર્વિગઇ સુધીના તપનો હ્રાસ કરે. તેને પણ કરવા અસમર્થને સ્વસ્થાન=સ્થાપના તપ, આપે. તેમાં પણ અસમર્થને પરસ્થાન આપે. ।।૨૮૯।।**

**ટીકા :-**

'असहं तु'त्ति । एवंविधापत्तिषु 'असहं तु प्राप्य' द्वादशाद्यं तपः कर्त्तुमसहिष्णुपुरुषं तु प्रतीत्य एकैकहासने क्रियमाणे यावन्नवस्वपि पङ्क्तिषु पर्यन्तकोष्ठकगतमेकैकं चतुर्थादिनिर्विकृतिकान्तं तपः स्थितं भवति तावत् ह्रासयेत् । तत्करणेऽपि 'असहे' अशक्ते 'तदपि' पर्यन्तकोष्ठगतमपि तपो ह्रास्यते ततः स्थापनातपो दीयते-वर्षासु वर्षाकालोक्तम्, शिशिरे शिशिरोक्तम्, ग्रीष्मे च ग्रीष्मोक्तम् । तदपि कर्त्तुमक्षमस्य स्वस्थानात्परस्थानं दद्यात्, वर्षास्वपि शिशिरोक्तम्, शिशिरेऽपि ग्रीष्मोक्तं तपो दीयते ।।२८९।।

**ટીકાર્થ :-**

एवंविधापत्तिषु ..... दीयते ।। આવા પ્રકારની પ્રાપ્તિઓમાં=પૂર્વમાં એક્યાશી ભાંગાઓથી જે તપ જે સાધુને પ્રાપ્ત થતો હોય એવા પ્રકારના તપની પ્રાપ્તિઓમાં, અસહને=જે સાધુ પ્રાપ્ત થયેલા તપને કરવા માટે અસમર્થ હોય તેને, પ્રાપ્ત કરીને=પાંચ ઉપવાસ વગેરે તપ કરવા માટે અસમર્થ પુરુષને આશ્રયીને, એક એકનો હ્રાસ કરાયે છતે યાવત્ નવેય પણ પંક્તિઓમાં પર્યંતના કોષ્ઠકમાં રહેલા એક એક ઉપવાસ છે આદિમાં જેને અને નીવિ છે અંતમાં જેને એવો તપ રહેલો છે ત્યાં સુધી હ્રાસ કરે=ત્યાં સુધીનું અલ્પ પ્રાયશ્ચિત્ત આપે. તેના કરણમાં પણ અસમર્થમાં તે પણ=પર્યંતકોષ્ઠગત

તપ પણ, હ્રાસ કરે. ત્યારપછી સ્થાપના તપ અપાય છે=જે કાળમાં જે સ્ખલના થઈ હોય તે કાળમાં જે તપ પ્રાપ્ત થતો હોય તે તપ સેવવાથી અન્ય બલવાન યોગ નાશ થતો હોય તો તે યોગ નાશ ન થાય તે રીતે ક્રમસર હીન-હીન કરીને યાવત્ નિવ્વિગઈનો તપ અપાય છે અને તે વખતના સંયોગમાં તેટલું તપ કરવામાં પણ કોઈ બલવાન યોગની સ્ખલના થતી હોય તો તે વખતે તે તપનો ત્યાગ કરીને સ્થાપના તપ અપાય છે.

કઈ રીતે સ્થાપના તપ અપાય છે તે સ્પષ્ટ કરે છે –

**વર્ષાકાલમાં કહેવાયેલો તપ વર્ષાઋતુમાં અપાય છે અર્થાત્ આગળની વર્ષાઋતુમાં પ્રાપ્ત થયેલો તપ કરવો એ પ્રમાણે તપ અપાય છે. શિશિરમાં કહેવાયેલો તપ શિશિર ઋતુમાં અપાય છે અર્થાત્ આગામી શિશિર ઋતુમાં તે તપ કરવાનું કહેવાય છે. ગ્રીષ્મમાં કહેવાયેલો તપ ગ્રીષ્મ ઋતુમાં અપાય છે અર્થાત્ આગામી ગ્રીષ્મ ઋતુમાં તે તપ કરવાનું કહેવાય છે. તે પણ=વર્ષા આદિ કાળોનો તપ આગામી વર્ષાદિ કાળમાં કરવાનું કહેવામાં આવે તે પણ તપ, કરવામાં અસમર્થને સ્વસ્થાનથી પરસ્થાનનું તપ આપે.**

કઈ રીતે સ્વસ્થાનથી પરસ્થાનનું તપ આપે એથી કહે છે –

**શિશિરમાં કહેવાયેલો તપ વર્ષામાં પણ અપાય છે=શિશિરમાં જે કહેવાયેલો તપ જે સાધુને પ્રાપ્ત હોય તે તપ વર્ષાઋતુમાં કરવાનો આપે. ગ્રીષ્મમાં કહેવાયેલો તપ શિશિરમાં પણ અપાય છે. ॥૨૮૯॥**

**ગાથા :–**

**इय हिट्ठमुहे हासे, निव्विइयं ठाइ अहव एमेव ।**
**सुद्धो भावे वि इमं, णेयं पुरिसंतरं पप्प ।।२९०।।**

**અન્વયાર્થ :–**

इय=આ રીતે, हिट्ठमुहे हासे=અધોમુખ હ્રાસ કરાયે છતે, निव्विइयं ठाइ=નિવ્વિગઈ માત્ર રહે છે. अहव एमेव=અથવા એમ જ=મિથ્યાદુષ્કૃતથી જ, सुद्धो=શુદ્ધ થાય છે. पुरिसंतरं पप्प=પુરુષાંતરને પ્રાપ્ત કરીને, भावे वि इमं=ભાવમાં પણ આ=પ્રાયશ્ચિત્તના વિકલ્પો, णेयं=જાણવા. ॥૨૯૦॥

**ગાથાર્થ :–**

**આ રીતે અધોમુખ હ્રાસ કરાયે છતે નિવ્વિગઈ માત્ર રહે છે. અથવા એમ જ=મિથ્યાદુષ્કૃતથી જ, શુદ્ધ થાય છે. પુરુષાંતરને પ્રાપ્ત કરીને ભાવમાં પણ આ=પ્રાયશ્ચિત્તના, વિકલ્પો જાણવા. ॥૨૯૦॥**

**ટીકા :–**

'इय'त्ति । 'इति' एवमधोमुखे ह्रासे स्थाने स्थाने वर्षाशिशिरग्रीष्मरूपे ह्रासयद्भिस्तावन्नेयं यावन्निर्विकृतिकमात्रमेव देयतया तिष्ठति; अथवैवमेव शुद्धः, यो निर्विकृतिकमात्रमपि तपः कर्त्तुमशक्तः

स मिथ्यादुष्कृतेनैव शुध्यतीत्यर्थः । केचित्त्वेवमाहुः—आधाकर्मिकाद्युत्पत्तौ या षड्जीवनिकायविराधना तज्जनितं प्रायश्चित्तं स्वस्थानम्, आधाकर्माद्यासेवाभणितं च चतुर्थादिकं परस्थानम्, तद्दानेऽप्ययमेव ह्रासविधिर्ज्ञेय इति । इदं च दानं कालभेदप्रपञ्चप्रसङ्गागतमुक्तम् । भावेऽप्येतत्पर्यवस्यद् ज्ञेयं पुरुषान्तरं सहासहरूपं प्राप्य पुरुषस्य भावद्वारे भणितत्वात्, स्वातन्त्र्येण पुरुषभेदाश्चाग्रे भणिष्यन्त इति ।।२९०।।

**ટીકાર્થ :-**

**'इति' एवमधोमुखे ..... भणिष्यन्त इति ।। આ રીતે=ગાથા-૨૮૯માં કહ્યું એ રીતે, અધોમુખ હ્રાસ કરાયે છતે=વર્ષા શિશિર ગ્રીષ્મરૂપ સ્થાને સ્થાને હ્રાસ કરવાથી ત્યાં સુધી લઈ જવું જ્યાં સુધી નિર્વિકૃતિ માત્ર જ દેયપણાથી રહે છે. અથવા આ રીતે જ શુદ્ધ છે. તેનો જ અર્થ સ્પષ્ટ કરે છે જે નિવ્વિગઈ માત્ર પણ તપ કરવા માટે અસમર્થ છે તે મિથ્યાદુષ્કૃત વડે જ શુદ્ધ થાય છે. વળી, કેટલાક આ પ્રમાણે કહે છે અર્થાત્ આગળ બતાવે છે એ પ્રમાણે કહે છે : આધાકર્મ આદિની ઉત્પત્તિમાં જે છ જીવનિકાયની વિરાધના થઈ છે તેનાથી જનિત પ્રાયશ્ચિત્ત સ્વસ્થાન છે અર્થાત્ કોઈક સાધુએ આધાકર્મ આદિ ગ્રહણ કર્યું હોય અને તેની નિષ્પત્તિમાં જે 'છ' જીવનિકાયની વિરાધના થઈ છે તે વિરાધનાના ભેદથી તે તે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે તે તેનું સ્વસ્થાન છે અને આધાકર્માદિના આસેવનમાં કહેવાયેલું ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત પરસ્થાન છે. તેના દાનમાં પણ આ જ હ્રાસની વિધિ જાણવી=અસમર્થને આશ્રયીને એક એક સ્થાન અધો અધો ગ્રહણ કરીને પ્રાયશ્ચિત્ત આપવાની વિધિ જાણવી અને આ દાન કાલભેદના વિસ્તારના પ્રસંગથી આવેલું કહેવાયું. ભાવમાં પણ આ પર્યવસન પામતું જાણવું=ગાથા-૨૭૬માં ભાવને આશ્રયીને જે વિભાગો કર્યા તેમાં પણ આ પ્રાયશ્ચિત્ત પર્યવસન પામતું જાણવું; કેમ કે સહ અસહરૂપ પુરુષાંતરને પામીને પુરુષનું ભાવદ્વારામાં કથિતપણું છે અને પુરુષના ભેદો સ્વતંત્રથી આગળમાં કહેવાશે. ।।૨૯૦।।**

**ભાવાર્થ :-**

ગાથા-૨૭૩માં સાધુને 'છ'કાયની વિરાધનામાં અને ભિક્ષાની અશુદ્ધિ આદિમાં તપ પ્રાયશ્ચિત્ત આવે છે તેમ બતાવ્યું અથવા અયોગ્યને દીક્ષા આપે છે તેમાં પ્રાયશ્ચિત્ત આવે છે તેમ બતાવ્યું. વળી, ક્ષેત્રમાં અને કાળમાં નિષ્કારણ પ્રતિસેવા કરે છે તેને આશ્રયીને પ્રાયશ્ચિત્ત બતાવ્યું અને ભાવમાં કરણ-કરાવણ-અનુમોદન, મન-વચન-કાયાથી જે થાય છે તેને આશ્રયીને પ્રાયશ્ચિત્ત બતાવ્યું. તે પ્રાયશ્ચિત્તમાં જે તપ પ્રાપ્ત થતો હોય તે સર્વ પ્રાયશ્ચિત્ત પૂર્વમાં કેટલું પ્રાપ્ત હતું અને વર્તમાનમાં જીત અનુસાર કેટલું પ્રાપ્ત થાય તે ૮૧ ભેદથી અત્યાર સુધી બતાવ્યું. એ પ્રમાણે જે સાધુની જે પ્રકારે સ્ખલના હોય તે પ્રમાણે તેને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને તે પ્રાયશ્ચિત્ત પાંચ ઉપવાસથી માંડીને નિવ્વિગઇ સુધીનું છે અને કોઈ સાધુને કોઈક સ્ખલનામાં પાંચ ઉપવાસનો તપ પ્રાપ્ત થતો હોય અને તે તપ કરવાથી બીજા બલવાન યોગો નાશ

થતા હોય તો તે તપ કરવા માટે તે અસમર્થ છે. તેથી તેવા સાધુને એક એકના હ્રાસથી જે તપ તે સેવી શકે તે તપ આપવો જોઈએ અને પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા થાય તે પ્રકારે તેને સંવેગ ઉત્પન્ન કરાવવો જોઈએ. જેથી થયેલા પાપ કરતાં બલવાન જુગુપ્સાનો ભાવ થાય તો અવશ્ય તે પાપની શુદ્ધિ થાય છે. આથી જ કો'ક સાધુને પાંચ ઉપવાસના તપની પ્રાપ્તિ હોય અને તે તપ કરવાથી તેના બલવાન યોગો નાશ પામતા હોય તો તેને અલ્પ અલ્પ કરીને માત્ર નિવ્વિગઇ સુધીનું અંતિમ પ્રાયશ્ચિત્ત પણ અપાય છે અને તે તપ કરવા માટે તે સાધુ જો સમર્થ ન હોય તો સ્થાપના તપ પણ અપાય છે અર્થાત્ વર્તમાનમાં જે ઋતુમાં જે તપ તેને પ્રાપ્ત થતો હોય તે આગળમાં વર્ષાકાળમાં તે કરી શકે તેમ હોય તો ત્યારે કરવા માટે સ્થાપના તપ અપાય છે અર્થાત્ શિશિરનો તપ હોય તો પછીના વર્ષની શિશિરમાં કરવા માટે સ્થાપના તપ અપાય છે. એ રીતે ત્રણેય ઋતુનો તપ તે તે ઋતુમાં સ્થાપના રૂપે અપાય અને તે કરવા અસમર્થ હોય તો શિશિરમાં કહેવાયેલો તપ વર્ષાઋતુમાં કરવા માટે અપાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે આ વર્ષનો શિશિર ઋતુનો પ્રાપ્ત થયેલો તપ આગામી વર્ષાઋતુમાં કરવા માટે અપાય છે અને ગ્રીષ્મ ઋતુનો તપ આગામી ગ્રીષ્મ ઋતુમાં કરવા અસમર્થ હોય તેને આગામી શિશિર ઋતુમાં તે તપ કરવા માટે અપાય છે.

આ રીતે જીત પ્રમાણે પ્રાપ્ત થતા તપને શક્તિ અનુસાર જીત પ્રમાણે હ્રાસ કરીને અપાયેલું પ્રાયશ્ચિત્ત જે મહાત્મા તીવ્ર સંવેગપૂર્વક કરે છે જેથી થયેલા પાપ પ્રત્યે જુગુપ્સા થવાથી તે પાપની શુદ્ધિ થાય છે. વળી, કોઈ મહાત્મા તથા પ્રકારના રોગાદિને કારણે કે તથા પ્રકારના ધૃતિબલના અભાવને કારણે નિવ્વિગઇ માત્ર પણ તપ કરવા માટે અસમર્થ છે તે મહાત્મા વિવેકપૂર્વક ગુરુ પાસે આલોચના કરે અને થયેલા પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા કરે અને તેની અભિવ્યક્તિ રૂપે 'મિચ્છામિ દુક્કડં' આપે તો તેનાથી પણ તે મહાત્મા શુદ્ધ થાય છે.

વળી, ગાથા-૨૮૯માં કહેલું કે ઋતુ આદિ પ્રમાણે તપ કરવા માટે અસમર્થને સ્વસ્થાનથી પરસ્થાનનો તપ આપવો જોઈએ ત્યાં અન્ય આચાર્ય કહે છે કે કોઈ સાધુ કોઈક પ્રમાદ વશ આધાકર્માદિ દોષ સેવન કરે અને તે આધાકર્માદિની ઉત્પત્તિમાં 'છ' જીવનિકાયની વિરાધના થઈ હોય તેનાથી જનિત જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે સ્વસ્થાન છે. જેમ કોઈ ગૃહસ્થે સાધુ અર્થે સચિત્તનું અચિત્ત કર્યું હોય અથવા કોઈ ગૃહસ્થે સાધુ અર્થે પકાવવાની ક્રિયા કરી હોય તે ક્રિયામાં જે પ્રકારની વિરાધના થઈ હોય અને તે પ્રકારની વિરાધનાવાળો આહાર કોઈ સાધુ ગ્રહણ કરે તો તેમાં થયેલી સંભવિત વિરાધનાને અનુકૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે જે પ્રાયશ્ચિત્તનું સ્વસ્થાન છે અને સામાન્યથી આધાકર્માદિના આસેવનને આશ્રયીને જે ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત કહેવાયું હોય તે પરસ્થાન છે. તેથી જે સાધુ થયેલા દોષનું સ્વસ્થાન રૂપ પ્રાયશ્ચિત્ત સેવવા સમર્થ હોય તેને સ્વસ્થાન રૂપ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. વળી, કોઈક સાધુથી તેવો આધાકર્માદિ દોષ થયો છે છતાં સ્વસ્થાનથી પ્રાપ્ત થતું પ્રાયશ્ચિત્ત કરવા તે સમર્થ ન હોય; કેમ કે તેમ કરવાથી તેના અન્ય યોગો સ્ખલના પામતા હોય ત્યારે ગીતાર્થો આધાકર્માદિના આસેવનથી કહેવાયેલું પરસ્થાન પ્રાયશ્ચિત્ત આપે છે અને તે પણ પ્રાયશ્ચિત્ત કરવા અસમર્થ હોય તેને આશ્રયીને પણ પૂર્વમાં કહેલ હ્રાસની વિધિ છે. **II૨૮૯-૨૯૦II**

**અવતરણિકા :-**

प्रकारान्तरेण दानविधिमाह –

**અવતરણિકાર્થ :-**

પ્રકારાંતરથી દાનવિધિને=પ્રાયશ્ચિત્ત અને તપ આપવાની વિધિને, કહે છે –

**ગાથા :-**

आवन्नाणं दिज्जा, अहवा एगाइ जाव छम्मासं ।
तवकालगुरुअलहुअं, सझोसमियरं व जहपत्तं ।।२९१।।

**અન્વયાર્થ :-**

अहवा=અથવા=અન્ય પ્રકારે પ્રાયશ્ચિત્ત બતાવે છે. एगाइ जाव छम्मासं=એક છે આદિમાં જેને અને યાવત્ છ માસ સુધીના, आवन्नाणं=પ્રાપ્ત થયેલા તપવાળા સાધુઓને, तवकालगुरुअलहुअं=તપથી અને કાળથી ગુરુક, લઘુક, सझोसमियरं व जहपत्तं दिज्जा=સઝોષ અને ઈતર=અઝોષ યથાપાત્ર અપાય છે. ॥૨૯૧॥

**ગાથાર્થ :-**

**'અથવા' અન્ય પ્રકારે પ્રાયશ્ચિત્ત બતાવે છે. એક છે આદિમાં જેને અને યાવત્ છ માસ સુધીના પ્રાપ્ત થયેલા તપવાળા સાધુઓને તપથી અને કાલથી ગુરુક લઘુક સઝોષ અને ઈતર=અઝોષ, યથાપાત્ર પ્રાયશ્ચિત્ત અપાય છે. ॥૨૯૧॥**

**ટીકા :-**

'आवन्नाणं'ति । 'अथवा' इति प्रकारान्तरे 'एकादि' एकमासिकमादौ कृत्वा यावत्षण्मासिकमापन्नानां साधूनां यथागतं तपःकालाभ्यां गुरुकं लघुकं वा सझोषम् 'इतरद्वा' अझोषं 'यथापात्रं' सहासहादिपुरुषविशेषरूपं पात्रमपेक्ष्य प्रायश्चित्तं दीयते ।।२९१।।

**ટીકાર્થ :-**

'अथवा' ..... दीयते ।। 'અથવા' એ પ્રકારાંતરમાં છે=પૂર્વ કરતાં અન્ય પ્રકારે બતાવવા માટે છે. 'એકાદિ'=એક માસિકને આદિમાં કરીને, યાવત્ છ માસિક પ્રાપ્ત થયેલા તપવાળા સાધુને તપ દ્વારા અને કાલ દ્વારા જે પ્રમાણે પ્રાપ્ત થયેલું હોય તે પ્રમાણે ગુરુક અથવા લઘુક સઝોષ પ્રાયશ્ચિત્ત=હ્રાસ સહિત પ્રાયશ્ચિત્ત અને અઝોષ=હ્રાસ રહિત, પ્રાયશ્ચિત્ત યથાપાત્ર=સહ અથવા અસહાદિ પુરુષ વિશેષ રૂપ યથાપાત્ર=પાત્રની અપેક્ષા રાખીને પ્રાયશ્ચિત્ત અપાય છે. ॥૨૯૧॥

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| गुरुपक्षे | ६/५ उत्कृष्टापत्तौ उ. दा. १२ | उत्कृष्टापत्तौ म. दा. १० | उत्कृष्टापत्तौ ज. दा. ८ | ४/३ मध्यमापत्तौ उ. दा. १० | मध्यमापत्तौ म. दा. ८ | मध्यमापत्तौ ज. दा. ६ | २/१ जघन्यापत्तौ उ. दा. ८ | जघन्यापत्तौ म. दा. ६ | जघन्यापत्तौ ज. दा. ४ | वर्षासु तपोदानयन्त्रकम् । भेद-२७ |
| लघुपक्षे | २७॥ उत्कृष्टापत्तौ उ. दा. १० | उत्कृष्टापत्तौ म. दा. ८ | उत्कृष्टापत्तौ ज. दा. ६ | २५ मध्यमापत्तौ उ. दा. ८ | मध्यमापत्तौ म. दा. ६ | मध्यमापत्तौ ज. दा. ४ | २० जघन्यापत्तौ उ. दा. ६ | जघन्यापत्तौ म. दा. ४ | जघन्यापत्तौ ज. दा. आ. | |
| लघुस्वप० | १५ उत्कृष्टापत्तौ उ. दा. ८ | उत्कृष्टापत्तौ म. दा. ६ | उत्कृष्टापत्तौ ज. दा. ४ | १० मध्यमापत्तौ उ. दा. ६ | मध्यमापत्तौ म. दा. ४ | मध्यमापत्तौ ज. दा. आ. | ५ जघन्यापत्तौ उ. दा. ४ | जघन्यापत्तौ म. दा. आ. | जघन्यापत्तौ ज. दा. ए. | |
| गुरुपक्षे | ६/५ उत्कृष्टापत्तौ उ. दा. १० | उत्कृष्टापत्तौ म. दा. ८ | उत्कृष्टापत्तौ ज. दा. ६ | ४/३ मध्यमापत्तौ उ. दा. ८ | मध्यमापत्तौ म. दा. ६ | मध्यमापत्तौ ज. दा. ४ | २/१ जघन्यापत्तौ उ. दा. ६ | जघन्यापत्तौ म. दा. ४ | जघन्यापत्तौ ज. दा. आ. | शिशिरे तपोदानयन्त्रकम् । भेद-२७ |
| लघुपक्षे | २७॥ उत्कृष्टापत्तौ उ. दा. ८ | उत्कृष्टापत्तौ म. दा. ६ | उत्कृष्टापत्तौ ज. दा. ४ | २५ मध्यमापत्तौ उ. दा. ६ | मध्यमापत्तौ म. दा. ४ | मध्यमापत्तौ ज. दा. आ. | २० जघन्यापत्तौ उ. दा. ४ | जघन्यापत्तौ म. दा. आ. | जघन्यापत्तौ ज. दा. ए. | |
| लघुस्वप० | १५ उत्कृष्टापत्तौ उ. दा. ६ | उत्कृष्टापत्तौ म. दा. ४ | उत्कृष्टापत्तौ ज. दा. आ. | १० मध्यमापत्तौ उ. दा. ४ | मध्यमापत्तौ म. दा. आ. | मध्यमापत्तौ ज. दा. ए. | ५ जघन्यापत्तौ उ. दा. आ. | जघन्यापत्तौ म. दा. ए. | जघन्यापत्तौ ज. दा. पुरि. | |
| गुरुपक्षे | ६/५ उत्कृष्टापत्तौ उ. दा. ८ | उत्कृष्टापत्तौ म. दा. ६ | उत्कृष्टापत्तौ ज. दा. ४ | ४/३ मध्यमापत्तौ उ. दा. ६ | मध्यमापत्तौ म. दा. ४ | मध्यमापत्तौ ज. दा. आ. | २/१ जघन्यापत्तौ उ. दा. ४ | जघन्यापत्तौ म. दा. आ. | जघन्यापत्तौ ज. दा. ए. | ग्रीष्मकाले तपोदानयन्त्रकम् । भेद-२७ |
| लघुपक्षे | २७॥ उत्कृष्टापत्तौ उ. दा. ६ | उत्कृष्टापत्तौ म. दा. ४ | उत्कृष्टापत्तौ ज. दा. आ. | २५ मध्यमापत्तौ उ. दा. ४ | मध्यमापत्तौ म. दा. आ. | मध्यमापत्तौ ज. दा. ए. | २० जघन्यापत्तौ उ. दा. आ. | जघन्यापत्तौ म. दा. ए. | जघन्यापत्तौ ज. दा. पुरि. | |
| लघुस्वप० | १५ उत्कृष्टापत्तौ उ. दा. ४ | उत्कृष्टापत्तौ म. दा. आ. | उत्कृष्टापत्तौ ज. दा. ए. | १० मध्यमापत्तौ उ. दा. आ. | मध्यमापत्तौ म. दा. ए. | मध्यमापत्तौ ज. दा. पुरि. | ५ जघन्यापत्तौ उ. दा. ए. | जघन्यापत्तौ म. दा. पुरि. | जघन्यापत्तौ ज. दा. नीवी. | |

**અવતરણિકા :-**

अथ तपःकालाभ्यां लघुगुरुप्रायश्चित्तं यदुच्यते तत्स्वरूपं प्ररूपयति –

**અવતરણિકાર્થ :-**

હવે, તપ અને કાલ દ્વારા લઘુગુરુ પ્રાયશ્ચિત્ત જે કહેવાય છે=ગાથા-૨૯૧માં કહ્યું એ પ્રમાણે તપ અને કાલ દ્વારા લઘુગુરુ પ્રાયશ્ચિત્ત જે કહેવાય છે, તેના સ્વરૂપને બતાવે છે –

**ગાથા :-**

तवकाले आसज्ज उ, गुरुओ वि लहू लहू वि होइ गुरू ।
कालो गिम्हो तवमट्ठमाइ गुरुअं लहू सेसा ।।२९२।।

**અન્વયાર્થ :-**

तवकाले आसज्ज=તપ અને કાલને આશ્રયીને, गुरुओ वि लहू=ગુરુક પણ લઘુ થાય. लहू वि गुरु होइ=અને લઘુક પણ ગુરુક થાય. कालो गिम्हो=કાલ ગ્રીષ્મ ગુરુક છે. तवमट्ठमाइ गुरुअं=તપ અઠ્ઠમાદિક ગુરુ છે, सेसा लहू=શેષ લઘુ છે. ।।૨૯૨।।

**ગાથાર્થ :-**

**તપ અને કાલને આશ્રયીને ગુરુક પણ લઘુક થાય અને લઘુક પણ ગુરુક થાય. કાલ ગ્રીષ્મ ગુરુક છે. તપ અઠ્ઠમાદિક ગુરુ છે. શેષ લઘુ છે. ।।૨૯૨।।**

**ટીકા :-**

'तवकाले'त्ति । तपःकाले आसाद्य तु गुरुरपि लघुः लघुरपि च गुरुर्भवति । तत्र कालो ग्रीष्मस्तपश्चाष्टमादिकं गुरुकम्, शेषाणि शिशिरवर्षाख्यौ कालौ षष्ठान्तानि च तपांसि लघूनि भवन्ति । अयं भावः–ग्रीष्मे मासलघ्वादिकमप्यूह्यमानं कालगुरुकम्, शिशिरवर्षासु च मासगुर्वादिकमप्यूह्यमानं काललघुकम्, तथा निर्विकृत्यादिना षष्ठान्तेन तपसा यन्मासगुर्वादिकमप्यूह्यते तत्तपो लघुकम् । अष्टमादिना तूह्यमानं मासलघ्वादिकमपि तपो गुरुकमिति ।।२९२।।

**ટીકાર્થ :-**

तपःकाले ..... गुरुकमिति ।। તપ અને કાલને પ્રાપ્ત કરીને ગુરુ પણ લઘુ થાય છે અને લઘુ પણ ગુરુ થાય છે. ત્યાં=તપ અને કાલને આશ્રયીને સેવાતું પ્રાયશ્ચિત્ત લઘુગુરુ થાય છે તેમાં, કાલ ગ્રીષ્મ ગુરુક છે અને અઠ્ઠમાદિ તપ ગુરુક છે. શેષ=શિશિર અને વર્ષાઋતુ નામના કાળ અને છઠ્ઠ અંત સુધીના તપો, લઘુ થાય છે=ગ્રીષ્મ ઋતુ કરતાં શેષ એવા શિશિર અને વર્ષા નામના બે કાળો ગ્રીષ્મની અપેક્ષાએ લઘુ થાય છે અને છઠ્ઠ અંતવાળા તપો અઠ્ઠમાદિની અપેક્ષાએ લઘુ થાય છે.

આ ભાવ છે – ગ્રીષ્મમાં માસ લઘુ આદિક પણ કરાતું તપ કાલને આશ્રયીને ગુરુક છે અને શિશિર-વર્ષામાં માસગુરુકાદિક પણ કરાતો તપ કાલને આશ્રયીને લઘુક છે અને નીવિ છે આદિમાં જેને અને છઠ્ઠ અંતવાળા તપથી જે માસગુર્વાદિક પણ તપ કરાય છે તે તપને આશ્રયીને લઘુક છે. વળી, અઠ્ઠમ આદિથી સેવાતું માસલઘુક પણ તપ તપને આશ્રયીને ગુરુક છે. ॥૨૯૨॥

**અવતરણિકા :-**

प्रकारान्तरेण गुरुलघुविधिं दर्शयति –

**અવતરણિકાર્થ :-**

પ્રકારાંતરથી=ગાથા-૨૯૨માં તપકાલના ગુરુક લઘુક પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ બતાવ્યું તેની પ્રકારાંતરથી, ગુરુલઘુ વિધિને બતાવે છે –

**ગાથા :-**

दाणे णिरंतरे वा लहुअं पि गुरुं गुरुं पि लहु इहरा ।
सुत्तविहिणाऽविलंबं, जं वुज्झइ तं तु हाडहडं ।।२९३।।

**અન્વયાર્થ :-**

वा=અથવા, णिरंतरे दाणे=નિરંતર દાનમાં=પારણા વગર પ્રાપ્ત પ્રાયશ્ચિત્તના દાનમાં, लहुअं पि गुरुं=લઘુક પણ તપ ગુરુ થાય છે. इतरथा=ઈતરથા, गुरुं पि लहु=ગુરુક પણ તપ લઘુ થાય છે. सुत्तविहिणाऽविलंबं जं वुज्झइ=સૂત્રવિધિથી અવિલંબવાળો જે તપ વહન કરાય છે, तं तु हाडहडं=તે તપ હાડહડ કહેવાય છે. ॥૨૯૩॥

**ગાથાર્થ :-**

અથવા નિરંતર દાનમાં=પારણા વગર પ્રાપ્ત પ્રાયશ્ચિત્તના દાનમાં, લઘુક પણ તપ ગુરુક થાય છે. ઈતરથા ગુરુક પણ તપ લઘુ થાય છે. સૂત્રવિધિથી અવિલંબવાળો જે તપ વહન કરાય છે તે હાડહડ કહેવાય છે. ॥૨૯૩॥

**ટીકા :-**

'दाणे'त्ति । वाशब्दः प्रकारान्तरोपन्यासे । दाने निरन्तरे सति लघुकमपि गुरुकम्, अन्तराले पारणकादानेन दीयमानं लघुकमपि तपो गुरुकं भवतीति भावः । इतरथा-सान्तरं दीयमानं गुरुकमपि तपो लघुकं भवति । तथा 'सूत्रविधिना' सूत्रोक्तप्रकारेण 'यत्' प्रायश्चित्तं 'अविलम्बं' कालक्षेपरहितमूह्यते तत्प्रायश्चित्तं हाडहडमित्युच्यते ।।२९३।।

**ટીકાર્થ :-**

वाशब्दः ..... हाडहडमित्युच्यते ।। વા શબ્દ પ્રકારાંતરના ઉપન્યાસમાં છે. નિરંતર દાન હોતે છતે લઘુક પણ તપ ગુરુક થાય છે=નાનો પણ અપાયેલો તપ પારણા વગર હોય તો ગુરુક થાય છે. તે જ કથનને સ્પષ્ટ કરે છે. અંતરાલમાં=તપના અંતરાલમાં, પારણાના અદાનથી અપાતું નાનું પણ તપ ગુરુક થાય છે. એ ભાવ છે. ઈતરથા=સાંતર અપાતું=પારણાના આંતરા સહિત અપાતું, ગુરુક પણ તપ લઘુક થાય છે અને સૂત્રવિધિથી=સૂત્રમાં કહેલા પ્રકારથી જે પ્રાયશ્ચિત્ત 'અવિલંબવાળું' છે=કાલક્ષેપ રહિત વહન કરાય છે, તે પ્રાયશ્ચિત્ત હાડહડ એ પ્રમાણે કહેવાય છે. ।।૨૯૩।।

**અવતરણિકા :-**

एतच्चारोपणाविशेषरूपमिति तद्भेदानेव दर्शयति –

**અવતરણિકાર્થ :-**

અને આ=હાડહડ તપ આરોપણાવિશેષરૂપ છે એથી તેના ભેદોને=આરોપણાના ભેદોને, બતાવે છે –

**ગાથા :-**

**पट्ठविइआ य ठविया, कसिणाकसिणा तहेव हाडहडा ।**
**आरोवण पंचविहा, पायच्छित्तं पुरिसजाए ।।२९४।।**

**અન્વયાર્થ :-**

पट्ठविइआ=પ્રસ્થાપિતકા, ठविया य=અને સ્થાપિતા, कसिणाकसिणा=કૃત્સ્ના અકૃત્સ્ના, तहेव हाडहडा= અને હાડહડા એ પ્રમાણે, पंचविहा पायच्छित्तं आरोवण=પાંચ પ્રકારની પ્રાયશ્ચિત્તની આરોપણા છે. पुरिसजाए=અને પુરુષજાતમાં=કૃતકરણાદિરૂપ પુરુષવિશેષમાં યથાયોગ્ય જાણવું એમ અન્વય છે. ।।૨૯૪।।

**ગાથાર્થ :-**

**પ્રસ્થાપિતકા, સ્થાપિતા, કૃત્સ્ના, અકૃત્સ્ના અને હાડહડા એ પ્રમાણે પાંચ પ્રકારની પ્રાયશ્ચિત્તની આરોપણા છે અને પુરુષજાતમાં=કૃતકરણાદિ રૂપ પુરુષવિશેષમાં યથાયોગ્ય જાણવું એમ અન્વય છે. ।।૨૯૪।।**

**ટીકા :-**

'पट्ठविइअ'त्ति । प्रस्थापितका स्थापिता कृत्स्नाकृत्स्ना हाडहडा चेति पञ्चविधाऽऽरोपणा प्रायश्चित्तस्य । तच्च प्रायश्चित्तं पुरुषजाते कृतकरणादौ यथायोगमवसेयम् । तत्र यदारोपितं प्रायश्चित्तमूह्यते एषा प्रस्थापितका । वैयावृत्त्यकरणलब्धिसम्पन्न आचार्यप्रभृतीनां वैयावृत्त्यं कुर्वन् यत्प्रायश्चित्तमापन्नस्त-

स्यारोपितमपि स्थापितं क्रियते यावद्वैयावृत्त्यपरिसमाप्तिर्भवति, द्वौ योगावेककालं कर्त्तुमसमर्थ इति कृत्वा साऽऽरोपणा स्थापितका । कृत्स्ना नाम यत्र झोषो न क्रियते । अकृत्स्ना यत्र किञ्चिज्झोष्यते । हाडहडा त्रिविधा-सद्योरूपा स्थापिता प्रस्थापिता च । तत्र लघुगुरुमासिकादि यत्तप आपन्नस्तद् यदि तत्कालमेव दीयते न कालक्षेपेण तदा सा हाडहडारोपणा सद्योरूपा । यदि पुनर्यन्मासिकादिकमापन्न-स्तद्वैयावृत्त्यमाचार्यादीनां करोतीति स्थापितं क्रियते, तस्मिंश्च स्थापिते यदन्यदुद्घातमनुद्घातं वाऽऽपद्यते तत्सर्वमपि प्रमादनिवारणार्थमनुद्घातं यदारोप्यते सा हाडहडा स्थापिता । षाण्मासिकपाञ्चमासिकादितपो वहन् यदन्यदन्तराऽऽपद्यते तत्तस्यातिप्रमादनिवारणार्थमनुग्रहकृत्स्नेन निरनुग्रहकृत्स्नेन वाऽनुद्घात-मारोप्यते एषा हाडहडा प्रस्थापिता । अनुग्रहकृत्स्ननिरनुग्रहकृत्स्नस्वरूपं च षट्कृत्स्नप्ररूपणेनाव-गन्तव्यम्, तानि चेमानि-प्रतिसेवनाकृत्स्नम् १ सञ्चयकृत्स्नम् २ आरोपणाकृत्स्नम् ३ अनुग्रहकृत्स्नम् ४ अनुद्घातकृत्स्नम् ५ निरवशेषकृत्स्न ६ मिति । तत्र प्रतिसेवनाकृत्स्नं पाराञ्चितम्, यतः परमन्यत् प्रतिसेवनास्थानं नास्ति । सञ्चयकृत्स्नमशीतं मासशतम्, अतः परस्य सञ्चयस्याभावात् । आरोपणाकृत्स्नं षाण्मासिकम्, ततः परस्य भगवतो वर्द्धमानस्वामिनस्तीर्थे आरोपणस्याभावात् । अनुग्रहकृत्स्नं यत् षण्णां मासानामारोपितानां षड् दिवसा गतास्तदनन्तरमन्यान् षण्मासानापन्नस्ततो यद् व्यूढं तत् समस्तं झोषितम्, पश्चाद् यदन्यत् षाण्मासिकमापन्नं तदूह्यते, अत्र चतुर्विंशतिदिनाधिकपञ्च-मासरूपबहुदिनझोषणेनानुग्रहसद्भावात् । एतेन च निरनुग्रहकृत्स्नमपि सूचितं द्रष्टव्यम्, तच्चैवं भावनीयम्-षण्मासे प्रस्थापिते पञ्च मासाश्चतुर्विंशतिदिवसाश्च व्यूढास्तदनन्तरमन्यत् षाण्मासिकमापन्न-स्ततस्तद्वहति पूर्वषण्मासस्य षड् दिवसा झोषिता इति बहुदिना झोषानुग्रहाभावान्निरनु-ग्रहकृत्स्नमेतदिति । अनुद्घातकृत्स्नं कालगुरुमासगुरुकादि मासलघुकाद्यपि वा निरन्तरं दीयमानम् । अथवाऽनुद्घातं त्रिविधं कालगुरु तपोगुरु उभयगुरु च । तत्र कालगुरु नाम यद् ग्रीष्मादौ कर्कशे काले दीयते, तपोगुरु यदष्टमादि दीयते निरन्तरं वा, उभयगुरु यद् ग्रीष्मादौ काले निरन्तरं च दीयते । निरवशेषकृत्स्नं नाम यदापन्नं तत्सर्वमन्यूनातिरिक्तं दीयत इति ।।२९४।।

**ટીકાર્થ :-**

प्रस्थापितका ..... दीयत इति ।। પ્રસ્થાપિતકા, સ્થાપિતા, કૃત્સ્ના, અકૃત્સ્ના, હાડહડા એ પ્રકારે પ્રાયશ્ચિત્તની પાંચ પ્રકારની આરોપણા છે અને પુરુષના પ્રકારમાં તે પ્રાયશ્ચિત્ત કૃતકરણાદિ વિષયક યથાયોગ્ય જાણવા. ત્યાં=પાંચ પ્રકારની આરોપણા પ્રાયશ્ચિત્તમાં, જે આરોપિત પ્રાયશ્ચિત્ત કરાય છે એ પ્રસ્થાપિતકા છે. વૈયાવચ્ચ કરવાની લબ્ધિથી સંપન્ન સાધુ આચાર્ય વગેરેની વૈયાવચ્ચને કરતા જે પ્રાયશ્ચિત્તને પામેલા છે તેનું આરોપિત પણ પ્રાયશ્ચિત્ત સ્થાપિત કરાય છે જ્યાં સુધી વૈયાવૃત્યની પરિસમાપ્તિ થાય.

કેમ સ્થાપિત કરાય છે ? તે સ્પષ્ટ કરે છે –

બે યોગોને=વૈયાવચ્ચનો યોગ અને તપરૂપ યોગ એમ બે યોગોને, એક કાળ કરવા અસમર્થ છે એથી કરીને તે આરોપણા=પ્રાયશ્ચિત્તની આરોપણા સ્થાપિતકા કરાય છે. કૃત્સ્ના એટલે જે પ્રાયશ્ચિત્તમાં ઝોષ=અલ્પતા, કરાતી નથી. અકૃત્સ્ના જેમાં=જે પ્રાયશ્ચિત્તમાં, કંઈક અલ્પ કરાય છે તે અકૃત્સ્ના છે એમ અન્વય છે. હાડહડા ત્રણ પ્રકારે છે – (૧) સદ્યરૂપા (૨) સ્થાપિતા અને (૩) પ્રસ્થાપિતા. ત્યાં=ત્રણ પ્રકારના હાડહડામાં, લઘુગુરુ માસિકાદિ જે તપ પ્રાપ્ત થયું છે તે તપ જો તત્કાલ જ અપાય છે, કાલક્ષેપથી નહિ ત્યારે તે હાડહડા આરોપણા સદ્યરૂપા છે. જો વળી જે માસિકાદિ તપપ્રાપ્ત સાધુ છે તે સાધુ આચાર્યાદિના વૈયાવૃત્યને કરે છે એથી તે=તે તપ, સ્થાપિત કરાય છે અને તે સ્થાપિત કરાયે છતે જે અન્ય ઉદ્ઘાત અથવા અનુદ્ઘાત પ્રાપ્ત થાય છે=પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે તે સર્વ પણ પ્રમાદના નિવારણ માટે જે અનુદ્ઘાત આરોપણ કરાય છે=બધા જ ઉદ્ઘાત અનુદ્ઘાત સર્વ પ્રાયશ્ચિત્તોનો અનુદ્ઘાત રૂપે આરોપણ કરાય છે, તે હાડહડા સ્થાપિતા છે. છ માસિક, પાંચ માસિકાદિ તપ વહન કરતા સાધુ જે અન્ય વચમાં પ્રાપ્ત કરે છે=પ્રાયશ્ચિત્તરૂપ તપ પ્રાપ્ત કરે છે, તેના=તે સાધુના, અતિ પ્રમાદના નિવારણ માટે અનુગ્રહ કૃત્સ્નથી અથવા નિરનુગ્રહ કૃત્સ્નથી તે પ્રાયશ્ચિત્તરૂપ તપ અનુદ્ઘાત રૂપે આરોપણ કરાય છે તે હાડહડા પ્રસ્થાપિતા છે અને અનુગ્રહ કૃત્સ્ન નિરનુગ્રહ કૃત્સ્નનું સ્વરૂપ છ કૃત્સ્નની પ્રરૂપણાથી જાણવું અને તે આ પ્રમાણે છે – (૧) પ્રતિસેવના કૃત્સ્ન (૨) સંચય કૃત્સ્ન (૩) આરોપણા કૃત્સ્ન (૪) અનુગ્રહ કૃત્સ્ન (૫) અનુદ્ઘાત કૃત્સ્ન (૬) નિરવશેષ કૃત્સ્ન. ત્યાં=છ પ્રકારના કૃત્સ્નમાં, પ્રતિસેવના કૃત્સ્ન પારાંચિત છે. જેના પછી અન્ય બીજું પ્રતિસેવનાનું સ્થાન નથી. સંચય કૃત્સ્ન એકસો એંશી માસ છે; કેમ કે આનાથી પછીના સંચયનો અભાવ છે.

આરોપણા કૃત્સ્ન છ માસિક છે. ભગવાન વર્ધમાન સ્વામીના તીર્થમાં તેનાથી પરના આરોપણનો અભાવ છે.

અનુગ્રહ કૃત્સ્ન છ માસના આરોપિત તપના છ દિવસો જે ગયા ત્યારપછી અન્ય છ મહિનાના તપને પ્રાપ્ત કરેલ સાધુ તેનાથી=છ માસના પ્રાયશ્ચિત્તમાંથી જે દિવસ ગયા તેનાથી, જે વ્યૂઢ છે=જે તપ બાકી રહેલ છે, તે સમગ્ર તપ ઝોષિત છે=હ્રાસ કરાય છે. પાછળથી જે અન્ય છ માસિક તપ પ્રાપ્ત થયો તે વહન કરાય છે; કેમ કે અહીં=અનુગ્રહ કૃત્સ્ન તપમાં, ચોવીશ દિવસ અધિક પાંચ માસ રૂપ બહુ દિવસ ઝોષણથી=ઘણા દિવસના હ્રાસથી, અનુગ્રહનો સદ્ભાવ છે અને આના દ્વારા=અનુગ્રહ કૃત્સ્ન પ્રાયશ્ચિત્તના કથન દ્વારા, નિરનુગ્રહ કૃત્સ્ન પણ સૂચિત જાણવું અને તે આ પ્રમાણે ભાવન કરવું –

છ માસ પ્રસ્થાપિત કરાયે છતે=છ માસનું પ્રાયશ્ચિત્ત પ્રારંભ કરાયે છતે, પાંચ માસ અને ચોવીશ દિવસો વહન કરાયા=તપરૂપે વહન કરાયા. ત્યારપછી બીજું છ માસિક પ્રાપ્ત થયું=છ માસિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું. ત્યારપછી તેને વહન કરતા સાધુમાં=પાછળમાં પ્રાપ્ત થયેલા છ માસ તપને

**વહન કરતા સાધુમાં, પૂર્વના છ માસના છ દિવસો ઓછા કરાયા એથી ઘણા દિવસનો હ્રાસ નહિ કરવાથી અનુગ્રહના અભાવને કારણે નિરનુગ્રહ કૃત્સ્ન આ છે.**

**અનુદ્ઘાત કૃત્સ્ન કાલગુરુક માસગુરુકાદિ અથવા માસલઘુકાદિ પણ નિરંતર અપાતું=આંતરા વગર અપાતું અનુદ્ઘાત કૃત્સ્ન કહેવાય છે. અથવા અનુદ્ઘાત ત્રિવિધ છે. કાલગુરુ, તપગુરુ અને ઉભયગુરુ. ત્યાં=ત્રણ પ્રકારના અનુદ્ઘાતમાં, કાલગુરુ એટલે ગ્રીષ્માદિ કર્કશ કાલમાં જે અપાય છે, તપગુરુ એટલે અઠ્ઠમાદિ જે નિરંતર અપાય છે અને ઉભય ગુરુ એટલે ગ્રીષ્માદિ કાળમાં જે નિરંતર અપાય છે. નિરવશેષ કૃત્સ્ન એટલે જે પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત તે સર્વ ન્યૂન અતિરિક્તથી રહિત અપાય છે= જેટલું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તેટલું પ્રાયશ્ચિત્ત અપાય છે. ॥૨૯૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જીવ વિરાધનાને આશ્રયીને કે ભિક્ષાના દોષને આશ્રયીને જે તપ પ્રાયશ્ચિત્ત રૂપે પ્રાપ્ત થતો હતો તે તપ જીતને આશ્રયીને કેટલો આપવો જોઈએ તેની એક્યાશી ભેદોથી સ્પષ્ટતા કરી. હવે, પૂર્વમાં જે એક માસથી માંડીને છ માસનો તપ પ્રાપ્ત થતો હોય તેમાં જે તપ અને કાલને આશ્રયીને ગુરુ હોય અથવા લઘુ હોય તે તપ પણ સહનશીલ, અસહનશીલ આદિ પુરુષના બાર ભેદોને આશ્રયીને સઝોષ=કંઈક અલ્પ કરીને, કે અઝોષ=અલ્પ કર્યા વગર, અપાય છે. તેથી, ફલિત થાય કે પૂર્વમાં જે આપત્તિતપ કહેલ તે તપ જીત અનુસાર કેટલું આવે તેમ બતાવ્યું. તે પ્રમાણે એક માસથી છ માસ સુધીનો આપત્તિ તપ કોઈને પ્રાપ્ત થતો હોય તો તે પુરુષને આશ્રયીને અલ્પ કરવો કે પૂર્ણ આપવો તેવો નિર્ણય કરીને જે તપ પ્રાપ્ત થતો હોય તે તપ જીત અનુસાર કેટલો આવે છે તે પ્રમાણે આપવો જોઈએ. ગાથા-૨૯૧માં કહ્યું કે તપને આશ્રયીને ગુરુ કે લઘુ અથવા કાલને આશ્રયીને ગુરુ કે લઘુ જે તપ પ્રાપ્ત થતો હોય તે પ્રાયશ્ચિત્તને પામેલા સાધુરૂપ પુરુષને અનુસાર આપવો. ત્યાં તપને આશ્રયીને અને કાલને આશ્રયીને કયો તપ ગુરુ છે અને કયો તપ લઘુ છે તે સ્પષ્ટ કરવાર્થે કહે છે.

ત્યાં ગ્રીષ્મ કાલ ગુરુક છે તેથી ગ્રીષ્મ કાલમાં જે તપ સેવાય છે તે કાલને આશ્રયીને ગુરુક છે. વળી, અઠ્ઠમાદિથી ઉપરનું સર્વ તપ તપને આશ્રયીને ગુરુક છે. વળી, શિશિર અને વર્ષાઋતુમાં જે તપ થાય છે તે તપ કાલને આશ્રયીને લઘુ છે અને નીવિથી માંડીને છઠ્ઠ સુધીના જે તપો પ્રાપ્ત થાય છે તે તપો તપને આશ્રયીને લઘુ છે. તેનાથી શું ફલિત થાય તે સ્પષ્ટ કરતાં કહે છે. ગ્રીષ્મ ઋતુમાં કોઈ સાધુ માસ લઘુ આદિ તપ કરતા હોય ત્યારે તે તપ ગ્રીષ્મ કાલને આશ્રયીને કાલગુરુક કહેવાય છે. તેથી કોઈ સાધુને ગ્રીષ્મ ઋતુમાં માસ લઘુ પ્રાયશ્ચિત્ત આવ્યું હોય અને ગ્રીષ્મ ઋતુમાં જ તે મહાત્મા તે તપ કરતા હોય તો ઋતુને આશ્રયીને તે તપ કાલગુરુક કહેવાય છે. વળી, કોઈ સાધુને માસગુરુ આદિ તપ પ્રાપ્ત થયો હોય અર્થાત્ માસગુરુથી માંડીને છ માસનો જે કોઈ પ્રાયશ્ચિત્તરૂપ તપ પ્રાપ્ત થયો હોય અને તે તપ તે મહાત્મા શિશિર-વર્ષામાં સેવતા હોય તો તે સેવાતો તપ કાલલઘુક કહેવાય છે. વળી, કોઈ મહાત્માને માસગુરુ આદિ તપ પ્રાપ્ત થયો હોય અને તેઓ નિવ્વિગઇથી માંડીને છઠ્ઠ સુધીના તપ દ્વારા માસગુરુ આદિ તપ સેવતા હોય

તો તે સેવાતો તપ તપને આશ્રયીને લઘુક છે. વળી, કોઈ મહાત્માને માસલઘુ આદિ તપ પ્રાપ્ત થયો હોય અને તેઓ અઠ્ઠમાદિથી તે માસલઘુ આદિ તપ સેવતા હોય અર્થાત્ અઠ્ઠમથી કે તેનાથી અધિક ઉપવાસાદિ કરીને તે માસલઘુકાદિ તપ સેવતા હોય તો તેઓનું તે સેવાતું તપ, તપને આશ્રયીને ગુરુક છે.

વળી, અન્ય પ્રકારે ગુરુ-લઘુની વિધિને બતાવે છે. પ્રાયશ્ચિત્ત દાન વખતે અંતર વગર અપાયેલું તપ લઘુક પણ ગુરુક થાય છે. જેમ કોઈ સાધુને માસલઘુથી માંડીને છ મહિનાનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તે તપ તેને પારણાના આંતરા વગર તે રીતે જ સેવવાનું કહેવામાં આવે તો તપ તપને આશ્રયીને લઘુ હોય તોપણ દાનને આશ્રયીને ગુરુ થાય છે. તે જ પદાર્થને સ્પષ્ટ કરતાં કહે છે. તપના સેવનકાળમાં વચમાં પારણાના દાન વગર જેટલું પ્રાપ્ત થતું હોય તેટલો તપ તેમને સેવવાનો કહેવામાં આવે ત્યારે લઘુક પણ તપ અર્થાત્ માસલઘુ આદિ તપ દાનને આશ્રયીને ગુરુક થાય છે. તેથી કોઈ મહાત્માને કાલને આશ્રયીને કે તપને આશ્રયીને પ્રાપ્ત થયેલું તપ લઘુક હોય છતાં આંતરા વગર તે સેવવાનું કહેવામાં આવે ત્યારે તે દાનને આશ્રયીને ગુરુક બને છે. અથવા આંતરા સહિત અપાતું ગુરુક પણ પ્રાયશ્ચિત્ત દાનને આશ્રયીને લઘુક થાય છે. જેમ કોઈ સાધુને એક માસનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય ત્યારે તે એક માસના ઉપવાસ આંતરા સહિત કરવાની અનુજ્ઞા ગુરુ આપે ત્યારે તે તપ ગ્રીષ્મ ઋતુમાં તે મહાત્મા સેવતા હોય તો ગ્રીષ્મ ઋતુને આશ્રયીને તે તપ ગુરુક છે અને અઠ્ઠમાદિના આંતરાથી તે મહાત્મા તે તપ સેવતા હોય તો તપને આશ્રયીને તે ગુરુક છે તોપણ આંતરાથી સેવાતું હોવાને કારણે દાનને આશ્રયીને લઘુક છે. આનાથી એ ફલિત થયું કે એક માસથી માંડીને છ માસ સુધી પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત ઋતુને આશ્રયીને લઘુ અને ગુરુ થાય છે, સેવનને આશ્રયીને લઘુ અને ગુરુ થાય છે અને દાનને આશ્રયીને લઘુ કે ગુરુ થાય છે. તેથી દાનને આશ્રયીને લઘુક પણ પ્રાયશ્ચિત્ત ગ્રીષ્મ ઋતુમાં સેવાય તો કાળને આશ્રયીને ગુરુક બને છે. અઠ્ઠમાદિથી સેવાથી તો તપને આશ્રયીને ગુરુક બને છે અને દાનને આશ્રયીને આંતરા વગર જો અપાય તો દાનને આશ્રયીને ગુરુક બને છે.

વળી, કોઈ મહાત્માએ કોઈ દોષ સેવ્યો હોય અને તે દોષનું પ્રાયશ્ચિત્ત કાલક્ષેપ રહિત સેવન કરાય ત્યારે હાડહડ પ્રાયશ્ચિત્ત કહેવાય છે; કેમ કે તે દોષના સેવનની શુદ્ધિ કરવાર્થે સૂત્ર-વિધિ અનુસાર ગુરુને જણાય કે તત્કાલ તેની શુદ્ધિ કરવી આવશ્યક છે, ત્યારે તે પ્રાપ્ત થતું તપ અલ્પ કે અધિક હોય છતાં કાલક્ષેપ વગર સેવન કરવાનું ગુરુ કહે છે તેથી તે તપ હાડહડ કહેવાય છે.

હાડહડ પ્રાયશ્ચિત્ત આરોપણા વિશેષ રૂપ છે. તેથી આરોપણાના ભેદોને બતાવે છે જેથી સર્વ પ્રકારની આરોપણાનો યથાર્થ બોધ થાય. તે પ્રાયશ્ચિત્તથી આરોપણા પાંચ પ્રકારની છે. (૧) પ્રસ્થાપિતકા (૨) સ્થાપિતા (૩) કૃત્સ્ના (૪) અકૃત્સ્ના (૫) હાડહડા. વળી, જે પ્રાયશ્ચિત્ત અપાય છે તે કૃતકરણાદિ રૂપ પુરુષને આશ્રયીને યથાયોગ્ય અપાય છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે.

**(૧) પ્રસ્થાપિતકા :–**

પુરુષને આશ્રયીને અપાયેલું પ્રાયશ્ચિત્ત સેવનનો આરંભ કરાય છે તે પ્રસ્થાપિતકા આરોપણા છે અર્થાત્

પોતાના કૃતકરણાદિને આશ્રયીને સેવાયેલા દોષ અનુસાર જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તે પ્રાયશ્ચિત્ત સેવવાનો જે પ્રારંભ કરાય છે તે પ્રસ્થાપિતકા આરોપણા કહેવાય છે.

**(૨) સ્થાપિતા :-**

કોઈ સાધુ વૈયાવચ્ચ કરવાની લબ્ધિથી યુક્ત હોય, આચાર્ય વગેરેની વૈયાવચ્ચ કરતા હોય ત્યારે પ્રમાદવશ કોઈ સ્ખલના થયેલી હોય તેના કારણે જે પ્રાયશ્ચિત્ત તેમને પ્રાપ્ત થતું હોય તે પ્રાયશ્ચિત્ત તેમને અપાય છે છતાં અપાયેલું પણ તે પ્રાયશ્ચિત્ત સ્થાપિત કરાય છે અને કહેવાય છે કે જ્યારે આ વૈયાવચ્ચનું કૃત્ય પૂરું થઈ જાય ત્યારે તું પ્રાયશ્ચિત્ત કરજે; કેમ કે વૈયાવચ્ચનું કૃત્ય અને પ્રાયશ્ચિત્તનું કૃત્ય બંને એક કાલમાં કરવા તે સાધુ સમર્થ નથી તેથી જો પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત સેવન કરે તો ગુણવાનની વૈયાવચ્ચ કરીને જે નિર્જરાની પ્રાપ્તિ થાય છે અને આચાર્યાદિ દ્વારા પણ વિશેષ યોગોનું સેવન કરીને આચાર્યાદિને જે નિર્જરા થાય છે તેમાં પ્રાયશ્ચિત્તનું સેવન અંતરાયરૂપ બને. તેથી તે પ્રાયશ્ચિત્તની આરોપણા કાલવિલંબનથી સ્થાપના કરીને અપાય છે તેથી તે પ્રાયશ્ચિત્તની આરોપણા સ્થાપિતા કહેવાય છે.

**(૩) કૃત્સ્ના :-**

કૃત્સ્ના નામની આરોપણા તે છે કે જે સાધુને જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય તેનો ઝોષ=હ્રાસ, કરાતો નથી પરંતુ જે પ્રમાણે પ્રાપ્ત થતું હોય તે પ્રકારે જ પૂર્ણ પ્રાયશ્ચિત્ત તેમને અપાય છે અને આ કૃત્સ્નાની અને અકૃત્સ્નાની આરોપણાના જે અવાંતર ભેદો છે તે આગળમાં બતાવશે.

**(૪) અકૃત્સ્ના :-**

અકૃત્સ્ના આરોપણા તે છે કે જેમાં પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત કંઈક ઝોષ=હ્રાસ, કરાય છે તે અકૃત્સ્ના આરોપણા છે.

**(૫) હાડહડા :-**

હાડહડા આરોપણા ત્રણ પ્રકારની છે.

**(i) સદ્યરૂપા :-**

સદ્યરૂપા હાડહડા આરોપણાનું સ્વરૂપ બતાવે છે. કોઈ સાધુને લઘુમાસ, ગુરુમાસ આદિથી માંડીને છ માસ સુધીનો જે તપ પ્રાયશ્ચિત્તરૂપે પ્રાપ્ત થતો હોય તે તપ તત્કાલ જ અપાય છે પરંતુ કાલક્ષેપથી અપાતો નથી અને તત્કાલ જ સેવન કરવાનું કહેવામાં આવે છે તે હાડહડા આરોપણા સદ્યરૂપા છે.

**(ii) સ્થાપિતા :-**

હાડહડા સ્થાપિતા આરોપણાનું સ્વરૂપ બતાવે છે. કોઈ સાધુને એક માસથી માંડીને છ માસનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય અને તે સાધુ વૈયાવચ્ચની લબ્ધિસંપન્ન હોય તેથી આચાર્યાદિની વૈયાવચ્ચ કરતા હોય ત્યારે વૈયાવચ્ચ અને તપ સાથે કરી શકે તેમ ન હોય તેથી પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત વૈયાવચ્ચની પૂર્ણતા

સુધી સ્થાપિત કરાય છે અર્થાત્ વૈયાવચ્ચનો પ્રસંગ પૂર્ણ થશે ત્યારે તે સાધુને તે તપ કરવાનું કહેવાય છે અને તે તપ સ્થાપિત હોય તે દરમિયાન તે મહાત્માથી અન્ય કોઈ સ્ખલના પ્રાપ્ત થાય જેનું પ્રાયશ્ચિત્ત ઉદ્ઘાત કે અનુદ્ઘાત પ્રાપ્ત થતું હોય તે સર્વ પ્રાયશ્ચિત્ત તે સાધુના પ્રમાદનિવારણ માટે અનુદ્ઘાત રૂપે આરોપણ કરાય છે અર્થાત્ પૂર્વનું સ્થાપિત પ્રાયશ્ચિત્ત વિદ્યમાન હતું અને આ અન્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું તે સ્ખલનાને અનુરૂપ અનુદ્ઘાત હોય કે સ્ખલનાને અનુરૂપ ઉદ્ઘાત હોય તોપણ પૂર્વનું પ્રાયશ્ચિત્ત પૂર્ણ કર્યા વગર તે સાધુએ ફરી સ્ખલના કરી તેથી કંઈક પ્રમાદનો અંશ અધિક છે તેથી તે સાધુને પ્રાપ્ત થયેલું નવું પ્રાયશ્ચિત્ત અનુદ્ઘાત રૂપે આરોપણ કરાય છે તે હાડહડા સ્થાપિતા છે અર્થાત્ પૂર્વમાં સ્થાપેલું પ્રાયશ્ચિત્ત હતું તેમાં નવું પ્રાયશ્ચિત્ત થયું તે કઠોર સેવનરૂપ અનુદ્ઘાત રૂપે અપાયું અને વૈયાવચ્ચના કાળ પછી પૂર્વનું પ્રાયશ્ચિત્ત અને નવું પ્રાયશ્ચિત્ત સેવવા માટે અપાયું તેથી કઠોરતારૂપ હાડહડા છે અને વૈયાવચ્ચ કાળ સુધી સ્થાપન કરાયેલ છે તેથી સ્થાપિતારૂપ તે આરોપણા છે.

**(iii) પ્રસ્થાપિતા :-**

હવે, હાડહડા રૂપ પ્રસ્થાપિતા પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ બતાવે છે. કોઈ સાધુને કો'ક સ્ખલના નિમિત્તે છ માસનો તપ, પાંચ માસનો તપ અને આદિ પદથી ચાર માસાદિ તપ પ્રાપ્ત થયો હોય અને તે તપ તે મહાત્મા સેવન કરતા હોય અને તે તપ હજુ પૂર્ણ થયું નથી ત્યાં વચમાં હજુ અન્ય પ્રાયશ્ચિત્ત તે મહાત્માને પ્રાપ્ત થાય અર્થાત્ સંયમમાં કોઈ તેવા પ્રકારની સ્ખલના થઈ જેના નિમિત્તે હજુ પૂર્વનું પ્રાયશ્ચિત્ત પૂરું થયું નથી તે દરમિયાન અન્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું તેથી તે સાધુમાં કંઈક અતિપ્રમાદ છે અન્યથા સુસાધુ સ્ખલના કરે નહિ અને પૂર્વનું પ્રાયશ્ચિત્ત પૂરું કર્યા વગર વચમાં જ અન્ય સ્ખલના થઈ તેથી અતિપ્રમાદ છે તેવા સાધુમાં તે પ્રમાદભાવના નિવારણ માટે ગીતાર્થ ગુરુ અનુગ્રહ કૃત્સ્નાથી કે નિરનુગ્રહ કૃત્સ્નાથી અનુદ્ઘાત પ્રાયશ્ચિત્ત તે મહાત્માને આપે છે તે હાડહડા પ્રસ્થાપિતા પ્રાયશ્ચિત્ત છે અર્થાત્ પૂર્વમાં થયેલું પ્રાયશ્ચિત્ત સ્થાપિત ન હતું પરંતુ સેવાતું હતું તેથી પ્રસ્થાપિત છે અને પૂર્વના સેવાતા પ્રાયશ્ચિત્તકાળમાં ફરી કોઈક પ્રકારની સ્ખલના થઈ તેથી અનુગ્રહ કૃત્સ્ન રૂપે કે નિરનુગ્રહ કૃત્સ્ન રૂપે અનુદ્ઘાત પ્રાયશ્ચિત્ત અપાય છે. તે અનુદ્ઘાતરૂપ હોવાથી હાડહડા આરોપણા છે. અનુગ્રહ કૃત્સ્ન, નિરનુગ્રહ કૃત્સ્ન અને અનુદ્ઘાતનું સ્વરૂપ સ્વયં આગળ બતાવે છે.

પૂર્વમાં પાંચ પ્રકારની આરોપણા નામથી બતાવી. ત્યારપછી તે પાંચેય પ્રકારની આરોપણાનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. તેમાં હાડહડા નામની પાંચમી આરોપણા ત્રણ ભેદવાળી છે તેમ કહ્યું અને તેના ત્રણ ભેદોનું સ્વરૂપ અત્યારસુધી સ્પષ્ટ કર્યું. તેમાં છેલ્લી હાડહડા પ્રસ્થાપિતાનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે તે મહાત્માને એક પ્રાયશ્ચિત્તના સેવનકાળમાં અન્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય ત્યારે અનુગ્રહ કૃત્સ્નથી કે નિરનુગ્રહ કૃત્સ્નથી અનુદ્ઘાત પ્રાયશ્ચિત્ત આરોપણ કરાય છે તેથી જિજ્ઞાસા થાય કે અનુગ્રહ કૃત્સ્ન અને નિરનુગ્રહ કૃત્સ્નનું સ્વરૂપ શું છે તે સ્પષ્ટ કરવાર્થે છ કૃત્સ્નનું સ્વરૂપ બતાવે છે. તે છ કૃત્સ્ન આ પ્રમાણે છે. (૧) પ્રતિસેવના કૃત્સ્ન (૨) સંચય કૃત્સ્ન (૩) આરોપણા કૃત્સ્ન (૪) અનુગ્રહ કૃત્સ્ન (૫) અનુદ્ઘાત કૃત્સ્ન (૬) નિરવશેષ કૃત્સ્ન.

**(૧) પ્રતિસેવના કૃત્સ્ન :-**

ત્યાં=છ પ્રકારના કૃત્સ્નમાં, પ્રતિસેવના કૃત્સ્ન પારાંશ્ચિત્ત પ્રાયચિત્ત છે; કેમ કે આનાથી આગળ અન્ય કોઈ વિપરીત પ્રતિસેવનાનું સ્થાન નથી. તેથી સાધુજીવનમાં સંયમની પ્રતિકૂળ આચરણરૂપ પ્રતિસેવના પ્રકર્ષવાળી જે સાધુએ સેવી છે તે પ્રતિસેવના કૃત્સ્ન છે અર્થાત્ વિપરીત પ્રતિસેવનાને આશ્રયીને પ્રકૃષ્ટ પ્રાયશ્ચિત્ત છે જેની શુદ્ધિ ચરમ પ્રાયશ્ચિત્તથી જ થઈ શકે છે, અન્યથી નહિ.

**(૨) સંચય કૃત્સ્ન :-**

સંચય કૃત્સ્ન પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે. કોઈ સાધુને કોઈક નિમિત્તે છ માસાદિ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયેલું હોય અને વૈયાવચ્ચાદિ કારણે તે પ્રાયશ્ચિત્ત સ્થાપિત કરેલું હોય ત્યાં અન્ય અન્ય સ્ખલનાને કારણે નવાં નવાં પ્રાયશ્ચિત્તો પ્રાપ્ત થાય અને તે પણ સ્થાપિત કરે અથવા એક પ્રાયશ્ચિત્ત સેવવાનો પ્રારંભ કર્યો હોય ત્યાં બીજાં નવાં નવાં પ્રાયશ્ચિત્ત પ્રમાદવશ પ્રાપ્ત થતાં હોય જેથી તે સંચય વૃદ્ધિ પામીને એકસો એંશી માસ થયો હોય તો તે મહાત્માનું સંચિત થયેલું પ્રાયશ્ચિત્ત સંચય કૃત્સ્ન કહેવાય છે.

**(૩) આરોપણા કૃત્સ્ન :**

આરોપણા કૃત્સ્ન પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ બતાવે છે. આરોપણા કૃત્સ્ન પ્રાયશ્ચિત્ત છ માસના ઉપવાસની આરોપણા સ્વરૂપ છે; કેમ કે વીર ભગવાનના તીર્થમાં છ માસથી અધિક તપનું આરોપણ નથી. તેથી કોઈ સાધુએ પૂર્વમાં કહેલી કોઈ ક્ષતિનું સેવન કર્યું હોય અને તે સ્ખલનાની શુદ્ધિ તપથી થાય તેમ હોય ત્યારે તે સ્ખલનને અનુરૂપ તપની આરોપણા કરાય છે અને કોઈ સાધુને કોઈ પ્રતિનિયત સ્ખલનાનું પ્રાયશ્ચિત્ત છ માસનું પ્રાપ્ત થતું હોય તો તે પ્રાયશ્ચિત્ત આરોપણા કૃત્સ્ન છે; કેમ કે આનાથી અધિક તપની આરોપણા વીર ભગવાનના તીર્થમાં પ્રાપ્ત થતી નથી.

**(૪) અનુગ્રહ કૃત્સ્ન :**

અનુગ્રહ કૃત્સ્નનું સ્વરૂપ બતાવે છે. કોઈ સાધુને કોઈક સ્ખલના નિમિત્તે છ મહિનાનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયેલ હોય અને તે પ્રમાણે તે મહાત્માએ પોતાના પ્રાયશ્ચિત્તને સેવવાનો પ્રારંભ કરેલ હોય અને તેમાંથી છ દિવસના ઉપવાસનું સેવન કર્યું હોય ત્યારપછી તે મહાત્માથી પ્રમાદવશ કોઈક સ્ખલના થઈ જેના કારણે ફરી છ માસના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થઈ. તેથી જે તપ તે મહાત્માએ છ દિવસ સેવ્યું છે તે તપ દ્વારા જ પ્રથમનું પ્રાયશ્ચિત્ત સમસ્ત ઝોષિત કરાય છે અર્થાત્ પાંચ માસ અને ચોવીશ દિવસનું અવશેષ પ્રાયશ્ચિત્ત ઝોષિત કરાય છે અને પાછળથી જે અન્ય છ માસનું પ્રાયશ્ચિત્ત અપાયું હોય તે સેવન કરાય છે. તેથી તે મહાત્માને પાંચ માસ અને ચોવીશ દિવસનું પ્રાયશ્ચિત્ત અલ્પ કરવારૂપ અનુગ્રહની પ્રાપ્તિ થઈ. તેથી જે મહાત્મા જે નવો છ માસનો તપ સેવે છે તે અનુગ્રહ કૃત્સ્ન તપ પ્રાયશ્ચિત્ત કહેવાય છે; કેમ કે પ્રથમ સ્ખલના પછી બીજી સ્ખલના થઈ ત્યારે નવું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું તોપણ તે જીવની યોગ્યતા કે અન્ય કોઈ કારણોને જાણીને ગીતાર્થ તેઓને નવું પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત પૂર્વના અવશેષ રહેલા પ્રાયશ્ચિત્તનો ઝોષ કરીને આપે છે માટે તે પ્રાયશ્ચિત્તને અનુગ્રહ કૃત્સ્ન તપ પ્રાયશ્ચિત્ત કહેવાય છે.

વળી, અનુગ્રહ કૃત્સ્નનું સ્વરૂપ બતાવી તેનાથી નિરનુગ્રહ કૃત્સ્ન પ્રાયશ્ચિત્તના સ્વરૂપનો બોધ થાય છે છતાં તેને સ્પષ્ટ કરતાં કહે છે.

કોઈ સાધુને કોઈક સ્ખલના નિમિત્તે છ માસના ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આવેલ હોય અને તે મહાત્માએ પાંચ માસ અને ચોવીશ દિવસના તપરૂપ પ્રાયશ્ચિત્ત વહન કર્યું હોય અને કોઈક નિમિત્તે ફરી સ્ખલના થાય અને તે નિમિત્તે ફરી છ માસના તપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય ત્યારે પૂર્વના પ્રાયશ્ચિત્તના જે છ દિવસ અવશેષ છે તે છ દિવસો ઝોષિત કરીને નવા છ માસનું પ્રાયશ્ચિત્ત તે મહાત્મા વહન કરે છે ત્યારે તે પ્રાપ્ત થયેલું પ્રાયશ્ચિત્ત નિરનુગ્રહ કૃત્સ્ન છે; કેમ કે માત્ર છ દિવસ જ ઝોષિત છે.

### (૫) અનુદ્‌ઘાત કૃત્સ્ન :

હવે, અનુદ્‌ઘાત કૃત્સ્નનું સ્વરૂપ બતાવે છે. કોઈ સાધુને કોઈક સ્ખલના નિમિત્તે એક માસનું, બે માસાદિનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયું હોય અને તે પ્રાયશ્ચિત્ત ગ્રીષ્મકાળમાં સેવવા માટે આપવામાં આવે તો કાલગુરુક હોવાથી અનુદ્‌ઘાત કૃત્સ્ન કહેવાય છે. વળી, કોઈ સાધુને કોઈક સ્ખલના નિમિત્તે માસગુરુક કે તેનાથી અધિક પ્રાયશ્ચિત્ત આપવામાં આવે તો તે અનુદ્‌ઘાત કૃત્સ્ન કહેવામાં આવે છે. વળી, કોઈક સાધુને કોઈક સ્ખલના નિમિત્તે માસલઘુ આદિ અર્થાત્ માસલઘુ કે તેથી ન્યૂન આદિ પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છતાં તે પ્રાયશ્ચિત્ત આંતરા વગર સેવવારૂપે અપાયું હોય તો તે અનુદ્‌ઘાત કૃત્સ્ન કહેવાય છે.

'અથવા'થી અનુદ્‌ઘાત કૃત્સ્ન અન્ય પ્રકારે બતાવે છે.

અનુદ્‌ઘાત ત્રણ પ્રકારનો છે. (૧) કાલગુરુક (૨) તપગુરુક (૩) ઉભયગુરુક. તે ત્રણ ભેદમાં કાલગુરુક જે ગ્રીષ્માદિ કર્કશ કાલમાં અપાય છે તે તપ છે. જેમ કોઈ સાધુએ કોઈ સ્ખલના કરી હોય અને તેનું પ્રાયશ્ચિત્ત ગ્રીષ્માદિ કર્કશ કાલમાં સેવવાથી જ તે પ્રકારનો સંવેગ થાય તેમ જણાય ત્યારે તે સાધુને ગ્રીષ્માદિ કર્કશ કાલમાં તે તપ અપાય છે જેથી પ્રતિકૂળ કાલમાં અદીન ભાવથી તે તપ કરીને તે મહાત્મા થયેલા પાપ પ્રત્યે જુગુપ્સા કરે છે. તેથી બાધક પણ કાલ હોવા છતાં તેનું નિવારણ ન કરવામાં આવ્યું તે અનુદ્‌ઘાત છે.

વળી, તપોગુરુક પ્રાયશ્ચિત્ત જે અષ્ટમાદિ અથવા નિરંતર અપાય છે તે તપથી ગુરુ છે. જેમ કોઈ સાધુએ કોઈ સ્ખલના કરેલી હોય અને તેના કારણે માસઉપવાસાદિ તપરૂપ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હોય તે તપ તે મહાત્માને અઠ્ઠમાદિ તપથી કરવાનું કહેવામાં આવે ત્યારે તે તપોગુરુક કહેવાય છે જેથી અદીનભાવથી તે તપ કરીને અન્ય ઉચિત યોગોમાં સ્ખલના ન થાય તે રીતે અપ્રમાદથી યત્ન કરીને તે મહાત્મા થયેલા પાપ પ્રત્યે જુગુપ્સાને અતિશય કરે છે અથવા કોઈ સાધુને આશ્રયીને જે તપ પ્રાપ્ત થતું હોય તે તપ આંતરા વગર અપાય. જેમ કોઈ સાધુને માસ ઉપવાસરૂપ તપની પ્રાયશ્ચિત્તરૂપે પ્રાપ્તિ થતી હોય અને તે તપ આંતરા વગર તે સાધુ સેવે તો જ તે પ્રકારના ભાવનો પ્રકર્ષ થાય જેથી તે સાધુના પાપની શુદ્ધિ થશે તેમ ગુરુને જણાય તો તે સાધુને માસ ઉપવાસ આંતરા વગર સેવવાનું કહેવામાં આવે છે જે તપોગુરુક હોવાથી અનુદ્‌ઘાત પ્રાયશ્ચિત્ત છે.

વળી, કોઈક સાધુને આશ્રયીને ઉભય ગુરુક પ્રાયશ્ચિત્ત અપાય છે જેમાં પ્રાપ્ત થયેલ તપ ગ્રીષ્માદિ કાલમાં અને આંતરા વગર સેવવાનું કહેવામાં આવે છે. જે પ્રકારે આંતરા વગર ગ્રીષ્માદિ કાલમાં તે મહાત્મા દીનતા વગર થયેલા પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા કરે તો જ તેમનાં પાપો નાશ પામે તેમ હોય ત્યારે તે પ્રકારનો તપ અપાય છે.

**(૬) નિરવશેષ કૃત્સ્ન :**

હવે, નિરવશેષ કૃત્સ્નનું સ્વરૂપ બતાવે છે. નિરવશેષ કૃત્સ્ન તપ તે છે કે જે પ્રકારની સ્ખલના થઈ હોય તે સ્ખલનાને અનુરૂપ શ્રુત વ્યવહારથી જે તપ પ્રાપ્ત થતું હોય અને વર્તમાનમાં જીત વ્યવહારથી જે તપ સ્વીકારાયું હોય તે તપ ન્યૂન કે અધિક કર્યા વગર તેને આપવાથી તેની શુદ્ધિ થશે તેમ ગીતાર્થ ગુરુને જણાય ત્યારે તે સાધુને તીવ્ર સંવેગપૂર્વક તે પ્રકારનો તપ કરવાનું ગીતાર્થો કહે છે તે નિરવશેષ કૃત્સ્ન છે. **॥૨૯૧થી ૨૯૪॥**

**અવતરણિકા :-**

**तदेवमुक्तः प्रायश्चित्तदानविधिः । अथात्र पुरुषविशेषा अधिकारिण इति तद्भेदनिरूपणार्थमाह —**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=અત્યારસુધી તપના દાનનું કથન કર્યું એ રીતે, પ્રાયશ્ચિત્ત દાનવિધિ કહેવાઈ. હવે, અહીં=પ્રાયશ્ચિત્તના ગ્રહણમાં, પુરુષવિશેષ અધિકારી છે. એથી તેના ભેદોનું નિરૂપણ કરવા માટે કહે છે —**

**ભાવાર્થ :-**

ગાથા-૨૭૬માં કહેલું કે ભાવરૂપ વિષયમાં પુરુષવિશેષને આશ્રયીને પ્રાયશ્ચિત્તના ભેદો થાય છે. વળી, ગાથા-૨૯૦માં કહેલું કે સહ-અસહ રૂપ પુરુષને આશ્રયીને પ્રાયશ્ચિત્ત દાનનો ભેદ કરાય છે અને ગાથા-૨૯૪ની ટીકામાં કહેલ કે કૃતકરણાદિ રૂપ પુરુષ જાતને આશ્રયીને યથાયોગ્ય પ્રાયશ્ચિત્ત જાણવું. તેથી અત્યાર સુધી પ્રાયશ્ચિત્ત દાનની વિધિ બતાવી તેનું નિગમન કરીને તે તે પ્રાયશ્ચિત્તના અધિકારી તે તે પુરુષો છે. તેથી તે ભેદોને બતાવવા માટે કહે છે.

**ગાથા :-**

**पुरिसा खलु कयकरणा, बहुविहतवकरणभावियसरीरा ।**
**तह हुंति अकयकरणा, छट्ठाइअभावियसरीरा ।।२९५।।**

**અન્વયાર્થ :-**

**बहुविहतवकरणभावियसरीरा=બહુ પ્રકારના તપકરણથી ભાવિત શરીરવાળા, पुरिसा=પુરુષો, खलु**

कयकरणा=કૃતકરણવાળા છે. तह छट्ठाइअभावियसरीरा=અને છઠ્ઠાદિથી અભાવિત શરીરવાળા, अकयकरणा हुंति=અકૃતકરણવાળા થાય છે. ॥૨૯૫॥

ગાથાર્થ :-

**બહુ પ્રકારના તપકરણથી ભાવિત શરીરવાળા પુરુષો કૃતકરણવાળા છે અને છઠ્ઠાદિથી અભાવિત શરીરવાળા અકૃતકરણવાળા થાય છે. ॥૨૯૫॥**

ટીકા :-

'पुरिस'त्ति । पुरुषाः खलु द्विविधाः-कृतकरणा अकृतकरणाश्च । तत्र कृतकरणास्तावद्बहुविधानां-षष्ठाष्टमादिबहुभेदानां तपसां करणेन भावितं-परिकर्मितं शरीरं यैस्ते तथा, अकृतकरणाश्च षष्ठाष्टमादि-भिरभावितशरीराः ।।२९५।।

ટીકાર્થ :-

पुरुषाः ..... भावितशरीराः ।। પુરુષો બે પ્રકારના છે : (૧) કૃતકરણવાળા અને (૨) અકૃતકરણવાળા. ત્યાં=બે પ્રકારના પુરુષોમાં, કૃતકરણવાળા પુરુષો ઘણા પ્રકારના=છઠ્ઠઅઠ્ઠમાદિ બહુ ભેદવાળા, તપોના કરણથી ભાવિત=પરિકર્મિત, કરાયું છે શરીર જેઓના વડે, તે તેવા છે=બહુવિધ તપકરણથી ભાવિત શરીરવાળા છે તે કૃતકરણવાળા પુરુષો છે એમ અન્વય છે અને અકૃતકરણવાળા=છઠ્ઠઅઠ્ઠમાદિથી અભાવિત શરીરવાળા છે. ॥૨૯૫॥

ગાથા :-

**कयकरणा वि य दुविहा, साविक्खा खलु तहेव णिरवेक्खा ।**
**णिरविक्खा जिणमाई, साविक्खा आयरिअमाई ।।२९६।।**

અન્વયાર્થ :-

कयकरणा वि य=અને કૃતકરણવાળા પણ, साविक्खा खलु तहेव णिरवेक्खा दुविहा=સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારના છે. णिरविक्खा जिणमाई=નિરપેક્ષ જિનાદિ છે, साविक्खा आयरिअमाई=સાપેક્ષ કૃતકરણવાળા આચાર્યાદિ છે. ॥૨૯૬॥

ગાથાર્થ :-

**અને કૃતકરણવાળા પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારના છે. નિરપેક્ષ જિનાદિ છે. સાપેક્ષ કૃતકરણવાળા આચાર્યાદિ છે. ॥૨૯૬॥**

ટીકા :-

'कयकरणा वि य'त्ति । कृतकरणा अपि द्विविधाः-सापेक्षाः खलु तथैव निरपेक्षाश्च । तत्र

सहापेक्षया-गच्छवासपालनादिलक्षणया वर्तन्ते ये ते सापेक्षाः, निर्गता अपेक्षा येभ्यस्ते निरपेक्षाः । तत्र निरपेक्षाः 'जिनादयः' जिनकल्पिकाः शुद्धपरिहारविशुद्धिका यथालन्दककल्पिकाश्चेति त्रय इत्यर्थः, एते हि नियमात्कृतकरणा एव, अकृतकरणानामन्यतमस्यापि कल्पस्य प्रतिपत्तेरयोगात् । सापेक्षाः 'आचार्यादयः' आचार्या उपाध्याया भिक्षवश्चेति त्रय इत्यर्थः । एते प्रत्येकं द्विधा भूयो भवन्ति, तद्यथा—आचार्याः कृतकरणा अकृतकरणाश्च, उपाध्याया अपि कृतकरणा अकृतकरणाश्च, भिक्षवोऽपि कृतकरणा अकृतकरणाश्च । तत्र कृतकरणानां चिन्त्यमानत्वादस्यां गाथायामेते कृतकरणा ग्राह्याः ।।२९६।।

**ટીકાર્થ :-**

कृतकरणा ..... ग्राह्याः ।। કૃતકરણવાળા પણ ખરેખર બે પ્રકારના છે. (૧) સાપેક્ષ અને (૨) નિરપેક્ષ. ત્યાં=બે પ્રકારના કૃતકરણવાળા સાધુઓમાં, ગચ્છવાસના પાલનાદિ લક્ષણ અપેક્ષાથી સહિત વર્તે છે જેઓ તે સાપેક્ષ કૃતકરણવાળા સાધુઓ છે. નિર્ગત છે અપેક્ષા જેઓમાંથી તે નિરપેક્ષ સાધુઓ છે=જેઓને ગચ્છની, ગુરુની, સારણાદિની કોઈ અપેક્ષા નથી અને જિનવચનના સુદૃઢ અવલંબનથી સંયમની વૃદ્ધિને કરી શકે તેવા હોવાથી નિરપેક્ષ સાધુઓ છે. ત્યાં=સાપેક્ષ-નિરપેક્ષ સાધુઓમાં, નિરપેક્ષ સાધુઓ જિનાદિ છે=જિનકલ્પિક, શુદ્ધપરિહારવિશુદ્ધિકો અને યથાલંદકકલ્પિકો એ ત્રણ નિરપેક્ષ સાધુઓ છે અને આ ત્રણેય નિરપેક્ષ સાધુઓ નિયમથી કૃતકરણવાળા સાધુઓ જ છે; કેમ કે અકૃતકરણવાળાઓને અન્યતમ પણ=ત્રણમાંથી કોઈ પણ, કલ્પને સ્વીકારવાનો અયોગ છે. સાપેક્ષ સાધુઓ આચાર્યાદિ છે=આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ એ ત્રણ છે, એ પ્રકારનો અર્થ છે. આ પ્રત્યેક=આચાર્યાદિ પ્રત્યેક ફરી બે પ્રકારના છે. તે આ પ્રમાણે : આચાર્ય કૃતકરણવાળા અને અકૃતકરણવાળા છે. ઉપાધ્યાય પણ કૃતકરણવાળા અને અકૃતકરણવાળા છે. ભિક્ષુઓ પણ કૃતકરણ અકૃતકરણવાળા છે. ત્યાં કૃતકરણનું ચિંત્યમાનપણું હોવાથી આ ગાથામાં આ=આચાર્યાદિ, કૃતકરણવાળા ગ્રહણ કરવા. ।।૨૯૬।।

**ગાથા :-**

अकयकरणा वि दुविहा, अणहिगया अहिगया य बोधव्वा ।
समहीअम्मि अहिगया, पकप्पि इहरा उ अणहिगया ।।२९७।।

**અન્વયાર્થ :-**

अकयकरणा वि=અકૃતકરણવાળા પણ સાધુઓ, अणहिगया अहिगया य=અનધિગત અને અધિગત, दुविहा बोधव्वा=એમ બે પ્રકારના જાણવા, पकप्पि समहीअम्मि अहिगया=પ્રકલ્પગ્રંથ સમધિત થયે છતે અધિગત સાધુ છે, इहरा उ अणहिगया=વળી ઈતરથા અનધિગત સાધુ છે. ।।૨૯૭।।

**ગાથાર્થ :-**

**અકૃતકરણવાળા પણ સાધુઓ અનધિગત અને અધિગત એમ બે પ્રકારના જાણવા. પ્રકલ્પગ્રંથ સમધિત થયે છતે અધિગત સાધુ છે વળી ઈતરથા અનધિગત સાધુ છે. ।।૨૯૭।।**

**ટીકા :-**

'अकयकरणा वि'त्ति । इहाचार्या उपाध्यायाश्च कृतकरणा अकृतकरणा वा नियमाद् गीतार्थाः स्थिराश्च, तत इहाकृतकरणा भिक्षव एव ग्राह्याः, तेऽकृतकरणा भिक्षवो द्विविधाः-अनधिगता अधिगताश्च बोद्धव्याः । समधीते 'प्रकल्पे' निशीथाध्ययने जघन्यतोऽप्यधिगताः, 'इतरथा' तदध्ययना-भावे त्वनधिगताः ।।२९७।।

**ટીકાર્થ :-**

इहाचार्या उपाध्यायाश्च ..... तदध्ययनाभावे त्वनधिगताः ।। **અહીં=સાપેક્ષ સાધુઓમાં, આચાર્ય અને ઉપાધ્યાય કૃતકરણવાળા અથવા અકૃતકરણવાળા નિયમથી ગીતાર્થ અને સ્થિર જાણવા=ગાથા-૨૯૯ના કથન અનુસાર દૃઢધૃતિ સંઘયણવાળા સ્થિર જાણવા. તેથી=આચાર્ય અને ઉપાધ્યાય નિયમથી ગીતાર્થ અને સ્થિર હોય છે તેથી, અહીં=પ્રસ્તુત ગાથામાં, અકૃતકરણવાળા અધિગત અનધિગત બે પ્રકારના કહ્યા એમાં અકૃતકરણવાળા ભિક્ષુઓ જ ગ્રહણ કરવા=સાધુઓ જ ગ્રહણ કરવા. તે અકૃતકરણવાળા ભિક્ષુઓ બે પ્રકારના છે : (૧) અનધિગત સાધુઓ અને (૨) અધિગત સાધુઓ જાણવા.**

અધિગત અને અનધિગતનો અર્થ સ્પષ્ટ કરવાર્થે કહે છે –

**સમધિત પ્રકલ્પ હોતે છતે=જઘન્યથી પણ નિશીથ અધ્યયન ભણાયે છતે અધિગત સાધુઓ જાણવા એમ અન્વય છે. ઈતરથા=તે અધ્યયનનો અભાવ હોતે છતે=જઘન્યથી પણ નિશીથ અધ્યયનના બોધનો અભાવ હોતે છતે, વળી અનધિગત છે=અનધિગત સાધુઓ જાણવા. ।।૨૯૭।।**

**ભાવાર્થ :-**

ભગવાનના સાધુઓ અપ્રમાદપૂર્વક સર્વ ઉચિત યોગોમાં યત્ન કરી શકે તે રીતે છઠ્ઠ-અઠ્ઠમાદિ કરી શરીરને તે રીતે વાસિત કરે કે તપાદિના કાળમાં પણ તેઓના યોગોમાં પ્રમાદનો સંભવ ન રહે. તેવા સાધુઓ કૃતકરણવાળા કહેવાય છે અને જે સાધુઓ અપ્રમાદથી સર્વ યોગોમાં યત્ન કરી શકતા હોય છતાં છઠ્ઠ-અઠ્ઠમાદિ તપો ક્યારેક કરતા પણ હોય આમ છતાં તે તપોથી શરીર તે રીતે પરિકર્મિત થયું નથી જેથી સહજ રીતે છઠ્ઠ-અઠ્ઠમાદિના પારણે છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ કરીને પણ સંયમના સર્વ યોગોમાં અપ્રમાદ કરી શકે તેવા થયા નથી તે સાધુઓ અકૃતકરણવાળા કહેવાય છે.

વળી, કૃતકરણવાળા બે પ્રકારના છે. (૧) સાપેક્ષ યતિધર્મવાળા અને (૨) નિરપેક્ષ યતિધર્મવાળા. સાપેક્ષ યતિધર્મવાળા સાધુઓ ગચ્છમાં રહીને સુસાધુઓને અનુશાસન આપતા હોય તેવા આચાર્ય-ઉપાધ્યાય

હોય કે તે ગચ્છમાં આચાર્ય-ઉપાધ્યાયના અનુશાસનથી સુસાધુઓ સંયમયોગમાં અપ્રમાદથી યત્ન કરતા સાધુઓ હોય, તેઓ સાપેક્ષ યતિધર્મવાળા સાધુઓ છે અને જેઓ ગચ્છમાં રહીને સંપન્ન થઈ ચૂક્યા છે, હવે ગચ્છની અપેક્ષા વગર સંયમયોગમાં અપ્રમાદથી યત્ન કરવા સમર્થ છે તેવા જિનકલ્પિકાદિ નિરપેક્ષ યતિધર્મવાળા છે. એમાં જિનકલ્પિક એકાકી જ હોય છે જ્યારે નિરપેક્ષ એવા પણ શુદ્ધપરિહારવિશુદ્ધક સાધુઓ નવ-નવના ગણવાળા હોય છે અને યથાલંદિક સાધુઓ પાંચ પાંચ સંખ્યાના ગણવાળા હોય તોપણ તેઓ ગચ્છના અનુશાસનની અપેક્ષાએ સંયમયોગમાં પ્રવર્તતા નથી તેથી જિનકલ્પાદિ ત્રણેય નિરપેક્ષ યતિધર્મ પાળનારા છે. નિરપેક્ષ યતિધર્મને પાળનારા સાધુઓ નિયમથી કૃતકરણવાળા જ હોય; કેમ કે કૃતકરણ કર્યા વગર તે ત્રણેય પ્રકારમાંથી કોઈ પણ કલ્પને સ્વીકારવાની અનુજ્ઞા નથી. વળી, ગચ્છમાં રહીને જેઓ સંયમયોગમાં અપ્રમાદથી યત્ન કરનારા છે તેવા સાધુઓ આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય સાધુઓ એમ ત્રણ પ્રકારના છે અને તે ત્રણેય સાધુઓ કૃતકરણવાળા અને અકૃતકરણવાળા પણ હોય છે. ફક્ત ગાથા-૨૯૬માં કૃતકરણવાળા બે પ્રકારના છે તેમ કહ્યું ત્યાં અકૃતકરણવાળા આચાર્ય-ઉપાધ્યાય અને સાધુઓનું ગ્રહણ નથી પરંતુ કૃતકરણવાળા જ આચાર્ય-ઉપાધ્યાય અને સાધુઓનું ગ્રહણ છે અને તેઓ સાપેક્ષ યતિધર્મવાળા છે.

વળી, કૃતકરણવાળા જેમ બે પ્રકારના છે તેમ અકૃતકરણવાળા પણ બે પ્રકારના સાધુઓ છે. (૧) અધિગત અને (૨) અનધિગત. તેમાં અધિગત સાધુઓ કોણ છે તે સ્પષ્ટ કરતાં કહે છે. જે સાધુઓએ જઘન્યથી નિશીથ અધ્યયનનો યથાર્થ સૂત્ર-અર્થથી બોધ કર્યો છે અને સ્થિર પરિચિત કર્યો છે તેઓ અધિગત સાધુઓ છે અને જેઓએ નિશીથ અધ્યયનનો સૂત્ર-અર્થથી બોધ કર્યો નથી અથવા હજુ કરી રહ્યા છે તેઓ અનધિગત સાધુઓ છે. જો કે જેઓ આચાર્ય અને ઉપાધ્યાય છે તેઓ કૃતકરણવાળા કે અકૃતકરણવાળા હોઈ શકે પરંતુ અવશ્ય તેઓએ નિશીથ અધ્યયન કરેલું જ છે આથી તેઓ ગીતાર્થ છે; કેમ કે જઘન્યથી ગીતાર્થ નિશીથ અધ્યયનવાળા સાધુઓ જ છે જ્યારે સામાન્ય સાધુઓને આચાર્ય પદવી કે ઉપાધ્યાય પદવીની પ્રાપ્તિ ન થઈ હોય છતાં પ્રકલ્પ ગ્રંથના ભણેલા હોય તો તે સાધુઓ અધિગત કહેવાય છે અને તેઓ કૃતકરણવાળા પણ હોઈ શકે અને અકૃતકરણવાળા પણ હોઈ શકે અને નિશીથ અધ્યયન ભણેલા ન હોય તેવા સાધુઓ કૃતકરણવાળા કે અકૃતકરણવાળા પણ હોઈ શકે છે. **॥૨૯૫થી ૨૯૭॥**

**અવતરણિકા :-**

**अत्रैव मतान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ=કૃતકરણત્વના વિષયમાં જ, મતાંતરને કહે છે –**

**ગાથા :-**

**केइ पुण अहिगयाणं, इह कयकरणत्तमेव इच्छंति ।**
**जं आयतगा जोगा, वूढा खलु तेहि णियमेणं ।।२९८।।**

અન્વયાર્થ :-

इह=કૃતકરણના વિષયોમાં, केइ पुण=વળી કેટલાક આચાર્ય, अहिगयाणं=અધિગત સાધુઓનું=જઘન્યથી પણ નિશીથ અધ્યયન ભણેલા સાધુઓનું, कयकरणत्तमेव इच्छंति=કૃતકરણપણું જ ઈચ્છે છે, जं तेहि=જે કારણથી તેઓ વડે=નિશીથ અધ્યયન ભણેલા સાધુઓ વડે, णियमेणं=નિયમથી, आयतगा जोगा वूढा=આયાત યોગો=દીર્ઘકાળ સુધી યોગો વહન કરાયા છે. ।।૨૯૮।।

ગાથાર્થ :-

**કૃતકરણના વિષયોમાં વળી કેટલાક આચાર્ય અધિગત સાધુઓનું=જઘન્યથી પણ નિશીથ અધ્યયન ભણેલા સાધુઓનું, કૃતકરણપણું જ ઈચ્છે છે. જે કારણથી તેઓ વડે=નિશીથ અધ્યયન ભણેલા સાધુઓ વડે, નિયમથી આયાત યોગો=દીર્ઘકાળ સુધી યોગો વહન કરાયા છે. ।।૨૯૮।।**

ટીકા :-

**'केइ पुण'त्ति । केचित् पुनराचार्या अधिगतानां कृतकरणत्वमेवेच्छन्ति न त्वकृतकरणत्वम्, 'यत्' यस्मात् 'तैः' अधिगतैर्नियमेन 'आयतकाः' विस्तीर्णकाला महाकल्पश्रुतादीनां योगा व्यूढाः, खल्विति पादपूरणे । तदुक्तं व्यवहारपीठिकायाम्**–'अहिगय कयकरणत्तं जोगायतगारिहा केई ।।' **अधिगतानां कृतकरणत्वमिच्छन्ति केचिदायतकयोगास्त इत्येतदर्थः ।।२९८।।**

ટીકાર્થ :-

केचित् ..... इत्येतदर्थः ।। વળી કેટલાક આચાર્ય અધિગત સાધુઓને=અધિગત એવા મહાનિશીથવાળા સાધુઓને કૃતકરણપણું જ ઈચ્છે છે પરંતુ અકૃતકરણપણું નહિ. જે કારણથી અધિગત એવા તેઓ વડે=મહાનિશીથ અધ્યયનને ભણેલા એવા તે સાધુઓ વડે 'आयातकाः'=વિસ્તીર્ણકાલવાળા મહાકલ્પશ્રુતાદિના યોગો વહન કરાયા છે. ગાથામાં खलु શબ્દ પાદપૂરણમાં છે. તે=અન્ય આચાર્યનો મત વ્યવહાર પીઠિકામાં કહેવાયો છે – "કેટલાક આચાર્યો યોગના આયાતગ્રાહી હોવાને કારણે અધિગત સાધુને કૃતકરણપણું ઈચ્છે છે." તે અર્થને સ્પષ્ટ કરે છે. અધિગત સાધુઓનું કૃતકરણપણું કેટલાક આચાર્યો ઈચ્છે છે.

કેમ ઇચ્છે છે ? એથી કહે છે –

આયાતક યોગવાળા તેઓ છે=અધિગત યોગવાળા તેઓ છે એ પ્રકારે આનો અર્થ છે=અધિગત યોગવાળાનો અર્થ છે. ।।૨૯૮।।

અવતરણિકા :-

ગાથા-૨૯૭માં કહ્યું કે અકૃતકરણવાળા સામાન્ય સાધુઓ અધિગત અને અનધિગત એમ બે ભેદવાળા છે. તેથી હવે તે અધિગત-અનધિગત સાધુઓ પણ અવાંતર ભેદવાળા છે તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

ते वि य थिरा अ अथिरा, हुंति दुभेआ थिरा तहिं ते उ ।
जे दढधिइसंघयणा, तव्विवरीआ पुणो अथिरा ।।२९९।।

અન્વયાર્થ :-

ते वि य=તેઓ પણ=જે સાધુઓ આચાર્ય ઉપાધ્યાય નથી પરંતુ સાધુ છે અને અધિગત, અનધિગત છે તે સાધુઓ પણ, थिरा अ अथिरा दुभेआ हुंति=સ્થિર અને અસ્થિર બે ભેદવાળા છે, तहिं ते उ थिरा=તેઓમાં તેઓ સ્થિર છે, जे दढधिइसंघयणा=જે દૃઢધૃતિ અને સંઘયણવાળા છે, तव्विवरीआ पुणो अथिरा=વળી તેનાથી વિપરીત અસ્થિર છે. ।।૨૯૯।।

ગાથાર્થ :-

તેઓ પણ=જે સાધુઓ આચાર્ય ઉપાધ્યાય નથી પરંતુ સાધુ છે અને અધિગત, અનધિગત છે તે સાધુઓ પણ, સ્થિર અસ્થિર બે ભેદવાળા છે. તેઓમાં તેઓ સ્થિર છે જે દૃઢધૃતિ અને સંઘયણવાળા છે. વળી, તેનાથી વિપરીત અસ્થિર છે. ।।૨૯૯।।

ટીકા :-

'ते वि य'त्ति । ये भिक्षवोऽनधिगता अधिगताश्च तेऽपि प्रत्येकं स्थिरा अस्थिराश्चेति द्विभेदा भवन्ति । तत्र स्थिरास्तु ते ये दृढधृतिसंहननाः, 'तद्विपरीताः' धृतिसंहननाभ्यामसम्पन्नाः पुनरस्थिराः, एवं कृतकरणाकृतकरणयोरपि द्रष्टव्यम् ।।२९९।।

ટીકાર્થ :-

ये ..... द्रष्टव्यम् ।। જે સાધુઓ અનધિગત છે=પ્રકલ્પ ગ્રંથ નહિ ભણેલા છે અને જે સાધુઓ અધિગત છે=જઘન્યથી પણ પ્રકલ્પ ગ્રંથ ભણેલા છે તેઓ પણ પ્રત્યેક સ્થિર અને અસ્થિર એ પ્રકારે બે ભેદવાળા હોય છે. ત્યાં=સ્થિર-અસ્થિર બે ભેદોમાં, વળી સ્થિર સાધુઓ તે છે જે દૃઢધૃતિ અને સંઘયણવાળા છે=સંયમયોગમાં દૃઢ ધૃતિપૂર્વક પ્રવૃત્તિ કરી શકે તેવા છે અને દૃઢ સંઘયણવાળા છે. તેનાથી વિપરીત ધૃતિ સંઘયણથી અસંપન્ન વળી અસ્થિર સાધુઓ છે. આ રીતે કૃતકરણમાં અને અકૃતકરણમાં પણ જાણવું=અધિગત અનધિગતમાં જેમ સ્થિર અસ્થિરના બે ભેદો છે એ રીતે કૃતકરણવાળા અને અકૃતકરણવાળા સાધુઓમાં પણ બે ભેદો જાણવા. ।।૨૯૯।।

ભાવાર્થ :-

ગાથા-૨૯૭માં કહેલ કે આચાર્ય અને ઉપાધ્યાય કૃતકરણવાળા હોય કે અકૃતકરણવાળા હોય નિયમથી ગીતાર્થ અને સ્થિર હોય છે તેથી તેઓના અધિગત-અનધિગત ભેદો નથી પરંતુ જેઓ સામાન્ય સાધુઓ છે

તેઓ અકૃતકરણવાળા અધિગત અને અનધિગતરૂપ બે ભેદવાળા છે અને અકૃતકરણવાળા જે સાધુઓ અનધિગત અને અધિગત છે તે પ્રત્યેક પણ સ્થિર અને અસ્થિર એમ બે ભેદવાળા છે.

અને સ્થિર કોણ છે તે સ્પષ્ટ કરતાં કહે છે. જે સાધુઓમાં સંયમયોગોને અનુકૂળ દૃઢ ધૃતિ છે તેથી પોતાને જે સૂક્ષ્મ બોધ થયો છે તે બોધ અનુસાર ધૃતિપૂર્વક સંયમયોગોમાં યત્ન કરવા સમર્થ છે અને સંઘયણ પણ દૃઢ છે તેથી પ્રતિકૂળ સંયોગોમાં પણ ધૃતિપૂર્વક સંયમમાં યત્ન કરવા સમર્થ છે તેઓ સ્થિર છે અને જે સાધુઓમાં તેવું ધૃતિબળ નથી અને તેવું સંઘયણબળ નથી તેઓ અસ્થિર છે. તેથી તેવા સાધુઓ આત્મકલ્યાણના અત્યંત અર્થી હોવા છતાં ધૃતિબળના અભાવને કારણે અને દેહબળના અભાવને કારણે તે પ્રકારે સંયમમાં યત્ન કરવા સમર્થ નથી.

વળી, જેઓ કૃતકરણવાળા છે તેવા પણ સાધુઓમાંથી કેટલાક દૃઢ સંઘયણવાળા છે અને કેટલાક દૃઢ ધૃતિ-સંઘયણવાળા નથી. ફક્ત છઠ્ઠ-અઠ્ઠમાદિ તપ કરીને આત્માને અત્યંત વાસિત કર્યો છે તેથી કૃતકરણવાળા છે અને અકૃતકરણવાળા સાધુઓમાં પણ કેટલાક દૃઢ ધૃતિસંઘયણવાળા છે અને કેટલાક દૃઢ ધૃતિસંઘયણ વગરના પણ છે.

વળી, ગાથા-૨૯૭માં બતાવ્યું એ પ્રમાણે આચાર્ય અને ઉપાધ્યાય નિયમથી ગીતાર્થ હોય છે તેથી અધિગત શાસ્ત્રવાળા અને સ્થિર હોય છે એમ કહ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે પૂર્વમાં દૃઢધૃતિ સંઘયણવાળાને જ આચાર્ય કે ઉપાધ્યાય પદવી અપાતી હોવી જોઈએ. **॥૨૯૯॥**

**અવતરણિકા :-**

**अत्र प्रायश्चित्तदानविधिमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં=ગાથા-૨૯૫થી ૨૯૯ સુધી પ્રાયશ્ચિત્તને આશ્રયીને પુરુષના કૃતકરણાદિ ભેદો બતાવ્યા એમાં, પ્રાયશ્ચિત્તની દાનવિધિને કહે છે –**

**ગાથા :-**

**गीयत्थो कयकरणो, थिरो अ जं सेवए तयं दिज्जा ।**
**इयरम्मि होइ इच्छा, सुलहं जंतेण दाणं तु ।।३००।।**

**અન્વયાર્થ :-**

**गीयत्थो कयकरणो थिरो अ=ગીતાર્થ, કૃતકરણવાળા અને સ્થિર, जं सेवए=જે પ્રકારનું શાસ્ત્રવિધિ અનુસાર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેને અનુરૂપ જે પાપ સેવે છે. तयं दिज्जा=તે આપવું જોઈએ=તે પરિપૂર્ણ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. इयरम्मि=ઈતરમાં=ગીતાર્થ આદિ વિશેષણ રહિત સાધુને, इच्छा होइ=ઈચ્છા હોય છે=આલોચના આપનારને જે પ્રકારે ઉચિત જણાય તે પ્રકારે પ્રાયશ્ચિત્ત આપે છે. दाणं तु जंतेण सुलहं=વળી દાન યંત્રથી સુલભ છે. ॥૩૦૦॥**

ગાથાર્થ :-

**ગીતાર્થ કૃતકરણવાળા અને સ્થિર જે પ્રકારનું શાસ્ત્રવિધિ અનુસાર પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેને અનુરૂપ જે પાપ સેવે છે. તે આપવું જોઈએ=તે પરિપૂર્ણ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. ઈતરમાં=ગીતાર્થ આદિ વિશેષણ રહિત સાધુને ઈચ્છા હોય છે=આલોચના આપનારને જે પ્રકારે ઉચિત જણાય તે પ્રકારે પ્રાયશ્ચિત્ત આપે છે. વળી દાન યંત્રથી સુલભ છે. ।।૩૦૦।।**

ટીકા :-

'गीयत्थो'त्ति । गीतार्थः कृतकरणः स्थिरश्च यत् सेवते प्रायश्चित्तस्थानं तदेव तस्मै परिपूर्णं दद्यात् । 'इतरस्मिन्' तदेव प्रायश्चित्तस्थानं प्राप्तेऽगीतार्थेऽकृतकरणेऽस्थिरे च 'इच्छा' प्रायश्चित्तदान-विधौ सूत्रोपदेशानुसारेण स्वेच्छा, तथाहि—समर्थ इति ज्ञाते यत् परिपूर्णं दीयते असमर्थ इति परीक्षिते ततः प्राप्तप्रायश्चित्तादर्वाक्तनमनन्तरं दीयते, तत्राप्यसमर्थतायां ततोऽप्यनन्तरम्, तत्राप्यसामर्थ्ये ततोऽप्यनन्तरम्, एवं तावन्नेयं यावन्निर्विकृतिकम्, तत्राप्यसमर्थतायां पौरुषीप्रत्याख्यानम्, तत्राप्यशक्तौ नमस्कारसहितम्, गाढग्लानत्वादिना तस्याप्यसम्भवे एवमेवालोचनामात्रेण शुद्ध्यापादनमिति । दानं तु यथापुरुषमत्र यन्त्रेण सुलभम् । यस्यैवाचार्यस्य कृतकरणस्य सापेक्षस्य महत्यप्यपराधे मूलम् तस्यैवाकृतकरणस्यासमर्थत्वाच्छेदः । उपाध्यायस्य च कृतकरणस्य मूलप्रायश्चित्तमापन्नस्यापि सापेक्ष इति कृत्वा छेदः, तस्याकृतकरणस्य च मूलमापन्नस्यापि गुरुषाण्मासिकम्, 'सावेक्खो त्ति व काउं, गुरुस्स कयजोगिणो भवे छेओ । अकयकरणम्मि छग्गुरु' इति वचनात्, आचार्यस्य प्रागुक्तत्वेन गुरुशब्देनात्रोपाध्यायस्यैव ग्रहणात् । मनाग् निरपेक्षतायां च कृतकरणस्याप्युपाध्यायस्य मूलापत्तौ मूलमेवोच्यते, 'बिइए मूलं च छेदो छ गुरुगा' इति व्यवहारवचनात्, तथाविधधृतिबलसमर्थतायां मूलस्यान्यथा तु च्छेदस्य कृतकरणोपाध्यायपक्षे समर्थनात्, एवमग्रिमार्द्धापक्रान्तिरचनाया यथासम्प्रदायं यन्त्रेण स्पष्टमेवोपलम्भादिति ।।३००।।

ટીકાર્થ :-

गीतार्थः ..... स्पष्टमेवोपलम्भादिति ।। **ગીતાર્થ કૃતકરણવાળા અને સ્થિર જે પ્રાયશ્ચિત્ત સ્થાનનું સેવન કરે છે તે જ તે=પ્રાયશ્ચિત્ત જ, તેમને પરિપૂર્ણ આપવું જોઈએ, ઈતરમાં=અગીતાર્થ અકૃતકરણવાળા અને અસ્થિરમાં, તે જ પ્રાયશ્ચિત્ત સ્થાન પ્રાપ્ત થયે છતે=ગીતાર્થ કૃતકરણ અને સ્થિરને જે પ્રાયશ્ચિત્ત સ્થાન પ્રાપ્ત થયું છે તે જ પ્રાયશ્ચિત્ત સ્થાન પ્રાપ્ત થયે છતે, ઈચ્છા=પ્રાયશ્ચિત્ત દાનની વિધિમાં સૂત્ર ઉપદેશ અનુસારથી સ્વઈચ્છા પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપવું.**

પ્રાયશ્ચિત્ત દાનવિધિમાં સૂત્ર ઉપદેશ અનુસાર સ્વઇચ્છાથી કઈ રીતે પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ તે 'तथाहि'થી સ્પષ્ટ કરે છે.

**સમર્થ છે એ પ્રમાણે જ્ઞાત થયે છતે=જે પ્રાયશ્ચિત્તનું સ્થાન પ્રાપ્ત થયું હોય તેને સેવવા માટે સમર્થ છે એ પ્રમાણે જ્ઞાત થયે છતે, જે=જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે તે પરિપૂર્ણ અપાય છે. અસમર્થ છે એ પ્રમાણે પરીક્ષિત થયે છતે=જે પ્રાપ્ત પ્રાયશ્ચિત્ત છે તે પરિપૂર્ણ આપવાથી તેના અન્ય યોગો શિથિલ થશે જેથી સંવેગપૂર્વક પ્રાયશ્ચિત્ત કરીને તે પાપની શુદ્ધિ કરવા અસમર્થ થશે એ પ્રમાણે પરીક્ષાથી જણાયે છતે, તેનાથી=પ્રાપ્ત પ્રાયશ્ચિત્તથી, આગળનું=નીચેના સ્થાનનું, અપાય છે=પ્રાયશ્ચિત્ત અપાય છે. તેમાં પણ અસમર્થતા હોતે છતે તેનાથી પણ અનંતર=નીચેના સ્થાનનું પ્રાયશ્ચિત્ત અપાય છે. ત્યાં પણ અસામર્થ્ય હોતે છતે તેનાથી પણ અનંતર=નીચેના સ્થાનનું પ્રાયશ્ચિત્ત અપાય છે, આ રીતે ત્યાં સુધી જાણવું જ્યાં સુધી નીવીનું પ્રાયશ્ચિત્ત આવે. ત્યાં પણ અસમર્થતા હોતે છતે= શ્રુતવ્યવહારથી જઘન્ય નીવીનું પ્રાયશ્ચિત્ત આવે છે તે સેવન કરવામાં અસમર્થ હોતે છતે, પૌરસીનું પચ્ચખાણ આપવું જોઈએ. ત્યાં પણ અસમર્થ હોતે છતે નવકારશીનું પચ્ચખાણ આપવું જોઈએ. ગાઢગ્લાનત્વાદિના કારણે તેના પણ અસંભવમાં=નવકારશી પચ્ચખાણના પણ પાલનના અસંભવમાં, આ રીતે જ=પ્રાયશ્ચિત્ત લેનાર તીવ્ર સંવેગપૂર્વક પોતાના પાપનું નિવેદન કરીને આલોચના ગ્રહણ કરી છે એ રીતે જ, આલોચના માત્રથી શુદ્ધિનું આપાદન થશે=તે સાધુને કહેવું જોઈએ કે પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સાપૂર્વક તું આલોચન કરીશ તેટલા માત્રથી, શુદ્ધિ થશે.**

**વળી યથાપુરુષ=કૃતકરણાદિ ભેદથી યથાપુરુષ, અહીં=પ્રાયશ્ચિત્તના વિષયમાં દાન=પ્રાયશ્ચિત્તનું દાન, યંત્રથી સુલભ છે=ગાથા-૩૧૦ નીચે આપેલા યંત્રથી સુલભ છે અને તેને જ સ્પષ્ટ કરતાં કહે છે. કૃતકરણ સાપેક્ષ એવા જે આચાર્યને મોટા અપરાધમાં મૂળ પ્રાયશ્ચિત્ત છે તે જ અકૃતકરણવાળા આચાર્યનું અસમર્થપણું હોવાથી છેદ પ્રાયશ્ચિત્ત છે અને મૂળ પ્રાયશ્ચિત્ત આપન્ન પણ કૃતકરણવાળા ઉપાધ્યાયને 'સાપેક્ષ' છે એથી કરીને છેદ છે=પાપ કરતી વખતે પણ કંઈક વ્રતરક્ષાની અપેક્ષાવાળા છે એથી કરીને છેદ છે અને અકૃતકરણવાળા મૂળ પ્રાયશ્ચિત્ત આપન્ન પણ તેને=ઉપાધ્યાયને ગુરુ છ માસ તપ છે;** કેમ કે "સાપેક્ષ છે એથી કરીને ગુરુને=કૃતયોગીવાળા ઉપાધ્યાયને છેદ થાય છે અને અકૃતકરણવાળામાં છ ગુરુ=છ ગુરુમાસ પ્રાયશ્ચિત્ત થાય" **એ પ્રકારનું વચન છે.**

અહીં પ્રશ્ન થાય કે સાક્ષીપાઠમાં ગુરુપદથી આચાર્યને ગ્રહણ કરવા કે ઉપાધ્યાયને ગ્રહણ કરવા ? તે કેમ નક્કી થાય ? એથી કહે છે –

**આચાર્યનું પૂર્વમાં ઉક્તપણું હોવાને કારણે="સાપેક્ષ એ પ્રમાણેનું વચન હોવાને કારણે" એમ જે કથન કર્યું તે સ્થાનમાં આચાર્યનું પૂર્વમાં ઉક્તપણું હોવાથી અહીં=**सावेक्खो त्ति० ..... इति वचनात् **એ પ્રકારના કથનમાં ગુરુ શબ્દથી ઉપાધ્યાયનું જ ગ્રહણ છે અને મનાગ્=થોડી પણ નિરપેક્ષતામાં=પાપ સેવન વખતે કંઈક સકંપ પાપ સેવવારૂપ સાપેક્ષતાના થોડા પણ અભાવરૂપ નિરપેક્ષતામાં, કૃતકરણવાળા ઉપાધ્યાયને મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં મૂળ પ્રાયશ્ચિત્ત જ કહેવાય છે; કેમ કે** "बिइए मूलं च छेदो छ गुरूणा=ઉપાધ્યાયને મૂળ છેદ અથવા છ ગુરુ" **એ પ્રકારનું વ્યવહારનું વચન છે.**

કેમ ઉપાધ્યાયને અપેક્ષાએ મૂળ, અપેક્ષાએ છેદ, અપેક્ષાએ છ ગુરુ પ્રાયશ્ચિત્ત આવે છે ? તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –

**તેવા પ્રકારની ધૃતિબળથી સમર્થતા હોતે છતે મૂળનું વળી અન્યથા=તેવા પ્રકારની ધૃતિબળની અસમર્થતા હોતે છતે છેદનું, કૃતકરણ ઉપાધ્યાય પક્ષમાં સમર્થન છે. એ રીતે=જે રીતે આચાર્ય આદિમાં હમણાં યોજન કર્યું એ રીતે, આગળમાં અર્ધઅપક્રાંતિની રચનાથી યથાસંપ્રદાય=જે પ્રમાણે સંપ્રદાયથી પ્રાપ્ત થયું હોય તે પ્રમાણે, યંત્ર દ્વારા સ્પષ્ટ જ=ગાથા-૩૧૦ નીચે બતાવેલ વ્યવહાર યંત્ર દ્વારા સ્પષ્ટ જ, ઉપલંભ છે. ॥૩૦૦॥**

**અર્ધઅપક્રાંતિની રચના ગાથા-૨૮૮ની ટીકામાં સ્પષ્ટ કરેલ છે ત્યાંથી જોઈ લેવી.**

**ભાવાર્થ :-**

ગીતાર્થ, કૃતકરણ અને સ્થિર જે અપરાધ સેવે તે અપરાધને અનુરૂપ પ્રાયશ્ચિત્ત સ્થાન જે પ્રાપ્ત થતું હોય તે પૂર્ણ પ્રાયશ્ચિત્ત જ તેમને અપાય છે. આથી જ આચાર્ય કૃતકરણવાળા હોય તો તેઓને અપરાધને અનુકૂળ મૂળ આદિથી માંડીને નીવિ સુધીનું જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે જ પ્રાયશ્ચિત્ત તેમને અપાય છે. ન્યૂન અપાતું નથી; કેમ કે આચાર્ય નિયમથી ગીતાર્થ અને સ્થિર હોય છે અર્થાત્ આચાર્ય પદવીને અનુકૂળ શાસ્ત્રાધ્યયનાદિ કર્યું અને ઉચિત ક્રિયાઓ કરીને તે પ્રકારે દૃઢ ધૃતિવાળા થયેલા છે અને પ્રાયઃ આચાર્યપદને યોગ્ય પુણ્યશાળી જીવો જ હોય છે. તેથી શરીરબળ પણ દૃઢ હોય છે અને કૃતકરણ કરેલ છે. તેથી અવશ્ય સમર્થ છે માટે તેઓને જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે જ અપાય છે. તેમ ઉપાધ્યાય કે અન્ય સાધુ પણ ગીતાર્થ હોય, કૃતકરણવાળા હોય અને સ્થિર હોય તો તેઓના પ્રતિસેવનને અનુરૂપ જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે જ અપાય છે, ન્યૂન અપાતું નથી.

વળી, કોઈ સાધુ આચાર્ય, ઉપાધ્યાય ન હોય અને ગીતાર્થ ન હોય, કૃતકરણવાળા ન હોય અને દૃઢધૃતિ અને સંઘયણ નહિ હોવાથી અસ્થિર પણ હોય, તેઓએ જે દોષ સેવ્યો હોય, તે દોષને અનુરૂપ શાસ્ત્રવચનથી જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેમાં સૂત્ર ઉપદેશનું અવલંબન લઈને પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ સાધુ જે ઉચિત જણાય તે પ્રમાણે આપે.

કઈ રીતે પ્રાયશ્ચિત્ત આપે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તે પ્રાયશ્ચિત્તને વહન કરવા અગીતાર્થ આદિ સાધુ સમર્થ છે તો તે સ્ખલનાને અનુરૂપ જે પ્રાયશ્ચિત્ત થતું હોય તે જ પ્રાયશ્ચિત્ત અપાય છે અને તે પ્રાયશ્ચિત્તને વહન કરવા તે સાધુ સમર્થ નથી છતાં તે પ્રાયશ્ચિત્ત આપવામાં આવે તો ક્લેશની પ્રાપ્તિ થાય. અન્ય સંયમયોગો નાશ પામે છે, ત્યારે કયા પ્રાયશ્ચિત્તને તે સાધુ ધૃતિપૂર્વક વહન કરશે ? તેનો નિર્ણય કરીને ગીતાર્થો પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્તથી નીચે નીચેના પ્રાયશ્ચિત્તમાં ક્યાં તેમની શક્તિ છે ? તેનો નિર્ણય કરીને પ્રાયશ્ચિત્ત આપે. યાવત્ મૂળ પ્રાયશ્ચિત્તવાળાને પણ નીવિનું પ્રાયશ્ચિત્ત આપે અર્થાત્ કોઈ મોટો અપરાધ કર્યો હોય અને તે સાધુ પશ્ચાત્તાપથી તીવ્ર સંવેગવાળા થયા હોય, છતાં દેહનું તેવું ધૃતિબળ નથી. તેમ જણાય જેમ

સ્થૂલિભદ્રના ભાઈ શ્રીયકમાં તપ કરવાની શક્તિ ન હતી, તો મૂળ પ્રાયશ્ચિત્તના સ્થાને નીવિનું પ્રાયશ્ચિત્ત પણ આપે. જે સૌથી જઘન્ય પ્રાયશ્ચિત્તનું સ્થાન છે. આમ છતાં તે સાધુ ગાઢ ગ્લાન હોય, નીવિ પણ કરી શકે તેમ ન હોય, યાવત્ નવકારશી પણ કરી શકે તેમ ન હોય અર્થાત્ ગાઢ ગ્લાનિને કારણે અસમાધિના પરિહાર અર્થે અત્યંત અપવાદથી નવકારશીની પ્રાપ્તિ પૂર્વે પણ કોઈ ઔષધ સેવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, તેવી સંભાવના છે. આથી જ નવકારશીમાં પણ અસમર્થ છે, તેમ કહેલ છે તેવા સાધુ અત્યંત સંવેગપૂર્વક આલોચના કરે તો તેનાથી પણ શુદ્ધિ થઈ છે, તેમ ગીતાર્થ ગુરુ કહે છે. જેથી ગ્લાન સાધુ પણ સ્વસ્થતાથી આરાધનામાં યત્નશીલ બની શકે છે. **॥૩૦૦॥**

**અવતરણિકા :-**

**यन्त्ररचनाप्रकारमेवाह –**

**અવતરણિકાર્થ :-**

**યંત્રરચનાના પ્રકારને જ કહે છે. ગાથા-૩૧૦ નીચે જે વ્યવહારયંત્ર આપેલ છે, તેની કઈ રીતે રચના કરવી ? તે બતાવે છે –**

**ગાથા :-**

**बारस गिहाइ तिरिअं, वीसं च अहोमुहाइं गेहाइ ।**
**ठाविज्ज तओ दुगदुगहाणीइ दसाइगेहाइं ।।३०१।।**

**અન્વયાર્થ :-**

**बारस गिहाइ तिरिअं=બાર ગૃહો=ખાનાં તિર્છાં, वीसं च अहोमुहाइं गेहाइ=અને વીશ અધોમુખ ગૃહો, ठाविज्ज=સ્થાપન કરવાં. तओ=ત્યારપછી, दुगदुगहाणीइ दसाइगेहाइं=બે-બેની હાનિથી દશાદિ ગૃહો સ્થાપન કરવાં જોઈએ. ।।૩૦૧।।**

**ગાથાર્થ :-**

**બાર ગૃહો તિર્છાં અને વીશ અધોમુખ ગૃહો સ્થાપન કરવાં જોઈએ. ત્યારપછી બે બેની હાનિથી દશાદિ ગૃહો સ્થાપન કરવા જોઈએ. ।।૩૦૧।।**

**ટીકા :-**

**'बारस'त्ति । तिर्यग् द्वादश गृहाणि अधोमुखानि च विंशतिर्गृहाणि स्थापयेत् । एवं च द्वादशगृहात्मिका विंशतिगृहपङ्क्तयो भवन्ति, ततो द्विकद्विकहान्या दशादिगृहाणि स्थाप्यन्ते । अयं भावः—विंशतितमायां पङ्क्तौ दक्षिणतोऽन्तिमे द्वे गृहके मुक्त्वा तस्या अधस्ताद्दशगृहात्मिका एकविंशतितमा पङ्क्तिः स्थाप्यते, तत्र ये द्वे अन्तिमे गृहके ते मुक्त्वाऽधस्तादष्टगृहात्मिका द्वाविंशतितमा, तदन्त्ये द्वे गृहे**

मुक्त्वा तस्या अधस्तात् षड्गृहात्मिका त्रयोविंशतितमा, तदन्त्ये द्वे गृहके मुक्त्वा तस्या अधस्ताच्चतुर्गृहात्मिका चतुर्विंशतितमा, तस्यामपि ये द्वे अन्तिमे गृहे ते मुक्त्वा तस्या अधस्ताद् द्विगृहात्मिका पञ्चविंशतितमा, तस्या अधस्तादेकगृहात्मिका षड्विंशतितमा पङ्क्तिः स्थाप्या, एवं षड्विंशतिपङ्क्त्यात्मकं यन्त्रं भवतीति ।।३०१।।

ટીકાર્થ :-

तिर्यग् ..... भवतीति ।। તિર્યગ્ તિરછાં=આડાં બાર ખાનાં કરવાં=જેમ યંત્રમાં કૃતકરણ આચાર્ય, અકૃતકરણ આચાર્ય ઈત્યાદિ બાર ખાનાં કર્યાં છે અને અધોમુખ વીશ ખાનાંઓની સ્થાપના કરવી=ઊભાં વીશ ખાનાં કરવા. જેમ આડાં બાર ખાનાંમાંથી છેલ્લા ખાનામાં માસગુરુ આદિના ક્રમથી વીશમું ખાનું નીવિનું કરેલ છે. આ રીતે બાર ખાનાંરૂપ વીશ ખાનાંની શ્રેણી થાય છે. ત્યારપછી દ્વિક દ્વિક હાનિથી=બે બેની હાનિથી, દશાદિ ખાનાંઓ સ્થાપન કરાય છે=આડાં જે બાર ખાનાં હતાં તે બે બેની હાનિથી સ્થાપન કરાય છે. આ ભાવ છે=બે બેની હાનિથી દશાદિ ખાનાંઓ સ્થાપન કરાય છે તેનો આ ભાવ છે. વીશમી પંક્તિમાં=બાર આડાં ખાનાંની છેલ્લી ઊભા ખાનાંવાળી પંક્તિ છે તેમાં જે વીશમું ખાનું છે તે પંક્તિમાં, દક્ષિણથી અંતિમ બે ખાનાંને મૂકીને=યંત્રમાં બતાવેલ છે તેમ દક્ષિણથી બે ખાનાં મૂકીને, તેની નીચે તેવા જ ખાનાવાળી=જેવા બારમા ખાનાંમાં અને અગિયારમા ખાનામાં જે વીશમું ખાનું બતાવ્યું તેવા જ ખાનાવાળી, એકવીશમી પંક્તિ સ્થાપન કરાય છે=જેમ અગિયારમા ખાનામાં અને બારમા ખાનામાં પુરિમાર્ધ અને નીવિની સ્થાપના છે તેમ નવમા અને દશમા ખાનામાં પુરિમાર્ધ અને નીવિની સ્થાપના કરાય છે. ત્યાં=એકવીશમા ખાનામાં જે બે અંતિમ ખાનાં છે, તે બેને મૂકીને નીચે આઠ ખાનાંરૂપ બાવીશમું ખાનું છે. તેની નીચે બે ખાનાં છોડીને તેની નીચે=બાવીશમા ખાના નીચે, છ ખાનાંરૂપ ત્રેવીશમું ખાનું છે. તેના અંતમાં=ત્રેવીશમા ખાનાના અંતમાં, બે ખાનાંને મૂકીને તેની નીચે ચાર ખાનારૂપ ચોવીશમું ખાનું છે, તેમાં પણ જે બે અંતિમ ખાનાં છે, તેને મૂકીને તેની નીચે બે ખાનાંરૂપ પચ્ચીશમું ખાનું છે. તેની નીચે એક ખાનાંરૂપ છવીશમી પંક્તિ સ્થાપન કરવી. આ રીતે છવીશ પંક્તિરૂપ યંત્ર થાય છે=છવીશ ખાનાંરૂપ યંત્ર છે. ।।૩૦૧।।

ભાવાર્થ :-

કૃતકરણ આચાર્યને અપરાધને અનુરૂપ નીવિથી માંડીને મૂળ સુધીના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે તે યંત્રના પ્રથમ ખાનામાં છવીશમા સ્થાનરૂપ નીવિ છે અને પચ્ચીશ આદિ પંક્તિમાં બતાવેલ ક્રમ પ્રમાણે એ અપરાધની વૃદ્ધિથી છેલ્લે મૂળ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. જે પ્રથમ ખાનામાં બતાવેલ છે. આ છવ્વીશે પ્રાયશ્ચિત્તો તે તે અપરાધને આશ્રયીને શાસ્ત્રવચનાનુસાર બધાને માટે સમાન છે છતાં અકૃતકરણ, કૃતકરણ આદિના ભેદોથી તે પ્રાપ્ત થતું પ્રાયશ્ચિત્ત પણ કેટલું અલ્પ આપવામાં આવે તે ક્રમસર સ્થાપન કરેલાં બાર ખાનાંથી નક્કી થાય છે અને ગાથા-૩૦૦માં બતાવ્યું એ પ્રમાણે પ્રાયશ્ચિત્ત આપનાર ગીતાર્થ

સાધુ તે પ્રાયશ્ચિત્તનો નિર્ણય કર્યા પછી અસમર્થને કઈ રીતે અલ્પ અલ્પતર આપે છે, તેની સ્પષ્ટતા કરી તે પ્રાયશ્ચિત્ત અસમર્થને આશ્રયીને છે. આ યંત્ર ગાથા-૩૧૦ પછી આપેલ છે તેથી સાથે પ્રસ્તુત લખાણ જોડવું. **॥૩૦૧॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ=પૂર્વની ગાથામાં જે યંત્ર બતાવ્યું, તે યંત્રની રચના કર્યા પછી તે યંત્રના ખાનામાં કોને કયું પ્રાયશ્ચિત્ત થાય તેની સ્થાપનાને જ, કહે છે –**

**ગાથા :-**

**जा पणवीसइपंती, दुगिहा छव्वीसिआ अ एगगिहा ।**
**कयकरणायरिआई, ठप्पा पढमाइगेहेसु ।।३०२।।**

**અન્વયાર્થ :-**

जा पणवीसइपंती=યાવત્ પચ્ચીશ પંક્તિઓ, दुगिहा=બે ખાનાંવાળી છે. छव्वीसिआ अ=અને છવ્વીસમી પંક્તિ એક ઘરવાળી છે=એક ખાનાવાળી છે. कायकरणायरिआई=કૃતકરણ આચાર્યાદિ, पढमाइगेहेसु ठप्पा=પ્રથમાદિ ઘરોમાં અર્થાત્ ખાનાઓમાં સ્થાપન કરવા. ॥૩૦૨॥

**ગાથાર્થ :-**

**યાવત્ પચ્ચીશ પંક્તિઓ બે ઘરવાળી=બે ખાનાવાળી, છે અને છવ્વીશમી પંક્તિ એક ઘરવાળી છે=એક ખાનાંવાળી છે. કૃતકરણ આચાર્યાદિ પ્રથમાદિ ઘરોમાં અર્થાત્ ખાનાંઓમાં સ્થાપન કરવા. ।।૩૦૨।।**

**ટીકા :-**

'जा पणवीसइ' त्ति । तत्र प्रथमादिगृहेषु कृतकरणाचार्यादयः स्थाप्याः । प्रथमपङ्क्तेरुपरि प्रथमगृहे कृतकरण आचार्यः स्थापनीयः, द्वितीये सोऽकृतकरणः, तृतीये कृतकरण उपाध्यायः, चतुर्थे सोऽकृतकरणः, पञ्चमेऽधिगतस्थिरभिक्षुः कृतकरणः, षष्ठे स एवाकृतकरणः, सप्तमेऽधिगतास्थिरभिक्षुः कृतकरणः, अष्टमे स एवाकृतकरणः, नवमेऽनधिगतस्थिरभिक्षुः कृतकरणः, दशमे स एवाकृतकरणः, एकादशेऽनधिगतास्थिरभिक्षुः कृतकरणः, द्वादशेऽनधिगतास्थिराकृतकरणो भिक्षुरिति । एवं स्थापयित्वा कृतकरणस्याचार्यस्य मूलम्, तस्मिन्नेवापराधेऽकृतकरणस्य तस्य च्छेदः । उपाध्यायस्य मूलमापन्नस्य कृतकरणस्य छेदः, अकृतकरणस्य षण्मासगुरु । तत्रैवापराधे भिक्षोरधिगतस्य स्थिरस्य

कृतकरणस्य षण्मासगुरु, अकृतकरणस्य षण्मासलघु । अधिगतस्य भिक्षोरस्थिरस्य कृतकरणस्य षण्मासलघु, अकृतकरणस्य च चतुर्मासगुरु । अनधिगतस्य भिक्षोः स्थिरस्य कृतकरणस्य चतुर्मासगुरु, अकृतकरणस्य चतुर्मासलघु । अनधिगतस्य भिक्षोरस्थिरस्य कृतकरणस्य चतुर्मासलघु, तस्यैवाकृत-करणस्य मासगुरु । एवं प्रथमपङ्क्तौ मूलादारब्धं मासगुरुके निष्ठितम् ।।३०२।।

**ટીકાર્થ :-**

**तत्र प्रथमादिगृहेषु ..... निष्ठितम् ।। ત્યાં=યંત્રની રચનામાં, પ્રથમાદિ ખાનામાં કૃતકરણ આચાર્યાદિ સ્થાપન કરવા.**

કઈ રીતે સ્થાપન કરવા ? તે સ્પષ્ટ કરે છે –

**પ્રથમ પંક્તિના ઉપરમાં પ્રથમ ખાનામાં કૃતકરણ આચાર્ય સ્થાપન કરવા. બીજા ખાનામાં તે= આચાર્ય, અકૃતકરણ સ્થાપન કરવા. ત્રીજા ખાનામાં કૃતકરણ ઉપાધ્યાય સ્થાપન કરવા. ચોથા ખાનામાં તે-ઉપાધ્યાય, અકૃતકરણ સ્થાપન કરવા. પાંચમા ખાનામાં અધિગત સ્થિર ભિક્ષુ કૃતકરણ સ્થાપન કરવા. છટ્ઠા ખાનામાં તે જ=અધિગત સ્થિર ભિક્ષુ, અકૃતકરણવાળા સ્થાપન કરવા. સાતમા ખાનામાં અધિગત અસ્થિર ભિક્ષુ, અકૃતકરણવાળા સ્થાપન કરવા. આઠમા ખાનામાં તે જ= અધિગત અસ્થિર ભિક્ષુ જ, અકૃતકરણવાળા સ્થાપન કરવા. નવમા ખાનામાં અનધિગત સ્થિર ભિક્ષુ, કૃતકરણવાળા સ્થાપન કરવા. દશમા ખાનામાં તે જ=અધિગત સ્થિર ભિક્ષુ જ, અકૃતકરણવાળા સ્થાપન કરવા. અગિયારમામાં અનધિગત અસ્થિર ભિક્ષુ, કૃતકરણવાળા સ્થાપન કરવા. બારમામાં અનધિગત અસ્થિર ભિક્ષુ અકૃતકરણવાળા સ્થાપન કરવા. આ પ્રમાણે સ્થાપના કરીને કૃતકરણવાળા આચાર્યને મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. તે જ અપરાધમાં=મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેવા અપરાધમાં અકૃતકરણવાળા તેમને=આચાર્યને, છેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. મૂળ પ્રાયશ્ચિત્તને પામેલા કૃતકરણવાળા ઉપાધ્યાયને છેદ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. અકૃતકરણવાળા મૂળ પ્રાયશ્ચિત્તને પામેલા ઉપાધ્યાયને છમાસ ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. તે જ અપરાધમાં અધિગત સ્થિર કૃતકરણવાળા ભિક્ષુને છમાસ ગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. અકૃતકરણવાળા સ્થિર અધિગત ભિક્ષુને છમાસ લઘુપ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. અધિગત અસ્થિર કૃતકરણવાળા ભિક્ષુને છમાસલઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને અધિગત અસ્થિર અકૃતકરણવાળા ભિક્ષુને ચારમાસગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને અનધિગત સ્થિર કૃતકરણવાળા ભિક્ષુને ચતુર્માસગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને અનધિગત સ્થિર અકૃતકરણવાળા ભિક્ષુને ચતુર્માસલઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અને અનધિગત અસ્થિર કૃતકરણવાળા ભિક્ષુને ચતુર્માસલઘુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. તેને જ=અનધિગત અસ્થિર અકૃતકરણવાળા ભિક્ષુને માસગુરુ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય. આ પ્રમાણે પ્રથમ પંક્તિમાં મૂળથી માંડીને માસગુરુમાં પ્રાયશ્ચિત્ત નિષ્ઠિત છે. ॥૩૦૨॥**

**ભાવાર્થ :-**

આચાર્યને જે મૂળ પ્રાયશ્ચિત્ત આવે છે, તેવો જ સમાન અપરાધ અન્ય સાધુએ કરેલ હોય, ત્યારે કૃતકરણાદિના ભેદથી અલ્પ અલ્પ પ્રાયશ્ચિત્ત થાય છે. તેનું કારણ જે સાધુ શાસ્ત્ર ભણીને ગીતાર્થ થયા છે, સંપન્ન થયા છે, તેઓને તેવો મોટો અપરાધ થવાની સંભાવના નથી. છતાં કષાયોના પ્રાબલ્યથી તેવો અપરાધ થાય ત્યારે તેઓને મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. જ્યારે ઉપાધ્યાય આદિ કે અકૃતકરણવાળા આદિ સાધુઓ તેવો જ સમાન અપરાધ કરે ત્યારે તેઓમાં આચાર્યના જેવો ક્લિષ્ટભાવ થવાની સંભાવના પ્રાયઃ નથી; કેમ કે આચાર્યની જેમ સુઅભ્યસ્ત યોગમાર્ગવાળા નથી. તેથી તેવી સમાન સ્ખલનામાં પણ તેમને આચાર્ય જેવો ક્લિષ્ટ અધ્યવસાય નહિ હોવાથી અલ્પ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ છે. આથી જ યંત્રમાં ૧૨ ખાનાંની સ્થાપના કરીને મૂળ પ્રાયશ્ચિત્તના સ્થાને જ ક્રમસર અલ્પ અલ્પતર પ્રાયશ્ચિત્ત કરીને અંતિમ ખાનામાં રહેલા પરિણામવાળા સાધુને મૂળના સ્થાને માસગુરુનું પ્રાયશ્ચિત્ત બતાવેલ છે. **॥૩૦૨॥**

**અવતરણિકા :-**

एतदेवाह –

**અવતરણિકાર્થ :-**

**આને જ કહે છે=વ્યવહારનું જે યંત્ર બતાવેલું, તેને જ સ્પષ્ટ કરતાં કહે છે –**

**ગાથા :-**

**मूलाओ मासगुरुए, छेयाओ मासलहुअठाणम्मि ।**
**छग्गुरुआओ भिन्ने, गुरुम्मि लहुअम्मि छल्लहुआ ।।३०३।।**

**અન્વયાર્થ :-**

**मूलाओ मासगुरुए=મૂલથી માંડીને માસગુરુમાં, छेयाओ मासलहुअठाणम्मि=છેદથી માસલઘુસ્થાનમાં, छग्गुरुआओ भिन्ने, गुरुम्मि=છ ગુરુથી માંડીને ભિન્ન માસગુરુમાં, छल्लहुआ लहुअम्मि=છ લઘુમાસથી આરંભી ભિન્ન લઘુમાસમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૩॥**

**ગાથાર્થ :-**

**પહેલી પંક્તિમાં મૂલથી માંડીને માસગુરુમાં નિષ્ઠા પામે છે. બીજી પંક્તિમાં છેદથી માંડીને માસલઘુ સ્થાનમાં નિષ્ઠા પામે છે. ત્રીજી પંક્તિમાં છ ગુરુથી માંડીને ભિન્ન માસમાં નિષ્ઠા પામે છે. ચોથી પંક્તિમાં છ લઘુથી માંડીને લઘુમાં=ભિન્ન લઘુમાસમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૩॥**

**ટીકા :-**

'मूलाओ मासगुरुए'त्ति । द्वितीयस्यां पङ्क्तौ छेदादारभ्य मासलघुके निस्तिष्ठति-प्रथमे गृहे छेदः, द्वितीये षड्गुरु, तृतीयेऽपि षड्गुरु, चतुर्थे षड्लघु, पञ्चमे षड्लघु, षष्ठे चतुर्गुरु, सप्त-

मेऽपि चतुर्गुरु, अष्टमे चतुर्लघु, नवमेऽपि चतुर्लघु, दशमे मासगुरु, एकादशेऽपि मासगुरु, द्वादशे मासलघ्विति । तृतीयस्यां पङ्क्तौ षड्गुरुकादारभ्य 'भिन्ने' भिन्नमासे गुरौ निष्ठां याति-प्रथमे षड्गुरु, द्वितीयतृतीययोः षड्लघु, चतुर्थपञ्चमयोश्चतुर्मासगुरु, षष्ठसप्तमयोश्चतुर्मासलघु, अष्टमनवमयोर्मासगुरु, दशमैकादशयोर्मासलघु, द्वादशे च भिन्नमासो गुरुरिति । चतुर्थपङ्क्तौ षड्लघुकादारभ्य 'लघुके' भिन्नलघुमासे निष्ठां याति-प्रथमगृहे षड्लघु, द्वितीयतृतीययोश्चतुर्गुरु, चतुर्थपञ्चमयोश्चतुर्लघु, षष्ठसप्तमयोर्मासगुरु, अष्टमनवमयोर्मासलघु, दशमैकादशयोर्भिन्नगुरुमासः, द्वादशे च भिन्नलघुमास इति ।।३०३।।

**ટીકાર્થ :-**

द्वितीयस्यां ..... भिन्नलघुमास इति ।। બીજી પંક્તિમાં છેદથી માંડીને માસલઘુમાં નિષ્ઠા પામે છે.

કેવી રીતે નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

પહેલા ખાનામાં છેદ, બીજા ખાનામાં છ ગુરુમાસ, ત્રીજા ખાનામાં છ ગુરુમાસ, ચોથા ખાનામાં છ લઘુમાસ, પાંચમામાં છ લઘુમાસ, છટ્ઠા ખાનામાં ચાર ગુરુમાસ, સાતમા ખાનામાં પણ ચાર ગુરુમાસ, આઠમા ખાનામાં ચાર લઘુમાસ, નવમા ખાનામાં પણ ચાર લઘુમાસ, દશમા ખાનામાં માસગુરુ, અગિયારમા ખાનામાં પણ માસગુરુ, બારમા ખાનામાં માસલઘુ સ્થાપવું.

ત્રીજી પંક્તિમાં ષડ્ગુરુથી માંડીને ભિન્ન માસગુરુમાં નિષ્ઠા પામે છે=ગુરુ પચ્ચીસમાં નિષ્ઠા પામે છે.

કઈ રીતે નિષ્ઠા પામે છે ? તે સ્પષ્ટ કરે છે.

પ્રથમ ખાનામાં છ ગુરુ, બીજા, ત્રીજા ખાનામાં છ લઘુમાસ, ચોથા-પાંચમા ખાનામાં ચાર માસગુરુ, છટ્ઠા-સાતમા ખાનામાં ચાર માસલઘુ, આઠમા-નવમા ખાનામાં માસગુરુ, દશમા-અગિયારમા ખાનામાં માસલઘુ અને બારમા ખાનામાં ભિન્ન માસગુરુ પ્રાયશ્ચિત્ત છે. ચોથી પંક્તિમાં છ લઘુથી માંડીને લઘુકમાં=ભિન્ન લઘુમાસમાં નિષ્ઠાને પામે છે.

ચોથી પંક્તિમાં કઈ રીતે ભિન્ન લઘુમાસમાં નિષ્ઠા પામે છે ? તે સ્પષ્ટ કરે છે.

પ્રથમ ખાનામાં છ લઘુમાસ, બીજા-ત્રીજા ખાનામાં ચતુર્ગુરુ, ચોથા-પાંચમા ખાનામાં ચતુર્લઘુ, છટ્ઠા-સાતમા ખાનામાં માસગુરુ, આઠમા-નવમા ખાનામાં માસલઘુ, દશમા-અગિયારમા ખાનામાં ભિન્ન ગુરુમાસ, બારમા ખાનામાં ભિન્ન લઘુમાસ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. ॥૩૦૩॥

**ગાથા :-**

**चउगुरुआ चउलहुआ, वीसइराइंदियम्मि गुरुलहुए ।**
**मासगुरुमासलहुआ, गुरुम्मि लहुअम्मि पन्नरसे ।।३०४।।**

**અન્વયાર્થ :-**

चउगुरुआ चउलहुआ=ચાર ગુરુ અને ચાર લઘુથી માંડીને, गुरुलहुए वीसराइंदियम्मि=ગુરુ વીશ રાત્રિ-દિવસ અને લઘુ વીશ રાત્રિ-દિવસમાં, मासगुरुमासलहुआ=માસગુરુ અને માસલઘુથી આરંભી, गुरुम्मि लहुअम्मि पन्नरसे=ગુરુ પંદરમાં અને લઘુ પંદરમાં નિષ્ઠા પામે છે. ll૩૦૪ll

**ગાથાર્થ :-**

**પાંચમી પંક્તિમાં ચતુર્ગુરુથી માંડીને ગુરુ એવા વીશ રાત્રિ-દિવસમાં નિષ્ઠા પામે છે. છટ્ઠી પંક્તિમાં ચતુર્લઘુથી માંડીને લઘુ એવા વીશ રાત્રિ-દિવસમાં નિષ્ઠા પામે છે. સાતમી પંક્તિમાં માસગુરુથી માંડીને ગુરુ પંદરમાં નિષ્ઠા પામે છે. આઠમી પંક્તિમાં માસલઘુથી માંડીને લઘુ પંદરમાં નિષ્ઠા પામે છે. ll૩૦૪ll**

**ટીકા :-**

'चउगुरुआ' त्ति । पञ्चमपङ्क्तौ चतुर्गुरुकादारभ्य गुरुके विंशतिरात्रिन्दिवे निष्ठां याति-प्रथमे गृहे चतुर्मासगुरु, द्वितीयतृतीययोश्चतुर्लघु, चतुर्थपञ्चमयोर्मासगुरु, षष्ठसप्तमयोर्मासलघु, अष्टम-नवमयोर्भिन्नगुरुमासः, दशमैकादशयोर्भिन्नलघुमासः, द्वादशे च गुरुविंशतिरात्रिन्दिवमिति । षष्ठपङ्क्तौ चतुर्लघुकादारभ्य लघुविंशतिरात्रिन्दिवे निष्ठां याति-प्रथमगृहे चतुर्लघु, द्वितीयतृतीययोर्मासगुरु, चतुर्थपञ्चमयोर्मासलघु, षष्ठसप्तमयोर्गुरुपञ्चविंशतिकम्, अष्टमनवमयोर्लघुपञ्चविंशतिकम्, दशमैकादशयोर्गुरुविंशतिकम्, द्वादशे लघुविंशतिरात्रिन्दिवमिति । सप्तमपङ्क्तौ मासगुरुकादारभ्य गुरुपञ्चदशके निष्ठां याति-प्रथमगृहे मासगुरु, द्वितीयतृतीययोर्मासलघु, चतुर्थपञ्चमयोर्गुरुपञ्च-विंशतिकम्, षष्ठसप्तमयोर्लघुपञ्चविंशतिकम्, अष्टमनवमयोर्गुरुविंशतिकम्, दशमैकादशयोर्लघु-विंशतिकम्, द्वादशे च गुरुपञ्चदशकमिति । अष्टमपङ्क्तौ मासलघुकादारभ्य लघुपञ्चदशके निष्ठां याति-प्रथमगृहे मासलघु, द्वितीयतृतीययोर्गुरुपञ्चविंशतिकम्, चतुर्थपञ्चमयोर्लघुपञ्चविंशतिकम्, षष्ठसप्तमयोर्गुरुविंशतिकम्, अष्टमनवमयोर्लघुविंशतिकम्, दशमैकादशयोर्गुरुपञ्चदशकम्, द्वादशे च लघुपञ्चदशकमिति ।।३०४।।

**ટીકાર્થ :-**

पञ्चमपङ्क्तौ ..... लघुपञ्चदशकमिति ।। **પાંચમી પંક્તિમાં ચતુર્ગુરુથી માંડીને ગુરુક એવા વીશ રાત્રિ-દિવસમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે ગુરુક એવા વીશ રાત્રિ-દિવસમાં નિષ્ઠા પામે છે ? તે સ્પષ્ટ કરે છે.

**પ્રથમ ખાનામાં ચાર માસગુરુ છે. બીજા-ત્રીજા ખાનામાં ચાર લઘુ, ચોથા-પાંચમા ખાનામાં માસગુરુ, છટ્ઠા-સાતમા ખાનામાં માસલઘુ, આઠમા-નવમા ખાનામાં ભિન્ન ગુરુમાસ, દશમા-અગિયારમા**

ખાનામાં ભિન્ન લઘુમાસ, બારમા ખાનામાં ગુરુ વીશ રાત્રિ-દિવસ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય.

**છટ્ઠી પંક્તિમાં ચાર લઘુથી માંડીને લઘુ વીશ રાત્રિ-દિવસમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નિષ્ઠા પામે છે, તે બતાવે છે.

**પ્રથમ ખાનામાં ચાર લઘુમાસ, બીજા-ત્રીજા ખાનામાં માસ ગુરુ, ચોથા-પાંચમા ખાનામાં માસ લઘુ, છટ્ઠા-સાતમામાં ગુરુ પચ્ચીસ, આઠમા-નવમા ખાનામાં લઘુ પચ્ચીસ છે. દશમા-અગિયારમા ખાનામાં ગુરુ વીશ છે. બારમા ખાનામાં લઘુ વીશ રાત્રિ-દિવસ છે. સાતમી પંક્તિમાં માસગુરુથી માંડીને ગુરુ પંદરમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નિષ્ઠા પામે છે ? તે બતાવે છે.

**પહેલા ખાનામાં માસગુરુ, બીજા-ત્રીજા ખાનામાં માસલઘુ, ચોથા-પાંચમા ખાનામાં ગુરુ પચ્ચીશ, છટ્ઠા-સાતમા ખાનામાં લઘુ પચ્ચીશ, આઠમા-નવમા ખાનામાં ગુરુ વીશ, દશમા-અગિયારમા ખાનામાં લઘુ વીશ અને બારમા ખાનામાં ગુરુ પંદર છે.**

**આઠમી પંક્તિમાં માસલઘુથી માંડીને લઘુ પંદરમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે લઘુ પંદરમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં માસલઘુ, બીજા-ત્રીજા ખાનામાં ગુરુ પચ્ચીશ, ચોથા-પાંચમા ખાનામાં લઘુ પચ્ચીશ, છટ્ઠા-સાતમા ખાનામાં ગુરુ વીશ, આઠમા-નવમા ખાનામાં લઘુ વીશ, દશમા-અગિયારમા ખાનામાં ગુરુ પંદર અને બારમા ખાનામાં લઘુ પંદર છે. ॥૩૦૪॥**

**ગાથા :-**

**गुरुलहुपणवीसइआ, गुरुलहुदसयम्मि ९-१० वीसदिण गुरुआ ।**
**गुरुपंचयम्मि ११ लहुपंचयम्मि लहुवीसराइदिणा १२ ।।३०५।।**

**અન્વયાર્થ :-**

**गुरुलहुपणवीसइआ गुरुलहुदसयम्मि=ગુરુ-લઘુ પચ્ચીશથી આરંભી ગુરુલઘુ દશમાં નિષ્ઠા પામે છે. वीसदिणा गुरुआ गुरुपंचयम्मि=ગુરુ વીશ રાત્રિ-દિવસથી ગુરુ પાંચમાં, लहुवीसराइदिणा लहुपंचयम्मि=લઘુ વીશ રાત્રિ-દિવસથી લઘુ પાંચમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૫॥**

**ગાથાર્થ :-**

**ગુરુ-લઘુ પચ્ચીસથી ગુરુ-લઘુ દશકમાં=૯મી પંક્તિમાં ગુરુપચ્ચીશથી ગુરુદશકમાં અને ૧૦મી પંક્તિમાં લઘુ પચ્ચીશથી લઘુદશકમાં નિષ્ઠા પામે છે. ગુરુ વીશ દિવસ-રાત્રિથી ગુરુ પાંચમાં=૧૧ પંક્તિમાં ગુરુ વીશ રાત્રિ-દિવસથી ગુરુ પાંચમાં નિષ્ઠા પામે છે અને લઘુ વીશ રાત્રિ-દિવસથી લઘુ પાંચમાં=૧૨મી પંક્તિમાં લઘુ વીશ રાત્રિ-દિવસથી લઘુ પાંચમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૫॥**

**ટીકા :-**

'गुरुलहु'त्ति । नवमपङ्क्तौ गुरुपञ्चविंशतिकादारभ्य गुरुदशके निष्ठां याति-प्रथमगृहे गुरुपञ्चविंशतिकम्, द्वितीयतृतीययोर्लघुपञ्चविंशतिकम्, चतुर्थपञ्चमयोर्गुरुविंशतिकम्, षष्ठसप्तमयोर्लघुविंशतिकम्, अष्टमनवमयोर्गुरुपञ्चदशकम्, दशमैकादशयोर्लघुपञ्चदशकम्, द्वादशे च गुरुदशकमिति । दशमपङ्क्तौ लघुपञ्चविंशतिकादारभ्य लघुदशके निष्ठां याति-प्रथमगृहे लघुपञ्चविंशतिकम्, द्वितीयतृतीययोर्गुरुविंशतिकम्, चतुर्थपञ्चमयोर्लघुविंशतिकम्, षष्ठसप्तमयोर्गुरुपञ्चदशकम्, अष्टमनवमयोर्लघुपञ्चदशकम्, दशमैकादशयोर्गुरुदशकम्, द्वादशे च लघुदशकमिति । एकादशपङ्क्तौ गुरुविंशतिरात्रिन्दिवादारभ्य गुरुपञ्चके निष्ठां याति-प्रथमगृहे गुरुविंशतिरात्रिन्दिवम्, द्वितीयतृतीययोर्लघुविंशतिकम्, चतुर्थपञ्चमयोर्गुरुपञ्चदशकम्, षष्ठसप्तमयोर्लघुपञ्चदशकम्, अष्टमनवमयोर्गुरुदशकम्, दशमैकादशयोर्लघुदशकम्, द्वादशे च गुरुपञ्चमिति । द्वादशपङ्क्तौ च लघुविंशतिरात्रिन्दिनाल्लघुपञ्चके निष्ठां याति-प्रथमगृहे लघुविंशतिकम्, द्वितीयतृतीययोर्गुरुपञ्चदशकम्, चतुर्थपञ्चमयोर्लघुपञ्चदशकम्, षष्ठसप्तमयोर्गुरुदशकम्, अष्टमनवमयोर्लघुदशकम्, दशमैकादशयोर्गुरुपञ्चकम्, लघुपञ्चकं च द्वादश इति ।।३०५।।

**ટીકાર્થ :-**

नवमपङ्क्तौ ..... द्वादश इति ।। **નવમી પંક્તિમાં ગુરુ પચ્ચીશથી માંડીને ગુરુ દશમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે ગુરુ દશમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં ગુરુ પચ્ચીશ, બીજા-ત્રીજા ખાનામાં લઘુ પચ્ચીશ, ચોથા-પાંચમા ખાનામાં ગુરુ વીશ, છટ્ઠા-સાતમા ખાનામાં લઘુ વીશ, આઠમા-નવમા ખાનામાં ગુરુ પંદર, દશમા-અગિયારમા ખાનામાં લઘુ પંદર અને બારમા ખાનામાં ગુરુ દશ છે.**

**દશમી પંક્તિમાં લઘુ પચ્ચીશથી માંડીને લઘુ દશમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે લઘુ દશમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં લઘુ પચ્ચીશ, બીજા-ત્રીજા ખાનામાં ગુરુ વીશ, ચોથા-પાંચમા ખાનામાં લઘુ વીશ, છટ્ઠા-સાતમા ખાનામાં ગુરુ પંદર, આઠમા-નવમા ખાનામાં લઘુ પંદર, દશમા-અગિયારમા ખાનામાં ગુરુ દશ અને બારમા ખાનામાં લઘુ દશ છે.**

**અગિયારમી પંક્તિમાં ગુરુ વીશ રાત્રિ-દિવસથી આરંભીને ગુરુ પાંચમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે ગુરુ પાંચમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે.

**પ્રથમ ખાનામાં ગુરુ વીશ રાત્રિ-દિવસ, બીજા-ત્રીજા ખાનામાં લઘુ વીશ, ચોથા-પાંચમા ખાનામાં ગુરુ પંદર, છટ્ઠા-સાતમા ખાનામાં લઘુ દશ, આઠમા-નવમા ખાનામાં ગુરુ દશ, દશમા-અગિયારમા**

ખાનામાં લઘુ દશ અને બારમા ખાનામાં ગુરુ પાંચ છે.

બારમી પંક્તિમાં લઘુ વીશ રાત્રિ-દિવસથી આરંભીને લઘુ પાંચમાં નિષ્ઠા પામે છે.

કઈ રીતે લઘુ પાંચમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

પ્રથમ ખાનામાં લઘુ વીશ, બીજા-ત્રીજા ખાનામાં ગુરુ પંદર, ચોથા-પાંચમા ખાનામાં લઘુ પંદર, છટ્ઠા-સાતમા ખાનામાં ગુરુ દશ. આઠમા-નવમા ખાનામાં લઘુ દશ. દશમા-અગિયારમા ખાનામાં ગુરુ પાંચ અને બારમા ખાનામાં લઘુ પાંચ છે. ॥૩૦૫॥

**ગાથા :-**

**गुरुलहुपण्णरसाओ, दसमे तह अट्ठमम्मि य तवम्मि १३-१४।**
**गुरुलहुदसयाओ पुण, छट्ठम्मि तहा चउत्थे य १५-१६ ॥३०६॥**

**અન્વયાર્થ :-**

गुरुलहुपण्णरसाओ दसमे तह अट्ठम्मि य तवम्मि=ગુરુલઘુ પંદરથી દશમ તથા અટ્ઠમ તપમાં, पुण गुरुलहुदसयाओ छट्ठम्मि तहा चउत्थे य=વળી, ગુરુલઘુ દશથી છટ્ઠ તથા ચોથભક્તમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૬॥

**ગાથાર્થ :-**

ગુરુ લઘુ પંદરથી દશમ અને અટ્ઠમ તપમાં=તેરમી પંક્તિમાં ગુરુ પંદરથી આરંભી દશમ તપમાં અને ચૌદમી પંક્તિમાં લઘુ પંદરથી આરંભી અટ્ઠમ તપમાં નિષ્ઠા પામે છે અને વળી ગુરુ લઘુ દશકથી છટ્ઠ તથા ચોથ ભક્તમાં=પંદરમી પંક્તિમાં ગુરુદશકથી છટ્ઠમાં અને સોળમી પંક્તિમાં લઘુદશકથી લઈને ચોથભક્ત રૂપ તપમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૬॥

**ટીકા :-**

'गुरुलहुपण्णरसाओ'त्ति । त्रयोदशपङ्क्तौ गुरुपञ्चदशकादारभ्य दशमे तिष्ठति-प्रथमगृहे गुरुपञ्चदशकम्, द्वितीयतृतीययोर्लघुपञ्चदशकम्, चतुर्थपञ्चमयोर्गुरुदशकम्, षष्ठसप्तमयोर्लघुदशकम्, अष्टमनवमयोर्गुरुपञ्चकम्, दशमैकादशयोर्लघुपञ्चकम्, द्वादशे च दशममिति । चतुर्दशपङ्क्तौ लघुपञ्चदशकादारभ्याष्टमतपसि तिष्ठति-प्रथमगृहे लघुपञ्चदशकम्, द्वितीयतृतीययोर्गुरुदशकम्, चतुर्थपञ्चमयोर्लघुदशकम्, षष्ठसप्तमयोर्गुरुपञ्चकम्, अष्टमनवमयोर्लघुपञ्चकम्, दशमैकादशयोर्दशमम्, द्वादशे चाष्टममिति । पञ्चदशपङ्क्तौ गुरुदशकादारभ्य षष्ठे निष्ठां याति-प्रथमगृहे गुरुदशकम्, द्वितीयतृतीययोर्लघुदशकम्, चतुर्थपञ्चमयोर्गुरुपञ्चकम्, षष्ठसप्तमयोर्लघुपञ्चकम्, अष्टमनवमयोर्दशमम्, दशमैकादशयोरष्टमम्, द्वादशे च षष्ठमिति । षोडशपङ्क्तौ लघुदशकादारभ्य चतुर्थे निष्ठां याति-प्रथमगृहे लघुदशकम्,

द्वितीयतृतीययोर्गुरुपञ्चकम्, चतुर्थपञ्चमयोर्लघुपञ्चकम्, षष्ठसप्तमयोर्दशमम्, अष्टमनवमयोरष्टमम्, दशमैकादशयोः षष्ठम्, द्वादशे च चतुर्थमिति ।।३०६।।

**ટીકાર્થ :-**

**त्रयोदश ..... चतुर्थमिति ।। તેરમી પંક્તિમાં ગુરુ પંદરથી આરંભીને દશમાં રહે છે.**

કેવી રીતે ગુરુ દશમાં રહે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં ગુરુ પંદર, બીજા-ત્રીજા ખાનામાં લઘુ પંદર, ચોથા-પાંચમા ખાનામાં ગુરુ દશ, છટ્ઠા-સાતમા ખાનામાં લઘુ દશ, આઠમા-નવમા ખાનામાં ગુરુ પાંચ, દશમા-અગિયારમા ખાનામાં લઘુ પાંચ અને બારમા ખાનામાં દશમ=ચાર ઉપવાસ છે.**

**ચૌદમી પંક્તિમાં લઘુ પંદરથી આરંભીને અટ્ઠમ તપમાં રહે છે.**

કઈ રીતે અટ્ઠમ તપમાં રહે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં લઘુ પંદર, બીજા-ત્રીજા ખાનામાં ગુરુ દશ, ચોથા-પાંચમા ખાનામાં લઘુ દશ, છટ્ઠા-સાતમા ખાનામાં ગુરુ પાંચ, આઠમા-નવમા ખાનામાં લઘુ પાંચ, દશમા-અગિયારમા ખાનામાં દશમ અને બારમા ખાનામાં અટ્ઠમ છે.**

**પંદરમી પંક્તિમાં ગુરુ દશથી આરંભીને છટ્ઠમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે છટ્ઠમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં ગુરુ દશ, બીજા-ત્રીજા ખાનામાં લઘુ દશ, ચોથા-પાંચમા ખાનામાં ગુરુ પાંચ, છટ્ઠા-સાતમા ખાનામાં લઘુ પાંચ, આઠમા-નવમા ખાનામાં દશમ. દશમા-અગિયારમા ખાનામાં અટ્ઠમ અને બારમા ખાનામાં છટ્ઠ છે.**

**સોળમી પંક્તિમાં લઘુ દશથી માંડીને ચતુર્થમાં=ચોથભક્તમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે ચતુર્થ=ચોથભક્તમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં લઘુ દશ, બીજા-ત્રીજા ખાનામાં ગુરુ પાંચ, ચોથા-પાંચમા ખાનામાં લઘુ પાંચ, છટ્ઠા-સાતમા ખાનામાં દશમ, આઠમા-નવમા ખાનામાં અટ્ઠમ, દશમા-અગિયારમા ખાનામાં છટ્ઠ અને બારમા ખાનામાં ચતુર્થ-ચોથભક્ત છે. ॥૩૦૬॥**

**ગાથા :-**

**गुरुलहुपणगा आयंबिलम्मि एक्कासणे १७-१८ य णिट्ठाइ ।**
**दसमाओ अट्ठमाओ, पुरिमड्ढे णिव्विगइअम्मि १९-२० ।।३०७।।**

**અન્વયાર્થ :-**

गुरुलहुपणगा आयंबिलम्मि एकासणे य णिट्ठाइ=ગુરુલઘુ પાંચથી આયંબિલ અને એકાસનમાં નિષ્ઠા પામે છે. दसमाओ अट्ठमाओ पुरिमड्ढे णिव्विगइअम्मि=દશમથી પુરિમાર્ધમાં અને અટ્ઠમથી નીવિમાં નિષ્ઠા પામે છે. ।।૩૦૭।।

**ગાથાર્થ :-**

**ગુરુલઘુ પાંચથી માંડીને આયંબિલ અને એકાસણામાં નિષ્ઠા પામે છે=સત્તરમી પંક્તિમાં ગુરુ પાંચથી આરંભી આયંબિલમાં અને અઢારમી પંક્તિમાં લઘુ પાંચથી આરંભી એકાસણામાં નિષ્ઠા પામે છે. દશમથી પુરિમાર્ધમાં અને અટ્ઠમથી નીવિમાં નિષ્ઠા પામે છે=ઓગણીસમી પંક્તિમાં દશમથી લઈને પુરિમાર્ધમાં અને વીસમી પંક્તિમાં અટ્ઠમથી આરંભી નીવિમાં નિષ્ઠા પામે છે. ।।૩૦૭।।**

**ટીકા :-**

'गुरुलहुपणगा आयंबिलम्मि'त्ति । सप्तदशपङ्क्तौ गुरुपञ्चकादारभ्याचाम्ले निष्ठां याति-प्रथमगृहे गुरुपञ्चकम्, द्वितीयतृतीययोर्लघुपञ्चकम्, चतुर्थपञ्चमयोर्दशमम्, षष्ठसप्तमयोरष्टमम्, अष्टमनवमयोः षष्ठम्, दशमैकादशयोश्चतुर्थम्, द्वादशे चाचाम्लमिति । अष्टादशपङ्क्तौ लघुपञ्चकादारभ्यैकाशने तिष्ठति-प्रथमगृहे लघुपञ्चकम्, द्वितीयतृतीययोर्दशमम्, चतुर्थपञ्चमयोरष्टमम्, षष्ठसप्तमयोः षष्ठम्, अष्टमनवमयोश्चतुर्थम्, दशमैकादशयोराचाम्लम्, द्वादशे चैकाशनमिति । एकोनविंशतितमायां पङ्क्तौ दशमादारभ्य पुरिमार्द्धे निष्ठां याति-प्रथमगृहे दशमम्, द्वितीयतृतीययोरष्टमम्, चतुर्थपञ्चमयोः षष्ठम्, षष्ठसप्तमयोश्चतुर्थम्, अष्टमनवमयोराचाम्लम्, दशमैकादशयोरेकाशनम्, द्वादशे च पूर्वार्द्धमिति । विंशतितमायां पङ्क्तावष्टमादारभ्य निर्विकृतिके तिष्ठति-प्रथमगृहेऽष्टमम्, द्वितीयतृतीययोः षष्ठम्, चतुर्थपञ्चमयोश्चतुर्थम्, षष्ठसप्तमयोराचाम्लम्, अष्टमनवमयोरेकाशनम्, दशमैकादशयोः पुरिमार्द्धम्, द्वादशे निर्विकृतिकमिति ।।३०७।।

**ટીકાર્થ :-**

सप्तदशपङ्क्तौ ..... निर्विकृतिकमिति ।। **સત્તરમી પંક્તિમાં ગુરુ પાંચથી આરંભીને આચામ્લ=આયંબિલમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે આયંબિલમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં ગુરુ પાંચ, બીજા-ત્રીજા ખાનામાં લઘુ પાંચ, ચોથા-પાંચમા ખાનામાં દશમ, છટ્ઠા-સાતમા ખાનામાં અટ્ઠમ, આઠમા-નવમા ખાનામાં છટ્ઠ, દશમા-અગિયારમા ખાનામાં ચોથભક્ત અને બારમા ખાનામાં આયંબિલ છે.**

અગિયારમા ખાનામાં લઘુ પાંચથી આરંભીને એકાશનમાં રહે છે.

કઈ રીતે એકાશનમાં રહે છે ? તે બતાવે છે –

પ્રથમ ખાનામાં લઘુ પાંચ, બીજા-ત્રીજા ખાનામાં દશમ, ચોથા-પાંચમા ખાનામાં અટ્ઠમ, છટ્ઠા-સાતમા ખાનામાં છટ્ઠ, આઠમા-નવમા ખાનામાં ચતુર્થ, દશમા-અગિયારમા ખાનામાં આયંબિલ અને બારમા ખાનામાં એકાશન છે.

ઓગણીશમી પંક્તિમાં દશમથી આરંભીને પુરિમુડ્ઢમાં નિષ્ઠા પામે છે.

કઈ રીતે પુરિમુડ્ઢમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

પ્રથમ ખાનામાં દશમ, બીજા-ત્રીજા ખાનામાં અટ્ઠમ, ચોથા-પાંચમા ખાનામાં છટ્ઠ, છટ્ઠા-સાતમા ખાનામાં ચતુર્થ, આઠમા-નવમા ખાનામાં આયંબિલ, દશમા-અગિયારમા ખાનામાં એકાશન અને બારમા ખાનામાં પુરિમુડ્ઢ છે.

વીશમી પંક્તિમાં અટ્ઠમથી આરંભીને નીવિમાં રહે છે.

કઈ રીતે નીવિમાં રહે છે ? તે બતાવે છે –

પ્રથમ ખાનામાં અટ્ઠમ, બીજા-ત્રીજા ખાનામાં છટ્ઠ, ચોથા-પાંચમા ખાનામાં ચતુર્થ, છટ્ઠા-સાતમા ખાનામાં આયંબિલ, આઠમા-નવમા ખાનામાં એકાશન, દશમા-અગિયારમા ખાનામાં પુરિમુડ્ઢ અને બારમા ખાનામાં નીવિ છે. ॥૩૦૭॥

**ગાથા :-**

**छट्ठाओ णिव्विगइए २१, णिव्विइयम्मि य तहा चउत्थाओ २२ ।**
**आयंबिलाओ एक्कासणाओ तह णिव्विगइअम्मि २३-२४ ॥३०८॥**

**અન્વયાર્થ :-**

छट्ठाओ णिव्विगइए=છઠથી નીવિમાં, तहा चउत्थाओ णिव्विगइयम्मि=ચોથભક્તથી નીવિમાં, आयंबिलाओ णिव्विगइअम्मि=આયંબિલથી નીવિમાં, तह एक्कासणाओ णिव्विगइअम्मि=એકાશનથી નીવિમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૮॥

**ગાથાર્થ :-**

છટ્ઠથી નીવિમાં=એકવીશમી પંક્તિમાં છટ્ઠથી નીવિમાં અને નીવિથી ચોથભક્તમાં-બાવીશમી પંક્તિમાં નીવિથી આરંભી ચોથભક્તમાં અને આયંબિલથી નીવિમાં અને એકાસણથી નીવિમાં=ત્રેવીશમી પંક્તિમાં આયંબિલથી નીવિમાં અને ચોવીશમી પંક્તિમાં એકાસણાથી નીવિમાં નિષ્ઠા પામે છે. ॥૩૦૮॥

**ટીકા :-**

**'छट्ठाओ'त्ति । एकविंशतितमायां पङ्क्तौ षष्ठादारभ्य निर्विकृतिके निष्ठां याति-प्रथमगृहे षष्ठम्, द्वितीयतृतीययोश्चतुर्थम्, चतुर्थपञ्चमयोराचाम्लम्, षष्ठसप्तमयोरेकाशनम्, अष्टमनवमयोः पूर्वार्द्धम्, दशमे निर्विकृतिकमिति । द्वाविंशतितमायां च पङ्क्तौ चतुर्थादारभ्य निर्विकृतिके तिष्ठति-प्रथमगृहे चतुर्थम्, द्वितीयतृतीययोराचाम्लम्, चतुर्थपञ्चमयोरेकाशनम्, षष्ठसप्तमयोः पूर्वार्द्धम्, अष्टमे निर्विकृतिकमिति । त्रयोविंशतितमायां पङ्क्तौ आचाम्लदारभ्य निर्विकृतिके निष्ठां याति-प्रथमगृहके आचाम्लम्, द्वितीयतृतीययोरेकाशनम्, चतुर्थपञ्चमयोः पूर्वार्द्धम्, षष्ठे निर्विकृतिकमिति । चतुर्विंशतितमायां पङ्क्तौ एकाशनादारभ्य निर्विकृतिके तिष्ठति-प्रथमे गृहे एकाशनम्, द्वितीयतृतीययोः पूर्वार्द्धम्, चतुर्थे निर्विकृतिकमिति ।।३०८।।**

**ટીકાર્થ :-**

**एकविंशतितमायां ..... निर्विकृतिकमिति ।। એકવીશમી પંક્તિમાં છટ્ઠથી આરંભીને નીવિમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નીવિમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં છટ્ઠ, બીજા-ત્રીજા ખાનામાં ચતુર્થ, ચોથા-પાંચમા ખાનામાં આયંબિલ, છઠ્ઠા-સાતમા ખાનામાં એકાશન, આઠમા-નવમા ખાનામાં પુરિમાર્ધ, દશમા ખાનામાં નીવિ છે.**

**બાવીશમી પંક્તિમાં ચતુર્થથી આરંભીને નીવિમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નીવિમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં ચતુર્થ, બીજા-ત્રીજા ખાનામાં આયંબિલ, ચોથા-પાંચમા ખાનામાં એકાશન, છટ્ઠા-સાતમા ખાનામાં પુરિમુડ્ઢ, આઠમા ખાનામાં નીવિ છે.**

**ત્રેવીશમી પંક્તિમાં આયંબિલથી આરંભીને નીવિમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નીવિમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં આયંબિલ, બીજા-ત્રીજા ખાનામાં એકાશન, ચોથા-પાંચમા ખાનામાં પુરિમડ્ઢ અને છટ્ઠા ખાનામાં નીવિ છે.**

**ચોવીશમી પંક્તિમાં એકાસણાથી આરંભીને નીવિમાં નિષ્ઠા પામે છે.**

કઈ રીતે નીવિમાં નિષ્ઠા પામે છે ? તે બતાવે છે –

**પ્રથમ ખાનામાં એકાસણું, બીજા-ત્રીજા ખાનામાં પુરિમાર્ધ, ચોથા ખાનામાં નીવિ છે. ॥૩૦૮॥**

ગાથા :-

पुरिमड्डणिव्विगइअं २५, कमेण पंतीसु णिव्विगइअं च २६।
एसो जंतण्णासो, णायव्वो आणुपुव्वीए ।।३०९।।

અન્વયાર્થ :-

पुरिमड्डणिव्विगइयं=પુરિમાર્ધ અને નીવિ છે. च णिव्विगइयं=અને નીવિ છે. एसो=આ સર્વ પ્રાયશ્ચિત્ત कमेण पंतीसु=ક્રમથી પંક્તિઓમાં, आणुपुव्वीए जंतण्णासो णायव्वो=આનુપૂર્વીથી યંત્રન્યાસ જાણવો. ।।૩૦૯।।

ગાથાર્થ :-

**પુરિમાર્ધથી નીવિ=પચ્ચીશમી પંક્તિમાં પુરિમાર્ધ અને નીવિ છે=છવ્વીશમી પંક્તિમાં નીવિ છે. આ=આ સર્વ પ્રાયશ્ચિત્ત, પંક્તિઓમાં ક્રમથી જાણવું. આનુપૂર્વીથી યંત્રન્યાસ જાણવો. ।।૩૦૯।।**

ટીકા :-

'पुरिमड्ड'त्ति । पञ्चविंशतितमायां पङ्क्तौ प्रथमगृहे पूर्वार्द्धम्, द्वितीये च निर्विकृतिकम् । षड्विंशतितमपङ्क्तौ चैकस्मिन्नेव गृहे निर्विकृतिकमेवेति । एतत्सर्वं पङ्क्तिषु क्रमेण ज्ञेयम् । एष आनुपूर्व्या यन्त्रन्यासो ज्ञेयः ।।३०९।।

ટીકાર્થ :-

पञ्चविंशति ..... ज्ञेयः ।। પચ્ચીશમી પંક્તિમાં પ્રથમ ખાનામાં પુરિમુડ્ઢ અને બીજા ખાનામાં નીવિ, છવ્વીશમી પંક્તિમાં એક જ ખાનામાં નીવિ જ છે. પંક્તિઓમાં આ સર્વ=આ સર્વ પ્રાયશ્ચિત્ત ક્રમથી જાણવું. આનુપૂર્વીથી આ યંત્રન્યાસ જાણવો. ।।૩૦૯।।

ગાથા :-

ववहाराविक्खाए, भणिओ जंतस्स एस विण्णासो ।
अवराहे मूलं चिय, जं साविक्खस्स बहुए वि ।।३१०।।

અન્વયાર્થ :-

ववहाराविक्खाए=વ્યવહારની અપેક્ષાએ, एस जंतस्स=આ યંત્રની, विण्णासो भणिओ=સ્થાપના કહેવાઈ. जं=જે કારણથી, साविक्खस्स=સાપેક્ષ સાધુને, बहुए वि अवराहे=ઘણા પણ અપરાધમાં, मूलं चिय=મૂળ જ પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. ।।૩૧૦।।

ગાથાર્થ :-

**વ્યવહારની અપેક્ષાએ આ યંત્રનો વિન્યાસ=સ્થાપના કહેવાઈ છે. જે કારણથી સાપેક્ષ સાધુને ઘણા પણ અપરાધમાં મૂળ જ પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. ।।૩૧૦।।**

**ટીકા :-**

'ववहाराविक्खाए'त्ति । व्यवहारापेक्षया एष यन्त्रस्य विन्यासो भणितः 'यत्' यस्मात्सापेक्षस्य बहुकेऽप्यपराधे तत्र मूलमेव प्रायश्चित्तं भणितम् ।।३१०।।

**ટીકાર્થ :-**

व्यवहारापेक्षया ..... भणितम् ।। વ્યવહારની અપેક્ષાથી આ યંત્રનો વિન્યાસ=રચના કહેવાઈ. જે કારણથી સાપેક્ષને=ગચ્છની અપેક્ષાથી જીવનારા સાધુને ઘણા પણ અપરાધમાં ત્યાં=વ્યવહારમાં મૂલ જ પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. ।।૩૧૦।।

**ભાવાર્થ :-**

વ્યવહારગ્રંથને આશ્રયીને ગ્રંથકારશ્રીએ આ યંત્ર બનાવ્યું છે; કેમ કે વ્યવહાર ગ્રંથોમાં ઘણા પણ અપરાધમાં મૂળ પ્રાયશ્ચિત્ત કહેવાયું છે. તેથી મૂળથી માંડીને નીવિ સુધીનું પ્રાયશ્ચિત્ત કૃતકરણ આચાર્યને કઈ રીતે પ્રાપ્ત થાય છે ? તે પ્રથમ ખાનામાં ૨૬ ખાનાં દ્વારા બતાવેલ છે અને તે પ્રાયશ્ચિત્તને પામેલા સાધુઓને પણ અકૃતકરણ આદિના ભેદથી પ્રાયશ્ચિત્તનો ભેદ કઈ રીતે વ્યવહાર સંમત છે ? તે પ્રસ્તુત યંત્રથી સ્પષ્ટ કરેલ છે. **।।૩૧૦।।**

યંત્ર પા.નં. ૨૫૪ ઉપર છે.

**ગાથા :-**

जीअम्मि जंतरयणे, ठविआ पारंचिएऽणवट्ठप्पे ।
आयरियउवज्झाया, सहावणिरवेक्खयाऽभावा ।।३११।।

**અન્વયાર્થ :-**

आयरियउवज्झाया=આચાર્ય-ઉપાધ્યાયમાં, सहावणिरवेक्खयाऽभावा=સ્વભાવ નિરપેક્ષતાનો અભાવ હોવાથી, जीअम्मि=જીતના, जंतरयणे=યંત્રમાં, पारंचिएऽणवट्ठप्पे ठविआ=પારંચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત સ્થાપન કરાય છે. ।।૩૧૧।।

**ગાથાર્થ :-**

**આચાર્ય-ઉપાધ્યાયમાં સ્વભાવ નિરપેક્ષતાનો અભાવ હોવાથી જીતના યંત્રમાં પારંચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત સ્થાપન કરાય છે. ।।૩૧૧।।**

| पड्क्ति | कृतकरण आचार्यः | अकृतकरण आचार्यः | कृतकरण उपाध्यायः | अकृतकरण उपाध्यायः | अधिगत स्थिरभिक्षु कृतकरण | अधिगत स्थिरभिक्षु अकृतकरण | अधिगता- स्थिरभिक्षु कृतकरण | अधिगता- स्थिरभिक्षु अकृतकरण | अनधिगत स्थिरभिक्षु कृतकरण | अनधिगत स्थिरभिक्षु अकृतकरण | अनधिगता- स्थिरभिक्षु कृतकरण | अनधिगता- स्थिरभिक्षु अकृतकरण |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| १ | मूलम् | छेद | छेद | षण्मासगुरु | षण्मासगुरु | षण्मा.लघुः | षण्मा.लघुः | चतुर्मा.गुरु | चतुर्मा.गुरु | चतुर्मा.लघु | चतुर्मा.लघु | मासगुरु |
| २ | छेद | षड्गुरु | षड्गुरु | षड्लघुः | षड्लघुः | चतुर्गुरु | चतुर्गुरु | चतुर्लघु | चतुर्लघु | मासगुरु | मासगुरु | मासलघु |
| ३ | षड्गुरु | षड्लघुः | षड्लघुः | चतुर्गुरु | चतुर्गुरु | चतुर्लघु | चतुर्लघु | मासगुरु | मासगुरु | मासलघु | मासलघु | गुरु २५ |
| ४ | षड्लघुः | चतुर्गुरु | चतुर्गुरु | चतुर्लघु | चतुर्लघु | मासगुरु | मासगुरु | मासलघु | मासलघु | गुरु २५ | गुरु २५ | लघु २५ |
| ५ | चतुर्गुरु | चतुर्लघु | चतुर्लघु | मासगुरु | मासगुरु | मासलघु | मासलघु | गुरु २५ | गुरु २५ | लघु २५ | लघु २५ | गुरु २० |
| ६ | चतुर्लघु | मासगुरु | मासगुरु | मासलघु | मासलघु | गुरु २५ | गुरु २५ | लघु २५ | लघु २५ | गुरु २० | गुरु २० | लघु २० |
| ७ | मासगुरु | मासलघु | मासलघु | गुरु २५ | गुरु २५ | लघु २५ | लघु २५ | गुरु २० | गुरु २० | लघु २० | लघु २० | गुरु १५ |
| ८ | मासलघु | गुरु २५ | गुरु २५ | लघु २५ | लघु २५ | गुरु २० | गुरु २० | लघु २० | लघु २० | गुरु १५ | गुरु १५ | लघु १५ |
| ९ | गुरु २५ | लघु २५ | लघु २५ | गुरु २० | गुरु २० | लघु २० | लघु २० | गुरु १५ | गुरु १५ | लघु १५ | लघु १५ | गुरु १० |
| १० | लघु २५ | गुरु २० | गुरु २० | लघु २० | लघु २० | गुरु १५ | गुरु १५ | लघु १५ | लघु १५ | गुरु १० | गुरु १० | लघु १० |
| ११ | गुरु २० | लघु २० | लघु २० | गुरु १५ | गुरु १५ | लघु १५ | लघु १५ | गुरु १० | गुरु १० | लघु १० | लघु १० | गुरु ५ |
| १२ | लघु २० | गुरु १५ | गुरु १५ | लघु १५ | लघु १५ | गुरु १० | गुरु १० | लघु १० | लघु १० | गुरु ५ | गुरु ५ | लघु ५ |
| १३ | गुरु १५ | लघु १५ | लघु १५ | गुरु १० | गुरु १० | लघु १० | लघु १० | गुरु ५ | गुरु ५ | लघु ५ | लघु ५ | दशमम् |
| १४ | लघु १५ | गुरु १० | गुरु १० | लघु १० | लघु १० | गुरु ५ | गुरु ५ | लघु ५ | लघु ५ | दशमम् | दशमम् | अष्टमम् |
| १५ | गुरु १० | लघु १० | लघु १० | गुरु ५ | गुरु ५ | लघु ५ | लघु ५ | दशमम् | दशमम् | अष्टमम् | अष्टमम् | षष्ठम् |
| १६ | लघु १० | गुरु ५ | गुरु ५ | लघु ५ | लघु ५ | दशमम् | दशमम् | अष्टमम् | अष्टमम् | षष्ठम् | षष्ठम् | चतुर्थम् |
| १७ | गुरु ५ | लघु ५ | लघु ५ | दशमम् | दशमम् | अष्टमम् | अष्टमम् | षष्ठम् | षष्ठम् | चतुर्थम् | चतुर्थम् | आचाम्लम् |
| १८ | लघु ५ | दशमम् | दशमम् | अष्टमम् | अष्टमम् | षष्ठम् | षष्ठम् | चतुर्थम् | चतुर्थम् | आचाम्लम् | आचाम्लम् | एकाशनम् |
| १९ | दशमम् | अष्टमम् | अष्टमम् | षष्ठम् | षष्ठम् | चतुर्थम् | चतुर्थम् | आचाम्लम् | आचाम्लम् | एकाशनम् | एकाशनम् | पुरिमार्द्धम् |
| २० | अष्टमम् | षष्ठम् | षष्ठम् | चतुर्थम् | चतुर्थम् | आचाम्लम् | आचाम्लम् | एकाशनम् | एकाशनम् | पुरिमार्द्धम् | पुरिमार्द्धम् | निर्विकृतिः |
| २१ | षष्ठम् | चतुर्थम् | चतुर्थम् | आचाम्लम् | आचाम्लम् | एकाशनम् | एकाशनम् | पुरिमार्द्धम् | पुरिमार्द्धम् | निर्विकृतिः | | |
| २२ | चतुर्थम् | आचाम्लम् | आचाम्लम् | एकाशनम् | एकाशनम् | पुरिमार्द्धम् | पुरिमार्द्धम् | निर्विकृतिः | | | | |
| २३ | आचाम्लम् | एकाशनम् | एकाशनम् | पुरिमार्द्धम् | पुरिमार्द्धम् | निर्विकृतिः | | | | | | |
| २४ | एकाशनम् | पुरिमार्द्धम् | पुरिमार्द्धम् | निर्विकृतिः | | | | | | | | |
| २५ | पुरिमार्द्धम् | निर्विकृतिः | | | | | | | | | | |
| २६ | निर्विकृतिः | | | | | | | | | | | |

**व्यवहारयन्त्रकमेतत् ।**

अर्द्धापत्तिरूपमेकैकस्मिन्नाचार्यादौ स्थाने कृतकरणाकृतकरणभेदेन द्वे प्रायश्चित्ते, तयोः शुद्धयोरेकमाद्यमपक्रमाति न तूत्तरस्थानेऽनुवर्त्तते । एवं द्वयोरर्द्धमित्यर्द्धापत्तिरिति मलयगिरयः ।।

अर्द्धापत्तिरूपमेकैकस्मिन्नाचार्यदौ स्थाने कृतकरणाकृतकरणभेदेन द्वे प्रायश्चित्ते, तयोः शुद्धयोरेकमाद्यमपक्रमाति न तूत्तरस्थानेऽनुवर्तते । एवं द्वयोरर्द्धमित्यर्द्धापत्तिरिति मलयगिरयः ।।

**अस्मिन् यन्त्रन्यासेऽन्यत्र च प्रायश्चित्तविधौ विशेषपरिज्ञानाय नामादियन्त्रकमिदम् ।। अत्र गाथाः –**

'नामं लिवि आवत्ती, दाणं च विसोवगा य पत्तेयं ।
एए उ पंच ठाणा, निव्विइआईसु णायव्वा ।।१।।
भिन्न १ लहु २ गुरुअ ३ मासा, चउलहु ४ चउगुरु ५ अ छलहु ६ छग्गुरुआ ७।
एआओ सन्नाओ णिव्विइआणं कमा हुंति ।।२।।
पणग १ कुडलं च रित्तं २, भरिअं ३ चत्तारि ताइं रित्ताइं ४।
चत्तारि अ भरिआइं, छ रित्त भरिआइँ छ लिवीओ ।।३।।
पणवीसड्डसगवीसं, तीसं पणहिअसयं च वीससयं ।
पणसट्ठी असीइसया, आवत्तीओ सुए भणिया ।।४।।
मुक्कलनिविअं पुरिमं, इगभत्तायंबिलं च उववासं ।
छट्ठं च अट्ठमं तह, संपइ एयासु दिंति मुणी ।।५।।
निविआईसु विसोवा, दिवड्ड दोसड्ड पंच दस चेव ।
वीसा तह चालीसा, सट्ठिं च कमेण णायव्वा ।।६।।'

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ગાથામાં જીતકલ્પયંત્ર કઈ રીતે થાય છે ? તેનો બોધ કરાવવો છે. તેથી તેમાં ઉપયોગી પ્રાયશ્ચિત્તનાં નામ, પ્રાયશ્ચિત્તની લિપી, પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ અને જીતકલ્પ પ્રમાણે કેટલું દાન થાય, તે વિષયક આ પાંચ વસ્તુનો બોધ આવશ્યક છે. તેથી યંત્રપૂર્વક તે પાંચ વસ્તુનો બોધ કરાવીને ત્યારપછી ગાથાનો અર્થ કરે છે.

**આ યંત્રના ન્યાસમાં=ગાથા-૩૧૦ની ટીકા પછી જે જીતકલ્પયંત્ર છે, તે યંત્રન્યાસમાં, અને અન્યત્ર પ્રાયશ્ચિત્ત વિધિમાં=આ યંત્રને છોડીને અન્યત્ર પ્રાયશ્ચિત્તના જ્ઞાનમાં, વિશેષ પરિજ્ઞાન માટે નામાદિ યંત્રક આ છે. અહીં=નામાદિ યંત્રમાં, ગાથા છે.**

**ગાથાર્થ :-**

નામ, લિપિ, આપત્તિ, દાન અને વિસોપકા પ્રત્યેક છે. આ પાંચ સ્થાનો નીવિ આદિમાં જાણવા. ।।૧।।

૧) ભિન્ન=ભિન્નમાસ, ૨) લઘુ=લઘુમાસ, ૩) ગુરુક=ગુરુમાસ, ૪) ચાર લઘુમાસ, ૫) ચાર ગુરુમાસ, ૬) છ લઘુમાસ, ૭) છ ગુરુમાસ, આ સંજ્ઞાઓ નીવિઓની ક્રમસર થાય છે. ।।૨।।

પાંચ નિવી આદિ, કુડલ અને રિક્ત=૦ ધિ, ભરિત=●ધી, ચાર રિક્ત ⚬⚬⚬⚬ ર્ધિ, ચાર ભરિત ●●●● ર્ધી, છ રિક્ત ⚬⚬⚬⚬⚬⚬ દ્ધિ, છ ભરિત ●●●●●●, દ્ધી આ છ લિપિ છે. ।।૩।।

હવે આપત્તિ બતાવે છે.

પણવિસ=૨૫, સટ્ઠસગવિસ=૨૭।।, તીસ=૩૦, પાંચ અધિક સો=૧૦૫, વીસસયં=૧૨૦, પણસટ્ઠિસયાં=૧૬૫, અસઈસયા=૧૮૦, આપત્તિઓ શ્રુતમાં કહેવાઈ છે=આટલા દિવસના પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ કહેવાઈ છે. ।।૪।।

વ્યવહારયંત્રથી પ્રાપ્ત પ્રાયશ્ચિત્તમાં જિતકલ્પ અનુસાર પ્રાપ્ત એવા પ્રાયશ્ચિત્ત દાનને કહે છે. મુત્કલ નીવિ, પુરિમાર્ધ, એક ભક્ત=એકાસણું, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ અને અટ્ઠમ તે પ્રમાણે હમણાં આમાં=ભિન્ન માસાદિમાં મુનિઓ આપે છે=ભિન્ન માસાદિ સ્થાને મુત્કલ નીવિ આદિ આપે છે. ।।૫।।

નીવિ આદિમાં વિશોપકા દોઢ, અઢી, પાંચ, દશ, વીશ, ચાલીસ, સાઈઠ ક્રમથી જાણવા=નીવિમાં દોઢ અને પુરિમાર્ધમાં અઢી એ પ્રમાણે ક્રમસર જાણવા. ।।૬।। **।।૩૧૧।।**

| नाम | लिपिः | आपत्तिः | दानम् | विशोपकाः |
|---|---|---|---|---|
| भिन्नमासः | ५ नि० | २५ | मुत्कलनि० | १।। |
| लघुमासः | ० धि | २७।। | पुरिमार्द्धम् | २।। |
| गुरुमासः | ● धी | ३० | एकाशनम् | ५ |
| चतुर्लघु | ⚬⚬ ⚬⚬ र्धि | १०५ | आचाम्लम् | १० |
| चतुर्गुरु | ●● ●● र्धी | १२० | चतुर्थम् | २० |
| षड्लघु | ⚬⚬⚬ ⚬⚬⚬ द्धि | १६५ | षष्ठम् | ४० |
| षड्गुरु | ●●● ●●● द्धी | १८० | अष्टमम् | ६० |

**ટીકા :-**

**'जीअम्मि'त्ति । 'जीते' जीतकल्पे च यन्त्ररचने, स्थापितौ पाराञ्चितेऽनवस्थाप्ये चाचार्योपाध्यायौ स्वभावनिरपेक्षतायाः-तादृशप्रायश्चित्तप्रतिसेवनास्थानानापादिताया निरपेक्षताया अभावाद् गम्ययपि पञ्चमीविधानात्तामाश्रित्येत्यर्थः, जिनकल्पिकादेः खलु स्वभावत एव स्वकल्पस्थितेर्निरपेक्षतेति न पाराञ्चितस्यानवस्थाप्यस्य वा सम्भवः । अन्येषां तु निरपेक्षीभवतामपि स्वभावनिरपेक्षताभावात्तत्सम्भवो भवत्येवेति । तदुक्तं जीतवृत्तावेव-प्रथमायां पङ्क्तौ निरपेक्षस्याधो गृहद्वये शून्यं स्थाप्यं यतस्तयोः पाराञ्चिकानवस्थाप्ये भवतः, ते च जिनकल्पिकस्य न संभवतः, तस्य हि स्वभावेनैव निरपेक्षत्वादिति ।।३११।।**

**ટીકાર્થ :-**

'जीते' ..... निरपेक्षत्वादिति ।। જીતમાં=જીતકલ્પની યંત્ર રચનામાં આચાર્ય અને ઉપાધ્યાય પારાઞ્ચિત અનવસ્થાપ્યમાં સ્થાપન કરાય છે, પ્રાયશ્ચિત્તોમાં સ્થાપન કરાયા છે.

કેમ સ્થાપન કરાયા છે ? એથી કહે છે –

સ્વભાવનિરપેક્ષતાનું=તેવા પ્રકારના પ્રાયશ્ચિત્તમાં પ્રતિસેવનાના સ્થાનના અનાપાદિત એવી નિરપેક્ષતાનો=જિનકલ્પી આદિમાં જેમ તેવા પ્રકારના પ્રાયશ્ચિત્તની પ્રતિસેવના સ્થાનને પ્રાપ્ત ન કરાવે તેવી નિરપેક્ષતા છે તેવી નિરપેક્ષતાનો, આચાર્ય ઉપાધ્યાયમાં અભાવ છે. તેથી પ્રાયશ્ચિત્ત અને અનવસ્થાપ્યમાં આચાર્ય-ઉપાધ્યાયને સ્થાપન કરેલ છે. 'गम्ययपि' એ પ્રકારના વ્યાકરણના સૂત્રથી પંચમીનું વિધાન હોવાથી તેને આશ્રયીને=ગચ્છમાં રહેલા આચાર્ય-ઉપાધ્યાયની ગચ્છસાપેક્ષ નિરપેક્ષતાને આશ્રયીને, તેઓને પારંચિત અને અનવસ્થાપ્યમાં સ્થાપન કરાયા છે, એમ અન્વય છે.

વળી, જિનકલ્પાદિને સ્વભાવથી જ સ્વકલ્પની સ્થિતિને કારણે નિરપેક્ષતા છે=પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાપ્ત ન થાય તેવી નિરપેક્ષતા છે. એથી પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તનો સંભવ નથી. વળી, અન્યોને=નિરપેક્ષ થયેલાઓને પણ સ્વભાવ નિરપેક્ષતાના અભાવને કારણે તેનો સંભવ થાય છે. પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તનો સંભવ છે જ,

તે જીતવૃત્તિમાં જ કહેવાયું છે.

પ્રથમ પંક્તિમાં નિરપેક્ષની નીચે બે ખાનામાં શૂન્ય સ્થાપવું જે કારણથી તેઓને=આચાર્ય અને ઉપાધ્યાયને પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય થાય છે અને તે જિનકલ્પિકને સંભવતા નથી; કેમ કે તેમને=જિનકલ્પિકને સ્વભાવથી જ નિરપેક્ષપણું છે. ॥૩૧૧॥

જીતકલ્પયંત્ર પેજ-૨૫૮ પર છે.

નિરપેક્ષરૂપ પહેલા ખાનામાં બે શૂન્ય મૂક્યા છે. તેથી જિનકલ્પી આદિને પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત નથી, પરંતુ મૂળથી માંડીને નીચે પાંચ લખેલ છે, તે પ્રમાણે પાંચ ઉપવાસની પ્રાપ્તિ છે. દશ લખેલ છે, ત્યાં દશ ઉપવાસની પ્રાપ્તિ છે. પંદર અને વીશમાં પંદર અને વીશ ઉપવાસની પ્રાપ્તિ છે અને પચ્ચીશ લખેલ છે, ત્યાં ભિન્ન માસની પ્રાપ્તિ છે.

**અવતરણિકા :-**

प्रायश्चित्तनिमित्तोपाधिना तु निरपेक्षः पाराञ्चितानवस्थाप्याधिकार्यपि भवत्येवेत्याह –

**અવતરણિકાર્થ :-**

પ્રાયશ્ચિત્ત નિમિત્તની ઉપાધિથી નિરપેક્ષ એવા સાધુ પારાઞ્ચિત અને અનવસ્થાપ્યના અધિકારી પણ થાય જ છે. એથી કહે છે –

| निरपेक्षः | कृतकरण आचार्यः | स एवा-कृतकरण | कृतकरण उपाध्यायः | स एवा-कृतकरण | गीतार्थः स्थिरकृत० | स एवा-कृतकरण | गीतार्थः स्थिरकृत० | स एवा-कृतकरण | अगीतार्थः स्थिरकृत० | स एवा-कृतकरण | अगीतार्थः अस्थिरकृत० | स एवा-कृतकरण |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ० | पाराञ्चित | अनवस्था. | अनवस्था. | मूलम् | मूलम् | छेदः | छेदः | ६ी | ६ी | ६ि | ६ि | ४ी |
| ० | अनवस्था. | मूलम् | मूलम् | छेदः | छेदः | ६ी | ६ी | ६ि | ६ि | ४ी | ४ी | ४ि |
| मूलम् | मूलम् | छेदः | छेदः | ६ी | ६ी | ६ि | ६ि | ४ी | ४ी | ४ि | ४ि | •गुरुमास |
| छेदः | छेदः | ६ी | ६ी | ६ि | ६ि | ४ी | ४ी | ४ि | ४ि | •गुरुमास | •गुरुमास | ०लघुमास |
| ६ी | ६ी | ६ि | ६ि | ४ी | ४ी | ४ि | ४ि | •गुरुमास | •गुरुमास | ०लघुमास | ०लघुमास | २५ |
| ६ि | ६ि | ४ी | ४ी | ४ि | ४ि | •गुरुमास | •गुरुमास | ०लघुमास | ०लघुमास | २५ | २५ | २० |
| ४ी | ४ी | ४ि | ४ि | •गुरुमास | •गुरुमास | ०लघुमास | ०लघुमास | २५ | २५ | २० | २० | १५ |
| ४ि | ४ि | •गुरुमास | •गुरुमास | ०लघुमास | ०लघुमास | २५ | २५ | २० | २० | १५ | १५ | १० |
| •गुरुमास | •गुरुमास | ०लघुमास | ०लघुमास | २५ | २५ | २० | २० | १५ | १५ | १० | १० | ५ |
| ०लघुमास | ०लघुमास | २५ | २५ | २० | २० | १५ | १५ | १० | १० | ५ | | |
| २५ | २५ | २० | २० | १५ | १५ | १० | १० | ५ | | | | |
| २० | २० | १५ | १५ | १० | १० | ५ | | | | | | |
| १५ | १५ | १० | १० | ५ | | | | | | | | |
| १० | १० | ५ | | | | | | | | | | |
| ५ | | | | | | | | | | | | |

।। जीतकल्पयन्त्रमेतत् ।।

**ભાવાર્થ :-**

જેઓ ગચ્છમાં વસે છે, તેઓને નિરપેક્ષભાવ હોવા છતાં પ્રાયશ્ચિત્તના નિમિત્તની ઉપાધિથી નિરપેક્ષ નથી; કેમ કે ગચ્છમાં વસવાથી ગચ્છના સંયોગને કારણે પ્રાયશ્ચિત્ત નિમિત્ત ઉપાધિવાળા છે. ફક્ત ચિત્તથી સર્વત્ર નિઃસ્નેહવાળા હોવાથી નિરપેક્ષ છે. જ્યારે જિનકલ્પી આદિ પ્રાયશ્ચિત્ત નિમિત્તની ઉપાધિથી નિરપેક્ષ છે, તેથી તેઓ પારાઞ્ચિત અને અનવસ્થાપ્યના અનધિકારી બને છે. આમ છતાં જિનકલ્પીની જેમ અન્ય પણ કેટલાક સાધુ ગુરુની આજ્ઞાથી એકલા વિચરીને વિશિષ્ટ સંયમસ્થાનોની વૃદ્ધિ કરે છે. તેઓ પ્રાયશ્ચિત્ત નિમિત્તની ઉપાધિથી નિરપેક્ષ છે; કેમ કે ગચ્છમાં નહિ હોવાથી તે પ્રકારનું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી, તેમ છતાં જિનકલ્પી આદિ સિવાય તેવા સાધુને પણ પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તના અધિકારી પણ થાય છે. **॥૩૧૧॥**

**ગાથા :-**

**जिणकप्पिअपडिरूवो, चरमस्स दुगस्स होइ अहिगारी ।**
**एगागी कयतुलणो, मुत्ताविक्खो जओ भणियं ।।३१२।।**

**અન્વયાર્થ :-**

एगागी कयतुलणो=એકાકી કૃતતુલનાવાળા, मुत्ताविक्खो=મુક્ત અપેક્ષાવાળા, जिणकप्पिअपडिरूवो= જિનકલ્પિક પ્રતિરૂપ એવા સાધુ, चरमस्स दुगस्स=ચરમદ્વિક પ્રાયશ્ચિત્તના, अहिगारी होइ=અધિકારી થાય છે. जओ भणिअं=જે કારણથી કહેવાયું છે – (આગળ બતાવાશે). ।।૩૧૨।।

**ગાથાર્થ :-**

**એકાકી કૃતતુલનાવાળા, મુક્ત અપેક્ષાવાળા જિનકલ્પિક પ્રતિરૂપ એવા સાધુ ચરમદ્વિક પ્રાયશ્ચિત્તના અધિકારી થાય છે. જે કારણથી કહેવાયું છે – (આગળ બતાવશે). ॥૩૧૨॥**

**ટીકા :-**

'जिणकप्पिअ'त्ति । 'जिनकल्पिकप्रतिरूपकः' जिनकल्पिकसदृशः 'चरमस्य द्विकस्य' पाराञ्चितानवस्थाप्यलक्षणचरमप्रायश्चित्तद्वयस्याधिकारी भवति 'एकाकी' द्रव्यतो भावतश्चासहायः, तथा कृता तुलना-तपःसत्त्वाद्यभ्यासलक्षणा येन स तथा, तथा मुक्ताऽपेक्षा-कुलगणादिनिश्रालक्षणा येन स तथा । यत उक्तं प्रवचने ।।३१२।।

**ટીકાર્થ :-**

'जिनकल्पिकप्रति ..... प्रवचने ।। જિનકલ્પિક પ્રતિરૂપક=જિનકલ્પિકસદૃશ સાધુ, ચરમદ્વિકનો= પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય લક્ષણ ચરમ પ્રાયશ્ચિત્તદ્વયના અધિકારી થાય છે.

જિનકલ્પિકસદૃશ સાધુ કેવા છે, તે સ્પષ્ટ કરે છે –

**દ્રવ્યથી અને ભાવથી અસહાય છે=સહવર્તી કોઈ સાધુ નહિ હોવાથી શારીરિક સંયોગમાં દ્રવ્યથી કોઈ સહાયક નથી અને ભાવના પ્રકર્ષ અર્થે સારણા-વારણાદિ કરનાર ભાવથી પણ કોઈ સહાયક નથી. તેથી એકાકી છે.**

**અને કરાયેલ છે તપસત્ત્વાદિ અભ્યાસ અને લક્ષણ તુલના જેમના વડે તે તેવા છે અને કૃતતુલનાવાળા છે=મુકાઈ છે કુલ-ગણાદિની નિશ્રારૂપ અપેક્ષા જેમના વડે તે તેવા છે=મુક્ત અપેક્ષાવાળા છે. તેવા પણ સાધુ ચરમ બે પ્રાયશ્ચિત્તના અધિકારી થાય છે=પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તના અધિકારી થાય છે. જે કારણથી પ્રવચનમાં કહેવાયું છે. આગળની ગાથામાં બતાવે છે. ॥૩૧૨॥**

**ભાવાર્થ :-**

કોઈ મહાત્મા સંસારથી અત્યંત ભય પામેલા હોય, ગચ્છમાં રહીને શાસ્ત્રનો અભ્યાસ કરીને સંપન્ન થયેલા હોય, જિનકલ્પીને અનુરૂપ બળસંચયાર્થે તપ-સત્ત્વાદિથી આત્માને ભાવિત કર્યો છે તે પ્રકારે ચિત્તને નિઃસ્પૃહ કર્યું છે તેથી ગચ્છના સાધુ સાથે આલાપ-સંલાપ કરવાનો પરિણામ પણ થતો નથી અને સ્વપરાક્રમથી પોતાના ચિત્તને અધિક અધિક નિષ્પન્ન કરવા ઉદ્યમ કરે છે. તેથી દ્રવ્યથી અને ભાવથી એકાકી છે, તેવા પણ મહાત્માને કોઈક એવું નિમિત્ત પ્રાપ્ત થાય ત્યારે તે પ્રકારના કષાયનો ઉદય થાય જેનાથી ચરમ બે પ્રાયશ્ચિત્તની પણ તેઓને પ્રાપ્તિ થઈ શકે છે. આથી જ કષાયોનો લેશ પણ વિશ્વાસ કરવો જોઈએ નહિ. પરંતુ સ્વભૂમિકાનુસાર ઉત્તર ઉત્તરના બાધક કષાયોને ક્ષીણતર કરવા જ પ્રયત્ન કરવો જોઈએ, જેથી સ્ખલના થાય નહિ. **॥૩૧૨॥**

**ગાથા :-**

**संघयणविरियआगमसुत्तत्थविहीए जो समुज्जुत्तो ।**
**णिग्गहजुत्त तवस्सी, पवयणसारे गहिअअत्थो ।।३१३।।**
**तिलतुसतिभागमित्तो, वि जस्स असुहो ण विज्जई भावो ।**
**णिज्जूहणारिहो सो, सेसे णिज्जूहणा णत्थि ।।३१४।।**

**અન્વયાર્થ :-**

**संघयणविरियआगमसुतत्थविहीए=સંઘયણ, વીર્ય, આગમ સૂત્રાર્થની વિધિમાં, जो समुज्जुत्तोए=જે સમ્યગ્ ઉદ્યત છે. णिग्गहजुत्त=નિગ્રહયુક્ત છે. तवस्सी=તપસ્વી છે. पवयणसारे गहिअअत्थो=પ્રવચનસારમાં ગૃહીત અર્થવાળા છે. ॥૩૧૩॥**

**जस्स तिलतुसतिभागमित्तो वि=જે સાધુને, તલના ફોતરાનો ત્રીજો ભાગ માત્ર પણ असुहभावो ण**

विज्जइ=અશુભભાવ વિદ્યમાન નથી, सो=તે મહાત્મા, णिज्जूहणारिहो=નિર્વ્યૂહતાને યોગ્ય છે=એકાકી વિહારને યોગ્ય છે. सेसे णिज्जूहणा णत्थि=શેષને નિર્વ્યૂહતા નથી=એકાકી વિચરણ નથી. ।।૩૧૪।।

**ગાથાર્થ :-**

**સંઘયણ, વીર્ય, આગમસૂત્રાર્થની વિધિમાં જે સમ્યગ્ ઉદ્યત છે. નિગ્રહયુક્ત છે, તપસ્વી છે. પ્રવચનના સારમાં ગૃહીત અર્થવાળા છે. ।।૩૧૩।।**

**જે સાધુને તલના ફોતરાનો ત્રીજા ભાગમાત્ર પણ અશુભભાવ વિદ્યમાન નથી, તે નિર્વ્યૂહતા યોગ્ય છે=એકાકી વિહારને યોગ્ય છે. શેષને નિર્વ્યૂહતા નથી=એકાકી વિચરણ નથી. ।।૩૧૪।।**

**ટીકા :-**

'संघयण'त्ति । 'तिलतुस' त्ति । उत्तानार्थमिदं गाथाद्वयम्, नवरं 'निग्रहयुक्तः' जितेन्द्रियः 'तपस्वी' कृततपश्चरण इत्यर्थः ।।३१३।।३१४।।

**ટીકાર્થ :-**

उत्तानार्थमिदं ..... इत्यर्थः ।। આ ગાથાદ્વય ઉત્તાન અર્થવાળી છે=સ્પષ્ટ અર્થવાળી છે. ફક્ત નિગ્રહયુક્ત=જિતેન્દ્રિય, તપસ્વી=કૃતતપચરણવાળા છે, એ અર્થ છે. ।।૩૧૩-૩૧૪।।

**ભાવાર્થ :-**

જિનકલ્પિ સદૃશ એકાકી વિહાર કરનાર સાધુ કેવા હોય છે ? તેઓનું સ્વરૂપ બતાવતાં કહે છે. જેઓ પ્રાયઃ પ્રથમ સંઘયણવાળા હોય છે. વળી, સંચિત વીર્યવાળા હોય છે. તેથી બળવાન નિમિત્ત પણ જેમના સદ્વીર્યમાં સ્ખલના કરાવી શકે નહિ, તેવા ધૃતિબળવાળા હોય છે. વળી, આગમના સૂત્ર-અર્થની વિધિમાં જેઓ ઉપયુક્ત હોય છે. જેમની પાંચે ઇન્દ્રિયો તે પ્રકારે શાંત થયેલી છે કે જેથી કોઈ નિમિત્તમાં ઇન્દ્રિયોને આશ્રયીને ઉત્સુકતા થતી નથી. વળી શક્તિના પ્રકર્ષથી તપ કરીને અને ચારિત્ર પાળીને આત્માને ભાવિત કર્યો છે. વળી, પ્રવચનનો સાર છે કે "રાગ-દ્વેષ અને મોહની વૃદ્ધિથી સંસારની વૃદ્ધિ થાય છે. તેથી જિનવચનનું દૃઢ અવલંબન લઈને રાગ-દ્વેષ અને મોહનો નાશ થાય, તે પ્રકારે મધ્યસ્થભાવમાં સદા યત્ન કરવો જોઈએ" તેના પરમાર્થને જેઓએ ગ્રહણ કર્યો છે. વળી, સંયમજીવનમાં જેમને તલના ફોતરાના ત્રીજા ભાગ જેટલો માત્ર પણ બાહ્ય નિમિત્તને સ્પર્શીને અશુભભાવ થતો નથી કે બાહ્ય નિમિત્તને અભિમુખ પણ અશુભભાવ થતો નથી, તેવા સતત શુભભાવમાં વર્તમાન સાધુ એકાકી વિહારને યોગ્ય છે. શેષ સાધુ એકાકી વિહારને યોગ્ય નથી અને આવા ગુણોથી સમૃદ્ધ સાધુને પણ કોઈ બળવાન નિમિત્ત મળે ત્યારે અન્ય પ્રાયશ્ચિત્તો તો પ્રાપ્ત થઈ શકે છે. પરંતુ પારાંચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત પણ પ્રાપ્ત થઈ શકે છે માટે ક્ષણભર પણ કષાયોનો વિશ્વાસ કરવો જોઈએ નહિ. **।।૩૧૩-૩૧૪।।**

**અવતરણિકા :-**

अत्र फलितं विरोधपरिहारमाह –

**અવતરણિકાર્થ :-**

આમાં=વ્યવહારયંત્ર અને જિનકલ્પયંત્ર એ બેમાં, ફલિત વિરોધને=વ્યવહારનયમાં મૂળ પ્રાયશ્ચિત્તથી પ્રારંભ કર્યો અને જિતકલ્પમાં પારાઞ્ચિત પ્રાયશ્ચિત્તથી પ્રારંભ કર્યો, તેમાં વિરોધના પરિહારને કહે છે –

**ગાથા :-**

इय पच्छित्तणिमित्ताविक्खं समविक्ख जीयजंतम्मि ।
गणरक्खाविक्खं पिय, ववहारे को वि ण विरोहो ।।३१५।।

**અન્વયાર્થ :-**

इय पच्छित्तणिमित्ताविक्खं समविक्ख=આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત નિમિત્તની અપેક્ષાનો આશ્રય કરીને, जीयजंतम्मि=જીતયંત્રમાં પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત લખાયા છે. ववहारे=વ્યવહાર યંત્રમાં, गणरक्खाविक्खं पिय=ગણરક્ષાની અપેક્ષાએ પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત લખાયા નથી. को वि ण विरोहो=એથી કોઈ વિરોધ નથી. ।।૩૧૫।।

**ગાથાર્થ :-**

**આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત નિમિત્તની અપેક્ષાનો આશ્રય કરીને જીતયંત્રમાં પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત લખાયા છે. વ્યવહારમાં=વ્યવહારયંત્રમાં ગણરક્ષાની અપેક્ષાએ પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત લખાયા નથી. એથી કોઈ વિરોધ નથી. ।।૩૧૫।।**

**ટીકા :-**

'इय'त्ति । 'इति' उक्तेन प्रकारेण प्रायश्चित्तनिमित्तेन याऽपेक्षा-स्वभावनिरपेक्षत्वाभावविवक्षा तां समाश्रित्य जीतकल्पयन्त्रे सापेक्षपाराञ्चितानवस्थाप्यकोष्ठकलिखने गणरक्षालक्षणामपेक्षां च 'अपेक्ष्य' विवक्षाविषयीकृत्य 'व्यवहारे' तदलिखने च न कोऽपि विरोधः, एकत्रापि विवक्षाभेदेन वचनभेदसम्भवात्, अत एव मनाग् निरपेक्षताऽपेक्षया व्यवहारेऽपि कृतकरणोपाध्याये मूल-प्रायश्चित्तसमर्थनात्, कोष्ठकवृद्धेश्च सापेक्षस्यैवाधिकृतत्वेनाभावात्, इतरस्य सूचयैवाभिधानादिति दृढतरमवधारणीयम् ।।३१५।।

**ટીકાર્થ :-**

'इति' उक्तेन ..... धारणीयम् ।। ગાથા-૩૧૧માં કહ્યું એ પ્રકારથી, પ્રાયશ્ચિત્તના નિમિત્ત વડે જે

**અપેક્ષા=સ્વભાવનિરપેક્ષત્વના અભાવરૂપ વિવક્ષા, તેને આશ્રયીને=સ્વભાવનિરપેક્ષત્વના અભાવરૂપ વિવક્ષાને આશ્રયીને, જીતકલ્પયંત્રમાં સાપેક્ષ સાધુઓને=સાપેક્ષ, નિરપેક્ષ એ બે પ્રકારમાંથી સાપેક્ષ આચાર્યને અવલંબીને, પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તો કોષ્ઠમાં, લેખનમાં અને ગણરક્ષણ લક્ષણ અપેક્ષાને આશ્રયીને=જે આચાર્ય, ઉપાધ્યાય ગણરક્ષા કરતા હોય તેવા સાધુઓને વિવક્ષાનો વિષય કરીને, વ્યવહારમાં=વ્યવહારયંત્રમાં, તેના અલેખનમાં=પારાઞ્ચિત અને અનવસ્થાપ્યના અલેખનમાં, કોઈ પણ વિરોધ નથી; કેમ કે એકત્ર પણ=પ્રાયશ્ચિત્ત વિષયક એક સ્થાનમાં પણ, વિવક્ષાભેદથી વચનભેદનો સંભવ છે=પ્રાપ્ત થતા પ્રાયશ્ચિત્ત વિષયક જે બે કોષ્ઠકો કર્યા, તેમાં એકસ્થાને સ્વભાવનિરપેક્ષત્વના અભાવની વિવક્ષા કરી અને અન્ય સ્થાને ગણરક્ષણલક્ષણ અપેક્ષા કરી, તે રૂપ વિવક્ષાભેદથી વચનભેદનો સંભવ છે. આથી જ=વિવક્ષાભેદથી વચનભેદનો સંભવ છે આથી જ, થોડી નિરપેક્ષતાની અપેક્ષાએ વ્યવહારમાં પણ કૃતકરણ ઉપાધ્યાયમાં મૂળ પ્રાયશ્ચિત્તનું સમર્થન છે અર્થાત્ વ્યવહારયંત્રમાં કૃતકરણ ઉપાધ્યાયને છેદ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ હતી, તે સાપેક્ષ સ્ખલના કરનાર ઉપાધ્યાયની અપેક્ષાએ હતી. છતાં મનાગ્ નિરપેક્ષતારૂપ વિવક્ષાના ભેદથી વ્યવહારયંત્રમાં પણ કૃતકરણ ઉપાધ્યાયને પણ મૂળ પ્રાયશ્ચિત્તનું સમર્થન કર્યું છે, તેથી વિવક્ષાભેદથી વચનભેદનો સંભવ થાય છે અને સાપેક્ષનું જ અધિકૃતપણું હોવાને કારણે=સ્વભાવનિરપેક્ષ એવા જિનકલ્પાદિને છોડીને ગચ્છમાં વસનારા સાપેક્ષ જ સાધુનું અધિકૃતપણું હોવાને કારણે, કોષ્ઠકવૃદ્ધિનો અભાવ છે.**

**કેમ કોષ્ઠકવૃદ્ધિનો અભાવ છે ? તે સ્પષ્ટ કરે છે. ઈતરને=નિરપેક્ષ એવા જિનકલ્પી આદિને, સૂચિ દ્વારા જ અભિધાન છે=જીતકલ્પયંત્રમાં કૃતકરણ આચાર્યાદિથી જ કોષ્ઠકનું ગ્રહણ છે અને ઈતર એવા નિરપેક્ષનું ગ્રહણ તેની પૂર્વે સૂચિથી જ માત્ર કથન કરેલ છે. તેથી જીતકલ્પયંત્રમાં ખાનાની વૃદ્ધિની પ્રાપ્તિ નથી. એ પ્રકારે દઢતર નિર્ણય કરવો જોઈએ. ॥૩૧૫॥**

**ભાવાર્થ :-**

જીતકલ્પયંત્રમાં આચાર્ય અને ઉપાધ્યાયને ઉત્કૃષ્ટથી પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થઈ શકે તેમ કહ્યું, તેનું કારણ જિનકલ્પી આદિની જેમ આચાર્ય ઉપાધ્યાયમાં સ્વભાવનિરપેક્ષત્વનો અભાવ છે અર્થાત્ જિનકલ્પી આદિ સિદ્ધના તુલ્ય સ્વભાવથી નિરપેક્ષ થવાના યત્નવાળા છે. જ્યારે આચાર્ય-ઉપાધ્યાય ગચ્છમાં રહેલા છે. સંસારના ભાવો પ્રત્યે નિરપેક્ષ હોવા છતાં ગુણવાન શિષ્યાદિ પ્રત્યે બહુમાનભાવવાળા છે. આથી જ ઋષભદેવ ભગવાને પૂર્વના ભવમાં ભરત અને બાહુબલીના ભવના વૈયાવચ્ચની પ્રશંસા કરી. તેથી તેઓ ગુણવાનમાં બહુમાનવાળા હતા. જ્યારે જિનકલ્પી આદિ સ્વભાવથી જ નિરપેક્ષ પરિણામમાં જવાવાળા છે. તેથી સ્વભાવનિરપેક્ષત્વનો અભાવ હોવાને કારણે ગચ્છમાં રહેલા આચાર્ય આદિને પારાઞ્ચિત અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થઈ શકે તે બતાવવા માટે તે બે પ્રાયશ્ચિત્તનું ગ્રહણ છે. વસ્તુતઃ તે પ્રમાણે વ્યવહારયંત્રમાં પણ પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છતાં પણ જે આચાર્ય, ઉપાધ્યાય ગણની રક્ષા કરતા હોય, તેઓને મૂળથી અધિક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થઈ શકે નહિ, તે બતાવવા

માટે પારાઞ્ચિત અને અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત્ત વ્યવહારયંત્રમાં સ્થાપન કરેલ નથી. તેથી વિવક્ષાભેદથી વચનનો ભેદ હોવાને કારણે દોષ નથી. તેને સ્પષ્ટ કરવા અર્થે કહે છે. વ્યવહારનયમાં કૃતકરણવાળા ઉપાધ્યાયને છેદ પ્રાયશ્ચિત્ત કહેલ છે. છતાં દોષસેવન વખતે થોડા પણ નિરપેક્ષ હોય તો મૂળ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય તેમ ગાથા-૩૦૦માં સમર્થન કરેલ છે.

અહીં પ્રશ્ન થાય કે વ્યવહારનયના યંત્રમાં અને જીતકલ્પયંત્રમાં કોષ્ઠકની વૃદ્ધિ થવી જોઈએ, તે વૃદ્ધિ કેમ થઈ નથી ? તેથી કહે છે –

સાપેક્ષ એવા આચાર્યાદિને ગ્રહણ કરીને છેદ મૂળ પ્રાયશ્ચિત્તનું વિધાન હોવાથી કોષ્ઠકની વૃદ્ધિ નથી. નિરપેક્ષ એવા જિનકલ્પી આદિને સૂચનરૂપે જ તે કોષ્ઠક પૂર્વે ગ્રહણ કરેલ છે. **॥૩૧૫॥**

**અવતરણિકા :-**

**ननु सापेक्षनिरपेक्षयोस्तावद् भेद आस्तां सापेक्षाणां त्वाचार्योपाध्यायभिक्षूणां कुतो भेदः ? इत्याशङ्कां समादधानः प्राह –**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે. સાપેક્ષ નિરપેક્ષમાં ભેદ હો=ગચ્છસાપેક્ષ એવા આચાર્યાદિ અને નિરપેક્ષ એવા જિનકલ્પાદિનો પ્રાયશ્ચિત્ત વિષયક ભેદ હો, વળી સાપેક્ષ એવા આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુઓનો શેનાથી ભેદ છે ? અર્થાત્ આચાર્યને અધિક પ્રાયશ્ચિત્ત, ઉપાધ્યાયને તેનાથી અલ્પ અને ભિક્ષુઓને અલ્પ પ્રાયશ્ચિત્ત આવો ભેદ શેનાથી છે ? એ પ્રકારની આશંકામાં સમાધાનને કહે છે –**

**ગાથા :-**

**णणु आयरिआदीणं, साविक्खाणं कओ मओ भेओ ।**
**भण्णइ जं पच्छित्तं, दाणं चण्णं जओ भणियं ।।३१६।।**

**અન્વયાર્થ :-**

**णणु=નનુથી શંકા કરે છે. साविक्खाणं आयरिआदीणं=સાપેક્ષ એવા આચાર્યાદિનો=ગચ્છમાં રહેનારા સાપેક્ષ એવા આચાર્ય, ઉપાધ્યાય, સાધુનો, कओ भेओ मओ=કયા કારણથી ભેદ મનાયો છે ?, भण्णइ=ઉત્તર આપે છે. जं पच्छित्तं दाणं=જે કારણથી પ્રાયશ્ચિત્ત અને દાન, चण्णं=ભિન્ન છે. जओ भणियं=જે કારણથી કહેવાયું છે. ।।૩૧૬।।**

**ગાથાર્થ :-**

**નનુથી શંકા કરે છે. સાપેક્ષ એવા આચાર્ય-ઉપાધ્યાય-સાધુનો કયા કારણથી ભેદ મનાયો ? ઉત્તર આપે છે. જે કારણથી પ્રાયશ્ચિત્ત અને દાન ભિન્ન છે. જે કારણથી કહેવાયું છે. ॥૩૧૬॥**

ટીકા :-

'नणु' त्ति । नन्वाचार्यादीनां सापेक्षाणां भेदः कुतः कारणात् 'मतः' अभ्युपगतः ? आचार्योपाध्याययोरपि भिक्षुत्वस्यावस्थितत्वात्, तद्ग्रहणेन तयोरपि ग्रहणसम्भवात्; 'भण्यते' अत्रोत्तरं दीयते- 'यत्' यस्मादाचार्यादीनामाभवत्प्रायश्चित्तं समर्थासमर्थपुरुषाद्यपेक्षप्रायश्चित्तस्य दानं च भिन्नं तत आचार्यादीनां भेदः, यतो भणितं व्यवहारभाष्ये ।।३१६।।

ટીકાર્થ :-

नन्वाचा ..... व्यवहारभाष्ये ।। નનુથી શંકા કરે છે. સાપેક્ષ એવા આચાર્યાદિનો ભેદ કયા કારણથી સ્વીકારાયો છે ? અર્થાત્ ભેદ સ્વીકારવો જોઈએ નહિ; કેમ કે આચાર્ય ઉપાધ્યાયમાં પણ ભિક્ષુત્વનું અવસ્થિતપણું હોવાથી તેના ગ્રહણ વડે=ભિક્ષુત્વના ગ્રહણ વડે, તેઓના પણ=આચાર્ય ઉપાધ્યાય એ બેના પણ, ગ્રહણનો સંભવ છે. ઉત્તર આપે છે=આ પ્રકારની શંકામાં ઉત્તર અપાય છે. જે કારણથી આચાર્યાદિને પ્રાપ્ત થતું પ્રાયશ્ચિત્ત સમર્થ અસમર્થ પુરુષ આદિની અપેક્ષાએ પ્રાયશ્ચિત્તનું દાન ભિન્ન છે. તેથી આચાર્યાદિનો ભેદ છે=આચાર્યાદિ અને સામાન્ય સાધુઓનો ભેદ છે. જે કારણથી વ્યવહારભાષ્યમાં કહેવાયું છે. ॥૩૧૬॥

ગાથા :-

कारणमकारणं वा,जयणाजयणा व नत्थऽगीयत्थे ।
एएण कारणेणं, आयरिआई भवे तिविहा ।।३१७।।

અન્વયાર્થ :-

कारणमकारणं वा=કારણ અકારણ અથવા, जयणाजयणा=યતના-અયતના, अगीयत्थे=અગીતાર્થમાં नत्थ=નથી, एएण कारणेणं=આ કારણથી, आयरियाई तिविहा भवे=આચાર્યાદિ ત્રણ થાય. ॥૩૧૭॥

ગાથાર્થ :-

**કારણ અકારણ અથવા યતના અયતના અગીતાર્થમાં નથી=તેની વિચારણા અગીતાર્થમાં નથી. આ કારણથી આચાર્યાદિ ત્રણ થાય. ॥૩૧૭॥**

ટીકા :-

'कारणमकारणं व'त्ति । 'इदं कारणं प्रतिसेवनाया इदमकारणम्, तथा इयं यतना इयमयतना' इत्येतन्नास्ति विचारणं अगीतार्थे, अर्थाद् गीतार्थस्यास्तीति प्रतीयते । तत्राचार्योपाध्यायौ गीतार्थौ भिक्षुर्गीतार्थोऽगीतार्थश्च, गीतार्थस्यागीतार्थस्य च कारणे यतनया कारणेऽयतनयाऽकारणे यतनयाऽकारणेऽयतनया पृथक् पृथक् प्रायश्चित्तम्, सहासहपुरुषाद्यपेक्षं तुल्येऽपि प्रायश्चित्ते आपद्यमाने पृथगन्योऽन्यो

**दानविधिरित्येतेन कारणेनाचार्यादयस्त्रिविधा भवन्ति । सूत्रे 'भवे' इति बहुत्वेऽप्येकवचनं प्राकृतत्वात्, प्राकृते हि वचनव्यत्ययोऽपि क्वचिद् भवतीति ।।३१७।।**

**ટીકાર્થ :-**

**'इदं कारणं ..... क्वचिद्भवतीति ।। પ્રતિસેવનાનું આ કારણ છે, આ અકારણ છે અને આ યતના છે=પ્રતિસેવનાની આ યતના છે, આ અયતના છે. એ પ્રકારની વિચારણા અગીતાર્થમાં નથી અર્થાત્ શ્લોકના આટલા કથનથી અર્થથી પ્રાપ્ત થાય કે ગીતાર્થને છે=કારણ, અકારણ, યતના, અયતનાની વિચારણા ગીતાર્થને આશ્રયીને છે, એ પ્રકારે પ્રતીત થાય છે. ત્યાં=પ્રતિસેવનાના કારણ, અકારણ, યતના, અયતનાના વિષયમાં, આચાર્ય-ઉપાધ્યાય ગીતાર્થ હોય અને ભિક્ષુ ગીતાર્થ અને અગીતાર્થ હોય અને ગીતાર્થને, અગીતાર્થને કારણમાં યતનાથી, કારણમાં અયતનાથી અકારણમાં યતનાથી અને અકારણમાં અયતનાથી પૃથક્ પૃથક્ પ્રાયશ્ચિત્ત છે. સહ અસહ પુરુષ આદિની અપેક્ષાએ તુલ્ય પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થયે છતે પૃથક્ અન્ય અન્ય દાનવિધિ છે=આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ સહ અસહ પુરુષ આદિની અપેક્ષાએ તુલ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તોપણ આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુને પૃથક્ એવી અન્ય અન્ય દાનવિધિ છે. આ કારણથી આચાર્યાદિ ત્રણ પ્રકારના થાય છે. સૂત્રમાં 'भवे' શબ્દ બહુત્વમાં પણ એકવચનમાં છે.**

કેમ એકવચનમાં છે ? તેમાં હેતુ કહે છે.

**બહુત્વ હોવા છતાં પણ=આચાર્યાદિ ત્રણ હોવા છતાં પણ, એકવચનનો પ્રયોગ પ્રાકૃત હોવાથી છે. हि=જે કારણથી, પ્રાકૃતમાં વચનનો વ્યત્યય પણ ક્યારેક થાય છે. ।।૩૧૭।।**

**ભાવાર્થ :-**

વ્યવહારયંત્રમાં અને જીતકલ્પ યંત્રમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણના પ્રાયશ્ચિત્ત વિષયક ભેદો બતાવવા અર્થે વિભાગો કર્યા ત્યાં પ્રશ્ન થાય કે આચાર્ય અને ઉપાધ્યાય પણ સાધુ છે અને સાપેક્ષ એવા ભિક્ષુ પણ આચાર્ય આદિની નિશ્રામાં રહેલા સાધુ છે. તેથી જે અપરાધ હોય તેને અનુરૂપ પ્રાયશ્ચિત્ત શું છે ? તે બતાવવું જોઈએ. તેના બદલે આચાર્યના, ઉપાધ્યાયના અને ભિક્ષુના ભેદો કહીને પ્રાયશ્ચિત્તનો ભેદ કેમ બતાવ્યો ? તેનો ઉત્તર આપતાં કહે છે –

આચાર્યાદિને જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેનું દાન જુદું છે અને સમર્થ, અસમર્થ સાધુને આશ્રયીને દાન જુદું છે તે કારણથી ભિક્ષુપદથી આચાર્યાદિ ત્રણનો સંગ્રહ નથી. આ કથન વ્યવહારભાષ્ય અનુસાર છે. તે બતાવવા અર્થે વ્યવહારભાષ્યની ગાથા બતાવે છે. વ્યવહારભાષ્યની ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું છે કે પ્રતિસેવનાનું આ કારણ છે અને આ કારણ નથી. તેવી વિચારણા અગીતાર્થ સાધુને આશ્રયીને થતી નથી. અર્થાત્ સામાન્ય સાધુ ભિક્ષાના દોષો આદિ જાણતા હોય, પરંતુ તે તે આચરણા સંયમના કંડકોની વૃદ્ધિ કઈ રીતે કરે છે ? તેનો બોધ ગીતાર્થને હોય છે અને તે આચરણા દ્વારા જે પ્રકારે સંયમના કંડકોની વૃદ્ધિ

થતી હોય તે પ્રકારે કોઈ સાધુ પ્રતિકૂળ દ્રવ્ય, પ્રતિકૂળ ક્ષેત્ર, પ્રતિકૂળ કાળ કે પ્રતિકૂળ ભાવને કારણે કરી શકે નહિ. તેથી સંયમના કંડકોની વૃદ્ધિનો ઉપાય તે વખતે અપવાદનું અવલંબન લેવું એ પ્રતિસેવનાનું કારણ છે અને તેવા સંયોગમાં પણ જે સાધુ સંયમના કંડકોની વૃદ્ધિ કરી શકતા હોય, તેઓને પ્રતિકૂળ દ્રવ્ય, ક્ષેત્રાદિ પ્રતિસેવનાનું કારણ નથી. તેની વિચારણા અગીતાર્થ સાધુ કરી શકતા નથી.

વળી, કારણે પ્રતિસેવના કોઈ સાધુને આશ્રયીને કર્તવ્ય હોય ત્યારે પણ એ પ્રતિસેવના વિષયક યતના અર્થાત્ કઈ રીતે અલ્પદોષના સેવનથી પરિણામની રક્ષા થાય, તેનો નિર્ણય અગીતાર્થ સાધુ કરી શકતા નથી અને કયા પ્રકારની અયતના કરવાથી પરિણામની શુદ્ધિને બદલે દોષની પ્રાપ્તિ થાય ? તેની વિચારણા અગીતાર્થ સાધુ કરી શકતા નથી. આ પ્રકારના વ્યવહારભાષ્યના પૂર્વાર્ધના કથન દ્વારા અર્થથી એ પ્રાપ્ત થાય કે આ પ્રકારની વિચારણા ગીતાર્થ કરી શકે છે.

વળી, આચાર્ય અને ઉપાધ્યાય નિયમા ગીતાર્થ છે અને સામાન્ય સાધુ ગીતાર્થ પણ હોય અને અગીતાર્થ પણ હોય.

વળી, કારણમાં યતનાથી અને કારણમાં અયતનાથી પ્રતિસેવના કરી હોય અને અકારણમાં યતનાથી અને અકારણમાં અયતનાથી પ્રતિસેવના કરી હોય તો પૃથક્ પૃથક્ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે.

વળી, આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય ભિક્ષુને સહ અસહ આદિ પુરુષાદિની અપેક્ષાએ તુલ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તોપણ પૃથક્ અન્ય અન્ય પ્રાયશ્ચિત્ત આપવાની વિધિ છે. આથી જ સમાન પ્રતિસેવનામાં સહાદિની અપેક્ષાએ સમાન પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેવા પણ આચાર્યને અન્ય પ્રાયશ્ચિત્ત અપાય છે અને ગીતાર્થ ભિક્ષુને અન્ય પ્રાયશ્ચિત્ત અપાય છે. આ કારણથી આચાર્યાદિ ત્રણ પ્રકારના ભેદો પ્રાપ્ત થાય છે. અર્થાત્ આચાર્યને આશ્રયીને, ઉપાધ્યાયને આશ્રયીને અને સામાન્ય સાધુને આશ્રયીને સમાન પણ અપરાધમાં પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિમાં ભેદની પ્રાપ્તિ થાય છે. **॥૩૧૬-૩૧૭॥**

**અવતરણિકા :-**

**एनामेव गाथां व्याख्यानयति –**

**અવતરણિકાર્થ :-**

**આ જ ગાથાનું=ગાથા-૩૧૭માં આપેલ વ્યવહારભાષ્યના કથનનું, વ્યાખ્યાન કરે છે –**

**ગાથા :-**

**कज्जाकज्ज जयाजय, अविजाणंतो अगीअ जं सेवे ।**
**सो होइ तस्स दप्पो, गीए दप्पाऽजए दोसा ।।३१८।।**

**અન્વયાર્થ :-**

**कज्जाकज्ज=કાર્ય-અકાર્ય, जयाजय=જયણા-અજયણાને, अविजाणत्तो=નહિ જાણતા, अगीअ जं**

सेवे=અગીતાર્થ સાધુ જે સેવે છે. सो तस्स दप्पो होइ=તે તેમનો દર્પ છે. गीए दप्पाऽजए दोसा=ગીતાર્થને દર્પ અને અજયણામાં દોષો છે. ।।૩૧૮।।

**ગાથાર્થ :-**

**કાર્ય-અકાર્ય, જયણા-અજયણાને નહિ જાણતા અગીતાર્થ સાધુ જે સેવે છે. તે તેમનો દર્પ છે. ગીતાર્થને દર્પ અને અજયણામાં દોષો છે. ।।૩૧૮।।**

**ટીકા :-**

**'कज्जाकज्ज'त्ति । कार्यं नाम प्रयोजनं तच्चाधिकृतप्रवृत्तेः प्रयोजकत्वात्कारणम्, अत एवोक्तमन्यत्र—** 'कारणं ति वा कज्जं ति वा एगट्ठं' **ततोऽयमर्थः—'अगीतः' अगीतार्थः कार्यमिति कारणं न जानाति यस्मिन् प्राप्ते प्रतिसेवना क्रियते । तथाऽकार्यमित्यकारणं न जानाति यस्मिन् प्राप्ते प्रतिसेवना न क्रियते । तथा कारणेऽकारणे वा प्राप्ते सेवनं कुर्वन् यतनामयतनां वा न जानाति । एतान्यजानानो 'यत्' प्रतिसेवते स तस्य दर्पो भवति, सा तस्य दर्पिका प्रतिसेवना भवतीति भावः । गीतार्थः पुनः सर्वाण्येतानि जानाति ततः कारणेऽपि यतनया प्रतिसेवत इति शुद्धः, अगीतार्थस्य त्वज्ञानतया दर्पेण प्रतिसेवमानस्य प्रायश्चित्तम् । यदि च गीतार्थोऽपि चारित्रमोहोदयेन दर्पेण प्रवर्त्तते, कारणेऽपि न यतते च, तदा तुल्या अगीतार्थेन सह तस्य दोषाः । तत्राचार्या उपाध्यायाश्च नियमाद्गीतार्था इति गीतार्थत्वापेक्षया समाः, केवलं प्रतिसेव्यमानं वस्तु प्रतीत्य विषमाः । भिक्षवो गीतार्था अगीतार्थाश्च भवन्ति, प्रतिसेव्यमपि वस्त्वधिकृत्य भेद इति वस्तुभेदतो गीतार्थत्वागीतार्थत्वतश्च पृथग् विभिन्नविभिन्नं प्रायश्चित्तम्, सहासहपुरुषाद्यपेक्षया तु तुल्येऽप्याभवति प्रायश्चित्ते पृथग् विभिन्नवभिन्नं प्रायश्चित्त-दानम् ।।३१८।।**

**ટીકાર્થ :-**

**कार्यं नाम ..... प्रायश्चित्तदानम् ।।** કાર્ય પ્રયોજન છે અને તે અધિકૃત પ્રવૃત્તિનું પ્રયોજકપણું હોવાથી કારણ છે=સાધુને સંયમના કંડકોની વૃદ્ધિરૂપ અધિકૃત પ્રવૃત્તિનું પ્રયોજકપણું હોવાથી પ્રતિસેવના કારણ છે. આથી જ અન્યત્ર કહેવાયું.

'कारणं ति वा कज्जं ति वा एगट्ठं'

કારણ એ અને કાર્ય એ એકાર્થ છે.

તેથી=પ્રસ્તુત સ્થાનમાં કાર્ય શબ્દ કારણ અર્થમાં છે તેથી, આ અર્થ છે. અગીત=અગીતાર્થ સાધુ, કાર્યને=કારણને જાણતા નથી. જે પ્રાપ્ત થયે છતે=જે કારણ પ્રાપ્ત થયે છતે, પ્રતિસેવના કરાય છે અને અકાર્યને અર્થાત્ અકારણને જાણતા નથી. જે પ્રાપ્ત થયે છતે પ્રતિસેવના કરાતી નથી=પ્રતિકૂળ દ્રવ્યક્ષેત્ર હોવા છતાં સંયમમાં વૃદ્ધિનું કારણ ન હોય ત્યારે પ્રતિસેવના કરાતી નથી, એ પ્રકારે

અગીતાર્થ જાણતા નથી એમ અન્વય છે અને કારણ અથવા અકારણ પ્રાપ્ત થયે છતે પ્રતિસેવનાને કરતા યતનાને અથવા અયતનાને જાણતા નથી, એ પ્રકારે અગીતાર્થ જાણતા નથી એમ અન્વય છે. આને નહિ જાણતા=કારણ, અકારણ અને યતના, અયતનાને નહિ જાણતા એવા અગીતાર્થ સાધુ જે પ્રતિસેવના કરે છે તે=પ્રતિસેવના, તેમનો=અગીતાર્થ સાધુનો, દર્પ છે=જિનવચનને જાણ્યા વગર જિનવચનાનુસાર હું સેવું છું, એ પ્રકારનો કષાયના પરિણામરૂપ દર્પ થાય છે. તે=પ્રતિસેવના તેમની=અગીતાર્થ સાધુની, દર્પિકા પ્રતિસેવના છે. એ પ્રકારનો ભાવ છે. વળી, ગીતાર્થ આ સર્વને=કારણ, અકારણ અને યતના, અયતના આ સર્વને, જાણે છે. તેથી કારણમાં પણ યતનાથી પ્રતિસેવના કરે છે અર્થાત્ અકારણમાં તો સેવન કરતા નથી, પરંતુ સંયમ-વૃદ્ધિનું કારણ હોય ત્યારે દ્રવ્યાદિની પ્રતિકૂળતાને કારણે અપવાદ સેવે છે, ત્યારે પણ યતનાથી પ્રતિસેવન કરે છે તેથી શુદ્ધ છે અર્થાત્ સંયમ-વૃદ્ધિના ઉપાયનું સેવન હોવાથી તે બાહ્ય આચરણા કૃત કોઈ અશુદ્ધિ નથી. વળી, અજ્ઞાનપણું હોવાના કારણે દર્પથી પ્રતિસેવના કરનારા અગીતાર્થ સાધુને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અને જો તે ગીતાર્થ પણ ચારિત્રમોહના ઉદયરૂપ દર્પથી પ્રવર્તે છે=પ્રતિકૂળ સંયોગોમાં પણ ધૃતિના બળથી સંયમની વૃદ્ધિ કરી શકે તેમ હોવા છતાં પણ સુખશીલ સ્વભાવરૂપ ચારિત્રમોહનીયના ઉદયને કારણે દર્પથી પ્રવર્તે છે અને કારણમાં પણ=સંયમવૃદ્ધિમાં અપવાદનું આલંબન કારણ છે તેવું જ્ઞાન હોવાને કારણે ગીતાર્થ કારણમાં પણ, યતનાથી પ્રવર્તતા નથી=યતનામાં પ્રમાદાપાદક કર્મ દોષને કારણે યતનાથી પ્રવર્તતા નથી, ત્યારે અગીતાર્થની સાથે તેને=ગીતાર્થને તુલ્ય દોષો પ્રાપ્ત થાય છે અર્થાત્ દર્પિકા પ્રતિસેવનારૂપ તુલ્ય દોષો પ્રાપ્ત થાય છે. ત્યાં=પ્રતિસેવના કરનારાઓમાં આચાર્ય, ઉપાધ્યાય નિયમથી ગીતાર્થ છે. એથી ગીતાર્થત્વની અપેક્ષાએ સમાન છે. કેવલ પ્રતિસેવ્યમાન વસ્તુને આશ્રયીને વિષમ છે. સાધુઓ ગીતાર્થ અને અગીતાર્થ હોય છે. પ્રતિસેવ્ય પણ વસ્તુને આશ્રયીને ભેદ છે. એથી વસ્તુના ભેદથી=પ્રતિસેવ્ય વસ્તુના ભેદથી અને ગીતાર્થત્વ-અગીતાર્થત્વથી પૃથક્=વિભિન્ન વિભિન્ન પ્રાયશ્ચિત્ત છે. વળી, સહ અસહ પુરુષાદિની અપેક્ષાએ તુલ્ય પણ પ્રાપ્ત થતા પ્રાયશ્ચિત્તમાં પૃથગ્=વિભિન્ન વિભિન્ન પ્રાયશ્ચિત્તનું દાન છે=સહ-અસહ પુરુષાદિની અપેક્ષાએ આચાર્ય આદિને તુલ્ય પણ પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય છતાં ભિન્ન ભિન્ન પ્રાયશ્ચિત્તનું દાન છે. ॥૩૧૮॥

**ભાવાર્થ :-**

સાધુ સંયમ-વૃદ્ધિના પ્રયોજનથી જ સર્વ ઉચિત પ્રવૃત્તિઓ કરે છે અને સામાન્યથી સંયમની વૃદ્ધિ ઉત્સર્ગ માર્ગને અવલંબીને જિનવચનાનુસાર સર્વ સંયમની ઉચિત પ્રવૃત્તિઓ કરવાથી થાય છે. તેથી તેવી આચરણાને સુઆચરણા કહેવાય છે અને તેનાથી વિપરીત આચરણાને પ્રતિસેવના કહેવાય છે અને સાધુનું મુખ્ય પ્રયોજન તે તે ઉચિત આચરણા દ્વારા વીતરાગતાને અનુકૂળ ચિત્તનો સ્થિરભાવ છે અને તે કાર્યને આશ્રયીને ઉત્સર્ગથી બાહ્ય આચરણા કરવામાં આવે અને પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્રમાં વીતરાગતાને અનુકૂળ ચિત્તને સ્થિર કરવામાં સાધુ જો અસમર્થ બને. તેથી ઉત્તર ઉત્તરમાં સંયમસ્થાનની પ્રવૃત્તિમાં યત્ન થવાને બદલે અધો અધો સંયમસ્થાનમાં જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તેમ સાધુને જણાય તો અધોગમનના રક્ષણ

અર્થે અને સંયમસ્થાનની વૃદ્ધિ અર્થે પ્રતિસેવના ઉપાય છે તેથી સાધુને માટે તે પ્રતિસેવનાનું કારણ છે એમ શાસ્ત્ર સ્વીકારે છે અને વિષમ સંયોગોમાં પણ ધૃતિબળથી જે સાધુ સંયમસ્થાનને સેવી શકે છે, તેઓને પ્રતિસેવનાનું કારણ નથી એમ શાસ્ત્ર સ્વીકારે છે. વળી, ગીતાર્થ સાધુ સંયમસ્થાનના પરિણામ સાથે તે તે ઉચિત પ્રવૃત્તિનો નિર્ણય કરવા સમર્થ છે અને તેને અનુરૂપ ધૃતિબળ પોતાનામાં કેવું છે અને કેવું નથી ? તેનો નિર્ણય કરવા સમર્થ છે. તેથી ગીતાર્થ સાધુ પ્રતિસેવનાના કારણને અને અકારણને જાણી શકે છે.

વળી, કારણે પ્રતિસેવના કરવી પડે ત્યારે પણ કયા પ્રકારની યતના છે ? જે યતનાપૂર્વક સેવાયેલી તે પ્રતિસેવના ગુણવૃદ્ધિનું કારણ બનશે અને કયા પ્રકારની અયતના છે, જે કારણે સેવાતી પ્રતિસેવનામાં પણ પ્રમાદકૃત મલિનતાનું કારણ બનશે. આ પ્રકારે ગીતાર્થ જાણે છે. વળી, અગીતાર્થ સાધુ સ્થૂલથી ભિક્ષાદિના દોષો જાણતા હોય તોપણ સંયમવૃદ્ધિમાં કયા પ્રકારના સંયોગોમાં પ્રતિસેવના સંયમવૃદ્ધિનું કારણ છે અને કયા સંયોગોમાં પ્રતિસેવના સંયમવૃદ્ધિનું કારણ નથી, તેનો નિર્ણય કરી શકતા નથી.

વળી, કારણે સેવાતી પ્રતિસેવનામાં પણ કયા પ્રકારની ઉચિત યતના કરવાથી અપ્રમાદની વૃદ્ધિ થાય છે અને કયા પ્રકારની યતનાથી પ્રમાદની પ્રાપ્તિ થાય છે ? એ અગીતાર્થ સાધુ જાણતા નથી. તેથી તેવા સાધુઓ કોઈપણ સંયોગોમાં પ્રતિસેવના કરે ત્યારે તેમને દર્પની પ્રાપ્તિ છે. અર્થાત્ અમે શાસ્ત્રનું અવલંબન લઈને પ્રવૃત્તિ કરી છે. એ પ્રકારનું મિથ્યાઅભિમાન પ્રાપ્ત થાય છે. તેથી તેઓને દર્પિકા પ્રતિસેવના કૃત પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, ગીતાર્થ સાધુ કારણ-અકારણ યતના-અયતના જાણે છે. તેથી પોતાના સંયમસ્થાનની વૃદ્ધિ અર્થે કારણે યતનાપૂર્વક પ્રતિસેવના કરે, ત્યારે તે વિપરીત આચરણાકૃત લેશ પણ અશુદ્ધિની પ્રાપ્તિ તે મહાત્માને થતી નથી અને અગીતાર્થ સાધુને કારણ પ્રાપ્ત થયું હોય અને પોતાના બોધ અનુસાર કાંઈક યતના પણ કરતા હોય તોપણ અજ્ઞાનતાને કારણે તે સેવાયેલી વિપરીત આચરણાથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે.

વળી, ગીતાર્થ સાધુને પણ ક્યારેક સુખશીલ સ્વભાવને કારણે વિપરીત આચરણા કરવાનો અધ્યવસાય થાય ત્યારે તે વિપરીત આચરણા દર્પથી જ થાય છે. અર્થાત્ સુખશીલ સ્વભાવરૂપ કષાયથી થાય છે. વળી, ક્યારેક તેવા કારણે તે વિપરીત આચરણા સંયમવૃદ્ધિનો હેતુ હોય છતાં તે વિપરીત આચરણાકાળમાં જે યતના છે, તેનો બોધ હોવા છતાં ગીતાર્થ સાધુ સમ્યક્ યતના ન કરે ત્યારે દર્પિકા પ્રતિસેવનાની પ્રાપ્તિ છે અને તેવું સેવ્યા પછી ક્યારેક ગીતાર્થ સાધુને પણ પશ્ચાત્તાપ થાય ત્યારે તે મહાત્મા ઉચિત સ્થાને પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરે છે અને જે અધ્યવસાયથી જે સ્ખલના થઈ હોય તેનું યથાર્થ નિરૂપણ કરે છે. તેથી તે સ્ખલનાને અનુરૂપ તેમને પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, આચાર્ય અને ઉપાધ્યાય નિયમથી ગીતાર્થ છે. તેથી ગીતાર્થપણાની અપેક્ષાએ બન્ને સમાન છે. પરંતુ આચાર્યનો પ્રતિસેવનાનો પ્રસંગ ભિન્ન પ્રકારનો હોય છે અને ઉપાધ્યાયનો પ્રતિસેવનાનો પ્રસંગ ભિન્ન પ્રકારનો હોય છે. તેથી તેઓ વિષમ છે.

વળી, સામાન્ય સાધુઓ ગીતાર્થ અને અગીતાર્થ બન્ને હોય છે અને પ્રતિસેવના વસ્તુને આશ્રયીને પણ તેઓનો ભેદ છે. તેથી પ્રતિસેવનાના ભેદથી અને ગીતાર્થત્વના અને અગીતાર્થત્વના ભેદથી ભિન્ન પ્રકારનાં પ્રાયશ્ચિત્તો સામાન્ય સાધુઓને અપાય છે. તેને આગળના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. **॥૩૧૮॥**

**અવતરણિકા :-**

**તથા ચાહ –**

**અવતરણિકાર્થ :-**

**અને તે રીતે કહે છે=ગાથા-૩૧૬માં કહ્યું કે સાપેક્ષ એવા આચાર્યાદિને જે પ્રાયશ્ચિત્ત થતું હોય તે અને અન્ય ભિક્ષુને જે પ્રાયશ્ચિત્ત થતું હોય તે ભિન્ન ભિન્ન છે. તેની પુષ્ટિ ગાથા-૩૧૭-૩૧૮થી કરી. હવે જે ગાથા-૩૧૬માં કહેલું કે આચાર્ય, ઉપાધ્યાય અને સમર્થ, અસમર્થ ભિક્ષુની અપેક્ષાએ પ્રાયશ્ચિત્તનું દાન ભિન્ન છે તે રીતે કહે છે –**

**ગાથા :-**

दोसविहवाणुरूवो, लोए दंडो वि किमुत उत्तरिए ।
तित्थुच्छेओ इहरा, णिराणुकंपा ण य विसोही ।।३१९।।

**અન્વયાર્થ :-**

लोए दंडो वि=લોકમાં દંડ પણ, दोसविहवाणुरूवो=દોષને અને વૈભવને અનુરૂપ અપાય છે. किमुत उत्तरिए=શું વળી લોકોત્તર શાસનમાં અર્થાત્ લોકોત્તર શાસનમાં પણ દંડ દોષને અને વૈભવને અનુરૂપ અપાય છે. इहरा=ઈતરથા=તે પ્રમાણે ન અપાય તો, तित्थुच्छेओ=તીર્થનો ઉચ્છેદ થાય. णिराणुकंपा= નિરનુકંપા થાય. य ण विसोही=વિશોધિ ન થાય=પ્રાયશ્ચિત્તદાયકને વિશોધિ ન થાય. ॥૩૧૯॥

**ગાથાર્થ :-**

**લોકમાં દંડ પણ દોષને અને વૈભવને અનુરૂપ અપાય છે. શું વળી લોકોત્તર શાસનમાં અર્થાત્ લોકોત્તર શાસનમાં પણ દંડ દોષને અને વૈભવને અનુરૂપ અપાય છે. ઈતરથા=તે પ્રમાણે ન અપાય તો, તીર્થનો ઉચ્છેદ થાય, નિરનુકંપા થાય અને વિશોધિ ન થાય=પ્રાયશ્ચિત્તદાયકને વિશોધિ ન થાય. ।।૩૧૯।।**

**ટીકા :-**

'दोस'त्ति । लोकेऽपि दण्डः दोषानुरूपो विभवानुरूपश्च, तथाहि—महत्यपराधे महान् दण्डोऽल्पेऽल्पीयान् । तथा समानेऽपि दोषेऽल्पधनस्याल्पो महाधनस्य महान् लोकेऽपि तावदेवम्, 'किमुत' किं पुनः 'औत्तरिके' लोकोत्तरे व्यवहारे ?, तत्र सुतरां दोषसामर्थ्यानुरूपो दण्डः, तस्य

सकलजगदनुकम्पाप्रधानत्वात् । 'इतरथा' दोषसामर्थ्ये अतिक्रम्य दण्डकरणे व्यवस्थाभावात्सन्तान-प्रवृत्त्यसम्भवे तीर्थोच्छेदः स्यात् । तथा 'निरनुकम्पा' अनुकम्पाया अभावः, प्रायश्चित्तदायकस्या-समर्थभिक्षुप्रभृतीनामननुग्रहात् । न च तस्य प्रायश्चित्तदायकस्य विशोधिः, अप्रायश्चित्ते प्रायश्चित्तस्य प्रायश्चित्तेऽप्यतिमात्रप्रायश्चित्तस्य दानतो महाऽऽशातनासम्भवात्, ततः सापेक्षा आचार्यादयस्त्रिविधाः ।।३१९।।

**ટીકાર્થ :-**

लोकेऽपि ..... आचार्यादयस्त्रिविधाः ।। **લોકમાં પણ દંડ દોષને અનુરૂપ અને વૈભવને અનુરૂપ છે. તે આ પ્રમાણે મોટા અપરાધમાં મહાન દંડ છે. અલ્પ અપરાધમાં અલ્પ દંડ છે અને સમાન પણ દોષમાં અલ્પધનવાળાને અલ્પ દંડ છે. મહાન ધનવાળાને મહાન દંડ છે. લોકમાં પણ આ પ્રમાણે છે. શું વળી લોકોત્તર વ્યવહારમાં=લોકોત્તર વ્યવહારમાં પણ તે રીતે દંડ છે.**

**ત્યાં=લોકોત્તર વ્યવહારમાં, દોષ અને સામર્થ્યને અનુરૂપ દંડ છે; કેમ કે તેનું=લોકોત્તર વ્યવહારનું સકલ જગતની અનુકંપામાં પ્રધાનપણું છે. इतरथा=દોષ અને સામર્થ્યને અતિક્રમીને દંડના કરણમાં વ્યવસ્થાનો અભાવ થવાથી=શુદ્ધિ માટે પ્રાયશ્ચિત્ત દાનની ઉચિત વ્યવસ્થાનો અભાવ થવાથી, સંતાનની પ્રવૃત્તિનો અસંભવ થયે છતે=થયેલા પાપની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્તના ગ્રહણના પ્રવાહની પ્રવૃત્તિનો અસંભવ થયે છતે, તીર્થનો ઉચ્છેદ થાય અને નિરનુકંપા થાય=દોષ અને વૈભવને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપવામાં ન આવે તો અનુકંપાનો અભાવ થાય; કેમ કે અસમર્થ ભિક્ષુ વગેરેને પ્રાયશ્ચિત્તદાયક એવા ગુરુનો અનનુગ્રહ થાય છે અને તે પ્રાયશ્ચિત્તદાયકને વિશોધિ નથી=યોગ્ય જીવોને ઉચિત પ્રાયશ્ચિત્ત આપવાથી પ્રાયશ્ચિત્ત આપનારા સાધુને જે વિશોધિ પ્રાપ્ત થાય છે તે વિશોધિ નથી; કેમ કે અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્તના દાનથી અને પ્રાયશ્ચિત્તમાં પણ અતિમાત્રાના પ્રાયશ્ચિત્તના દાનથી મહાઆશાતનાનો સંભવ છે. તેથી સાપેક્ષ આચાર્યાદિ ત્રણ પ્રકારના છે=ગચ્છમાં વસનારા આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય સાધુ એમ ત્રણ પ્રકારના છે. ।।૩૧૯।।**

**ભાવાર્થ :-**

લોકવ્યવહારમાં કોઈએ અપરાધ કર્યો હોય તેવા અપરાધનો પ્રવાહ ન ચાલે માટે તેને દંડ કરાય છે અને કેટલાક જીવો અપરાધના દંડને પામીને ફરી ફરી અપરાધ ન કરે, એટલા માટે દંડ અપાય છે. લોકોત્તર વ્યવહારમાં વળી, તે પ્રાયશ્ચિત્ત આચાર્યાદિનું આચાર્યપદરૂપ વૈભવ, ઉપાધ્યાયપદરૂપ વૈભવ, દેહનું સામર્થ્ય અને ધૃતિબળ આદિનો વૈભવ વિચારીને અપાય છે. તેથી તે પ્રાયશ્ચિત્તને સેવીને તેઓ તીવ્ર સંવેગ પ્રાપ્ત કરે છે. તેથી તેઓને શુદ્ધિની પ્રાપ્તિ થાય છે અને જો તે દોષ અને સામર્થ્યને અનુરૂપ દંડ આપવામાં ન આવે તો પાપશુદ્ધિની વ્યવસ્થાનો અભાવ પ્રાપ્ત થાય. તેથી થયેલાં પાપોની શુદ્ધિ અર્થે સાધુઓ જે પ્રાયશ્ચિત્તની ઉચિત પ્રવૃત્તિ કરે છે, તે પ્રવૃત્તિનો પ્રવાહ રહે નહિ; કેમ કે નાના અપરાધમાં

મોટા દંડને કારણે તેઓ ઉદ્વેગને પામે છે અને સામર્થ્યને અનુરૂપ પ્રાયશ્ચિત્ત ન હોય તો અસામર્થ્યને કારણે તેનું પાલન કરી શકે નહિ. તેથી પણ પ્રાયશ્ચિત્તના પ્રવાહના અસંભવની પ્રવૃત્તિ થાય છે. તેથી ઉચિત પ્રાયશ્ચિત્તને ગ્રહણ કરીને શોધન કરનારા સાધુઓ નહિ રહેવાથી તીર્થનો ઉચ્છેદ થાય.

વળી, અસમર્થને શાસ્ત્રનું અવલંબન લઈને તેના દોષને અનુરૂપ જે પ્રાયશ્ચિત્ત આવતું હોય તેવું પ્રાયશ્ચિત્ત આપનારા સાધુએ અસમર્થ સાધુને ઉપાધ્યાયને કે આચાર્યને તેવું પ્રાયશ્ચિત્ત આપ્યું કે જેનું પાલન તેઓ કરી શકે નહિ તો પ્રાયશ્ચિત્ત લેનારને અનુગ્રહની પ્રાપ્તિ થાય નહિ, પરંતુ પ્રાયશ્ચિત્ત આપનાર મહાત્મા અસમર્થ સાધુને તેના પાપનો તીવ્ર સંવેગ થાય, તેને અનુરૂપ તેની શક્તિ અનુસાર પ્રાયશ્ચિત્ત આપે તો તે પ્રાયશ્ચિત્ત સેવીને તે મહાત્મા શુદ્ધ થાય. તેથી તેમની ભાવ અનુકંપાની પ્રાપ્તિ થાય. પરંતુ વૈભવાદિનો વિચાર કર્યા વિના પ્રાયશ્ચિત્ત આપે તો પ્રાયશ્ચિત્ત લેનારા સાધુની અનુકંપાનો અભાવ પ્રાપ્ત થાય. તેથી પ્રાયશ્ચિત્ત આપનારા નિરનુકંપાવાળા સાધુને કર્મબંધની પ્રાપ્તિ થાય.

વળી, યોગ્ય જીવોને દોષ અને વૈભવને અનુરૂપ પ્રાયશ્ચિત્ત આપીને હું શોધન કરું, એવો જો વિશુદ્ધ અધ્યવસાય પ્રાયશ્ચિત્ત દેનારા ગુરુમાં હોય તો જિનવચનાનુસાર જ તેઓએ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. પરંતુ જેઓ આ રીતે પ્રાયશ્ચિત્ત આપતા નથી, તેઓને તેવો અધ્યવસાય નહિ હોવાથી પ્રાયશ્ચિત્ત આપવા દ્વારા પ્રાયશ્ચિત્ત આપનારા ગુરુને વિશોધિ થતી નથી. પરંતુ મેં પ્રાયશ્ચિત્ત આપ્યું છે, એવો મિથ્યાદર્પ થાય છે; કેમ કે અપ્રાયશ્ચિત્તમાં પ્રાયશ્ચિત્તના દાનથી મહાઆશાતનાનો સંભવ છે. વળી, દોષસેવનથી સાધુને પ્રાપ્ત થયેલા પ્રાયશ્ચિત્ત કરતાં અધિક માત્રાનું પ્રાયશ્ચિત્ત આપે તો મહાઆશાતનાનો સંભવ છે અર્થાત્ શિષ્ટ લોકોને તે પ્રાયશ્ચિત્તના દાનથી ભગવાનનું શાસન વિવેકવાળું નથી, તેવું જણાવે છે. જેથી શાસનની હીલનાની પ્રાપ્તિ થાય છે માટે સુગુરુ તેવું પ્રાયશ્ચિત્ત આપે નહીં પરંતુ વિવેકપૂર્વક જ પ્રાયશ્ચિત્ત આપે તેને આશ્રયીને સાપેક્ષ એવા આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ ત્રિવિધ છે અર્થાત્ આચાર્ય, ઉપાધ્યાય વૈભવવાળા છે અને શેષ ભિક્ષુઓ ગીતાર્થ આદિ વૈભવવાળા હોય કે ગીતાર્થ આદિ વૈભવવાળા ન હોય, તેમને આશ્રયીને આચાર્ય, ઉપાધ્યાય અને સામાન્ય ભિક્ષુરૂપ ત્રણ ભેદો છે. **॥૩૧૯॥**

**અવતરણિકા :-**

**अत्रैव प्रकारान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

**આમાં જ પ્રકારાંતરને કહે છે=ગાથા-૩૧૮-૩૧૯માં આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુનો ભેદ કઈ રીતે છે ? તે બતાવતા કહ્યું કે અગીતાર્થ સાધુ કાર્ય-અકાર્યને જયણા-અજયણાને જાણતા નથી. તેથી જે પ્રતિસેવના કરે છે, તે તેમનો દર્પ છે અને ગીતાર્થ સાધુ કાર્યાકાર્યાદિને જાણે છે. આમ છતાં દર્પથી અકારણમાં સેવે અને કારણમાં અયતનાથી સેવે તો તેમને અગીતાર્થ તુલ્ય દોષોની પ્રાપ્તિ થાય. તેથી આચાર્ય, ઉપાધ્યાય અને ગીતાર્થને પ્રાયશ્ચિત્તનો ભેદ છે. હવે તે ત્રણેને પ્રાયશ્ચિત્તનો ભેદ છે, તે અન્ય પ્રકારથી બતાવે છે –**

**ગાથા :-**

**अहवा कज्जाकज्जे, जयाजयंते अ कोविदो गीओ ।**
**दप्पाजओ णिसेवं, अणुरूवं पावए दोसं ।।३२०।।**

**અન્વયાર્થ :-**

अहवा कज्जाकज्जे=અથવા કાર્ય-અકાર્યમાં, जयाजयंते=યતના-અયતનામાં कोविदो गीओ=કોવિદ એવા ગીતાર્થ સાધુ, दप्पाजओ णिसेवं=દર્પને આધીન સેવન કરતા, अणुरूवं दोसं पावए=અનુરૂપ દોષને પ્રાપ્ત કરે છે. ।।૩૨૦।।

**ગાથાર્થ :-**

**અથવા કાર્ય-અકાર્યમાં, યતના-અયતનામાં, કોવિદ એવા ગીતાર્થ સાધુ દર્પને આધીન સેવન કરતા અનુરૂપ દોષને પ્રાપ્ત કરે છે. ।।૩૨૦।।**

**ટીકા :-**

'अहव'त्ति । 'अथवा' इति प्रकारान्तरे 'गीतः' गीतार्थः, स कारणमपि जानात्यकारणमपि जानाति यतनामपि जानात्ययतनामपि जानाति । एवं कार्याकार्ये यतायते कोविदो गीतार्थो यदि दर्पेण प्रतिसेवते कारणेऽप्ययतनया च तदा स दर्पायतो निषेवमाणः 'अनुरूपम्' दर्पानुरूपमयतनानुरूपं च दोषं प्रायश्चित्तं प्राप्नोति, दर्पायतनानिष्पन्नं तस्मै प्रायश्चित्तं दीयत इति भावः ।।३२०।।

**ટીકાર્થ :-**

'अथवा' ..... इति भावः ।। 'अथवा' એ પ્રકારાન્તરમાં છે. ગીત=ગીતાર્થ તે=ગીતાર્થ સાધુ, કારણને પણ જાણે છે=પ્રતિસેવના કરવાને અનુકૂળ આ કારણ છે, એમ પણ જાણે છે, અકારણને પણ જાણે છે=પ્રતિકૂળ દ્રવ્ય-ક્ષેત્ર હોવા છતાં પણ પ્રતિસેવનાનું કારણ નથી, તેને પણ જાણે છે. યતનાને પણ જાણે છે=પ્રતિસેવનાનું કારણ હોય ત્યારે કયા પ્રકારની યતનાથી તે પ્રતિસેવના કરવી જોઈએ ? તે જાણે છે. અયતનાને પણ જાણે છે=કારણથી સેવાતી પ્રતિસેવનામાં કઈ આચરણા અયતના છે તેને પણ જાણે છે. આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, કાર્ય-અકાર્યમાં યતના-અયતનામાં કોવિદ એવા ગીતાર્થ=જાણનાર એવા ગીતાર્થ, જો દર્પથી પ્રતિસેવના કરે છે=અનુકૂળતાના રાગના વશથી ઉત્સર્ગની આચરણા છોડીને વિપરીત આચરણા કરે છે અને કારણમાં પણ=પ્રતિસેવનાનું પ્રામાણિક કારણ વિદ્યમાન હોવા છતાં પણ અયતનાથી પ્રતિસેવના કરે છે=પ્રમાદવશ અયતનાથી તે પ્રકારની પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે=ગીતાર્થ સાધુ, દર્પને આધીન સેવન કરતા=તે પ્રકારની પ્રવૃત્તિ કરતા, અનુરૂપ=દર્પને અનુરૂપ અને અયતનાને અનુરૂપ દોષ સ્વરૂપ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરે છે. દર્પ અને અયતનાથી નિષ્પન્ન એવું પ્રાયશ્ચિત્ત તેમને=ગીતાર્થ સાધુને અપાય છે. ।।૩૨૦।।

ગાથા :-

कप्पे अ अकप्पम्मि य, जो पुण अविणिच्छिओ अकज्जं पि ।

कज्जमिति सेवमाणो, अदोसवं सो असढभावो ।।३२१।।

અન્વયાર્થ :-

जो पुण=જે વળી, कप्पे अ अकप्पम्मि य=કલ્પ્ય અને અકલ્પ્યમાં, अविणिच्छिओ=અવિનિશ્ચિત છે=જે સાધુ શું કલ્પ્ય છે ? શું અકલ્પ્ય છે ? એ પ્રકારના નિશ્ચયથી રહિત છે. अकज्जं पि कज्जमिति सेवमाणो=અકાર્યને પણ કાર્ય છે=અકલ્પ્ય પણ કલ્પ્ય છે એ બુદ્ધિથી સેવતા, असढभावो सो=અશઠભાવવાળા એવા તે સાધુ, अदोसवं=અદોષવાળા છે. ।।૩૨૧।।

ગાથાર્થ :-

**જે વળી કલ્પ્ય અને અકલ્પ્યમાં અવિનિશ્ચિત છે=જે સાધુ શું કલ્પ્ય છે ? શું અકલ્પ્ય છે ? એ પ્રકારના નિશ્ચયથી રહિત છે, અકાર્યને પણ કાર્ય છે=અકલ્પ્ય પણ કલ્પ્ય છે એ બુદ્ધિથી સેવતા અશઠભાવવાળા એવા તે અદોષવાળા છે. ।।૩૨૧।।**

નોંધ : ગાથામાં અશઠભાવ એ શબ્દમાં હેતુ અર્થમાં પ્રથમા છે. તેથી અશઠભાવવાળા હોવાથી અદોષવાળા છે.

ટીકા :-

'कप्पे अ'त्ति । यः पुनः कल्प्येऽकल्प्ये च 'अविनिश्चितः' किं कल्प्यं किमकल्प्यम् ? इति विनिश्चयरहितः सः 'अकार्यमपि' अकल्प्यमपि 'कार्यमिति' कल्प्यमिति बुद्ध्या सेवमानोऽशठभाव इति, हेतौ प्रथमा, अशठभावत्वाददोषवान्, न प्रायश्चित्तभाग् भवतीति भावः ।।३२१।।

ટીકાર્થ :-

यः पुनः ..... भवतीति भावः ।। જે વળી અકલ્પ્યમાં અવિનિશ્ચિત છે=જે સાધુ શું કલ્પ્ય છે, શું અકલ્પ્ય છે ? એ પ્રકારના નિશ્ચયથી રહિત છે, તે અકાર્ય પણ=અકલ્પ્ય પણ, કાર્ય છે=કલ્પ્ય છે, એ બુદ્ધિથી સેવતા અશઠભાવવાળા પ્રાયશ્ચિત્તભાગ થતા નથી=ગાથામાં અશઠભાવ એ શબ્દમાં હેતુ અર્થમાં પ્રથમા છે, તેથી અશઠભાવવાળા હોવાથી અદોષવાળા છે. ।।૩૨૧।।

ગાથા :-

जं वा दोसमयाणंतो, हेहंभूतो णिसेवए ।

हुज्जा णिद्दोसवं केण, विआणंतो तमायरं ।।३२२।।

અન્વયાર્થ :-

हेहंभूतो=હેહંભૂત એવા સાધુ-ગુણદોષ પરિજ્ઞાનવિકલ અશઠભાવવાળા સાધુ, दोसमयाणन्तो=દોષને

નહિ જાણતા, जं णिसेवए=જે દોષને સેવે છે, तमायारं=તે આચારને સેવતા=તે દોષવાળા આચારને સેવતા, विआणन्तो=જાણતા એવા ગીતાર્થ, केण=કયા હેતુથી, णिद्दोसवं हुज्जा=નિર્દોષ થાય ? ॥૩૨૨॥

ગાથાર્થ :-

**હેહંભૂત એવા સાધુ=ગુણદોષપરિજ્ઞાનવિકલ અશઠભાવવાળા સાધુ, દોષને નહિ જાણતા જે દોષને સેવે છે. તે આચારને સેવતા=તે દોષવાળા આચારને સેવતા જાણતા એવા ગીતાર્થ કયા હેતુથી નિર્દોષ થાય ? ॥૩૨૨॥**

ટીકા :-

'जं व'त्ति । हेहंभूतो नाम गुणदोषपरिज्ञानविकलोऽशठभावः, स यं दोषमजानानो निषेवते तमेव दोषं विजानानः कोविदो गीतार्थ आचरन् केन हेतुना 'निर्दोषवान्' दोषस्याभावो निर्दोषस्तद्वान् ? न केनापीत्यर्थः, तीव्रदुष्टाध्यवसायभावात्; न खलु जानानस्तीव्रदुष्टाध्यवसायमन्तरेण तथा प्रवर्त्तत इति ॥३२२॥

ટીકાર્થ :-

हेहंभूतो ..... प्रवर्त्तत इति ॥ હેહંભૂત એટલે ગુણ-દોષના પરિણામથી વિકલ, અશઠભાવવાળા તે=અશઠભાવવાળા ગુણ-દોષના પરિણામથી વિકલ સાધુ, જે દોષને નહિ જાણતા સેવે છે, તે જ દોષને જાણતા કોવિદ એવા ગીતાર્થ આચરતા=તે દોષને સેવતા, કયા હેતુથી નિર્દોષવાળા છે=દોષનો અભાવ=નિર્દોષ તે વાળા=દોષના અભાવવાળા, કયા કારણથી છે ? અર્થાત્ કાંઈપણ કારણથી દોષના અભાવવાળા નથી; કેમ કે તીવ્ર દુષ્ટ અધ્યવસાયનો સદ્ભાવ છે. ખરેખર જાણતા સાધુ તીવ્ર દુષ્ટ અધ્યવસાય વગર તે પ્રકારે=અકલ્પ્યમાં અથવા પ્રતિસેવનામાં અયતનાથી પ્રવર્તતા નથી. ॥૩૨૨॥

ભાવાર્થ :-

પ્રસ્તુતમાં અન્ય પ્રકારથી આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુનો ભેદ કેમ છે ? તે બતાવવા અર્થે 'અથવા'થી કહે છે. ગીતાર્થ સાધુ આ પ્રતિસેવના ભાવવૃદ્ધિનું કારણ છે, એવો નિર્ણય કરી શકે છે અને ભાવવૃદ્ધિનું કારણ એવી આ પ્રતિસેવના કઈ યતનાથી સેવવી જોઈએ ? જેથી ચિત્તની અશુદ્ધિ પ્રાપ્ત થાય નહિ, તે પણ જાણે છે. આમ છતાં તે ગીતાર્થ સાધુ સુખશીલ સ્વભાવને કારણે પ્રતિસેવના કરે અને ક્વચિત્ પરિણામની શુદ્ધિ અર્થે તે પ્રતિસેવના કર્તવ્ય હોય છતાં પ્રમાદી સ્વભાવને કારણે ઉચિત યતના ન કરે ત્યારે તે પ્રતિસેવનામાં અધ્યવસાયની તરતમતાના ભેદથી દર્પની પ્રાપ્તિ થાય છે અને પાછળથી પશ્ચાત્તાપ થાય અને પ્રાયશ્ચિત્ત માટે તત્પર થાય ત્યારે તેમને તેમના દર્પને અનુરૂપ અને અયતનાને અનુરૂપ પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, ગાથા-૩૨૧માં કહ્યું એ પ્રમાણે કોઈ અગીતાર્થ સાધુ પોતાની અગીતાર્થતા જાણે છે. ગીતાર્થને પૂછીને ઉચિત યતના કરવા પ્રયત્ન કરે છે છતાં કોઈક સ્થાને અનાભોગ વર્તે છે. તેથી કલ્પ્યાકલ્પ્યના

વિષયમાં તેમને નિર્ણય થયો નથી. તેથી અકલ્પ્ય એવા કાર્યને કલ્પ્ય માનીને સેવે છે છતાં શુદ્ધ આચાર સેવવાનો બદ્ધરાગ છે. તેથી અદોષવાળા છે અને તેના કારણે તેમને પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી નથી; કેમ કે બાહ્ય અશુદ્ધિના બળથી પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ નથી, પરંતુ ચિત્તના માલિન્યથી દોષની પ્રાપ્તિ છે અને અગીતાર્થ શક્તિને અનુરૂપ ગીતાર્થના અવલંબનથી કલ્પ્યાકલ્પ્યનો નિર્ણય કરવા યત્ન કરે, છતાં બાહ્ય કોઈ અકલ્પ્ય વસ્તુ ગ્રહણ કરે ત્યારે પણ જિનવચનાનુસાર સેવવાનો અધ્યવસાય હોવાથી તે સાધુ પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરતા નથી. ગાથા-૩૨૦ અને ૩૨૧માં કહેલા કથનને જ સ્પષ્ટ કરતાં ગાથા-૩૨૨માં કહે છે.

પ્રાકૃતમાં હેહંભૂત શબ્દ છે. તે ગુણ-દોષ પરિજ્ઞાનવિકલ અશઠભાવવાળા સાધુનો વાચક છે અને તેવા સાધુ અશઠભાવવાળા હોવાથી માયા વગર શક્તિ અનુસાર અવશ્ય જિનવચનાનુસાર સેવવા યત્ન કરે છે. તેથી, ગાથા-૩૧૮માં કહ્યા પ્રમાણે જે અગીતાર્થ સાધુ અકલ્પ્યને અને અયતનાથી સેવન કરે છે, તેઓને દર્પ પ્રતિસેવનાની પ્રાપ્તિ છે. તે ગાથા-૩૨૧માં બતાવ્યા એવા અગીતાર્થ જેવા અશઠભાવવાળા નથી, પરંતુ પોતે અગીતાર્થ હોવા છતાં હું જાણું છું, તેમ માનીને સેવનારા અગીતાર્થ છે અને ગાથા-૩૨૧માં કહેલ અગીતાર્થ સાધુ અશઠભાવવાળા હોવાથી તેના કરતાં અન્ય પ્રકારના છે. આથી, અનાભોગથી તે સાધુ જે અકલ્પ્ય સેવે છે, તેમાં દર્પ નહિ હોવાથી પ્રાયશ્ચિત્તને પ્રાપ્ત કરતા નથી. વળી, અશઠભાવવાળા અગીતાર્થ સાધુ જે દોષને સેવે છે, તે જ દોષ ગીતાર્થ સાધુ સેવે તો તે કઈ રીતે નિર્દોષ કહી શકાય ? અર્થાત્ કહી શકાય નહિ; કેમ કે ભગવાનના વચનથી સ્પષ્ટ બોધ છે કે આ દ્રવ્ય-ક્ષેત્રમાં મારે પ્રતિસેવના સેવવી જોઈએ નહિ, છતાં તીવ્ર દુષ્ટ અધ્યવસાય થાય છે, જેના કારણે ભગવાનની આજ્ઞાને ગૌણ કરીને પણ તે પ્રકારની આચરણા કરવા તત્પર થાય છે; કેમ કે જાણનાર પુરુષ તીવ્ર દુષ્ટ અધ્યવસાય વગર ભગવાનની આજ્ઞાથી વિપરીત ક્યારેય કરે નહિ.

આ રીતે પૂર્વમાં અગીતાર્થ સાધુ પ્રતિસેવના કરે અને ગીતાર્થ સાધુ પ્રતિસેવના કરે, તેમને જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, તેનું યોજન કરીને આચાર્યાદિ ત્રણનો ભેદ બતાવેલો. હવે પ્રસ્તુત ત્રણ ગાથાથી અન્ય પ્રકારે અગીતાર્થને પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું નથી અને ગીતાર્થને અવશ્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે, તેમ બતાવ્યું અને તેના દ્વારા આચાર્યાદિ ત્રણનો ભેદ કેમ છે ? તે આગળની ગાથામાં બતાવે છે. **॥૩૨૦થી ૩૨૨॥**

**અવતરણિકા :-**

**तदेवं दृष्टान्तमभिधाय दार्ष्टान्तिकयोजनामाह –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૩૨૦થી ૩૨૨માં બતાવ્યું એ રીતે, દૃષ્ટાંતને કહીને=ગીતાર્થ-અગીતાર્થ સાધુ પ્રતિસેવના કરે, તેમને શું પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય ? તે દૃષ્ટાંતને કહીને દાર્ષ્ટાંતિકમાં યોજનાને કહે છે=આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુકનો ભેદ કઈ રીતે છે ? એ દાર્ષ્ટાંતિક કથનમાં યોજન કરીને કહે છે –**

**ગાથા :-**

**एमेव य तुल्लम्मि वि, अवराहपयम्मि वट्टिआ दो वि ।**
**तत्थ वि जहाणुरूवं, दलंति दंडं दुवेण्हं पि ।।३२३।।**

**અન્વયાર્થ :-**

**एमेव य=અને આ રીતે જ, तुल्लम्मि वि अवराहपयम्मि वट्टिआ दो वि=તુલ્ય પણ અપરાધસ્થાનવર્તી બે જનોમાં, तत्थ वि=ત્યાં પણ=તુલ્ય અપરાધસ્થાનમાં પણ, दुवेण्हं पि=બંનેને પણ, जहाणुरूवं=યથા અનુરૂપ, दंडं दलंति=દંડ અપાય છે. ।।૩૨૩।।**

**ગાથાર્થ :-**

**અને આ રીતે જ તુલ્ય પણ અપરાધસ્થાનવર્તી બે જનોમાં ત્યાં પણ=તુલ્ય અપરાધસ્થાનમાં પણ બંનેને પણ યથા અનુરૂપ દંડ અપાય છે. ।।૩૨૩।।**

**ટીકા :-**

**'एमेव य'त्ति । 'एवमेव' अनेनैव दृष्टान्तेन द्वावपि जनौ आस्तामेक इत्यपिशब्दार्थः, 'तुल्येऽपि' समानेऽप्यपराधपदे वर्त्तिनौ, 'तत्रापि' तुल्येऽप्यपराधे द्वयोरपि तयोः 'यथाऽनुरूपं' गीतार्थागीतार्थयतनाऽयतनासंहननविशेषानुरूपं दण्डं 'दलयन्ति' प्रयच्छन्ति, तस्मात्प्रायश्चित्तदानभेदतश्चाचार्यादिकस्त्रिविधो भेदः कृतः ।।३२३।।**

**ટીકાર્થ :-**

**'एवमेव'..... भेदः कृतः ।। આ રીતે જ દૃષ્ટાંતથી=પૂર્વની ગાથામાં કહેલા ગીતાર્થ-અગીતાર્થના પ્રાયશ્ચિત્તના દૃષ્ટાંતથી જ, બંને પણ જનો=બંને પણ સાધુઓ, તુલ્ય પણ=સમાન પણ, અપરાધસ્થાનમાં વર્તનારા હોય ત્યાં પણ=તુલ્ય પણ અપરાધમાં, બંને પણ=તે બેને, યથા અનુરૂપ દંડ અપાય છે=ગીતાર્થ-અગીતાર્થ યતના-અયતના સંઘયણવિશેષ અનુરૂપ દંડ અપાય છે. તે કારણથી પ્રાયશ્ચિત્તના દાનના ભેદથી આચાર્યાદિ ત્રણ પ્રકારના ભેદ કરાયા. ગાથામાં બંને પણ જન એ કથનમાં એક જન દૂર રહો, એ अपि શબ્દનો અર્થ છે. ।।૩૨૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વની ગાથાઓમાં કહ્યું એ પ્રમાણે અશઠભાવવાળા અગીતાર્થ સાધુ કોઈક અપરાધ સેવે તદ્દતુલ્ય અપરાધ ગીતાર્થ સાધુ સેવે ત્યારે અગીતાર્થ અશઠભાવવાળા હોવાથી ભાવથી શુદ્ધ હોવાને કારણે તેમને પ્રાયશ્ચિત્ત અપાતું નથી અને તેવો જ અપરાધ ગીતાર્થ સાધુ સેવે તો તેમને તીવ્ર દુષ્ટ અધ્યવસાય હોવાને કારણે પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે. તેથી બાહ્ય સમાન અપરાધમાં પણ ગીતાર્થ-અગીતાર્થ, યતના-

અયતના, સંઘયણવિશેષને અનુરૂપ પ્રાયશ્ચિત્ત અપાય છે. માટે પ્રાયશ્ચિત્તના ભેદથી આચાર્ય, ઉપાધ્યાય અને ભિક્ષુ એ પ્રકારે ત્રણ ભેદ પણ વ્યવહારયંત્ર અને જીતકલ્પયંત્રમાં કરેલ છે. **॥૩૨૩॥**

**અવતરણિકા :-**

**तदेवमाचार्यादिभेदत्रयसमर्थनायोक्तरूपदृष्टान्तवशतो गीतार्थागीतार्थादिभेदत आभवत्प्रायश्चित्तस्य दानस्य च नानात्वमुपदर्शितम्, अत एव दृष्टान्तादवस्थाभेदतो गीतार्थ एव केवले शोधिनानात्वमुपदर्शयति —**

**અવતરણિકાર્થ :-**

આ રીતે આચાર્યાદિ ભેદત્રયના સમર્થન માટે પૂર્વમાં કહેલા દૃષ્ટાંતના વશથી ગીતાર્થ-અગીતાર્થ આદિના ભેદથી પ્રાપ્ત થતા પ્રાયશ્ચિત્તનું અને દાનનું જુદાપણું બતાવાયું. આ જ દૃષ્ટાંતથી=પૂર્વમાં આચાર્યાદિના ત્રણ ભેદ બતાવવા માટે જે દૃષ્ટાંત આપ્યા તે દૃષ્ટાંતથી, અવસ્થાના ભેદને કારણે કેવલ એવા ગીતાર્થમાં જ શુદ્ધિનું નાનાપણું બતાવે છે=પ્રાયશ્ચિત્તના ભેદને બતાવે છે –

**ગાથા :-**

**एसेव य दिट्ठंतो, तिविहे गीअम्मि सोहिनाणत्ते ।**
**वत्थुसरिसो उ दंडो, दिज्जइ लोए वि पुव्वुत्तं ।।३२४।।**

**અન્વયાર્થ :-**

तिविहे गीअम्मि=ત્રિવિધ ગીતાર્થમાં, सोहिनाणत्ते=શુદ્ધિના નાનાપણામાં, एसेव य दिट्ठन्तो=આ જ દૃષ્ટાંત છે. लोए वि=લોકમાં પણ, वत्थुसरिसो दंडो=વસ્તુ સદૃશ દંડ, दिज्जइ=અપાય છે, पुव्वुत्तं=એ પૂર્વોક્ત દૃષ્ટાંત છે. ॥૩૨૪॥

**ગાથાર્થ :-**

ત્રિવિધ ગીતાર્થમાં શુદ્ધિના નાનાપણામાં આજ દૃષ્ટાંત છે. લોકમાં પણ વસ્તુ સદૃશ દંડ અપાય છે. એ પૂર્વોક્ત દૃષ્ટાંત છે. ॥૩૨૪॥

**ટીકા :-**

'एसेव य'त्ति । 'गीते' गीतार्थे 'त्रिविधे' त्रिप्रकारे बालतरुणवृद्धलक्षणे यत् शोधिनानात्वं तद्विषय 'एष एव' अनन्तरोदितस्वरूपो दृष्टान्तः । तथाहि—यथा कल्प्याकल्प्यविधिपरिज्ञानविकलोऽकल्प्यमपि कल्प्यमिति बुद्ध्या प्रतिसेवमानो न दोषवान् भवति, कोविदस्तु कल्प्याकल्प्यौ जानानोऽकल्पनीयं प्रतिसेवमानो दोषवान्, एवमिहापि तुल्ये प्रतिसेव्यमाने वस्तुनि तरुणे प्रभूतं प्रायश्चित्तं समर्थत्वात्, बालवृद्धयोः स्तोकमसमर्थत्वात्; न चैतदन्याय्यम्, यतो लोकेऽपि

वस्तुसदृशपुरुषानुरूपो दण्डो दीयते, तथाहि–बाले वृद्धे च महत्यप्यपराधे करुणास्पदत्वात् स्तोको दण्डः, तरुणे महान्, एतच्च प्रागेवोक्तम् 'दोसविहवाणुरूवो' इत्यादिना, ततो न्याय्यमनन्तरोदितमिति ।।३२४।।

**ટીકાર્થ :-**

'गीते' ..... मनन्तरोदितमिति ।। ત્રણ પ્રકારના ગીતાર્થમાં=બાલતરૂણવૃદ્ધરૂપ ત્રણ પ્રકારના ગીતાર્થમાં, જે શોધિનું નાનાપણું છે=જે પ્રાયશ્ચિત્તનું જુદાપણું, તેના વિષયમાં આ જ=અનંતરઉદિત સ્વરૂપવાળું દૃષ્ટાંત છે=ગાથા-૩૨૦થી ૩૨૨માં બતાવેલ સ્વરૂપવાળું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે=અનંતરમાં કહેવાયેલા દૃષ્ટાંતથી ગીતાર્થમાં પણ શોધિનો ભેદ છે, તે 'तथाहि'થી બતાવે છે –

જે પ્રમાણે કલ્પ્ય-અકલ્પ્ય વિધિના પરિજ્ઞાનથી વિકલ એવા સાધુ અકલ્પ્યને પણ કલ્પ્ય એવી બુદ્ધિથી પ્રતિસેવના કરતા દોષવાળા નથી. વળી, કોવિદ=ગીતાર્થ સાધુ, કલ્પ્યાકલ્પ્યને જાણતા અકલ્પ્યને સેવતા દોષવાળા છે. એ રીતે=જે રીતે અગીતાર્થ અને ગીતાર્થ સમાન અપરાધ સેવે છે, છતાં એક દોષવાળા છે અને એક દોષવાળા નથી એ રીતે, અહીં પણ=ત્રણ પ્રકારના ગીતાર્થમાં પણ, પ્રતિસેવ્યમાન વસ્તુવાળા તરુણમાં ઘણું પ્રાયશ્ચિત્ત છે; કેમ કે સમર્થ છે. બાલ, વૃદ્ધમાં થોડું પ્રાયશ્ચિત્ત છે; કેમ કે અસમર્થપણું છે અને આ=તુલ્ય અપરાધમાં પ્રાયશ્ચિત્તનો ભેદ કર્યો એ, અન્યાય નથી. જે કારણથી લોકમાં પણ વસ્તુસદૃશ પુરુષને અનુરૂપ દંડ અપાય છે=અપરાધ અનુરૂપ અને પુરુષને અનુરૂપ દંડનો ભેદ કરાય છે. તે આ પ્રમાણે – બાળ અને વૃદ્ધમાં મોટો અપરાધ થયે છતે કરુણાનું સ્થાનપણું હોવાથી થોડો દંડ અપાય છે. તરુણમાં મહાનદંડ અપાય છે અને આ=પુરુષના ભેદથી દંડનો ભેદ દોષવિભવ અનુરૂપ ઈત્યાદિ ગાથા-૩૧૯ દ્વારા પૂર્વમાં કહેવાયું છે. તેથી, અનંતરમાં કહેવાયેલો ન્યાય્ય છે=તુલ્ય પ્રતિસેવનામાં બાલાદિનો ભેદ કરવો એ અન્યાય નથી એમ કહીને યુક્તિ બતાવી તેથી બાલાદિના ભેદથી દંડનો ભેદ જે અનંતરમાં કહેવાયો તે ન્યાય્ય છે=યુક્તિયુક્ત છે. ।।૩૨૪।।

**અવતરણિકા :-**

संप्रत्याचार्योपाध्यायभिक्षूणामेव चिकित्साविषये विधिनानात्वं दर्शयति –

**અવતરણિકાર્થ :-**

હવે, આચાર્ય-ઉપાધ્યાય અને સાધુને જ ચિકિત્સાના વિષયમાં વિધિના નાનાપણાને બતાવે છે= વિધિના પરસ્પર ભેદને બતાવે છે –

**ગાથા :-**

तिविहे तेगिच्छम्मि य, उज्जुअ वाउलणसाहणा चेव ।
पण्णवणमणिच्छंते, दिट्ठंतो भंडिपोएहिं ।।३२५।।

**અન્વયાર્થ :-**

तिविहे तेगिच्छम्मि य=ત્રણ પ્રકારના ચિકિત્સ્યમાન હોતે છતે, उज्जुओ चेव=ઋજુક=સ્પષ્ટ જ, वाउलणसाहणा=વ્યાપૃત ક્રિયાનું કથન કરવું જોઈએ. अणिच्छन्ते=નહિ ઈચ્છતા=અગીતાર્થ સાધુ ચિકિત્સા નહિ ઈચ્છતા છતા, भंडिपोएहिं=ગાડુના અને પોતના દૃષ્ટાંતથી पण्णवणम्=પ્રજ્ઞાપન (કરવું). ॥૩૨૫॥

**ગાથાર્થ :-**

**ત્રણ પ્રકારના ચિકિત્સ્યમાન હોતે છતે ઋજુક=સ્પષ્ટ જ, વ્યાપૃત ક્રિયાનું કથન કરવું જોઈએ. નહિ ઈચ્છતા=અગીતાર્થ સાધુ ચિકિત્સા નહિ ઈચ્છતા છતા ગાડુના અને પોતના દૃષ્ટાંતથી પ્રજ્ઞાપન=પ્રજ્ઞાપન કરવું. ॥૩૨૫॥**

**ટીકા :-**

'तिविहे'त्ति । 'त्रिविधे' त्रिप्रकारे आचार्योपाध्यायभिक्षुलक्षणे चिकित्स्यमाने गीतार्थ इति गम्यते 'उज्जुअ'त्ति 'ऋजुकं' स्फुटमेव 'व्यापृतसाधना' व्यापृतक्रियाकथनं कर्त्तव्यम् । इयमत्र भावना- आचार्याणामुपाध्यायानां गीतार्थानां च भिक्षूणां विचिकित्स्यमानानां यदि शुद्धं प्रासुकमेषणीयं लभ्यते तदा न तत्र विचारः । अथ शुद्धं न लभ्यतेऽवश्यं च चिकित्सा कर्त्तव्या तदाऽशुद्धमप्यानीय दीयते, तथाभूते च दीयमाने स्फुटमेव निवेद्यते इदमेवम्भूतमिति, तेषां गीतार्थत्वेनापरिणामातिपरिणाम-दोषासम्भवात् । अगीतार्थभिक्षोः पुनः शुद्धाऽलाभे चिकित्सामशुद्धेन कुर्वन्तो मुनिवृषभा यतनया कुर्वन्ति न चाशुद्धं कथयन्ति, यदि पुनः कथयन्त्ययतनया वा कुर्वन्ति तदा सोऽपरिणामत्वादनिच्छन् यदनागाढादिपरितापनमनुभवति तन्निमित्तं प्रायश्चित्तमापद्यते तेषां मुनिवृषभाणाम्; यद्वाऽतिपरिणामतया सोऽतिप्रसङ्गं कुर्यात् तस्मान्न कथनीयं नाप्ययतना कर्त्तव्या; कथमपि तत्परिज्ञायानिच्छति चा गीतार्थभिक्षौ प्रज्ञापना कर्त्तव्या, यथा-ग्लानत्वे यदकल्पिकमपि यतनया सेव्यते तत्र शुद्धो ग्लानः, यतनया प्रवृत्तेः अशुद्धग्रहणादल्पीयसो दोषस्य भावात्, तस्यापि प्रायश्चित्तेन पश्चाच्छोधयिष्यमाणत्वात्, उत्तरकालं प्रभूतसंयमलाभहेतुत्वेन तस्याश्रयणीयत्वादिति । इयं च प्रज्ञापना तरुणे क्रियते, बालस्तु बालत्वाद् यथाभणितं करोत्येव । यस्तु वृद्धस्तरुणो वाऽतिरोगग्रस्तोऽचिकित्सनीयः स प्रोत्साह्यते— कुरु महानुभाव ! भक्तप्रत्याख्यानमेतज्जिनवचनाधिगमफलमिति । यदि च नेच्छति तदा 'भण्डीपोताभ्यां' गन्त्रीप्रवहणाभ्यां दृष्टान्तः करणीयः, स चायम्—या एकदेशे क्वचिददृढा भण्डी सा शीलाप्यते, यतः सा शीलिता सती कार्यं करोति, या तु संस्थापिताऽपि कार्यकरणाक्षमा न तां शीलयन्ति । एवं पोतेऽपि भावनीयम् । दार्ष्टान्तिकयोजना त्वियम्—यदि प्रभूतमायुः संभाव्यते प्रगुणीकृतश्च देहः संयमव्यापारेषु समर्थ इति ज्ञायते तदा संयमवृद्धये युक्ता चिकित्साऽन्यथा तु निष्फलेति ॥३२५॥

ટીકાર્થ :-

'त्रिविधे' ..... निष्फलेति ।। આચાર્ય, ઉપાધ્યાય, ભિક્ષુકલક્ષણ ત્રણ પ્રકારના ગીતાર્થ ચિકિત્સ્યમાન હોતે છતે ઋજુક=સ્પષ્ટ વ્યાપત સાધના=વ્યાપૃત ક્રિયાનું કથન કરવું, અર્થાત્ આચાર્યાદિ ત્રણેયમાંથી કોઈની પણ ચિકિત્સા ચાલતી હોય ત્યારે જે તેમના માટે ઔષધ, અનુપાનાદિ વસ્તુઓ લાવવી પડતી હોય તે રૂપ વ્યાપૃતક્રિયા દોષવાળી છે, નિર્દોષ છે એ પ્રકારે સ્પષ્ટ કથન કરવું જોઈએ. અહીં=આ કથનમાં, આ ભાવના છે=આગળમાં કહે છે એ સ્પષ્ટીકરણ છે – ચિકિત્સા કરાતા એવા આચાર્ય, ઉપાધ્યાય અને ગીતાર્થ સાધુઓનું ઔષધાદિ જો શુદ્ધ-પ્રાસુક એષણીય, પ્રાપ્ત કરાય છે, ત્યારે તેનો વિચાર નથી. હવે, તે આચાર્યાદિના અંગરૂપે ચિકિત્સા અવશ્ય કર્તવ્ય છે. ત્યારે અશુદ્ધ પણ=ઔષધ અનુપાનાદિ અશુદ્ધ પણ, લાવીને અપાય છે અને તે પ્રકારે અપાયે છતે=અશુદ્ધ લાવીને અપાયે છતે, આ આવા પ્રકારનું છે એ પ્રકારે સ્પષ્ટ જ નિવેદન કરાય છે=ચિકિત્સા કરનાર આચાર્ય, ઉપાધ્યાયાદિ જે હોય તેઓને જે પ્રકારની અશુદ્ધિથી યુક્ત ઔષધ, અનુપાનાદિ અપાય છે, તે સ્પષ્ટ જ નિવેદન કરાય છે; કેમ કે તેઓનું=આચાર્યાદિનું ગીતાર્થપણું હોવાને કારણે અપરિણામ અતિપરિણામ દોષનો અસંભવ છે અર્થાત્=અગીતાર્થ સાધુ હોય અને ગ્લાનાદિ દશામાં ચિકિત્સા કરે અને તેમને જણાય કે આ ચિકિત્સામાં આટલા દોષોની પ્રાપ્તિ છે માટે ચિકિત્સા કરવી નથી. તેના કારણે અન્ય ઉચિત સંયમયોગો સિદાય તેનાથી થતા અનર્થનો અને ઔષધના સેવનથી થતા લાભનો નિર્ણય અગીતાર્થ કરી શકતા નથી. તેથી અગીતાર્થ સાધુને અપરિણામની પ્રાપ્તિ થાય, પરંતુ પ્રસ્તુતમાં ચિકિત્સા કરાવનાર ગીતાર્થ સાધુ હોવાને કારણે તે પ્રકારના અપરિણામનો અસંભવ છે. વળી, કોઈ અગીતાર્થ સાધુની તેવા પ્રકારના દોષથી ચિકિત્સા કરવાની હોય ત્યારે તેને તે દોષો કહેવામાં આવે અને અતિપરિણામને કારણે તેને થાય કે સર્વ દોષો સેવીને પણ સાધુએ ચિકિત્સા કરવી જોઈએ. તેવા અતિપરિણામ દોષનો ગીતાર્થને અસંભવ છે. આમ છતાં ગીતાર્થ સાધુને પણ શાતાનો રાગ હોય તો જેમ દર્પિકા પ્રતિસેવના સેવે છે, તેમ ધૃતિપૂર્વક સંયમની વૃદ્ધિનો સંભવ હોવા છતાં પ્રમાદવશ ગીતાર્થ પણ દોષિત ચિકિત્સા કરે છે, પરંતુ અગીતાર્થની જેમ અજ્ઞાનને કારણે અપરિણામ કે અતિપરિણામ દોષનો ગીતાર્થને સંભવ નથી.

વળી, શુદ્ધના અલાભમાં અશુદ્ધથી અગીતાર્થ સાધુની ચિકિત્સાને કરતા મુનિવૃષભો=ગીતાર્થ સાધુઓ, યતનાથી કરે છે=અગીતાર્થ સાધુની ચિકિત્સાના ઓષધાદિ યતનાથી ગ્રહણ કરે છે અને અશુદ્ધને કહેતા નથી=તે અગીતાર્થ સાધુને આ ઔષધ અશુદ્ધ છે, શુદ્ધની અપ્રાપ્તિ હોવાથી દોષિત ગ્રહણ કરાયું છે ઈત્યાદિ કથન કરતા નથી. જો વળી કહે છે=ગીતાર્થ સાધુ ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુને જે પ્રકારે દોષોની પ્રાપ્તિ છે તે પ્રકારે કહે છે અથવા દોષિત ગ્રહણ વિષયક પંચકહાનિથી જે યતના છે, તે યતના કરતા નથી ત્યારે તે=ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુ અપરિણામપણું હોવાને કારણે=સામાયિકના કંડકોની વૃદ્ધિ માટે શું ઉચિત કર્તવ્ય છે ? તેનો નિર્ણય નહિ હોવાથી અને ચિકિત્સામાં બાહ્ય દોષોની પ્રાપ્તિનું શ્રવણ કરીને શું કરવું ઉચિત છે તદ્વિષયક

અપરિણામપણું હોવાને કારણે, નહિ ઈચ્છતા=ચિકિત્સાને નહિ ઈચ્છતા, એવા અગીતાર્થ સાધુ જે અનાગાઢાદિ પરિતાપને અનુભવે છે અર્થાત્ અલ્પ રોગનો ઉપદ્રવ હોય તો અનાગાઢ પરિતાપને અનુભવે છે અને તીવ્ર રોગ હોય તો આગાઢ પરિતાપને અનુભવે છે, તેથી સંયમની શુદ્ધિમાં શૈથિલ્ય પ્રાપ્ત થાય છે, તેના નિમિત્તે તે મુનિવૃષભોને=વૈયાવચ્ચ કરનારા ગીતાર્થ સાધુઓને, પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે અથવા અતિપરિણામપણું હોવાથી=ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુમાં અતિપરિણામપણું હોવાથી, તે=અગીતાર્થ સાધુ, અતિપ્રસંગને કરે=પ્રસ્તુતમાં જેમ નિર્દોષની અપ્રાપ્તિમાં ગીતાર્થ સાધુએ દોષિતથી ચિકિત્સા કરી તે જોઈને અતિપરિણામી એવા તે અગીતાર્થ સાધુ જ્યાં જ્યાં નિર્દોષની અપ્રાપ્તિ જણાય ત્યાં ત્યાં દોષિત ગ્રહણ કરવા માટે યત્ન કરે એ રૂપ અતિપ્રસંગને કરે. તે કારણથી=અગીતાર્થ સાધુ અપરિણામવાળા કે અતિપરિણામવાળા હોય છે તેથી તેઓની ચિકિત્સાની પ્રવૃત્તિમાં સેવાયેલા દોષો કહેવાથી તેઓનું અહિત થાય છે તે કારણથી, કહેવું જોઈએ નહિ=ગીતાર્થ સાધુએ ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુને પ્રાપ્ત થતા દોષો કહેવા જોઈએ નહિ. વળી, અયતના પણ કરવી જોઈએ નહિ=ગ્લાન અર્થે ચિકિત્સાનો પ્રસંગ છે અને નિર્દોષની અપ્રાપ્તિ છે અને પ્રાપ્તિમાં બતાવાયેલી યતના દુષ્કર છે, એમ માનીને ગીતાર્થ સાધુએ અયતના કરવી જોઈએ નહિ. વસ્તુતઃ સંયમસ્થાનની વૃદ્ધિ થાય એવા વિશુદ્ધ અધ્યવસાયથી સર્વ ઉચિત યતના કરે તો તે પ્રતિચરણાની ક્રિયા ગીતાર્થ સાધુ માટે પણ મહાન નિર્જરાનું કારણ છે; કેમ કે તે ગ્લાન સાધુ કઈ રીતે સંયમસ્થાનોની વૃદ્ધિ કરીને સંસાર પરિમિત કરે, તેના નિપુણતાપૂર્વક પર્યાલોચનથી કરાયેલી પ્રવૃત્તિ દ્વારા મહાન નિર્જરાની પ્રાપ્તિ થાય છે. કોઈક રીતે પણ તેને જાણીને=ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુ પોતાની ચિકિત્સામાં દોષો સેવાય છે તેને જાણીને, અનિચ્છતા એવા અગીતાર્થ સાધુ હોતે છતે=પોતાની કરાતી ચિકિત્સામાં બાહ્ય દોષોની પ્રાપ્તિ છે, તેથી ચિકિત્સા નહિ કરાવાની ઈચ્છાવાળા અગીતાર્થ સાધુ હોતે છતે, પ્રજ્ઞાપના કરવી જોઈએ=ગીતાર્થ સાધુએ તેને ચિકિત્સા કરવાથી કઈ રીતે સંયમની વૃદ્ધિ થશે ? તેનો બોધ કરાવવો જોઈએ.

કઈ રીતે બોધ કરાવવો જોઈએ ? તે યથાથી સ્પષ્ટ કરે છે.

**ગ્લાનપણામાં જે અકલ્પ્ય પણ યતનાથી સેવાય છે, ત્યાં ગ્લાન સાધુ શુદ્ધ છે અર્થાત્ બાહ્ય અશુદ્ધિ હોવા છતાં અંતરંગ શુદ્ધિ હોવાથી લેશ પણ દોષની પ્રાપ્તિ નથી; કેમ કે યતનાથી પ્રવૃત્તિ હોવાને કારણે અશુદ્ધના ગ્રહણથી અલ્પ દોષનો ભાવ છે અર્થાત્ જે પ્રકારના સંયમવૃદ્ધિની ગુણની પ્રાપ્તિ થશે, તેના કરતાં અલ્પદોષની પ્રાપ્તિ છે.**

અહીં પ્રશ્ન થાય કે અલ્પ પણ દોષની પ્રાપ્તિ હોય તો ગ્લાન સાધુએ અકલ્પ્યનું સેવન કરવું જોઈએ નહિ. તેથી કહે છે –

**તેની પણ=અલ્પદોષની પણ, પાછળથી=રોગ દૂર થવાથી સ્વસ્થ થાય ત્યારે, પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરાવાશે.**

અહીં પ્રશ્ન થાય કે પ્રથમ દોષનું સેવન કરવું અને પાછળથી શુદ્ધિ કરવી તેના કરતાં દોષ ન સેવવો એ જ શ્રેષ્ઠ છે. એ પ્રકારે ગ્લાનને બુદ્ધિ થાય. તેથી બીજો હેતુ કહે છે –

**ઉત્તરકાળમાં-ગ્લાનત્વ દૂર થયા પછી ઘણા સંયમલાભનું હેતુપણું હોવાથી અને પ્રસ્તુત ચિકિત્સા ઘણા સામાયિકના પરિણામની વૃદ્ધિનો હેતુ હોવાથી તેનું=ચિકિત્સાનું આશ્રયણીયપણું છે=ચિકિત્સા કર્તવ્ય છે** અર્થાત્ જો ચિકિત્સા વગર પણ તે અગીતાર્થ સાધુ રોગ અવસ્થામાં મહાધૃતિના બળથી સંયમસ્થાનોની વૃદ્ધિ કરવા સમર્થ હોય તો તેના માટે ચિકિત્સા કર્તવ્ય નથી. પરંતુ જે અગીતાર્થ સાધુ ગ્લાન દશામાં તે પ્રકારના સંયમ વિષયક સુદઢ યત્ન કરવા સમર્થ નથી, તેવા સાધુને અપવાદથી ચિકિત્સા કરીને પ્રાયશ્ચિત્તથી તે દોષની શુદ્ધિ કરવી તે શ્રેયકારી છે; કેમ કે રોગરહિત દેહ થવાથી તે સાધુ મહાધૃતિના બળથી સંયમની ઉચિત ક્રિયામાં સુપ્રણિધાનપૂર્વક યત્ન કરીને સંસારના પરિભ્રમણને અલ્પ અલ્પતર કરશે **અને આ પ્રજ્ઞાપના તરુણ સાધુમાં કરાય છે** અર્થાત્ યુવાન સાધુ અત્યંત કલ્યાણના અર્થી હોય છતાં અપરિણામને કારણે ચિકિત્સા કરવા તત્પર ન થાય તો યુવાન અવસ્થાને કારણે અપ્રમાદથી સંયમની ઉચિત ક્રિયાઓ કરીને જે ઉત્તમ અધ્યવસાયને કરી શકશે, તેનાથી અધિક લાભ થશે માટે ગીતાર્થ સાધુ ચિકિત્સા કરવામાં તેને દોષ નથી, એ પ્રકારનો બોધ કરાવે છે. વળી, બાલ સાધુ બાલપણું હોવાથી જે પ્રમાણે ગીતાર્થ કહે એ પ્રમાણે કરે જ છે. તેથી તેને આશ્રયીને પ્રજ્ઞાપનાની આવશ્યકતા નથી. **વળી, જે વૃદ્ધ છે અથવા અતિરોગગ્રસ્ત અચિકિત્સનીય તરુણ છે, એ સાધુ પ્રોત્સાહન કરાય છે** – હે મહાનુભાવ ! ભક્તપ્રત્યાખ્યાનને તું કર. **જિનવચનના બોધનું આ ફળ છે** અર્થાત્ કોઈ સાધુ વૃદ્ધાવસ્થામાં હોય, ચિકિત્સા કરીને આરોગ્યવાળા થઈ શકે તેમ હોય, છતાં વૃદ્ધાવસ્થાને કારણે રોગરહિત થયા પછી તે પ્રકારે સંયમમાં ઉદ્યમ કરવા અસમર્થ છે. તેથી તેઓને માટે ભક્તપ્રત્યાખ્યાનરૂપ અણસણ કરવું ઉચિત છે; કેમ કે અણસણની ક્રિયા માત્ર આહારના ત્યાગ સ્વરૂપ નથી, પરંતુ સુપ્રણિધાનપૂર્વક કષાયોની અને દેહની સંલેખના સ્વરૂપ છે અર્થાત્ વિદ્યમાન કષાયની પરિણતિ અને વિદ્યમાન દેહની શક્તિ ક્રમસર અલ્પઅલ્પતર થાય અને કષાયના ઉચ્છેદને અનુકૂળ વીર્ય તે રીતે પ્રવર્ધમાન થાય. જેથી મહાધૃતિના બળથી તે સાધુ ઉત્તરના શ્રેષ્ઠ ભવને પામી શકે. તેથી જ ગીતાર્થ સાધુ કહે છે કે જિનવચનના બોધનું વૃદ્ધાવસ્થામાં અણસણ કરવું એ જ ફળ છે. વળી, કોઈક યુવાન સાધુ અતિ રોગગ્રસ્ત હોય અને અસાધ્ય રોગ હોય તેથી ચિકિત્સાથી મટે તેમ ન હોય, તેવા સાધુને ગીતાર્થ સાધુ કહે કે ધૃતિબળને ધારણ કરીને તારા માટે અણસણ કરવું ઉચિત છે. જો તે વૃદ્ધ કે અતિરોગી તરુણ અણસણ દ્વારા સમાધિની વૃદ્ધિ કરવા સમર્થ હોય તો જ ગીતાર્થ સાધુ તેઓને તે પ્રમાણે કરવા કહે છે. જે પ્રકારે તેઓની સમાધિની વૃદ્ધિ થાય, તે પ્રકારે જ ઉચિત યત્ન તેઓને માટે કર્તવ્ય છે **અને જો વૃદ્ધ અથવા અતિરોગી તરુણ સાધુ અણસણ ઈચ્છતા નથી, ત્યારે ભંડી અને પોતાનું દૃષ્ટાંત કહેવું જોઈએ=ગાડા અને નાવડાનું દૃષ્ટાંત કહેવું જોઈએ અને તે આ છે=ગાડા અને નાવડાનું દૃષ્ટાંત આ છે. એક દેશમાં ક્યારેક અદઢ એવું જે ગાડું છે, તે મજબૂત કરાય છે. જે કારણથી મજબૂત કરાયેલું તે ગાડું હોતે છતે કાર્યને કરે**

છે. વળી, જે ગાડું સમારકામ કરાયેલું પણ કાર્ય કરવા સમર્થ નથી, તેનું સમારકામ કરાતું નથી. એ રીતે નાવમાં પણ ભાવન કરવું. દાર્ષ્ટાંતિક યોજન આ પ્રમાણે છે=જો ઘણું આયુષ્ય સંભાવના કરાય છે અર્થાત્ વૃદ્ધમાં ઘણું આયુષ્ય સંભવિત નથી, પરંતુ તરુણમાં ઘણુ આયુષ્ય સંભાવના કરાય છે અને ઔષધથી નીરોગી કરાયેલો દેહ સંયમ વ્યાપારમાં સમર્થ છે, એ પ્રમાણે જણાય છે તો સંયમવૃદ્ધિ માટે ચિકિત્સા યુક્ત છે. વળી, અન્યથા=સંયમવૃદ્ધિ માટે ચિકિત્સા કારણ બને તેમ ન હોય તો, નિષ્ફળ છે=ચિકિત્સા નિષ્ફળ છે અર્થાત્ સુસાધુને આત્માનું સ્વાસ્થ્ય જ પ્રધાન છે અને આત્માના સ્વાસ્થ્ય માટે દેહ સહાયક હોય તો ચિકિત્સા ઈષ્ટ છે. પરંતુ ચિકિત્સાથી કંઈક રોગ અલ્પ થાય તોપણ તે દેહથી સંયમની વૃદ્ધિનો સંભવ ન હોય તો ચિકિત્સા નિષ્ફળ છે માટે વિવેકી સાધુએ સ્વભૂમિકાનુસાર ચિત્તને જિનવચનમાં સ્થાપિત કરીને સંયમની વૃદ્ધિ માટે જ યત્ન કરવો જોઈએ. તેથી, રોગિષ્ઠ તરુણને કે વૃદ્ધને ભક્તપ્રત્યાખ્યાન ઉચિત છે. ॥૩૨૫॥

**અવતરણિકા :-**

उक्तगाथामेव विवृणोति –

**અવતરણિકાર્થ :-**

ઉક્ત ગાથાને જ=ગાથા-૩૨૫મી ગાથાને જ વિવરણ કરે છે –

**ગાથા :-**

> सुद्धालंभेऽगीए, अजयणकरणकहणे भवे गुरुगा ।
> कुज्जा व अतिपसंगं, असेवमाणे व असमाही ।।३२६।।

**અન્વયાર્થ :-**

सुद्धालंभेऽगीए=શુદ્ધના અલાભમાં અગીતાર્થને, अजयणकरणकहणे=અજયણાકરણ અને તે કથનથી गुरुगा भवे=ચાર ગુરુ, પ્રાયશ્ચિત્ત થાય, वा=અથવા, अतिपसंगं कुज्जा=અતિપ્રસંગ કરે=તે ગીતાર્થની આચરણા અતિપ્રસંગ કરે, व असेवमाणे=અથવા તે અસેવમાન હોતે છતે=ચિકિત્સા કરાવનાર સાધુ ચિકિત્સાનું અસેવન કર્યે છતે, असमाही=અસમાધિ થાય. ॥૩૨૬॥

**ગાથાર્થ :-**

શુદ્ધના અલાભમાં અગીતાર્થને અજયણાકરણ અને તે કથનથી ગુરુક=ચાર ગુરુ, પ્રાયશ્ચિત્ત થાય અથવા અતિપ્રસંગ કરે=તે ગીતાર્થની આચરણા અતિપ્રસંગ કરે અથવા તે અસેવમાન હોતે છતે=ચિકિત્સા કરાવનાર સાધુ ચિકિત્સાનું અસેવન કર્યે છતે અસમાધિ થાય. ॥૩૨૬॥

**ટીકા :-**

'सुद्धालंभे'त्ति । 'अगीते' अगीतार्थे भिक्षौ शुद्धालाभेऽशुद्धेन चिकित्स्यमाने यद्ययतना क्रियते

कथ्यते वा तदा मुनिवृषभाणामयतनाकारिणां कथयतां प्रायश्चित्तं भवति 'गुरुकाः' चत्वारो मासा गुरवः । इयमत्र भावना—यद्ययतनाकरणतः कथनतो वा ज्ञातं भवति यथा ममाशुद्धेन चिकित्सा क्रियते तदा तेषां मुनिवृषभाणां चत्वारो गुरुकाः, एतच्चासामाचारीप्रवृत्तिनिषेधार्थं प्रायश्चित्तम्; या पुनरनिच्छतोऽसमाधिप्रवृत्तेरनागाढादिपरितापनाऽन्यदेव पृथगिति । एवमतिप्रसङ्गादिनिमित्तकमपि ।।३२६।।

**ટીકાર્થ :-**

'अगीते' ..... निमित्तकमपि ।। અગીતાર્થમાં=અગીતાર્થ સાધુ હોતે છતે, શુદ્ધના અલાભમાં=શુદ્ધ ઔષધાદિ અને શુદ્ધ અનુપાનાદિના અભાવમાં, અશુદ્ધથી=કંઈક ભિક્ષાના દોષોથી, ચિકિત્સા કરાયે છતે જો અયતના કરાય છે=અશુદ્ધના પરિહાર માટે અશુદ્ધના ગ્રહણકાળમાં પણ જે પંચકહાનિથી યતના કરાય છે, તે નહિ કરાયે છતે અથવા કહેવાયે છતે=અગીતાર્થ સાધુને આ ઔષધાદિ અશુદ્ધ છે કે અયતનાથી લવાયા છે. તે કહેવાયે છતે, ત્યારે અયતનાકારી કથન કરતા મુનિવૃષભોને=ગીતાર્થ સાધુઓને, ચાર ગુરુમાસો પ્રાયશ્ચિત્ત થાય છે. અહીં=પ્રસ્તુત કથનમાં, આ ભાવના છે – જો અયતનાના કરણથી અથવા કથનથી જ્ઞાત થાય છે=ચિકિત્સા કરાવનાર અગીતાર્થ સાધુને જ્ઞાત થાય છે.

શું જ્ઞાત થાય છે, તે यथाથી બતાવે છે.

મને અશુદ્ધિથી ચિકિત્સા કરાય છે, ત્યારે તે મુનિવૃષભોને=ગીતાર્થ સાધુઓને, ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત આવે છે અને આ=મુનિવૃષભોને ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત કહ્યું એ પ્રાયશ્ચિત્ત, અસામાચારીની પ્રવૃત્તિના નિષેધ માટે છે અર્થાત્ ગીતાર્થ સાધુ જે અયતનાપૂર્વક લાવ્યા એ અસામાચારી છે અને તેવી પ્રવૃત્તિના નિષેધ માટે તેમને પ્રાયશ્ચિત્ત છે અર્થાત્ તેઓએ જે અસામાચારી સેવી છે તેની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત છે. વળી, અનિચ્છતાને=ચિકિત્સા કરાવનાર સાધુ દોષને કારણે ચિકિત્સા નહિ ઈચ્છતાને, અસમાધિની પ્રવૃત્તિથી અનાગાઢાદિ જે પરિતાપના છે, તે અન્ય જ=પૃથગ્, પ્રાયશ્ચિત્તનું સ્થાન છે અર્થાત્ જે ગીતાર્થ સાધુએ ચિકિત્સામાં અયતના કરી અથવા અગીતાર્થ સાધુને અયતનાનું કથન કર્યું અથવા દોષોનું કથન કર્યું, તેના કારણે તે અગીતાર્થ ચિકિત્સા કરાવનાર ચિકિત્સાનો નિષેધ કરે અને તેના કારણે રોગની પ્રચુરતા થવાથી તેને અસમાધિ થાય તો તે રોગી સાધુને અનાગાઢ આદિ પરિતાપના થાય અર્થાત્ આગાઢ પરિતાપના પણ થાય, અનાગાઢ પરિતાપના પણ થાય. તેનાથી જે તેનું અહિત થાય તે નિમિત્તે વૈયાવચ્ચ કરનાર ગીતાર્થ સાધુને અન્ય પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય અર્થાત્ અન્ય પાપની પ્રાપ્તિ થાય; કેમ કે તે જીવના અહિત પ્રત્યે તે ગીતાર્થ સાધુ નિમિત્ત બને છે અને તે નિમિત્તના પરિહાર માટે ઉચિત યત્નનો અભાવ હોવાથી જે ચિત્તની મલિનતા થાય છે, તેના કારણે અસામાચારીકૃત પ્રાયશ્ચિત્તથી અધિક પ્રાયશ્ચિત્ત આવે છે. આ રીતે=ગીતાર્થ સાધુ અગીતાર્થની વૈયાવચ્ચ કરતા હોય અને જે દોષો છે તે ચિકિત્સા કરાવનાર સાધુને કહે એ રીતે, અતિપ્રસંગાદિ નિમિત્તક પણ પ્રાયશ્ચિત્ત આવે અર્થાત્ દોષની પ્રાપ્તિ થાય. ।।૩૨૬।।

**ભાવાર્થ :-**

સુસાધુ અત્યંત દયાળુ હોય છે. એકાંતે સર્વ જીવોના હિતના અર્થી હોય છે અને વિશેષથી પોતાની નિશ્રામાં રહેલા અગીતાર્થાદિ પ્રત્યે દયાળુ હોય છે. તેથી, કોઈ અગીતાર્થ સાધુ રોગવાળા થયા હોય તેઓની ચિકિત્સા અર્થે યત્ન કરે છે, ત્યારે અત્યંત ઉપયોગપૂર્વક અને યતનાપૂર્વક તે ચિકિત્સ્ય સાધુ અર્થે આહારાદિ લાવવા પ્રયત્ન કરે છે, ત્યારે પણ કઈ રીતે હું યત્ન કરું, જેથી તે ગ્લાન સાધુ શીઘ્ર સ્વસ્થ થઈને સંયમની વૃદ્ધિ કરે તેવા વિશુદ્ધ અધ્યવસાયથી તે મહાત્મા આહારાદિ લાવે છે અને સંયમ પ્રત્યે બદ્ધ રાગવાળા હોવાથી ક્વચિત્ દોષિત લાવે તોપણ યતનાથી લાવે છે. તેથી તે લાવનાર સાધુના અધ્યવસાયની સતત વિશુદ્ધિ થાય છે. આમ છતાં ગીતાર્થ સાધુ પણ સુખશીલ સ્વભાવને કારણે ચિકિત્સ્ય માટે લાવવાના આહાર-પાણીમાં અયતના કરે અથવા તે ગ્લાન સાધુને તેના માટે અપવાદથી લાવેલી ભિક્ષામાં થયેલા દોષો અનાભોગ-સહસાત્કારથી ગ્લાનને કહે તો ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. જો કે ગીતાર્થ સાધુ ભગવાનના વચનના ઉપયોગપૂર્વક કરે છે. જેથી તે તે ક્રિયા દ્વારા સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે. તેથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે આમ છતાં પ્રમાદમાં વર્તે ત્યારે કંઈક અયતના કરે છે. વળી, ભિક્ષામાં સેવાયેલા દોષો ચિકિત્સ્યને કહેવાનો નિષેધ છે તેવું ગીતાર્થ સાધુ જાણે છે છતાં અનુપયોગદશાને કારણે ક્યારેક તે કથન કરે તો તે ગીતાર્થ સાધુને અસામાચારીના સેવનની પ્રાપ્તિ છે અને તેની શુદ્ધિ અર્થે જ્યારે તેઓ ગુરુ આગળ પ્રકાશન કરે ત્યારે ચાર ગુરુક પ્રાયશ્ચિત્ત અપાય છે.

વળી, તે ગીતાર્થ સાધુએ અનાભોગથી પણ ચિકિત્સ્યને જે કહ્યું, તેના કારણે તે ચિકિત્સ્ય સાધુ ચિકિત્સા કરવા તૈયાર થાય નહિ અને તેના કારણે રોગથી આકુળતા વધવાને કારણે સામાન્ય પરિતાપના થાય અર્થાત્ રોગથી ચિત્ત કંઈક અસ્વસ્થ રહે અથવા ગાઢ પરિતાપના થાય અર્થાત્ અત્યંત અસ્વસ્થ રહે. તેનાથી સાધુને જે કર્મબંધની પ્રાપ્તિ થાય, તેમાં ગીતાર્થ સાધુથી તેની ભિક્ષામાં સેવાયેલા દોષનું કથન કારણ છે. તેથી, બીજાની પરિતાપનામાં નિમિત્ત એવું તે કથન થવાથી ગીતાર્થને અન્ય દોષની પ્રાપ્તિ થાય.

વળી, તે ગીતાર્થ સાધુએ અનાભોગાદિથી પણ ચિકિત્સ્યને દોષનું કથન કર્યું, તે સાંભળીને અન્ય સાધુને વિચાર આવે કે તે મહાત્મા ગીતાર્થ હતા છતાં ચિકિત્સ્ય સાધુને તેના અનુપાનમાં થયેલા દોષોનું કથન કરેલું માટે આપણે પણ કરવું જોઈએ. એ પ્રકારે અતિપ્રસંગાદિ નિમિત્તક દોષની પ્રાપ્તિ તે ગીતાર્થ સાધુને પ્રાપ્ત થાય. **॥૩૨૬॥**

**અવતરણિકા :-**

**तदेवं सम्मतिग्रन्थं परिसमाप्योपसंहरति –**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે સંમતિ ગ્રંથને પરિસમાપન કરીને=ગાથા-૩૧૭માં વ્યવહારભાષ્યની જે સંમતિ બતાવી, તેનું કથન પરિપૂર્ણ કરીને ઉપસંહાર કરે છે –**

ગાથા :-

आयरिआई तम्हा, भिण्णा पडिसेवणाइभेएणं ।
पुरिसंतरे वि एसो, णेओ भणियं जओ जीए ।।३२७।।

અન્વયાર્થ :-

तम्हा पडिसेवणाइभेएणं=તે કારણથી પ્રતિસેવનાદિના ભેદથી, आयरिआइ=આચાર્યાદિ, भिण्णा=ભિન્ન છે. एसो=આ ભેદ, पुरिसंतरे वि णेओ=પુરુષાન્તરમાં પણ જાણવો. जओ=જે કારણથી, जीए भणियं=જીતમાં કહેવાયું છે. ।।૩૨૭।।

ગાથાર્થ :-

**તે કારણથી પ્રતિસેવનાદિના ભેદથી આચાર્યાદિ ભિન્ન છે. એ ભેદ પુરુષાંતરમાં પણ જાણવો. જે કારણથી જીતમાં કહેવાયું છે. ।।૩૨૭।।**

ટીકા :-

'आयरिआइ'त्ति । तस्मादाचार्यादयः प्रतिसेवनादिभेदेन भिन्नाः । एष भेदः पुरुषान्तरेऽपि ज्ञेयः, यतो भणितं 'जीते' जीतकल्पे ।।३२७।।

ટીકાર્થ :-

तस्मादाचार्यादयः ..... जीतकल्पे ।। તે કારણથી=વ્યવહારભાષ્યની સાક્ષીરૂપે જે ગાથા-૩૧૭ બતાવી અને તેનું અત્યાર સુધી સ્પષ્ટીકરણ કર્યું તે પ્રકારે વસ્તુ છે તે કારણથી, આચાર્યાદિ પ્રતિસેવનાદિના ભેદથી ભિન્ન છે. આ ભેદ પુરુષાંતરમાં પણ=સામાન્ય સાધુમાં પણ, જાણવો. જે કારણથી જીતકલ્પમાં કહેવાયું છે. ।।૩૨૭।।

ગાથા :-

पुरिसा गीआगीआ, सहासहा तह सढासढा केई ।
परिणामापरिणामा अइपरिणामा य वत्थूणं ।।३२८।।

અન્વયાર્થ :-

पुरिसा=પુરુષો=દીક્ષા ગ્રહણ કરેલા સાધુઓ, गीआगीआ सहासहा=ગીતાર્થ, અગીતાર્થ, સહ, અસહ, तह सढासढा=અને શઠ, અશઠ હોય છે. केई=અને કેટલાક, वत्थूणं परिणामापरिणामा=વસ્તુના પરિણામક અપરિણામક, य अइपरिणामा=અને અતિપરિણામક હોય છે. ।।૩૨૮।।

ગાથાર્થ :-

**પુરુષો=દીક્ષા ગ્રહણ કરેલા સાધુઓ, ગીતાર્થ, અગીતાર્થ, સહ, અસહ, શઠ, અશઠ હોય છે અને કેટલાક વસ્તુના પરિણામક, અપરિણામક અને અતિપરિણામક હોય છે. ।।૩૨૮।।**

ટીકા :-

'पुरिस'त्ति । पुरुषा गीतार्थाः-अधिगतनिशीथान्तश्रुताः, अगीतार्थाः-तदितरे, सहाः-सर्वप्रकारैः समर्थाः, असहाः-असमर्थाः, तथा केचिच्छठाः-मायाविनः, अशठाः-सरलात्मानः, परिणामका अपरिणामका अतिपरिणामकाश्च वस्तूनाम् ।।३२८।।

ટીકાર્થ :-

पुरुषा ..... वस्तूनाम् ।। પુરુષો=આચાર્યાદિ સિવાય શેષ સાધુઓ, ગીતાર્થ=ભણેલા નિશીથ અંત સુધીના શ્રુતવાળા હોય છે, અગીતાર્થ તેનાથી ઈતર હોય છે. વળી, સહ હોય છે=સર્વ પ્રકારે સમર્થ હોય છે અર્થાત્ તે તે કૃત્યો કરવા માટે સમર્થ હોય છે. અસહ હોય છે=અસમર્થ હોય છે=સર્વ કૃત્યો કરવામાં અસમર્થ હોય છે. કેટલાક શઠ હોય છે=કેટલાક સાધુઓ માયાવી હોય છે અર્થાત્ આરાધક હોવા છતાં તે પ્રકારના પૂર્વભવના સંસ્કારને કારણે સહજ માયાનો પરિણામ થાય છે. કેટલાક અશઠ હોય છે અર્થાત્ જે પ્રકારે પ્રામાણિક બુદ્ધિથી તેમને દેખાય તે પ્રકારે યથાર્થ કથન કરે તેવા સરલાત્મા હોય છે. વળી, કેટલાક સાધુઓ વસ્તુના પરિણામક, અપરિણામક અને અતિપરિણામક હોય છે=ગીતાર્થ સાધુએ જે પદાર્થો કહ્યા હોય તે વસ્તુઓને તે તાત્પર્યથી ગ્રહણ કરે તેવા પરિણામક હોય છે. કેટલાક અપરિણામક હોય છે. જેથી તેનું યથાર્થ તાત્પર્ય તેમને જણાતું નથી. પરંતુ તે વચન અન્ય રૂપે જ પરિણમન પામે છે. વળી, કેટલાક જીવો ગીતાર્થ દ્વારા કહેવાયેલા કથનના અતિપરિણામક હોય છે અર્થાત્ કોઈક સ્થાનને આશ્રયીને કહેવાયેલું કથન હોય તેને અન્ય અનુચિત સ્થાને જોડીને તે પ્રકારે વિપરીત પ્રવૃત્તિ કરનારા હોય છે. ।।૩૨૮।।

ગાથા :-

तह धिइसंघयणोभयसंपन्ना तदुभएण हीणा य ।
आयपरोभयनोभयतरगा तह अन्नतरगा य ।।३२९।।

અન્વયાર્થ :-

तह धिइसंघयणोभयसंपन्ना=અને ધૃતિસંઘયણ ઉભયથી સંપન્ન, य तदुभएण हीणा=અને તદુભયથી હીન, आयपरोभयनोभयतरगा=આત્મા પર ઉભય નોભયતરક સાધુઓ છે, तह अन्नतरगा य=અને અન્યતરક સાધુઓ હોય છે. ।।૩૨૯।।

ગાથાર્થ :-

**અને ધૃતિસંઘયણ ઉભયથી સંપન્ન અને તદ્ઉભયથી હીન આત્મા પર ઉભય નોભયતરક સાધુઓ છે અને અન્યતરક સાધુઓ હોય છે. ॥૩૨૯॥**

ટીકા :-

'तह'त्ति । तथा धृतिसंहननोभयसंपन्नाः, अत्र चत्वारो भङ्गाः-धृतिसम्पन्नाः संहननहीना इति प्रथमः १, संहननसंपन्ना धृतिहीना इति द्वितीयः २, उभयेन धृतिसंहननाख्येन संपन्ना इति तृतीयः ३, तदुभयेन हीनाश्चेति चतुर्थः ४। तथाऽऽत्मपरोभयानुभयतरका इति, अत्रापि चत्वारो भङ्गाः-आत्मानुग्राहकं तपः परोपष्टम्भकारकं वैयावृत्त्यं तयोर्द्वयोरपि समर्थाः; परं ये तप एव कुर्वन्ति न वैयावृत्त्यं ते आत्मतरका न परतरका इति प्रथमः १, ये तु वैयावृत्त्यमेव कुर्वन्ति न तपस्ते नाऽऽत्मतरकाः परतरका इति द्वितीयः २, ये तूभयमपि कुर्वन्ति ते उभयतरका इति तृतीयः ३, ये पुनरुभयमपि न कुर्वन्ति ते नोभयतरका इति चतुर्थः ४। तथा 'अन्नतरग'त्ति अन्यतरका ये तपोवैयावृत्त्ययोरन्यतरदेकमेव कर्त्तुं शक्नुवन्ति नोभयकरणक्षमा इत्यर्थः ।।३२९।।

ટીકાર્થ :-

तथा ..... इत्यर्थः ।। અને ધૃતિ-સંઘયણ ઉભયથી સંપન્ન હોય છે=કેટલાક સાધુઓ જે ઉચિત કૃત્યો કરવાનાં હોય છે, તેમાં ધૃતિપૂર્વક ચિત્તને પ્રવર્તાવી શકે અને સંયમનાં કષ્ટો સહન કરવામાં સમર્થ એવું સંઘયણ એ રૂપ ઉભયથી સંપન્ન હોય છે. આમાં=ધૃતિમાં અને સંઘયણમાં ચાર ભાંગા હોય છે. કેટલાક સાધુ ધૃતિથી યુક્ત અને સંઘયણથી હીન હોય છે એ પ્રથમ ભાંગો છે. કેટલાક સાધુ સંઘયણથી સંપન્ન અને ધૃતિથી હીન હોય છે એ બીજો ભાંગો છે. ઉભયથી=ધૃતિ અને સંઘયણ ઉભયથી, સંપન્ન ત્રીજો ભાંગો છે. તેના ઉભયથી હીન=ધૃતિ અને સંઘયણ ઉભયથી હીન, ચોથો ભાંગો છે અને આત્મા પર ઉભય અનુભયતર સાધુઓ હોય છે. આમાં પણ=આત્મપરાદિમાં પણ, ચાર ભાંગા થાય છે. આત્માના અનુગ્રાહક તપને અને પરના ઉપષ્ટંભકને કારક એવી વૈયાવચ્ચ તે બેમાં પણ સમર્થ છે પરંતુ જેઓ=ઉભયમાં સમર્થ હોવા છતાં જેઓ, તપ જ કરે છે. વૈયાવચ્ચ કરતા નથી, તે આત્મતરક છે, પરતરક નથી, એ પ્રકારનો પ્રથમ ભાંગો છે. વળી, જે વૈયાવચ્ચને જ કરે છે= તપ અને વૈયાવચ્ચ બંનેમાં સમર્થ હોવા છતાં વૈયાવચ્ચ જ કરે છે, તપ કરતા નથી, તે આત્મતરક નથી, પરતરક છે. એ બીજો ભાંગો છે. જે વળી, ઉભયપણ કરે છે=તપ અને વૈયાવચ્ચ ઉભયની શક્તિ છે એવા જેઓ ઉભયને પણ કરે છે, તેઓ ઉભયતરક છે, એ ત્રીજો ભાંગો છે. વળી, જેઓ ઉભય પણ કરતા નથી=તપ અને વૈયાવચ્ચ બંનેની શક્તિ હોવા છતાં સુખશીલ સ્વભાવને કારણે બંને કરતા નથી, તે ઉભયતરક નથી, એ ચોથો ભાંગો છે અને અન્ય તરકો જેઓ તપ અને વૈયાવચ્ચમાંથી અન્યતર એકને જ કરવા સમર્થ છે, ઉભય કરવા સમર્થ નથી. ॥૩૨૯॥

**ભાવાર્થ :-**

ગાથા-૩૨૭માં કહ્યું કે પ્રતિસેવના આદિના ભેદથી આચાર્યાદિનો ભેદ છે. તે ભેદ સામાન્ય સાધુઓમાં પણ જાણવો. તેમાં જીતકલ્પની સાક્ષી બતાવે છે. જીતકલ્પમાં શું બતાવ્યું છે, તે બતાવતાં કહે છે. કલ્યાણના અર્થી જીવો દીક્ષા ગ્રહણ કરે, ત્યારબાદ ગીતાર્થ પુરુષો તેમની યોગ્યતાનુસાર તેમને શાસ્ત્રઅધ્યયન કરાવે છે. જેથી શક્તિવાળા યોગ્ય જીવો અવશ્ય ગીતાર્થ થાય. તેથી પ્રાયઃ કેટલાક વર્ષોના સંયમપર્યાય પછી સાધુઓ નિશીથ અંત સુધીનાં સૂત્રો ભણેલા થાય છે. તેઓ ગીતાર્થ છે.

વળી, કેટલાક સાધુ નવદીક્ષિત છે, અધ્યયનાદિ કરે છે. છતાં નિશીથ સુધીનું શ્રુત ભણ્યા નથી, તેઓ અગીતાર્થ છે અને તેવા સાધુ ગીતાર્થના બળથી જ ઉચિત પ્રવૃત્તિ કરીને સંયમયોગની આરાધના કરે છે અને ક્રમસર શ્રુત ભણીને ગીતાર્થ પણ થાય છે. ફક્ત કોઈક સાધુની તથાપ્રકારની મંદબુદ્ધિ હોય, જેથી જીવનપર્યંત ગીતાર્થ થઈ શકે નહિ, તેમ પણ બને.

વળી, તે સામાન્ય સાધુઓમાં કેટલાક સાધુઓ સર્વ પ્રકારે સમર્થ હોય છે. તેથી તપ-ત્યાગાદિ કરી શકે છે, વૈયાવચ્ચ આદિ પણ કરી શકે છે, શાસ્ત્રો ભણીને ગીતાર્થ પણ થઈ શકે છે. તે રીતે ગચ્છ માટે જે જે પ્રકારની પ્રવૃત્તિઓ ઉચિત હોય તે સર્વ કરવા સમર્થ હોય છે અને કેટલાક અસમર્થ હોય છે-વિશિષ્ટ અધ્યયનમાં અસમર્થ હોય છે, વિશિષ્ટ પ્રવૃત્તિઓમાં અસમર્થ હોય છે. ઇત્યાદિ અસમર્થમાં અનેક વિકલ્પો સંભવે છે.

વળી, આરાધક સાધુ હોવા છતાં કેટલાક માયાવી હોય છે. જોકે અતિ માયાવીને દીક્ષા પણ અપાય નહિ તોપણ પાપભીરુ કલ્યાણના અર્થી આરાધક સાધુમાં પણ પૂર્વના અભ્યાસથી કોઈક કષાય વિશેષ હોય. જેમ ચંડરુદ્રાચાર્ય મહાસમર્થ આચાર્ય હતા તોપણ કંઈક ક્રોધી સ્વભાવવાળા હતા, તેમ આરાધક સાધુમાં પણ કેટલાક માયાવી હોય છે અને ગીતાર્થ તેના તે દોષને જાણે છે અને ઉચિત અનુશાસન આપીને તેને મહાત્મા કરવા યત્ન કરે છે.

વળી, કેટલાક અશઠ=પ્રકૃતિથી જ સરળ સ્વભાવવાળા હોય છે. તેઓને ગીતાર્થ સાધુ સુખપૂર્વક યોગમાર્ગમાં પ્રવર્તાવી શકે છે.

વળી, કેટલાક સાધુઓ આરાધક હોવા છતાં પરિણામક, અપરિણામક અને અતિપરિણામક હોય છે. તેઓમાં જેઓને ગીતાર્થ જે તાત્પર્યથી શાસ્ત્રીય પદાર્થ કહે તે તાત્પર્યથી પરિણમન પામે છે, તેઓ પરિણામક હોય છે. આથી જ ચિકિત્સાની વિધિમાં કહ્યું કે આચાર્ય, ઉપાધ્યાય અને ગીતાર્થ સાધુ જ્યારે ચિકિત્સ્ય હોય ત્યારે તેઓ અર્થે જે અનુપાનાદિ આહાર લાવે તે શુદ્ધ હોય, અશુદ્ધ હોય તે સર્વ તે પ્રકારે જ કહે; કેમ કે ગીતાર્થ હોવાથી તેઓ તેને ઉચિત તાત્પર્યમાં જ પરિણમન પમાડે તેવા પરિણામક હોય છે. તેમ કેટલાક અગીતાર્થ સાધુ પણ અધ્યયનાદિ કરતા હોય ત્યારે ગુરુ જે તાત્પર્યથી જે શ્રુતવચનો કહે તે તાત્પર્યથી જ તેને ગ્રહણ કરે તેવા પરિણામક હોય છે.

વળી, કેટલાક સાધુઓ અતિપરિણામક હોય છે. આથી જ કોઈક એક સ્થાને તેનું યોજન ગીતાર્થે કરેલું

હોય, તેનું યોજન અન્ય સ્થાને ઉચિત ન હોય તોપણ અતિપરિણામક બુદ્ધિને કારણે તેઓ તે સ્થાને પણ તેનું યોજન કરે છે. જેમ અપવાદનું સેવન એક સ્થાને ઉચિત હોય અને ગીતાર્થે બતાવ્યું હોય તે સાંભળીને અતિપરિણામક જીવો અસ્થાને પણ તે અપવાદનું સેવન કરે છે. આવા અતિપરિણામક કે અપરિણામક જીવોને પણ ગીતાર્થ સાધુ ઉચિત અનુશાસન આપીને પરિણામક કરે છે; કેમ કે આરાધક હોવા છતાં તેઓની તે પ્રકારની મંદ પ્રજ્ઞા અને અવિચારકતા હોવાને કારણે અપરિણામક કે અતિપરિણામક બને છે અને પુનઃ પુનઃ અનુશાસન આપવા દ્વારા અને શ્રુતનું અધ્યયન કરાવવા દ્વારા ગીતાર્થ સાધુ તેઓને પરિણામક બનાવે છે. આથી જ સુસાધુમાં પણ આ સર્વ ભેદોની પ્રાપ્તિ છે.

વળી, કેટલાક સાધુઓ ધૃતિ અને સંઘયણથી સંપન્ન હોય છે. તેમાં ચાર વિકલ્પોની પ્રાપ્તિ છે. તે પ્રમાણે કેટલાક સાધુઓને જે પ્રમાણે સંયમયોગમાં પ્રવૃત્તિ કરવી આવશ્યક છે, તે પ્રકારે પ્રવૃત્તિ કરીને તે ક્રિયાથી નિષ્પાદ્યભાવો કઈ રીતે પ્રગટ થાય છે, તેનો બોધ ગીતાર્થ કરાવે ત્યારે અત્યંત ધૃતિપૂર્વક તે ક્રિયા કરીને તે ક્રિયા દ્વારા નિષ્પાદ્ય ભાવોને તેઓ સુખપૂર્વક પ્રાપ્ત કરી શકે તેવા ધૃતિસંપન્ન હોય છે. છતાં શરીરબળથી તેઓ હીન હોય છે. તેથી પ્રતિકૂળ સંયોગોમાં ઉચિત પરિણામો કરવાને અનુકૂળ ધૃતિસંપન્ન હોવા છતાં શરીરની શક્તિની હીનતાને કારણે વિશિષ્ટ પ્રયત્ન કરી શકતા નથી. આ પ્રકારનો ધૃતિસંપન્ન અને સંઘયણહીન નામનો પ્રથમ ભાંગો છે અને તેવા સાધુઓ પણ આરાધક હોવાથી સ્વભૂમિકાનુસાર હિત સાધે છે.

વળી, કેટલાક સાધુઓ સંઘયણથી-શરીરબળથી, સંપન્ન હોય છે અને ધૃતિથી હીન હોય છે; કેમ કે સંઘયણને અનુકૂળ તેવું પુણ્ય છે પરંતુ ધૃતિને બાધક એવી ચંચળતાની પરિણતિ છે. છતાં આરાધક હોવાથી ગીતાર્થોના ઉપદેશને પામીને ચંચલતાને દૂર કરવા યત્ન કરે છે અને ધૃતિને અનુકૂળ બળ સંચય કરવા યત્ન કરે છે. તેવી યોગ્યતા હોવાને કારણે ગીતાર્થો તેઓને પણ દીક્ષા આપે છે અને ધીરે ધીરે ધૃતિવાળા કરીને તેઓના ભવનો ક્ષય કરાવે છે. આ સંઘયણસંપન્ન અને ધૃતિહીન નામનો બીજો ભાંગો છે.

**ત્રીજો ભાંગો :-** ધૃતિ અને સંઘયણથી સંપન્ન કેટલા સાધુઓ હોય છે તેઓ સર્વ ઉદ્યમથી અપ્રમાદપૂર્વક યત્ન કરી શકે છે તેથી તેવા યોગ્ય જીવો ગીતાર્થ પાસેથી યથાર્થ બોધ કરીને સુખપૂર્વક ભવનો ક્ષય કરવા સમર્થ બને છે.

**ચોથા ભાંગો :-** તદુભયથી હીન=ધૃતિ અને સંઘયણથી હીન, કેટલાક સાધુઓ હોય છે. જોકે તે સાધુઓ સંસારથી ભય પામેલા હોય છે તોપણ ભૂતકાળના કરાયેલા તે પ્રકારના પાપના ઉદયથી શરીરબળ હીન મળેલું હોય છે. વળી, ધૃતિઆપાદક જીવની પરિણતિના બાધક, અધૃતિના જનક ક્લિષ્ટ કર્મો પણ વિદ્યમાન છે અને તેને ધૃતિના અભ્યાસથી તેઓ ક્ષીણ કરી શક્યા નથી. તેથી નિમિત્તોને પામીને ચંચળતા આવે છે તોપણ ગીતાર્થ ગુરુના સાન્નિધ્યના બળથી અને ઉચિત પ્રયત્નના બળથી તેઓ પણ ગુણસંપત્તિને પ્રગટ કરવાને અનુકૂળ કંઈક કંઈક પ્રયત્ન કરે તો હિત સાધી શકે છે. આથી જ તેવા યોગ્ય જીવોને દીક્ષા અપાય છે.

આ ચારેય ભાંગામાં વર્તતા જીવો પણ સદ્આલંબનને ગ્રહણ કરીને સદા પ્રયત્ન કરે તો હિત સાધી શકે

છે અને ધૃતિ-સંઘયણથી યુક્ત જીવ પણ કોઈક આલંબનથી પ્રમાદવાળા બને છે, ત્યારે સંયમ ગ્રહણ કરવા છતાં વિનાશ તરફ પણ જાય છે. જેમ ઉપમિતિ ગ્રંથમાં બતાવેલ સિંહ મુનિ પ્રથમ સંઘયણવાળા હતા, મહાધૃતિવાળા હતા. આથી જ સંયમ ગ્રહણ કરીને ચૌદ પૂર્વધર થયા. કેટલોક કાળ શુદ્ધ સંયમનું પાલન કર્યું. ત્યારપછી પ્રમાદવશ થઈને ઋદ્ધિગારવ આદિ પરિણામોને કારણે નિગોદમાં જાય છે. તેથી ધૃતિ આદિ ભાવો સાધનામાં અત્યંત સહાયક હોવા છતાં પ્રમાદીને કોઈ રક્ષણ કરતું નથી અને ધૃતિ આદિ ભાવોનો અભાવ હોય છતાં જિનવચનાદિના દૃઢ અવલંબનથી ઉચિત દિશામાં કોઈ સાધુ યત્ન કરે તો સર્વ કલ્યાણની પ્રાપ્તિ થાય છે, જન્માંતરમાં ધૃતિસંઘયણ આદિ સર્વની પ્રાપ્તિ થાય છે. આથી જ ગીતાર્થો ભવનિર્વેદાદિ ભાવોને જોઈને કંઈક દોષવાળા પણ જીવોને સંયમ આપે છે અને તેવા જીવો અનુશાસનના બળથી મહાત્મા પણ બને છે.

વળી, કેટલાક સાધુઓ આત્મતરક, પરતરક, ઉભયતરક અને અનુભયતરક હોય છે. ત્યાં પણ ચાર ભાંગા પ્રાપ્ત થાય છે. જેઓ આત્માનો અનુગ્રાહક તપ કરે છે=જિનવચનાનુસાર પરિણામની વિશુદ્ધિ કરે તેવો તપ કરે છે, તેઓ આત્મતરક છે. વળી, જેઓ બીજા યોગ્ય સાધુઓને ઉપષ્ટંભ કરે એવું વૈયાવચ્ચ કરે છે તેઓ પરતરક છે. તેમાંથી જે સાધુઓ પોતાની શક્તિના પ્રકર્ષથી ઉચિત બાહ્ય તપ કરીને આત્માને તત્ત્વથી ભાવિત કરે છે, વૈયાવચ્ચ કરવાની શક્તિ હોવા છતાં કોઈક તેવા પ્રકારના પ્રમાદ દોષને કારણે વૈયાવચ્ચ કરતા નથી, તેઓ આત્મતરક છે, પરતરક નથી. વળી, કોઈકમાં તે પ્રકારની તપની શક્તિ હોય, વૈયાવચ્ચની શક્તિ ન હોય, તેથી વૈયાવચ્ચ કરતા નથી તેઓ પણ આત્મતરક છે, પરતરક નથી. વળી જે સાધુઓમાં વૈયાવચ્ચ વિષયક તેવી કુશળતા નહિ હોવાથી વૈયાવચ્ચ કરતા નથી, તેઓને પ્રમાદજન્ય દોષની પ્રાપ્તિ નથી. પરંતુ શક્તિ હોવા છતાં જેઓ વૈયાવચ્ચ કરતા નથી, તેઓને પ્રમાદજન્ય દોષની પ્રાપ્તિ છે. આ રીતે પોતાના કલ્યાણ અર્થે તપ કરતા અને વૈયાવચ્ચ નહિ કરતા જીવોને આશ્રયીને આત્મતરક નામનો પ્રથમ ભાંગો પ્રાપ્ત થાય છે.

વળી, જેઓ વૈયાવચ્ચ જ કરે છે, શક્તિ હોવા છતાં પ્રમાદવશ તપ કરતા નથી અથવા તપની તે પ્રકારની શક્તિના અભાવને કારણે તપ કરતા નથી, તેઓ આત્મતરક નથી, પરતરક છે. જોકે વિવેકપૂર્વક વૈયાવચ્ચ કરીને તેઓ પોતાના આત્માને તારે છે તોપણ ઉચિત વૈયાવચ્ચ કરીને જે રીતે બીજાના સંયમસ્થાનની વૃદ્ધિ કરે છે તેથી પરતરક છે, તે રીતે સ્વયં તપ કરીને આત્માને તપથી ભાવિત કરતા નથી, તે અપેક્ષાએ આત્મતરક નથી.

જે વળી, ઉભય પણ કરે છે-શક્તિને ગોપવ્યા વગર ઉચિત તપ કરીને આત્માને ભાવિત કરે છે અને ગુણસંપન્ન મહાત્માની કે બાલાદિની ઉચિત વૈયાવચ્ચ કરીને તેઓના પણ હિતની ચિંતા કરે છે, તે ઉભયતર છે. આ ત્રીજો ભાંગો છે.

આવા જીવો સુખપૂર્વક હિત સાધી શકે છે. છતાં પ્રમાદવશ થાય તો દુરંત સંસારની પ્રાપ્તિ પણ થાય છે.

જે વળી, ઉભય પણ કરતા નથી-પોતાની શક્તિ અનુસાર તપ કરતા નથી. યોગ્ય જીવોની વૈયાવચ્ચ

કરવા સમર્થ હોવા છતાં વૈયાવચ્ચ પણ કરતા નથી, તેઓ ઉભયતરક નથી. સામાન્યથી અતિ પ્રમાદી જીવોને દીક્ષા અપાય નહિ, છતાં સંવેગપૂર્વક દીક્ષા લીધેલ હોય તેવા પણ જીવો સુખશીલિયા સ્વભાવને કારણે વિદ્યમાન પણ તપની શક્તિને ફોરવતા નથી અને ગુણવાન જીવોની વૈયાવચ્ચ કરવાની શક્તિને પણ ફોરવતા નથી, ત્યારે ઉભયતરક બનતા નથી, તેવા પણ જીવોને ગીતાર્થો ઉચિત અનુશાસન આપીને માર્ગમાં લાવવા પ્રયત્ન કરે છે.

વળી, કેટલાક સાધુઓ અન્યતરક હોય છે. જેઓ તપ, વૈયાવચ્ચમાંથી કોઈ એકને કરવા માટે જ સમર્થ હોય છે અર્થાત્ બંને કરવાની શક્તિ હોવા છતાં તપ કરે તો વૈયાવચ્ચ કરવા સમર્થ થાય નહિ અને વૈયાવચ્ચ કરે તો તપ કરવા સમર્થ થાય નહિ. તેવા સાધુ ઉભય કરવા માટે સમર્થ થતા નથી. તેથી જે વખતે જે બલવાન યોગ હોય તે પ્રમાણે તપ અથવા વૈયાવચ્ચ કરે છે. આ સર્વ પ્રકારના સાધુઓમાંથી કોઈ સાધુ પ્રમાદથી કોઈ સ્ખલના પામે ત્યારે તેઓની તે તે પ્રકૃતિ આદિને સ્મૃતિમાં રાખીને ગીતાર્થો પ્રાયશ્ચિત્ત આપે છે. તેથી પ્રાયશ્ચિત્તના દાનમાં આ સર્વ પ્રકારના પુરુષભેદની વિચારણા આવશ્યક છે. **॥૩૨૭થી ૩૨૯॥**

**ગાથા :-**

**कप्पट्ठिआदओ वि य, चउरो जे सेयरा समक्खाया ।**
**साविक्खेयरभेआदओ अ जे ताण पुरिसाण ।।३३०।।**

**અન્વયાર્થ :-**

**चउरो सेयरा=ચાર ઈતર સહિત, कप्पट्ठिआदओ वि=કલ્પસ્થિતાદિ પણ, समक्खाया=કહેવાયા છે. अ साविक्खेयरभेआदओ=અને સાપેક્ષ અને ઈતર ભેદથી બે પ્રકારના છે અર્થાત્ પૂર્વમાં કહેલા આઠ પ્રકારના સાધુઓમાંથી કેટલાક સાપેક્ષ અને કેટલાક નિરપેક્ષ સાધુઓ છે. ताण पुरिसाण=એ પદનો સંબંધ આગળની ગાથા સાથે છે. ॥૩૩૦॥**

**ગાથાર્થ :-**

**ચાર ઈતર સહિત કલ્પસ્થિતાદિ પણ કહેવાયા છે=કુલ આઠ ભેદવાળા સાધુઓ કહેવાયા છે અને સાપેક્ષ અને ઈતર ભેદથી બે પ્રકારના છે અર્થાત્ પૂર્વમાં કહેલા આઠ પ્રકારના સાધુઓમાંથી કેટલાક સાપેક્ષ અને કેટલાક નિરપેક્ષ સાધુઓ છે. ॥૩૩૦॥**

**ટીકા :-**

**'कप्पट्ठिआदओ वि य'त्ति । कल्पस्थिता आदयो येषां ते कल्पस्थितादयश्चत्वारो ये 'सेतराः' सप्रतिपक्षाश्चत्वारः समाख्याताः-कल्पस्थित १ परिणत २ कृतयोगि ३ तरमाणाख्याः ४ अकल्पस्थिताऽपरिणताकृतयोग्यतरमाणाख्याश्च । तत्राऽऽचेलक्यादिदशविधकल्पे स्थिताः प्रथमचरमजिनसाधवः**

कल्पस्थिताः, मध्यमद्वाविंशतिजिनसाधवो महाविदेहजाश्चाकल्पस्थिताः । परिणतं परिपाकमापन्नं जीवेन सहैकीभावमागतं चारित्रं येषां ते परिणताः, इतरेऽपरिणताः । कृतयोगिनश्चतुर्थषष्ठाष्टमादिभि-र्भावितशरीराः, इतरेऽकृतयोगिनः । तरमाणाश्च 'शकेश्चयतरतीरपाराः' (सि ८-४-८६) इत्यनेन प्राकृतलक्षणसूत्रेण शक्लृधातोस्तरादेशे कृते शक्नुवानाः-शक्तितुलनां कुर्वाणा इत्यर्थः, इतरेऽतरमाणाः । एते च सापेक्षादयः, सापेक्षाः-गच्छवासिनः, निरपेक्षाः-जिनकल्पिकादयः, 'जे' इति पादपूरणे । 'ताण पुरिसाणं'ति इत्यग्रेतनगाथायां संबध्यते ।।३३०।।

**ટીકાર્થ :-**

**कल्पस्थिता ..... संबध्यते ।। કલ્પસ્થિત સાધુઓ છે આદિમાં જેને તે કલ્પસ્થિતાદિ ચાર છે. જે સેતર છે=સપ્રતિપક્ષ ચાર કહેવાયા છે.**

કલ્પસ્થિતાદિના ભેદોને સ્પષ્ટ કરે છે.

**(૧) કલ્પસ્થિત, (૨) પરિણત, (૩) કૃતયોગી, (૪) તરમાણ નામના છે. હવે ચાર ભેદો બતાવે છે. (૧) અકલ્પસ્થિત, (૨) અપરિણત, (૩) અકૃતયોગી, (૪) અતરમાણ નામના છે. ત્યાં-કલ્પસ્થિતાદિ ભેદોમાં, આચેલક્યાદિ દશવિધ કલ્પોમાં રહેલા પ્રથમ અને ચરમ જિનના સાધુઓ કલ્પસ્થિત છે. મધ્યમ બાવીશ જિનના સાધુઓ અને મહાવિદેહના સાધુઓ અકલ્પસ્થિત છે. પરિણત=પરિપાકને પામેલ=જીવની સાથે એકાકી ભાવને પામેલ ચારિત્ર છે જેઓને તે પરિણત સાધુઓ છે=સંયમની સર્વ ક્રિયાઓ સુપ્રણિધાનપૂર્વક કરીને ગુણસ્થાનકને સ્પર્શે તેવા ચારિત્ર પરિણામને પામેલ સાધુઓ છે તે પરિણત સાધુઓ છે, ઈતર=અપરિણત સાધુઓ છે=કલ્યાણના અર્થી હોવાથી સંયમ ગ્રહણ કરેલ છે છતાં સંયમની ક્રિયા તે પ્રકારે સુપ્રણિધાનપૂર્વક કરીને પણ હજુ તે ક્રિયાઓ તે પ્રકારે આત્મામાં એકાકીભાવરૂપે પરિણમન પામેલ નથી. જેથી ચારિત્રની નિર્લેપ પરિણતિથી જેઓ અપરિણત છે, તેઓ અપરિણત સાધુઓ છે.**

**કૃતયોગી સાધુઓ ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમાદિથી ભાવિત શરીરવાળા છે અર્થાત્ સંયમ ગ્રહણ કર્યા પછી અન્ય યોગોની સ્ખલના ન થાય તે રીતે ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમાદિથી આત્માને તે રીતે ભાવિત કર્યો છે કે જેથી તપકાળમાં પણ સંયમયોગોને અનુકૂળ શરીરની શક્તિ ક્ષીણ થતી નથી, તે કૃતયોગી સાધુઓ છે.**

**ઈતર અકૃતયોગી છે અર્થાત્ સંયમની પરિણતિવાળા હોવા છતાં વિશેષ પ્રકારના તપથી આત્માને ભાવિત કરીને ધૃતિપૂર્વક સર્વ ક્રિયાઓ કરી શકે એવા શરીરવાળા નથી અને તરમાણ સાધુઓ શક્તિની તુલના કરનારા છે અર્થાત્ ઉત્તરોત્તરના સંયમસ્થાનને અનુકૂળ સદૃઢ વ્યાપાર કરવાર્થે પોતાની મન, વચન, કાયાની કેવા પ્રકારની શક્તિ છે, તેનો નિર્ણય કરીને શક્તિની વૃદ્ધિ થાય તે માટે યતમાન છે. 'તરમાણ' શબ્દ સિદ્ધહેમ વ્યાકરણના પ્રાકૃત લક્ષણ સૂત્રથી शक्लृ ધાતુને तर આદેશ**

કરાયે છતે બનેલ છે. વળી, કેટલાક સાધુઓ ઈતર છે=અતરમાણ છે અર્થાત્ સંયમ ગ્રહણ કરેલ છે. આરાધક છે, સ્વભૂમિકાનુસાર સંયમનાં કૃત્યો કરનારા છે તોપણ સતત પોતાની શક્તિની તુલના કરીને તે તે તપશક્તિ, શ્રુતશક્તિ, ધારણાશક્તિ અને સુપ્રણિધાનને અતિશય કરવાની શક્તિને સતત વધારવા અર્થે પોતાની શક્તિની તુલના કરતા નથી, તેઓ અતરમાણ છે અને આ સાપેક્ષાદિ સાધુઓ છે=સાપેક્ષ ગચ્છવાસી છે અને નિરપેક્ષ જિનકલ્પાદિ છે. ગાથામાં જે શબ્દ પાદપૂરણમાં છે. ગાથાના અંતે રહેલ 'ताण पुरिसाणं' એ અગ્રેતન ગાથામાં સંબંધ કરાય છે=ગાથા-૩૩૧માં સંબંધ કરાય છે. ॥૩૩૦॥

**અવતરણિકા :-**

सा चेयम् –

**અવતરણિકાર્થ :-**

અને તે આ છે=ताण पुरिसाण સાથે સંબંધવાળી ગાથા આ છે –

**ગાથા :-**

जो जह सत्तो बहुतरगुणो व तस्साहिअं पि दिज्जाहि ।
हीणस्स हीणतरगं, झोसिज्ज व सव्वहीणस्स ।।३३१।।

**અન્વયાર્થ :-**

તે પુરુષોમાંથી, जो जह सत्तो=જે જે પ્રકારે સમર્થ, बहुतरगुणो व=બહુતરગુણવાળા છે. तस्साहिअं पि दिज्जाहि=તેને અધિક પણ આપે. हीणस्स=હીનને, हीणतरगं=હીનતર પણ આપે, सव्वहीणस्स झोसिज्ज=સર્વ હીનને સર્વ પણ તપ હ્રાસ કરે. ॥૩૩૧॥

**ગાથાર્થ :-**

**તે પુરુષોમાંથી જે જે પ્રકારે સમર્થ, બહુતરગુણવાળા છે, તેને અધિક પણ આપે. હીનને હીનતર પણ આપે. સર્વહીનને સર્વ પણ તપ હ્રાસ કરે. ॥૩૩૧॥**

**ટીકા :-**

'जो जह सत्तो'त्ति । तेषां पुरुषाणां गीतार्थादीनां कल्पस्थितादीनां च मध्याद् यो 'यथा शक्तः' तपः कर्तुं क्षमः 'बहुतरगुणो वा' धृतिसंहनननसंपन्नः परिणतः कृतयोगी आत्मपरतरो वा भवेत्तस्य 'अधिकमपि' जीतोक्तादतिरिक्तमपि दद्यात् । 'हीनस्य' धृतिसंहननादिरहितस्य 'हीनतरं' जीतोक्तादल्पतरं दद्यात् । 'सर्वहीनस्य' सामस्त्येनाक्षमस्य सर्वमपि तपः 'क्षपयेत्' ह्रासयेत्, न किमपि तस्य दद्यात् मिथ्यादुष्कृतेनैव तस्य शुद्धिरादेश्येत्यर्थः ।।३३१।।

**ટીકાર્થ :-**

તેષાં ..... દેશ્યેત્યર્થઃ ।। તે પુરુષોના=ગાથા-૩૨૮થી માંડીને ૩૩૦ સુધી જે સાધુઓના ભેદો બતાવ્યા, તે ગીતાર્થાદિ અને કલ્પસ્થિત પુરુષોમાંથી જે પ્રકારે સમર્થ છે=તપ કરવા માટે સમર્થ છે અથવા બહુતરગુણવાળા છે.

કયા બહુતરગુણોવાળા છે ? તે સ્પષ્ટ કરે છે.

ધૃતિસંઘયણથી સંપન્ન, પરિણત, કૃતયોગી, આત્મતર અને પરતર થાય. તેને અધિક પણ જીતકલ્પમાં કહેલાથી અતિરિક્ત પણ પ્રાયશ્ચિત્ત આપે અર્થાત્ તેઓ અધિક સમર્થ હોવાથી થયેલા પાપ અનુસાર જિતકલ્પમાં જે કહ્યું છે, તેટલું પ્રાયશ્ચિત્ત આપવામાં આવે તો તે પ્રકારનો તીવ્ર સંવેગ થાય નહિ; કેમ કે ધૃતિસંઘયણાદિથી સંપન્ન છે, તેથી તેટલો તપ તેઓ માટે સામાન્ય છે અને સંવેગનો પ્રકર્ષ જ થયેલા પાપનો નાશ કરે છે માટે અધિક પણ પ્રાયશ્ચિત્ત ગીતાર્થ આપે અને ગીતાર્થને જણાય કે સંવેગ તીવ્ર છે. આથી જ આલોચનાકાળમાં અત્યંત સંવેગથી આલોચના કરે છે. જેથી જીતકલ્પ જેટલું પણ આપે. વળી, હીન સાધુને=ધૃતિસંઘયણાદિથી રહિત સાધુને હીનતર પણ=જીતમાં કહેલ તેના દોષના સેવનથી પ્રાપ્ત થતા પ્રાયશ્ચિત્તથી અલ્પતર પ્રાયશ્ચિત્તને આપે અર્થાત્ જીતકલ્પમાં સામાન્યથી સાધુને આશ્રયીને થયેલા અપરાધને અનુરૂપ પ્રાયશ્ચિત્ત છે. ધૃતિસંઘયણથી હીન હોય તેઓને થયેલા પાપમાં જેટલા પ્રાયશ્ચિત્તથી સંવેગ થાય, તેટલું જ આપે. અધિક આપવાથી તે પ્રાયશ્ચિત્તના સેવનથી વ્યાકુળ થવાને કારણે શુદ્ધિ પ્રાપ્ત કરી શકે નહિ. એથી એની શક્તિને અનુરૂપ પણ અલ્પતર આપીને તેમને સંવેગનો અતિશય થાય એ રીતે ગીતાર્થ સાધુ યત્ન કરે. સર્વહીન સાધુને=સર્વ અંશથી તપ કરવા માટે અસમર્થ સાધુને સર્વ પણ તપ=તેના દોષના સેવનથી જીત અનુસાર પ્રાપ્ત થયેલું સર્વ પણ તપ, હ્રાસ કરે અર્થાત્ તેને કંઈ પણ તપ આપે નહિ. તો શું કરે ? એથી કહે છે. મિથ્યાદુષ્કૃતથી જ તેની શુદ્ધિ આદેશ્યા છે=શુદ્ધિ કહેવી જોઈએ, એ પ્રમાણે અર્થ છે અર્થાત્ જે પ્રકારનો તેનો ઉત્કટ દોષ સેવાયો છે, તે દોષ પ્રત્યે તીવ્ર જુગુપ્સા કરવાર્થે તેને વારંવાર મિથ્યાદુષ્કૃતનું દાન કરીને શુદ્ધિ કહેવી જોઈએ. જેમ કોઈને એક વખતના મિથ્યાદુષ્કૃતથી શુદ્ધિ ન થાય તો અનેક વખત પ્રવર્ધમાન સંવેગથી વારંવાર મિથ્યાદુષ્કૃત આપે તો તેનાથી શુદ્ધિ છે, તેમ કહેવું જોઈએ. ॥૩૩૧॥

**અવતરણિકા :-**

प्रतिसेवावैचित्र्ये प्रायश्चित्तवैचित्र्यमाह –

**અવતરણિકાર્થ :-**

પ્રતિસેવાના વૈચિત્ર્યમાં પ્રાયશ્ચિત્તના વૈચિત્ર્યને કહે છે –

**ભાવાર્થ :-**

જે જે સાધુઓએ જે જે પ્રકારની વિપરીત આચરણા જે જે પ્રકારના કષાયોને વશ થઈને કરેલી હોય તે તે પ્રતિસેવાના વૈચિત્ર્યમાં=બાહ્યથી સમાન પ્રતિસેવા હોવા છતાં કષાયાદિકૃત પ્રતિસેવાના વૈચિત્ર્યમાં પ્રાયશ્ચિત્તના વૈચિત્ર્યને કહે છે –

**ગાથા :-**

**पडिसेवाभेएण वि, पच्छित्तं खलु विचित्तयं होइ ।**
**जं जीअदाणसुत्तं, एयं पायं पमाएण्णं ।।३३२।।**

**અન્વયાર્થ :-**

**पडिसेवाभेएण वि=પ્રતિસેવાના ભેદથી પણ, पच्छितं खलु विचित्तयं होइ=પ્રાયશ્ચિત્ત વિચિત્ર થાય છે. जं जीअदाणसुत्तं=જે જીતદાનસૂત્ર છે, एयं पायं पमाएण्णं=એ પ્રાયઃ પ્રમાદથી થયેલી સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્ત છે. ।।૩૩૨।।**

**ગાથાર્થ :-**

**પ્રતિસેવાના ભેદથી પણ પ્રાયશ્ચિત્ત વિચિત્ર થાય છે. જે જીતદાનસૂત્ર છે, એ પ્રાયઃ પ્રમાદથી થયેલી સ્ખલનાઓનું પ્રાયશ્ચિત્ત છે. ।।૩૩૨।।**

**ટીકા :-**

**'पडिसेव'त्ति । प्रतिसेवाभेदेनापि खलु विचित्रं प्रायश्चित्तं भवति । तत्र यज्जीतदानसूत्रमेतत्प्रायः प्रमादेन, प्रमादो दैवात् प्रतिलेखनाप्रमार्जनाद्यनुपयुक्तता, तत्र जीतोक्तं यथास्थितमेव प्रायश्चित्त-मित्यर्थः ।।३३२।।**

**ટીકાર્થ :-**

**प्रतिसेवा ..... प्रायश्चित्तमित्यर्थः ।। પ્રતિસેવાના ભેદથી પણ ખરેખર વિચિત્ર પ્રાયશ્ચિત્ત થાય છે અર્થાત્ વિપરીત આચરણાના ભેદથી તો પ્રાયશ્ચિત્તનો ભેદ છે, પરંતુ સમાન વિપરીત આચરણામાં પણ કષાયકૃત ભેદને કારણે ભિન્ન ભિન્ન પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થાય છે. ત્યાં=પ્રાયશ્ચિત્ત દાનમાં, જે જીત દાનસૂત્ર છે, એ પ્રાયઃ પ્રમાદથી થયેલી સ્ખલનાનું પ્રાયશ્ચિત્ત છે. પ્રમાદ શું છે ? તે સ્પષ્ટ કરે છે. દૈવથી=તે પ્રકારના કર્મથી, પ્રતિલેખના પ્રમાર્જના આદિમાં અનુપયુક્તતા પ્રમાદ છે.**

**ત્યાં=પ્રમાદથી થયેલી સ્ખલનામાં, જીતમાં કહેલું યથાસ્થિત જ પ્રાયશ્ચિત્ત છે, એ પ્રમાણે અર્થ છે. ।।૩૩૨।।**

**અવતરણિકાર્થ :-**

પૂર્વગાથામાં પ્રમાદથી જે દોષની પ્રાપ્તિ હોય તેને અનુરૂપ જીતમાં કહેલું યથાસ્થિત પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ તેમ કહ્યું. તેમાં જ પરિણામના ભેદથી કઈ રીતે પ્રાયશ્ચિત્તનો ભેદ પ્રાપ્ત થાય છે ? તે બતાવતાં કહે છે –

**ગાથા :-**

**ठाणंतरस्स वुड्ढी, दप्पे आउट्टिआइ वि तहे व ।**
**सट्ठाणं वा कप्पे, पडिकमणं वा तदुभयं वा ।।३३३।।**

**અન્વયાર્થ :-**

दप्पे ठाणंतरस्स वुड्ढी=દર્પમાં સ્થાનાન્તરની વૃદ્ધિ, आउट्टिआइ वि तहे व सट्ठाणं वा=આકુટ્ટિકામાં પણ તે જ પ્રકારે સ્થાનાન્તરની વૃદ્ધિ અથવા સ્વસ્થાન, कप्पे=કલ્પમાં, पडिकमणं तदुभयं वा=પ્રતિક્રમણ આપવું જોઈએ અથવા તદુભય આપવું જોઈએ. ।।૩૩૩।।

**ગાથાર્થ :-**

દર્પમાં સ્થાનાંતરની વૃદ્ધિ, આકુટ્ટિકામાં પણ તે જ પ્રકારે સ્થાનાંતરની વૃદ્ધિ અથવા સ્વસ્થાન આપે. કલ્પમાં પ્રતિક્રમણ આપવું જોઈએ અથવા તદુભય આપવું જોઈએ. ।।૩૩૩।।

**ટીકા :-**

'ठाणंतरस्स'त्ति । 'दर्पे' धावनडेपनवल्गनादिरूपे हास्यजनकवचनकन्दर्पादिरूपे वा स्थानान्तरस्य वृद्धिः कर्त्तव्या, दर्पवतः प्रमादप्रतिसेवकप्रायश्चित्तस्थानान्तरं वर्द्धयेत्, किमुक्तं भवति ? प्रमादप्रतिसेवनया भिन्नमासलघुमासगुरुमासचतुर्लघुचतुर्गुरुषड्लघुषड्गुरूणामापत्तौ निर्विकृतिकपुरिमार्द्धैकाशनाचामाम्लचतुर्थषष्ठाष्टमानि तपांसि दीयन्ते । दर्पप्रतिसेवाकारिणस्तु भिन्नमासादीनामापत्तौ निर्विकृतिकं मुक्त्वा पुरिमार्द्धादीनि दशमान्तानि देयानीति । 'आकुट्टिकायामपि' उपेत्य सावद्यकरणोत्साहरूपायां 'तथैव' दर्पवदेव स्थानान्तरवृद्धिः कार्या । दर्पप्रतिसेविनो हि भिन्नमासाद्यापत्तौ पुरिमार्द्धादीनि दशमान्तानि दीयन्ते, आकुट्टिप्रतिसेविनस्त्वेकाशनादीनि द्वादशान्तानि देयानि, स्वस्थानमेव वा दद्यात् । इहापत्तिरूपं प्रायश्चित्तं स्वस्थानमुच्यते, यथाऽऽकुट्टिकया पञ्चेन्द्रियवधे मूलम्, अन्यत्रापि चाकुट्टिकया यत्रापराधे यद् भिन्नमासादिकमुक्तं तत्तत्र स्वस्थानम्, तदेवाकुट्टिकाप्रतिसेविनो दद्यादित्यर्थः । 'कल्प्ये' कारणप्रतिसेवारूपे प्रतिक्रमणं मिथ्यादुष्कृतदानमात्रं वा, अथवा 'तदुभयं' आलोचनामिथ्यादुष्कृतोभयरूपं प्रायश्चित्तम् ।।३३३।।

**ટીકાર્થ :-**

**'दर्पे' ..... प्रायश्चित्तम् ।। દર્પમાં=દોડવું, કૂદવું વગેરે રૂપ દર્પમાં અથવા હાસ્યજનક વચન કંદર્પાદિ રૂપ દર્પમાં સ્થાનાંતરની વૃદ્ધિ કરવી જોઈએ=દર્પવાળા સાધુને પ્રમાદ પ્રતિસેવક પ્રાયશ્ચિત્તના સ્થાનથી ઉપરનું પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ.**

શું કહેવાયેલું થાય છે ? તે સ્પષ્ટ કરે છે.

**પ્રમાદની પ્રતિસેવનાથી ભિન્નમાસ, લઘુમાસ, ગુરુમાસ, ચતુર્લઘુ, ચતુર્ગુરુ, છ લઘુમાસ, છ ગુરુમાસની પ્રાપ્તિ થયે છતે નિવ્વિગઈ, પુરિમાર્ધ, એકાસણું, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ-અટ્ઠમાદિ તપો અપાય છે=જીતવ્યવહાર અનુસાર તપો અપાય છે. વળી, દર્પિકા પ્રતિસેવા કરનારને ભિન્ન માસાદિની પ્રાપ્તિ થયે છતે=જીત વચનાનુસાર થયેલા દોષ અનુરૂપ ભિન્ન માસાદિની પ્રાપ્તિ થયે છતે, નિવિગ્ગઈને છોડીને=પ્રાયશ્ચિત્તના પ્રથમ સ્થાન નિવ્વિગઈને છોડીને, પુરિમાર્ધથી દશમ અંતવાળા=ચાર ઉપવાસ સુધી અપાય છે. આકુટ્ટિકામાં=જાણીને સાવદ્યકરણના ઉત્સાહરૂપ આકુટ્ટિકામાં, તે પ્રકારે જ=દર્પની જેમ જ સ્થાનાંતર વૃદ્ધિ કરવી જોઈએ. हि=જે કારણથી, દર્પ પ્રતિસેવનીય સાધુને ભિન્નમાસાદિની પ્રાપ્તિમાં પુરિમાર્ધથી માંડીને ચાર ઉપવાસો અપાય છે. વળી, આકુટ્ટિપ્રતિસેવીને એકાશનાદિથી માંડીને પાંચ ઉપવાસ સુધી અપાય છે અથવા સ્વસ્થાન જ આપે. અહીં=પ્રાયશ્ચિત્તના વિષયમાં, આપત્તિરૂપ પ્રાયશ્ચિત્ત=જીત અનુસાર પ્રાપ્ત થતું પ્રાયશ્ચિત્ત, સ્વસ્થાન કહેવાય છે. જે પ્રમાણે આકુટ્ટિથી પંચેન્દ્રિયનો વધ કરાયે છતે મૂલ પ્રાયશ્ચિત્ત છે અને અન્યત્ર પણ=પંચેન્દ્રિય વધ સિવાયના સ્થાનમાં પણ આકુટ્ટિથી જે અપરાધમાં જે ભિન્ન માસાદિ કહેવાયું=જીતવ્યવહારમાં કહેવાયું, તે=તે પ્રાયશ્ચિત્ત, ત્યાં સ્વસ્થાન છે. તે જ આકુટ્ટિકાના પ્રતિસેવીને આપવું જોઈએ અને કલ્પ્યમાં=કારણ પ્રતિસેવનારૂપ કલ્પ્યમાં, પ્રતિક્રમણ અથવા મિથ્યાદુષ્કૃત દાન માત્ર આપવું જોઈએ અથવા તદુભય=આલોચના, મિથ્યાદુષ્કૃત ઉભયરૂપ પ્રાયશ્ચિત્ત આપવું જોઈએ. ॥૩૩૩॥**

**ભાવાર્થ :-**

ગીતાર્થ સાધુ પ્રાયશ્ચિત્ત લેનાર જીવની પશ્ચાત્તાપની પરિણતિ આદિ ભાવોને જોઈને પ્રાયશ્ચિત્તના અનેક વિકલ્પો કરીને પ્રાયશ્ચિત્ત આપે છે. તે બતાવવા માટે કહ્યું કે પ્રમાદથી જે પ્રકારની સ્ખલના થઈ હોય તે પ્રકારે ભિન્ન માસથી માંડીને છ ગુરુકમાસની પ્રાપ્તિ થાય છે અને તે પ્રાયશ્ચિત્ત અનુસાર જીતમાં નિવ્વિગઈથી માંડીને અટ્ઠમ સુધીનાં પ્રાયશ્ચિત્તો અપાય છે અને પ્રમાદવાળા સાધુ પ્રમાદથી પ્રતિસેવના કરતા હોય ત્યારે કંઈક ત્વરાદિના કારણે દર્પ વધતો હોય કે હાસ્યજનક વચન બોલતા હોય તેને આશ્રયીને જે પ્રાયશ્ચિત્તનું સ્થાન પ્રાપ્ત થયું છે, તેનાથી એક સ્થાન વૃદ્ધિ કરીને આપવું જોઈએ અને જેમ જીત અનુસાર કોઈને તપમાં ઉત્કૃષ્ટ અટ્ઠમ પ્રાપ્ત થતો હોય તેને સ્થાને ચાર ઉપવાસ અપાય છે.

વળી, પ્રમાદથી જે સ્ખલનાઓ થાય છે, તે સ્ખલના કોઈક સાધુ આકુટ્ટિથી કરે અર્થાત્ પ્રતિલેખનાદિ આ રીતે કરવી જોઈએ, એવો સ્પષ્ટ બોધ હોય છતાં તે પ્રકારની સાવદ્ય પ્રવૃત્તિ કરવા પ્રત્યે ઉત્સાહ હોવાને

કારણે આકુટ્ટિથી તે પાપ કરે તો દર્પની જેમ જ સ્થાનાંતરની વૃદ્ધિની પ્રાપ્તિ થાય. તેથી જીત અનુસાર ઉત્કૃષ્ટ તપ અટ્ઠમ પ્રાપ્ત થતો હતો, તેના સ્થાને આકુટ્ટિમાં પાંચ ઉપવાસની પ્રાપ્તિ થાય.

વળી, જીવની યોગ્યતાના ભેદથી અને થયેલા પાપના પશ્ચાત્તાપના ભેદથી આકુટ્ટિથી સેવાયેલા પાપમાં પણ જીતમાં કહેવાયેલા પ્રાયશ્ચિત્તનું જે સ્થાન પ્રાપ્ત થાય છે, આકુટ્ટિથી કરાયેલા પાપવાળાને પણ તે જ પ્રાયશ્ચિત્ત આપે; કેમ કે અન્ય અનેક કારણોથી વિચારીને જે રીતે તેની શુદ્ધિ થાય તે રીતે તેના શોધન અર્થે ગીતાર્થો ઉચિત પ્રાયશ્ચિત્ત આપે છે. વળી, આકુટ્ટિથી પંચેન્દ્રિયવધમાં મૂલ પ્રાયશ્ચિત્ત છે. જેમ કોઈ સાધુને માર્ગમાં હિંસક પ્રાણી આદિ કે દુષ્ટજનોનો ઉપદ્રવ પ્રાપ્ત થાય ત્યારે પોતાના રક્ષણ અર્થે કંઈક યત્ન કરે છતાં દયાળુ સાધુથી પ્રમાદવશ પંચેન્દ્રિયનો વધ થાય ત્યારે મૂલ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થતી નથી. પરંતુ આકુટ્ટિથી કરે તો મૂલ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય.

વળી, કલ્પિકા પ્રતિસેવામાં પ્રતિક્રમણ અથવા મિથ્યાદુષ્કૃતદાન અપાય છે અર્થાત્ કઠોરતાના પરિહારરૂપે ઈર્યાપ્રતિક્રમણ અથવા પ્રમાદવશ મારાથી કંઈ મિથ્યા થયું હોય તે દુષ્કૃતની નિંદા કરે તેટલાથી જ તે મહાત્મા શુદ્ધ થાય છે અથવા કલ્પિકા પ્રતિસેવા સેવ્યા પછી ગીતાર્થ ગુરુ આગળ જે કૃત્ય યતનાપૂર્વક સાધુએ કર્યું છે, તેનું આલોચન ગુરુ આગળ કરે અને કોઈક સૂક્ષ્મ સ્ખલના થઈ હોય તેના પરિહાર અર્થે મિથ્યાદુષ્કૃત આપે એટલું જ પ્રાયશ્ચિત્ત છે. **॥૩૩૩॥**

**અવતરણિકા :-**

**परिणामानुरूप्येणापि प्रायश्चित्तदानभेदमाह –**

**અવતરણિકાર્થ :-**

**પરિણામના અનુરૂપપણાથી પણ પ્રાયશ્ચિત્તદાનના ભેદને કહે છે –**

**ગાથા :-**

**आलोअणकालम्मि वि, संकिट्ठविसोहिभेअमुवलब्भ ।**
**अहिअं वा हीणं वा, तम्मत्तं वावि दिज्जाहि ।।३३४।।**

**અન્વયાર્થ :-**

**आलोयणाकालम्मि वि=આલોચનાકાળમાં પણ, संकिट्ठविसोहिभेअमुवलब्भ=સંક્લિષ્ટ અને વિશોધિના ભેદને પામીને, अहिअं वा हीणं वा तम्मत्तं वावि=અધિક અથવા હીન અથવા તેટલું માત્ર જ પ્રાયશ્ચિત્ત दिज्जाहि=આપે. ॥૩૩૪॥**

**ગાથાર્થ :-**

**આલોચનાકાળમાં પણ સંક્લિષ્ટ અને વિશોધિના ભેદને પામીને અધિક અથવા હીન અથવા તન્માત્ર જ પ્રાયશ્ચિત આપે. ॥૩૩૪॥**

**ટીકા :-**

'आलोअण'त्ति । आलोचनाकालेऽपि कमप्यपराधविशेषं यः सर्वथा न प्रकाशयति कथयन्नप्यर्द्ध-कथितं वा करोति स संक्लिष्टपरिणाम इति ज्ञात्वा तस्याधिकमपि दद्यात् । यः पुनः संवेगमुपगतो निन्दागर्हादिभिर्विशुद्धपरिणामस्तस्य हीनमपि दद्यात् । यः पुनर्मध्यस्थपरिणामस्तस्य तन्मात्रमेव दद्यादिति ।।३३४।।

**ટીકાર્થ :-**

आलोचन ..... दद्यादिति ।। આલોચનાકાળમાં પણ=પોતે સેવેલું જે કૃત્ય હોય તે સર્વ કૃત્ય પોતે કઈ રીતે સેવ્યું છે, તેનું ગુરુ આગળ નિવેદન કરે તે રૂપ આલોચનકાળમાં પણ, કોઈક પણ અપરાધ વિશેષને જે સાધુ સર્વથા પ્રકાશન કરતા નથી અથવા કહેતા પણ=થયેલા અપરાધને કહેતા પણ, અર્ધકથિત કરે છે=જે ક્રમથી જે જે પરિણામપૂર્વક તે અપરાધ કર્યો છે, તે અપરાધને અર્ધસ્પષ્ટ કથન કરે છે, તે સાધુ સંક્લિષ્ટ પરિણામવાળા છે, એ પ્રમાણે જાણીને તેને=તે સાધુને, અધિક પણ પ્રાયશ્ચિત્ત આપે=તેના અપરાધથી પ્રાપ્ત થતું પ્રાયશ્ચિત્ત હોય તેના કરતાં તેને અધિક પ્રાયશ્ચિત્ત આપે; કેમ કે આલોચના કરે છે છતાં સંક્લિષ્ટ પરિણામવાળા છે. તેથી તે પાપને અનુરૂપ અધિક પ્રાયશ્ચિત્ત આપવાથી તે અધિક પ્રાયશ્ચિત્તના બળથી વિશુદ્ધિને પ્રાપ્ત કરે. જે વળી, સંવેગને પામેલ=આલોચનાકાળમાં થયેલા પાપ પ્રત્યે તીવ્ર જુગુપ્સા હોવાને કારણે સંવેગને પામેલ, નિંદા-ગર્હાદિ દ્વારા વિશુદ્ધ પરિણામવાળા છે=થયેલા પાપની શુદ્ધિ કરવાને અનુકૂળ વિશુદ્ધ પરિણામવાળા છે, તે સાધુને હીન પણ આપે=જીતકલ્પ અનુસાર જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય તેનાથી હીન પણ પ્રાયશ્ચિત્ત આપે. વળી, જે મધ્યસ્થ પરિણામવાળા છે, તેને તન્માત્ર જ આપે અર્થાત્ જે સાધુ પાપશુદ્ધિના અર્થી છે છતાં તીવ્ર સંવેગ થતો નથી તોપણ પાપ મારે શુદ્ધ કરવું છે, તે આશયથી થયેલા પાપનું યથાર્થ પ્રકાશન કરે છે, તેને જીતકલ્પ અનુસાર જે પ્રાયશ્ચિત્ત પ્રાપ્ત થતું હોય, તેટલું માત્ર જ આપે. ॥૩૩૪॥

**અવતરણિકા :-**

प्रायश्चित्तद्वारसमाप्त्युपदर्शनपूर्वं द्वारत्रयात्मकव्यवहारनिरूपणसिद्धतामुपदर्शयति –

**અવતરણિકાર્થ :-**

પ્રાયશ્ચિત્તદ્વારની સમાપ્તિના ઉપદર્શનપૂર્વક દ્વારત્રયાત્મક વ્યવહારની નિરૂપણની સિદ્ધતાને બતાવે છે –

**ગાથા :-**

एसो पायच्छित्ते, ववहारो धीरपुरिसपण्णत्तो ।
भणिओ अ परिसमापिअमिय ववहारस्स दारतिगं ।।३३५।।

**અન્વયાર્થ :-**

**पायच्छित्ते=પ્રાયશ્ચિત્તના વિષયમાં, धीरपुरिसपण्णत्तो=ધીરપુરુષથી પ્રજ્ઞપ્ત, एसो ववहारो=આ વ્યવહાર, भणिओ=કહેવાયો. अ=અને, ववहारस्स=વ્યવહારનું, इय दारतिगं=આ દ્વારત્રિક, परिसमापिअं=પરિસમાપ્ત કરાયું. ।।૩૩૫।।**

**ગાથાર્થ :-**

**પ્રાયશ્ચિત્તના વિષયમાં ધીરપુરુષથી પ્રજ્ઞપ્ત આ વ્યવહાર કહેવાયો અને વ્યવહારનું આ દ્વારત્રિક પરિસમાપ્ત કરાયું. ।।૩૩૫।।**

**ટીકા :-**

'एसो'त्ति स्पष्टेयम् ।।३३५।।

**ટીકાર્થ :-**

આ ગાથા સ્પષ્ટ છે. ।।૩૩૫।।

**ભાવાર્થ :-**

અત્યાર સુધી પ્રાયશ્ચિત્તનો વ્યવહાર જે ગ્રંથકારશ્રીએ બતાવ્યો છે, તે ધીરપુરુષ એવા ગણધરોથી પ્રજ્ઞપ્ત છે અને તેનું જ નિરૂપણ ગ્રંથકારશ્રીએ અત્યારસુધી કરેલ છે અને પૂર્વમાં વ્યવહાર, વ્યવહારી અને વ્યવહર્તવ્ય એ રૂપ ત્રણ દ્વાર બતાવેલાં, એ પરિસમાપ્ત કરાયાં. **।।૩૩૫।।**

**ગાથા :-**

**सद्धापोहासेवणभावेणं जस्स एस ववहारो ।**
**सम्मं होइ परिणओ, सो सुगुरू होइ जगसरणं ।।३३६।।**

**અન્વયાર્થ :-**

**सद्धापोहासेवणभावेणं=શ્રદ્ધા, અપોહ=તત્ત્વને જાણવા માટે ઊહાપોહ અને આસેવન ભાવથી जस्स=જેમને=જે સાધુને, एस ववहारो=આ વ્યવહાર, सम्मं परिणओ होइ=સમ્યક્ પરિણત થાય છે. सो सुगुरु=તે સુગુરુ, जगसरणं होइ=જગતને શરણ થાય છે. ।।૩૩૬।।**

**ગાથાર્થ :-**

**શ્રદ્ધા, અપોહ=તત્ત્વને જાણવા માટે ઊહાપોહ અને આસેવનભાવથી જેમને=જે સાધુને, આ વ્યવહાર=અત્યારસુધી વર્ણન કર્યો એ વ્યવહાર, સમ્યક્ પરિણત થાય છે, તે સુગુરુ જગતને શરણ થાય છે. ।।૩૩૬।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી ગ્રંથકારશ્રીએ જે વ્યવહારનું વર્ણન કર્યું, તે વર્ણન જિનવચનાનુસાર વ્યવહાર ગ્રંથના અવલંબનથી ગ્રંથકારશ્રીએ કરેલ છે. તેથી જે મહાત્માને આ વ્યવહાર જ સ્વ-પરના કલ્યાણનું કારણ છે, તેવી શ્રદ્ધા છે અને શ્રદ્ધાપૂર્વક તે વ્યવહારના તાત્પર્યને જાણવા માટે જે મહાત્મા સૂક્ષ્મ ઊહાપોહ કરીને તેના પરમાર્થને પ્રાપ્ત કરે છે અને તેના પરમાર્થને પામ્યા પછી પોતાના જીવનમાં તે વ્યવહારનું સમ્યગ્ આસેવન કરે છે અર્થાત્ આભવત્ આદિ જે વ્યવહારો પૂર્વમાં બતાવ્યા તે રીતે જ સમ્યગ્ સેવન કરે છે અને થયેલા પાપની શુદ્ધિ અર્થે પ્રાયશ્ચિત્ત વ્યવહારનું પણ તે જ રીતે સમ્યગ્ સેવન કરે છે તે મહાત્માને આ વ્યવહાર સમ્યગ્ પરિણમન પામેલો થાય છે અને તેવા વ્યવહારને સેવનારા સુગુરુ જગતના જીવોને શરણ થાય છે; કેમ કે નિશ્રામાં આવેલા યોગ્ય જીવોને શુદ્ધ વ્યવહારનો બોધ કરાવીને તેમને કલ્યાણની પ્રાપ્તિ કરાવે છે. **॥૩૩૬॥**

**ગાથા :-**

**जो पुण अव्ववहारी, गुरुणामेणेव धंधणं कुणइ ।**
**दुट्ठस्स गाहगस्सिव, तस्स हवे कीस विसासो ।।३३७।।**

**અન્વયાર્થ :-**

**जो पुण अव्ववहारी=જે વળી અવ્યવહારી સાધુ, गुरुणामेणेव=ગુરુનામમાત્રથી જ, धंधण कुणइ= બુદ્ધિના અંધાપાને કરે છે. दुट्ठस्स गाहगस्सिव=દુષ્ટ વ્યાપારીની જેમ, तस्स किस विसासो=તેનો કેવા પ્રકારનો વિશ્વાસ, हवे=થાય ? અર્થાત્ વિશ્વાસ થાય નહિ. ॥૩૩૭॥**

**ગાથાર્થ :-**

**વળી, જે અવ્યવહારી સાધુ ગુરુનામમાત્રથી જ બુદ્ધિના અંધાપાને કરે છે. દુષ્ટ વ્યાપારીની જેમ તેમનો કેવા પ્રકારનો વિશ્વાસ થાય ? અર્થાત્ વિશ્વાસ થાય નહિ. ॥૩૩૭॥**

**ભાવાર્થ :-**

જેઓ સાધુવેશમાં છે, સ્થૂલથી સંયમની ક્રિયાઓ કરે છે, છતાં પ્રસ્તુત ગ્રંથમાં જે આભવત્ આદિ વ્યવહારો બતાવ્યા તે પ્રમાણે વ્યવહાર કરનારા નથી, સાધુ છે તેથી ગુરુ છે, એ પ્રકારના નામમાત્રથી જ ગૃહસ્થોના બુદ્ધિના અંધાપાને કરે છે, તેઓ સ્વયં સંસારસાગરને તરી શકતા નથી અને અન્યને તારી શકતા નથી છતાં અમે ગૃહસ્થોને માર્ગ બતાવીને તારીએ છીએ એવો ભ્રમ ધારણ કરે છે. તેઓ દુષ્ટ વ્યાપારી જેવા છે. દુષ્ટ વ્યાપારીથી મુગ્ધ જીવો ઠગાય છે, બુદ્ધિમાન ઠગતા નથી. તેમ જેઓને સર્વજ્ઞના વચનમાં વિશ્વાસ છે, કલ્યાણના અર્થી છે તેથી સુમાર્ગ-કુમાર્ગનો કંઈક બોધ છે, તેના બળથી સુગુરુની પરીક્ષા કરી શકે છે, એવા વિવેકી શ્રાવકોને અવ્યવહારી એવા કુગુરુમાં કઈ રીતે વિશ્વાસ થાય ? અર્થાત્ થાય નહિ. **॥૩૩૭॥**

**અવતરણિકાર્થ :-**

વળી, સુવ્યવહારી સાધુ કેવા હોય છે, તેનું સ્વરૂપ વિશેષથી સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**संजमगुणेसु जुत्तो, जो ववहारम्मि होइ उवउत्तो ।**
**सुअकेवली व पुज्जो, संपइकाले वि सो सुगुरू ।।३३८।।**

**અન્વયાર્થ :-**

संजमगुणेसु जुत्तो=સંયમગુણોમાં યુક્ત, जो=જે સાધુ, ववहारम्मि उवउत्तो=વ્યવહારમાં ઉપયુક્ત, होइ=હોય છે. संपइकाले वि=વર્તમાનકાળમાં પણ, सो सुगुरू=તે સુગુરુ, सुअकेवली व पुज्जो=શ્રુતકેવલીની જેમ પૂજ્ય છે. ॥૩૩૮॥

**ગાથાર્થ :-**

**સંયમગુણોમાં યુક્ત જે સાધુ વ્યવહારમાં ઉપયુક્ત હોય છે. વર્તમાનકાળમાં પણ તે સુગુરુ શ્રુતકેવલીની જેમ પૂજ્ય છે. ॥૩૩૮॥**

**ભાવાર્થ :-**

સુસાધુ પાંચ મહાવ્રતોના પાલન દ્વારા મધ્યસ્થ પરિણતિની વૃદ્ધિ કરે છે અને તેની વૃદ્ધિમાં દેશ, કાળ, સંઘયણ, સત્ત્વ આદિનું આલોચન કરીને જે રીતે સંયમની પરિણતિરૂપ સંયમભાવ વૃદ્ધિ પામે તે રીતે સર્વ ઉચિત પ્રવૃત્તિ કરે છે અને તેવા મહાત્મા પ્રસ્તુતમાં બતાવેલા વ્યવહારના માર્ગને યથાર્થ જાણીને સત્ત્વ અનુસાર દેશકાળને અનુરૂપ ઉચિત યત્ન કરીને સંયમમાં ઉપયુક્ત રહે છે. જેથી જિનવચનને પરતંત્ર પરિણતિને કારણે સામાયિકની શુદ્ધિને તેઓ પ્રાપ્ત કરે છે. તેવા સાધુ વર્તમાનના વિષમકાળમાં પણ સુગુરુ છે; કેમ કે શાસ્ત્રવ્યવહારમાં નિપુણ છે અને તેને અનુરૂપ જ સ્વયં પ્રવૃત્તિ કરે છે અને શિષ્યોને કરાવે છે. તેથી સુગુરુ છે, તેવા મહાત્મા શ્રુતકેવલીની જેમ પૂજ્ય છે અર્થાત્ શ્રુતકેવલી શ્રુતના બળથી યોગ્ય જીવોને તારે છે તેમ આ સુગુરુ પણ યોગ્ય જીવોને સંસારથી પાર ઉતારનારા હોવાથી પૂજ્ય છે. **॥૩૩૮॥**

**ગાથા :-**

**णवणीयसारभूओ, दुवालसंगस्स चेव ववहारो ।**
**जो तं सम्मं भासइ, कह पुज्जो सो ण भावगुरू ।।३३९।।**

**અન્વયાર્થ :-**

दुवालसंगस्स चेव=દ્વાદશાંગીના જ, णवणीयसारभूओ=નવનીત જેવો સારભૂત, ववहारो=વ્યવહાર

છે. जो=જે સાધુ, तं=તેને-વ્યવહારને, सम्मं भासइ=સમ્યક્ કહે છે=પ્રકાશે છે. पूज्जो सो=પૂજ્ય એવા તે, कह भावगुरु ण=કેવી રીતે ભાવગુરુ ન થાય ? અર્થાત્ ભાવગુરુ થાય જ. ।।૩૩૯।।

**ગાથાર્થ :-**

**દ્વાદશાંગીના જ નવનીત જેવો સારભૂત વ્યવહાર છે. જે સાધુ તેને=તે વ્યવહારને, સમ્યગ્ કહે છે=પ્રકાશે છે. પૂજ્ય એવા તે કેવી રીતે ભાવગુરુ ન થાય ? અર્થાત્ ભાવગુરુ થાય જ. ।।૩૩૯।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુતમાં જે પાંચ પ્રકારનો વ્યવહાર બતાવ્યો અને તેમાં પણ વર્તમાનમાં જીત પ્રધાન છે, તે વ્યવહાર પૂર્વમાંથી ઉદ્ધૃત કરાયેલ છે. એથી દૂધમાંથી જેમ માખણ સારભૂત ગ્રહણ કરાય છે, તેમ દ્વાદશાંગીના સારભૂત એવો આ વ્યવહાર છે અને આ વ્યવહારને શ્રદ્ધાથી, ઊહાપોહથી અને આસેવનથી જેમણે આત્મસાત્ કર્યો છે, એવા મહાત્મા યોગ્ય જીવો પાસે એ વ્યવહારનું સમ્યગ્ પ્રકાશન કરે. જેથી માર્ગાનુસારી વિચારક જીવને સર્વજ્ઞકથિત આ ઉચિત વ્યવહાર છે, તેવો સ્થિર નિર્ણય થવાથી તેવા જીવો તે વ્યવહાર પ્રત્યે તીવ્ર રુચિ કરીને અને શક્તિ અનુસાર સેવીને અવશ્ય હિત સાધે છે. તેવા વ્યવહારને બતાવનારા ભાવગુરુ કેવી રીતે પૂજ્ય ન થાય ? અર્થાત્ અવશ્ય પૂજ્ય થાય; કેમ કે સંસારસાગરને તરવા માટે જે ઉત્તમ ભાવો છે, તેને બતાવનારા તે ભાવગુરુ છે માટે અવશ્ય પૂજ્ય છે.

કાળદોષને કારણે કોઈ સુસાધુ પ્રસ્તુત વ્યવહારને સમ્યગ્ જાણવા છતાં સેવી ન શકે તો પણ પ્રસ્તુત ગ્રંથમાં બતાવેલ વીર પુરુષોથી પ્રણત વ્યવહારનું અત્યંત ભાવન કરે અને તેને સેવનના મનોરથો કરે તો પણ વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે છે. **।।૩૩૯।।**

**ગાથા :-**

**ववहारेण गुरुत्तं, संजमसारं पडुच्च भावेणं ।**
**भवजलपडणणिमित्तं, लोहसिलाए व्व इहरा उ ।।३४०।।**

**અન્વયાર્થ :-**

**भावेण=ભાવથી, संजमसारं पडुच्च=સંયમસારને આશ્રયીને, ववहारेण=વ્યવહારથી=શુદ્ધવ્યવહારના સેવનથી, गुरुत्तं=ગુરુપણું છે. इहरा उ=વળી ઈતરથા, लोहसिलाए व्व=લોહશિલાથી સમુદ્રમાં ડૂબવાની જેમ, भवजलपडणनिमित्तं=ભવજલમાં પતનનું નિમિત્ત છે. ।।૩૪૦।।**

**ગાથાર્થ :-**

**ભાવથી સંયમસારને આશ્રયીને વ્યવહારથી=શુદ્ધવ્યવહારના સેવનથી ગુરુપણું છે. વળી, ઈતરથા લોહશિલાથી સમુદ્રમાં ડૂબવાની જેમ ભવજલમાં પતનનું નિમિત્ત છે. ।।૩૪૦।।**

**ભાવાર્થ :-**

જેઓ સંયમના સારભૂત એવા ચારિત્રને સ્વીકારે છે અર્થાત્ પાંચ ઇન્દ્રિયો અને મન જિનવચનથી નિયંત્રિત થઈને પ્રવર્તે એવા સંયમના સાર એવા ચારિત્રનો આશ્રય કરે છે ત્યારપછી શાસ્ત્રો ભણે છે અને શાસ્ત્રોથી સંપન્ન થયા પછી જિનવચનાનુસાર યોગ્ય જીવોને પ્રવર્તાવવા સમર્થ બને છે, ત્યારે ભાવથી સમ્યગ્ વ્યવહાર કરીને ગુરુપણું પ્રાપ્ત કરે છે.

ઇતરથા વળી જેઓ વ્યવહારથી સંયમ ગ્રહણ કરે છે, આમ છતાં શાસ્ત્રથી પરિકર્મિત બુદ્ધિવાળા થયેલા નહિ હોવાથી ભાવથી ગુરુપણાને પામતા નથી છતાં અમે સંયમ ગ્રહણ કરેલું છે, કેટલાં વર્ષોથી આ ક્રિયાઓ કરીએ છીએ ? એમ માનીને પોતાનું ગુરુત્વ માનીને જીવોને યથાતથા માર્ગમાં પ્રવર્તાવે છે. શિષ્યો કરે છે, તેઓનું ગુરુપણું ભવરૂપી સમુદ્રમાં પડવાનું નિમિત્ત છે. જેમ કોઈ લોખંડની શિલાને ગળામાં બાંધીને સમુદ્રમાં પડે તો સુખપૂર્વક દરિયામાં ડૂબે છે તેમ ભાવથી ગુરુત્વને પામ્યા વગર ગુરુપણાની પ્રવૃત્તિ કરે છે, તેઓ દીર્ઘ સંસારના પરિભ્રમણરૂપ ભવસમુદ્રમાં પડે છે. **॥૩૪૦॥**

**ગાથા :-**

**सुत्तायरणाणुगओ, ववहारो अत्थि जत्थ अच्छिण्णो ।**
**आरूढो तं सुगुरू परंपरं होइ सिवहेऊ ।।३४१।।**

**અન્વયાર્થ :-**

**सुत्तायरणाणुगओ=સૂત્રની આચરણાથી અનુગત એવો, ववहारो=વ્યવહાર, जत्थ=જ્યાં=જે સાધુગણમાં, अच्छिण्णो अत्थि=અચ્છિન્ન છે, तं परंपरं आरूढो=તે પરંપરાને આરૂઢ થયેલા, सुगुरू=સુગુરુ, सिवहेऊ होइ=શિવના હેતુ થાય છે. ॥૩૪૧॥**

**ગાથાર્થ :-**

**સૂત્રની આચરણાથી અનુગત એવો વ્યવહાર જ્યાં=જે સાધુગણમાં, અચ્છિન્ન છે, તે પરંપરાને આરૂઢ થયેલા સુગુરુ શિવના હેતુ થાય છે. ॥૩૪૧॥**

**ભાવાર્થ :-**

વર્તમાનકાળમાં ગચ્છના ભેદથી અને તે તે આચાર્યના ભેદથી ભિન્ન ભિન્ન સાધુઓના ગણો છે, તે ગણોમાંથી જે ગણમાં સૂત્રની આચરણાથી અનુગત અચ્છિન્ન વ્યવહાર છે અર્થાત્ જિનવચનાનુસાર સમિતિ-ગુપ્તિની આચરણા સંયમની વૃદ્ધિના કારણીભૂત પ્રતિદિન ક્રિયાઓ વિષમ સંયોગોમાં ઉત્સર્ગ-અપવાદની માર્ગાનુસારી જિનવચનાનુસાર આચરણાથી યુક્ત સાધ્વાચારનો વ્યવહાર અચ્છિન્નપણે જે સાધુગણમાં વર્તે છે, તે પરંપરાને સ્વીકારીને સંપન્ન થયેલા સુગુરુ હંમેશાં જિનવચનાનુસાર શુદ્ધ આચરણા કરનારા હોય છે અને શાસ્ત્રમર્યાદાના યથાર્થ બોધથી ગુરુપણાને પામેલા હોય છે. તેવા સુગુરુ શિષ્યોના મોક્ષનું કારણ બને છે. **॥૩૪૧॥**

ગાથા :-

संघयणादणुरूवं, जो ववहारे अणुं पि णियसत्तिं ।
ण णिगूहइ भावगुरू, सो खलु दुक्खक्खयं कुणइ ।।३४२।।

અન્વયાર્થ :-

जो=જે સાધુ, ववहारे संघयणादणुरूवं=વ્યવહારમાં સંઘયણને અનુરૂપ, णियसत्तिं=પોતાની શક્તિને, अणुं पि ण णिगूहइ=અણુ પણ ગોપવતા નથી. सो भावगुरू=તે ભાવગુરુ, खलु=ખરેખર, दुक्खक्खयं कुणइ=દુઃખક્ષયને કરે છે. ।।૩૪૨।।

ગાથાર્થ :-

**જે સાધુ વ્યવહારમાં સંઘયણને અનુરૂપ પોતાની શક્તિને અણુ પણ ગોપવતા નથી, તે ભાવગુરુ ખરેખર દુઃખક્ષયને કરે છે. ।।૩૪૨।।**

ભાવાર્થ :-

જે સાધુ સંયમ ગ્રહણ કર્યા પછી વર્તમાનકાળના પોતાના શરીરબળ પ્રમાણે સંયમસ્થાનની વૃદ્ધિ માટે પોતાની શક્તિને સંયમની ઉચિત ક્રિયા કરવામાં લેશ પણ ગોપવતા નથી, તેઓને સંયમની ક્રિયાથી સતત સામાયિકના પરિણામની વૃદ્ધિ થાય છે અને તેવા સાધુ શક્તિના પ્રકર્ષથી ભગવાનના વચનમાં નિપુણ થવા યત્ન કરે છે અને તેવા ભાવગુરુ પોતાનામાં અનુશાસનની શક્તિ ન હોય તો કોઈ શિષ્યગણને કરતા નથી, પરંતુ પોતાના કષાય-નોકષાયની પરિણતિનો ક્ષય થાય તે રીતે સદા યત્ન કરે છે અને યોગ્ય જીવોને તે પ્રકારે માર્ગમાં પ્રવર્તાવવાનું સામર્થ્ય હોય તો ભાવથી કરુણાપર એવા તે સુગુરુ શિષ્યોને પણ માર્ગમાં પ્રવર્તાવે છે. એવા ભાવગુરુ સંસારના પરિભ્રમણરૂપ દુઃખના ક્ષયને કરે છે. **॥૩૪૨॥**

ગાથા :-

ववहारणायठाणं, जे पडिवज्जंति सुगुरुमनिआणं ।
ते जसविजयसुहाणं, भवंति इह भायणं भव्वा ।।३४३।।

અન્વયાર્થ :-

जे ववहारणायठाणं=જે સાધુઓ વ્યવહારના પોતાના સ્થાનરૂપ, सुगुरुमनिआणं=સુગુરુને અનિદાનથી=માત્ર સંસારસાગરથી તરવાના આશયથી, पडिवज्जंति=સ્વીકારે છે. ते भव्वा=તે ભવ્ય જીવો, इह=અહીં= સંસારમાં, जसविजयसुहाणं भायणं=યશ, વિજય અને સુખના ભાજન, भवन्ति=થાય છે. ।।૩૪૩।।

ગાથાર્થ :-

**જે સાધુઓ વ્યવહારના પોતાના સ્થાનરૂપ સુગુરુને અનિદાનથી=માત્ર સંસારસાગરથી તરવાના**

**આશયથી, સ્વીકારે છે. તે ભવ્ય જીવો અહીં=સંસારમાં યશ, વિજય અને સુખના ભાજન થાય છે. ।।૩૪૩।।**

**ભાવાર્થ :-**

જે સાધુઓને કે વિવેકી શ્રાવકોને ભગવાનના વચનાનુસાર ઉચિત વ્યવહાર કરવાનું આત્મસ્થાન સુગુરુ છે, એમ જણાય છે તેઓ તેવા સુગુરુની પરીક્ષા કરીને આલોકની કે પરલોકની કોઈપણ આશંસા વગર તેઓનો આશ્રય કરે છે અર્થાત્ આ ગુરુની હું સેવા કરીશ તો લોકમાં ધર્મી તરીકેની મને ખ્યાતિ થશે ઇત્યાદિ કોઈપણ આશંસા વગર માત્ર તે સુગુરુના સંવેગ ગર્ભઉપદેશને સાંભળીને તેનાથી આત્મહિત સાધવા અર્થે તેઓને ગુરુ તરીકે સ્વીકારે છે, તે ભવ્ય જીવો આલોકમાં ઉત્તમ ધર્મી તરીકેના યશને પામે છે. કષાય-નોકષાયરૂપ ભાવશત્રુ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને ઉત્તમ ધર્મના સેવનને કારણે જે પુણ્યનો સંચય થાય છે, તેથી આ લોકમાં સુખો મળે છે. કષાયોના શમનજન્ય સ્વાસ્થ્યનાં સુખો મળે છે. પરલોકમાં સુગતિઓની પરંપરા મળે છે. તેથી તે ભવ્ય જીવો દરેક ભવોમાં યશ-વિજય અને સુખના ભાજન થાય છે. **।।૩૪૩।।**

**।। इति महामहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यमुख्यपण्डितश्रीलाभविजयगणिशिष्य-मुख्यपण्डितश्रीजीतविजयगणिसतीर्थ्यपण्डितश्रीनयविजयगणिचरणकमलचञ्चरीकेण पण्डितश्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन विरचितायां स्वोपज्ञगुरुतत्त्वविनिश्चयवृत्तौ द्वितीयोल्लासविवरणं सम्पूर्णम् ।।२।।**

**ઇતિ શબ્દ ગ્રંથની સમાપ્તિમાં છે. મહામહોપાધ્યાયશ્રી કલ્યાણવિજય ગણિના શિષ્યોમાં મુખ્ય એવા પંડિતશ્રી લાભવિજય ગણિ, તેમના શિષ્ય મુખ્ય પંડિતશ્રી જીતવિજય ગણિ. તેમના સતીર્થ્ય પંડિત એવા શ્રી નયવિજય ગણિ, તેમના ચરણકમલમાં ચચ્ચરીક એવા=ભ્રમરરૂપ એવા, પંડિતશ્રી પદ્મવિજય ગણિના સહોદર એવા પંડિત યશોવિજય વડે વિરચિત ગુરુતત્ત્વવિનિશ્ચયમાં વ્યવહાર વિવેક નામનો બીજો ઉલ્લાસ પૂર્ણ થયો.**

# अथ प्रशस्ति

શ્લોક :-

यस्यासन् गुरवोऽत्र जितविजयप्राज्ञाः प्रकृष्टाशयाः,
भ्राजन्ते सनया नयादिविजयप्राज्ञाश्च विद्याप्रदाः ।
प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः
सोदरस् तस्येयं गुरुतत्त्वनिश्चयकृतिः स्तात् पण्डितप्रीतये ।।१।।

अनुग्रहत एव नः कृतिरियं सतां शोभते,
खलप्रलपितैस्तु नो कमपि दोषमीक्षामहे ।
धृतः शिरसि पार्थिवैर्वरमणिर्न पाषाण इत्यस-
भ्यवचनैः श्रियं प्रकृतिसम्भवां मुञ्चति ।।२।।

प्रविशति यत्र न बुद्धिर्व्यवहारकथासु तीर्थिकगणानाम् ।
सूचीव वज्रभित्तिषु, स जयति जैनेश्वरः समयः ।।३।।

શ્લોકાર્થ :-

હવે પ્રશસ્તિ કહે છે.

અહીં=સાધુગણમાં, જેઓના પ્રકૃષ્ટ આશયવાળા જીતવિજય પ્રાજ્ઞ ગુરુઓ હતા અને વિદ્યાને આપનારા સુંદર ન્યાયવાળા નયાદિ વિજય પ્રાજ્ઞ શોભે છે. અને સુંદર બુદ્ધિવાળા પદ્મવિજય જેમના પ્રેમનું સ્થાન થયા. તેમના સોદરે=સંસારી ભાઈએ પંડિતોની પ્રીતિ માટે આ ગુરુતત્ત્વવિનિશ્ચયની કૃતિને વિસ્તાર કરી. ॥૧॥

સજ્જનોના અનુગ્રહથી જ અમારી આ કૃતિ શોભે છે. ખલજનોના પ્રલાપોથી કોઈપણ દોષને અમે જોતા નથી. રાજાઓ વડે મસ્તક ઉપર ધારણ કરાયેલો શ્રેષ્ઠ મણિ "પાષાણ છે" એ પ્રકારનાં અસભ્ય વચનોથી પ્રકૃતિસંભવ શોભાને મૂકતો નથી. ॥૨॥

જેમ વજ્રભિત્તિમાં સૂચિ પ્રવેશ પામતી નથી, તેમ વ્યવહારકથાઓમાં=શુદ્ધ માર્ગને બતાવનાર વ્યવહારની વિચારણાઓમાં, તીર્થિકગણોની=એકાંતવાદ ઉપર ચાલનારા તે તે કુતીર્થિકોની બુદ્ધિ જ્યાં પ્રવેશ પામતી નથી, તે=તીર્થિકગણોના બુદ્ધિના અપ્રવેશનું સ્થાન એવું તે, જૈનેશ્વર સિદ્ધાંત જય પામે છે. ॥૩॥

અનુસંધાન : ગુરુતત્ત્વવિનિશ્ચય ભાગ-૫ (ઉલ્લાસ-૩)

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩ ✤ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| Is Jaina Order Independent Religion or Denomination ? | ૫૮ |
| Status of religion in modern Nation State theory | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૭ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૮ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब


| | |
|---|---|
| पाक्षिक अतिचार | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |

# ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

## વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને
'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન ૧૬૯
અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૨
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૨૦
અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૨
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૬
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૭૮
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૭૯
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૧૪
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૧૫
અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૧૬
અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા
શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન ૧૨૨
આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન ૧૨૪
આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન ૧૮
ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૪
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ ૧૯૭
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ ૧૯૮
ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ ૧૯૯
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૬
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૭
ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૮
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૬
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૨૭
ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૨૮
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૭૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૭૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૭૩
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૮૦

ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૮૧
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ ૧૮૨
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ ૧૯૪
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ ૧૯૫
ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ ૧૯૬
કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન ૩૧
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૦૨
ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૦૩
***ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૨૧૨***
***ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૨૧૩***
જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન ૬૮
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૧૦
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૧
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૬૨
તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૬૪
દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન ૧૪૭
દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન ૧૧૮
દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન ૧૬૦
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૮
દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૫૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૨૯
ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૬૫
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૩૨
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૩૩
ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૩૪
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૧૪૦
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ ૧૪૧
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ ૧૪૨
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ ૧૫૫
ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ ૧૫૬
***ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૨૧૦***
ધ્યાનશતક શબ્દશઃ વિવેચન ૧૮૩
નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન ૧૧૭
પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન ૧૨૫
પગામસિજ્જા શબ્દશઃ વિવેચન ૧૪૪
પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ ૪૬

| | |
|---|---|
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |

| | |
|---|---|
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| ***શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન*** | **૨૧૧** |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


**આગમ પ્રકાશનસૂચી (હિન્દી)** **સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી** **૧૭૫**


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

**૧. ધર્મતીર્થ ભાગ-૧, ૨. ધર્મતીર્થ ભાગ-૨, ૩. ધર્મતીર્થ ભાગ-૩, ૪. ધર્મતીર્થ ભાગ-૪**

## પ્રાપ્તિસ્થાન


**❖ અમદાવાદ :**

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,

ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧

Email : gitarthganga@yahoo.co.in
gitarthganga@gmail.com

**❖ મુંબઈ :**

શ્રી લલિતભાઈ ધરમશી

૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,

જૈન મંદિર રોડ, સર્વોદયનગર,

મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.

☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬

Email : jpdharamshi60@gmail.com

**❖ સુરત :**

ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ

ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,

બાબુનિવાસની ગલી,

ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.

☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**❖ BANGALORE :**

Shri Vimalchandji

C/o. J. Nemkumar & Co.

Kundan Market, D. S. Lane,

Chickpet Cross, Bangalore-560053.

☎ (080) (O) 22875262 (R) 22259925
(Mo.) 9448359925

Email : vimalkgadiya@gmail.com

**❖ વડોદરા :**

શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ

'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,

વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,

હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.

☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬

Email : saurin108@yahoo.in

શ્રી હિમાંશુભાઈ એન. શેઠ

એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,

દફતરી રોડ, ગૌશાળા લેન,

બીના જ્વેલર્સની ઉપર,

મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.

☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧

Email : divyaratna_108@yahoo.co.in

**❖ જામનગર :**

શ્રી ઉદયભાઈ શાહ

C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ,

C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,

જામનગર-૩૬૧૦૦૧.

☎ (૦૨૮૮) ૨૬૭૮૫૧૩ (મો.) ૯૭૨૬૯૯૩૯૯૦

Email : karan.u.shah@hotmail.com

**❖ રાજકોટ :**

શ્રી કમલેશભાઈ દામાણી

"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,

રાજકોટ-૩૬૦૦૦૧.

☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩

Email : shree_veer@hotmail.com


ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

सद्धापोहासेवणभावेणं जस्स एस ववहारो ।
सम्मं होइ परिणओ, सो सुगुरू होइ जगसरणं ।।

❖

શ્રદ્ધા, અપોહ=તત્ત્વને જાણવા માટે ઊહાપોહ અને
આસેવનભાવથી જેમને=જે સાધુને,
આ વ્યવહાર=અત્યારસુધી વર્ણન કર્યો એ વ્યવહાર,
સમ્યક્ પરિણત થાય છે, તે સુગુરુ જગતને શરણ થાય છે.



: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
www.gitarthganga.com